ૐ

શ્રી લઘુરાજ-સ્મારક ગ્રંથમાળા પુષ્પ પહેલું

# પ્રવેશિકા

(મોક્ષમાળા પુસ્તક પહેલું)

: સંયોજક :

બ્રહ્મચારી શ્રી ગોવર્ધનદાસજી
બી. એ.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
અગાસ

**પ્રકાશક**

ભરતભાઈ મનુભાઈ મોદી, પ્રમુખ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ – ૩૮૮ ૧૩૦ (ગુજરાત)

**મુદ્રક**

કાવ્ય પ્રિન્ટર્સ
૧-બી, શિવ એસ્ટેટ, સીટીએમ,
એક્ષપ્રેસ હાઈવે પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૨૬

**પ્રાપ્તિસ્થાન**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટેશન અગાસ, વાયા આણંદ
પોસ્ટ બોરીઆ - ૩૮૮ ૧૩૦
(ગુજરાત)
ટેલીફોન : ૦૨૬૯૨ - ૨૮૧૭૭૮
Email : info@agasashram.org

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ-સંચાલિત
શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ,
હાથી બિલ્ડિંગ, એ / ૧૮, બીજે માળે,
ભાંગવાડી, ૪૪૮ કાલબાદેવી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
ટેલીફોન : ૦૨૨ - ૨૨૦૬૯૨૩૪

**આઠમી આવૃત્તિ** પ્રત ૧૦૦૦ વિક્રમ સંવત ૨૦૭૫ ઈસ્વીસન ૨૦૧૯

પડતર કિંમત : રૂા. ૫૦/- વેચાણ કિંમત : રૂા. ૫/-

તમે કોઈ પ્રકારે આ પુસ્તકની આશાતના કરશો નહીં,
તેને ડાઘ પાડશો નહીં, ફાડશો નહીં, બગાડશો
નહીં તેમજ નીચે જમીન પર મૂકશો નહીં.

સર્વાધિકાર સુરક્ષિત : આ ગ્રંથના કોઈ અંશને મૂળરૂપમાં કે અનુવાદિત રૂપમાં કે કોઈ ચિત્રપટને છાપવાનું કામ પ્રકાશકની અનુમતિ સિવાય કોઈ વ્યક્તિ કે સંસ્થા કરી શકશે નહીં.



# પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના

## ધર્મ સર્વોત્કૃષ્ટ છે

કોઈ કેવળી ભગવંતની દેશનાનો સુયોગ એક રાજાને પ્રાપ્ત થયો. દેશના પૂરી સાંભળ્યા પછી વિનયપૂર્વક તે રાજાએ ભગવાનને પૂછ્યું : ‘‘હે ભગવાન! આપે કૃપા કરીને આ દેશને પાવન કર્યો તે મહદ્ ઉપકાર કર્યો છે તથા આપનાં વચનામૃતથી મને પોતાને અનહદ આનંદ થયો છે, વળી એક પ્રશ્ન પૂછવાનો લોભ જાગ્યો છે. આપની આજ્ઞા મળે તો તે પૂછું.’’ કેવળી ભગવંતની અનુજ્ઞા મળતાં રાજાએ પૂછ્યું, ‘‘હે ભગવાન! આપ ત્રણે લોકને હસ્તામલકવત્ જાણો છો, તો ત્રણે લોકમાં ઉત્તમ શું છે? તે કૃપા કરીને કહો.’’ ભગવંતે કહ્યું : ‘‘ધર્મ સર્વોત્કૃષ્ટ છે.’’ રાજાએ ફરી વિનયસહ પૂછ્યું : ‘‘ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ કરવાની સર્વને ઇચ્છા રહેવી જોઈએ છતાં લોકો ધન અર્થે મથે છે તેટલો પણ પરિશ્રમ ધર્મ અર્થે કેમ કરતા નથી?’’ ભગવાને ઉત્તર આપ્યો : ‘‘ધર્મનું યથાર્થ સ્વરૂપ તેમને દૃષ્ટિગોચર થયું નથી.’’

## સત્ય ધર્મનું સ્વરૂપ

ધર્મનું સ્વરૂપ યથાર્થ લોકે જાણ્યું નથી, તેથી અન્યથારૂપે ધર્મની કલ્પના કરી તે પ્રમાણે પ્રવર્તે છે અને માને છે કે અમે ધર્મ આરાધીએ છીએ. તે ભૂલ, જ્ઞાનીપુરુષની શિખામણ વિનયભાવે સરળતાથી જીવ ગ્રહણ કરશે ત્યારે સમજાશે અને સત્ય ધર્મ પામવાથી ટળશે પણ ખરી. આ કાળમાં સર્વ દર્શનનું સ્વરૂપ તલસ્પર્શીપણે વિચારી સત્ય ધર્મ જેણે પ્રગટ કર્યો, યથાર્થ આત્મભાવે જીવ્યા એવા પ્રાતઃસ્મરણીય *ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રે નીચે પ્રમાણે ધર્મના સ્વરૂપની વિચારણા પ્રગટ કરી છે :–

* શ્રીમદ્જીનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત આ મોક્ષમાળા-પ્રવેશિકાના પાઠ ૧૦૬, ૧૦૭ માં આપ્યું છે ત્યાંથી અનુસંધાન રૂપે અત્ર વાંચી લેવા વિનંતી છે.

''દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાન-કાળમાં થતી નથી, ભવિષ્યકાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર-કર્ત્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૩૭૫)

## મોક્ષમાળા-પ્રવેશિકા

સત્તરમા વર્ષે શ્રીમદે ત્રણ દિવસમાં 'મોક્ષમાળા-બાલાવબોધ' ગ્રંથના ૧૦૮ પાઠ લખ્યા હતા. તેની પ્રસ્તાવનામાં તેઓ જણાવે છે : ''આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો મુખ્ય હેતુ ઊછરતા બાળયુવાનો અવિવેકી વિદ્યા પામી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે, તે ભ્રષ્ટતા અટકાવવાનો પણ છે.''

છાસઠ વર્ષે ઉપર અંગ્રેજી કેળવણીનો પુરજોસથી વા વાતો હતો, ત્યારે તેનાં અનિષ્ટ પરિણામ વિચારી વિદેશી વિદ્યાનું ઝેર અટકાવવા એ ગ્રંથ લખાયો છે, એ એક વિશાળ બુદ્ધિનો નમૂનો છે. વળી તે જ પ્રસ્તાવનામાં તેઓ લખે છે—''બહુ ઊંડાં ઊતરતાં આ મોક્ષમાળા મોક્ષના કારણરૂપ થઈ પડશે! મધ્યસ્થતાથી એમાં તત્ત્વજ્ઞાન અને શીલ બોધવાનો ઉદ્દેશ છે.'' આપણા યુગના આ ઉત્તમ તત્ત્વવેત્તાનો વારસો કેટલા યુવાનોએ લીધો છે? હજી પણ



ભારત-જનતા સ્વપ્નદશામાંથી જાગી લાભ લે તો પરમ ઉપકાર થવાનું કારણ છે. પ્રથમ આવૃત્તિ મોક્ષમાળાના મુખપૃષ્ઠ ઉપર પણ 'સિંધુબિંદુરૂપ' પોતે છાપ્યું છે, એટલે પ્રવચન સમુદ્રના અંશરૂપ મોક્ષમાળા છે. આ કાળમાં જીવોને શાસ્ત્ર-અભ્યાસનો ઓછો અવકાશ સંભવે છે તેથી સંક્ષેપમાં મોક્ષમાર્ગનું ભાન કરાવવા અર્થે વિદ્વાન તેમજ સામાન્ય સર્વને માટે એ મહત્વનું પુસ્તક છે. એમાં ભાષાનું સૌંદર્ય, વિચારની ગહનતા, ઉન્નત ભાવોની પ્રેરણા અને આત્મોપયોગી બાબતોની સમૃદ્ધિ અખૂટ ભરેલી છે છતાં સરળ, સહજ રમ્ય વિવિધતા સર્વને આકર્ષે તેવી છે. તેનો વારંવાર વિચાર તથા અભ્યાસ કર્યે તેની મહત્તા સુસ્પષ્ટ સમજાય છે. તેમાં જે ગહન વિષયો શ્રીમદે હસ્તગત કર્યા છે, તેમાં પ્રવેશ કરનારને મદદરૂપ થાય તે અર્થે આ 'પ્રવેશિકા'નો પ્રયત્ન છે.

આ પ્રવેશિકામાં શ્રી મોક્ષમાળા-બાલાવબોધના વિષયોનો ક્રમ મુખ્યપણે રાખ્યો છે; તે વાંચી વાંચનારને મોક્ષમાળાનું મહત્વ લાગે, તેનો અભ્યાસ કરવાની જિજ્ઞાસા જાગે અને આત્મવિચારનું કારણ થાય; સાથે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પ્રત્યે બહુમાન થાય, તથા તે સમજવા યોગ્યતા આવે તથા વિચારવૃદ્ધિ દ્વારા પરમાર્થપ્રાપ્તિ અગત્યની છે એવા સંસ્કાર ઊગે એવો ઉદ્દેશ રાખેલો હોવાથી તેનું મોક્ષમાળા પુસ્તક પહેલા રૂપે તથા 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના અભ્યાસની યોગ્યતારૂપ 'પ્રવેશિકા' એવું સાર્થક નામ રાખ્યું છે. ધર્મના બીજા ગ્રંથો સમજવાની પણ આથી યોગ્યતા આવે તેમ હોવાથી ધર્મ-પ્રવેશિકાની ગરજ પણ સારશે, એવો લક્ષ રાખ્યો છે.

જેમ અમલદારની આગળ પટાદાર ચાલે તેમ મહાપુરુષોના ગંભીર ગ્રંથોની આગળ આ 'પ્રવેશિકા' વાચન જરૂરનું છે. તે દ્વારા મહાપુરુષોનું હૃદય સમજાય તેવી યોગ્યતા આવે તો આ લેખકનો શ્રમ સફળ થયેલો તે માનશે.

## 'પ્રવેશિકા' લેખનનો વિચારોદ્ભવ

સંવત્ ૧૯૫૭, ચૈત્ર વદ ૫ ને દિવસે શ્રીમદ્ રાજચંદ્રનો દેહોત્સર્ગ થયો; તે પહેલાં શ્રી મોક્ષમાળાની બીજી આવૃત્તિ પ્રગટ કરવાની જરૂર હોવાથી સદ્ગત સાક્ષર શ્રી મનસુખભાઈ કીરતચંદ મહેતાને તેઓશ્રીએ મોક્ષમાળામાં જરૂર લાગે તે ફેરફાર કરવા તથા બીજી આવૃત્તિની પ્રસ્તાવના વિષે સૂચના કરી હતી. છપાવવા માટે તૈયાર કરેલી નકલ શ્રીમદ્જી જોઈ ગયેલા અને ગ્રંથ શરૂ કરતાં-

**''શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત**

**મોક્ષમાળા**

**પુસ્તક બીજું ''**

આ પ્રકારે છપાવવું એવી સૂચના કરેલી, તે પ્રકારે પાછળની આવૃત્તિઓમાં મોટે ભાગે છપાતું આવ્યું છે. શ્રી મોક્ષમાળાની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં આમ છપાયું છે :–

''આ ગ્રંથની યોજનાનો એક હેતુ ઊછરતા યુવાનોને આત્મહિત ભણી લક્ષ કરાવવાનો છે. તેમજ આત્માર્થી પુરુષો આવી બીજી સ્વપર હિતકારી માળા ગૂંથી પ્રસિદ્ધિમાં લાવે એવો પણ એક હેતુ છે. આ મોક્ષમાળાનાં ચાર પુસ્તકો થવાની યોજના હતી, એમાંનું આ બીજું પુસ્તક છે.

અગાઉ કહ્યું તેમ આ (મોક્ષમાળા) પુસ્તક બાલાવબોધ છે, વિવેચન અને પ્રજ્ઞાવબોધ ત્રીજા અને ચોથા પુસ્તકમાં આવવાની યોજના હતી. પહેલા પુસ્તકનો ઉદ્દેશ (ઉપરના) પાંચમા પૅરાગ્રાફથી સૂચિત થાય છે. આ ગ્રંથના કર્તાપુરુષ એ બાકીનાં પુસ્તકો ગૂંથે એ પહેલાં તેઓશ્રીનો દેહોત્સર્ગ થયો છે, જેના કરતાં બીજું કંઈ સંતાપજનક હોઈ શકે નહીં. ત્રીજા અને ચોથા પુસ્તકની સંકલના, દરેક માળાના ૧૦૮ શિક્ષાપાઠ રૂપ મણકા વડે સંક્ષેપમાં અલ્પ વખતમાં એઓએ પ્રકાશી છે, કોઈ વિવેકી મધ્યસ્થભાવી જીવ



જ્ઞાનીપુરુષનું આલંબન લઈ એ સંકલના પ્રમાણે માળા ગૂંથવા પુરુષાર્થ કરે તો તે મહાભાગને સ્વપર હિત સુલભ છે. તથાસ્તુ!''

તેની ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં વળી તેઓ લખે છે :–

''આ ગ્રંથ જિજ્ઞાસાની વૃદ્ધિ કરશે એવી આશા આમ જોતાં સફળ થઈ છે, છતાં આ ગ્રંથના પહેલા, ત્રીજા અને ચોથા ભાગો રચી, તૈયાર કરી પ્રગટ કરવા કોઈ વીર પુરુષ બહાર નથી આવ્યો, એ ખેદજનક છે. સંપૂર્ણ તત્ત્વજ્ઞાનની ટોચે પહોંચવું તો રહ્યું, પણ સામાન્ય બોધનીયે એ મંદતા સૂચવે છે, એ ખરેખર ખેદયુક્ત છે. આ કાર્ય કોઈ સુજ્ઞ તત્ત્વજિજ્ઞાસુ માથે લઈ પાર પાડશે, એવી અમે બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં આશા પ્રગટ કરી હતી, પણ એ વાતને પાંચ વર્ષ થઈ ગયાં છે. મૂળ કર્તાપુરુષે પોતાની અંત અવસ્થાએ પ્રકાશેલ અનુક્રમણિકા માટે પણ કોઈની માગણી થઈ નથી! પણ આથી અમે નિરાશ નથી થતા. હજી કોઈ ને કોઈ સત્ત્વશાળી મહાનુભાવ દર્શન દેશે જ, કેમકે 'बहुरत्ना वसुंधरा' અને એને આ અનુક્રમણિકા ઉપયોગી થશે.'' સં. ૧૯૬૨.

આ વાંચ્યા પછી કોઈ 'મોક્ષમાળા પ્રથમ પુસ્તક' લખે તો સારું એમ થયા કરતું; કોઈ કોઈને વાત પણ કરી હતી. એવામાં એક આંખનું તેજ ઘટી ગયું. પણ બીજાં કામ થાય છે ત્યાં સુધી આ કામ પણ કરી લેવું એમ વિચારી લખવું શરૂ કર્યું* અને બે માસમાં તે કામ પૂરું થયું.

### પ્રવેશિકાની યોજના ને ઉદ્દેશ :

''એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ, તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૬)

* પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ શ્રાવણ સુદ-૨, સં. ૨૦૦૫ના રોજથી 'મોક્ષમાળા-પ્રવેશિકા' લખવાની શુભ શરૂઆત કરી હતી. (બોધામૃત-૩, પત્ર-૮૦૦ ના આધારે).

શ્રીમદ્ રાજચંદ્ર મહાત્મા દ્વારા શ્રીમદ્ લઘુરાજ મહારાજને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ. તેમની પાસેથી પીધેલું આત્મરસરૂપ અમૃત, તેનું પાન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં આવનાર ધર્મેચ્છક જીવોને તેઓશ્રી પાતા હતા. તેનો લાભ આ અલ્પજ્ઞ લેખકને પણ થયેલો. તા.૧૧-૧-૧૯૨૬ શનિવાર સાંજથી તે આત્મજ્ઞાની પ્રત્યક્ષ સત્પુરુષના પરમ સત્સંગ યોગે શ્રી મોક્ષમાળા-બાલાવબોધનો અભ્યાસ શરૂ કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. રોજ એક શિક્ષાપાઠ રાત્રે વંચાતો તે વખતે તેમને સ્ફુરે તે વિષે હિતકારક ઉદ્ગારો પ્રકાશતા. સાથે 'મૂળાચાર' આદિ ગ્રંથોમાંથી સમ્યક્ત્વાદિ વિષયોનું પણ વાંચન ચાલતું. તે પ્રસંગે અદ્ભુત વૈરાગ્યમય વિવેચન શ્રી લઘુરાજ સ્વામી દ્વારા થતું. અહો! તે કાળ!

"क्षणमपि सज्ज्न-संगतिरेका ।
भवति भवार्णव तरणे नौका ।।" (श्री शंकराचार्य)

પછીથી તો તેઓની સેવામાં નિરંતર રહેવાનો સુયોગ તેમની આખર પળ પર્યંત પ્રાપ્ત થયો. તેથી વિવિધ શાસ્ત્રો તેઓશ્રી સમક્ષ વંચાતાં તેમાંથી અમુક અમુક ઉતારા કરી લેવા તેઓશ્રી ભલામણ કરતા. તેવા ઉતારાઓમાંથી આ પ્રવેશિકામાં કેટલાક પાઠ લખાયા છે. મોટે ભાગે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાંથી વિષય અનુસાર ઉતારા-રૂપે લખાયા છે. તથા શ્રી હેમચંદ્રાચાર્ય કૃત 'યોગશાસ્ત્ર' (ભાઈ ગોપાળદાસ કૃત છાયાનુવાદ) માંથી, શ્રી યશોવિજયજી કૃત 'જ્ઞાનસાર-જ્ઞાનમંજરી'માંથી, તથા સદ્ગત સાક્ષર મનસુખભાઈ કીરતચંદ મહેતાએ લખેલો 'શ્રી સનાતન જૈન' માસિકમાં પ્રસિદ્ધ થયેલો 'જીવનરેખા' લેખમાંથી લીધા છે. એ આદિ લેખકવર્ગનો ઉપકાર અહીં સ્વીકારું છું. આમ મોટે ભાગે મહાપુરુષોની પ્રસાદીરૂપે આ સંગ્રહ હોય તેવી યોજના કરી છે, તે વિદ્વદ્વર્ગને તથા નવયુવકોને પ્રસન્નતાનું કારણ થાઓ.



આ પુસ્તકને પ્રગટ થતાં સુધીમાં જે જે મુમુક્ષુ ભાઈ-બહેનોએ તન, મન, ધન દ્વારા તે કામને પ્રોત્સાહન આપી અપનાવ્યું છે, તે સર્વને આત્મહિતનું કારણ છે, એમ માનું છું અને તેમનો આભાર પ્રદર્શિત કરું છું. ગ્રંથ-ગૂંથણીમાં કંઈ અજાણતાં પણ દોષ થયા હોય તેની સુજ્ઞવર્ગ સમક્ષ ક્ષમા ઇચ્છું છું; કેમ કે શાસ્ત્રસમુદ્ર અતિ ગહન છે અને આ જીવની અતિ અલ્પતા છે.

**"શાસ્ત્ર ઘણાં મતિ થોડલી મનમોહન મેરે,**
**શિષ્ટ કહે તે પ્રમાણ રે મનમોહન મેરે;**
**સુયશ લહે એ ભાવથી મનમોહન મેરે,**
**ન કરે જૂઠ ડફાણ રે મનમોહન મેરે."**

આ પુસ્તક વિશેષ ઉપયોગી બને તે અર્થે જે કોઈ સૂચના કરવી ઘટે તે કરવા સુજ્ઞ વાચકવર્ગને વિનંતી કરું છું. તથા તેમાં મહાપુરુષોનાં વચનો છે, તેની અવગણના ન થાય તે અર્થે સર્વને ચેતાવું છું. કારણ કે તેમ વર્તવાથી જ્ઞાન ઉપર આવરણ આવી ભવિષ્યમાં અજ્ઞાનવૃદ્ધિનાં માઠાં ફળ ભોગવવાં પડે એમ છે. અને વિવેકપૂર્વક વાંચવા-વંચાવવા રૂપે પુસ્તકનો વિનય કરવાથી તેવાં આવરણ સહેજે દૂર થાય તેમ છે. પ્રેસની ભૂલો શુદ્ધિપત્રકમાં જોઈને પ્રથમ સુધારી લેવા સુજ્ઞ વાચકને વિનંતી છે.

જોડણીકોષ પ્રમાણે આ પુસ્તકમાં જોડણીના નિયમો સચવાય તેવી કાળજી રાખેલી છે; તેથી ધર્મપુસ્તક તરીકે કોઈ શાળા યા પાઠશાળામાં પાઠ્યપુસ્તક રાખી શકાય તેમ છે.

| | |
|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, | લિ૦ |
| સ્ટે. અગાસ | અધ્યાત્મપ્રેમી |
| સં. ૨૦૦૫, આસો સુદ ૨ | **બ્રહ્મચારી ગોવર્ધનદાસ** |

## પ્રથમાવૃત્તિની અર્પણ-પત્રિકા

''કૌન ઉતારે પાર, પ્રભુ બિન, કૌન ઉતારે પાર?
ભવોદધિ અગમ અપાર-પ્રભુ૰
કૃપા તિહારીતેં હમ પાયો, નામ મંત્ર આધાર-પ્રભુ૰
નીકો તુમ ઉપદેશ દિયો હૈ, સબ સારનકો સાર-પ્રભુ૰''
(શ્રી ધર્મપાલ)

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના અદ્‌ભુત, વૈરાગ્યમય, આધ્યાત્મિક વાતાવરણના ઉત્પાદક શ્રી લઘુરાજ સ્વામીના પરમ સત્સંગના યોગે શ્રી મોક્ષમાળા આદિ અનેક શાસ્ત્રોના અવગાહનનો લાભ મળેલો તેના ફળરૂપ આ 'મોક્ષમાળા-પ્રવેશિકા' તેમને જ સમર્પણ કરવી ઘટે છે.

આ પામરથી જે કંઈ દોષો, અવિનય, અશાતના, પ્રમાદ આદિને લઈને થયા હોય તેની ઉત્તમ ક્ષમા યાચતો આપની અમાપ કૃપા અને ઉપકારનો ઋણી, આપે દર્શાવેલા મોક્ષમાર્ગમાં અહોરાત્ર રહેવાને ઇચ્છતો,

તા. ૨૪-૯-૧૯૪૯
સં. ૨૦૦૫, આસો સુદ ૨

આપનો દીન બાળ,
**ગોવર્ધન બ્રહ્મચારી**



## નિવેદન

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી બોધામૃત ભાગ-૩ પત્ર ૮૩૬માં જણાવે છે કે, ''સારા વાંચન વગેરે માટે વખત મળે નહીં તો સારી ભાવના કે સારું જીવન ક્યાંથી થાય? માટે મહાપુરુષોનાં વચનોમાં જ બચતો વખત ગાળવો છે... જ્ઞાનીપુરુષોનાં વચનો જ આધારભૂત છે. 'પ્રવેશિકા' નામનું પુસ્તક વાંચશો તો મન કેમ ચોંટતું નથી તેનો ખુલાસો છે, તે સમજાશે. જે વસ્તુમાં પ્રેમ હશે કે થશે તે વસ્તુ પ્રત્યે મન જાય કે જશે. માટે મહાપુરુષ અને તેનાં વચનો પ્રત્યે પ્રેમ થાય તેવું વાંચન તેવી વાતચીત તેવો પરિચય જીવને હિતકારી છેજી.'' તેમજ બોધામૃત ભાગ-૧ પૃ. ૧૦૫માં જણાવે છે કે '' 'પ્રવેશિકા' વાંચજો. તેમાં છેલ્લા બે પાઠ પરમકૃપાળુદેવના છે. તે વારંવાર વિચારી તેમના જીવનની સ્મૃતિ રાખવી.''

આ આવૃત્તિમાં કોઈ સ્થળે શબ્દફેર જણાય તો તે આ ગ્રંથની પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવૃત્તિના આધારે છે.

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીના જણાવ્યા પ્રમાણે આ ગ્રંથ ''વાંચી વાંચનારને મોક્ષમાળાનું મહત્વ લાગે, તેનો અભ્યાસ કરવાની જિજ્ઞાસા જાગે અને આત્મવિચારનું કારણ થાય, સાથે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ પ્રત્યે બહુમાન થાય તથા તે સમજવા યોગ્યતા આવે તથા વિચારબુદ્ધિ દ્વારા પરમાર્થ પ્રાપ્તિ અગત્યની છે એવા સંસ્કાર ઊગે'' એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

—પ્રકાશક

## અનુક્રમણિકા


| શિક્ષાપાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પ્રવેશન | ૧ |
| ૨ | પ્રથમ ભરવા યોગ્ય પગલું (કાવ્ય) | ૩ |
| ૩ | મેળો | ૪ |
| ૪ | મારો બંગલો કેવો છે ? | ૬ |
| ૫-૧૦ | મુનિસમાગમ, ભાગ ૧-૬ | ૮ |
| ૧૧ | સુદેવ | ૨૪ |
| ૧૨ | સુગુરુ | ૨૭ |
| ૧૩ | સુધર્મ | ૨૯ |
| ૧૪ | શું સાધન બાકી રહ્યું ? (કાવ્ય) | ૩૨ |
| ૧૫-૧૬ | ઉત્તમ ગૃહસ્થ, ભાગ ૧-૨ | ૩૨ |
| ૧૭-૧૮ | વીતરાગ ભક્તિ, ભાગ ૧-૨ | ૩૯ |
| ૧૯ | શ્રી સદ્‌ગુરુભક્તિ રહસ્ય (કાવ્ય) | ૪૪ |
| ૨૦ | ભાઈ, તારે કાજે આટલું કરજે | ૪૬ |
| ૨૧-૨૩ | દશાર્ણભદ્રની ભક્તિ, ભાગ ૧-૩ | ૪૮ |
| ૨૪-૨૫ | નિર્નામિકાએ સાંભળેલું સંસારનું સ્વરૂપ, ભાગ ૧-૨ | ૫૮ |
| ૨૬ | બાર ભાવના (કાવ્ય) | ૬૪ |
| ૨૭ | જાતિસ્મરણજ્ઞાને જાગેલા વૈરાગ્યવિચાર | ૬૬ |
| ૨૮-૨૯ | જિનદત્ત શેઠની ધર્મદૃઢતા અને અંજન ચોરનો ઉદ્ધાર, ભાગ ૧-૨ | ૬૯ |
| ૩૦ | સત્ય બોલવા વિષે | ૭૫ |
| ૩૧-૩૭ | યજ્ઞોત્પત્તિની કથા, ભાગ ૧-૭ | ૭૯ |
| ૩૮ | આત્માને હિતકારી નીતિવાક્યો | ૧૦૫ |
| ૩૯-૪૦ | સત્સંગ, ભાગ ૧-૨ | ૧૦૯ |
| ૪૧ | પરિગ્રહ સંકોચવો | ૧૧૪ |
| ૪૨ | તત્ત્વ સમજવું | ૧૧૮ |
| ૪૩ | યત્ના | ૧૨૨ |
| ૪૪-૪૬ | રાત્રિભોજન ત્યાગ વિષે કથા, ભાગ ૧-૩ | ૧૨૫ |
| ૪૭-૪૮ | સર્વ જીવ રક્ષા, ભાગ ૧-૨ | ૧૩૪ |
| ૪૯ | પ્રત્યાખ્યાન | ૧૪૨ |
| ૫૦ | બ્રહ્મચર્ય-અષ્ટક (કાવ્ય) | ૧૪૫ |
| ૫૧-૫૭ | ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ ૧-૭ | ૧૪૭ |
| ૫૮ | ક્ષમાપના પદ્ય (કાવ્ય) | ૧૬૬ |
| ૫૯ | વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે. | ૧૬૮ |
| ૬૦ | નવકાર મંત્ર | ૧૭૨ |
| ૬૧ | સ્વાધ્યાયમાં ચિત્ત કેમ ચોંટતું નથી ? | ૧૭૬ |
| ૬૨-૬૩ | સામાયિક વિચાર, ભાગ ૧-૨ | ૧૭૯ |
| ૬૪ | પૂણિયા શ્રાવકની સામાયિક | ૧૮૫ |
| ૬૫ | પ્રતિક્રમણ વિચાર | ૧૮૯ |
| ૬૬ | અનંગદેવની ટૂંકી કહાણી | ૧૯૩ |
| ૬૭ | ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે (કાવ્ય) | ૧૯૬ |
| ૬૮ | રાગ | ૧૯૮ |
| ૬૯-૭૦ | તૃષ્ણા, ભાગ ૧-૨ | ૨૦૦ |
| ૭૧ | ફૂલણજી (કાવ્ય) | ૨૦૬ |
| ૭૨ | પ્રમાદ | ૨૦૮ |
| ૭૩ | વિવેક | ૨૧૦ |
| ૭૪ | જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ? | ૨૧૩ |

| શિક્ષાપાઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૭૫-૭૬ | મહાવીરપુત્ર શાસનકુમાર અને શાસનદેવી, ભાગ ૧-૨ | ૨૧૭ |
| ૭૭ | અશુચિ કોને કહેવી ? | ૨૨૪ |
| ૭૮ | સામાન્ય નિત્ય નિયમ | ૨૨૭ |
| ૭૯ | વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે | ૨૩૨ |
| ૮૦ | ધર્મ વિષે (કાવ્ય) | ૨૩૬ |
| ૮૧-૮૩ | ધર્મના મતભેદ, ભાગ ૧-૩ | ૨૩૭ |
| ૮૪ | મૂળમાર્ગ રહસ્ય (કાવ્ય) | ૨૪૯ |
| ૮૫ | જિતેન્દ્રિયતા | ૨૫૦ |
| ૮૬ | બ્રહ્મચર્યની નવ વાડ (કાવ્ય) | ૨૫૪ |
| ૮૭ | સ્વદોષનો અપક્ષપાતપણે વિચાર | ૨૫૬ |
| ૮૮ | યોગ | ૨૫૯ |
| ૮૯ | સમાજસેવા | ૨૬૨ |
| ૯૦ | મોક્ષનાં સુખ | ૨૬૫ |
| ૯૧ | ધ્યાનાષ્ટક (કાવ્ય) | ૨૭૦ |
| ૯૨-૯૩ | આત્મધર્મ વિચાર, ભાગ ૧-૨ | ૨૭૧ |
| ૯૪-૯૭ | જ્ઞાન, ભાગ ૧-૪ | ૨૭૭ |
| ૯૮-૯૯ | દશ લક્ષણ ધર્મ કથા, ભાગ ૧-૨ | ૨૮૮ |
| ૧૦૦-૧૦૩ | મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ ૧-૪ | ૨૯૬ |
| ૧૦૪ | તત્ત્વાવબોધ (કાવ્ય) | ૩૧૬ |
| ૧૦૫ | વિચારવા અને સ્વીકારવા યોગ્ય મહાવાક્યો | ૩૧૭ |
| ૧૦૬-૧૦૭ | ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્ર, ભાગ ૧-૨ | ૩૨૧ |
| ૧૦૮ | પૂર્ણમાલિકા મંગલ (કાવ્ય) | ૩૩૬ |




# પ્રવેશિકા

(મોક્ષમાળા પુસ્તક પહેલું)

*

''જેણે આત્મા જાણ્યો, તેણે સર્વ જાણ્યું.''

—નિર્ગ્રંથ પ્રવચન

*

''જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.''

—શ્રીમદ્ રાજચંદ્ર

## સ્તુતિ

(શિખરિણી છંદ)

જય પ્રજ્ઞા-પૂર્ણ પ્રભુ, પરમ હિતસ્વી જગને,
દયાદૃષ્ટિ યાચું, અરજ મુજ આ આપ ચરણે;
મહા મુક્તિમાર્ગ, પ્રગટ કરતા રાજગુરુને,
નમીને, ઇચ્છું છું અનુસરણ આ આપ ચરણે.૭૧

પ્રભુ, પ્રેરો સૌને સુખદ નિજ વસ્તુ સમજવા,
જવા જૂના માર્ગો દુખદ ફળ દેનાર અથવા;
થવાને નિર્મોહી, સ્વહિતરત, નિઃસ્વાર્થી બનવા,
નવા આનંદોથી સ્વ-પર-શિવ સાધી સુખી થવા.૭૨

(પ્રજ્ઞાવબોધ—પ્રથમ પુષ્પ)

*

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ।।१५।।

મૂળ સંસાર-દુઃખોનું, દેહમાં આત્મબુદ્ધિ તે;
તજી ઇંદ્રિય વ્યાપાર—બાહ્ય, અંતર પેસજે.૭૧૫

(સમાધિશતક)

## સ્તુતિ

(શિખરિણી છંદ)

જય પ્રજ્ઞા-પૂર્ણ પ્રભુ, પરમ હિતસ્વી જગને,
દયાદૃષ્ટિ યાચું, અરજ મુજ આ આપ ચરણે;
મહા મુક્તિમાર્ગ, પ્રગટ કરતા રાજગુરુને,
નમીને, ઇચ્છું છું અનુસરણ આ આપ ચરણે.૭૧

પ્રભુ, પ્રેરો સૌને સુખદ નિજ વસ્તુ સમજવા,
જવા જૂના માર્ગો દુખદ ફળ દેનાર અથવા;
થવાને નિર્મોહી, સ્વહિતરત, નિઃસ્વાર્થી બનવા,
નવા આનંદોથી સ્વ-પર-શિવ સાધી સુખી થવા.૭૨

(પ્રજ્ઞાવબોધ—પ્રથમ પુષ્પ)

*

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥१५॥

મૂળ સંસાર-દુઃખોનું, દેહમાં આત્મબુદ્ધિ તે;
તજી ઇંદ્રિય વ્યાપાર—બાહ્ય, અંતર પેસજે.૭૧૫

(સમાધિશતક)





ૐ

# પ્રવેશિકા

(મોક્ષમાળા પુસ્તક પહેલું)

## શિક્ષાપાઠ ૧. પ્રવેશન

પરમ કૃપાળુ પરમાત્માને અત્યંત ભક્તિથી નમસ્કાર.

(દોહરો)

પરમ કૃપાળુ દેવનું, શરણ ચહું સુખદાય;
મોક્ષ સુખ માળા લહું, શ્રી જિનરાજ પસાય.

(પિતા સ્વાધ્યાય કરે છે, ત્યાં પુત્ર આવી વિનય કરીને પૂછે છેઃ)

પુત્ર—પિતાજી, આપે મારે માટે નવું પુસ્તક આણ્યું છે તે હું આજે વાંચું?

પિતા—એ ધર્મપુસ્તક છે, ભાઈ, તેથી તેં મને પૂછ્યું તે વ્યવહારવિનય ગણાય; પરંતુ ધર્મપિતા તો ભગવાન છે, માટે ચાલ આપણે મંદિરમાં જઈએ અને સર્વ જ્ઞાનના મૂળ શ્રી સર્વજ્ઞ પ્રભુની સ્તુતિ કરી તેની આજ્ઞા લઈ, તે પુસ્તક વાંચવાનું તું આજે શરૂ કરજે.

પ્રભુકૃપાથી તને સદ્બુદ્ધિ, જ્ઞાન, વૈરાગ્ય, ધ્યાન, નીતિ, વિવેક, શાંતિ, ક્ષમા આદિ ઉત્તમ ભાવો તે પુસ્તકના વાંચન, મનન આદિથી પ્રાપ્ત થશે. તું જેમ શરીર, કપડાં આદિની સંભાળ રાખે છે તેથી વિશેષ સંભાળ જ્ઞાનનાં સાધનરૂપ સત્શાસ્ત્રોની રાખજે. તે પુસ્તકને શાંત ચિત્તે એકાંતમાં વાંચવા,

વિચારવાનું રાખીશ, તો આનંદ સાથે સદ્‌ગુણોની પ્રાપ્તિ થશે. તારા મિત્રો કે બહેન વગેરેની સાંભળવાની ઇચ્છા હોય તો તેમને પણ વાંચી સંભળાવજે.

પુત્ર—પિતાજી, ચાલો ત્યારે મંદિરમાં પુસ્તક લઈને જઈએ.

(મંદિરના પ્રવેશદ્વાર આગળ)

પિતા—ભાઈ, અહીં ચંપલ કાઢી, છત્રી મૂકી આપણે પુસ્તક લઈ અંદર જઈએ.

પુત્ર—પિતાજી, પેલો બાજોઠ અહીં લાવી તેના ઉપર પુસ્તક મૂકું?

પિતા—હા, ભાઈ. તને ઠીક વિનય સૂઝી આવ્યો.

(પ્રભુની સ્તુતિ કરે છે)

(દોહરા)

‘‘मंगलमय मंगलकरण वीतराग विज्ञान,
नमौं ताहि जातें भये अरिहंतादि महान.
तीन भुवन चूडारतन सम श्री जिनके पाय,
नमत पाईए आप पद, सब विधि बंध नशाय.’’

(શ્રી ટોડરમલજી)

‘‘જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;ળ
ળએ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.ળ
ળદેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;ળ
ળતે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.’’

(શ્રીમદ્ રાજચંદ્ર)

(ત્રણ વાર પંચાંગ નમસ્કાર કરી જમીન પર મસ્તક રાખી પ્રણિપાત—સ્તુતિરૂપે પ્રાર્થના કરે છે.)



‘‘ હે પરમકૃપાળુદેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ (ધર્મ) આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.’’ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૪૧૭)

(‘મોક્ષમાળા’ નામનું પુસ્તક લઈ બન્ને ઘેર જાય છે.)

---

## શિક્ષાપાઠ ૨. પ્રથમ ભરવા યોગ્ય પગલું

(૧)

(દોહરા)

‘‘બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;ળળ
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.ળ૧
પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ યોગ;ળળ
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગત શોગ.ળ૨
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;ળળ
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.ળ૩’’

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૧૫૪)

(૨)

(ચોપાઈ)

‘‘શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?ળળ
પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ.ળ૧

જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;૭૭
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.૭૨
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;૭૭
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.૭૩''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૧૦૭)

---

## શિક્ષાપાઠ ૩. મેળો

(વિનયમંદિરના વિદ્યાર્થી મંડળમાં એક વિદ્યાર્થીનું ભાષણ)

માનવંત પ્રમુખવર્ય અને પ્રિય સહાધ્યાયી ભાઈઓ અને બહેનો,

જરૂરના કામ પ્રસંગે મારે અમદાવાદ જવું થયું હતું. ત્યાં શુક્રવારે ગુજરી ભરાય છે. તે જોઈ મને વિચાર આવેલો કે મિત્રમંડળની સમક્ષ મેં આજે જે જોયું અને વિચાર્યું તે જણાવીશ તો મને અને તેમને હિતનું કારણ છે. તેથી પહેલાં ભદ્ર આગળ ભરાતી ગુજરી નામના ખુલ્લા મેદાનના બજારનું દૃશ્ય રજૂ કરી મારી વિચારણા જણાવવા હું આપની રજા લઉં છું :—

કોઈ વેપારીઓ કામચલાઉ કાપડના માંડવા બાંધી તેમાં કપડાં, મીઠાઈ, ખુરસી, ટેબલ આદિ માલ મૂકી એક દિવસની દુકાન કરી બેઠા હતા. કોઈ તો વગર માંડવે થોડી વસ્તુઓ લઈ વેચતા હતા. તેવી જ રીતે ચા, પાન, સોપારી, ફળ, ફૂલ આદિની દુકાનો હતી. પુસ્તકો નવાં-જૂનાં વેચનારા પણ હતા. કોઈ ચપ્પુ, છરી આદિ હથિયારો વેચનાર હતા. કોઈ બટન, કપડાં, ચિત્રો આદિ વેચનાર હતા. કોઈ સુથાર રમકડાં, પેટીઓ, ગાડીઓ આદિ વેચનાર હતા. કોઈ લુહાર અનેક પ્રકારનાં જૂનાં નવાં ઓજાર, શસ્ત્રો તરવાર આદિ વેચનાર હતા.



કોઈ શાકભાજી, ઢોર, પક્ષી આદિ વેચવા પરગામથી આવી બેઠેલા હતા. મારા જેવા કેટલાક જોવા જ આવ્યા હતા; કેટલાક ખરીદ કરવા આવ્યા હતા. કેટલાક પોતાનો રોફ બીજાને બતાવવા જ ફરતા હતા. કેટલાક દારૂડિયા પણ હતા. કોઈ કોઈ ચોરી કરવાના ઇરાદાથી પણ ફરતા. આમ અનેક પ્રકારના જીવો અનેક પ્રકારના મનોરથો સેવતા માત્ર એક દિવસના બજારમાં ફરતા હતા.

આ ઉપરથી મને વિચાર આવ્યો કે જગતમાં જીવવાનું આ મેળા જેવું જ છે. એક એક દિવસ કરીને માસ થાય છે, બાર માસ મળી વર્ષ થાય છે, વર્ષો મળી આયુષ્ય થાય છે. તો દરેક દિવસ તે મેળા સમાન જ છે. આ આયુષ્ય તે લાંબા વખતનો મેળો છે. જેમ લોકો પોતાને સ્થળેથી વિવિધ વસ્તુઓ લાવી મેળામાં દેખાડે છે, તેમ પરભવમાં પુણ્ય-પાપ જે કંઈ જીવે સંચય કર્યું હોય તે આ ભવમાં દેખાય છે. પાછું અહીંથી જે કંઈ કમાણી જીવ કરશે તે લઈ આ ભવની દુકાન ઉઠાવી લઈ પરલોક ચાલ્યો જશે. મેળાના જેવી જગતની વિચિત્રતા છે, તે જોવામાં માત્ર ખોટી થઈ રહીશું તો ખાલી હાથે પરભવમાં જવું પડશે. માટે પરભવના સુકૃત્યથી જે આ ભવ પ્રાપ્ત થયો છે, તે સફળ થાય તેમ સર્વ સાથે મૈત્રી આદિ ભાવે આપણે વર્તવું અને સર્વ દુઃખનો નાશ કરી મોક્ષ પ્રાપ્ત થાય તેવો માર્ગ મહાપુરુષોએ શોધીને આચર્યો છે તેને સમજી સ્વીકારવા યોગ્ય છે; આ મારી વિચારણા દર્શાવી. આપે લક્ષપૂર્વક તે સાંભળી તે બદલ આપનો આભાર માની મારું વક્તવ્ય પૂર્ણ કરું છું.

---

## શિક્ષાપાઠ ૪. મારો બંગલો કેવો છે!

એક શ્રીમંત બાઈ વિધવા બની. પતિવિરહ બહુ સાલે નહીં તે અર્થે તેના પતિએ બંધાવેલ એક સુંદર સાત માળના બંગલાને સુશોભિત અને આકર્ષક બનાવવામાં તેણે ચિત્ત પરોવ્યું. તેની સજાવટ માટે દેશ-પરદેશથી ચીજો મંગાવી, સુંદર ચિત્રકામ આદિ કરાવ્યું. ઋતુ ઋતુને અનુકૂળ અનેક સગવડવાળી જગાઓ તેમાં કરાવી, બોલતાં ચિત્રપટો દ્વારા નાટક જેવી ગોઠવણો પણ કરી, પરદેશમાં થતા સંગીતના જલસા પણ સંભળાય તેવી ગોઠવણ કરાવી, વીજળીના પંખા, તાર, સંદેશાવાહક યંત્રો, ઉન્નતાકર્ષી (લિફ્ટ) યંત્રો આદિ વડે મહેમાનોને અનુકૂળ સર્વ સામગ્રી ત્યાં વસાવી.

ગામમાં જે કોઈ પરદેશી માણસ આવે તેને પોતાને ત્યાં આમંત્રણ આપી જાતે સાતે માળ ફરી બધું બતાવવાની અને બંગલાનાં વખાણ સાંભળવાની તેને ટેવ પડી ગઈ. લોકો પણ તેની શ્રીમંતતા અને સભ્યતા જોઈ રાજી થતા અને વખાણતા. બધું બતાવી તે પૂછતી કે મારો બંગલો કેવો છે? ઉત્તરમાં કોઈ મહેલ જેવો કહેતા, કોઈ નંદનવન જેવો કહેતા, કોઈ દેવવિમાન જેવો કહેતા. તે સાંભળી રાજી થઈ તેમની આગતા-સ્વાગતા કરી વિદાય કરતી.

એક દિવસે એક મહાત્મા પધાર્યા હતા. તેમનો ધર્મોપદેશ સાંભળવા અને પોતાને બંગલે પધારવાની વિનંતી કરવા તે બાઈ ગઈ. ધર્મકથા પૂરી થયે, મહાત્માનો વિનય કરી તે બાઈએ પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. નક્કી કરેલે વખતે મહાત્મા તે બંગલે પધાર્યા. બધો બંગલો બતાવી બંગલાની છેલ્લી



અગાશી ઉપરથી દેખાતો દરિયો બતાવી તે બાઈ બોલી, મહારાજ! મારો બંગલો કેવો છે?

મહાત્માને લાગ્યું કે આ બાઈને શિખામણ મળે તેમ કહેવું ઘટે છે. તેથી તે બોલ્યા કે મારા બંગલા આગળ આ બંગલાનો કંઈ હિસાબ નથી. આ બંગલો તો ખસેડી શકાય તેવો નથી. આમાં જે જે સામગ્રી છે તે તો ઘણા કારીગરો બનાવી શકે કે સુધારી શકે, પણ મારા બંગલાની એક પણ બારી જેવી કોઈ કારીગર બારી બનાવી શકે તેમ નથી. તેમાં અનેક યંત્રો છે. તેથી આકાશ, પાતાળ અને આખું વિશ્વ જોઈ શકાય તેમ છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ પણ ત્યાં સમજી શકાય છે. વચમાં તે બાઈ બોલી કે અહો! એવો બંગલો તો મારે જરૂર જોવો ઘટે છે. પછી મહાત્માએ કહ્યું કે તે બંગલો બે થાંભલા ઉપર રચેલો છે. તેમાં ચાર ચમત્કારી બારીઓ છે તેથી અદ્‌ભુત વાતો દેખાય, સુણાય, ચખાય, સુંઘાય તથા સર્વ બાજુથી અનેક પ્રકારના સ્પર્શ પ્રાપ્ત થાય છે. તે બાઈ ઉતાવળી બની બોલી કે તે બંગલો મને ક્યારે જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે? એટલે મહાત્મા બોલ્યાઃ આ શરીર કે મનુષ્યભવ તે ઉત્તમ નિવાસસ્થાન આત્માને માટે છે, તેમાં રહીને શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. શ્રીમદ્ રાજચંદ્ર મહાત્માએ તેની અદ્‌ભુતતા સમજાતાં નીચે પ્રમાણે પોતાની હાથનોંધમાં લખ્યું છે :—

“અહો આ દેહની રચના! અહો ચેતન! અહો તેનું સામર્થ્ય! અહો જ્ઞાની! અહો તેની ગવેષણા! અહો તેમનું ધ્યાન! અહો તેમની સમાધિ! અહો તેમનો સંયમ! અહો તેમનો

અપ્રમત્ત સ્વભાવ! અહો તેમની પરમ જાગૃતિ! અહો તેમનો વીતરાગ સ્વભાવ! અહો તેમનું નિરાવરણ જ્ઞાન! અહો તેમના યોગની શાંતિ! અહો તેમના વચનાદિ યોગનો ઉદય!''(હા.નોં.૨/૧૧)

---

## શિક્ષાપાઠ ૫. મુનિસમાગમ, ભાગ–૧

(વનમાં મુનિરાજ બિરાજ્યા છે. ત્યાં એક રાજા શિકારીના વેષે આવે છે.)

રાજા—હે મુનિરાજ! આજે હું આપનાં દર્શન કરીને કૃતાર્થ થયો છું. એક વાર મારું અબઘડીએ બનેલું, તેમજ અગાઉ બનેલું સાંભળવા યોગ્ય ચરિત્ર સાંભળી લઈને પછી મને આપના પવિત્ર જૈનધર્મનો સત્ત્વગુણી ઉપદેશ કરો. (આટલું બોલ્યા પછી તે બંધ રહ્યો.)

મુનિ—હે રાજા! ધર્મને લગતું તારું ચરિત્ર હોય તો ભલે આનંદ સહિત કહી બતાવ.

રાજા—(મનમાં) અહો! આ મહા મુનિરાજે હું રાજા છું એમ ક્યાંથી જાણ્યું! હશે. એ વાત પછી. હમણાં તો પરણે તેને જ ગાઉં. (પ્રસિદ્ધ) હે ભગવન્! મેં એક પછી એક એમ અનેક ધર્મો અવલોકન કર્યા. પરંતુ તે પ્રત્યેક ધર્મમાંથી મારી કેટલાંક કારણોથી આસ્થા ઊઠી ગઈ. હું જ્યારે દરેક ધર્મ ગ્રહણ કરતો ત્યારે તેમાં ગુણ વિચારીને, પરંતુ પાછળથી કોણ જાણે શુંય થાય કે જામેલી આસક્તિ એકદમ નાશ થઈ જાય. જોકે આમ થવાનાં કેટલાંક કારણો પણ હતાં. એક મારી મનોવૃત્તિ એવી જ હતી એમ નહોતું.

કોઈ ધર્મમાં ધર્મગુરુઓનું ધૂર્તપણું દેખીને તે ધર્મ છોડીને મેં બીજો સ્વીકૃત કર્યો. વળી તેમાં કોઈ વ્યભિચાર જેવી છીટ



દેખીને તે મૂકી દઈને ત્રીજો ગ્રહણ કર્યો. વળી તેમાં હિંસાયુક્ત સિદ્ધાંતો દેખવાથી તે તજી દઈને ચોથો ગ્રહણ કર્યો. વળી તે તજી દેવાની કોઈ કારણથી ફરજ પડવાથી તે મૂકીને પાંચમો ધર્મ ગ્રહણ કર્યો. એમ અનેક ધર્મ જૈનધર્મ સિવાયના લીધા અને મૂક્યા. જૈનધર્મનો એકલો વૈરાગ્ય જ દેખીને મૂળથી તે ધર્મ પર મને ભાવ ચોંટ્યો જ નહોતો.

ઘણા ધર્મની લે-મેલમાં મેં છેવટે આવો સિદ્ધાંત નક્કી કર્યો કે બધાય ધર્મ મિથ્યા છે. ધર્માચાર્યોએ જેને જેમ રુચ્યું તેમ પોતાની રુચિ માફક પાખંડી જાળો પાથરી છે. બાકી કશુંયે નથી.

જો ધર્મ પાળવાનો સૃષ્ટિનો સ્વાભાવિક નિયમ હોત તો આખી સૃષ્ટિમાં એક જ ધર્મ કાં ન હોત? આવા આવા તરંગોથી હું કેવળ નાસ્તિક થઈ ગયો. સંસારીશૃંગાર એ જ મેં તો મોક્ષ ઠરાવ્યું. પાપ નથી, પુણ્ય નથી, ધર્મ નથી, કર્મ નથી, સ્વર્ગ નથી, નરક નથી, એ સઘળાં પાખંડો છે. જન્મ પામવાનું કારણ માત્ર સ્ત્રી-પુરુષનો સંયોગ છે, અને જરેલું વસ્ત્ર જેમ કાળે કરીને નાશ પામે છે, તેમ આ કાયા હળવે હળવે ઘસાઈ છેવટે જીવનરહિત થઈ જઈ નાશ પામે છે. બાકી સઘળું મિથ્યા છે. આવું મારા અંતઃકરણમાં દૃઢ થવાથી મને જેમ રુચ્યું, મને જેમ ગમ્યું અને મને જેમ પાલવ્યું, તેમ વર્તવા માંડ્યું. અનીતિનાં આચરણ કરવા માંડ્યાં. રાંકડી રૈયતને પીડવામાં કોઈ પણ પ્રકારની કચાશ મેં રાખી નહીં. શિયળવંતી સુંદરીઓનાં શિયળભંગ કરાવીને મેં આકરા કેર બોલાવી દેવામાં કોઈ પણ પ્રકારની ખામી રાખી નહીં.

સજ્જનોને દંડવામાં, સંતોને રિબાવવામાં અને દુર્જનોને સુખ દેવામાં મેં એટલાં પાપ કર્યાં છે કે કોઈ પણ પ્રકારની ન્યૂનતા રાખી નથી. હું ધારું છું કે મેં એટલાં પાપ કર્યાં છે કે એ પાપનો એક પ્રબળ પર્વત બાંધ્યો હોય તો તે મેરુથી પણ સવાયો થાય! આ સઘળું થવાનું કારણ માત્ર લુચ્ચા ધર્માચાર્યો હતા. આવી ને આવી ચંડાળમતિ મારી હમણાં સુધી રહી. માત્ર અદ્‌ભુત કૌતુક બન્યું કે જેથી મને શુદ્ધ આસ્તિકતા આવી ગઈ. હવે એ કૌતુક હું આપની સમક્ષ નિવેદન કરું છું :—

## શિક્ષાપાઠ ૬. મુનિસમાગમ, ભાગ—૨

રાજા—હું ઉજ્જયની નગરીનો અધિપતિ છું. મારું નામ ચંદ્રસિંહ છે. ખાસ દયાળુઓનાં દિલ દુભાવવાને માટે હું પ્રબળ દળ લઈને આજે શિકારને માટે ચઢ્યો હતો. એક રંક હરણની પાછળ ધાતાં હું સૈન્યથી વિખૂટો પડ્યો અને આ તરફ તે હરણની પાછળ અશ્વ દોડાવતો દોડાવતો નીકળી પડ્યો.

પોતાનો જાન બચાવવાને માટે કોને ખાએશ ન હોય? અને તેમ કરવા માટે એ બિચારા હરણે દોડવામાં કશીયે કચાશ રાખી નથી. પરંતુ એ બિચારાની પાછળ આ પાપી પ્રાણીએ પોતાનો જુલમ ગુજારવા માટે અશ્વ દોડાવી તેની નજદીકમાં આવવા કંઈ ઓછી તદબીર કરી નથી. છેવટે આ બાગમાં તે હરણને પેસતું દેખી કમાન ઉપર બાણ ચડાવી મેં છોડી મૂક્યું. આ વખતે મારા પાપી અંતઃકરણમાં લેશમાત્ર પણ દયાદેવીનો છાંટો નહોતો. આખી દુનિયાના ઢીમર અને ચંડાળનો સરદાર તે હું જ હોઉં એવું મારું કાળજું ક્રૂરાવેશમાં ઝોકાં ખાતું હતું. મેં



તાકીને મારેલું તીર વ્યર્થ જવાથી મને બેવડો પાપાવેશ ઊપજ્યો. તેથી મેં મારા ઘોડાને પગની પાની મારીને આ તરફ ખૂબ દોડાવ્યો. દોડાવતાં દોડાવતાં જેવો આ સામી દેખાતી ઝાડીના ઘાડા મધ્યભાગમાં આવ્યો તેવો જ ઘોડો ઠોકર ખાઈને લથડ્યો. લથડ્યા ભેળો તે ભડકી ગયો. અને ભડકી ગયા ભેળો તે ઊભો થઈ રહ્યો. જેવો ઘોડો લથડ્યો હતો તેવો જ મારો એક પગ એક બાજુના પાગડા ઉપર અને બીજો પગ નીચે ભોંયથી એક વેંતને છેટે લટકી રહ્યો હતો. મ્યાનમાંથી તકતકતી તલવાર પણ નીસરી પડી હતી. આથી કરીને જો હું ઘોડા ઉપર ચડવા જાઉં તો તે તીખી તલવાર મને ગળાઢૂંકડી થવામાં પળ પણ ઢીલ કરે તેમ નહોતું જ. અને નીચે જ્યાં દૃષ્ટિ કરી જોઉં છું ત્યાં એક કાળો તેમ જ ભયંકર નાગ પડેલો દીઠો. મારા જેવા પાપીનો પ્રાણ લેવાને કાજે જ અવતરેલો તે કાળો નાગ જોઈને મારું કાળજું કંપી ગયું. મારાં અંગેઅંગ થરથર ધ્રૂજવા મંડ્યાં. મારી છાતી ધબકવા લાગી. મારી જિંદગી હવે ટૂંકી થશે! રે હવે ટૂંકી થશે! આવો ધ્રાસકો મને લાગ્યો. હે ભગવન્! અગાઉ દર્શાવ્યા પ્રમાણે તે વખતે હું નીચે ઊતરી શકું તેમ નહોતો અને ઘોડા ઉપર પણ ચઢી શકું તેમ નહોતો. હવે કોઈક તદબીર (યુક્તિ) એ જ કારણથી શોધવામાં હું ગૂંથાયો. પરંતુ નિરર્થક! કેવળ ફોકટ અને વેઠ!! હળવેથી કરી આઘો ખસી જઈ રસ્તે પડું એમ વિચાર ઉઠાવીને હું જ્યાં સામી દૃષ્ટિ કરું છું, તો ત્યાં એક વિકરાળ સિંહરાજને પડેલો દીઠો. રે! હવે તો હું શિયાળાની ટાઢથી પણ સોગણો ધ્રૂજવા મંડી ગયો. વળી પાછો વિચારમાં પડી ગયો. 'ખસકીને પાછો વળું તો કેમ?' એમ લાગ્યું, ત્યાં તો

તે તરફમાં ઘોડાની પીઠ પર રહેલી નાગી પોણા ભાગની તલવાર દીઠી. એટલે અહીં આગળ હવે મારા વિચાર તો પૂર્ણ થઈ રહ્યા. જ્યાં જોઉં ત્યાં મોત. પછી વિચાર શું કામ આવે? ચારે દિશાએ મોતે પોતાનો જબરજસ્ત પહેરો બેસાડી મૂક્યો. હે મહા મુનિરાજ! આવો ચમત્કારિક પરંતુ ભયંકર દેખાવ જોઈને મને મારા જીવનની શંકા થઈ પડી.

---

## શિક્ષાપાઠ ૭. મુનિસમાગમ, ભાગ—૩

રાજા—(ચાલુ) મારો વહાલો જીવ કે હું જેથી કરીને આખા બ્રહ્માંડના રાજ્યની તુલ્ય વૈભવ ભોગવું છું, તે હવે આ નરદેહ તજીને ચાલ્યો જશે!! રે ચાલ્યો જશે!! અરે! અત્યારે મારી શી વિપરીત ગતિ થઈ પડી! મારા જેવા પાપીને આમ જ છાજે. લે પાપી જીવ! તું જ તારાં કર્તવ્ય ભોગવ. તેં અનેકનાં કાળજાં બાળ્યાં છે. તેં અનેક રંક પ્રાણીઓને દમ્યાં છે; તેં અનેક સંતોને સંતાપ્યા છે. તેં અનેક સતી સુંદરીઓનાં શિયળભંગ કર્યાં છે. તેં અનેક મનુષ્યોને અન્યાયથી દંડ્યા છે. ટૂંકામાં તેં કોઈ પણ પ્રકારના પાપની કચાશ રાખી નથી. માટે રે પાપી જીવ! હવે તું જ તારાં ફળ ભોગવ. તું તને જેમ ફાવે તેમ વર્તતો; અને તેની સાથે મદમાં આંધળો થઈને આમ પણ માનતો કે હું શું દુઃખી થવાનો હતો? મને શું કષ્ટો પડવાનાં હતાં? પણ રે પાપી પ્રાણ! હવે જોઈ લે. તું એ તારા મિથ્યા મદનું ફળ ભોગવી લે. પાપનું ફળ તું માનતો હતો કે છે જ નહીં. પરંતુ જોઈ લે, અત્યારે આ શું? એમ હું પશ્ચાત્તાપમાં પડી ગયો. અરે! હાય! હું હવે નહીં જ બચું? એ વિટંબના મને થઈ પડી.



આ વખતે મારા પાપી અંતઃકરણમાં એમ આવ્યું કે જો અત્યારે મને કોઈક આવીને એકદમ બચાવે તો કેવું માંગલિક થાય! એ પ્રાણદાતા અબઘડી જે માગે તે આપવા હું બંધાઉં. મારું આખા માળવા દેશનું રાજ્ય તે માગે તો આપતાં ઢીલ ન કરું. અને એટલું બધુંયે આપતાં એ માગે તો મારી એક હજાર નવયૌવન રાણીઓ આપી દઉં. એ માગે તો મારી અઢળક રાજ્યલક્ષ્મી એના પદકમળમાં ધરું. અને એટલું બધુંયે આપતાં છતાં જો એ કહેતો હોય તો હું એનો જિંદગી પર્યંત કિંકરનો કિંકર થઈને રહું. પરંતુ મને આ વખતે કોણ જીવનદાન આપે? આવા આવા તરંગમાં ઝોકાં ખાતો ખાતો હું તમારા પવિત્ર જૈનધર્મમાં ઊતરી પડ્યો. એના કથનનું મને આ વખતે ભાન થયું. એના પવિત્ર સિદ્ધાંતો આ વખતે મારા અંતઃકરણમાં અસરકારક રીતે ઊતરી ગયા. અને તેણે તેનું ખરેખરું મનન કરવા માંડ્યું, કે જેથી આ આપની સમક્ષ આવવાને આ પાપી પ્રાણી પામ્યો.

**૧. અભયદાન—**એ સર્વોત્કૃષ્ટ દાન છે. એના જેવું એક્કે દાન નથી. આ સિદ્ધાંત પ્રથમ મારા અંતઃકરણે મનન કરવા માંડ્યો. અહો! આ એનો સિદ્ધાંત કેવો નિર્મળ અને પવિત્ર છે! કોઈ પણ પ્રાણીભૂતને પીડવામાં મહાપાપ છે. એ વાત મને હાડોહાડ ઊતરી ગઈ—ગઈ તે પાછી હજાર જન્માંતરે પણ ન ચસકે તેવી! આમ વિચાર પણ આવ્યો કે કદાપિ પુનર્જન્મ નહીં હોય એમ ઘડીભર માનીએ તોપણ કરેલી હિંસાનું કિંચિત્ ફળ પણ આ જન્મમાં મળે છે ખરું જ. નહીં તો આવી તારી વિપરીત દશા ક્યાંથી હોત? તને હમેશાં શિકારનો પાપી શોખ

લાગ્યો હતો, અને એ જ માટે થઈને તેં આજે ચાહી ચાહીને દયાળુઓનાં દિલ દુભાવવાને આ તદબીર કરી હતી. તો હવે આ તેનું ફળ તને મળ્યું. તું હવે કેવળ પાપી મોતના પંજામાં પડ્યો. તારામાં કેવળ હિંસામતિ ન હોત તો આવો વખત તને મળત કેમ? ન જ મળત. કેવળ આ તારી નીચ મનોવૃત્તિનું ફળ છે. હે પાપી આત્મા! હવે તું અહીંથી એટલે આ દેહથી મુક્ત થઈ ગમે ત્યાં જા, તોપણ એ દયાને જ પાળજે. હવે તારે અને આ કાયાને જુદા પડવામાં શું ઢીલ રહી છે? માટે એ સત્ય, પવિત્ર અને અહિંસાયુક્ત જૈનધર્મના જેટલા સિદ્ધાંતો તારાથી મનન થઈ શકે તેટલા કર અને તારા જીવની શાંતિ ઇચ્છ. એના સઘળા સિદ્ધાંતો જ્ઞાનદૃષ્ટિએ અવલોકતાં અને સૂક્ષ્મ બુદ્ધિએ વિચારતાં ખરા જ છે. જેમ અભયદાન સંબંધીનો તેનો અનુપમ સિદ્ધાંત આ વખતે તને તારા આ અનુભવથી ખરો લાગ્યો, તેમ તેના બીજા સિદ્ધાંતો પણ સૂક્ષ્મતાથી મનન કરતાં ખરા જ લાગશે. એમાં કાંઈ ન્યૂનાધિક નથી જ. સઘળા ધર્મમાં દયા સંબંધી થોડો થોડો બોધ છે ખરો; પરંતુ એમાં તો જૈન તે જૈન જ છે. હરકોઈ પ્રકારે પણ ઝીણામાં ઝીણા જંતુઓનો બચાવ કરવો, તેને કોઈ પણ પ્રકારે દુઃખ ન આપવું એવા જૈનના પ્રબળ અને પવિત્ર સિદ્ધાંતોથી બીજો કયો ધર્મ વધારે સાચો હતો! તેં એક પછી એક એમ અનેક ધર્મો લીધા મૂક્યા, પરંતુ તારે હાથ જૈનધર્મ આવ્યો જ નહીં. રે! ક્યાંથી આવે? તારા અઢળક પુણ્યના ઉદય સિવાય ક્યાંથી આવે? એ ધર્મ તો ગંદો છે. નહીં નહીં, મ્લેચ્છ જેવો છે. એ ધર્મને તે કોણ ગ્રહણ કરે? આમ ગણીને જ તેં તે ધર્મ



તરફ દૃષ્ટિ સરખી પણ ન કરી. અરે! તું દૃષ્ટિ શું કરી શકે? તારા અનેક ભવના તપને લીધે તું રાજા થયો. તો હવે નરકમાં જતો કેમ અટકે? 'તપેશ્વરી તે રાજેશ્વરી અને રાજેશ્વરી તે નરકેશ્વરી' આ કહેવત તને તે ધર્મ હાથ લાગવાથી ખોટી ઠરત, અને તું નરકે જતો અટકત. હે મૂઢાત્મા! આ સઘળા વિચારો હવે તને રહી રહીને સૂઝે છે. પણ હવે એ સૂઝ્યું શું કામ આવે? કંઈયે નહીં. પ્રથમથી જ સૂઝ્યું હોત તો આ દશા ક્યાંથી હોત? થનારું થયું. પરંતુ હવે તારા અંતઃકરણમાં દૃઢ કર કે એ જ ધર્મ ખરો છે. એ જ ધર્મ પવિત્ર છે. અને હવે એના બીજા સિદ્ધાંતો અવલોકન કર.

## શિક્ષાપાઠ ૮. મુનિસમાગમ, ભાગ–૪

**૨. તપ**—એ વિષય સંબંધી પણ એણે જે ઉપદેશ આપ્યો છે તે અનુપમ છે. અને તપના મહાન યોગથી હું માળવા દેશનું રાજ્ય પામ્યો છું એમ કહેવાય છે, તે પણ ખરું જ છે. મનગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ એ ત્રણ એણે તપનાં પેટાં પાડ્યાં છે. તે પણ ખરાં છે. આમ કરવાથી ઊપજતા સઘળા વિકારો શાંત થતા થતા કાળે કરીને લય થઈ જાય છે. તેથી કરીને બંધાતી કર્મજાળ અટકી પડે છે. વૈરાગ્ય સહિત ધર્મ પણ પાળી શકાય છે અને અંતે એ મહાન સુખ-પ્રદ નીવડે છે. જો! એનો આ સિદ્ધાંત પણ કેવો ઉત્કૃષ્ટ છે!

**૩. ભાવ**—ભાવ વિષે એણે કેવો ઉપદેશ આપ્યો છે! એ પણ ખરો જ છે. ભાવ વિના ધર્મ કેમ ફળીભૂત થાય? ભાવ

વિના ધર્મ હોય જ ક્યાંથી? ભાવ એ તો ધર્મનું જીવન છે. જ્યાં સુધી ભાવ ન હોય ત્યાં સુધી કઈ વસ્તુ ભલી લાગત તેમ હતું? ભાવ વિના ધર્મ પાળી શકાતો નથી. ત્યારે ધર્મ પાળ્યા વિના મુક્તિ ક્યાંથી હોય? એ સિદ્ધાંત પણ એનો ખરો અને અનુપમ છે.

**૪. બ્રહ્મચર્ય**—અહો! બ્રહ્મચર્ય સંબંધીનો એનો સિદ્ધાંત પણ ક્યાં ઓછો છે? સઘળા મહા વિકારોમાં કામવિકાર એ અગ્રેસર છે. તેને દમન કરવો એ મહા દુર્ઘટ છે. એને દહન કરવાથી ફળ પણ મહા શાંતિકારક હોય, એમાં અતિશયોક્તિ શી? કશીયે નહીં. દુઃસાધ્ય વિષયને સાધ્ય કરવો એ દુર્ઘટ છે જ તો! આ સિદ્ધાંત પણ એનો કેવો ઉપદેશજનક છે!

**૫. સંસારત્યાગ**—સાધુ થવાનો એનો ઉપદેશ કેટલાક વ્યર્થ ગણે છે. પરંતુ એ તેમની કેવળ મૂર્ખતા છે. તેઓ એવો મત દર્શાવે છે કે ત્યારે સ્ત્રીપુરુષનું જોડું ઉત્પન્ન થવાની શી અગત્ય હતી? પરંતુ એ એમની ભ્રમણા છે. આખી સૃષ્ટિ કંઈ મોક્ષે જવાની નથી. આવું જૈનનું એક વચન મેં સાંભળ્યું હતું. તે પ્રમાણે થોડા જ મોક્ષવાસી થઈ શકે, એવું મારી ટૂંક નજરમાં આવે છે. ત્યારે સંસાર પણ થોડા જ ત્યાગી શકે છે. એ ક્યાં છાનું છે? સંસારત્યાગ કર્યા વિના મુક્તિ ક્યાંથી હોય? સ્ત્રીના શૃંગારમાં લુબ્ધ થઈ જવાથી કેટલા બધા વિષયમાં લુબ્ધાઈ જવું પડે છે. સંતાન ઉત્પન્ન થાય છે. તેમને પાળવાં-પોષવાં અને મોટાં કરવાં પડે છે. મારું તારું કરવું પડે છે. ઉદરભરણાદિ માટે તરખડથી વ્યાપારાદિમાં કપટ વેતરવાં પડે છે. મનુષ્યોને ઠગવાં, અને સોળ પંચ્યાં બ્યાસી અને બે મૂક્યા છૂટના, આવા પ્રપંચો લગાવવા પડે છે. અરે! એવી તો અનેક જંજાળોમાં જોડાવું પડે છે. ત્યારે એવા પ્રપંચમાંથી તે મુક્તિ સાધ્ય કોણ કરી શકવાનો હતો? અને જન્મ, જરા, મરણનાં દુઃખો ક્યાંથી ટાળવાનો હતો? પ્રપંચમાં રહેવું એ જ બંધન છે. માટે એ ઉપદેશ પણ એનો મહાન મંગલદાયક છે.



**૬. સુદેવભક્તિ**—આ પણ એનો સિદ્ધાંત કંઈ જેવો તેવો નથી. જે કેવળ સંસારથી વિરક્ત થઈ, સત્ય ધર્મ પાળી અખંડ મુક્તિમાં બિરાજમાન થયા છે તેની ભક્તિ કાં સુખપ્રદ ન થાય? એમની ભક્તિના સ્વાભાવિક ગુણ આપણે શિરથી ભવબંધનનાં દુઃખ ઉડાડી દે, એ કાંઈ સંશયાત્મક નથી. એ અખંડ પરમાત્માઓ કાંઈ રાગ કે દ્વેષવાળા નથી, પરંતુ પરમ ભક્તિનું એ સ્વતઃ ફળ છે. અગ્નિનો સ્વભાવ જેમ ઉષ્ણતાનો છે તેમ એ તો રાગદ્વેષરહિત છે. પરંતુ તેની ભક્તિ ન્યાયમતે ગુણદાયક છે. બાકી તો જે ભગવાન જન્મ, જરા તથા મરણનાં દુઃખમાં ડૂબકાં માર્યા કરે તે શું તારી શકે? પથ્થર પથ્થરને કેમ તારે? માટે એનો આ ઉપદેશ પણ દૃઢ હૃદયથી માન્ય કરવા યોગ્ય છે.

**૭. નિઃસ્વાર્થી ગુરુ**—જેને કોઈ પણ પ્રકારનો સ્વાર્થ નથી તેવા ગુરુ ધારણ કરવા જોઈએ, એ વાત કેવળ એની ખરી જ છે. જેટલો સ્વાર્થ હોય તેટલો ધર્મ અને વૈરાગ્ય ઓછો હોય છે. સઘળા ધર્મમાં ધર્મગુરુઓનો મેં સ્વાર્થ દીઠો, પરંતુ તે એક જૈન સિવાય! ઉપાશ્રયમાં આવતી વેળા ચપટી ચોખા કે પસલી જાર લાવવાનો પણ એણે બોધ બોધ્યો નથી અને એવી જ રીતે કોઈ પણ પ્રકારનું તેણે સ્વાર્થપણું ચલાવ્યું

નથી. ત્યારે એવા ધર્મગુરુઓના આશ્રયથી મુક્તિ શા માટે ન મળે? મળે જ. આ એનો ઉપદેશ મહા શ્રેયસ્કર છે. નાવ પથ્થરને તારે છે તેમ સદ્‌ગુરુ પોતાના શિષ્યને તારી શકે—ઉપદેશીને—તેમાં ખોટું શું?

---

## શિક્ષાપાઠ ૯. મુનિસમાગમ, ભાગ—૫

૮. **કર્મ**—સુખ અને દુઃખ, જન્મ અને મરણ આદિ સઘળું કર્મને આધીન રહેલું છે. જેવાં, જીવ અનાદિ કાળથી કર્મો કર્યે આવે છે તેવાં ફળો પામતો જાય છે. આ ઉપદેશ પણ અનુપમ જ છે.

કેટલાક કહે છે કે ભગવાન તે અપરાધની ક્ષમા કરે તો તે થઈ શકે છે. પરંતુ ના. એ એમની ભૂલ છે. આથી તે પરમાત્મા પણ રાગદ્વેષવાળો ઠરે છે. અને આથી પાલવે તેમ વર્તવાનું કાળે કરીને બને છે. એમ એ સઘળા દોષનું કારણ પરમેશ્વર બને છે. ત્યારે આ વાત સત્ય કેમ કહેવાય? જૈનીનો સિદ્ધાંત કર્માનુસાર ફળનો છે તે જ સત્ય છે. આવો જ મત તેના તીર્થંકરોએ પણ દર્શિત કર્યો છે. એમણે પોતાની પ્રશંસા ઇચ્છી નથી. અને જો ઇચ્છે તો તે માનવાળા ઠરે. માટે એણે સત્ય પ્રરૂપ્યું છે. કીર્તિને બહાને ધર્મવૃદ્ધિ કરી નથી. તેમ જ તેમણે કોઈ પણ પ્રકારે પોતાનો સ્વાર્થ ગબડાવ્યો પણ નથી. કર્મ સઘળાને નડે છે. મને પણ કરેલાં કર્મ મૂકતાં નથી. અને તે ભોગવવાં પડે છે. આવાં વિમળ વચનો ભગવાન શ્રી વર્ધમાને કહ્યાં છે. અને તે વર્ણનને આકારે પાછાં દૃષ્ટાંતથી મજબૂત કર્યાં છે.



ઋષભદેવજી ભગવાનને ભરતેશ્વરે પૂછ્યું કે હે ભગવાન! હવે આપણા વંશમાં કોઈ તીર્થંકર થશે? ત્યારે આદિ તીર્થંકર ભગવાને કહ્યું કે હા, આ બહાર બેઠેલા ત્રિદંડી ચોવીસમા તીર્થંકર વર્તમાન ચોવીસીમાં થશે. આ સાંભળી ભરતેશ્વરજી આનંદ પામ્યા. અને ત્યાંથી વિનયયુક્ત અભિવંદન કરીને ઊઠ્યા. બહાર આવીને ત્રિદંડીને વંદન કર્યું ત્યારે સૂચવ્યું કે હમણાંનું તારું પરાક્રમ જોઈને હું કંઈ વંદન કરતો નથી, પરંતુ તું વર્તમાન ચોવીસીમાં છેલ્લો તીર્થંકર ભગવાન વર્ધમાનને નામે થવાનો છે તે પરાક્રમને લીધે વંદન કરું છું. આ સાંભળી ત્રિદંડીજીનું મન પ્રફુલ્લિત થયું. અને અહંપદ આવી ગયું કે હું તીર્થંકર થાઉં તેમાં શી આશ્ચર્યતા? મારો દાદો કોણ છે? આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવજી. મારો પિતા કોણ છે? છ ખંડના રાજાધિરાજ ચક્રવર્તી ભરતેશ્વર. મારું કુળ કયું છે? ઇક્ષ્વાકુ. ત્યારે હું તીર્થંકર થાઉં એમાં શું? આમ અભિમાનના આવેશમાં હસ્યા, રમ્યા અને કૂદકા માર્યા, જેથી સત્તાવીશ શ્રેષ્ઠ, નેષ્ટ ભવ બાંધ્યા. અને એ ભવ ભોગવ્યા પછી વર્તમાન ચોવીસીના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી થયા.

જો એમણે કીર્તિ કે સ્વાર્થ ખાતર ધર્મ પ્રવર્તાવ્યો હોત તો એ વાત તે પ્રગટ પણ કરત? પરંતુ એનો સ્વાર્થ વગરનો ધર્મ તેથી ખરું કહેતાં કેમ અટકે? જો ભાઈ! મને પણ કર્મ મૂકતાં નથી. તો તમને કેમ મૂકશે? માટે કર્મવાળો આ પણ તેનો સિદ્ધાંત ખરો છે. જો એમનો સ્વાર્થી અને કીર્તિને બહાને

ભુલાવવાનો ધર્મ હોત તો એ વાત એ પ્રદર્શિત પણ કરત? જેનો સ્વાર્થ હોય તે તો આવી વાત કેવળ ભોંયમાં જ ભંડારે અને દેખાડે કે, નહીં, નહીં, મને કર્મ નડતાં નથી. હું સઘળાનો જેમ ચાહું તેમ કરી શકી તારણહાર છું. આવો ભપકો ભભકાવત. પરંતુ ભગવાન વર્ધમાન જેવા નિઃસ્વાર્થી અને સત્યાળુને પોતાની જૂઠી પ્રશંસા કહેવા-કરવાનું છાજે જ કેમ? એવા નિર્વિકારી પરમાત્મા તે જ ખરું બોધે. માટે આ પણ એનો સિદ્ધાંત કોઈ પણ પ્રકારે શંકા કરવા યોગ્ય નથી.

૯. **સમ્યગ્દૃષ્ટિ**—સમ્યગ્દૃષ્ટિ એટલે ભલી દૃષ્ટિ. અપક્ષપાતે સારાસારે વિચારવું. તેનું નામ વિવેકદૃષ્ટિ અને વિવેકદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ. આ એમનું બોધવું તાદૃશ્ય ખરું જ છે. વિવેકદૃષ્ટિ વિના ખરું ક્યાંથી સૂઝે? અને ખરું સૂઝ્યા વિના ખરું ગ્રહણ પણ ક્યાંથી થાય? માટે સઘળા પ્રકારે સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ કરવો જોઈએ. આ પણ એનું સૂચવન શું ઓછું શ્રેયસ્કર છે?

અહિંસા સહિત આ નવે સિદ્ધાંત હે પાપી આત્મા! ઘણે સ્થળે જૈન મુનીશ્વરોને ઉપદેશતાં તેં સાંભળ્યા હતા, પરંતુ તે વખતે તને ક્યાં ભલી દૃષ્ટિ જ હતી? એ એના નવે સિદ્ધાંતો કેવા નિર્મળ છે? એમાં તલભાર વધારો કે જવભાર ઘટાડો નથી. કિંચિત્ એના ધર્મમાં મીનમેખ નથી. એમાં જેટલું કહ્યું છે તેટલું ખરું જ છે. મન વચન અને કાયાનું દમન કરી આત્માની શાંતિ ઇચ્છો. એ જ એનું સ્થળે સ્થળે બોધવું છે. એના પ્રત્યેક સિદ્ધાંતો સૃષ્ટિનિયમને સ્વાભાવિક રીતે અનુસરતા છે.

---



## શિક્ષાપાઠ ૧૦. મુનિસમાગમ, ભાગ–૬

એણે શિયળ સંબંધી જે ઉપદેશ આપ્યો છે, તે કેવો અસરબંધ છે? એક પત્નીવ્રત પુરુષોએ, અને એક પતિવ્રત સ્ત્રીઓએ તો (સંસાર ન તજી શકાય, અને કામ દહન ન થઈ શકે તો) પાળવું જ. આમાં ઉભયપક્ષે કેટલું ફળ છે! એક તો મુક્તિમાર્ગ અને બીજો સંસારમાર્ગ, એ બન્નેમાં એથી લાભ છે. આજે સંસારનો લાભ એકલો તો જો. એક પત્નીવ્રત (સ્ત્રીને પતિવ્રત) પાળતાં પ્રત્યક્ષમાં પણ તેની સુમનઃકામના ધાર્યા પ્રમાણે પાર પડે છે. કીર્તિકર અને શરીરે પણ આરોગ્યપ્રદ છે. આ પણ સંસારી લાભ. પરસ્ત્રીગામી કલંકિત થાય છે, ચાંદી, પ્રમેહ અને ક્ષય આદિ રોગ સહન કરવા પડે છે અને બીજાં અનેક દુરાચરણો વળગે છે.

આ સઘળું સંસારમાં પણ દુઃખકારક છે, તો તે મુક્તિમાર્ગમાં શા માટે દુઃખપ્રદ ન હોય? જો, કોઈને પોતાની પુનિત સ્ત્રીથી તેવો રોગ થયો સાંભળ્યો છે? માટે એના સિદ્ધાંતો બન્ને પક્ષે શ્રેયસ્કર છે. સાચું તો સઘળે સારું જ હોય ને?

ઊનું પાણી પીવા સંબંધીનો એનો ઉપદેશ સઘળાઓને છે અને છેવટ જે તેમ વર્તી ન શકે તેણે પણ ગાળ્યા વગર તો પાણી ન જ પીવું. આ સિદ્ધાંત બન્ને પક્ષે લાભદાયક છે. પરંતુ હે દુરાત્મા! તું માત્ર સંસારપક્ષ જ (તારી ટૂંક નજર છે તો) જો. એક તો રોગ થવાનો થોડો જ સંભવ રહે. અણગળ પાણી પીવાથી કેટલી કેટલી જાતના રોગોની ઉત્પન્નતા છે. વાળા, કોગળિયાં આદિ અનેક જાતના રોગોની ઉત્પત્તિ એથી

જ છે. જ્યારે અહીં આગળ પવિત્ર રીતે લાભકારક છે, ત્યારે મુક્તિમતમાં શા માટે ન હોય?

આ નવે સિદ્ધાંતોમાં કેટલું બધું તત્ત્વ રહ્યું છે! એક સિદ્ધાંત છે તે એક ઝવેરાતની સેર છે. તેવી નવ સિદ્ધાંતથી બનેલી આ નવસરી માળા જે અંતઃકરણરૂપી કોટમાં પહેરે તે શા માટે દિવ્ય સુખનો ભોક્તા ન થાય? ખરો અને નિઃસ્વાર્થ ધર્મ તો આ એક જ છે.

હે દુરાત્મા! આ કાળો નાગ હવે પાસું ફેરવી તારા પર તાકી રહેવા તૈયાર થયો છે. માટે તું હવે તે ધર્મના 'નવકાર સ્તોત્ર'ને સંભાર. અને હવે પછીના જન્મમાં પણ એ જ ધર્મ માગ. આવું જ્યાં મારું મન થઈ ગયું અને ''नमो अरिहंताणं'' એ શબ્દ જ્યાં મુખથી કહું છું ત્યાં બીજું કૌતુક થયું. જે ભયંકર નાગ મારો પ્રાણ લેવા માટે પાસું ફેરવતો હતો તે કાળો નાગ ત્યાંથી હળવેથી ખસી જઈ રાફડા તરફ જતો જણાયો. એના મનથી જ એવી ઇચ્છા ઊપજી કે હું હળવે હળવે ખસકી જઉં, નહીં તો આ બિચારો પામર પ્રાણી હવે ભયમાં જ કાળધર્મ પામી જશે. એમ વિચારીને તે ખસકીને આઘો જતો રહ્યો.

આઘો જતો તે બોલ્યો કે હે રાજકુમાર! તારો જીવ લેવાને હું એક પળની પણ ઢીલ કરું તેમ નહોતો, પરંતુ તને શુદ્ધ વૈરાગ્ય તથા જૈનધર્મમાં ઊતરેલો દેખીને મારું કાળજું હળવે હળવે પીગળતું ગયું. તે એવું તો કોમળ થઈ ગયું કે હદ! આ સઘળું થવાનું કારણ માત્ર જૈનધર્મ જ. તારા અંતઃકરણમાં જ્યારે તે ધર્મના તરંગો ઊઠતા હતા ત્યારે મારા મનમાં તે જ ધર્મના તરંગથી તને ન મારવો આમ ઊગી નીકળ્યું હતું.



જેમ હળવે હળવે તે ધર્મની તને અસર વધતી ગઈ તેમ તેમ મારી સુમનોવૃત્તિ તારા તરફ થતી ગઈ. છેવટે તેં જ્યારે ''नमो अरिहंताणं'' આટલું કહ્યું ત્યારે મારું અંગ મેં તને પૂરો જૈનાસ્તિક થયેલો જોઈને ખેસવ્યું. માટે તું મન, વચન અને કાયાથી તે ધર્મ પાળજે. જૈનધર્મના પ્રતાપથી જ માન કે હું અત્યારે તને જીવતો જવા દઉં છું. એ ધર્મ તો એ ધર્મ જ છે. રે! મને મનુષ્યજન્મ મળ્યો નથી, નહીં તો એ ધર્મનું એવું તો સેવન કરત કે બસ! પરંતુ જેવો મારો કર્મપ્રભાવ. તોપણ મારાથી જેમ બનશે તેમ હું એ ધર્મનું શુદ્ધ આચરણ કરીશ. હે રાજકુમાર! હવે તું હેઠો પગ આનંદથી મૂકી, તારી તલવાર મ્યાનમાં નાંખ. જિનશાસનના શૃંગાર તિલક રૂપ મહા મુનીશ્વર અહીં આગળના સામા સુંદર બાગમાં બિરાજે છે. માટે તું ત્યાં જા. તેઓના મુખકમળનો પવિત્ર ઉપદેશ શ્રવણ કરીને તારો માનવજન્મ કૃતાર્થ કર.

હે મહા મુનિરાજ! મણિધરનાં આવાં વચન સાંભળીને હું તો દિંગ થઈ ગયો. શો જૈનધર્મનો પ્રતાપ! હું મોતના પંજામાંથી છટકી ચૂક્યો. ત્યારે હું દિંગ થઈ ગયો તો ખરો, પરંતુ તે આશ્ચર્યતાની સાથે અહો! મને જીવનદાન આપનાર તો એ જ જૈનધર્મ છે. આ વખતે મારા આનંદનો કશો પાર રહ્યો નહીં. મારું શરીર જ જાણે આખું હર્ષનું બંધાયું હોય તેવું થઈ ગયું, અને તુરત જ તે દયા લાવનાર નાગદેવને હું પ્રણામ કરી અને તલવાર મ્યાન કરી બીજે રસ્તે થઈ આપના પવિત્ર દર્શન કરવા માટે આ તરફ વળ્યો.

હવે મને તે ધર્મની ખરી સૂક્ષ્મતાનો બોધ કરો. એક

નવકાર મંત્રના પ્રતાપથી હું જીવનદાન પામ્યો તો એ આખો ધર્મ પાળતાં શું ન થઈ શકે? હે ભગવાન! હવે મને તે નવસરી માળાનો અનુપમ ઉપદેશ બોધો.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

પામ્યા મોદ મુનિ સુણી મન વિષે, વૃત્તાંત રાજા તણો,
પાછું નિજ ચરિત્ર તે વરણવ્યું, ઉત્સાહ રાખી ઘણો;
થાશે ત્યાં મન ભૂપને દૃઢ દયા, ને બોધ જારી થશે,
ત્રીજો ખંડ ખચીત માન સુખદા, આ 'મોક્ષમાળા' વિષે.

[1]ઝઅપૂર્ણ૪

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૧૧)

---

## શિક્ષાપાઠ ૧૧. સુદેવ

સ્વર્ગના દેવો પણ જેની સેવામાં હાજર છે અને સર્વોત્કૃષ્ટ પુણ્યનો સંચય કરી જે પુરુષોત્તમરૂપે અવતરે છે; મતિ, શ્રુત અને અવધિજ્ઞાન તથા શુદ્ધ સમ્યક્દર્શન સહિત જ્ઞાનાવતારરૂપ જેનો જન્મ થાય છે; અતુલ બળ અને અનુપમ સૌંદર્ય આદિ જેને સહજ અદ્ભુત ગુણો હોય છે; ગૃહવાસમાં પણ દયાના ભંડાર અને સંયમથી સુશોભિત જેમનો આચાર છે; ઉત્તમ સુખસામગ્રી પુણ્યયોગે પ્રાપ્ત થયેલી હોવા છતાં ઇંદ્રિયસુખોને તુચ્છ જાણી, સર્વસંગપરિત્યાગ કરી, ઉત્કૃષ્ટપણે

૧. આ બે ખંડ પૂર્ણ અને ત્રીજા ખંડના દ્વારરૂપ કાવ્ય શ્રીમદ્ રાજચંદ્રે પોતે મોક્ષમાળા અર્થે લખેલ છે, તેમની જ ભાષામાં આ અવતરણ લીધું છે. શ્રી પૂંજાભાઈ હીરાચંદ સંગ્રહિત સાહિત્યમાંથી આ મળેલ છે.



ચારિત્ર પાળી, કર્મસમૂહનેઅનુપમ ધ્યાનથી ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટતા સુધી પરમ પુરુષાર્થમાં સતત પ્રવૃત્તિ કરે છે, તે દેહધારી ભગવંત દેવાધિદેવ અરિહંત કે તીર્થંકર કહેવાય છે. કેવળજ્ઞાન પ્રગટતાં દેવેન્દ્ર, નરેન્દ્ર આદિની સમક્ષ જે સત્ય ધર્મનો પ્રકાશ કરે છે, તેના પ્રભાવે ઉત્તમ બુદ્ધિધારી પુરુષો સર્વસંગપરિત્યાગ કરી તેમનું શરણ સ્વીકારે છે, તેમને ગણધરદેવ કહેવાય છે. તે અરિહંત ભગવાનની દેશનાને શાસ્ત્રમાં ગૂંથી દ્વાદશાંગીની રચના કરે છે; સાધુ, સાધ્વી આદિને શાસ્ત્રો શીખવે છે. કેટલાક ગૃહસ્થ દશામાં પણ ભગવાનનું શરણ ગ્રહી અંશે યથાશક્તિ ધર્મ-આરાધના કરે છે. આ પ્રકારે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર પ્રકારનો સંઘ કે તીર્થ સ્થપાય છે, તે સર્વ મોક્ષમાર્ગ આરાધે છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એવા આત્માના ચાર ઉત્તમ ગુણો જ્ઞાનાવરણીય, દર્શના-વરણીય, મોહનીય અને અંતરાયરૂપ ઘાતિકર્મોના નાશથી પ્રગટે છે; શેષ ચાર કર્મો દેહ છૂટતાં સુધી રહે છે. આયુષ્ય પૂર્ણ કરી ભગવંત સિદ્ધદશાને પામે છે, ત્યારે તે સંપૂર્ણ અનંત ગુણોનો પરિપૂર્ણ ઉપભોગ અનંતકાળ પર્યંત કર્યા કરે છે.

સિદ્ધ ભગવંત સર્વ ગુણસંપન્ન હોવા છતાં અરિહંત ભગવંતને નવકારમંત્રમાં પ્રથમ નમસ્કાર જણાવ્યો છે, તેનું કારણ તેઓ દેહધારીરૂપે ઉત્તમ બોધનું દાન દઈ અનેક જીવોનો ઉદ્ધાર થવામાં પરમ નિમિત્તરૂપ છે. તેમના બોધનો આધાર બારમા ગુણસ્થાનક સુધી હોય છે, એટલે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તે પરમ પુરુષના બોધનો આશય આધાર-

રૂપ અપ્રમત્ત દશામાં મુનીશ્વરોને પણ હોય છે.

આત્મકલ્યાણ જેને કરવું છે એવા મુમુક્ષુ જીવને આપ્ત પુરુષ એટલે મોક્ષમાર્ગમાં વિશ્વાસ કરવા લાયક એ પુરુષોત્તમ અરિહંત ભગવંત છે. તેમનું યથાર્થ સ્વરૂપ તો સિદ્ધ ભગવંત જેવું જ છે, પણ તેઓ દેહધારી હોવાથી, તેમના વચન અને સમાગમના પ્રતાપે જીવની યોગ્યતા વધતાં સદ્‌ગુરુ યોગે તે યથાર્થ સ્વરૂપ પણ જીવ જાણી, ઉપાસી પોતાની ઉન્નતિ સાધી શકે છે.

''જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે'' (૨૧૨) એવા શ્રી અરિહંતના સામાન્ય રીતે બાર ગુણ ગણાય છેઃ ''બાર ગુણ અરિહંતદેવ પ્રણમીજે ભાવે.'' તે બાર ગુણ આ પ્રમાણે છે :

આઠ પ્રાતિહાર્યઃ– અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને છત્ર.

ચાર અતિશયઃ– અપાય-અપગમ (ઉપદ્રવનો નાશ), જ્ઞાનાતિશય, પૂજાઅતિશય, અને વચન-અતિશય.

અપાય-અપગમ બે પ્રકારે છે–સ્વાશ્રયી અને પરાશ્રયી. સ્વાશ્રયી પણ બે ભેદે છેઃ દ્રવ્ય ઉપદ્રવ એટલે સર્વ રોગનો અભાવ હોય છે; અને ભાવ ઉપદ્રવ ૧૮ પ્રકારે છે; તેનો પણ પોતે ક્ષય કર્યો હોય છે; તે આ પ્રમાણે છેઃ–

૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, ૬ હાસ્ય, ૭ રતિ, ૮ અરતિ, ૯ ભય, ૧૦ શોક, ૧૧ જુગુપ્સા, ૧૨ કામ, ૧૩ મિથ્યાત્વ, ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા, ૧૬ અવિરતિ, ૧૭ રાગ, ૧૮ દ્વેષ.



આ અઢાર અંતરંગ દૂષણોનો તે ભગવંતે ક્ષય કર્યો છે તેથી તે નિર્દોષ દેવ કહેવાય છે. અરિ એટલે અંતરંગ શત્રુ, તેમને હણનાર તે અરિહંત; રાગ, દ્વેષ અને અજ્ઞાન કે ચાર ઘાતિકર્મને જીતનાર તે જિન; સર્વ ઐશ્વર્યની પ્રાપ્તિ જેને છે તે ઈશ્વર; સંસારસાગર તરી શકાય તેવા તીર્થની સ્થાપના કરે તે તીર્થંકર; મનુષ્યમાંથી જેણે પરમેશ્વરપણું પ્રાપ્ત કર્યું તે પરમેશ્વર કે પુરુષોત્તમ એમ અનેક સાર્થક નામોથી તે ભગવાન ઓળખાય છે.

## શિક્ષાપાઠ ૧૨. સુગુરુ

''આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.''

('શ્રીમદ્ રાજચંદ્ર'આ૦સિ૦ ગાથા-૧૦)

ત્રણ તત્ત્વ ધર્મમાં મુખ્ય મનાય છેઃ સાચા દેવ, સાચા ગુરુ અને સાચો ધર્મ. તેમાં સાચા ગુરુની પ્રાપ્તિથી, તેમની અનુપમ શિક્ષાથી સાચા દેવ અને સાચા ધર્મનું ઓળખાણ કરવા યોગ્ય જીવ થાય છે. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રે જણાવ્યું છેઃ–

''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ

કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવ-પ્રવચન પ્રમાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૭૬)

આટલું બધું જેનું મહાત્મ્ય છે એવા સત્પુરુષ કે સદ્ગુરુનું ઓળખાણ અને તેના વચનની પ્રતીતિ થતાં જીવને આત્મ-સ્વરૂપનું ભાન પ્રગટે છે; તો પ્રશ્ન થાય કે તેમનું ઓળખાણ શી રીતે થાય? ઉત્તરમાં જણાવવાનું કે પૂર્વ-પુણ્યના યોગે જીવને સંસાર-પરિભ્રમણનો ભય જાગે છે, અને જન્મ, મરણ છૂટી મોક્ષની પ્રાપ્તિ કોઈ રીતે થાય તો સારું એવી જિજ્ઞાસા ઊગે છે. પછી જેને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો હોય તેવા પુરુષની પ્રાપ્તિ થાય તે અર્થે કંઈ પૂછપરછ કરે છે અને અપૂર્વ પુણ્યને યોગે તથા વર્તમાનના પુરુષાર્થબળે તેવો યોગ મળી પણ આવે છે.

તેવાં પૂર્વ-પુણ્યનો ઉદય ન હોય તો પણ સત્સંગની પ્રાપ્તિ થાય તેવા પુણ્યનો ઉદય થતાં પણ જીવને સત્સંગે સંસારનું અસારપણું સમજાતાં, સત્ય શું? એમ જાણવાની પ્રબળ ભાવના જાગે છે. આ પ્રકારે કોઈ પણ જાતનો કર્મનો ધક્કો લાગતાં યોગ્ય જીવને વિચારણા જાગે ત્યારે આત્મહિત અર્થે, જ્યાં સત્ય પ્રગટ હોય, ત્યાં આવી પહોંચે ત્યારે જીવમાં યથાર્થ સમજવાની શક્તિ આવે છે. ''દીવે દીવો પ્રગટે'' એમ કહેવાય



છે, તેમ સત્નું સાધન પણ સત્ જ મળવું જોઈએ.

કોઈને પૂર્વ-પુણ્યથી જિજ્ઞાસા જાગે, ત્યારે જો રૂઢ માર્ગ પ્રમાણે વાચન આદિથી કે અસદ્ગુરુના યોગથી સંતોષ માની લે, તોપણ આત્મહિતમાં જીવ વર્તી શકતો નથી. ખોટાને સાચું માની પ્રવર્તન જીવે બહુ કાળ કર્યું છે તેથી મહાપુરુષોનો અનુભવ અને ઉપદેશ એવો છે કે જીવે ભાવના તો એવી જ રોજ કરવી કે હે ભગવાન! મારું તે સારું એ ભાવ મારે પકડી રાખવો નથી. પરંતુ જે સારું તે મારું થાઓ. અને મારા સત્ય સ્વરૂપની પ્રાપ્તિ કરાવે તેવા પ્રગટ સુગુરુનો મને યોગ થાઓ. આવી સદ્ભાવના પણ કાળે કરીને સત્પુરુષની પ્રાપ્તિ કરાવે છે.

''વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિય-પણું, આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૪૦)

---

## શિક્ષાપાઠ ૧૩. સુધર્મ

''આજ્ઞાનું આરાધન એ જ ધર્મ; આજ્ઞાનું આરાધન એ જ તપ.''

સૌ કોઈ આ જગતમાં ધર્મ, ધર્મ એવો શબ્દ કહે છે. પરંતુ ધર્મ શબ્દનો મર્મ કોઈક વિરલા જાણે છે. તેનો શબ્દાર્થ તો એવો છે કે જે નરક, તિર્યંચ આદિ ગતિમાં ભમવારૂપ દુઃખથી આત્માને બચાવી—ઉદ્ધારી, ઉત્તમ આત્મિક, અવિનાશી, અતીંદ્રિય મોક્ષસુખને વિષે ધારણ કરે, તે ધર્મ છે.

આવો ઉત્તમ ધર્મ કંઈ બજારમાં વેચાતો મળતો નથી કે ધન ખર્ચીને કે દાન સન્માન વડે વેચાતો લઈ શકાય; તે કોઈનો આપ્યો પણ અપાતો નથી કે સેવા-ઉપાસનાથી રાજી કરીને લઈ શકાય; મંદિર, પર્વત, જળ, અગ્નિ, દેવમૂર્તિ કે તીર્થ આદિ સ્થળોમાં તે ધર્મ રાખી મૂક્યો નથી કે ત્યાં જઈને લઈ અવાય; ઉપવાસ, વ્રત, કાયક્લેશાદિ તપથી શરીર સૂકવી નાખવાથી પણ તે મળે એમ નથી. દેવાધિદેવના મંદિરમાં છત્ર આદિ પૂજાની સામગ્રીના દાન વડે, પૂજન આદિ વડે, તથા ઘર છોડી વનમાં કે સ્મશાનમાં રહેવાથી કે પરમેશ્વરના નામના જાપ આદિ કરવાથી તેવો ધર્મ પામી શકાતો નથી.

ધર્મ તો આત્માનો સ્વભાવ છે. પરપદાર્થમાં આત્મબુદ્ધિ થઈ રહી છે તે છોડી, પોતાના જ્ઞાતા, દ્રષ્ટા રૂપ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ તથા જ્ઞાયક સ્વભાવમાં જ વર્તવારૂપ આચરણ તે ધર્મ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યરૂપ પોતાના આત્માના પરિણામ તે ધર્મ છે; સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌-ચારિત્રમય રત્નત્રયરૂપ ધર્મ છે; અહિંસારૂપ આત્માના પરિણામ થાય ત્યારે આત્મા પોતે જ ધર્મરૂપ થાય છે.

પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિ તો નિમિત્ત માત્ર છે. આ આત્મા રાગાદિ પરિણતિ છોડીને વીતરાગરૂપે પરિણમે છે, તે વખતે, મંદિર, પ્રતિમા, તીર્થ, દાન, તપ, જપ, બધુંય ધર્મરૂપ છે. અને જો તે ઉત્તમ ક્ષમાદિ વીતરાગરૂપ, સમ્યક્‌જ્ઞાનરૂપ ન પરિણમે, તો ત્યાં મંદિર આદિ કોઈમાં ધર્મ નીપજતો નથી.

શુભ રાગ થાય તો પુણ્ય બંધાય છે; અશુભ રાગ, દ્વેષ,



મોહ થાય, તો પાપ બંધાય છે. જ્યાં સમ્યક્‌શ્રદ્ધા, સમ્યક્‌જ્ઞાન અને સ્વરૂપ-આચરણરૂપ ધર્મ છે, ત્યાં બંધનો અભાવ હોય છે. અને બંધનો અભાવ થયે ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. આવા ઉત્તમ સુખનું કારણ આત્માના સ્વભાવરૂપ ધર્મ છે.

સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એ ત્રણેને ભગવાને ધર્મ કહ્યો છે; તેથી પ્રતિકૂળ જે મિથ્યાદર્શન, મિથ્યા-જ્ઞાન અને મિથ્યાચારિત્ર છે, તે સંસાર-પરિભ્રમણનો માર્ગ છે.

આત્માનો ઉદ્ધાર થવાને અર્થે સર્વજ્ઞ ભગવાને નિર્ગ્રંથ ધર્મ ઉપદેશ્યો છે તે જ ઉત્તમ ધર્મ છે. નિર્ગ્રંથ એટલે બાહ્ય અને અભ્યંતર ગ્રંથિરહિત થવું તે. બાહ્ય ગ્રંથિ એટલે ક્ષેત્ર, મકાન; સોનું, ચાંદી; ધન (પશુ આદિ), ધાન્ય; દાસી, દાસ; વસ્ત્ર, વાસણાદિ પરિગ્રહ; અને અભ્યંતર ગ્રંથિ એટલે ૧ મિથ્યાત્વ, ૨ વેદ—સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, ૩ રાગ, ૪ દ્વેષ, ૫ હાસ્ય, ૬ રતિ, ૭ અરતિ, ૮ ભય, ૯ શોક, ૧૦ જુગુપ્સા (ગ્લાનિ), ૧૧ ક્રોધ, ૧૨ માન, ૧૩ માયા, ૧૪ લોભ—એ ચૌદ પ્રકારે અંતરંગ પરિગ્રહ છે; તેનો ત્યાગ થયે નિર્ગ્રંથ ધર્મ પ્રગટે છે.

''શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું; એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.''

('શ્રીમદ્‌ રાજચંદ્ર' ક્રમાંક-૬૯૨)

'' 'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજ કર્મ';
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'.''

('શ્રીમદ્‌ રાજચંદ્ર' આ૦સિ૦ ગાથા-૪૩)

## શિક્ષાપાઠ ૧૪. શું સાધન બાકી રહ્યું ?

(ત્રોટક છંદ)

यमनियम संजम आप कियो, पुनि त्याग बिराग अथाग लह्यो ।
वनवास लियो मुख मौन रह्यो, दृढ आसन पद्म लगाय दियो ।।१।।
मन पौन निरोध स्वबोध कियो, हठजोग प्रयोग सु तार भयो ।
जप भेद जपे तप त्यौंहि तपे, उरसेंहि उदासी लही सबपें ।।२।।
सब शास्त्रनके नय धारि हिये, मत मंडन खंडन भेद लिये ।
वह साधन बार अनन्त कियो, तदपि कछु हाथ हजु न पर्यो ।।३।।
अब क्यों न बिचारत है मनसें, कछु और रहा उन साधनसें ?
बिन सद्गुरु कोय न भेद लहे, मुख आगल हैं कह बात कहे ? ।।४।।
करुना हम पावत हे तुमकी, वह बात रही सुगुरु गमकी ।
पलमें प्रगटे मुख आगलसें, जब सद्गुरुचर्न सुप्रेम बसें ।।५।।
तनसें, मनसें, धनसें, सबसें, गुरुदेवकी आन स्वआत्म बसें ।
तब कारज सिद्ध बने अपनो, रस अमृत पावहि प्रेम घनो ।।६।।
वह सत्य सुधा दरशावहिंगे, चतुरांगुल हे दृगसे मिलहे ।
रस देव निरंजन को पिवही, गहि जोग जुगोजुग सो जीवही ।।७।।
पर प्रेम प्रवाह बढे प्रभुसें, सब आगमभेद सुउर बसें ।
वह केवलको बीज ग्यानि कहे, निजको अनुभौ बतलाई दिये ।।८।।

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૨૬૫)

---

## શિક્ષાપાઠ ૧૫. ઉત્તમ ગૃહસ્થ, ભાગ–૧

ભગવંતે બે પ્રકારનો ધર્મ પ્રકાશ્યો છે. એક સર્વસંગ-ત્યાગ અવસ્થામાં આરાધી શકાય એવો પૂર્ણ નિર્ગ્રંથ ધર્મ અને બીજો નિર્ગ્રંથ મહાત્માના યોગે માનવદેહની મહત્તા સમજાતાં



નિર્ગ્રંથ દશાના ધ્યેયે વર્તવાની ભાવના જાગ્યા છતાં તેવી પોતાની યોગ્યતા નથી એમ સ્પષ્ટ સમજાતાં, અંશે તે માર્ગનું આરાધન બને તેટલું કરતા રહી નિર્ગ્રંથ દશાનો લક્ષ ન ચુકાય તે અર્થે મહાપુરુષની સાક્ષીએ ત્યાગ વૈરાગ્યની વૃદ્ધિ અર્થે જે ધર્મ આરાધવાનો ભગવંતે ઉપદેશ કર્યો છે તેને ઉત્તમ ગૃહસ્થ ધર્મ અથવા શ્રમણ-ઉપાસક ધર્મ પણ કહે છે. તે અર્થે ઉપાસક અધ્યયન શ્રી ગણધરદેવે રચેલું છે. તે ઉપરથી શ્રાદ્ધધર્મ અથવા શ્રાવકાચાર ગ્રંથો કૃપાળુ આચાર્યોએ સંસ્કૃત આદિ ભાષામાં રચ્યા છે. પરમાત્મ-યોગના આરંભમાં કેવું વર્તન ઘટે એ લક્ષમાં રાખી ‘‘યોગશાસ્ત્ર’’ નામ રાખી શ્રી હેમચંદ્ર આચાર્યે શ્રી કુમારપાળ નૃપતિ અર્થે તેવો ગ્રંથ એક રચ્યો છે. તેમાં નીચે પ્રમાણે યોગના અધિકારી ગૃહસ્થનું વર્ણન છે :–

‘‘ન્યાયપૂર્વક જેણે સંપત્તિ પ્રાપ્ત કરી હોય; શિષ્ટ પુરુષોએ આચરેલા માર્ગનો જે પ્રશંસક હોય; કુળ અને શીલમાં સમાન એવા અન્ય ગોત્રના માણસો સાથે જેનો વિવાહ સંબંધ હોય; જે પાપભીરુ હોય; પ્રચલિત દેશાચાર, ભોજન, પહેરવેશ આદિને લગતો આચરતો હોય; બીજાની અને ખાસ કરીને રાજાની નિંદા ન કરતો હોય; બહુ ખુલ્લામાં નહીં કે બહુ ગીચ ભાગમાં નહીં એવા, તથા સારા પાડોશીઓવાળા સ્થાનમાં, ઓછા દરવાજાવાળા મકાનમાં રહેતો હોય; સદાચારી પુરુષોનો જ જેને સંગ હોય; માતાપિતાનું જે પૂજન કરતો હોય; દેશ, જાતિ, અને કુલની અપેક્ષાએ નિંદ્ય ગણાતાં કર્મો કે વ્યસનોમાં જેની પ્રવૃત્તિ ન હોય; જે કમાણી પ્રમાણે ખર્ચ કરતો હોય એટલે આવકનો ચોથો ભાગ સંચય કરવો, ચોથો ભાગ

ધંધામાં લગાડવો, ચોથો ભાગ ધર્મ અને ભોગમાં ખર્ચવો અને ચોથો ભાગ આશ્રિતોના પોષણમાં, આમ વર્તતો હોય; સંપત્તિ પ્રમાણે પહેરવેશ રાખતો હોય; આઠ બુદ્ધિગુણોથી યુક્ત હોય એટલે ધર્મકથા સાંભળવાની ઇચ્છા, શ્રવણ, ગ્રહણ, સ્મરણ, સાંભળેલામાં તર્ક ઉઠાવવો, શંકા-સમાધાન, પદાર્થનું સંશયરહિત જ્ઞાન અને તત્ત્વનિર્ણય એ બુદ્ધિના આઠ ગુણો-વાળો હોય; રોજ ધર્મનું શ્રવણ કરતો હોય; પહેલાંનું ખાધેલું પચ્યું ન હોય ત્યાં સુધી નવું ભોજન કરતો ન હોય; ભૂખ લાગે ત્યારે પ્રકૃતિને અનુકૂળ ભોજન કરતો હોય; ધર્મ, અર્થ અને કામ એ ત્રણેને અન્યોન્ય બાધા ન આવે તે રીતે સેવતો હોય; અતિથિ, સાધુ અને દીનજનને યથાયોગ્ય દાન દેતો હોય; હંમેશાં આસક્તિરહિત રહેતો હોય; ગુણોનો પક્ષપાતી હોય; પ્રતિષિદ્ધ દેશ અને કાળની ક્રિયાને તજતો હોય; પોતાનું બળાબળ બરાબર સમજતો હોય; સદાચારી અને જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરતો હોય; પોષ્ય જનોનું યથાયોગ્ય પોષણ કરતો હોય; દીર્ઘદર્શી હોય; સારાનરસાનો જેને વિવેક હોય; જે કૃતજ્ઞી હોય; લોકોમાં પ્રિય હોય; જેને ખરાબ કામની લજ્જા હોય; જે દયાળુ હોય; જે સૌમ્ય આકૃતિવાળો હોય; જે પરોપકાર કરવામાં શૂરો હોય; પોતાના અંતરમાં રહેતા કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ (મત્સર) એ છ શત્રુઓનો પરિહાર કરવામાં તત્પર હોય; તથા જેણે ઇંદ્રિયોને વશમાં આણી હોય તેવો ગૃહસ્થ યોગમાર્ગનું પાલન કરવા શક્તિમાન થાય છે.

યોગમાર્ગનું અનુસરણ કરવા ઇચ્છનારા ગૃહસ્થે નીચેનાં વ્રતો અવશ્ય ધારણ કરવાં જોઈએ. તે વ્રતો આ પ્રમાણે છેઃ—



પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો. પરંતુ એ બધાં વ્રતો 'સમ્યક્ત્વ'યુક્ત ગૃહસ્થને જ ફળદાયક થાય છે, અન્યને નહીં; માટે સૌથી પ્રથમ સાધકે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું જોઈએ.''

---

## શિક્ષાપાઠ ૧૬. ઉત્તમ ગૃહસ્થ, ભાગ—૨

''સાચા દેવમાં દેવબુદ્ધિ, સાચા ગુરુમાં ગુરુબુદ્ધિ અને સાચા ધર્મમાં અજ્ઞાન, સંશય અને વિપર્યય વિનાની શુદ્ધ બુદ્ધિ, એનું નામ સમ્યક્ત્વ.

### પાંચ અણુવ્રત :—

અણુવ્રત એટલે સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચૌર્ય, સ્થૂલ અબ્રહ્મચર્ય, અને સ્થૂલ પરિગ્રહથી નિવૃત્ત થવું.

સ્થૂલ હિંસા એટલે ત્રસ કે જંગમ જીવોની હિંસા. અહિંસા ધર્મનું રહસ્ય સમજનાર મુમુક્ષુ ઉપાસકે સ્થાવર જીવોની પણ નિરર્થક હિંસા ન કરવી. પ્રાણી પોતાનું જીવિત બચાવવા રાજ્ય પણ આપી દે છે એવા એ જીવિતનો વધ કરવાથી થતું પાપ, આખી પૃથ્વી દાનમાં આપી દે તો પણ ન ધોઈ શકાય.

સ્થૂલ અસત્ય પાંચ પ્રકારનું છેઃ કન્યાવિષયક, ગાય-(પશુ)વિષયક, ભૂમિવિષયક, થાપણવિષયક અને ખોટી સાક્ષી વિષયક. એ બધું લોકથી વિરુદ્ધ છે, વિશ્વાસનો ઘાત કરવારૂપ છે, અને ધર્મથી ઊલટું છે. અસત્યથી આ લોકમાં નિંદા અને હલકાપણું પ્રાપ્ત થાય છે, તથા પરલોકમાં અધોગતિ થાય છે.

ચોરીના ફળરૂપે દુર્ભાગ્ય, ગુલામી, દાસત્વ, અંગછેદ અને દરિદ્રતા પ્રાપ્ત થાય છે, એમ જાણી બુદ્ધિમાને સ્થૂલ

ચોરીનો ત્યાગ કરવો. કોઈનું પડી ગયેલું, ભુલાઈ ગયેલું, ખોવાઈ ગયેલું, માલિકની પોતાની પાસેનું કોઈએ આપણે ત્યાં થાપણ તરીકે મૂકેલું, કે કોઈએ છુપાવીને સંઘરેલું એવું જે કંઈ પારકું છે, તેને બુદ્ધિમાન તેની પરવાનગી વિના ન લે.

અબ્રહ્મચર્યના ફળરૂપે ષંઢત્વ તથા ઇંદ્રિયછેદ પ્રાપ્ત થાય છે એમ જાણીને, બુદ્ધિમાન પુરુષે સ્વપત્નીમાં જ સંતુષ્ટ રહેવું, તથા પરસ્ત્રીનો ત્યાગ કરવો. આરંભમાં જ મનોહર પરંતુ પરિણામે કિંપાક વૃક્ષનાં ફળની પેઠે અતિ દારુણ એવા મૈથુનને કોણ સેવે? ઉપાસકે તો પોતાની સ્ત્રીને પણ આસક્તિપૂર્વક ન સેવવી જોઈએ, તો પછી સર્વ પાપોના મૂળરૂપ પરસ્ત્રીઓની તો વાત જ શી?

સીતાએ રાવણને તજ્યો તેમ સ્ત્રીએ પરપુરુષને તજવો. પર-સ્ત્રીપુરુષમાં આસક્ત એવાં સ્ત્રીપુરુષને ભવે ભવે નપુંસકતા, પશુતા અને દુર્ભાગ્યતા પ્રાપ્ત થાય છે.

પરિગ્રહ એટલે સંગ અથવા આસક્તિ. આસક્તિને કારણે અસંતોષ, અવિશ્વાસ અને દુઃખના કારણરૂપ હિંસાદિ પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે એમ જાણી, તેનું નિયંત્રણ (મર્યાદા) કરવું. જેમ અતિશય ભાર ભરવાથી વહાણ ડૂબી જાય છે, તેમ અતિ પરિગ્રહથી પ્રાણી ભવસાગરમાં ડૂબી જાય છે. માટે ઉપાસકે બને તેટલો અલ્પ પરિગ્રહ કરવો.

### ત્રણ ગુણવ્રત :–

'દિગ્‌વિરતિ' એટલે દશે દિશાઓમાં અમુક ક્ષેત્રમાં જ પ્રવૃત્તિ કરવાની મર્યાદા નક્કી કરવી તે. પોતાની પ્રવૃત્તિને દિશાઓની અપેક્ષાએ મર્યાદિત કરે, તો તેટલા ભાગથી બહાર



જીવહિંસાદિ પાપ તેનાથી થતાં અટકે. જે માણસ દિગ્વિરતિ વ્રત લે છે, તે આખા જગતનું આક્રમણ કરવા ધસતા લોભસમુદ્રનો જાણે નિરોધ કરે છે.

બધા ભોગોપભોગ પદાર્થોનું પરિમાણ નક્કી કરવું તે 'ભોગોપભોગમાન' વ્રત કહેવાય છે. તેમાં પણ ભોગવવા યોગ્ય પદાર્થોનું જ પરિમાણ નક્કી કરવાનું હોય છે; પરંતુ ભોગવવાને અયોગ્ય પદાર્થોનો તો ત્યાગ જ કરવાનો હોય છેઃ—મદ્ય, માંસ, માખણ, મધ, ઉમરડો આદિ પાંચ વૃક્ષનાં ફળ, જેમાં અનંત જીવો હોય છે તેવાં કંદમૂળ, જેના ગુણદોષની ખબર નથી તેવાં અજ્ઞાત ફળ, રાત્રિભોજન, કાચા દહીં સાથે કઠોળ, વાસી અન્ન, બે દિવસ થઈ ગયેલું દહીં અને કોહી ગયેલું અન્ન.

પ્રયોજન વિનાનો અધર્મ વ્યાપાર તે 'અનર્થદંડ' કહેવાય. તેના ચાર પ્રકાર છેઃ— દુર્ધ્યાન, પાપકર્મ કરવાનો ઉપદેશ, હિંસામાં ઉપયોગી એવાં સાધનોનું દાન, અને પ્રમાદ. એ પ્રવૃત્તિઓ તજવી તે 'અનર્થદંડ ત્યાગ' વ્રત છે.

### ચાર શિક્ષાવ્રત :–

'સામાયિક' એટલે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી તેમજ કાયિક તથા વાચિક પાપકર્મોનો ત્યાગ કરી મુહૂર્ત પર્યંત સમતા ધારણ કરવી તે. તે દરમ્યાન શ્રાવક સઘળી પાપ-પ્રવૃત્તિઓ મન-વાણી-કાયાથી જાતે કરવાનું કે બીજા પાસે કરાવવાનું છોડવાનો, તેમાંથી નિવૃત્ત થવાનો, તેમને આત્મસાક્ષીએ નિંદવાનો, ગુરુની સમક્ષ ગર્હવાનો તથા પોતાની જાતને તેમાંથી છોડાવવાનો નિયમ લે છે.

'દેશાવકાશિક' વ્રત એટલે 'દિગ્વ્રત'રૂપી પ્રથમ ગુણવ્રતમાં

દશ દિશા સંબંધી જે મર્યાદા બાંધી હોય, તેને રાત દિવસ કે પ્રહર પૂરતી વધુ ટૂંકાવવી. તે પ્રમાણે અણુવ્રત આદિમાંથી છૂટનું પરિમાણ પણ ઘટાડી લેવું.

'પૌષધ'—આઠમ, ચૌદશ, પૂનમ અને અમાવસ્યાને રોજ ચાર ટંકનો ઉપવાસ કરવો, કુપ્રવૃત્તિનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય ધારણ કરવું અને શરીર સંસ્કાર, સ્નાનાદિનો ત્યાગ કરવો તેનું નામ પૌષધ વ્રત છે.

ભોજનકાળે આવેલા સાધુઓને ન્યાયથી પેદા કરેલ તથા નિર્દોષ ચતુર્વિધ આહાર, પાત્ર, વસ્ત્ર, અને રહેઠાણ વગેરેનું દાન કરવું તે 'અતિથિ સંવિભાગ' વ્રત કહેવાય. મહાવ્રતી ઉત્તમ પાત્ર છે, અણુવ્રતી મધ્યમ પાત્ર છે અને જે શ્રદ્ધાવંત છે, પણ વ્રત ધારી શકતા નથી તે કનિષ્ઠ પાત્ર છે. કુતપ કરનાર કુપાત્ર છે, અને શ્રદ્ધા તથા વ્રત વિનાના દાનને પાત્ર નથી; અપાત્ર ગણાય છે.'' (યોગશાસ્ત્ર)

''મૈત્રી (સર્વ જગત ઉપર નિર્વૈરબુદ્ધિ); અનુકંપા (તેમનાં દુઃખ પર કરુણા); પ્રમોદ (આત્મગુણ દેખી આનંદ); ઉપેક્ષા (નિઃસ્પૃહબુદ્ધિ). આ ચાર ભાવના ભાવશો. એથી પાત્રતા આવશે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર'- ક્રમાંક-૫૮)

''ચોથે ગુણસ્થાનકે આવેલો પુરુષ પાત્રતા પામ્યો ગણી શકાય; ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે મધ્યમ ગૌણતા છે. છઠ્ઠે મુખ્યતા પણ મધ્યમ છે. સાતમે મુખ્યતા છે. આપણે ગૃહવાસમાં સામાન્ય વિધિએ પાંચમે ઉત્કૃષ્ટે તો આવી શકીએ; આ સિવાય ભાવની અપેક્ષા તો ઓર જ છે!''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૬૨)

---



## શિક્ષાપાઠ ૧૭. વીતરાગ ભક્તિ, ભાગ–૧

વીતરાગ ભક્તિ એટલે જેના રાગ દ્વેષ મોહ ક્ષય પામ્યા છે એવા ઉત્તમ પુરુષની ભક્તિ. જગતમાં ઘણા ભક્તો ભક્તિ કરે છે અને ભક્તિને મુક્તિનું કારણ માને છે, તો પણ વીતરાગ ભક્તિ કહેવાનું કારણ શું છે?

જેણે આ સંસારનું સ્વરૂપ ભયંકર જાણ્યું છે, જન્મ, જરા અને મરણનાં દુઃખ સર્વોપરી માન્યાં છે, ઇંદ્રિયોનાં સુખને દુઃખનાં કારણ માન્યાં છે તથા જન્મ, મરણનાં કારણ જે કર્મ તે કેમ બંધાય છે અને તેથી કેમ મુક્ત થવાય તેનો જેને નિર્ણય થયો છે અને તે નિર્ણયને આરાધી જે પરમ સુખી બન્યા છે તેવા વીતરાગ ભગવંતનું દર્શન, તેમનાં વચન અને તેમની દશા સર્વ જીવોને કલ્યાણનું કારણ હોવાથી તે જિનેશ્વરોની જ ભક્તિ કર્તવ્ય છે.

**પ્રશ્ન**—ત્યારે જે લોકો ડાકોર દ્વારકાદિની યાત્રાએ જાય છે, ધર્મને નામે દાનાદિક કરે છે, મંડળીઓ કાઢીને સપ્તાહ આદિ ભક્તિ રાતદિવસ કરે છે, તે ભક્તિ મોક્ષનું કારણ બને કે કેમ?

**ઉત્તર**—જેમની તે ભક્તિ કરે છે તેમના જો રાગ, દ્વેષ અને મોહ ક્ષય થયા ન હોય તો તેમનો મોક્ષ સંભવતો નથી, તો જે તેમને ભજે તેને મોક્ષ ક્યાંથી મળે?

''ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.'' ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૨૫૪)

**પ્રશ્ન**—ભક્તિના કોઈ પ્રકાર હશે કે નહીં?

**ઉત્તર**—નવધા ભક્તિ મનાય છે.

**પ્રશ્ન**—તે નવ પ્રકાર કયા?

**ઉત્તર**—

"श्रवण, कीरतन, चिंतवन, वंदन, सेवन, ध्यान;
लघुता, समता, एक्ता, नवधा भक्ति प्रमान."

—श्री बनारसीदास

(૧) ગુરુદેવ ભગવંતની કથા સાંભળવી તે શ્રવણ ભક્તિ છે; તેમના ગુણો સાંભળી તેમનું મહાત્મ્ય હૃદયમાં વસવાથી આપણી વૃત્તિ તેવા બનવા પ્રેરાતી જાય છે. (૨) તેમના ગુણગ્રામ કરતાં તેમના સ્વરૂપમાં મન જોડાય છે અને ઉત્તમ ભાવના પોષાય છે. શ્રવણ કીર્તનનો ક્રમ ઘણા આરાધે છે, પણ આગળનો ક્રમ આરાધનાર બહુ વિરલ જીવો હોય છે. (૩) ચિંતવન એટલે મનન કરવું; કથાદિ સાંભળીને, સ્તવન કરીને, તે ઉપરથી આપણા આત્મવિકાસનો માર્ગ વિચારવો જરૂરનો છે. (૪) વંદન એટલે નમસ્કાર આદિ વિનય ભક્તિ કરવી. (૫) સેવન એટલે ગુરુ આદિ પૂજ્યજનોની સેવાચાકરી, તેમનાં વચનામૃતોનું, આજ્ઞાનું ઔષધની સમાન સેવન કરવું અને આત્મ-ભ્રાંતિરૂપ રોગ દૂર કરવો. (૬) ધ્યાન એટલે મનોવૃત્તિ જ્ઞાની-પુરુષની આજ્ઞામાં એકાગ્ર કરવી અથવા ધર્મધ્યાન આદિ વડે ધર્મમૂર્તિ બનવું. (૭)લ્લઘુતા—પોતાનામાં ગુણોની વૃદ્ધિ થયા છતાં છલકાઈ ન જવું; બાહ્ય પદાર્થોનું, શાસ્ત્રજ્ઞાન આદિનું માહાત્મ્ય ન લક્ષમાં રાખતાં, ફળ બેસતાં વૃક્ષની ડાળ નમે તેવા નમ્રભાવે વર્તવું તે. (૮) સમતા— "સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો." સર્વ જીવને પોતાના સમાન માની રાગદ્વેષ ન થવા દેવા, તે પરમાત્મદશા પામવાનો માર્ગ છે. (૯) એકતા—



એકત્વ ભાવના, અસંગ દશા; ઇષ્ટદેવમાં તલ્લીન થઈ જવું તે.

શ્રી સુંદરદાસનું પ્રેમલક્ષણા ભક્તિ વિષે નીચેનું કાવ્ય વિચારવા યોગ્ય છે :—

(इन्दव छंद)

"प्रेम लग्यो परमेश्वर सों तब, भूलि गयो सिगरो घरु बारा ।
ज्यों उनमत्त फिरे जितहीं तित, नेक रही न शरीर संभारा ।।
श्वास उसास उठे सब रोम, चलै दृग नीर अखंडित धारा ।
सुंदर कोन करे नवधा विधि, छाकि पर्यो रस पी मतवारा ।।"

## શિક્ષાપાઠ ૧૮. વીતરાગ ભક્તિ, ભાગ—૨

વીતરાગ ભક્તિમાર્ગનો મર્મ શ્રીમદ્ રાજચંદ્રના નીચેના પત્રમાં હોવાથી તે અખંડ પત્રનું અવતરણ આ પાઠમાં લીધું છે.

"સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે. જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે.

કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવા યોગ્ય છે, કેમકે અનાદિથી અત્યંત અજ્ઞાનદશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસત્ય, અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે, એમ બનવું બહુ કઠણ છે; માટે જ્ઞાની-પુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે.

જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્ત સાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે. કેમકે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે, અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્રબુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્રબુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે : એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનું તુચ્છપણું સમજાવું. વિચારથી કરી તુચ્છપણું સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિના સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમકે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનું જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમે ક્રમે, દેશે દેશે તેનો ત્યાગ કરવો



ઘટે; પરિગ્રહ તથા ભોગોપભોગના પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે, અને આશ્રયભક્તિ દૃઢ થાય; તથા જ્ઞાનીનાં વચનોનું આત્મામાં પરિણામ થઈ તીવ્રજ્ઞાનદશા પ્રગટી જીવન્મુક્ત થાય.

જીવ કોઈક વાર આવી વાતનો વિચાર કરે, તેથી અનાદિ અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ ફરી ફરી વિચાર કરે, તો અનાદિ અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઈ સુલભ એવો આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ થાય. એ જ વિનંતી.

આ૦ સ્વ૦ પ્રણામ.''

મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૫૧ ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૫૭૨)

શ્રીમદ્ રાજચંદ્રે જ્ઞાન, ક્રિયા અને ભક્તિ યોગની સમાલોચના નીચે પ્રમાણે કરી છે :

''જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢદશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાનાં હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી.

ક્રિયામાર્ગે અસદ્અભિમાન, વ્યવહારઆગ્રહ, સિદ્ધિમોહ, પૂજસત્કારાદિ યોગ, અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે.

કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે, તથાપિ તેવો યોગ

પ્રાપ્ત થવો જોઈએ; નહીં તો ચિંતામણિ જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ ઊલટો પરિભ્રમણવૃદ્ધિનો હેતુ થાય.''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૬૯૩)

---

## શિક્ષાપાઠ ૧૯. શ્રી સદ્‌ગુરુભક્તિ રહસ્ય

(દોહરા)

''હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.૭૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ?૭૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં.૭૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.૭૪

'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.૭૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.૭૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.૭૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહિ નિજધર્મની, નહિ શુભ દેશે સ્થાન.૭૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.૭૯



સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.૭૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં.૭૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.૭૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય?૭૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.૭૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.૭૧૫

સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.૭૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?૭૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?૭૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?૭૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.૭૨૦

રાળજ, ભા. સુદ ૮, ૧૯૪૭ ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૨૬૪)

---

## શિક્ષાપાઠ ૨૦. ભાઈ, તારે કાજે આટલું કરજે

''૧.જ્ઞદેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે? તે સુખી છે કે દુઃખી? એ સંભારી લે.

૨.જ્ઞદુઃખ લાગશે જ, અને દુઃખનાં કારણો પણ તને દૃષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા૦ કોઈ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે. તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતરરહિત થવું.

૩.જ્ઞરહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

૪.જ્ઞતે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. નિર્ગ્રંથ સદ્ગુરુના ચરણમાં જઈને પડવું યોગ્ય છે.

૫.જ્ઞજેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬.જ્ઞપ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવું શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.

૭.જ્ઞતે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮.જ્ઞજીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઈ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

(૧) જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.

(૨) સંસારને બંધન માનવું.



(૩)જ્ઞપૂર્વકર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વકર્મ નડે તો શોક કરવો નહીં.

(૪)જ્ઞદેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

(૫)જ્ઞન ચાલે તો પ્રતિશ્રોતી થા.

(૬)જ્ઞજેમાંથી જેટલું થાય તેટલું કર.

(૭)જ્ઞપરિણામિક વિચારવાળો થા.

(૮)જ્ઞઅનુત્તરવાસી થઈને વર્ત.

(૯)જ્ઞછેવટનું સમયે સમયે ચૂકીશ નહીં.

એ જ ભલામણ અને એ જ ધર્મ.

વિ. સં. ૧૯૪૬ ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૮૪)

''જો તું સમજણો બાળક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર;—દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.

શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૨, પુષ્પમાળા)

## શિક્ષાપાઠ ૨૧. દશાર્ણભદ્રની ભક્તિ, ભાગ–૧

આ ભરતક્ષેત્રને વિષે દશાર્ણ દેશમાં દશાર્ણપુર નામનું નગર હતું. ત્યાં ભદ્રપણાની ખાણરૂપ દશાર્ણભદ્ર નામે રાજા હતો. શુદ્ધ આત્માવાળો તે રાજારૂપી હંસ સત્પુરુષોના હૃદયરૂપી કમળોમાં વસતો હતો, પણ તે રાજાના હૃદયમાં તો જિનેશ્વરે કહેલો ધર્મ વસતો હતો. તેના અંતઃપુરમાં મનોહર રૂપવાળી પાંચસો રાણીઓ હતી, તેને જોવા જ જાણે દેવતાઓ તાકી રહેતા હોવાથી નિદ્રા લેતા નથી. તેની સેનામાં હજારો હાથી, લાખો અશ્વ અને કરોડો પાયદળ સિપાઈઓ હતા. સમુદ્રના જળ સમાન, આખી પૃથ્વીને ઢાંકી દે તેટલી મોટી સેના છતાં સમુદ્ર સમાન ગંભીર તે રાજા મર્યાદાનું ઉલ્લંઘન કરતો ન હતો.

એક સમયે તે રાજાએ નવા ખરીદેલા અશ્વરત્નની પરીક્ષા કરવા વિપરીત શિક્ષાવાળા તે અશ્વ પર સવારી કરી કે તે એકદમ રાજાને લઈને પૂર વેગથી દોડ્યો. ગમે તેમ કરી રાજાએ તેને અટકાવવા માંડ્યો, પણ તેના પ્રયત્ન સર્વ નિષ્ફળ નીવડ્યા. રાજા થાકી ગયો, તૃષાતુર થયો, ભૂખ્યો થઈ ગયો, પણ ઘોડો તો દોડ દોડ જ કરવા લાગ્યો. એક ગહન વનમાં બહુ દૂર સુધી જઈ થાકી જવાથી ઘોડો ઊભો રહ્યો. રાજા નીચે ઊતરી પડ્યો. ઘોડાને થાબડી શાંત કર્યો. ચોતરફ પાણીની શોધમાં તેણે નજર કરી તો એક શેઠને થોડે દૂર ઝાડની છાયામાં વિશ્રાંતિ લેવા બેઠેલા દીઠા, તેથી તે અશ્વ સહિત ત્યાં ગયો.



રાજાને જોઈને, આ અતિથિ સત્કારને લાયક કોઈ મહાપુરુષ છે, એમ વિચારી તે શેઠે તેમને આવકાર આપી પોતાની પાસે પાણી હતું તે પાયું. રાજા પણ તે જળનું પાન કરી અશ્વ ઉપરથી પલાણ નીચે ઉતારી, ક્ષણવાર વિશ્રાંતિ લેવા બેઠો.

* * *

વરાડ દેશમાં ધાન્યપુર નામનું નગર હતું. તેમાં એક ધનવાન શેઠનો પુત્ર હતો. તેને એક સ્ત્રી હતી, તે કુલટા હતી. તેનો સ્વામી જ્યારે બહાર જતો ત્યારે એક સંન્યાસી સાથે ઇચ્છાપૂર્વક ક્રીડા કરતી. એકદા તે નગરમાં કોઈ નટોએ નાટક પ્રારંભ્યું, તેમાં એક જુવાન નટ સ્ત્રીનો વેશ પહેરી નૃત્ય કરતો હતો, તેને તે કુલટા સ્ત્રીએ 'આ પુરુષ છે' એમ જાણી લીધો અને તેના પર મોહ પામી. સ્વચ્છંદી સ્ત્રીઓનો એવો જ સ્વભાવ હોય છે. તે કુલટાએ લજ્જાનો ત્યાગ કરીને નટના નાયકને ગુપ્ત રીતે કહ્યું કે જો આ તમારો નટ તે જ વેષને ધારણ કરી મારે ત્યાં આવે તો હું તમને ઉત્તમ કીમતી વસ્ત્રો બક્ષિશ તરીકે આપીશ. તે સાંભળી નટાધીશે હર્ષથી તેનું વચન અંગીકાર કર્યું અને તેનું ઠેકાણું પૂછી લીધું. પ્રાયે નટ લોકો કુશીલિયા હોય છે. તેમાં પણ સ્ત્રી જ પ્રાર્થના કરે તો પછી કહેવું જ શું?

પછી તે કુલટાએ ઘેર જઈ તે નટને માટે ખીર તૈયાર કરી. તેટલામાં તે નટ પણ સ્ત્રીને વેષે જ તેને ઘેર આવ્યો. તેને તે કુલટાએ પ્રથમ ભોજન કરવા બેસાડ્યો. તેની પાસે મોટો થાળ મૂકી તેમાં ખીર, ઘી અને ખાંડ પીરસી. તે નટે

ખાવાનો આરંભ કર્યો, એટલામાં પેલા સંન્યાસીએ દ્વાર પાસે આવી બારણાં ઉઘાડવા કહ્યું. તે સાંભળી વ્યાકુળ થયેલી કુલટાએ ધીમેથી નટને કહ્યું કે, 'આ તલ ભરેલી અંધારી ઓરડીમાં દૂર ખૂણામાં તું બેસી જા.' ત્યારે તે નટ પણ ત્યાં જઈ છુપાઈ ગયો. પછી તે બારણું ઉઘાડવા ગઈ. સંન્યાસી આવ્યો અને ખીરનો પીરસેલો થાળ જોઈ પૂછ્યું કે 'આ શું છે?' તે માયાથી બોલી કે 'હું ભૂખી થઈ છું, તેથી ખાવા બેસતી હતી, ત્યાં તમે આવ્યા.' તે સાંભળી સંન્યાસી બોલ્યો કે 'હું ભૂખ્યો છું, માટે આ તો હું જ ખાઈશ,' એમ કહી તે ખાવા બેઠો. તેટલામાં ઘરના સ્વામીએ આવી, 'દ્વાર ઉઘાડ' એમ કહ્યું. ઘરધણીને આવ્યો જાણી 'હવે હું ક્યાં જાઉં?' એમ સંન્યાસીએ પૂછ્યું, ત્યારે તે બોલી કે 'આ તલ ભરેલા ઓરડામાં જઈ સંતાઈ જાઓ. પણ તેમાં દૂર જશો નહીં, કેમકે તેના ખૂણામાં સર્પ રહેલો છે, તેથી જીવિતની ઇચ્છાવાળા તમારે આઘા જવું નહીં.' તે સાંભળી તલઘરમાં તે પેઠો. ત્યાર પછી તે કુલટાએ તરત જ દ્વાર ઉઘાડ્યું. સરળ પ્રકૃતિવાળો તેનો સ્વામી ઘરમાં આવ્યો. તેણે પણ પેલો થાળ પીરસેલો જોઈ પૂછ્યું કે 'આ થાળમાં ખીર કેમ પીરસી છે?' ત્યારે તે બોલી કે 'હું ભૂખી થઈ છું, તેથી ખાવા બેસતી હતી.' તે સાંભળી તે બોલ્યો કે 'મારે પાછું કાર્ય માટે ઉતાવળથી જવું છે, તેથી હું જ જમી લઉં.' ત્યારે તે બોલી કે 'આજે આઠમ છે, તેથી સ્નાન કર્યા વિના શી રીતે ખાશો?' તે બોલ્યો, 'હે પ્રિયા! તું મારી અર્ધાંગના છે એટલે તેં સ્નાન કર્યું છે એથી મેં પણ સ્નાન કર્યું ગણાય.' તે સાંભળી તે બોલી, 'આપણો આવો



ધર્મ નથી, માટે તેમ ન કરો. આપણે શિવધર્મી છીએ, તેથી સ્નાન કર્યા વિના ભોજન થઈ શકે નહીં.' આમ તેણે કહ્યું છતાં તે તો ખાવા જ બેસી ગયો.

અહીં તલના ઘરમાં છુપાયેલા નટે વિચાર કર્યો કે 'અહીં હું ભૂખ્યો શા માટે બેસી રહું?' એમ વિચારી તલને બે હાથે મસળીને તથા ફૂંકી ફૂંકીને તે ખાવા લાગ્યો. તેની ફૂંકો સાંભળી તે સંન્યાસીએ વિચાર્યું કે, 'અહીં સર્પ ફૂંફાડા મારે છે, તેથી આ ઘરનો સ્વામી ભોજન કરવામાં લીન છે ત્યાં સુધી, તેટલામાં હું તે ન જાણે તેમ બહાર નીકળી જાઉં.' એમ વિચારી તે શીઘ્રપણે ઘરમાંથી નીકળી નાસી ગયો. તે જોઈ, 'મારે પણ આ તક મળી તેનો લાભ લેવો' ગણી તેની પાછળ નટ પણ નાઠો. તેમને નીકળતા જોઈ ઘરધણીએ સ્વચ્છ હૃદયથી પોતાની પત્નીને પૂછ્યું કે 'આ બે સ્ત્રી પુરુષ ગયાં તે કોણ છે?' ત્યારે તે હાજરજવાબી કુલટા બોલી કે 'મેં તમને પ્રથમ જ કહ્યું હતું કે સ્નાન કર્યા વિના ભોજન ન કરો. મેં નિરંતર સેવા કરીને આપણા ઘરમાં પાર્વતી અને શંકરને રાખ્યાં હતાં, તે અત્યારે તમારું સ્નાન રહિત ભોજન જોઈને બન્ને નાસી ગયાં.' તે સાંભળી 'મેં આ બહુ ખોટું કર્યું' એમ પશ્ચાત્તાપ કરી તેણે પ્રિયાને કહ્યું : 'હે પ્રિયા, આ દેવો ફરીથી શી રીતે આપણે ઘેર પાછા આવે?' તે સાંભળી, 'જો આ મારા પતિ પરદેશ જાય, તો હું સ્વેચ્છાએ વર્તી શકું,' એમ વિચારી તે કુલટા બોલી કે 'જો તમે સારા ઉદ્યમથી ન્યાયોપાર્જિત ઘણા દ્રવ્ય વડે પાર્વતી અને શંકરની પૂજા કરો તો તે પાછાં આપણે ઘેર આવે.' આ પ્રમાણે તેનું વચન અંગીકાર કરી તે શેઠપુત્ર

વધારે દ્રવ્ય મેળવવા માટે દશાર્ણદેશમાં ગયો. ધર્મના છળથી ચતુર માણસ પણ છેતરાય તો બીજાનું શું કહેવું?

---

## શિક્ષાપાઠ ૨૨. દશાર્ણભદ્રની ભક્તિ, ભાગ–૨

ત્યાં કોઈના ક્ષેત્રમાં તે શેઠપુત્ર કામ કરવા રહ્યો. જાત-મહેનતથી કમાણી કરી કેટલાક દિવસે દસ ગદિયાણા સુવર્ણ તેણે મેળવ્યું. તેટલા અલ્પ દ્રવ્યથી તેને સંતોષ તો થયો નહીં, પણ તેને પ્રિયાનું સ્મરણ થતાં તે ઘર તરફ જવા નીકળ્યો. રસ્તામાં મોટું વન ઓળંગવાનું હતું તેથી પાણી, ભાથું વગેરે સાથે રાખ્યું હતું. મધ્યાહ્ન સમયે તે વનમાં એક વૃક્ષ નીચે તે વિશ્રાંતિ લેવા બેઠો હતો, ત્યાં દશાર્ણભદ્ર રાજા પોતાના ઘોડા સાથે આવ્યો, ત્યારે અગાઉ દર્શાવ્યા પ્રમાણે તેનો અતિથિ-સત્કાર કરી તેણે પાણી પાયું.

પછી સ્વસ્થ થયેલા રાજાએ તેને પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે તેણે પોતાને ત્યાં બનેલી પાર્વતી અને શંકરની વાત પોતે જાણતો હતો તેટલી કહી, અને દશાર્ણદેશમાં ન્યાયોપાર્જિત કરેલી બધી કમાણી ધર્મ ખાતે ખર્ચી નાખવાની પોતાની ભાવના રાજાને જણાવી. તે સાંભળી બુદ્ધિમાન રાજાએ વિચાર કર્યો કે 'આની સ્ત્રી અવશ્ય કુલટા છે, તેથી જ તેણે આને છેતર્યો છે, પરંતુ આનું ધાર્મિકપણું જોઈ મને મનમાં આશ્ચર્ય થાય છે કે જે દ્રવ્યરહિત છતાં દ્રવ્યને ઉપાર્જન કરી પોતાના દેવની ઉપાસના કરવા ઇચ્છે છે. કુશળ પુરુષો દ્રવ્ય છતાં પણ તેનો વ્યસનાદિકમાં દુરુપયોગ કરે છે, અને આ મુગ્ધ છતાં પણ ધર્મને માટે ધન ઉપાર્જન કરવા ક્લેશ સહન



કરે છે. તેથી આ ધાર્મિક પુરુષનો હું શું પ્રત્યુપકાર કરું?' આ પ્રમાણે રાજા વિચાર કરતો હતો તેટલામાં અશ્વનાં પગલાંને અનુસરતું તેનું સૈન્ય આવી પહોંચ્યું. પછી રાજા તે ઉપકારી પુરુષને સાથે લઈ પોતાના નગરમાં ગયો. ત્યાં તેનો ભોજનાદિક વડે સારો સત્કાર કર્યો.

બીજે દિવસે વનપાળક પુરુષે આવીને રાજાને વધામણી આપી કે, 'હે દેવ! આજે આપણા ઉદ્યાનમાં છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી સમવસર્યા છે.' આ પ્રમાણે કર્ણને અમૃત સમાન તેનું વચન સાંભળી રાજાનું શરીર રોમાંચિત થયું, અને તરત જ આસન પરથી ઊભા થઈ તેણે જિનેન્દ્રની દિશા તરફ પૃથ્વી સુધી મસ્તક નમાવી પ્રભુને નમન કર્યું. પછી તે ઉદ્યાન-પાલકને ઘણું પ્રીતિદાન આપી સત્પુરુષોમાં અગ્રેસર એવા તે શ્રેષ્ઠ રાજાએ વિચાર કર્યો કે આ પરદેશી પુરુષ તથાપ્રકારના વિવેક રહિત છતાં પણ પોતાના દેવને સર્વ સંપત્તિ વડે પૂજવા ઇચ્છે છે, તો સર્વ સામગ્રી સહિત મારા જેવા વિવેકી પુરુષે વિશેષે કરીને અરિહંતની પૂજા કરવી યોગ્ય છે. આ પ્રમાણે વિચારી રાજાએ હાથી વગેરેના અધિકારીઓને બોલાવી આજ્ઞા આપી કે પ્રાતઃકાળે જગદ્‌ગુરુને વાંદવા જવું છે, તેથી સર્વ સૈન્ય વગેરેની ઊંચામાં ઊંચી શોભા થાય તેમ કરજો.

આ પ્રમાણે આજ્ઞા આપીને પછી આખા નગરમાં ઘોષણા કરાવી કે પ્રભાતે સર્વજ્ઞને વાંદવા જવા માટે સર્વ સામંતો, મંત્રીઓ અને પુરજનોએ પણ શ્રેષ્ઠ સામગ્રી તૈયાર કરવી, ને તે સહિત રાજા સાથે વાંદવા આવવું. પછી રાજાએ પોતાના સેવકો પાસે નગરના માર્ગો તૃણ, છાણ, રાખ વગેરે કચરો

કઢાવી સાફ કરાવ્યા; તેમાં ચંદનમિશ્રિત જળ છંટાવી પુષ્પોના સમૂહ વડે વિચિત્ર રચના કરાવી; ઠેકાણે ઠેકાણે જાણે લક્ષ્મીને ક્રીડા કરવાની હીંચોળાખાટ હોય તેવી વંદનમાળાઓ—તોરણની શ્રેણીઓ—બંધાવી, તેના પર જાણે કલંક રહિત ચન્દ્રો મૂક્યા હોય તેવા રૂપાના કળશો મુકાવ્યા. તે વખતે ઠેકાણે ઠેકાણે કરેલા સુગંધી ધૂપના ધુમાડાને લીધે જાણે અકાળે મેઘ ચઢ્યો હોય તેમ તે નગરમાં દેખાવા લાગ્યું અને માણિક્યનાં તોરણો બંધાવવાથી જાણે ઇંદ્રધનુષને ધારણ કર્યું હોય એવું આકાશ જણાવા લાગ્યું. મંગલદર્શક કરોડો ધ્વજાઓ વડે આખું નગર સુશોભિત કરાવ્યું. સ્થાને સ્થાને માંચાઓ મંડાવવાથી તે નગર વિમાન સમાન શોભવા લાગ્યું. રાજાની આજ્ઞાથી મલ્લ, નટ વગેરે જનો સ્થાને સ્થાને પોતપોતાની કળાઓ દેખાડવા લાગ્યા. આ રીતે રાજાએ અધિકારીઓ પાસે સાક્ષાત્ સ્વર્ગના નગર જેવું પોતાનું નગર બનાવરાવ્યું.

પ્રાતઃકાળે રાજાએ સ્નાન કર્યું, ચંદનવડે શરીરને વિલેપન કર્યું, બે દેવદૂષ્ય વસ્ત્રો ધારણ કર્યાં, શરીરે દેદીપ્યમાન અલંકારો પહેર્યા. પછી કોઈએ અત્યાર સુધી ન વાંદ્યા હોય એવી રીતે હું આજે ભગવાનને વાંદીશ, એમ અભિમાનયુક્ત વિચાર કરી પટ્ટહસ્તી પર આરૂઢ થયો. તેના મસ્તક પર પૂર્ણ ચંદ્ર જેવું ઉજ્જવળ છત્ર ધારણ કરવામાં આવ્યું. ચારે બાજુ ફીણ જેવાં ઉજ્જવળ ચાર ચમરો વીંઝાવા લાગ્યા. તેની આજુબાજુ હજારો સામંત રાજાઓ શ્રેષ્ઠ શણગાર ધારણ કરી પોતપોતાના હાથીઓ ઉપર આરૂઢ થઈ જેમ ઇન્દ્રને સામાનિક દેવો વીંટાઈ વળે તેમ વીંટાઈ ગયા. ત્યાર પછી તે શ્રેષ્ઠ



રાજાએ હાથીને પગ વડે પ્રેરણા કરી એટલે તે હાથી જાણે કે મારા ચાલવાથી પૃથ્વી ભાંગી જશે એમ ધારતો હોય તેમ ધીમે ધીમે ચાલ્યો. તે વખતે મણિનાં આભૂષણોથી શણગારેલા બીજા હજારો હાથીઓ જાણે ચાલતા પર્વત હોય તેમ ચાલ્યા.

---

## શિક્ષાપાઠ ૨૩. દશાર્ણભદ્રની ભક્તિ, ભાગ—૩

હાથીઓની પાછળ સૂર્યના અશ્વોના જાણે સહોદર હોય તેવા અને ઘણા આભૂષણોથી શણગારેલા એવા લાખો અશ્વો શોભામાં વૃદ્ધિ કરતા ચાલ્યા. તેની પાછળ ઘોડા જોડેલા, મનોહર લક્ષ્મીવાળા જાણે સૂર્યના જ રથ હોય એવા હજારો રથો ચાલ્યા. તેમની પાછળ વિપત્તિનો નાશ કરનારા, વિવિધ આયુધને ધારણ કરનારા તથા અતિ પરાક્રમવાળા કરોડો પાયદળ સિપાઈઓ ચાલ્યા. તેમની પાછળ પાંચસો રાણીઓના મ્યાના, જાણે દેવીઓ સહિત વિમાનો હોય તેમ ચાલ્યા. તે વખતે શબ્દ કરતી ઘૂઘરીઓના અવાજથી દિશાઓને વાચાળ કરતા એવા અને આકાશ સુધી ઊંચા એવા પાંચ વર્ણના હજારો ધ્વજો સાથે ચાલતા શોભી રહ્યા હતા. ભંભા, ભેરી વગેરે લાખો વાજિંત્રો એક સાથે વાગતાં હતાં. તેથી આખું જગત શબ્દમય થયું હોય એમ જણાતું હતું. મંગલપાઠકો હર્ષથી માંગલિક વચનો બોલતા હતા અને ગવૈયા કર્ણને અમૃત સમાન સંગીત ગાતા હતા. અપ્સરાઓ જેવી નાચનારી સ્ત્રીઓ રાજાની આગળ પગલે પગલે ભગવાનના ગુણોનાં ગીત સહિત નૃત્ય કરતી ચાલતી હતી.

આ રીતે ઋદ્ધિ વડે ભવ્યજનોના મનને આનંદ આપતો, સદ્‌ભાવરૂપી અમૃત વડે પુણ્યરૂપી વૃક્ષોને સિંચતો, કલ્પવૃક્ષની પેઠે યાચકોને અત્યંત દાન આપતો અને અહંકારથી પોતાને ઉત્કૃષ્ટ સંપત્તિનું સ્થાન માનતો તે દશાર્ણભદ્ર રાજા સર્વ પરિવાર, પુરજનો અને તે શેઠપુત્ર સહિત સમવસરણની સમીપ જઈ પહોંચ્યો; ત્યાં હસ્તી પરથી ઊતરી છત્ર, ચામરાદિક રાજચિહ્નોનો ત્યાગ કરી સર્વ પરિવાર સહિત જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરી વિધિપૂર્વક ભગવાનને તેણે નમસ્કાર કર્યા. પછી હર્ષથી ગદ્‌ગદ વાણીએ મોટા અર્થવાળાં સ્તોત્રો વડે જિનાધીશની સ્તુતિ કરીને તે જનાધીશ (રાજા) યોગ્ય સ્થાને બેઠો.

આ વખતે અવધિજ્ઞાન વડે દશાર્ણભદ્રનો તેવો ગર્વમય અભિપ્રાય જાણી શક્ર ઇંદ્રે વિચાર કર્યો કે અહો! દશાર્ણભદ્રની પ્રભુ પ્રત્યે અનુપમ ભક્તિ છે, પરંતુ આ બાબતમાં ગર્વ કરવો તે યોગ્ય નથી; કેમકે ત્રણે ભુવન વડે પણ ભગવાનની સંપૂર્ણ ભક્તિ થઈ શકે તેમ નથી. આ પ્રમાણે વિચાર કરી સંપત્તિના અધિકપણાથી ઉત્પન્ન થયેલા તેના માનને હરવા માટે તથા તેને બોધ કરવા માટે શક્ર ઇંદ્રે ઐરાવણ નામના દેવને આજ્ઞા કરી, તેથી તેણે ઉજ્જવલપણાથી અને ઊંચાઈથી કૈલાસ પર્વતનો પણ પરાભવ કરે એવા ચોસઠ હજાર હાથીઓ વિકુર્વ્યા (દેવમાયાથી પ્રગટ કર્યા.) દરેક હાથીના દાંત ઉપર અપ્સરાઓનાં નૃત્ય અને નાટકો થતાં હતાં, ત્યાં દરેક હાથી ઉપર ઇંદ્ર આઠ આઠ પટ્ટરાણીઓ સહિત બેસીને તે સર્વ નાટકો જોવા લાગ્યો. આવા ૬૪૦૦૦ હાથીઓ વડે આકાશને



વ્યાપ્ત કરતો ઇંદ્ર શીઘ્રપણે જિનેશ્વરના સમવસરણમાં આવ્યો. તેણે હાથી ઉપર બેસીને જ જિનેશ્વરને પ્રદક્ષિણા કરી અને પોતાના શરીરની કાન્તિ વડે સૂર્યનો પણ પરાભવ કરનાર તે ઇંદ્રે પ્રભુને વંદના કરી.

આવા પ્રકારની ઇંદ્રની સમૃદ્ધિ જોઈ બુદ્ધિમાન દશાર્ણભદ્ર રાજાએ વિચાર કર્યો કે અહો! તુચ્છપણાને લીધે મેં મારી સંપત્તિનો વૃથા ગર્વ કર્યો. આ ઇંદ્રની આવી સંપદા પાસે મારી સંપદા કઈ ગણતરીમાં છે? સૂર્યની કાન્તિ પાસે આગિયાના બચ્ચાની ઝળક કેટલી હોય? તેથી હું ધારું છું કે નીચ જનોને તુચ્છ સંપત્તિથી પણ મદ પ્રાપ્ત થાય છે. કેમકે દેડકાં કાદવવાળું જળ પામીને પણ અત્યંત આનંદથી નાદ કરે છે. આ ઇંદ્રે પણ આવી સમૃદ્ધિ પુણ્યના પ્રભાવથી જ મેળવી છે. જો ધર્મ-આરાધન વિના આવી સંપત્તિ મળતી હોય તો સર્વ પ્રાણીઓને આવી જ સંપત્તિ કેમ ન મળે? તેથી હવે મારે તે વિષેનો ખેદ ન કરતાં નિર્મળ ધર્મનો જ આશ્રય કરવો યોગ્ય છે; અને તેમ કરવાથી મારો ગર્વ પણ કૃતાર્થ થશે. આ પ્રમાણે વિચાર કરી દશાર્ણભદ્ર રાજાએ બે હાથ જોડી નમ્રતાથી જિનેશ્વરને વિજ્ઞપ્તિ કરી કે હે પ્રભુ! હું સંસાર પરથી ઉદ્વેગ પામ્યો છું, તેથી મને દીક્ષા આપી મારા પર અનુગ્રહ કરો. આ પ્રમાણે કહીને તે રાજાએ પોતાને હાથે જ મસ્તક પરના કેશનો લોચ કર્યો. પછી વ્રતના અર્થી એવા તે રાજાને વિશ્વવત્સલ પ્રભુએ પોતે જ દીક્ષા આપી. તેની પાછળ તત્કાળ તે શેઠપુત્રે પણ દીક્ષા ગ્રહણ કરી. સત્પુરુષોનો સંગ કલ્યાણ કરવામાં કામદુધા સમાન છે.

ત્યાર પછી તે રાજર્ષિને પ્રણામ કરી શક્ર ઇંદ્રે કહ્યું કે હે મુનિ! તમે આવી મોટી સંપત્તિનો સહસા ત્યાગ કર્યો, માટે તમને ધન્ય છે. હે સત્ય પ્રતિજ્ઞાવાળા! મોટા સામ્રાજ્યનો ત્યાગ કરી, વ્રત અંગીકાર કરવાથી તમે તમારી પ્રતિજ્ઞા પણ સત્ય કરી છે. કેમકે જિનેશ્વરની બાહ્ય પ્રભાવનાદિથી ભક્તિ કરવી તે દ્રવ્યપૂજા છે અને જે ચારિત્ર ગ્રહણ કરવું તે ભાવપૂજા છે; દ્રવ્યપૂજા કરનાર કરતાં ભાવપૂજા કરનારને અત્યંત અધિક માનેલા છે, તેથી તમે ભાવપૂજા કરીને મને જીતી લીધો છે. મારી બીજી ઘણી શક્તિ છે, પણ વ્રત લેવાની મારી શક્તિ નથી. આ પ્રમાણે તે રાજર્ષિની સ્તુતિ કરી શક્ર ઇંદ્ર સ્વર્ગે ગયો અને તે રાજર્ષિ ઉગ્ર તપ કરી, સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિપુરીમાં ગયા.

---

## શિક્ષાપાઠ ૨૪. નિર્નામિકાએ સાંભળેલું સંસારનું સ્વરૂપ, ભાગ–૧

ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં નંદી નામે ગામ હતું. ત્યાં એક નિર્ધન વણિક રહેતો હતો. માંડ માંડ આજીવિકા જેટલું તે કમાતો. ઉપરાઉપરી સાત કન્યાઓ તેને થઈ. તેમને ઉછેરવાની અને પરણાવવાની ચિંતામાં તે મગ્ન રહેતો. એવામાં તેની સ્ત્રીને ગર્ભ રહ્યો, તે જાણી તેણે વિચાર કર્યો કે જો આ વખતે પણ પુત્રી જન્મે તો મારે ઘેરથી નાસી છૂટવું. કર્મયોગે પુત્રીનો જ જન્મ થયો. તે સાંભળી તે રાતોરાત નાસી છૂટ્યો. બિચારી બાઈના દુઃખનો પાર ન રહ્યો. તે બધાનું કારણ નવી જન્મેલી



પુત્રી જાણી તેના ઉપર તે અભાવ રાખતી અને તેનું નામ પણ પાડ્યું નહીં. નિર્નામિકા નામે તે ઊછરી મોટી થઈ. ક્લેશે વાસિત તે કુટુંબમાં નિર્નામિકાએ એક સવારે મોદક માટે હઠ લીધી. તેને તેની માએ મોદકને બદલે માર મારી છાની રાખી અને કહ્યું કે જંગલમાં જઈને લાકડાંનો ભારો લાવીશ તો જ આજે ખાવાનું મળશે, નહીં તો આખો દહાડો ભૂખે કાઢવો પડશે. તે સાંભળી તે દોરડી લઈ લાકડાં વીણવા જંગલમાં ગઈ. ઊંચકાય તેટલાં સૂકાં લાકડાંનો ભારો કરી માથે લઈ ગામ તરફ આવતી હતી. તેવામાં લોકોને સારાં કપડાં, ઘરેણાં પહેરી હાથમાં પૂજાની સામગ્રી લઈ પર્વત ઉપર ચઢતા તેણે જોયા. એક જણને તેણે પૂછ્યું, આટલા બધા આજે પર્વત ઉપર કેમ જાય છે? તેણે કહ્યું કે આજે કેવળી ભગવાન આ પર્વત ઉપર પધાર્યા છે, તેથી બધાં દર્શન, પૂજન, ભક્તિ, શ્રવણ કરવા જઈએ છીએ. તારે આવવું છે?

સદ્‌ભાગ્યે તેને પણ દર્શન કરવાનું મન થયું એટલે રસ્તાની બાજુમાં લાકડાંનો ભારો મૂકી, રાજી થતી થતી તે પણ પર્વત ઉપર ચઢવા લાગી. દૂરથી દેવ, મનુષ્ય, પશુ-પક્ષીની સભા જોઈ તે બહુ આશ્ચર્ય પામી. બધાંની પેઠે ભગવાનને પ્રદક્ષિણા દઈ વંદન કરી મનુષ્યોને બેસવાની જગ્યાએ તે બેઠી.

સર્વ જીવોને આનંદદાતા પરમ દયાળુ ભગવાનનો ઉપદેશ સાંભળી જેને કંઈ શંકા હોય તે ઊભા થઈ હાથ જોડી વિનયથી પૂછતા, તેનો ઉત્તર કેવળી ભગવાન સમભાવે આપતા. તે જોઈને નિર્નામિકાને વિચાર આવ્યો કે મારા જેવી

બાળાને પણ તે ઉત્તર જરૂર આપશે એમ જાણી તે ઊભી થઈ હાથ જોડીને ભગવાનને પૂછવા લાગી કે, 'હે ભગવાન! મારા જેવું જગતમાં કોઈ દુખિયારું હશે?'

કેવળી ભગવંતે તે દુઃખી બાળાને સવિસ્તર ઉત્તર નીચે પ્રમાણે આપ્યો, ''હે બાલિકા! તારાથી પણ અધિક દુખિયા જીવો જગતમાં બહુ છે, તેનું વર્ણન સાંભળ.

અહીંથી નીચે સાત રજ્જુ પ્રમાણ નરક આવાસો છે. ત્યાં અત્યંત ગરમી અને અત્યંત ટાઢ હોય છે. લોઢાનો પર્વત ત્યાં મૂકીએ તો તે ગરમીથી પાણી જેવો પ્રવાહી થઈ વહેવા લાગે એટલી ગરમ ત્યાંની ભૂમિ છે. છેલ્લી નરક ભૂમિમાં ઠંડી એટલી બધી છે કે તેવો લોખંડી પર્વત ત્યાં મૂકતાં જ ફાટી જઈ રેતી જેવો થઈ જાય. પૂર્વનાં પાપને લીધે જીવોને ત્યાં દેહ ધારણ કરવો પડે છે. તેમનાં શરીર શેરડીની પેઠે યંત્રમાં પિલાય છે, કરવતથી કપાય છે, ઊકળતા તેલમાં તેમને તળે છે, સીસા અને તાંબાના રસ તેમને પરાણે પાય છે, છતાં ત્યાંનાં આયુષ્ય એવાં છે કે મરણ ન થાય અને નિરંતર દુઃખ ભોગવવું પડે છે. ચારે તરફ કોઈ બચાવે તે અર્થે જીવ નજર કરે છે, અને પૂર્વે પાપ કર્યાં તેને સંભારી રડે છે, આક્રંદ કરે છે; પણ ત્યાં કોઈ દયા લાવી તેને છોડાવે તેવો મળતો નથી. મનુષ્યભવમાં ધર્મ ન કર્યો તેને માટે બહુ પસ્તાય છે. આવું દુઃખ હે બાલિકા! તને છે?''

તે બોલી, ''હે પ્રભુ! આ સાંભળી મારી કાયા કંપે છે. તેના હજારમા ભાગ જેટલું પણ મને અહીં દુઃખ નથી. મને તો



ખાવાનું, ઊંઘવાનું પણ મળે છે.''

પછી ભગવાને કહ્યું, ''જનાવર જાતનાં દુઃખ તો તારી નજરે દેખાય તેવાં છે. બગલાં માછલાંને મોટી ચાંચથી પકડી ગળી જાય છે, ત્યારે માછલાંને કેમ થતું હશે? શિકારી લોકો હરણાં વગેરેને નિર્દયપણે બાણ વગેરેથી હણી તેના માંસ અને ચામડાં કાઢી લઈ વેચે છે, હાથી વગેરેને પકડે છે કે મારે છે, ત્યાં તે પશુ-પક્ષીઓ પરાધીનપણે કેટલું બધું દુઃખ પામે છે? ગાય, ભેંસ, બળદ, ઘેટાં વગેરે આખી જિંદગી કેદખાનાની પેઠે પરવશ રહે છે. તેવું દુઃખ તારે છે?''

તે સાંભળી ફરીથી તે બોલી કે ''હે ભગવાન, મને આ બધાં દુઃખી છે એમ જણાતું નહોતું, પરંતુ આપના પ્રતાપે હવે કીડી, મકોડી, પશુ, પક્ષી, જળમાં રહેતા જીવો, ઇંડા વગેરે બહુ દુઃખી છે એમ સમજાય છે. તેમનાં કોઈ સગાં નથી, તેમની દયા કોણ ખાય?''

---

## શિક્ષાપાઠ ૨૫. નિર્નામિકાએ સાંભળેલુ સંસારનું સ્વરૂપ, ભાગ–૨

કેવળી ભગવાને કહ્યું, ''હે બાલા! મનુષ્યોમાં પણ કેટલાંક આંધળાં, કેટલાંક બહેરાં, કેટલાંક ઠૂંઠા, કેટલાંક રોગી, કેટલાંક ચોર, કેટલાંક તોફાની અને કેટલાંક અશક્ત મનુષ્યો હોય છે; કોઈને તો લોકો અડતા પણ નથી, કોઈની વાણી સાંભળવી પણ ગમતી નથી. કોઈના તરફ લોકો તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે, કોઈને ફાંસીને લાકડે પણ

લટકાવી મારી નાખે છે. આવાં દુઃખ તો તારે નથી?''

તે બાળા બોલીઃ ''હે ભગવાન! આવાં દુઃખો પણ દુનિયામાં છે, એનું મને બિલકુલ ભાન નહોતું. મને પોતાને જે દુઃખ પડે છે તેવું કોઈને જગતમાં નહીં હોય એમ હું તો માનતી હતી. આપે મારી દૃષ્ટિ વિશાળ બનાવી અને આખા વિશ્વ તરફ નજર કરતાં શીખવ્યું છે, તે આપનો પરમ ઉપકાર છે, એમ હું માનું છું.''

વળી કેવળી ભગવંતે કહ્યુંઃ ''હે બાળા! જીવો સારાં કામ કરી પુણ્ય બાંધે છે અને દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે. ત્યાં પણ બાહ્ય ઇંદ્રિયસુખોની અનુકૂળતા છતાં રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન આદિ ભાવોથી જીવો દુઃખી દુઃખી જ રહ્યા કરે છે. પોતાના કરતાં વિશેષ સમૃદ્ધિવાળો દેવ જોતાં પોતાને દુઃખ લાગે છે; એક દેવને બીજા દેવને આધીન રહેવું પડે છે એટલે ઇંદ્રને જરૂર પડે ત્યારે પશુનું રૂપ કોઈ દેવને ધરવું પડે, કોઈને વાજાં વગાડનાર બનવું પડે, કોઈને સૈનિક તરીકે, કોઈને રક્ષક તરીકે બની ઇંદ્રની સેવામાં હાજર રહેવાનું હોય છે. કોઈ દેવો તો અંત્યજ જેવા છે, તેમને મોટા દેવોની સભામાં કોઈ બોલવા પણ દેતા નથી. જ્યારે દેવનું આયુષ્ય પૂરું થવા આવે ત્યારે છ માસ પહેલાં તેને ખબર પડે છે. તેની પુષ્પમાળા કરમાય, તેનું તેજ ઓછું થતું જાય, ત્યાંનાં કલ્પવૃક્ષ પણ ઝાંખાં લાગે એ આદિ નિશાનીઓ ઉપરથી તે વિચારતાં પોતાનું આયુષ્ય અલ્પ છે એમ જાણે છે અને ક્યાં ઉત્પન્ન થવું થશે તે પણ જાણવાની તેમનામાં શક્તિ હોય છે, તેથી ગર્ભ જેવી ગંદી



જગામાં નવ માસ કેમ રહેવાશે તેની ઝૂરણામાં અત્યંત દુઃખી બને છે. નરકના જીવો જેવું માનસિક દુઃખ તે આખરે અનુભવે છે.

આમ સંસાર રાગદ્વેષથી ભરેલો છે અને તેનું ફળ આત્મિક અશાંતિ છે. તેથી વિચારવંત પુરુષો સર્વ કર્મોનો ક્ષય કરી ફરી જન્મવું જ ન પડે તેવી દશા પામવા પ્રયત્ન કરે છે.''

નિર્નામિકા બોલી, ''હે ભગવાન! એવું શું કરું કે મારે હવે આ સંસારનાં દુઃખ ભોગવવાં ન પડે?''

કેવળી ભગવાન બોલ્યાઃ ''હે ધર્મેચ્છક બાલા! ધર્મનું આરાધન સંસારવૃક્ષનાં મૂળ છેદી દે છે. સાચા દેવ, સાચા ગુરુ અને સાચા ધર્મની શ્રદ્ધા એ ધર્મનો પાયો છે. સાચો ધર્મ સાંભળી, તેની શ્રદ્ધા કરી, પોતાની શક્તિ પ્રમાણે તે ધર્મને આરાધે તે, સંસારનાં મૂળ જે રાગદ્વેષ છે તેને ખોદે છે.''

તે બાળા બોલી, ''હે ભગવાન! મને આપના ઉપર અને આપે કહેલા ધર્મ ઉપર શ્રદ્ધા થઈ છે. તો હવે મારે કેમ પ્રવર્તવું તે બતાવો તો હું બને તેટલો ધર્મ આરાધીશ.''

કેવળી ભગવાને તેને બાર વ્રત સમજાવ્યાં અને તેને તે ગમ્યાં, તેથી તે વ્રતો અંગીકાર કરી પોતાને ઘેર ગઈ અને ધર્મનું આરાધન કરવામાં જ તે ભવ કુમારિકા તરીકે તેણે ગાળ્યો. આખરે અનશન કરી દેવગતિ પામી અને ઋષભદેવ ભગવાનનો જીવ લલિતાંગ દેવ હતો તેની પટ્ટ દેવી બની; અને ધર્મના યથાર્થ ફળરૂપ મોક્ષગતિ થોડા ભવ પછી પામી.

## શિક્ષાપાઠ ૨૬. બાર ભાવના

(રાગ—માઢ)

અતિ આનંદકારી, જનહિતકારી,
ભવદુઃખહારી, નામ તમારું, નાથ;
કરી કરુણા ભારી, કળિમળ ટાળી,
અતિ ઉપકારી, ગ્રહો ગુરુ મમ હાથ.

(સાખી)

દીન દયાળુ તું પરમ કૃપાળુ, હું અજ્ઞાની બાળ;
દીન, હીન આ અજ્ઞ શિશુની, લે પળપળ સંભાળ રે.અતિ૦૧

**૧. અનિત્ય ભાવનાઃ—**

ધન, તન, નારી, પુત્ર, મિત્ર સૌ, બે દિનના મહેમાન;
સંધ્યા રંગ સમાન સુકીર્તિ, વિષયો વિષ સમાન રે.અતિ૦૨

**૨. અશરણ ભાવનાઃ—**

ઇંદ્ર, નરેન્દ્ર, ધન, ધન્વંતરી, નહીં બચાવે કોય;
કાળ આવી કરે કોળિયો ત્યાં, સત્ય શરણ તુજ હોય રે.અતિ૦૩

**૩. સંસાર ભાવનાઃ—**

ભવ અટવીમાં ભારે દુઃખો, જન્મમરણનાં મુખ્ય;
સાંભળતાં પણ હૈયું કંપે, રાખો નહીં વિમુખ રે.અતિ૦૪

**૪. એકત્વ ભાવનાઃ—**

જન્મ મરણ ને સુખ દુઃખ સર્વે, સહે એકલો જીવ;
પ્રિય પુત્ર સ્ત્રી, સગાં પરિજન, કરે અનર્થ અતીવ રે.અતિ૦૫

**૫. અન્યત્વ ભાવના :—**

અમર અજન્મા જીવ કોઈનો, પિતા પુત્ર નહિ થાય;
દેહ ગેહ સૌ અન્ય જણાતાં, સત્ય તત્ત્વ સમજાય રે.અતિ૦૬



**૬. અશુચિ ભાવના :—**

અશુચિ બીજે ઊપજે કાયા, અશુચિનું એ મૂળ;
વહે દુર્ગંધ સર્વે દ્વારે, ત્યાં મમતા એ ભૂલ રે.અતિ૦૭

**૭. આસ્રવ ભાવના :—**

રાગી, દ્વેષી, મોહી બનતાં, આ જીવ કર્મ કમાય;
યોગ ચલનરૂપ આસ્રવ દ્વારે, કાણી નાવ ભરાય રે.અતિ૦૮

**૮. સંવર ભાવના :—**

સમ્યક્દર્શન, સમતા ભાવે, કર્મ નવાં રોકાય;
વ્રત, સમિતિ, ત્રિગુપ્તિ દ્વારા, કાણાં સર્વ પુરાય રે.અતિ૦૯

**૯. નિર્જરા ભાવના :—**

અમુક સ્થિતિનાં સર્વે કર્મો, ક્ષણે ક્ષણે ક્ષય થાય;
આત્મભાવમાં લય લાગે ત્યાં, જલદી નિર્જરી જાય રે.અતિ૦૧૦

**૧૦. લોક ભાવના :—**

ત્રિવિધ તાપે લોક બળે બહુ, રાગાદિક રૂપ આગ;
ભોગ-તૃષાનો ત્રાસ સહે સૌ, શીતલ તું વીતરાગ રે.અતિ૦૧૧

**૧૧. બોધિદુર્લભ ભાવના :—**

દુર્લભ નરભવ, સાચી શ્રદ્ધા, આત્મજ્ઞાન, વૈરાગ્ય;
બોધિદુર્લભ અંત સુધી દૃઢ, ટકાવતા મહાભાગ્ય રે.અતિ૦૧૨

**૧૨. ધર્મદુર્લભ ભાવના :—**

આત્મધર્મનો મર્મ બતાવે, તેવા ગુરુનો યોગ;
શ્રુતધર્મે મન પ્રેમ ધરે, જેમ—કંચન કામિની ભોગ રે.અતિ૦૧૩
ભક્તિ ભલી ભગવંત તમારી, સૌ સાધનનો સાર;
પ્રેમ પ્રમાણે પ્રભુ પ્રગટાવે, મોક્ષ તણી નહિ વાર રે.અતિ૦૧૪

———

## શિક્ષાપાઠ ૨૭. જાતિસ્મરણજ્ઞાને જાગેલા વૈરાગ્યવિચાર

ભરત ચક્રવર્તીના સેનાપતિ જયકુમારનો જીવ પૂર્વભવે હિરણ્યવર્મા નામે વિદ્યાધર હતો. તેને એક સરોવર જોતાં જાતિસ્મરણજ્ઞાન થયું અને પહેલાંના ભવના સર્વ સંબંધ પ્રત્યક્ષ સમાન જાણી લીધા. વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા હિરણ્યવર્મા રાજાને કાલલબ્ધિથી વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એ વિચારવા લાગ્યોઃ—

“આ સંસારી જીવ રાતદિવસ જે વિષયોની અભિલાષા કરે છે, તે વિષયોનો સમાગમ ક્ષણભંગુર છે. આ સંસારમાં સંકલ્પ વિકલ્પથી ઊપજેલું સુખ શી ચીજ છે? અર્થાત્ કશું નથી. આ આયુષ્ય વાયુ જેવું ચંચળ છે; અનેક રોગોથી ભરેલું આ શરીર અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. અનેક દોષોથી ભરેલું આ સામ્રાજ્ય પણ ચંચળ ચિત્તવાળા મૂર્ખ લોક જ ભોગવે છે. આ શરીરનો અંત અત્યંત નજીક છે; એ અસાર છે, અને મળમૂત્રાદિ ખરાબ ચીજોથી ભરેલું છે. આવા શરીરની સાથે આત્માનો સંબંધ થઈ રહ્યો છે, તેથી અપવિત્ર પદાર્થને પ્રિય માનનારા આ આત્માને શરીરમાં રહેવામાં તો કંઈ ભય લાગતો નથી; પરંતુ શરીરમાંથી નીકળવામાં ભારે ભય લાગે છે. ખરેખર, આ સંસારમાં આ જીવ મોક્ષમાર્ગથી તદ્દન ઊલટો વર્તી રહ્યો છે. આ જીવ વાસ્તવિક સ્વરૂપથી તો રૂપ રહિત છે, પરંતુ શરીરને સંબંધે રૂપી થઈ રહ્યો છે. અને રૂપ રહિત થવું તે જ મોક્ષની પ્રાપ્તિ છે. તેથી જેમ બને તેમ આ શરીર જ ત્યાગ કરવા યોગ્ય છે.



આ સંસારમાં સ્ત્રી, પુત્રાદિનો સંબંધ જ બંધ છે, ભોગ જ રોગ છે, શરીર જ શત્રુ છે, લાંબી જિંદગી જ દુઃખ દે છે, અને તૃષ્ણારૂપી અગ્નિને અર્થે ધન એ ઇંધન છે. આ જીવને પ્રથમ તો જન્મ લેવો પડે છે, મધ્યમાં જરા અને અનેક રોગ છે અને અંતમાં દુષ્ટ મરણ છે. આ રીતે આ સંસારરૂપી સમુદ્રમાં ચક્રની પેઠે ફરવું પડે છે. ભોગોપભોગ કરનારને એ ભોગ સર્પની ફેણ સમાન છે, તેથી એ ભોગવવા યોગ્ય નથી, ભયંકર છે. આમ ભોગો વિષે જો વારંવાર વિચાર કરવામાં આવે તો તે મહા ભયંકર ભાસે.

સેવન કરેલા વિષયો વિષ સમાન વિષમ છે. જેમ પેટની અગ્નિને વધારનાર દવાઓથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, તે પ્રકારે જેમ જેમ આ ભોગોને ભોગવવાની ઇચ્છા સફળ થાય છે, તેમ તેમ તે તેજ થતી જાય છે. આ વિષયોથી તૃપ્તિ થતી નથી, એટલું જ નહીં, પણ તૃષ્ણા ઊલટી વધે છે. વિષની લતા જેવા સંસારને આશરો—આધાર આપનાર વૃક્ષ જેવા વિષયો છે. સ્ત્રીના શરીરથી ઉત્પન્ન થયેલી અને સ્નેહ (પ્રેમ-તેલ)થી વધેલી આ કામરૂપી અગ્નિ કામી લોકોને બાળી નાખ્યા વિના રહેતી નથી.

આ સર્વ ભોગો પ્રત્યે ભોગને અંતે અવશ્ય વૈરાગ્ય ઊપજે છે. બુદ્ધિમાન લોકોને તપશ્ચરણ ક્રિયા કરવી પડે છે, તે માત્ર વૈરાગ્ય સ્થિર કરવાનો એક ઉપાય છે. જોકે આ જીવ આ ભોગોથી અનેક વાર દુઃખ પામ્યો છે, તથાપિ તે ફરી તેના તે ભોગોની યાચના કરે છે. જેમ કોઈ માતા બાળકને પગનું પાટુ મારે, તોપણ બાળક ફરી તે માતાના પગને પકડે છે.

મને તો ખાત્રી છે કે ભોગ, આયુષ્ય, શરીર, સંપદામાં જે અસ્થિરતા છે, તે એક ભારે ગુણ છે. કેમકે જો એ સર્વ સ્થિર હોત તો આ જીવને મોક્ષ શી રીતે મળત? અને મોક્ષ વિના સુખ ક્યાંથી મળત? આ વિષયો શત્રુ સમાન છે, કેમકે શત્રુ જેમ પહેલાં વિશ્વાસ રખાવીને પછી પ્રાણ અને ધન હરણ કરી લે છે, તે પ્રમાણે આ વિષયો પણ પ્રથમ તો વિશ્વાસ ઉત્પન્ન કરાવે છે અને પછી પ્રાણ અને ધન હરી લે છે. આ વિષયોથી, કહો, કોને દુઃખ ન થાય?

આ પ્રાણી વિષયોમાં સુખ માની લે છે, તે આ વિષયોથી થતાં દુઃખનું જ માહાત્મ્ય છે. કેમકે આ જીવને કારેલું મીઠું લાગે છે, તે પહેલાં લાગેલી ભૂખનો પ્રભાવ છે. આ જીવ કલ્પિત જૂઠાં સુખથી સંતોષ પામી જવાથી જ આત્માથી ઉત્પન્ન થતા સુખથી વિમુખ રહ્યા કરે છે. તેથી આ જીવ ચણોઠીને અંગારા ગણી તેનાથી તાપનાર અને તેથી સંતોષ માનનાર વાંદરા જેવો છે. જેવી રીતે એ વાંદરાની ટાઢ જતી નથી, તેમ જૂઠાં સુખોમાં સંતોષ માની લેવાથી આ જીવને વાસ્તવિક સુખ મળતું નથી.

આ જીવને કર્મની નિર્જરા તો સદા થઈ રહી છે. પરંતુ તે નવીન બંધના નાશ વિના મોક્ષનું કારણ થતી નથી. તથા તે બંધનો નાશ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ—જે બંધનાં કારણ છે—તેનો નાશ કરવાથી થાય છે. તેથી સૌથી પહેલાં મિથ્યાત્વ આદિ બંધનાં કારણોનો નાશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ સંસારરૂપી સમુદ્રમાં જેને પરિગ્રહના ગ્રહણ કરવારૂપ પિશાચ વળગેલો છે તેને, ભલા, મોક્ષ શી રીતે મળી શકે? તેનાથી શી રીતે સુખે જિવાય? તેને સુખ શી



રીતે મળે? તેને મતિ ક્યાંથી હોય? લક્ષ્મીના કટાક્ષરૂપી બાણથી ઘાયલ થયેલા વિદ્વાન લોક જાણે છે કે આ લક્ષ્મી, આ સંસાર અનિત્ય છે; તોપણ શું આ ભવ્ય (સુંદર) છે કે અભવ્ય છે એ સંશયમાં પડી જાય છે. આ શરીરરૂપી વૃક્ષ સ્ત્રીરૂપી અનેક લતાઓથી ઘેરાયેલું છે, તે સંસારરૂપી વનમાં જીર્ણ થઈ જઈ કાળરૂપી અગ્નિથી ભસ્મ થઈ જશે.

ધર્મના એક અંશથી જો મને આવું સુખ મળ્યું છે, તો ધર્મરૂપી અમૃતના સમુદ્રમાં જ વસવાથી જે અગાધ સુખ પ્રાપ્ત થાય તેની તો વાત જ શી કરવી? તેથી અવશ્ય અનંત સુખ મળશે. આ સંસાર રાગ દ્વેષ અને અજ્ઞાન સ્વરૂપ છે અને મોક્ષ તેથી વિપરીત છે, આમ વિદ્વાન લોક સદા દેખતા રહે તો મોક્ષ પામવામાં વાર ક્યાં લાગે એમ છે?''

[શ્રી જિનસેનાચાર્ય રચિત આદિપુરાણ, ઉત્તરખંડ પર્વ-૪૬]

---

## શિક્ષાપાઠ ૨૮. જિનદત્ત શેઠની ધર્મદૃઢતા અને અંજન ચોરનો ઉદ્ધાર, ભાગ–૧

એક ધન્વંતરી નામે રાજા હતો. વિશ્વાનુલોમ નામનો એક બ્રાહ્મણ તેનો મિત્ર હતો. તે જિનધર્મી રાજા યથાશક્તિ ગૃહસ્થ-ધર્મ આરાધી, મરણ કરી જ્યોતિષ્ક વિમાનોમાં અમિતપ્રભ નામે દેવ થયો. ત્યાં પણ તે ધર્માત્મા દેવને પોતાનો મિત્ર યાદ આવ્યો, એટલે તે બ્રાહ્મણ મરીને ક્યાં ઉત્પન્ન થયો છે તે અવધિજ્ઞાનથી જાણી, ઓછી ઋદ્ધિવાળો તે દેવ થયો હતો ત્યાં ગયો; તેને કહ્યું કે જિનધર્મનું માહાત્મ્ય મનુષ્યભવમાં હું કહેતો તે તેં માન્યું નહીં, તેથી આવા હલકા દેવ તરીકે તું ઉત્પન્ન થયો

છે. પરંતુ તેણે તે વાત માની નહીં અને કહ્યું કે તમે રાજા હતા તેથી વધારે દાન, પુણ્ય કરી શક્યા તેનું ફળ તમને આવું ઉત્તમ મળ્યું અને હું ગરીબ બ્રાહ્મણ તે થોડું દાનાદિ કરી શક્યો તેથી તેવી ઋદ્ધિ પામ્યો નથી. એમાં કંઈ ધર્મનું માહાત્મ્ય નથી; એમ વિદ્યુત્પ્રભ નામના દેવે કહ્યું.

પછી પોતપોતાના ધર્મની મહત્તા બતાવવા તે બન્ને દેવો મનુષ્ય લોકમાં આવ્યા. પહેલાં વિદ્યુત્પ્રભ જે બ્રાહ્મણનો જીવ હતો તે યમદગ્નિ નામના પોતાના ધર્મના બાળબ્રહ્મચારી ઋષિ પાસે અમિતપ્રભ દેવને લાવી બોલ્યો કે તમે આ ઋષિને ધ્યાનથી ચળાવો તો ખરા.

બન્ને દેવોએ ચકલા-ચકલીનું રૂપ લીધું અને તેની જટા ઉપર માળો કરીને રહ્યા. વિદ્યુત્પ્રભ ચકલો થયો હતો, તેણે કહ્યું કે 'મારે હિમાલય ઉપર ચકલાનું પંચ ભરાવાનું છે ત્યાં જવું છે.' અમિતપ્રભ ચકલી થયો હતો, તે કહે કે 'તમને ત્યાં નહીં જવા દઉં.' ચકલો કહે, 'કેમ?' ચકલી કહે, 'તમે બીજી ચકલી પરણી લાવો માટે.' ચકલો કહે, 'એમ નહીં કરું.' ચકલી કહે, 'હું કહું તેવા સોગન ખાઈને જાઓ તો જવા દઉં.' ચકલો કહે, 'તું કહે તેવા સોગન ખાઈશ. કહે!' ચકલી કહે: 'મેં સાંભળ્યું છે—

> अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गं नैव च नैव च ।
> तस्मात् पुत्रमुखं दृष्ट्वा पश्चाद्धर्मं समाचरेत् ॥

એટલે પુત્ર વિનાની ગતિ સુધરતી નથી, સ્વર્ગ પણ મળતું નથી. તેથી પુત્રના મુખને જોઈને પછી ધર્મ કરવો કહ્યો છે. માટે આ ઋષિના તપ જેટલું મને પાપ લાગે એવા સોગન લો, તો જવા દઉં.' આમ બોલી તે દેવોએ જ્ઞાનથી જોયું તો મુનિનું મન પરણવાનું થયેલું દીઠું. તેથી તે બન્ને દેવો ત્યાંથી ચાલ્યા ગયા.



અમિતપ્રભ દેવ પછી રાજગૃહ નગરમાં વિદ્યુત્પ્રભ સાથે આવ્યો. ત્યાં જિનદત્ત નામનો સમ્યક્દૃષ્ટિ શેઠ હતો. તે ધર્માત્મા આઠમને દિવસે ઉપવાસ કરી રાત્રે સ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાને ઊભા હતા. અમિતપ્રભ દેવે કહ્યું: 'હે વિદ્યુત્પ્રભ! અમારા સાધુ મહારાજની વાત તો દૂર રહી, પણ આ ગૃહસ્થ-ધર્મી મહાત્મા પોતાની શક્તિ અનુસાર ધર્મધ્યાનમાં લીન છે, તેમને તારી શક્તિ હોય તો ધ્યાનથી ચલાયમાન કરી દે.'

વિદ્યુત્પ્રભે આક્રોશ, બંધન, ભય, હાવભાવ વડે ચલાયમાન કરવા ભારે ઉપસર્ગ કર્યા. પરંતુ તે શેઠ પરમ વીતરાગદેવના ધ્યાનમાં તલ્લીન રહ્યા. શરીરનું થવું હોય તેમ થાઓ, ભલે દેહ છૂટી જાઓ, પરંતુ ભગવાનના ચરણકમળથી ચિત્તને દૂર કરવું નથી—એવો તેનો નિશ્ચય અડોલ રહ્યો. તે ધીરવીર શેઠ મુનિ સમાન પરિગ્રહ રહિત, જળ સમાન નિર્મલ અને સાગરસમ ગંભીર રહ્યા. આખી રાત ઉપસર્ગ કરવા છતાં તે ચલાયમાન ન થયા. વિદ્યુત્પ્રભે પોતાના ધર્મનું અભિમાન તજી જૈનધર્મની મહત્તા સ્વીકારી અને શેઠને ધન્યવાદ દેવા લાગ્યો.

સવારે બન્ને દેવોએ પ્રગટ થઈ, કાયોત્સર્ગ પૂર્ણ કરી વિશ્રાન્તિ અર્થે બેઠેલા તે શેઠને નમસ્કાર કર્યા અને ભક્તિપૂર્વક દિવ્ય વસ્ત્ર, આભૂષણ આપી, પોતાની બધી વાત

કહી બતાવી; અને આકાશગામિની વિદ્યા યાત્રાદિ ધર્મકાર્ય માટે આપી તથા કહ્યું કે પંચ નમસ્કાર મંત્ર દ્વારા આપની આજ્ઞાએ આરાધશે તેને પણ પુણ્યના ઉદયે આકાશગામિની વિદ્યા સિદ્ધ થશે. પછી દેવો સ્વસ્થાને ગયા.

જિનદત્ત પણ આકાશગામિની વિદ્યાના પ્રભાવે પૂજાની સામગ્રી લઈ મેરુ આદિ પર્વતો પર અકૃત્રિમ ચૈત્યાલયોની પૂજા કરવા રોજ જતા. તે શેઠના માળી સોમદત્તે શેઠજીને પૂછ્યું કે આપ રોજ પુષ્પાદિ લઈ ક્યાં જાઓ છો? એટલે દેવો સંબંધી વાત તેને કહી અને પૂજા અર્થે હું મેરુ આદિ સ્થળે જાઉં છું. તે સાંભળી સોમદત્તે વિનંતી કરી કે મને વિદ્યા સિદ્ધ થાય તેવી આજ્ઞા જણાવો તો હું પણ આપની સાથે પુષ્પ લઈ રોજ આવું. તેથી શેઠે તેને જણાવ્યું કે કાળી ચૌદશને દિવસે જંગલમાં જઈ વડની એક ડાળે ૧૦૮ દોરડીઓ વડે એક ટોપલી બાંધજે. તેની નીચે જમીનમાં ભાલા, તરવાર, બાણ વગેરે હથિયાર ઊંચી અણી રહે તેવી રીતે દાટજે. ઝાડ ઉપર ચઢી નવકાર મંત્ર બોલી એક એક દોરડી કાપજે. બધી દોરડી છેદાશે એટલે આકાશગામિની વિદ્યા પ્રગટ થશે. તે સાંભળી તે બહુ રાજી થયો અને શેઠનો ઉપકાર માન્યો.

ચૌદશ આવી એટલે શેઠના કહ્યા પ્રમાણે બધી તૈયારી કરી ઝાડ ઉપર ચઢી તરવાર લઈ ટોપલીમાં બેઠો પણ દોરડી છેદતાં ડર લાગ્યો કે જો નીચે પડીશ તો જીવતો નહીં રહું. તેથી પાછો નીચે ઊતરી પડ્યો. વળી હિંમત કરીને ફરી ચઢ્યો, પણ હથિયાર નીચે પોતે જ દાટ્યાં છે, તે સાંભરતાં મન પાછું પડવાથી નીચે ઊતરી ગયો. વળી વિચાર આવ્યો કે



શેઠ જૂઠું ન કહે, વિદ્યા સિદ્ધ થશે એમ જાણી ઉપર ચઢ્યો, વળી કંપારી છૂટતાં ઊતરી ગયો. આમ અનેક વખત ચઢ-ઊતર કરતો હતો.

---

## શિક્ષાપાઠ ૨૯. જિનદત્ત શેઠની ધર્મદૃઢતા અને અંજન ચોરનો ઉદ્ધાર, ભાગ–૨

એ વખતે રાજગૃહ નગરમાં પ્રજાપાલ રાજા રાજ્ય કરતો હતો. તેને કનકાવતી નામે રાણી હતી. તેના ગળામાં બહુ સુંદર રત્નોનો હાર હતો. તે જોઈ એક વેશ્યાને વિચાર આવ્યો કે આ હાર વિના મારું જીવ્યું વ્યર્થ છે. તે રાત્રે અંજન નામનો ચોર વેશ્યાને ત્યાં આવ્યો, તેને તેણે કહ્યું કે રાજમહેલમાંથી કનકાવતી રાણીનો રત્નોનો હાર લાવો તો તમે મારા સ્વામી બનો. વેશ્યાની વાત સાંભળી એક પ્રકારનું એવું અંજન પોતાની આંખમાં તેણે આંજ્યું કે તેથી તેને કોઈ જોઈ ન શકે પણ તે બધું જોઈ શકે. રાજમહેલમાંથી હાર લઈ નિર્ભયપણે તે ચાલતો થયો. તે હારનાં રત્નો બહુ ચળકતાં હતાં તેથી કોટવાળ અને રખવાળોને સંદેહ પડ્યો; કંઈ ચળકાટ જણાય છે તેની તપાસ કરવી એમ જાણી તે પાછળ થયા. અંજન ચોરને પણ ખબર પડી કે પાછળ સિપાઈઓ આવે છે તેથી નજર ચુકાવી ગામ બહાર સ્મશાન તરફ ગયો. ત્યાં સોમદત્ત માળી વડ ઉપર ચઢતો-ઊતરતો હતો. તેને તેણે પૂછ્યું કે આમ શા માટે કરે છે? તેણે બધી વાત જણાવી અને પોતાની હિંમત ચાલતી નથી તેથી તે ઊતરી પડે છે, એમ પણ જણાવ્યું. એટલે ચોરે કહ્યું કે લે આ હાર અને મને કહે કે એ

મંત્ર કહેનાર સાચો ધર્માત્મા હતો કે નહીં? એટલે માળીએ કહ્યું કે તે સાચા પુરુષ છે, મારી નજરે તેમને આકાશમાં જતા મેં જોયા છે. તે શેઠ પર અંજન ચોરને વિશ્વાસ બેઠો. તેથી વડ પર ચઢી, ટોપલીમાં બેસી નવકારમંત્ર બોલી એકી સાથે ૧૦૮ દોરડીઓ કાપી નાખી એટલે ટોપલી નીચે પડવા લાગી; ત્યાં તો આકાશગામિની વિદ્યા પ્રગટ થઈ અને બોલી કે 'હે સ્વામી! હું આપનું શું કામ કરું? કૃપા કરી મને આજ્ઞા આપો.'

ત્યારે અંજન ચોરે કહ્યું કે અત્યારે મને જિનદત્ત શેઠ હોય ત્યાં લઈ જા. તે સાંભળી વિદ્યાદેવીએ વિમાન બનાવ્યું. તેમાં તેને બેસારી આકાશમાર્ગે સુદર્શનમેરુના ચૈત્યાલયમાં લઈ ગઈ અને શેઠની સામે તેને જમીન ઉપર ઉતાર્યો. અંજન ચોર સુવર્ણ અને રત્નોથી બનેલા અકૃત્રિમ ચૈત્યાલયને દેખીને બહુ પ્રસન્ન થયો. અત્યંત ભક્તિથી ભગવાન અરિહંત દેવને નમસ્કાર કરી જિનદત્ત શેઠ પાસે આવી તેને નમસ્કાર કર્યા. પછી તે બોલ્યોઃ 'હે સ્વામી! આપની કૃપાથી મને વિદ્યાની સિદ્ધિ થઈ, તેમ આ લોક પરલોક બન્ને સુધારનાર ધર્મ મને બતાવો.' તે સાંભળી શેઠ અંજન ચોરની સાથે પાસે જ ચોગાનમાં બિરાજમાન ચારણ મુનિઓ સમીપ ગયા. બન્નેએ મુનિવરોને નમસ્કાર કર્યા અને બેઠા; તથા ધર્મનું સ્વરૂપ પૂછ્યું. મોટા મુનિ મહારાજે બન્નેને મુનિ તથા ગૃહસ્થના ધર્મ સંબંધી સંક્ષેપમાં મધુર વાણીથી કરુણા કરી કહ્યું. તે સાંભળી અંજન ચોરે દીક્ષા લેવાના ભાવ દર્શાવ્યા. તે ઉપરથી મુનિરાજે પ્રસન્ન થઈને જણાવ્યું કે 'હે ભદ્ર! તેં બહુ સારો વિચાર કર્યો છે, કારણકે હવે થોડા જ દિવસ તારું આયુષ્ય બાકી છે; તેથી



તપશ્ચરણ કરવું જ ઉત્તમ છે.' પછી તે દીક્ષા ધારણ કરી ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા. એક અઠવાડિયામાં અંજન મુનિરાજે શુક્લ ધ્યાનથી ઘાતિયાં કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટાવ્યું અને થોડા જ કાળમાં શેષ ચાર કર્મ ખપાવી ઇંદ્ર, નરેન્દ્ર વડે પૂજિત તે મુનિવર કૈલાસ પર્વત પરથી મોક્ષે પધાર્યા.

---

## શિક્ષાપાઠ ૩૦. સત્ય બોલવા વિષે

''વસ્તુનું યથાર્થ સ્વરૂપ જેવું જાણવું, અનુભવવું તેવું જ કહેવું તે સત્ય બે પ્રકારે છે. 'પરમાર્થસત્ય અને વ્યવહારસત્ય.'

'પરમાર્થસત્ય' એટલે આત્મા સિવાય બીજો કોઈ પદાર્થ આત્માનો થઈ શકતો નથી, એમ નિશ્ચય જાણી, ભાષા બોલવામાં વ્યવહારથી દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ આદિ વસ્તુઓના પ્રસંગમાં બોલતાં પહેલાં એક આત્મા સિવાય બીજું કાંઈ મારું નથી, એ ઉપયોગ રહેવો જોઈએ.

અન્ય આત્માના સંબંધી બોલતાં આત્મામાં જાતિ, લિંગ અને તેવા ઔપચારિક ભેદવાળો તે આત્મા ન છતાં માત્ર વ્યવહારનયથી કાર્યને માટે બોલાવવામાં આવે છે; એવા ઉપયોગ પૂર્વક બોલાય તો તે પારમાર્થિક સત્ય ભાષા છે એમ સમજવાનું છે.

૧. દૃષ્ટાંત : એક માણસ પોતાના આરોપિત દેહની, ઘરની, સ્ત્રીની, પુત્રની કે અન્ય પદાર્થની વાત કરતો હોય તે વખત સ્પષ્ટપણે તે તે પદાર્થથી વક્તા હું ભિન્ન છું, અને તે મારાં નથી, એમ સ્પષ્ટપણે બોલનારને ભાન હોય તો તે સત્ય કહેવાય.

૨. દૃષ્ટાંત : જેમ કોઈ ગ્રંથકાર શ્રેણિકરાજા અને ચેલણા રાણીનું વર્ણન કરતો હોય; તો તેઓ બન્ને આત્મા હતા અને માત્ર શ્રેણિકના ભવ આશ્રયી તેમનો સંબંધ, અગર સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય વગેરેનો સંબંધ હતો; તે વાત લક્ષમાં રાખ્યા પછી બોલવાની પ્રવૃત્તિ કરે એ જ પરમાર્થસત્ય.

વ્યવહારસત્ય આવ્યા વિના પરમાર્થસત્ય વચન બોલવાનું બને તેમ ન હોવાથી વ્યવહારસત્ય નીચે પ્રમાણે જાણવાનું છે.

જેવા પ્રકારે વસ્તુનું સ્વરૂપ જોવાથી, અનુભવવાથી, શ્રવણથી અથવા વાંચવાથી આપણને અનુભવવામાં આવ્યું હોય તેવા જ પ્રકારે યથાતથ્યપણે વસ્તુનું સ્વરૂપ કહેવું અને તે પ્રસંગે વચન બોલવું તેનું નામ વ્યવહારસત્ય.

દૃષ્ટાંત : જેમ કે અમુક માણસનો લાલ અશ્વ જંગલમાં દિવસે બાર વાગ્યે દીઠો હોય, અને કોઈના પૂછવાથી તે જ પ્રમાણે યથાતથ્ય વચન બોલવું તે વ્યવહારસત્ય. આમાં પણ કોઈ પ્રાણીના પ્રાણનો નાશ થતો હોય, અગર ઉન્મત્તતાથી વચન બોલાયું હોય, યદ્યપિ ખરું હોય તોપણ અસત્યતુલ્ય જ છે એમ જાણી પ્રવર્તવું. સત્યથી વિપરીત તેને અસત્ય કહેવાય છે.......

'મુનિ' એ નામ પણ આ પૂર્વોક્ત રીતે વિચારીને વચન બોલવાથી સત્ય છે. ઘણું કરીને પ્રયોજન વિના બોલવું જ નહીં તેનું નામ મુનિપણું. રાગદ્વેષ ને અજ્ઞાન વિના યથાસ્થિત વસ્તુનું સ્વરૂપ કહેતાં બોલતાં છતાં પણ મુનિપણું-મૌનપણું જાણવું. પૂર્વ તીર્થંકરાદિ મહાત્માઓએ આમ જ વિચાર કરી મૌનપણું ધારણ કરેલું; અને સાડાબાર વર્ષ લગભગ મૌનપણું



ધારણ કરનાર ભગવાન વીરપ્રભુએ આવા ઉત્કૃષ્ટ વિચારે કરી આત્મામાંથી ફેરવી ફેરવીને મોહનીયકર્મનો સંબંધ કાઢી નાંખી કેવળજ્ઞાનદર્શન પ્રગટ કર્યું હતું.

આત્મા ધારે તો સત્ય બોલવું કંઈ કઠણ નથી. વ્યવહાર-સત્યભાષા ઘણી વાર બોલવામાં આવે છે, પણ પરમાર્થસત્ય બોલવામાં આવ્યું નથી; માટે આ જીવનું ભવભ્રમણ મટતું નથી. સમ્યક્ત્વ થયા બાદ અભ્યાસથી પરમાર્થસત્ય બોલવાનું થઈ શકે છે; અને પછી વિશેષ અભ્યાસે સહજ ઉપયોગ રહ્યા કરે છે.

અસત્ય બોલ્યા વિના માયા થઈ શકતી નથી. વિશ્વાસ-ઘાત કરવો તેનો પણ અસત્યમાં સમાવેશ થાય છે. ખોટા દસ્તાવેજો કરવા તે પણ અસત્ય જાણવું. અનુભવવા યોગ્ય પદાર્થનું સ્વરૂપ અનુભવ્યા વિના અને ઇંદ્રિયથી જાણવા યોગ્ય પદાર્થનું સ્વરૂપ જાણ્યા વિના ઉપદેશ કરવો તે પણ અસત્ય જાણવું. તો પછી તપપ્રમુખ માનાદિની ભાવનાથી કરી, આત્મહિતાર્થ કરવા જેવો દેખાવ, તે અસત્ય હોય જ એમ જાણવું.

અખંડ સમ્યક્દર્શન આવે તો જ સંપૂર્ણપણે પરમાર્થસત્ય વચન બોલી શકાય; એટલે કે તો જ આત્મામાંથી અન્ય પદાર્થ ભિન્નપણે ઉપયોગમાં લઈ વચનની પ્રવૃત્તિ થઈ શકે.

કોઈ પૂછે કે લોક શાશ્વત કે અશાશ્વત તો ઉપયોગપૂર્વક ન બોલતાં, 'લોક શાશ્વત' કહે તો અસત્ય વચન બોલાયું એમ થાય. તે વચન બોલતાં લોક શાશ્વત કેમ કહેવામાં આવ્યો, તેનું કારણ ધ્યાનમાં રાખી તે બોલે તો તે સત્ય ગણાય.

આ વ્યવહારસત્યના પણ બે વિભાગ થઈ શકે છે, એક સર્વથા પ્રકારે અને બીજો દેશથી.

નિશ્ચયસત્ય પર ઉપયોગ રાખી, પ્રિય એટલે જે વચન અન્યને અથવા જેના સંબંધમાં બોલાયું હોય તેને પ્રીતિકારી હોય; અને પથ્ય, ગુણકારી હોય એવું જ સત્ય વચન બોલનાર સર્વવિરતિ મુનિરાજ પ્રાયે હોઈ શકે છે.

સંસાર ઉપર અભાવ રાખનાર હોવા છતાં પૂર્વકર્મથી, અથવા બીજા કારણથી સંસારમાં રહેનાર ગૃહસ્થે દેશથી સત્ય વચન બોલવાનો નિયમ રાખવા યોગ્ય છે. તે મુખ્ય આ પ્રમાણે—

(૧) કન્યાલીક, મનુષ્યસંબંધી અસત્ય;

(૨) ગોવાલીક, પશુસંબંધી અસત્ય;

(૩) ભૌમાલીક, ભૂમિસંબંધી અસત્ય;

(૪) ખોટી સાક્ષી, અને

(૫)થાપણમૃષા એટલે વિશ્વાસથી રાખવા આપેલા દ્રવ્યાદિ પદાર્થ તે પાછા માંગતા, તે સંબંધી ઇનકાર જવું તે.

આ પાંચ સ્થૂળ પ્રકાર છે. આ સંબંધમાં વચન બોલતાં પરમાર્થ સત્ય ઉપર ધ્યાન રાખી, યથાસ્થિત એટલે જેવા પ્રકારે વસ્તુઓનાં સમ્યક્ સ્વરૂપ હોય તેવા પ્રકારે જ કહેવાનો નિયમ તેને દેશથી વ્રત ધારણ કરનારે અવશ્ય કરવા યોગ્ય છે. આ કહેલા સત્ય વિષે ઉપદેશ વિચારી તે ક્રમમાં અવશ્ય આવવું એ જ ફળદાયક છે.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશનોંધ-૩૪, ખંભાતમાં કરેલા ઉપદેશનો સાર)



''કાલિકાચાર્યને દુરાત્મા દત્તરાજાએ યજ્ઞનું ફળ પૂછ્યું ત્યારે તેમણે રાજાની બીક વિના સીધું કહી દીધું કે 'નરક!' પછી રાજાએ તેમને કેદમાં નંખાવ્યા અને તે તેમને મારી પણ નંખાવત; છતાં આચાર્ય જૂઠું ન બોલ્યા. પરંતુ વસુરાજા ગુરુપત્નીના આગ્રહથી નારદ અને પર્વતના વિવાદમાં જૂઠું બોલ્યો, તેથી નરક પામ્યો.'' (યોગશાસ્ત્ર—શ્રી હેમચંદ્રાચાર્ય કૃત)

---

## શિક્ષાપાઠ ૩૧. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૧

જનક રાજાએ એક વખતે રાજસભામાં વિચાર જણાવ્યો કે સગર રાજા યજ્ઞ કરીને સ્વર્ગે જતાં પ્રાણીઓને જોતો હતો, તેવો યજ્ઞ આપણે કરવો. ત્યારે પ્રધાનોએ જણાવ્યું કે તેમાં વિઘ્નો ઘણાં નડે છે. પણ જો શ્રી રામચંદ્ર આવે તો વિઘ્નો દૂર કરે, તેવા તે પરાક્રમી છે; તો સીતાને પરણાવવાનું ધારી તેમને બોલાવવા. તે પ્રમાણે વિચાર કરી જનક રાજાએ દૂતને અયોધ્યા મોકલ્યો. તેનો લાવેલો પત્ર દશરથ રાજાએ વાંચ્યો. પછી યજ્ઞ વિષે સભામાં ચર્ચા થઈ.

એક અતિશયમતિ નામના ડાહ્યા પ્રધાને હિંસક યજ્ઞોની વિરુદ્ધ પોતાનો મત કારણો બતાવી જણાવ્યો. હિંસક યજ્ઞ અનાર્યો કરે છે. આર્યો તો બે પ્રકારના યજ્ઞ કરે છેઃ મુનિઓ ક્રોધાગ્નિમાં ક્ષમા હોમીને, કામાગ્નિમાં વૈરાગ્ય હોમીને, અને ઉદરાગ્નિમાં અનશન (ઉપવાસ) હોમીને યજ્ઞ કરે છે. ગૃહસ્થો અરિહંત અને સિદ્ધ ભગવંતની પૂજા-પ્રભાવનાના ઉત્સવરૂપ અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુવર્ગની સેવાભક્તિરૂપ યજ્ઞો

કરે છે. સગર રાજાએ હિંસામય યજ્ઞ કેમ શરૂ કર્યો તેની કથા સાંભળોઃ—

આ ભરતક્ષેત્રના ચારણયુગલ નામના નગરમાં સુયોધન નામે રાજા હતો. તેને અતિથિ નામે પટરાણી હતી. તેમને સુલસા નામે કુંવરી હતી. તેના સ્વયંવર માટે ઘણા રાજાઓને દૂતો મોકલી નોતર્યા હતા. અયોધ્યાનો રાજા સગર પણ આવવા તૈયાર થતો હતો; તેવામાં તેના માથામાં તેલ નાખનારે એક ધોળો મોટો વાળ બતાવ્યો. તેથી તેના મનમાં વૈરાગ્ય ઊપજ્યો અને સ્વયંવરમાં જવાનો વિચાર પાછો પડ્યો. તેની મંદોદરી નામે ધાવમાતા બહુ ચતુર હતી. તેણે તે વાત જાણી કે સગર પાસે આવી તે કહેવા લાગી, 'આ નવો સફેદ વાળ તો આપને કોઈ પવિત્ર વસ્તુની પ્રાપ્તિની સૂચનારૂપ શુભ શુકન દર્શાવે છે.' એમ કહી તેણે તેનું મન ફેરવી નાખ્યું. તે જ વખતે વિશ્વભૂ નામનો મંત્રી આવ્યો અને રાજાને સમજાવવા લાગ્યો કે કોઈ પણ રીતે સુલસા અન્ય રાજાઓને તજીને આપના ઉપર પ્રીતિ કરે તેવી રીતે મારી ચતુરાઈથી બધું કામ હું ગોઠવીશ. તેથી સગર રાજા બહુ પ્રસન્ન થયો. થોડા દિવસમાં સૈન્ય સાથે તે સુયોધન રાજાને ત્યાં પહોંચી ગયો.

ધાવ મંદોદરી રોજ સુલસા પાસે જતી અને તેને સગર રાજા વિષે આકર્ષક વાતો કહેતી. સુલસાની અતિથિ નામની માતાનો ભાઈ તૃણપિંગલ રાજા બાહુબલીના વંશનો હતો. તેની રાણી સર્વયશા દેવીનો પુત્ર મધુપિંગલ પણ સ્વયંવરમાં આવ્યો હતો; તે વરવા યોગ્ય છે, એમ અતિથિ રાણી કુંવરીને સમજાવતી હતી. પણ મંદોદરીની વાત સુલસાને ગમે છે એમ



જાણી મંદોદરીને આવવાની રાણીએ મનાઈ કરી તેથી સગરે પોતાના મંત્રીને તે વાત જણાવી.

વિશ્વભૂ મંત્રીએ 'સ્વયંવર વિધાન' નામે એક શાસ્ત્ર રચી, જૂનું જણાય તેવું બનાવી, વનમાં દાટ્યું; અને જંગલમાંથી ખોદતાં એક પુરાણું શાસ્ત્ર હાથ લાગ્યું છે, એમ જાહેર કરી, બધા રાજકુમારોની સભામાં લાવી વાંચી સંભળાવ્યું. તેમાં એવું આવ્યું કે જેની માંજરી પીળી આંખો હોય તે સ્વયંવરમાં આવે તો કન્યાનું મરણ થાય કે કન્યા રાંડે; માટે સ્વયંવર મંડપમાં તો શું, પણ નગરમાં પણ સ્વયંવર વખતે તેવા માણસને પ્રવેશવા કે રહેવા દેવો ન જોઈએ. આ વાત મધુપિંગલે પણ સાંભળી તેથી તે લજ્જા પામી પોતાની મેળે નગર છોડી જંગલમાં ચાલ્યો ગયો; અને હરિષેણ ગુરુ પાસે દીક્ષા લીધી.

આ વાત જાણી સગર રાજા ઘણો પ્રસન્ન થયો અને વિશ્વભૂ તથા બીજા માયાવી લોકોને પણ હર્ષ થયો. પણ મધુપિંગલનાં સગાંવહાલાં તથા બીજા સજ્જન લોકોને પણ એ વખતે કંઈક દુઃખ લાગ્યું. પોતાનો અભિપ્રાય ગમે તે પ્રકારે સિદ્ધ કરનાર લોક લુચ્ચાઈ વડે બંધાતાં મહાપાપને જોઈ શકતા નથી.

સુયોધન રાજાએ આઠ દિવસ સુધી જિનેન્દ્ર મહાપૂજાનો મહોત્સવ કરી અંતે અભિષેક કર્યો. પછી ઉત્તમ કન્યા સુલસાને સ્નાન કરાવી, આભૂષણ પહેરાવી શુદ્ધ તિથિ, વાર આદિ જોઈ અનેક યોદ્ધાથી ઘેરાયેલા રથમાં બેસારી પુરોહિત એને સ્વયંવર મંડપમાં લાવ્યો. ત્યાં અનેક રાજાઓ સુંદર આસનો પર બિરાજ્યા હતા; તેમનાં કુળ, જાતિ આદિ જુદાં જુદાં નામ

કહીને અનુક્રમે તે તેને દેખાડવા લાગ્યો. પરંતુ અયોધ્યાના રાજા સગર ઉપર આસક્ત હોવાથી, તેણે બધાને છોડીને સગરના ગળામાં માળા પહેરાવી. બીજા રાજાઓ ઈર્ષા તજીને સંતોષથી કહેવા લાગ્યા કે બન્નેનો સમાગમ તેમના રૂપ પ્રમાણે પ્રારબ્ધાનુસાર ઠીક થયો. પછી વિવાહવિધિ પૂર્ણ કરી, થોડા દિવસ સગર રાજા ત્યાં જ રહ્યો. પછી અયોધ્યામાં આવી વૈભવ ભોગવતો રહેવા લાગ્યો.

હવે મધુપિંગલ સાધુ સંયમ ધારણ કરીને વિચરે છે. એક દિવસ ભિક્ષાર્થે તે કોઈ નગરમાં જતો હતો. તેને જોઈને એક જોષી બીજા જોષીને કહેવા લાગ્યો કે આ સાધુને રાજાનાં ચિહ્ન છે અને આમ ભિક્ષુક બન્યો છે, તો જ્યોતિષ શાસ્ત્ર શા કામનું ગણાય? વળી લક્ષણ શાસ્ત્રની પણ નિંદા કરવા લાગ્યો. તે સાંભળી બીજો જોષી કહેવા લાગ્યો કે એ પહેલાં રાજ્યલક્ષ્મી ભોગવતો હતો પરંતુ રાજા સગરના મંત્રી વિશ્વભૂએ જૂઠું, બનાવટી શાસ્ત્ર બનાવી એને ઠગ્યો છે; તેથી લજ્જા પામી તેણે દીક્ષા લીધી છે. તેના જવાથી સુલસા સગર રાજાને પરણી.

આ વાત સાધુ મધુપિંગલે સાંભળી કે તેને અત્યંત ક્રોધ ચડ્યો અને તે દુર્બુદ્ધિએ નિદાન (નિયાણું) કર્યું કે હું આ તપશ્ચર્યાના ફળથી બીજા જન્મે સગરના સર્વ વંશનો ઉચ્છેદ કરનાર થાઉં. મરીને તે અસુરેન્દ્રની પહેલી મહિષ જાતિની સેનાની કક્ષામાં ચોસઠ હજાર અસુરોનો નાયક મહાકાલ નામનો દેવ થયો. તે ઉત્પન્ન થયો ત્યારે તેના સેવક દેવો તેને ઘેરીને ઊભા હતા. તે દેખીને તેને વિચાર થયો કે શું કરવાથી હું આ સ્વર્ગલોક પામ્યો? વિભંગ(કુઅવધિ)જ્ઞાનરૂપ ઉપયોગથી



તેને પ્રથમના ભવની બધી માહિતી થઈ ગઈ. તેથી તે પાપીનું હૃદય ક્રોધાગ્નિથી ધૂંધવાઈ ઊઠ્યું તથા સગર અને તેના પ્રધાન પ્રત્યેનું વેર વધી પડ્યું. તે બન્નેને મારવાની જ ઇચ્છા ન કરી, પરંતુ તે બન્ને પાસે કોઈ મહા ભારે પાપ કરાવવાની ઇચ્છા કરી, તેનો ઉપાય તે વિચારવા લાગ્યો.

આ જીવ પોતાનાં મોટાં મોટાં પાપોનો પણ વિચાર કરતો નથી, એ જ એની મૂર્ખતા છે. તે મૂઢતાને ધિક્કાર છે! પોતાનો અભિપ્રાય સિદ્ધ કરવાના વિચારમાં મહાકાળ રહ્યો છે, તેવામાં તેના વિચારમાં સહાય કરનાર એક બીજી વાત બની, તે આ પ્રમાણે છે–

---

## શિક્ષાપાઠ ૩૨. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૨

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ધવલદેશની સ્વસ્તિકા નામની નગરીનો હરિવંશમાં ઉત્પન્ન થયેલો રાજા વિશ્વાવસુ રાજ્ય ચલાવતો હતો; તેની પટ્ટરાણી શ્રીમતીનો પુત્ર વસુકુંવર એ જ નગરમાં ક્ષીરકદંબ નામના વિદ્વાન બ્રાહ્મણ અધ્યાપકને ત્યાં ભણતો હતો. તેની સાથે અધ્યાપકનો પુત્ર પર્વત તથા પરદેશથી ભણવા આવેલો નારદ નામનો વિદ્યાર્થી પણ ભણતા હતા. એ ત્રણેમાં પર્વત નિર્બુદ્ધિ હતો તથા મોહકર્મના ઉદયથી વિપરીત અર્થ ગ્રહણ કરનાર હતો; અને બાકીના બે યથાર્થ અર્થ ગ્રહણ કરનાર હતા.

એક દિવસે ત્રણે જણ ઉપાધ્યાયની સાથે દાભ આદિ લેવા વનમાં ગયા હતા. ત્યાં અચળ નામની શિલા ઉપર

શ્રુતધર નામના મુનિ બિરાજેલા હતા. તેમની પાસે બીજા ત્રણ મુનિઓ (શિષ્યો) ગુરુ પાસેથી અષ્ટાંગ નિમિત્ત-શાસ્ત્ર સાંભળી પ્રશંસા કરતા બેઠા હતા.

તેમણે યથાર્થ તે શાસ્ત્ર ધારણ કર્યું છે કે નહીં તેની પરીક્ષા કરી જોવા શ્રુતધર મુનિરાજ ત્રણે મુનિઓને કહેવા લાગ્યા કે આ ત્રણ વિદ્યાર્થીઓનાં નામ, કુળ, પરિણામ અને ગતિ તમે ત્રણે અનુક્રમે કહો. આત્માને જાણનાર એક મુનિ કહેવા લાગ્યા કે ''હે મહારાજ! આ મારી સમીપ છે તે રાજાનો પુત્ર વસુકુમાર છે, તીવ્ર રાગાદિ દોષોથી દૂષિત છે અને હિંસા-ધર્મ પર વિશ્વાસ રાખીને અંતે તે નરકે જશે.''

બીજા મુનિ બોલ્યા કે ''આ વચલા વિદ્યાર્થીનું નામ પર્વત છે, તે બ્રાહ્મણનો પુત્ર છે, તે દુર્બુદ્ધિ છે, ક્રૂર છે. મહાકાલ નામના દેવના ઉપદેશથી અથર્વણ નામનું પાપશાસ્ત્ર ભણી કુમાર્ગનો ઉપદેશ દેશે તથા એ મૂર્ખ હિંસાને ધર્મ માની સદા રૌદ્રધ્યાનમાં લીન રહેશે, એથી લોકોમાં અનેક પાપપ્રવૃત્તિ કરાવી પોતે નરકમાં પડશે.''

પછી ત્રીજા મુનિ બોલ્યા કે ''જે આ સૌની પાછળ બેઠો છે, તેનું નામ નારદ છે, તે બ્રાહ્મણ છે, બુદ્ધિશાળી છે, ધર્મધ્યાનમાં સદા લીન રહે છે; પોતાના આશ્રિતોને અહિંસારૂપ ધર્મનું પ્રતિપાદન કરી, ગિરિતટ નામના નગરનો સ્વામી થઈ પરિગ્રહનો ત્યાગ કરી તપશ્ચરણ ધારણ કરી મરીને અનુત્તર વિમાનમાં અહમિંદ્ર થશે.'' એ સાંભળીને ગુરુ મહારાજ ત્રણે શિષ્યોનાં વખાણ કરવા લાગ્યા, કે તમે બધાએ મારો કહેલો



ઉપદેશ બરાબર સાંભળ્યો છે અને ધારણ કર્યો છે.

આ બધી વાતો ક્ષીરકદંબ ઉપાધ્યાય પાસેના ઝાડને ઓથે રહીને સાંભળતા હતા. તેથી તે વિચારવા લાગ્યા કે કર્મની લીલા બહુ વિચિત્ર છે. આ બન્નેનું બૂરું થવાનું છે. મને ધિક્કાર છે. હવે મારે શું કરવું? એમ વિચારી બહુ ભક્તિપૂર્વક એ મુનિઓને નમસ્કાર કરી તે ઉદાસ દિલે વિદ્યાર્થીઓ સાથે નગરમાં આવ્યા. એક વર્ષ પછી શાસ્ત્રાભ્યાસ પૂરો થવાથી અને ઉંમરલાયક થવાથી વિશ્વાવસુ વસુને માથે પટ્ટ બાંધીને, દીક્ષા લઈ પોતે તપશ્ચરણ કરવા લાગ્યો. રાજા વસુ નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યો.

એક દિવસે વસુ રાજા વનક્રીડા માટે જંગલમાં ગયો; ત્યાં એમ દીઠું કે આકાશમાર્ગે ઊડતાં ઘણાં પક્ષી ટક્કર ખાઈને નીચે પડી જતાં; તે જોઈને તેને નવાઈ લાગી કે તેનું કારણ કંઈ હોવું જોઈએ, એમ સમજીને તે દિશામાં તેણે ધનુષ્ય પર ચઢાવીને બાણ ફેંક્યું. તે બાણ પણ અથડાઈને નીચે પડ્યું, તેથી સારથિની સાથે તે જગ્યાએ પોતે ગયો, અને હલાવવા લાગ્યો, તો માલૂમ પડ્યું કે કોઈની નજરે દેખી ન શકાય તેવો એ આકાશ-સ્ફટિક સ્તંભ છે. તે થાંભલાને એ ઘેર લાવ્યો અને તેના ચાર મોટા મોટા પાયા બનાવ્યા અને તે પર એક સિંહાસન બનાવી તેના ઉપર તે બિરાજમાન થયો. અનેક રાજા તેની સેવા કરનાર હતા અને અનેક લોકો તેની ઉન્નતિનાં વખાણ કરતા કે રાજા વસુ સત્યના પ્રભાવે અધ્ધર સિંહાસન પર બેસે છે.

---

## શિક્ષાપાઠ ૩૩. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૩

નારદ અને પર્વત એક દિવસ સમિધ (યજ્ઞનાં કાષ્ઠ) અને ફૂલ લેવા વનમાં ગયા હતા. તેમણે માર્ગમાં દીઠું કે કેટલાક મોર નદીના પ્રવાહમાં પાણી પીને પાછા વળે છે. તે દેખીને નારદે કહ્યું કે હે પર્વત! પેલા ટોળામાં એક મોર અને બાકીની ઢેલો (મોર માદાઓ કે મોરડીઓ) છે. એ સાંભળી પર્વતે કહ્યું કે ના, એ વાત જૂઠી છે. થોડે દૂર જઈને જોયું તો પર્વતને નારદની તે વાત સાચી લાગી.

થોડી વાર પછી નારદે ફરી કહ્યું કે આ માર્ગે થઈને એક ડાબી આંખે કાણી હાથણી ગઈ છે. તેના ઉપર એક ગર્ભિણી સ્ત્રી બેઠેલી હતી, તેણે ધોળી સાડી પહેરેલી હતી અને તેને આજે પુત્ર જન્મશે. નારદની આ વાત સાંભળીને પર્વત કહેવા લાગ્યો કે જેમ આંધળો સાપ દરમાં પેસી જાય, તેમ પહેલું કહેલું તો અકસ્માત્ ખરું પડી ગયું; પરંતુ આ તમારું વિજ્ઞાન તો હાંસીને પાત્ર છે. મને શી ખાતરી થાય? એમ બોલી તે હસ્યો અને ઈર્ષા સાથે આશ્ચર્ય પામ્યો. નારદને જૂઠો ઠરાવવા તે હાથીને પગલે પગલે ચાલ્યો અને દીઠું કે નારદે કહ્યું હતું તે બધું સત્ય છે.

શોક કરતો તે ઘેર આવ્યો ને નારદે કહેલું બધું તેની માતા સ્વસ્તિમતિને તેણે કહ્યું અને સમજાવી કે પિતાજીએ નારદને શાસ્ત્ર ભણાવ્યું તેવું મને ન ભણાવ્યું, તેથી પિતાને મારી દરકાર નથી. આમ વિપરીત સમજણરૂપ પાપથી પુત્રનાં વચન માતાના હૃદયમાં બાણની પેઠે પેસી ગયાં; ને તે બ્રાહ્મણી શોક કરવા લાગી.



બ્રાહ્મણ જ્યારે ભોજન કરવા આવ્યો, ત્યારે પર્વતની કહેલી બધી વાત તેણે પતિને કહી સંભળાવી. એ સાંભળીને તે બુદ્ધિમાન વિદ્વાન કહેવા લાગ્યો કે હું તો બધાને સરખો ઉપદેશ આપું છું. પરંતુ દરેકની બુદ્ધિ જુદી જુદી હોય છે, તેથી નારદ હોશિયાર થયો છે. તારો પુત્ર સ્વભાવથી મંદ છે, તેથી ઈર્ષા ન કરવી જોઈએ.

એ વાતનો નિશ્ચય કરાવવા ક્ષીરકદંબે પોતાના પુત્રના દેખતાં નારદને પૂછ્યું, ‘‘આજે કયા વનમાં ગયા હતા? અને પર્વતની સાથે શું તોફાન કર્યું હતું?’’ ગુરુજીની આ વાત સાંભળી નારદને નવાઈ લાગી, અને ઘણા વિનયપૂર્વક કહેવા લાગ્યો કે હું પર્વતની સાથે વનમાં ગયો હતો. ત્યાં વાતો કહેતા જતા હતા. માર્ગમાં કેટલાક મોર નદીમાં પાણી પીને પાછા ફર્યા; તેમાં જે મોર હતો, તે પીછાં પલળવાના ડરથી પાછે પગલે પાણી બહાર નીકળ્યો અને બાકીની ઢેલો હતી તે તો પાણીમાં પાંખો ફફડાવી, મોં ફેરવીને પાછી ફરી હતી. એ દેખીને મેં અનુમાન કર્યું કે એક મોર અને બાકીની બધી ઢેલો છે.

વળી વનમાં થોડે દૂર જતાં કોઈ નગરની પાસે મેં દીઠું કે કોઈ હાથણીના પાછલા પગનાં પગલાં તેના મૂત્રથી ભીંજાયેલાં હતાં, તેથી જાણ્યું કે આ હાથણી છે, અને માત્ર જમણી બાજુના છોડ ને વૃક્ષનાં પાન તૂટેલાં હતાં તેથી હાથણી ડાબી બાજુની આંખે કાણી જાણી. તેના ઉપર બેઠેલી સ્ત્રી માર્ગના થાકને લીધે ઊતરીને શીતળ છાયાની ઇચ્છા કરતી નદીના પાણીના કિનારાની તદ્દન પાસે સૂતી હતી, ત્યાં પેટનું કંઈક ચિહ્ન હતું, તેથી તેને ગર્ભિણી જાણી. તેની સાડીનો કટકો એક કાંટે

ભરાઈને ફાટી ગયો હતો તથા કાંટે કટકો લટકતો હતો તેથી સફેદ સાડીનું અનુમાન કર્યું. હાથણી થોભી હતી તે મકાન ઉપર ધોળી ધજા ચડાવેલી જોઈને તેને પુત્ર જન્મ્યાનું મેં અનુમાન કર્યું હતું. આમ અનુમાનથી મેં ઉપરની બધી વાત કહી હતી.

નારદની વાત સાંભળીને બ્રાહ્મણે બ્રાહ્મણીને પ્રગટ કહ્યું કે મારો વાંક નથી. એ સાંભળીને પર્વતની મા પણ પ્રસન્ન થઈ. પછી પેલા મુનિવરોએ કહેલી વાતનો પર્વતની માતાને નિશ્ચય કરાવવા તથા એ બન્ને શિષ્યોની પરીક્ષા લેવા, પોતાની સ્ત્રી સાથે તે એકાંતમાં બેઠો; ત્યાં લોટના બે બકરા બનાવ્યા, અને બન્ને શિષ્યોને આપ્યા; સાથે કહ્યું કે જ્યાં કોઈ દેખે નહીં, તેવી જગાએ લઈ જઈ, સુગંધી પુષ્પોની માળા આદિ મંગલ દ્રવ્યોથી તેની પૂજા કરવી, પછી તેના કાન કાપીને આજે લઈ આવો.

બન્નેમાંથી પાપી પર્વતે વિચાર્યું કે આ વનમાં કોણ દેખે છે? એમ ધારી તે લોટના બકરાના કાન કાપી પિતાની પાસે લાવ્યો અને કહ્યું કે 'હે પૂજ્ય! આપે જેવી આજ્ઞા કરી હતી, તેમ જ કરી આવ્યો છું.' એમ કંઈ પણ દયા દર્શાવ્યા વિના હર્ષથી તેણે પિતાને વાત કરી.

નારદ પણ એ લોટના બકરાને લઈને વનમાં ગયો અને વિચારવા લાગ્યો કે જે જગ્યાએ કોઈ ન દેખે તેવી જગ્યાએ તેના કાન કાપવાની ગુરુની આજ્ઞા છે, પરંતુ અહીં વનમાં પણ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ દેવતા દેખે છે; પક્ષી, હરણ આદિ સમીપમાં છે, હું પણ પ્રત્યક્ષ દેખું છું, તેમને કોઈ રીતે દૂર કરી શકાય તેમ નથી, એમ વિચારી એ ભવ્ય પુરુષ



ગુરુની સમીપ આવી કહેવા લાગ્યો કે 'વનમાં કોઈ ન દેખે તેવી જગ્યા મળવી અસંભવ છે; બીજું નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે પદાર્થોમાં પાપ અને નિંદા ઉત્પન્ન કરે તેવી ક્રિયા ન કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે. તેથી તે બકરાને એમ ને એમ જ હું પાછો લાવ્યો છું.'

નારદની કહેલી આ વાત સાંભળી પંડિતે પોતાના પુત્રને જડબુદ્ધિનો જાણ્યો, અને વિચાર્યું કે 'બાપ તેવા બેટા'ની કહેવતને અનુસરતું એકાંતવાદી લોકો કારણના જેવું જ કાર્ય થાય છે એમ માને છે, તે એકલો એકાંત મત છે તેથી મિથ્યામત છે; પરંતુ કોઈ પ્રકારે કારણના જેવું કાર્ય થાય છે, અને ક્યાંક તેથી ઊલટું પણ કાર્ય થાય છે એવો જે સ્યાદ્વાદ મત છે, તે જ સાચો છે; એમ સમજી તે સંતોષ પામ્યો અને શિષ્યની યોગ્યતા દેખી તે નારદને કહેવા લાગ્યો કે "હે નારદ! તું જ સૂક્ષ્મ બુદ્ધિવાળો અને પદાર્થને યથાર્થ જાણનાર છે. તેથી આજથી હું તને ઉપાધ્યાય પદ પર સ્થાપું છું. આજથી તું જ સર્વ શાસ્ત્રોનું વ્યાખ્યાન કરજે." એમ એને માન આપી મોટો કર્યો. કારણ કે બુદ્ધિમાનોનો પ્રેમ સર્વત્ર ગુણો પ્રત્યે જ હોય છે.

પછી ક્ષીરકદંબ પોતાના પુત્રને કહેવા લાગ્યો કે 'પુત્ર! વિવેક વિના તેં આ પ્રતિકૂળ અને બૂરું કામ કર્યું છે. શાસ્ત્ર ભણીને પણ કાર્ય-અકાર્યનો વિવેક તને ન આવ્યો, તો આમ નિર્બુદ્ધિ રહી મારી પછવાડે શી રીતે જીવીશ?' એમ શોક કરીને તેને શિખામણ દીધી. પણ એ મૂર્ખ ઉપર ઊલટી અસર થઈ અને તે દિવસથી તે નારદ સાથે વૈર રાખવા લાગ્યો.

---

## શિક્ષાપાઠ ૩૪. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૪

એક દિવસે ક્ષીરકદંબ ઉપાધ્યાયે સર્વ સંગપરિગ્રહ ત્યાગ કરવાનો વિચાર કર્યો; તેથી રાજા વસુને કહ્યું કે ''જોકે પર્વત અને તેની માતા બન્ને મંદબુદ્ધિ છે, તથાપિ હે ભદ્ર! તારે મારી પછવાડે તેમને પાળવાં.'' વસુ રાજાએ ઉત્તર દીધો કે 'આપની કૃપાથી હું પ્રસન્ન થયો છું, વગર કહ્યે એ તો મારું કર્ત્તવ્ય જ છે. એ વિષે આપ મને શાને કહો છો? હે પૂજ્યપાદ! મારે કરવા યોગ્ય આ કાર્ય વિષે કંઈ પણ સંદેહ રાખ્યા વિના આપ યથાયોગ્ય રીતે પરલોક સુધારવાનો પ્રયત્ન કરશો.' આમ વસુ રાજાના કહેવાથી પ્રસન્ન થઈ ક્ષીરકદંબે ઉત્તમ સંયમ ધારણ કર્યો અને અંતે સમાધિમરણ કરી ઉત્તમ દેવગતિ પામ્યો.

પછી પર્વત શિષ્યોને સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પોતાના પિતાની પેઠે કરાવવા લાગ્યો. એ જ નગરમાં મકાન રાખી નારદ પણ શિષ્યોને ભણાવવા લાગ્યો, અને વિદ્વાનોમાં ઘણો પ્રસિદ્ધ થયો.

એક વખતે સજ્જનોની સભામાં 'अजैर्होतव्यम्' એ વાક્યનો અર્થ કરવામાં ભારે વિવાદ થઈ પડ્યો. નારદ કહેતો હતો કે 'अज' એટલે જેમાં અંકુર ઉત્પન્ન થવાની શક્તિ નાશ પામી છે તેવા ત્રણ વર્ષના જૂના જવના દાણા. તે જવના વિકારરૂપ ધાણી વગેરે અગ્નિમાં હોમી, દેવોની પૂજા કરવી તે યજ્ઞ કહેવાય એમ નારદે પદ્ધતિ પ્રમાણે વિધિપૂર્વક યજ્ઞ વિષે જણાવ્યું.

નિર્બુદ્ધિ પર્વતે કહ્યું કે 'अज' એટલે બકરો અને તેના વિકાર એટલે માંસ અવયવ આદિથી અગ્નિમાં હોમ કરવો તે



યજ્ઞ કહેવાય છે. એ બન્નેનાં વચન સાંભળી મોટા મોટા સજ્જન બ્રાહ્મણોએ કહ્યું કે આ દુષ્ટ પર્વત નારદ પ્રત્યે ઈર્ષા રાખે છે. તેથી પ્રાણીઓના વધથી ધર્મની સ્થાપના કરવા આમ કહે છે. પણ પ્રાણીની હિંસાથી કદી ધર્મ થઈ શકે નહીં. પર્વત પતિત છે, તેથી આપણી સાથે વાત કરવા લાયક પણ નથી. તેથી બધાએ તેનો તિરસ્કાર કરી કાઢી મૂક્યો. દુર્બુદ્ધિનું ફળ આ લોકમાં પણ મળે છે.

આમ સર્વ તરફથી માનભંગ થવાથી તે વનમાં ચાલી ગયો, ત્યાં મહાકાળ નામનો દેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ફરતો હતો. વૃદ્ધ અવસ્થાના રૂપમાં તે એવો દેખાતો હતો કે જાણે મરણના મહેલની નિસરણી ઉપર ઝટ ચડવા ઇચ્છે છે. આંખે આંધળા જેવો, ચાલતાં ચાલતાં અટકી જતો, માથા પર આછા સફેદ વાળ દૂર દૂર દેખાતા હતા. માથા પરની પાઘડી જાણે યમરાજાના ડરથી ચાંદીનો ટોપ ચડાવ્યો હોય તેવી હતી. ચિડાયેલા, છંછેડેલા સાપ જેવા લાંબા શ્વાસોચ્છ્વાસ લેતો હતો. રાજાનો માનીતો મદમાં આગળ કંઈ દેખે નહીં, તેમ તે પણ આગળ જોતો નહોતો; બરડો બેવડો વળી ગયો હતો; મોંમાંથી શબ્દો ચોખ્ખા નીકળતા નહીં. વેર લેવાને કોઈ નિમિત્ત કારણ શોધતો એવો મહાકાળ કોઈ પર્વત ઉપર ફરતા પર્વતને જોઈને તેના તરફ ગયો, અને નમસ્કાર કર્યા. બદલામાં પર્વતે પણ નમસ્કાર કર્યા.

મહાકાળે તેને આશ્વાસન આપી, 'તારું કલ્યાણ થાઓ' એમ આદરભાવથી કહ્યું. અજાણ્યાની પેઠે મહાકાળે તેને પૂછ્યું કે તું ક્યાંથી આવે છે? અને આ વનમાં કેમ ફર્યા કરે છે? તે

મને કહે. તેના ઉત્તરમાં પર્વતે પહેલેથી માંડીને ઠેઠ સુધી પોતાની વાત કહી. એ સાંભળી મહાકાળને વિચાર થયો કે મારા વૈરી સગરને નિર્વંશ કરવા આ સમર્થ છે, એમ નિશ્ચય કરીને ઠગવામાં ચતુર તથા પાપી મહાકાળ કહેવા લાગ્યો કે ''તારા પિતા, સ્થંડિલ, વિષ્ણુ, ઉપમન્યુ, અને હું, ભીમઉપાધ્યાય પાસે અનેક શાસ્ત્રો બધા સાથે ભણતા હતા. તેથી તારા પિતા મારા ધર્મભાઈ છે. તેને મળવા માટે હું અહીં આવ્યો હતો, પણ ખેદની વાત છે કે મારું મળવા આવવું નિષ્ફળ થયું છે, તું કોઈ વાતે ખેદ ન કર. શત્રુનો નાશ કરવામાં હું તને મદદ કરીશ.''

એ પ્રકારે કહી ક્ષીરકદંબના પુત્ર પર્વતને માટે પોતાનો અભિપ્રાય સિદ્ધ કરનારી અથર્વણ વેદની ૬૦,૦૦૦ ઋચાઓ રચી અને પર્વતને એ સર્વ વેદનું રહસ્ય ભણાવ્યું; પછી જણાવ્યું કે ઉપર લખેલા મંત્રોથી વાયુ દ્વારા ભડભડ લાગતી અગ્નિની જ્વાળામાં શાંતિ, પુષ્ટિ અને અભિચારાત્મક ક્રિયાઓ કરવામાં આવે તો પશુઓની હિંસાથી પણ પોતાના ઇચ્છેલા ફળની પ્રાપ્તિ થઈ જાય છે.

પછી બન્નેએ ઠરાવ કર્યો કે અયોધ્યામાં જઈને શાંતિ આદિ દેનાર હિંસાયજ્ઞ કરવો અને વેદોનો પ્રભાવ દેખાડવો; એમ કહી મહાકાળે પોતાના શત્રુનો નાશ કરવા, પોતાના ક્રૂર અસુરોને બોલાવ્યા અને આજ્ઞા આપી કે રાજા સગરના રાજ્યમાં તાવ આદિ ઉપદ્રવ ફેલાવો.

પર્વત અયોધ્યા નગરમાં ગયો. મંત્રસહિત આશીર્વાદ દઈને રાજસભામાં સગર રાજાનાં દર્શન કર્યાં. રાજાને પોતાનો પ્રભાવ



દેખાડી કહ્યું કે ''તમારા રાજ્યમાં જે ઉપદ્રવ છે તે હું 'સુમિત્ર' નામના યજ્ઞથી શાંત કરીશ. બ્રહ્માએ પશુઓ યજ્ઞને માટે બનાવ્યાં છે. તેમની હિંસા કરવાથી પાપ નથી, પરંતુ પુણ્ય જ થાય છે, ભારે સુખનું કારણ એવું સ્વર્ગ મળે છે.'' આમ વિશ્વાસ બેસાડી પાપી પર્વતે કહ્યું કે યજ્ઞ કરવા માટે સાઠ હજાર પશુ એકઠાં કરો, તથા અમુક અમુક સામગ્રી એકઠી કરો. રાજાએ પર્વતના કહ્યા પ્રમાણે સામગ્રી મંગાવી તેને અર્પણ કરી.

પર્વત યજ્ઞ શરૂ કરી મંત્રપૂર્વક પ્રાણીઓનો હોમ કરવા લાગ્યો. તે વખતે મહાકાળે પણ પ્રાણીઓને વિમાનમાં બેસાડી, શરીર સહિત આકાશમાર્ગે સ્વર્ગમાં જતાં દેખાડ્યાં; અને દેશમાં જે ઉપદ્રવ રાક્ષસોએ મચાવ્યો હતો તે પણ મહાકાળે દૂર કર્યો. આમ તેના છળકપટથી મોહ પામી લોકો સ્વર્ગમાં જવાની ઇચ્છા કરતા ખુશીથી યજ્ઞમાં મરવાની ભાવના કરવા લાગ્યા. આ યજ્ઞ પૂરો થયા પછી એ દુષ્ટ પર્વતે વિધિપૂર્વક એક 'જાતિ' નામના ઘોડાનો હોમ કર્યો; અને વળી રાજાની આજ્ઞાથી, સુલસા દેવીની ઇચ્છા થતાં તેને પણ હોમી દીધી.

રાણીના વિયોગથી ઉત્પન્ન થયેલા શોકરૂપ દાવાનલ અગ્નિથી જેનું શરીર બળી રહ્યું છે એવો રાજા સગર પોતાની રાજધાનીમાં આવ્યો અને પલંગ પર સૂતો સૂતો વિચાર કરે છે કે પ્રાણીઓની હિંસા કરવી એ મહા આરંભ ધર્મ છે કે અધર્મ છે? એ સંશય દૂર કરવા સવારે યતિવર નામના મુનિની પાસે ગયો અને વંદના કરી પ્રાર્થના કરવા લાગ્યો કે ''હે પ્રભુ! મેં યજ્ઞ કરવો શરૂ કર્યો છે, તો આપ વિચાર કરીને કહેશો કે એ

પુણ્યનું કામ છે કે પાપનું?'' તેના ઉત્તરમાં મુનિરાજે નિર્ભય-પણે કહ્યું કે ''એ કર્મ ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ છે. એ કરનારને સાતમું નરક મળે છે. આ ઉપરાંત આજથી સાતમે દિવસે તારા ઉપર વીજળી પડશે અને તું મરીને સાતમા નરકે જઈશ, એ નિશ્ચય સમજ.'' આ વાત સાંભળી, બધી વાત તેણે પર્વત બ્રાહ્મણને કહી.

રાજાની વાત સાંભળી પર્વત કહેવા લાગ્યો કે ''આ બધું જૂઠું છે. એ નાગો શું જાણે છે? તમારા ચિત્તમાં જો કંઈ શંકા રહેતી હોય તો તેની શાંતિ પણ કરી દઈશ.'' એમ કહીને રાજાને ધીરજ આપી, તથા યજ્ઞ શાંત કરી દીધો હતો તે પાછો ફરીથી શરૂ કર્યો.

---

## શિક્ષાપાઠ ૩૫. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૫

સાતમે દિવસે તે પાપી મહાકાલ અસુરે દેવમાયાથી દેખાડ્યું કે સુલસા વિમાનમાં બેસીને, દેવનું શરીર ધારણ કરી, આકાશમાં રહી રહી સગર રાજાને કહેવા લાગી કે, 'યજ્ઞમાં મરવાના ફળથી મને દેવગતિ મળી છે. મારા પહેલાં પશુ હોમાયાં હતાં તે બધાં દેવ થયાં છે. આપને એ આનંદની વાત જણાવવા હું વિમાનમાં બેસીને આવી છું.' તેથી રાજાને વિચાર થયો કે યજ્ઞમાં મરેલાંનું આ પ્રત્યક્ષ ફળ દેખાય છે, તેથી મુનિઓનું કહેવું જૂઠું છે. તે વખતે તીવ્ર હિંસામાં અનુરાગ રાખવાથી, સાચા ધર્મ ઉપર દ્વેષ કરાવનાર કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદથી ઉત્પન્ન થયેલાં પરિણામથી નરક આયુષ્યને યોગ્ય ઉત્કૃષ્ટ સંક્લેશ પરિણામોથી આઠે કર્મની



યોગ્ય સ્થિતિ અને અનુભાગ બંધ સહિત નરક આયુષ્યનો નિકાચિત બંધ રાજાએ કર્યો. તે વખતે ભયાનક વીજળી પડી અને એ કામમાં લાગેલા ઘણા જીવો સાથે રાજા સગર મરીને સાતમા નરકે ઉત્પન્ન થયો.

મહાકાળ તેને શિક્ષા કરવા તીવ્ર ક્રોધ કરીને વૈરરૂપી વાયુના ઝપાટાથી નરકમાં ગયો. ત્રીજા નરક સુધી તેને વિભંગ જ્ઞાન હોવાથી ત્યાં સુધી તેને શોધ્યો, પરંતુ ત્યાં તેને ન દીઠો એટલે ત્યાંથી નીકળી વિચારવા લાગ્યો કે હવે વિશ્વભૂમંત્રી વગેરેને શિક્ષા કરવાનો ઉપાય શોધવો.

પછી તરત જ મહાકાળે માયાથી વિમાનમાં સુલસા અને સગરને દેખાડ્યાં અને કહેવડાવ્યું કે 'પર્વતની કૃપાથી હું સુલસા સહિત સુખ પામ્યો છું.' તે દેખીને સગર પછી વિશ્વભૂ મંત્રી તે દેશનો રાજા થયો હતો, તેણે મહામેધ યજ્ઞ કરવાની તૈયારી કરવા માંડી. મહાકાળની માયાથી વિમાનમાં બેઠેલા પિતરો અને દેવો મંત્રી વિશ્વભૂની સ્તુતિ કરવા લાગ્યા કે 'હે પુણ્યવાન મંત્રી! તમે આ મહામેધ યજ્ઞ બહુ સરસ કર્યો.'

નારદ અને કેટલાક તપસ્વીઓ આ વાત સાંભળી, વિચાર કરવા લાગ્યા કે ધિક્કાર છે આ દુષ્ટને કે તેણે જગતમાં એક મિથ્યામાર્ગ ફેલાવ્યો. પાપ કરવામાં પંડિત એવા દુષ્ટને કોઈ પણ પ્રકારે રોકવો જોઈએ, એમ વિચારી બધા અયોધ્યામાં આવ્યા.

ત્યાં તેમણે વિશ્વભૂ મંત્રીને યજ્ઞ કરતો દીઠો અને તેનો દાખલો લઈ અનેક પાપી લોકો પોતાની ઇચ્છા પૂરી કરવા

પ્રાણીઓની હિંસા કરતા હતા. તેથી તે હિંસા અટકાવવા તે તપસ્વી લોકો કહેવા લાગ્યા કે, ''કોઈ પણ મનુષ્ય કોઈ પણ ઠેકાણે ધર્મને માટે પ્રાણીઓને મારતો નથી. જે વેદ બ્રહ્માએ કહ્યા છે, તે વેદને જાણનારા સદા અહિંસાનો જ ઉપદેશ કરે છે અને આ અહિંસા જ કલ્પવેલ સમાન, માતા સમાન અથવા સખી સમાન સંસારમાં હિત કરનારી છે. આ પ્રમાણે પહેલાંના ઋષિઓનાં કહેલાં વાક્યો, હે વિશ્વભૂ! તમે પ્રમાણ માનવાની ઇચ્છા કરતા હો, તો અનંત કર્મોનું કારણ એવી આ ઘોર હિંસા તમે છોડી દો.''

આવાં તપસ્વીઓનાં વચન સાંભળી, વિશ્વભૂ મંત્રી કહેવા લાગ્યો કે ''હે તપસ્વીઓ! આ યજ્ઞ સ્વર્ગનું સાક્ષાત્ સાધન છે, એ મેં પ્રત્યક્ષ જોયું છે, તો શું હું તે છુપાવી શકું?''

આ સાંભળી પાપથી ડરનાર નારદે કહ્યું કે, ''હે ઉત્તમ મંત્રી! તમે તો વિદ્વાન છો. શું આ બધી હિંસા સ્વર્ગનું સાધન છે? આ પ્રત્યક્ષ ફળ દેખાડીને કોઈ શત્રુએ પરિવાર સહિત સગરનો બિલકુલ નાશ કરવાનો ઉપાય કર્યો છે. આ ઉપાય માત્ર માયાવીએ કરેલો છે, કેવળ મૂર્ખ લોકને જ મોહિત કરનાર છે. જો તમને સ્વર્ગની ઇચ્છા હોય તો શીલ, ઉપવાસ આદિ ઋષિપ્રણીત શાસ્ત્રમાં કહેલી વિધિનું આચરણ કરો.'' એ સાંભળી વિશ્વભૂએ નારદનું કહેલું પર્વતને કહ્યું, એટલે અસુરના શાસ્ત્રથી મોહ પામેલો તે દુર્મતિ પર્વત કહેવા લાગ્યો કે, ''શું આ બધાં શાસ્ત્રો નારદે પહેલાં સાંભળ્યાં છે? મારા અને નારદના ગુરુ તો એક જ છે. એને પોતાની બુદ્ધિનું બહુ અભિમાન છે અને તેથી ઈર્ષા પણ રાખે છે. આપ જાણો છો



કે શાસ્ત્રના બરાબર અર્થ જાણનાર મારા ગુરુના ધર્મભાઈ સંસારમાં પ્રસિદ્ધ છે, તેમણે મને વેદનું રહસ્ય બતાવ્યું છે. અને યજ્ઞમાં મૃત્યુનું ફળ નિરૂપણ કર્યું છે, તે મેં આજ સાક્ષાત્ પ્રગટ દેખાડ્યું છે. આપને વિશ્વાસ ન આવતો હોય તો સમસ્ત વેદરૂપ મહાસાગરનો પારગામી અને સાચું બોલવામાં પ્રસિદ્ધ એવો રાજા વસુ છે, તેને પૂછી જુઓ.''

પર્વતની આ વાત સાંભળી નારદે કહ્યું કે ''સારું, એમાં શી હાનિ છે! રાજા વસુને પૂછી જોઈએ. પણ આ વિચાર કરવા જેવી વાત છે કે જો હિંસા જ ધર્મસાધન મનાય, તો અહિંસા, દાન, શીલ આદિ પાપનાં કારણ માનવાં પડશે, આમ માનીએ તો પછી માછી આદિ હિંસક બધાને ઉત્તમ ગતિ મળવી જોઈએ અને સત્ય, ધર્મ, તપશ્ચરણ આદિ પાળનાર તથા બ્રહ્મચર્ય પાળનારને નરક આદિ અધોગતિ મળવી જોઈએ.

કદી એમ કહો કે યજ્ઞમાં પશુ મારવાં એ ધર્મ છે, બીજી જગાએ નહીં; તો તે પણ વ્યાજબી નથી. કારણ કે હિંસા સદા દુઃખ દેનારી છે, અને બન્ને જગાએ તે એક સરખી છે, તેથી યજ્ઞમાં કે બીજી જગાએ, ગમે ત્યાં કરેલી હિંસાનું ફળ પણ એક જ જાતનું હોવું જોઈએ, એ ના પાડી શકાય તેમ નથી.

કદાચિત્ તમે એમ કહો કે બ્રહ્માએ પશુને યજ્ઞ માટે જ ઉત્પન્ન કરેલાં છે, પરંતુ આ કહેવું મૂર્ખોની ઇચ્છા જેવું અને સાધુ પુરુષોએ નિંદવા યોગ્ય છે. કારણકે તમે બ્રહ્માની સૃષ્ટિ માનો છો, તેમાં ઘણા દોષો આવે છે. એક કામને માટે

બનાવેલી વસ્તુ બીજા કામમાં લઈએ તો કામ આવતી નથી; જેમકે કફ દૂર કરનાર દવા જો બીજા રોગ ઉપર લેવાય તો તે કામ કરતી નથી; તેમ જો પશુઓની સૃષ્ટિ યજ્ઞ માટે જ ઉત્પન્ન કરી હોય તો તે પશુઓને ખરીદવાં, વેચવાં, તેમના ઉપર ભાર લાદવો આદિ બીજાં કાર્ય માટે તેમનો ઉપયોગ કરવો દોષરૂપ ગણાય. વાદ કરવામાં તું દુર્બળ છે, તેથી અમે તારી પાસે આવીને કહીએ છીએ કે જેમ શસ્ત્ર આદિથી પ્રાણીની ઘાત કરનાર તુરત કર્મબંધ કરે છે, તેમ મંત્ર ભણી પશુ મારનાર જીવ નિરપવાદપણે કર્મથી બંધાય છે.

બીજું બ્રહ્મા પશુ આદિની સૃષ્ટિ પેદા કરે છે, તે પ્રગટ કરે છે? કે ઉત્પન્ન કરે છે? જો તે ઉત્પન્ન કરે છે એમ કહો તો આકાશનું ફૂલ આદિ જે વસ્તુઓનો અભાવ છે, તેને કેમ ઉત્પન્ન નથી કરતા? જો એ પ્રગટ કરે છે એમ કહો તો પ્રગટ કરતા પહેલાં તેમને કોણે પ્રગટ કરતા રોકી રાખ્યા હતા? તે કહેવું જોઈએ. જેમ કે દીવો પ્રગટ્યા પહેલાં ઘડાને પ્રગટ કરતાં અંધકાર રોકે છે. આ પ્રમાણે તમારું સૃષ્ટિવાદનું કથન માનવા યોગ્ય નથી.'' આવાં નારદનાં વચન સાંભળી બધા લોક એનાં વખાણ કરવા લાગ્યા અને બધા કહેવા લાગ્યા કે ''તમારા બન્નેનો વિવાદ રાજા વસુ પતવે તો અમે બધા ત્યાં આવીએ.'' એવો નિશ્ચય કરી એ બન્નેની સાથે બધી સભા સ્વસ્તિકા નગરીમાં આવી.

ત્યાં જઈને પર્વતે પોતાની માતાને બધી વાત કહી એટલે તરત પર્વતને લઈને તે રાજા વસુ પાસે જઈ પહોંચી. ત્યાં જઈ વસુરાજાને કહેવા લાગી કે ''તપોવનમાં જતાં અર્થાત્ દીક્ષા લેતી વખતે તમારા ગુરુ ક્ષીરકદંબે આ કુટુંબ રહિત પર્વતને તમને સોંપ્યો છે. હવે તમારા સભાપતિપણા નીચે નારદ સાથે એનો વિવાદ થવાનો છે. એમાં જો પર્વત હારી ગયો તો તેને મરણનું જ શરણ સમજવું; અર્થાત્ મરણ સિવાય બીજો કોઈ ઉપાય તેને નથી.''



પોતાના ગુરુની પત્નીની આ વાત સાંભળી, ગુરુની સેવાચાકરી કરવાની ઇચ્છાવાળો રાજા વસુ આદરભાવથી કહેવા લાગ્યો કે 'મા, એમાં કંઈ શંકા કરીશ નહીં, હું અવશ્ય પર્વતનો જય કરાવીશ.' આમ કહી તેણે પર્વતની માનો ભય દૂર કર્યો.

---

## શિક્ષાપાઠ ૩૬. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૬

બીજે દિવસે રાજા વસુ આકાશ-સ્ફટિકના બનેલા સિંહાસન ઉપર બેઠો. વિશ્વભૂ આદિ બધા તે સભામાં ગયા, અને પૂછવા લાગ્યા કે ''હે મહારાજ! આપના પહેલાંના અનેક રાજાઓએ બહુ સારી રીતે અહિંસાધર્મની રક્ષા કરી છે; અને આપના પિતા વિશ્વાવસુએ પણ તેમ જ કર્યું છે. આપ પણ અહિંસાધર્મની રક્ષા કરનાર થયા છો; આપ મહા સત્યવાદી છો, એ ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે. કોઈ પણ બાબતમાં શંકા પડતાં આપ વિષ, અગ્નિ અને તાજવાં (કાંટા) રૂપ છો. સંસારમાં વિશ્વાસ કરવા યોગ્ય આપ છો, તેથી હે વિભુ! તમે જ અમારો સંદેહ દૂર કરો.

આ નારદ ધર્મનું સ્વરૂપ અહિંસારૂપ બતાવે છે અને આ પર્વત ઉપાધ્યાયના ઉપદેશ પ્રમાણે એથી વિપરીત હિંસારૂપ

બતાવે છે. હવે ખરેખરું ધર્મનું સ્વરૂપ શું હોવું જોઈએ, તે આપ કહેશો.''

જો કે રાજા વસુ ગુરુનો કહેલો કે અરિહંતનો કહેલો અહિંસારૂપ ધર્મ જાણતો હતો, તથાપિ પર્વતને જિતાડવાની પ્રાર્થના ગુરુપત્ની કરી ચૂકી હતી. એ ઉપરાંત મહાકાળની માયાથી એ મોહિત થઈ ગયો હતો. દુઃખની છેવટની હદ તેની સમીપ આવી પહોંચી હતી. પરિગ્રહરૂપી રૌદ્રધ્યાનમાં તે લવલીન હતો, તેથી કહેવા લાગ્યો કે ''પર્વત જે કહે છે તે યોગ્ય છે, નજરે જોયેલી વાતમાં સંદેહ રાખવાનું કોઈ કારણ નથી. આ યજ્ઞથી રાજા સગર પોતાની પત્ની સહિત સ્વર્ગે ગયો છે. દીવો ઝળહળ બળતો હોય તેને જોવા બીજા દીવાના પ્રકાશની જરૂર નથી. તેથી સર્વ વાતની શંકાઓ તજી તમે પર્વતે કહેલાં સ્વર્ગનાં સાધન કરો.''

આ પ્રમાણે હિંસાનંદ અને અનૃતાનંદ નામના રૌદ્રધ્યાનથી તેણે નરકનું આયુષ્ય બાંધ્યું. મિથ્યાત્વ તથા અપવાદથી નહીં ડરનાર વસુ રાજાએ આવાં વચન સભામાં કહ્યાં, તે સાંભળી નારદ અને તપસ્વીઓ કહેવા લાગ્યા કે ''મોટી નવાઈની વાત છે કે કોઈ વિષમ કારણે મહારાજના મુખમાંથી આવાં અપૂર્વ ઘોર વચનો નીકળ્યાં છે!''

એ વખતે આકાશમાં ગર્જના થઈ, નદીઓના પ્રવાહ ઊલટા વહેવા લાગ્યા, સરોવર ઝટ સુકાવા લાગ્યાં, લોહીનો વરસાદ વર્ષવા લાગ્યો, સૂર્યનાં કિરણ ઝાંખાં પડી ગયાં, દિશાઓ બધી ધૂંધળી (મલિન) થઈ ગઈ, ભયથી પ્રાણીઓ કંપવા લાગ્યાં; એ વખતે મોટો અવાજ કરતી પૃથ્વી ફાટી ગઈ



અને તે મોટા ખાડામાં રાજા વસુનું સિંહાસન ઊતરવા લાગ્યું.

તે જોઈને આકાશમાંથી દેવો અને વિદ્યાધરોના સ્વામી મોટેથી કહેવા લાગ્યા કે ''હે મહા બુદ્ધિમાન રાજા વસુ! અહિંસારૂપ અનાદિ માર્ગનું ઉલ્લંઘન કરી ધર્મનો નાશ કરનાર આ હિંસારૂપ માર્ગની પ્રવૃત્તિ ન કર.''

જમીનમાં સિંહાસન પેસી જવાથી રાજા વસુ અને પર્વતનાં મોં ફીકાં પડી ગયાં. તે દેખીને મહાકાળના સેવકો તપસ્વીઓનાં રૂપ ધારણ કરી કહેવા લાગ્યા કે 'તમે કોઈ વાતે ડરશો નહીં,' એમ કહીને તેમણે સિંહાસનને પકડીને પોતાની ઉપર ઊંચું કરીને લોકોને દેખાડ્યું. પછી રાજા વસુ ફરી કહેવા લાગ્યો કે ''હું રાજા છું અને તત્ત્વનો જાણકાર છું, તો મારે ડરવાની જરૂર નથી. ફરીથી હું કહું છું કે પર્વતનાં જ વચન સાચાં છે,'' આમ નિશ્ચય કરતાં કરતાં તો ફાટેલી પૃથ્વીમાં ગળા સુધી તે ઊતરી ગયો.

પછી સાધુજનોએ ફરી પ્રાર્થના કરી કે 'હે રાજા! જૂઠું બોલવાથી તારી આ અવસ્થા થઈ છે, તેથી હવે તું જૂઠ તજી દે.' તેમ છતાં તે મૂર્ખે યજ્ઞને જ સાચો માર્ગ જણાવ્યો. એ વખતે જાણે પૃથ્વી ક્રોધ કરીને તેને ગળી ગઈ.

આમ મરીને તે સાતમા નરકે ઉત્પન્ન થયો. પછી પેલા મહાકાળ નામના અસુરે સંસારને વિશ્વાસ ઉત્પન્ન કરાવવા રાજા વસુ અને સગરનાં રૂપ ધારણ કરી કહ્યું કે 'નારદના વચન નહીં માનતાં, માત્ર યજ્ઞની શ્રદ્ધાથી જ અમને બન્નેને સ્વર્ગ મળ્યું છે.' એમ બોલી તે અદૃશ્ય થઈ ગયો.

લોકોને શોક અને આશ્ચર્ય પ્રગટ્યાં. તેઓ પરસ્પર ચર્ચા કરવા લાગ્યા કે વસુ સ્વર્ગે ગયા છે; કોઈ કહે નરકે ગયા છે. આ પ્રકારે વાતો કરતા લોકો સાથે વિશ્વભૂ પોતાને નગર પાછો ફર્યો તથા પ્રયાગમાં જઈને રાજસૂય યજ્ઞ કરવાની તૈયારી કરી.

મહાપુર આદિ નગરોના રાજાઓએ પાપી લોકોની નિંદા કરી અને પરમબ્રહ્મ ભગવાન ઋષભદેવના કહેલા માર્ગમાં તલ્લીન બનીને થોડા દિવસ ત્યાં જ રહ્યા.

નારદે આ વખતે ધર્મમર્યાદાનું રક્ષણ કર્યું છે, એમ માની તેમણે નારદની પ્રશંસા કરી અને ગિરિતટ નામનું નગર તેને રહેવા માટે દાનમાં આપ્યું. નારદ સાથે જે તપસ્વી હતા તે દયાધર્મની હાનિથી દૂર રહેવાની ઇચ્છાથી કાળનો મહિમા કહેતા કહેતા પોતપોતાના તપોવનમાં ચાલ્યા ગયા.

---

## શિક્ષાપાઠ ૩૭. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૭

એક દિવસે નારદને દિનકરદેવ નામનો વિદ્યાધર મળ્યો. તે વખતે નારદે ઘણા પ્રેમથી તે વિદ્યાધરને કહ્યું કે પર્વત સમસ્ત પ્રાણીઓની વિરુદ્ધ આચરણ કરી રહ્યો છે. આપે તેને રોકવો જોઈએ. ઉત્તરમાં તેણે સંમતિ જણાવી અને તે જ વખતે પોતાની વિદ્યાવડે પન્નગ જાતના (નાગકુમાર) દેવોને બોલાવ્યા અને તે સર્વેને યજ્ઞમાં વિઘ્ન પાડવાની સર્વ સમજૂતી આપી. એ દેવોએ જઈને અસુરો સાથે સંગ્રામ કર્યો અને તેમને નસાડી મૂક્યા; અને યજ્ઞમાં સર્વ પ્રકારે વિઘ્ન મચાવ્યું.

યજ્ઞમાં થતા વિઘ્નથી વિશ્વભૂ અને પર્વત બન્ને શરણ



શોધવા લાગ્યા. એવામાં સામે મહાકાળ આવતો દેખાયો. તેને જોઈને તેમણે યજ્ઞમાં વિઘ્ન નડ્યાનું વૃત્તાંત જણાવ્યું. તે સાંભળી મહાકાળે જણાવ્યું કે અમારા ઉપર દ્વેષ રાખનાર નાગકુમાર દેવોએ જ આપણા કામમાં આ ઉપદ્રવ કર્યો છે. આ નાગવિદ્યા વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં નિરૂપણ કરી છે. જિનબિંબો ઉપર તેમની શક્તિ ચાલતી નથી, એમ ત્યાં જણાવ્યું છે; તેથી આનો ઉપાય એ જ કે સુંદર જિનપ્રતિમાઓનું ચારે દિશાઓમાં સ્થાપન કરો, અને તેની પૂજા કરો. પછી આ યજ્ઞની વિધિ કરવી શરૂ કરો.

મહાકાળની આ વાત સાંભળી વિશ્વભૂ અને પર્વતે પણ તેના કહ્યા પ્રમાણે જિનપ્રતિમાઓ બિરાજમાન કરી યજ્ઞ કરવો શરૂ કર્યો. પેલો વિદ્યાધર વિઘ્ન કરવાની ઇચ્છાથી ફરી આવ્યો તો ખરો, પણ જિનપ્રતિમાઓને દેખીને નારદને કહેવા લાગ્યો કે "આ સ્થળે (જિનપ્રતિમાઓ સામે) મારી વિદ્યાઓ કંઈ કામ કરી શકશે નહીં," એમ કહીને તે પોતાને ઘેર ચાલ્યો ગયો. આ પ્રકારે યજ્ઞ સમાપ્ત થયો. વિશ્વભૂ અને પર્વત બન્ને આયુષ્ય પૂરૂં થતાં મરીને નરકે ગયા અને ત્યાં દુઃખ અનુભવવા લાગ્યા.

મહાકાળે પોતાનો અભિપ્રાય પૂરો કરી, પોતાનું સ્વરૂપ ધારણ કર્યું અને લોકોને સમજાવવા લાગ્યો કે "પહેલા ભવમાં હું પોદનપુરનો રાજા મધુપિંગલ હતો. મેં જ સુલસાને લઈને આ મહાપાપ કર્યું છે. ખરી રીતે શ્રી જિનેન્દ્રદેવનો કહેલો અહિંસારૂપ જ ધર્મ છે. ધર્માત્મા લોકોએ એ ધર્મનું પાલન અને સેવન કરવું જોઈએ." આમ કહીને તે અદૃશ્ય થઈ ગયો.

જેની બુદ્ધિ દયાથી આર્દ્ર (ભીની) બની હતી, એવા એ મહાકાળે પોતે એ કુકર્મનું પ્રાયશ્ચિત્ત લીધું. મોહનીય કર્મના ઉદયથી જે પાપકર્મ તેણે કર્યું હતું, તેનો તેણે ત્યાગ કર્યો. વિશ્વભૂ આદિક હિંસાધર્મના કરનાર બધા પાપકર્મના ઉદયથી નરકગતિએ પહોંચ્યા. અને પાપથી ડરનાર કેટલાક લોકોએ દિવ્યજ્ઞાનવાળા મુનિઓ પાસેથી મિથ્યામાર્ગનું સ્વરૂપ સાંભળી તે માર્ગ ત્યાગ કર્યો. પરંતુ લાંબો કાળ સંસારમાં પરિભ્રમણ કરવાવાળા લોકો એ મિથ્યામાર્ગમાં લવલીન રહ્યા.

આ પ્રકારે તે અતિશયમતિ નામના મંત્રીએ ભગવાનના કહેલા મતનો ઉપદેશ દશરથ રાજાને દીધો. તે સાંભળી સભાસદલોક મંત્રીની પ્રશંસા કરવા લાગ્યા.

જેની કપટરૂપ બુદ્ધિ છે અને જે ક્રૂર છે, એવા મહાકાળે ક્રોધમાં આવીને શાસ્ત્રોની વિરુદ્ધ અત્યંત પાપરૂપ એવા પશુઓની હિંસા કરવારૂપ યજ્ઞની પ્રવૃત્તિ કરી, તે કારણને લીધે તે રાજા વસુ તથા દુષ્ટ પર્વતની સાથે, કેટલેક કાળે, ઘોર નરકગતિમાં ગયો. તેથી પાપનો ભાર વધારનાર એ મિથ્યા-માર્ગની પ્રવૃત્તિ કદી કરવી ન જોઈએ, કારણકે તે પાપી લોકોને નરકાદિનાં અપાર દુઃખ ભોગવવાં પડે છે.

મોહનીય કર્મના ઉદયે શત્રુના કપટથી જેનું હૃદય જ્ઞાનથી શૂન્ય થઈ ગયું હતું અર્થાત્ જે શત્રુના છળકપટને સમજી પણ શકતા નથી, એવા રાજા સગરે સુલસા અને મંત્રીની સાથે પોતે હિંસારૂપ યજ્ઞ ક્રિયા કરી હતી તેથી તેને નરકે જવું પડ્યું; તેમજ જે પાપરૂપ દુષ્કર્મમાં લીન થશે તેની પણ તેવી જ દશા થશે.



જેણે પોતાના ઉત્તમ આચાર્યોને અનુસરીને હિતરૂપ ઉપદેશ દીધો હતો, જેણે વાદવિવાદને વખતે વિદ્વાનોની સભામાં આવીને સત્ય વચન જ કહ્યાં હતાં અને જે ઉત્તમ બુદ્ધિમાનોમાં શિરોમણિરૂપ હતો, એવો નારદ ઘણી તપશ્ચર્યા કરી કૃતાર્થ થઈને સર્વાર્થસિદ્ધ વિમાનમાં અહમિન્દ્રરૂપે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી મનુષ્યભવ પામી તે તે જ ભવે મોક્ષે જશે.

---

## શિક્ષાપાઠ ૩૮. આત્માને હિતકારી નીતિવાક્યો

### "૧. અવશ્ય કરવા લાયક કર્મ :–

ધીરજ, શમ, સત્ય, પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવનારા ધ્યાન, ધારણા અને સમાધિ વગેરેને અનુસરવું, હૃદયની અહંતા-મમતારૂપ ગાંઠને અથવા તો ચૈતન્યાત્મા અને જડ અંતઃકરણના એક ચપળપણાને દૂર કરવાં; સારું અને નરતું તે સર્વને અંતઃકરણના ધર્મ જાણવા. આ કરવા લાયક કાર્યો મેં મારા ગુરુ પાસેથી સાંભળ્યાં છે.

### ૨. ત્યાગ કરવાની વસ્તુઓ :–

બીજાને ગાળો ભાંડવી નહીં, બીજાનું અપમાન કરવું નહીં, મિત્રનો દ્રોહ કરવો નહીં, નીચની સેવા કરવી નહીં, અભિમાની થવું નહીં, સદાચારમાંથી ભ્રષ્ટ થવું નહીં, અને તીક્ષ્ણ તથા રોષવાળી વાણી બોલવી નહીં. આ જગતમાં તીક્ષ્ણ વાણી પુરુષોના મર્મભાગને, હાડકાંને, હૃદય તથા પ્રાણોને બાળી નાખે છે. માટે ધર્મિષ્ઠ પુરુષે હંમેશાં દાહ કરનારી, ભયંકર વાણીનો ત્યાગ કરવો એટલે બોલવી નહીં.

જે કઠોર વાણી બોલી મનુષ્યના મર્મને દુખવે છે અને વાણીરૂપ કાંટાઓથી મનુષ્યોને પીડે છે, તે કઠોર પુરુષને અકલ્યાણનું પાત્ર સમજવો અને અકલ્યાણ અથવા તો કાળરૂપ વાણીને મુખમાં ધારણ કરનારો જાણવો.

### ૩. સજ્જન ક્ષમાશીલ જ હોય :–

કોઈ દુષ્ટ મનુષ્ય પ્રદીપ્ત અગ્નિ અને સૂર્ય જેવાં તીવ્ર વાણીરૂપ બાણથી સજ્જનને ઘાયલ કરે છે, પરંતુ સજ્જન ઘાયલ થયા છતાં અને ઘણા દુઃખી થયા છતાં પણ જાણે છે કે આ મનુષ્ય મારા પુણ્યમાં વધારો કરે છે. 'क्षमा वीरस्य भूषणम्' ક્ષમા એ વીરને ભૂષણરૂપ છે. કહ્યું છે કે–

(સોરઠો) ''નિંદક વેચે આપ, કછુ ન પાવે નિંદસે;
પરજનકો ગ્રહી પાપ, વણજ કરત હૈ પુણ્યકો.''

### ૪. દેવતાઓ કોને ચાહે છે ? :–

પોતાની સાથે વાદ કરનારા સાથે જે વાદ કરે નહીં, બીજાને વાદ કરવા માટે ઉશ્કેરે નહીં, કોઈ મારી જાય તો પણ તેને સામો મારે નહીં અને કોઈ પણ પાપીને મારવાની ઇચ્છા કરે નહીં; તે મનુષ્ય સ્વર્ગમાં જાય છે અને દેવતાઓ તેવા મનુષ્યોને ચાહે છે.

### ૫. ચાર જાતનું બોલવું :–

મૌન રહેવું તે ઉત્તમ છે, તે કરતાં સત્ય બોલવું ઉત્તમ છે, તે કરતાં પ્રિય બોલવું તે ઉત્તમ છે; આ સૌથી ધર્મસ્વરૂપ બોલવું તે વધારે ઉત્તમ છે. આ પ્રમાણે બોલવું કહેવાય છે.



### ૬. વિષયનો ત્યાગ તે જ દુઃખનો ત્યાગ :–

પુરુષ જે જે વિષયથી દૂર થાય છે, તે તે વિષયજન્ય દુઃખમાંથી પણ મુક્ત થાય છે. કારણકે પુરુષ એ વિષયથી મુક્ત થવાને લીધે ક્યાંયથી અણુમાત્ર પણ દુઃખ ભોગવતો નથી; તે બીજાનો પરાજય કરવા ઇચ્છતો નથી, કોઈ સાથે વૈર કરતો નથી, નિંદા તથા પ્રશંસાને સમાન ગણે છે અને નિંદાથી શોક કરતો નથી, તેમ પ્રશંસાથી હર્ષ પામતો નથી.

### ૭. ઉત્તમ પુરુષનાં લક્ષણો :–

જે પુરુષ સઘળાંનું કલ્યાણ ઇચ્છે છે, કોઈના અકલ્યાણમાં મન રાખતો નથી, સત્ય બોલે છે, કોમળ હોય છે અને જિતેન્દ્રિય છે, તે જ ઉત્તમ પુરુષ ગણાય છે.

### ૮. મધ્યમ પુરુષનાં લક્ષણ :–

જે પુરુષ પ્રિય વાણીથી સમજાવે છે, કોઈ વસ્તુ (આપવા) માટે પ્રતિજ્ઞા કરે તો તે વસ્તુ તે આપે છે, અને પરનાં છિદ્રો જાણે છે, તે મધ્યમ પુરુષ ગણાય છે.

### ૯. અધમ પુરુષનાં લક્ષણો :–

ખરાબ ઉપદેશ આપનાર, માર ખાનાર, શસ્ત્રથી ઘાયલ થાય તોપણ ક્રોધને લીધે પાછો ન ફરનાર, કરેલા ઉપકારનો નાશ (અપકાર) કરનાર, કોઈનો મિત્ર નહીં અને દુષ્ટ-બુદ્ધિમાન; આ સર્વ અધમ પુરુષની કળા જાણવી.

જે પુરુષ બીજાની પાસેથી કલ્યાણકારી વાર્તા સાંભળી, તેના ઉપર વિશ્વાસ રાખતો નથી, જેને પોતાનો પણ વિશ્વાસ નથી અને જે મિત્રોનાં વચનોનો અનાદર કરે છે, તેને ખરેખર અધમ પુરુષ ગણવો.

## ૧૦. કોનો સંગ કરવો ?

જે મનુષ્યને પોતાનું કલ્યાણ કરવાની ઇચ્છા હોય તે માણસે ઉત્તમ પુરુષોની મૈત્રી કરવી, સમય ઉપર મધ્યમ પુરુષોની પણ સંગત કરવી. પણ અધમ પુરુષોની સોબત કરવી નહીં.

## ૧૧. શાંતિનો માર્ગ :–

વિદ્યા, તપ અને ઇંદ્રિયોના નિગ્રહ વગર તથા લોભના ત્યાગ વગર તમને શાંતિ વળે એમ હું જોતો નથી. બુદ્ધિથી ભયનો નાશ થાય છે, તપથી તેજ મળે છે, ગુરુજનની સેવા કરવાથી જ્ઞાન મળે છે અને યોગ-સેવનથી શાંતિ મળે છે. જે પુરુષો દાનના ફળનો એટલે સ્વર્ગાદિકનો ત્યાગ કરી રાગ તથા દ્વેષથી મુક્ત થાય છે, તે આ જગતમાં (જીવતાં) મુક્ત થઈને ફરે છે.

## ૧૨. કોણ કોનો નાશ કરે છે ?

ઘડપણ રૂપનો નાશ કરે છે, આશા ધૈર્યનો નાશ કરે છે, મૃત્યુ પ્રાણોનો નાશ કરે છે, ઈર્ષા ધર્માચરણનો નાશ કરે છે, કામ લજ્જાનો નાશ કરે છે, નીચની સેવા સદાચરણનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છે અને અભિમાન સઘળાનો નાશ કરે છે.

## ૧૩. ક્યારે શું શું કરવું ?

જે કામ વડે રાત્રિ સુખમાં જાય તે કામ દિવસે કરી લેવું, જે કામ કરવાથી વૃદ્ધાવસ્થા સુખમાં જાય તે કામ પ્રથમ અવસ્થામાં કરી લેવું અને યાવજ્જીવિત તે કામ કરવું કે જે કરવાથી મરણ થયા પછી સુખ મળે.'' (વિદુરનીતિ)



''સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.'' ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૨, પુષ્પમાળા ૮૩)

---

## શિક્ષાપાઠ ૩૯. સત્સંગ, ભાગ–૧

''આ કાળનું વિષમપણું એવું છે કે જેને વિષે ઘણા વખત સુધી સત્સંગનું સેવન થયું હોય તો જીવને વિષેથી લોકભાવના ઓછી થાય; અથવા લય પામે. લોકભાવનાના આવરણને લીધે પરમાર્થભાવના પ્રત્યે જીવને ઉલ્લાસપરિણતિ થાય નહીં, અને ત્યાં સુધી લોકસહવાસ તે ભવરૂપ હોય છે.

સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાં સુધી તે જોગનો વિરહ રહે, ત્યાં સુધી દૃઢભાવે તે ભાવના ઇચ્છી પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિષે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઇચ્છી, સરળપણે વર્ત્યા કરવું; અને જે કાર્યે કરી તે ભાવનાની ઉન્નતિ થાય એવી જ્ઞાનવાર્તા કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઈ કંઈ વિચારવું રાખવું, તે યોગ્ય છે.''

(વૈશાખ વદ ૧૩, સં ૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૩૭૧)

''સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે, એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.........

અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો

યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે......

મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇંદ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી હોય તો જ સત્સંગ ફળવાન થાય નહીં, અથવા સત્સંગમાં એકનિષ્ઠા, અપૂર્વ ભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહીં. જો એક એવી અપૂર્વ ભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પ કાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે, અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય.

સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી; પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા; અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી. તેમ પ્રમાદે રસગારવાદિ દોષે તે સત્સંગ પ્રાપ્ત થયે પુરુષાર્થ ધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી એમ જાણી પુરુષાર્થ વીર્ય ગોપવવું ઘટે નહીં.

સત્સંગનું એટલે સત્પુરુષનું ઓળખાણ થયે પણ તે યોગ નિરંતર રહેતો ન હોય તો સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવો તથા આરાધવો કે જે આરાધનાથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.



જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો, કે જે કંઈ મારે કરવું છે, તે આત્માને કલ્યાણ-રૂપ થાય તે જ કરવું છે, અને તે જ અર્થે આ ત્રણ યોગની ઉદયબળે પ્રવૃત્તિ થતી હોય તો થવા દેતાં, પણ છેવટે તે ત્રિયોગથી રહિત એવી સ્થિતિ કરવાને અર્થે તે પ્રવૃત્તિને સંકોચતાં સંકોચતાં ક્ષય થાય એ જ ઉપાય કર્ત્તવ્ય છે. તે ઉપાય મિથ્યાગ્રહનો ત્યાગ, સ્વચ્છંદપણાનો ત્યાગ, પ્રમાદ અને ઇંદ્રિયવિષયનો ત્યાગ એ મુખ્ય છે. તે સત્સંગના યોગમાં અવશ્ય આરાધન કર્યાં જ રહેવાં અને સત્સંગના પરોક્ષપણામાં તો અવશ્ય અવશ્ય આરાધન કર્યાં જ કરવાં; કેમકે સત્સંગ-પ્રસંગમાં તો જીવનું કંઈક ન્યૂનપણું હોય તો તે નિવારણ થવાનું સત્સંગ સાધન છે, પણ સત્સંગના પરોક્ષપણામાં તો એક પોતાનું આત્મબળ જ સાધન છે. જો તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલા એવા બોધને અનુસરે નહીં, તેને આચરે નહીં, આચરવામાં થતા પ્રમાદને છોડે નહીં, તો કોઈ દિવસે પણ જીવનું કલ્યાણ થાય નહીં.''

(જેઠ, સં. ૧૯૫૧, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૬૦૯)

---

## શિક્ષાપાઠ ૪૦. સત્સંગ, ભાગ—૨

''એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરૂપ છે.

બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.''

(વૈશાખ ૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૩૭૫)

શ્રી અંબાલાલ લાલચંદ ખંભાતવાળા ભાઈએ કોઈ મુમુક્ષુ ઉપર પત્ર લખી તેમાં અસત્સંગના વિપરિણામનું સ્વરૂપ નીચે પ્રમાણે લખ્યું છે :—

''૧. શ્રી સદ્‌ગુરુદેવનું માહાત્મ્ય જ્યારે સમજાય છે, ત્યારે આ દેહાદિકથી માંડી ચૌદ રાજલોકના સઘળા પદાર્થો અમહત્ત્વવાન જેવા જ લાગે છે અર્થાત્ તે તે પદાર્થોને વિષે માહાત્મ્યપણાનું ચિત્ત ઠરતું નથી. તેટલા જ માટે જ્ઞાની પુરુષો વારંવાર કહે છે કે સત્સંગનો પરિચય કરવો અને અસત્સંગમાં ઉદાસીન થવું યોગ્ય છે. તેનો આશય એવો છે કે અસત્સંગ એટલે પરમાર્થને અપરમાર્થ માનનારા અને અપરમાર્થને પરમાર્થપણે માની લઈ, પોતામાં અસદ્‌ગુરુપણું છતાં સદ્‌ગુરુ-પણું મનાવતા એવા જીવોનો સંગ તે જ અસત્સંગ.

૨. સદ્‌ગુરુમુખથી શ્રવણ થયેલો ઉપદેશરૂપ શ્રુતધર્મ તે વિચારવામાં વિઘ્ન કરાવનાર, અસહાયક રહેનાર એવા જગતદૃષ્ટિ જીવોનો સંગ તે પણ અસત્સંગ કહેવાય.

૩. પાંચ ઇંદ્રિયોનું ઇચ્છાનુસાર મનોકલ્પિત સુખ એટલે ખાવા-પીવા, સૂવા બેસવા, ઓઢવા પહેરવા ચાલવા ઇત્યાદિકમાં જે તદાકારપણું તે પણ અસત્સંગ કહેવાય.

૪. દેહાદિકથી માંડી જગતના સર્વ પદાર્થોમાંથી અલ્પ પણ જૂજ એવા પદાર્થોમાં તદાકારપણું થવું તે પણ અસત્સંગ કહેવાય.



૫. ઉપર જણાવેલા પ્રકારોમાં પ્રીતિ, સ્નેહ, મિથ્યાગ્રહ, કલ્પિત સુખ, કલ્પિત માહાત્મ્ય, જે જે પ્રકારથી લાગે અર્થાત્ જે જે પ્રકારથી ઉત્પન્ન થાય એવાં જે રાગ, દ્વેષ, મોહ, મત્સર, અહંકાર, અજ્ઞાન, હર્ષ, શોક, ભય, રતિ, અરતિ આદિ કારણો પણ અસત્સંગ કહેવાય.

૬. ટૂંકામાં જે જે પરિણતિમાં એટલે આત્મા સિવાય અન્ય જે કંઈ વિભાવ પરિણતિમાં પરિણમવું એ અસત્સંગ કહેવાય.

એ ઉપર જણાવેલા અસત્સંગ આદિ ભાવોમાં ઉદાસીન થઈ એક સત્સંગ, આત્મવિચારમાં આવવું તે યોગ્ય છે. અને તે આત્મવિચાર પ્રાપ્ત થવા માટે એક સત્પુરુષનો યોગ આરાધવો અને પ્રધાનપણે ભક્તિ કરવી એ જ યોગ્ય છે. શ્રી પરમકૃપાળુદેવશ્રી તરફથી એક પત્ર પ્રાપ્ત થવાથી પરમોત્કૃષ્ટ લાભ થયો છે. સદ્‌વર્તન, સદાચાર, સદ્‌ગ્રંથ અને સત્-સમાગમમાં પ્રમાદ કર્તવ્ય નથી, એમ જણાવ્યું છે, જે સર્વ મુમુક્ષુઓએ પ્રસંગે પ્રસંગે અને સમયે સમયે સ્મરણમાં રાખવા યોગ્ય પરમ રહસ્ય છે.''

અસત્સંગ કે અસદ્‌ગુરુથી જીવને ભ્રાંતિ ઉત્પન્ન થાય છે, એ વિષે ભક્ત પ્રહ્‌લાદનું ટૂંકું આખ્યાન વાંચવા યોગ્ય છેઃ

પ્રહ્‌લાદને તેના કુળગુરુ શુક્રાચાર્યે પૂછ્યું, 'તારા બાપને મારવા માટે તેં વિષ્ણુ અવતાર નરસિંહને વિનંતી કરી હતી?' પ્રહ્‌લાદે કહ્યું—'ના, મેં કોઈને મારવાનો ભાવ પણ કર્યો નથી.' શુક્રાચાર્યે કહ્યું, 'તો તારા બાપને મારનાર પર તારે વેર રાખવું જોઈએ; સુપુત્રે તો પિતાનું વેર લેવું જોઈએ'—એમ વારંવાર

કહેવાથી વિષ્ણુ સાથે યુદ્ધ કરવા અસુરસૈન્ય સજ્જ કરી તે મેદાનમાં આવ્યો. વિષ્ણુને, કુગુરુ કેવું ભરાવે છે તે જોઈને, હસવું આવ્યું, પણ ભક્તને સમજાવવો એ પોતાનું કર્તવ્ય સમજી, એક વૃદ્ધ બ્રાહ્મણનો વેશ લઈ, પ્રહ્લાદ પાસે તે આવ્યા અને પૂછ્યું, 'મહારાજ, આ લશ્કર લઈ ક્યાં ચડાઈ કરી છે?'

પ્રહ્લાદે કહ્યું, 'મારા પિતાનું વેર લેવા વિષ્ણુ પર ચડાઈ કરી છે.' તે બ્રાહ્મણે કહ્યું, 'મારા પુત્રનો પણ તેણે વધ કર્યો છે, માટે હું પણ તમારી સાથે વેર લેવા આવવા ઇચ્છું છું. પણ તે ક્યાં રહે છે, તે જાણો છો?' પ્રહ્લાદ કહે, 'તેની ખબર નથી.' ત્યારે બ્રાહ્મણે કહ્યું કે 'તે બળવાન બહુ છે એમ સાંભળ્યું છે, તો પ્રથમ તમારા બળની મને ખાત્રી કરી આપો તો જણાય કે તમે તેને જીતશો. આ મારી લાકડી જમીન ઉપરથી ઉપાડી દ્યો જોઈએ.'

પ્રહ્લાદે ઘણું બળ કર્યું, પણ લાકડી ઊપડી નહીં. તેથી તેણે જાણ્યું કે આ જ વિષ્ણુ લાગે છે, તેથી તેમને પગે પડી, વિનંતી કરી કે 'મારી રક્ષા કરો. હે ભગવાન! હું તો પુરોહિતથી ભોળવાઈ ગયો હતો.' વિષ્ણુ કહે: 'તું તો મને મારવા તૈયાર થયો છે, તું મારી રક્ષા કર.' એમ વિનોદમાં સમજાવી તે અંતર્ધાન થઈ ગયા.

---

## શિક્ષાપાઠ ૪૧. પરિગ્રહ સંકોચવો

ગ્રંથ, પરિગ્રહ, સંગ, ઉપાધિ એ બધા શબ્દો એક જ અર્થના છે. શ્રીમદ્ રાજચંદ્ર સર્વસંગનો અર્થ આ પ્રમાણે કરે



છે—"'સર્વસંગ' શબ્દનો લક્ષ્યાર્થ એવો છે કે અખંડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રખાવી શકે એવો સંગ."

'આ મારું છે' એવો સંકલ્પ સચેતન, અચેતન કે મિશ્ર વસ્તુઓમાં રહેવો તેને પરિગ્રહ, ગ્રંથ, સંગ આદિ કહેવાય છે. આ મૂર્છા કે મમત્વભાવ ઓછો કરવા મમત્વનાં નિમિત્તો કે વસ્તુઓ અલ્પ કરવી, સંકોચવી તે પરિગ્રહપરિમાણ વ્રત છે.

બાહ્ય વસ્તુઓની પેઠે અંતરંગ પરિગ્રહને પણ વિપરીત ભાવનાથી અલ્પ કરી શકાય છે. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને મિથ્યા માન્યતા આ ચૌદ અંતરંગ પરિગ્રહ છે. તેની પ્રતિપક્ષ ભાવના એટલે ક્રોધને ઉત્તમ ક્ષમાની ભાવનાથી જીતવો, માનને ઉત્તમ વિનયભાવથી જીતવું, માયાને ઉત્તમ સરળભાવના અભ્યાસથી જીતવી, લોભને ઉત્તમ સંતોષવૃત્તિથી જીતવો; આમ દરેક દોષ સંબંધી સમજવું.

બાહ્ય પરિગ્રહ સંકોચવાની ઇચ્છા રાખનારે ઘર, ખેતર; ધન, ધાન્ય; રૂપું, સોનું; મનુષ્ય, પક્ષી આદિ બે પગવાળાં; ઢોર આદિ ચારપગાં પ્રાણી; પલંગ ખુરશી આદિ સૂવા બેસવાનાં સાધન; વસ્ત્ર, વાસણ; આમ દશ ભેદોમાંથી શક્તિ પ્રમાણે દેશ, કાળ, જાતિ, પદવી, વય આદિનો વિચાર કરીને જીવતા સુધી પોતાની જરૂરિયાતની મર્યાદા નક્કી કરી તે ઉપરાંત સંગ્રહ ન કરવાનો નિયમ કરવો.

પરિગ્રહ-પરિમાણ વ્રત રાખનારે અયોગ્ય એટલે પર-પુરુષસેવન કે પરસ્ત્રીસેવન આદિનો તો ત્યાગ જ ઘટે છે તથા

ધંધાને અંગે થતા જંગમ પ્રાણીના વધ ઉપરાંત બીજા જંગમ પ્રાણીની હિંસાનો ત્યાગ કર્તવ્ય છે અને સ્થાવર જીવોનો નિરર્થક વધ પણ ત્યાગવો જ ઘટે છે.

મોહના ઉદયને લીધે જેનો તદ્દન ત્યાગ નથી થઈ શકતો તેનો સંકોચ કરવો કહ્યો છે. કારણકે પરિગ્રહ સંજ્ઞા જીવને અનાદિ કાળની છે, તેનો એકદમ ત્યાગ કરવો અશક્ય જણાય તો ક્રમે ક્રમે અમુક કાળ સુધીનો ત્યાગ કરવાનો અભ્યાસ પણ રાખવો. નહીં તો ઉતાવળ કરી આખી જિંદગી સુધીનો ત્યાગ ગ્રહણ કરે, પણ વાસના ગઈ ન હોય તો વ્રત ભંગ થવાનો સંભવ છે.

પરિગ્રહ એ અવિશ્વાસનું કારણ છે, લોભની વૃદ્ધિનું કારણ છે, હિંસાનું નિમિત્ત છે અને સત્સંગ આદિમાં વિઘ્નરૂપ છે.

‘‘આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંત કાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. તેટલા માટે, તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં.’’

(ફાગણ સુદ ૪, સં.૧૯૪૮, ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૩૩૨)



‘‘જો જીવને આરંભ-પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભ-પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમનાં કાળ છે.

શ્રી ઠાણાંગસૂત્રમાં આરંભ અને પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવર્તવું યોગ્ય છે એવો ઉપદેશ થવા આ ભાવે દ્વિભંગી કહી છે.

૧. જીવને મતિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૨. જીવને શ્રુતજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૩. જીવને અવધિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૪. જીવને મનઃપર્યવજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૫. જીવને કેવળજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

એમ કહી દર્શનાદિના ભેદ જણાવી સત્તર વાર તે ને તે વાત જણાવી છે કે, તે આવરણો ત્યાં સુધી હોય કે જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય.’’ (વૈશાખ, ૧૯૫૦, ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૫૦૬)

‘‘ભોગમાં અનાસક્તિ થાય, તથા લૌકિક વિશેષતા દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં આવે તો તૃષ્ણા નિર્બળ થતી જાય છે. લૌકિક માન આદિનું તુચ્છપણું સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે; અને તેથી તેની ઇચ્છા સહેજે મોળી

પડી જાય, એમ યથાર્થ ભાસે છે. માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કંઈ અવશ્ય ઉપયોગ (કારણ) નથી, એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાં સુધી તૃષ્ણા નાનાપ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઈ સારભૂતતા જ નથી, એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે, અથવા થયે તે પર વિશેષ ખેદ કરે, અને આજીવિકામાં ત્રુટતું યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે. એ આદિ પ્રકારે વર્તતાં તૃષ્ણાનો પરાભવ (ક્ષીણ) થવા યોગ્ય દેખાય છે.''

(ભાદરવા સુદ ૧૧, સં.૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૭૦૬)

---

## શિક્ષાપાઠ ૪૨. તત્ત્વ સમજવું

તત્ એટલે તે, જેની વાત કરવી છે તે પદાર્થ. તત્-ત્વ એટલે તે પદાર્થનું સ્વરૂપ. કોઈ પદાર્થનું સ્વરૂપ સમજવું હોય તો તે સમજનારની સન્મુખ દૃષ્ટિ જોઈએ. જીવને સ્વરૂપ સમજવાની જિજ્ઞાસા થયે, યથાર્થ સમજ જેની છે તેવા સત્પુરુષનો યોગ અને બોધ પ્રાપ્ત થાય, તો સુવિચારણા કે તત્ત્વદૃષ્ટિ પ્રગટે છે. શ્રીમદ્ રાજચંદ્રે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં નીચે પ્રમાણે ગાયું છે :—

(દોહરા)

''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪



પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫
... ... ... ... ... ...

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧''

મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે તત્ત્વો છે, તેનો નિર્ણય કરી તેની શ્રદ્ધા સદ્ગુરુયોગે જીવને થાય તો તે સમ્યક્દર્શન કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ મનાય છે. તેવી શ્રદ્ધા કરવા યોગ્ય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો સર્વ મનવાળા પંચેન્દ્રિય પ્રાણીઓને થયો છે. મુનિવેષ ધારણ કરી અગિયાર અંગ સુધી ભણવા છતાં વા ગ્રૈવેયક દેવો કુઅવધિજ્ઞાનાદિ યુક્ત છતાં પ્રયોજનભૂત તત્ત્વોનું તેમને શ્રદ્ધાન હોતું નથી તથા જનાવરોને ક્ષયોપશમ થોડો હોવા છતાં પણ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન સંભવે છે. માટે સમજાય છે કે જ્ઞાનાવરણના ક્ષયોપશમ અનુસાર જ શ્રદ્ધાન નથી, પરંતુ કોઈ જુદું કર્મ છે અને તે દર્શનમોહ છે. તેના ઉદયથી જીવાદિ તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન થાય છે.

વિપરીત શ્રદ્ધાને લઈને ભક્તિ કરે, પૂજા કરે, કીર્તન કરે તે બધું યથાર્થ સમજણ કે માન્યતા વિના રૂઢિ પ્રમાણે યંત્રવત્ થયા કરે છે. તેથી સુવિચારણા પ્રગટે તો નહીં પરંતુ હસવા જેવું પણ બને છે.

એક ભક્તમંડળીમાં કૃષ્ણકીર્તન થતું હતું. તેમાં મૃદંગ, કાંસીજોડાં, મંજીરા આદિ વડે ભક્તો ધૂન લગાવતા હતા. એક જણ બોલે અને બીજા બધા ઝીલે. પણ ભજનમાં ગવાય છે તેનો અર્થ સમજે તેવું એમાં કોઈ નહોતું. કીર્તન કરનાર બોલ્યોઃ 'રાધાને કાને ઝાલ ઝબૂકે.' ઝીલનારાઓએ ગાવા માંડ્યું, 'રાધા ને કાનો ઝાલર બૂકે.' એમ ગાતાં ગાતાં મૃદંગ, કાંસીજોડાં અને મંજીરાના અવાજ વારંવાર કરવા લાગ્યા. પણ શું કામ ઝાલર બૂકતા હશે? તેનો વિચાર કોઈને આવ્યો નહીં.

એક જૈન દેરાસરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પંચ-કલ્યાણકની પૂજા ભણાતી હતી. તેમાં આવ્યુંઃ

''સોના રૂપાકે સોગટે સૈયાં ખેલત બાજી,
હાં હાં રે સૈયાં ખેલત બાજી;
ઇન્દ્રાણી-મુખ જોય કે હરિ હોત હૈ રાજી,
હાં હાં રે હરિ હોત હૈ રાજી.''

આ વખતે એક વૈષ્ણવ ત્યાં હાજર હતો, તેને એમ થયું કે શ્રી પાર્શ્વનાથ ભગવાનને પણ ઇન્દ્રાણીનું મુખ જોઈને વિકાર થયો; તેથી તેણે પાસે બેઠેલાને પૂછ્યું કે આવું તમારા વૈરાગ્યવાળા ધર્મમાં પણ હોય છે? પણ તે ભાઈ ઉત્તર આપી શક્યો નહીં.



આવું સમજણ વગર ગાયા કરવાથી થાય છે. પોતાને ન સમજાતું હોય તો બીજાને પૂછીને પણ નિર્ણય કરવો યોગ્ય છે- આમ વિચારવાનને તો થાય. સમજ્યા વગર ભજનથી જે ભાવ પ્રગટાવવા છે તે કેમ પ્રગટે?

શ્રી યશોવિજયજી તત્ત્વદૃષ્ટિ વિષે અષ્ટકરૂપે લખે છે :—

(દોહરા)

ચર્મચક્ષુ રૂપ જોઈને, મોહ કરે રૂપમાંય;
અરૂપી આત્મા જો ગ્રહે, તત્ત્વદૃષ્ટિ છે ત્યાંય.૭૧

બહિર્દૃષ્ટિ ભ્રમવાડૉ છે, ભ્રમ છાયા વિષ તેજ;
તત્ત્વદૃષ્ટિ ભ્રાંતિરહિત, કરે ન ત્યાં સુખ-સેજ.૭૨

નગર, બાગ આદિ દીઠ્યે, બાહ્યદૃષ્ટિથી મોહ;
તત્ત્વદૃષ્ટિથી તે દીઠ્યે, વૈરાગ્યે અંતર્ રોહ.૭૩

બાહ્યદૃષ્ટિને સુંદરી, અમૃતમય દેખાય;
તત્ત્વદૃષ્ટિએ હાડકાં મળ જળ ખાણ જણાય.૭૪

બાહ્યદૃષ્ટિ દેખે શુચિ, શરીર સુંદર તેજ;
કૃમિમય શ્વાનાદિક ભખે, તત્ત્વદૃષ્ટિ મન લે જ.૭૫

રાજભવન આશ્ચર્યરૂપ, બાહ્યદૃષ્ટિને હોય;
ગજઘોડાના વન સમું, તત્ત્વદૃષ્ટિ તો જોય.૭૬

કેશલોચ કે મલિન તન, ડિલે દેખી રાખ;
મહંત બાહ્યદૃષ્ટિ ગણે, તત્ત્વજ્ઞાન ગુરુ સાખ.૭૭

કરુણા અમીવૃષ્ટિ ભર્યા, તત્ત્વદૃષ્ટિ જગમાંય;
પરોપકારાર્થે જીવે, કરે વિકાર ન ક્યાંય.૭૮

## શિક્ષાપાઠ ૪૩. યત્ના

૧. ‘‘અયત્નાથી ચાલતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૨. અયત્નાથી ઊભા રહેતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૪. અયત્નાથી શયન કરતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૫. અયત્નાથી આહાર લેતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૬. અયત્નાથી બોલતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૭. કેમ ચાલે? કેમ ઊભો રહે? કેમ બેસે? કેમ શયન કરે? કેમ આહાર લે? કેમ બોલે? તો પાપકર્મ ન બાંધે?

૮. યત્નાથી ચાલે; યત્નાથી ઊભો રહે; યત્નાથી બેસે; યત્નાથી શયન કરે; યત્નાથી આહાર લે; યત્નાથી બોલે; તો પાપકર્મ ન બાંધે.

૯. સર્વ જીવને પોતાના આત્મા સમાન લેખે; મન વચન કાયાથી સમ્યક્ પ્રકારે સર્વ જીવને જુએ, આસ્રવ નિરોધથી આત્માને દમે; તો પાપકર્મ ન બાંધે.

૧૦. પ્રથમ જ્ઞાન અને પછી દયા (એમ અનુભવ કરીને) સર્વ સંયમી રહે. અજ્ઞાની (સંયમમાં) શું કરે, કે જો તે કલ્યાણ કે પાપ જાણતો નથી?

૧૧. શ્રવણ કરીને કલ્યાણને જાણવું જોઈએ, પાપને



જાણવું જોઈએ; બન્નેને શ્રવણ કરીને જાણ્યા પછી જે શ્રેય હોય, તે સમાચરવું જોઈએ.

૧૨. જે જીવ એટલે ચૈતન્યનું સ્વરૂપ જાણતો નથી; અજીવ એટલે જે જડનું સ્વરૂપ જાણતો નથી, કે તે બન્નેનાં તત્ત્વને જાણતો નથી તે સાધુ સંયમની વાત ક્યાંથી જાણે?’’

(દશવૈકાલિક સૂત્ર, અધ્ય૦ ૪, ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૬૦)

આત્મસ્વરૂપની જેને પ્રાપ્તિ થઈ છે, તે આત્મસ્વરૂપમાં જ તલ્લીન રહે તેને મુખ્યપણે ગુપ્તિ કહી છે. તેમ કર્મના ઉદયે રહી ન શકાય ત્યારે અનિવાર્ય પ્રવૃત્તિ કરવી પડે તેમાં કેવી રીતે પ્રવર્તવું તેનો માર્ગ તે સમિતિ કહેવાય છે; તે જ યત્નાપૂર્વક વર્તન પણ કહેવાય છે; મુખ્યપણે તે મુનિ પાળી શકે છે અને બને તેટલી રીતે તેમ પ્રવર્તવાની સદ્‌ગૃહસ્થ ભાવના રાખે છે. એક મુનિવરને પત્ર લખતાં શ્રીમદ્ રાજચંદ્રે તેનું રહસ્ય ઉત્તમ રીતે બતાવ્યું છે, તેમાંથી અલ્પ ભાગ નીચે જણાવું છું :—

‘‘સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે; પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. .....પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે, અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવ-અસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્‌ભુત સંકળનાથી ઉપદેશી છે, જેને પાંચ સમિતિ કહેવાય છે.

જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગ-પૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે.....તે જ પ્રમાણે વર્તવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે, અને જે જે સમયે જીવની જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે.'' (ચૈત્ર સુદ ૩, ૧૯૫૩, શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૭૬૭)

બહુ સ્થૂલપણે યત્ના ટૂંકામાં આ પ્રમાણે કહી છે :–

''દૃષ્ટિપૂતં ન્યસેત્પાદં, વસ્ત્રપૂતં જલં પિબેત્ ।
સત્યપૂતં વદેદ્વાક્યં, મનઃપૂતં સમાચરેત્ ॥''

**ભાવાર્થ :–** નજરે જોઈને નિષ્પાપપણે ડગલું ભરવું, સાજા વસ્ત્રે ગળીને પવિત્ર પાણી પીવું, સત્યના નિર્ણયથી પવિત્ર થયેલું વચન બોલવું, મન ડંખે નહીં તેવું પવિત્ર આચરણ રાખવું.

''સંવત્સરેણ યત્પાપં કૈવર્તસ્ય હિ જાયતે ।
એકાહેન તદાપ્નોતિ અપૂતજલ સંગ્રહી ॥''

**ભાવાર્થઃ–** આખું વર્ષ માછલાં માર માર કરનાર માછીને જે પાપ થાય છે, તે જ પાપ એક દિવસ અણગળ પાણી વાપર્યાથી જીવને થાય છે.



''ચિત્તં શમાદિભિઃ શુદ્ધં, વદનં સત્ય ભાષણૈઃ ।
બ્રહ્મચર્યાદિભિઃ કાયઃ શુદ્ધો ગંગાં વિનાऽપિ સઃ ॥''

**ભાવાર્થઃ–** જેનું ચિત્ત શમ, દમ, સમતાદિથી શુદ્ધ થયેલું છે, જેનું વદન સત્ય વદવાથી શુદ્ધ થયેલું છે, અને જેનું શરીર બ્રહ્મચર્ય, અહિંસા, અચૌર્ય, ન્યાયી-પરોપકારી વર્તન આદિથી શુદ્ધ થયેલું છે, તે ગંગામાં સ્નાન કર્યા કરતાં વધારે પવિત્ર છે.

''પંચ શૂના ગૃહસ્થસ્ય ચૂલ્લી પેષણ્યુપસ્કરઃ।
કણ્ડની ચોદકુંભશ્ચ વધ્યતે યાસ્તુ વાહયન્ ॥'' (મનુ)

**ભાવાર્થઃ–** પ્રાણીવધનાં સ્થાનરૂપ પાંચ શૂના છે. ૧ ચૂલો, ૨ ઘંટી, ૩ વાહન, ૪ ખાંડણી, ૫ પાણિયારું.

આ પાંચે પ્રાણીઘાતનાં સ્થાનોમાં દયા અને કાળજીપૂર્વક વર્તન રાખવાથી ઘણા જીવોનો વધ થતો અટકે એમ છે; તેથી પાપ પણ ઓછું બંધાય અને પરિણામે જીવ મોક્ષમાર્ગ પામવા યોગ્ય થાય.

---

## શિક્ષાપાઠ ૪૪.

## રાત્રિભોજન ત્યાગ વિષે કથા, ભાગ–૧

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી એક વખતે રાજગૃહી નગરીની સમીપે વિપુલાચલ નામના પર્વત ઉપર પધાર્યા. તેના સમાચાર સેવકોએ ભક્તશિરોમણિ શ્રી શ્રેણિક મહારાજાને આપ્યા. તે સાંભળી રોમાંચિત થઈ, પ્રફુલ્લિત ચિત્તે તે દિશામાં નમસ્કાર કરી, સમાચાર લાવનારને પ્રીતિદાન આપી, આખા શહેરમાં ઘોષણા કરાવી કે ભગવાન મહાવીર સ્વામી કૃપા કરી

વિપુલાચલ ઉપર પધાર્યા છે, ત્યાં દર્શન, સમાગમ અર્થે જવાને તૈયાર થઈ સર્વ ભક્તજનોએ આવવું.

મોટા વૈભવ સહિત સવારી ચાલવા લાગી; હાથી ઉપર બેઠેલા શ્રી શ્રેણિકરાજાએ દૂરથી પર્વતની કૂખે એકાંત સ્થાનમાં ધ્યાનમાં લીન એક મુનિને દીઠા; તેમની પર્વત જેવી અચળતા અને ધ્યાનમગ્નતા દેખી પ્રમોદભાવ જાગતાં તેઓ હાથી ઉપરથી ઊતરી તે મુનિને અત્યંત હર્ષથી પ્રણામ કરી આગળ ચાલ્યા. સમવસરણમાં જઈ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈ, નમસ્કાર કરી, સ્તુતિ ઉચ્ચારી, મનુષ્ય પરિષદમાં જઈ તે બેઠા.

સર્વ જીવને હિતકારી, મધુર, સર્વને સમજાય તથા પ્રિય લાગે, ધર્મભાવના વધે અને જીવનની ઉન્નતિ કરવા જીવ પ્રેરાય તેવી અપૂર્વ વાણીથી ભગવાન દેશના દેવા લાગ્યા :—

‘‘આ સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંતાનંત કાળ વ્યતીત થઈ ગયો, સર્વ સામગ્રી જીવ અનેક વાર પામ્યો, પરંતુ સમ્યક્ સમાધિમરણ પામ્યો નથી. જો એક વાર સમાધિમરણ થયું હોત તો જન્મમરણ મટી ગયાં હોત. સંસાર પરિભ્રમણ કરતાં અનેક નવા નવા દેહ ભવભવમાં ધારણ કર્યા છે. એવો કયો દેહ છે કે જે ધારણ નથી કર્યો? તો આ વર્તમાન દેહમાં મોહ મમત્વ શાં કરવાં? ભવોભવમાં અનેક સ્વજન-કુટુંબી-જનોનો પણ સંબંધ થયો છે; હમણાં જ સ્વજન મળ્યાં છે એમ નથી. તેથી કયાં કયાં સ્વજનોમાં રાગ કરવો? ભવભવમાં અનેક વાર રાજઋદ્ધિ પણ મળી છે, તો આ તુચ્છ સંપત્તિમાં શું મમત્વ કરવું? ભવભવમાં અનેક માતાપિતા પાલણપોષણ કરનાર થઈ ગયાં, હમણાં જ થયાં છે એમ નથી. ભવભવમાં નરનારીપણું પણ થયું છે. ભવભવમાં કામવિકારની તીવ્ર લંપટતા સહિત નપુંસકપણું પણ પ્રાપ્ત થયું છે. તોપણ વેદના અભિમાનથી નાશ પામીને ભટક્યો. ભવભવમાં અનેક જાતિનાં દુઃખ જીવ પામ્યો. સંસારમાં એવું કોઈ દુઃખ નથી કે જે જીવે અનેક વાર ભોગવ્યું ન હોય. અનેક વાર નરકમાં નારકી થઈ થઈને અસંખ્યાતકાળ સુધી પ્રમાણરહિત અનેક પ્રકારનાં દુઃખ ભોગવ્યાં છે. અનેક ભવ તિર્યંચના કરી કરીને અસંખ્યાત, અનંત વાર જન્મ-મરણ કરતાં અનેક પ્રકારે દુઃખ ભોગવતાં ભોગવતાં વારંવાર પરિભ્રમણ કર્યું.



અનેક વાર ધર્મવાસના રહિત મિથ્યાદૃષ્ટિ મનુષ્ય પણ થયો; ગર્ભવાસનાં દુઃખ, જન્મનાં દુઃખ, વ્યાધિ, ઔષધ, ડામ, હાડભંગ, નસ્તર આદિનાં દુઃખો, અંધાપો, બહેરાશ, બોબડાપણું, નિર્ધનપણું, અપમાન, ફજેતી, ફાંસી, અસ્ત્ર-શસ્ત્ર આદિનાં દુઃખો પરાધીનપણે ભોગવ્યાં.

અનેક વાર દેવલોકમાં પણ ઊપજ્યો; અનેક ભવોમાં મિથ્યાદૃષ્ટિ થઈને કપટથી આત્મનિંદા પણ કરી; અનેક ભવોમાં આકરાં તપ પણ ધારણ કર્યાં, અનેક ભવોમાં ભગવાનનાં સમવસરણમાં પણ પ્રવેશ કર્યો; અનેક ભવોમાં શ્રુતજ્ઞાનનાં અંગોનો પઠન-પાઠન આદિ અભ્યાસ કર્યો. આ બધું કર્યું છતાં અનંત કાળથી ભવનિવાસી જ રહ્યો. સમ્યક્-દર્શન વિના ધર્મકાર્યો પણ નિષ્ફળ થયાં; સંસારપરિભ્રમણને રોકનાર ન થયાં. સમ્યક્દર્શન સહિત થાય, તો તે ધર્મકાર્યો સંસારનો નાશ કરનાર થાય.’’

## શિક્ષાપાઠ ૪૫.

## રાત્રિભોજન ત્યાગ વિષે કથા, ભાગ–૨

શ્રી મહાવીર ભગવાનની દેશના સાંભળી શ્રી શ્રેણિક રાજા પ્રસન્ન થયા. રસ્તામાં જે મુનિવરનાં દર્શન થયાં હતાં તેમનું વૃત્તાંત જાણવાની ઇચ્છાથી વિનયપૂર્વક તેમણે ભગવાનને વિનંતી કરી કે "હે ભગવાન! આપનાં દર્શને આવતાં એક મુનિવરને હાથી ઉપર રહ્યાં રહ્યાં દીઠા, તે દેખીને મને બહુ પ્રમોદભાવ જાગ્યો; જાણે સિદ્ધશિલા ઉપર દેહરહિત સિદ્ધ ભગવાન જ હોય તેવી એમની અડોલ ધ્યાનમગ્ન દશા જોઈ આશ્ચર્ય થયું હતું. એ મુનિવર કોણ છે? અને એવી દશા પામવાનું મૂળ કારણ શું હશે? તે જાણવાની મને ભાવના રહે છે, તો કૃપા કરીને મને તે જણાવશોજી."

ભગવાને તેમનું વૃત્તાંત જણાવવું શરૂ કર્યું :–

"એક આત્મજ્ઞાની મુનિ, દિવસ આથમવાની તૈયારી હતી તે વખતે, એક તલાવડી પાસે શુદ્ધ સ્થળ જોઈ ધ્યાનમાં લીન થઈ ઊભા રહ્યા. પાસે લોકોને જવાનો રસ્તો હતો, તેથી લોકો તેમનાં દર્શન કરી વાતો કરતા ગામમાં જવા લાગ્યા. કેટલાક ભક્તજનો તે વાત ગોવાળિયાઓ પાસેથી સાંભળી દર્શન કરવાની ભાવનાથી ફળ, ફૂલ, નૈવેદ્યાદિ સામગ્રી લઈ, મુનિવર સમીપ ગયા; તે બધી સામગ્રી તેમની સમક્ષ મૂકી, સ્તુતિ, વંદન કરી બધા ગામમાં પાછા આવ્યા.

રાત્રે એક શિયાળ ફરતું ફરતું તે પૂજાની સામગ્રીની સુગંધથી ત્યાં આવી ચડ્યું; દૂધ, ફળ વગેરે દેખી તે ખાવા



લાગ્યું. મુનિવરને તે ભવ્ય જીવ જાણી કરુણા આવવાથી તેના હિતાર્થે ઉપદેશ દેવાની સ્ફુરણા થઈ. તે બોલ્યા કે, "હે ભવ્ય! અનેક ભવમાં રાત્રે અને દિવસે ખા ખા કર્યું છતાં જીવનું પરિભ્રમણ ટળ્યું નહીં." આ સાંભળી શિયાળે ચારે બાજુ જોયું, પણ કોઈને દીઠું નહીં, એટલે વિચાર્યું કે મને જ આ કહે છે. તેથી ખાવાનું બંધ કરી, તે મુનિવરના મુખ તરફ દૃષ્ટિ રાખી, તે ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યું. ફરી મુનિવર બોલવા લાગ્યા કે "પૂર્વભવે ધર્મ સાંભળ્યો નહીં, આરાધ્યો નહીં, તેથી આ શિયાળનો ભવ પ્રાપ્ત થયો છે. હજી પણ ચેતે તો મોક્ષ દૂર નથી. જન્મવું, મોટા થવું અને મરી જવું; ફરી જન્મવું, મોટા થયા ન થયા ને મરવું પડે આમ અનેક ભવમાં જીવે માત્ર દુઃખ, દુઃખ અને દુઃખ જ દીઠું છે. બીજા જીવો પ્રત્યે ઉપકાર બુદ્ધિ, દયાની લાગણી, મૈત્રી ભાવ, પ્રમોદ ભાવ કે મધ્યસ્થ ભાવ રાખતાં જીવ શીખ્યો નથી. રાત્રે પોતાના સ્થાનથી આહાર આદિ અર્થે જવું એ પણ ઘણા જીવોના વધનું કારણ છે. દિવસે મરણના ડરથી સંતાઈ રહેલા જીવજંતુ રાત્રે આમતેમ ભયભર્યાં ફરતા હોય તે કચડાઈ જાય, વૈર બાંધી મરી જાય, તે બીજા ભવમાં વળી દુઃખ દેવા લાગે. રાત્રે ગમે તેવો આહાર દેખ્યા વિના લે તેને પોતાને પણ રોગ આદિનું કારણ થાય.

[૧]મહાપુરુષો પોકારી પોકારીને કહે છે કે હે યુધિષ્ઠિર! રાત્રિને વિષે પાણી પીવું તે લોહી પીવા બરાબર છે તથા અન્નાદિ ખાવું તે માંસ ખાવા તુલ્ય છે, માટે રાત્રિભોજન

૧. મહાભારતમાંથી

કરનારને લોહી-માંસ વાપરનાર જેટલું પાપ લાગે છે. હે યુધિષ્ઠિર! દયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, મદિરા, માંસ અને મધનો ત્યાગ તથા રાત્રિભોજનનો ત્યાગ એ ધર્મનાં અંગો છે. જે ઉત્તમ બુદ્ધિવાળા જીવો રાત્રિને વિષે હંમેશાં આહારનો ત્યાગ કરે છે, તેઓને એક માસમાં પંદર દિવસ ઉપવાસ કર્યાનું ફળ મળે છે; અને જે જીવન પર્યંત રાત્રિ-ભોજનનો ત્યાગ કરે છે, તેને પોતાના અર્ધા આયુષ્ય સુધીના ઉપવાસનું ફળ મળે છે. વિવેકી ગૃહસ્થે કે ત્યાગીએ તો રાત્રે પાણી પણ પીવું ન જોઈએ.''

આ સાંભળી તે શિયાળ રાત્રિભોજન અને હિંસાથી ભય પામ્યું અને તેણે વિચાર્યું કે આજ સુધી તો ઘણાં પાપ કર્યાં; હવેથી હે ભગવાન! કોઈ જંગમ જીવને જાણી જોઈને આહાર માટે નહીં મારું, અને રાત્રે આહાર તથા પાણીનો જીવન પર્યંત ત્યાગ કરું છું. એવી પ્રતિજ્ઞા મનથી કરી, નમસ્કાર કરી ત્યાંથી તે ચાલી ગયું.

પછી તે શિયાળ દિવસે છુપાતું છુપાતું આમતેમ રખડી જે કંઈ ફળાદિ આહાર બોર, જાંબુ, આદિ મળે તે સૂકાં પાકાં ખાઈ લેતું અને દિવસ આથમ્યા પહેલાં પાણી આદિ ગમે ત્યાંથી પી લેતું. રાત્રે તો તેની બોડમાં જ તે સૂઈ રહેતું, ક્યાંય ફરતું નહીં. આમ ઘણો વખત ગાળ્યો.

એક દિવસે ગ્રીષ્મ ઋતુમાં કંઈ ફળાદિ નહીં મળવાથી બોરડી નીચે પડેલાં સૂકાં બોર ખાઈ પેટ ભર્યું, પણ પાણી મળવું મુશ્કેલ થઈ પડ્યું. જ્યાં જાય ત્યાં તલાવડાં સુકાઈ ગયેલાં. ગામમાં જતાં કૂતરાંની બીક લાગે; એવામાં કોઈ વાવ



તેણે દિવસ આથમવા આવ્યો ત્યારે દીઠી. ત્યાં જઈ અંદર ઊતરવા લાગ્યું પણ અંદર અંધારું દીઠું; એટલે સૂર્ય આથમી ગયો હશે એમ જાણી ઉપર આવ્યું, તો સૂર્યનું બિંબ જમીનને અડેલું દીઠું. એટલે ઝટ ઊતરી પાણી પી લઉં એમ વિચારી ફરી વાવમાં ઊતર્યું; પણ પહેલાં કરતાં વધારે અંધારું લાગ્યું એટલે મુનિનું વચન સાંભરી આવ્યું, અને હવે દિવસ આથમી ગયો હશે એમ ધારી, પાણી પાસે ગયેલું છતાં પીધા વિના બહાર આવી જોયું તો દિવસ ન દીઠો; એટલે તરસથી તરફડીને ત્યાં જ મરી ગયું. પણ પાસે જ પાણી હોવા છતાં પીવા તે લલચાયું નહીં.

તેના ધર્મભાવને લીધે તેણે ઘણું પુણ્ય પ્રાપ્ત કર્યું અને રાજગૃહી નગરીમાં એક ધનાઢ્ય શેઠને ત્યાં પુત્ર તરીકે અવતર્યું. તેનું નામ પ્રીતિંકર પાડ્યું.

---

## શિક્ષાપાઠ ૪૬.
## રાત્રિભોજન ત્યાગ વિષે કથા, ભાગ–૩

પ્રીતિંકર મોટો થયો તેમ તેણે વિદ્યાભ્યાસ પણ સારો કર્યો, કળાકુશળ બન્યો; અને વેપાર વણજમાં પણ પ્રવીણ થયો. એક દિવસે રાત્રે તેને વિચાર આવ્યો કે બાળક નાનું હોય ત્યારે તેની માના ધાવણથી ઊછરે છે, પણ દાંત આવ્યા પછી તે ખાતાં શીખે છે અને માતાને આધારે ખોરાક મેળવવાની પરાધીનતા તજી દે છે; તેમ હું નાનો હતો ત્યાં સુધી માબાપની કમાણીને આધારે સુખસામગ્રી મેળવી ભણ્યો, હોશિયાર થયો. હવે મારા પુરુષાર્થથી મારે કમાણી કરવા

પરદેશ જવું ઘટે છે. વાસી ખોરાક કરતાં તાજું જમણ ઉત્તમ છે, તેમ પોતે કમાણી કરી દાનાદિ કરવું સારું છે.

બીજે દિવસે તેનાં માતાપિતાને તેણે વિનંતી કરી કે મારે પરદેશ વેપાર કરવા જવા વિચાર થાય છે. એટલે તેના પિતાએ કહ્યું કે જેને ઘેર પૈસા ન હોય તે પરદેશનાં દુઃખ વેઠે. આપણે ત્યાં તો સાત પેઢી સુધી ધન ખૂટે તેમ નથી. તથા તું અમારો એકનો એક દીકરો છે તેથી પરદેશ જવાનો વિચાર તું માંડી વાળ. પરંતુ દૃઢનિશ્ચયી હોવાથી માતાપિતાને અનેક રીતે સમજાવી અને અમુક વર્ષે કમાણી થતાં પાછા આવવા કબૂલાત કરી, તે અનેક વહાણ કરિયાણાથી ભરી પરદેશ ગયો. કોઈ દૂરના દ્વીપમાં જઈ, રાજાને ભેટણું આપી ત્યાં વેપાર શરૂ કર્યો. બે ચાર વર્ષમાં તો તે જે વારસો ઘરથી તજીને આવ્યો હતો તેથી વધારે કમાણી કરી, દાન, ધર્મ આદિ સદાચારથી ત્યાં પ્રખ્યાતિ પામ્યો.

ઘણી કુલીન કન્યાઓ તે ત્યાં પરણ્યો, પણ પાછા દેશ જવાનો વિચાર તેને આવ્યો નહીં. લક્ષ્મી વધે તેમ લોભ પણ વધે છે. કોઈ બીજે દ્વીપ ત્યાંથી ગયો, ત્યાં પણ પુણ્યના ઉદયે અઢળક લક્ષ્મી કમાયો, લોકોમાં પંકાયો, ત્યાંના રાજાની કુંવરી પણ પરણ્યો. આમ અનેક દેશમાં ફરતો ફરતો વસુદેવની પેઠે ઘણી સ્ત્રીઓ, ધન, લાવલશ્કર લઈ તે રાજગૃહી નગરીમાં આવ્યો. ત્યારે હે રાજા! તમે પણ તે પ્રીતિંકર શેઠને માનપૂર્વક લેવા સામા ગયા હતા.''

આ વાત સાંભળીને બધી હકીકત પછી શ્રી શ્રેણિકને યાદ આવી. એટલે તે બોલ્યા કે ''શ્રી પ્રીતિંકર મુનિનું શરીર એટલું



બધું બદલાઈ ગયું છે, સુકાઈ ગયું છે કે હું તો તેમને ઓળખી જ શક્યો નહીં.''

પછી ભગવાને આગળ જણાવ્યું કે ''એક વખત અમારું અહીં આવવું થયેલું તે વખતે પુણ્યોદયથી પ્રીતિંકર શેઠ આવ્યા અને સંસારની અનિત્યતા, અસારતા, અશરણતા સાંભળી જે મનુષ્યભવ મળ્યો છે તે સફળ કરી લેવાની તેમને ભાવના જાગતાં સર્વ સમૃદ્ધિનો ત્યાગ કરી મુનિ બન્યા અને અનેક શાસ્ત્રોના પારગામી બની હવે તે અભ્યાસના ફળરૂપ સ્વરૂપ-સ્થિરતા આરાધે છે. આ જ ભવે તે મોક્ષ પામશે.''

આ સાંભળી ઘણા જીવોએ જીવનપર્યંત રાત્રે આહાર પાણી નહીં વાપરવાનો નિશ્ચય કરી ભગવાનની સમક્ષ પ્રતિજ્ઞા લીધી.

રાત્રિભોજન ત્યાગ અથવા દિવામૈથુન ત્યાગ નામની છઠ્ઠી પ્રતિમા શ્રાવકની ગણાય છે. તેનો પરમાર્થ એવો છે કે રાત્રિભોજન ત્યાગ કરનાર દિવસે સર્વ સ્ત્રીસેવનનો ત્યાગ રાખે છે. પોતાની સ્ત્રીને પણ ધર્માત્મા દિવસે સેવે નહીં, કારણ કે તે વૈરાગ્યની વૃદ્ધિ અર્થે કામ-દોષો, સ્ત્રી-દોષો, સ્ત્રીસંગ-દોષો, અશૌચ અને આર્યપુરુષોની સંગતિના વિચારોમાં એકાગ્ર ચિત્તવાળા હોય છે.

''રાત્રે રાંધવામાં પણ ઘણા જીવોનો નાશ થાય; રાત્રે વાસણ ધોવામાં પણ ઘણા જંતુ નાશ પામે; તેમ જ પાણી ઢોળવામાં પણ જમીન ઉપરના જંતુ નાશ પામે. રાત્રે ન રાંધેલી એવી લાડુ જેવી અચેતન વસ્તુઓ, તેમ જ ફળ વગેરે

વસ્તુઓ પણ રાત્રે ન ખાવી; કારણકે દેખી પણ ન શકાય એવા જંતુઓ રાત્રે હોય છે જ. જેમને કેવળજ્ઞાન થયું છે એવા મહાપુરુષોએ, રાત્રે નિર્જંતુક આહારનો અભાવ હોવાથી, રાત્રિ-ભોજનની મના કરી છે.''

(શ્રી હેમચંદ્રાચાર્ય—યોગશાસ્ત્ર)

''રાત્રિભોજન કરવાથી આળસ, પ્રમાદ થાય; જાગૃતિ થાય નહીં; વિચાર આવે નહીં; એ આદિ દોષના ઘણા પ્રકાર રાત્રિભોજનથી થાય છે, મૈથુન ઉપરાંત પણ બીજા ઘણા દોષ થાય છે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૬૯૯)

---

## શિક્ષાપાઠ ૪૭. સર્વ જીવ રક્ષા, ભાગ—૧

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય.''

('શ્રીમદ્ રાજચંદ્ર'આ૦સિ૦ગાથા-૧૩૫)

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેમની કાયા છે એવા સ્થાવર જીવો છે; તેમને એક સ્પર્શ ઇંદ્રિયથી ઠંડું, ગરમ, ભારે, હલકું વગેરે જાણવાની શક્તિ હોય છે; સ્પર્શ અને રસ એ બે વિષયો જાણે તેવા બે-ઇંદ્રિય જીવો, કીડા, જળો, અળસિયાં વગેરે હોય છે; સ્પર્શ, રસ અને ગંધનું જ્ઞાન થાય તેવા ત્રણ-ઇંદ્રિયોવાળા કીડી, મકોડા, જૂઆ આદિ જીવો છે; આંખથી રૂપનું વિશેષ જ્ઞાન જેમને પ્રાપ્ત થાય છે તેવા માખી, પતંગિયાં, મચ્છર આદિ જીવો છે; અને કાન સહિત પાંચે ઇંદ્રિયોવાળાં પશુ, વાનર, પક્ષી, મનુષ્ય, દેવ, માછલાં, નારકી આદિ જીવો હોય છે. તે બધાં પ્રાણીઓ સુખને ઇચ્છે



છે, દુઃખથી ડરે છે; મનવાળાં પંચેન્દ્રિય પ્રાણીઓ સુખનાં સાધન વિચારી તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે; અને દુઃખનાં કારણો સમજાય તેટલાં દૂર કરવા મથે છે.

નારકી જીવોને એક ક્ષણ જેટલો વિસામો નથી, ઊંઘ નથી, ભૂમિના સ્પર્શનું દુઃખ પણ કેવળી ભગવાન જાણે છે, કે તે ભોગવનાર જાણે છે; અતિ તીવ્ર કર્મના ઉદયમાં કોઈ શરણ નથી. સર્વ ક્રૂર, ભયંકર, ઉગ્રરૂપ ધારણ કરનારા, અંગારા જેવી બળતી આંખોવાળા, અશુભ ધ્યાન કરાવનારા, ક્રોધ ઉપજાવનાર ઘોર નારકી ત્યાં છે. ત્યાં નારકીઓના મહા વિલાપ, રુદન, માર અને ત્રાસના ઘોર શબ્દો સંભળાય છે: ''અહો! જ્યારે મનુષ્યપણામાં હતો, ત્યારે મેં આત્મકલ્યાણ કંઈ ન કર્યું; હવે દૈવ અને પુરુષાર્થ બન્ને શક્તિથી રહિત હું શું કરું? પૂર્વે જે જે નિંદવા લાયક કર્મો કર્યાં છે, તે બધાં યાદ કરતાં જ મારું હૃદય બળે છે. જે દુઃખ એક નિમેષ માત્ર સહ્યું જતું નથી, તે અહીં સાગરોપમ કાળ સુધી કેવી રીતે સહન થશે?'' આમ મનમાં સંતાપ થવાથી ઘોર દુઃખ સહન કરે છે. કામભોગના લોલુપી હોય છે તે નરકાદિ ગતિમાં દુઃખને પાત્ર થાય છે. આ પ્રકારે અનેક વાર નરકે જઈને દુઃખ જીવે ભોગવ્યાં છે.

પૃથ્વીકાયમાં જીવ ખોદાય છે, બળાય છે, કચરાય છે, ઓગાળાય છે, એમ અનેક પ્રકારનાં દુઃખ પામે છે. ત્યાં કોણ રક્ષા કરે?

જલકાયમાં જીવ ઉકળાય છે, બળાય છે, મસળાય છે, અન્યમાં મેળવાય છે, ઝેર, ક્ષાર, કડવાશમાં ભેળવાય છે.

તપાવેલી ધાતુ તથા પથ્થર ઉપર રેડાતાં ઘોર દુઃખના શબ્દો કરતાં બળાય છે, પર્વત ઉપરથી પડતાં શિલા પર પછડાય છે, લાકડી વડે કુટાય છે, અંગારા ઉપર રેડાય છે; ઉનાળામાં તપેલી જમીન, ધૂળ વગેરે ઉપર છંટાય છે. એમ વિવિધ દુઃખો પાણીના જીવો સહન કરે છે. પણ કોઈ એની દયા ખાનાર નથી. પૂર્વભવમાં દયાધર્મનું પાલન ન કરવાથી આ ભવમાં તેના ઉપર કોઈ દયા કરતું નથી.

અગ્નિકાયના જીવ દબાતાં, ઓલવાતાં, કુટાતાં, છેદાતાં આદિ અનેક ક્રિયાના પ્રકારમાં ઘોર દુઃખથી પીડાય છે. કોણ રક્ષા કરે?

વાયુકાયમાં આ જીવ પર્વતનાં કઠણ પડખાં ઉપર નિરંતર પછડાય છે. ચામડાની ધમણ, ભૂંગળી કે પંખાથી અગ્નિમાં ધમાય છે. વીંજણા કે વસ્ત્રથી પટકારાય છે. વૃક્ષોના પછાડાથી અથડાય છે, પછડાય છે એમ દુઃખસમૂહને અનેક પ્રકારે વેદે છે.

સાધારણ વનસ્પતિકાય કંદમૂળ આદિમાં એક જીવની ઘાત થતાં અનંત જીવોની સામટી ઘાત થાય છે. વારંવાર તેમને કરવા પડતાં જન્મમરણનાં દુઃખ તો જ્ઞાની જ જાણે છે.

પ્રત્યેક વનસ્પતિમાં પણ જીવ કપાય છે, છેદાય છે, છોલાય છે, સમારાય છે, રંધાય છે, ચવાય છે, તળાય છે, છમકારાય છે, વઘારાય છે, વહેંચાય છે, ચિરાય છે, વટાય છે, ઘસાય છે, ગળાય છે, નિચોવાય છે, ઘાણીમાં પિલાય છે, કચરાય છે. એમ નાના પ્રકારે પરાધીનપણે ઘોર દુઃખો જીવ ભોગવે છે.



કદાપિ કોઈ જીવ ત્રસ (જંગમ) ભવ પામે છે, તો વિકલત્રય (બેઇંદ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય) ભવમાં ઘોર દુઃખ ભોગવે છે. ઇયળ, કીડા આદિ મુખ ફાડી આહાર માટે દોડતાં ફરે છે; કચરાઈ જાય છે, પિસાઈ જાય છે. દયાળુ ધર્માત્મા વિના કોને તેની દયા આવે છે? કીડી, મકોડા, માખી, કરોળિયા, ડાંસ આદિ ભૂખનાં માર્યાં આહાર શોધતાં ફરે છે; રસમાં, પાણીમાં, અગ્નિમાં પડીને કે કચરાઈને મરી જાય છે; ઢોર પશુનાં પૂંછડાંથી, ખરીથી નાશ પામે છે; ચકલાં ચણી જાય છે; ઘરોળી, સાપ ઇત્યાદિ ખોળી ખોળીને મારે છે. કોણ તેમની દયા ખાય છે? મનુષ્યના નખ, હાથ, પગ, દવા આદિથી હણાઈ જાય છે, કચરાઈ જાય છે, કપાઈ જાય છે, દબાઈ જાય છે, મળ, કફ આદિમાં પડીને મરી જાય છે. કોઈ દયા કરતા નથી. અગ્નિમાં અનેક ઘુણ, મેઢ, ઇયળો, ઊધઈ વગેરે લાકડાંમાં પેઠેલાં બળી મરે છે. કરોડો જીવડાં અનાજની સાથે દબાઈ જાય છે, ખંડાઈ જાય છે, ભાડભૂંજાને ત્યાં શેકાઈ જાય છે, રંધાઈ જાય છે, દળાઈ જાય છે. યત્નાથી વર્તીએ તો ઘણા જીવો બચે.

બોર વગેરે ફળ, ફૂલ, શાકભાજી, લીલા સૂકા મેવા, ઔષધમાં વપરાતાં ફૂલ, પાન, છાલને આશરે રહેલાં ઘણાં જીવડાં તથા વાસી રસોઈ, દહીં, દૂધ આદિમાં પડેલા કે ઉત્પન્ન થતા જીવોની રક્ષા કોણ કરે છે?

ચોમાસામાં ઘણા જીવોની ઉત્પત્તિ હોય છે. બધી જમીન જીવડાંથી છવાઈ જાય છે; ઢોરના પગે, મનુષ્યોના પગે,

ઘોડાની ખરીએ, રથ, બળદ, ગાડાં, ગાડી, મોટર, રોલર આદિ વડે જીવડાં કચરાઈ જાય છે, છૂંદાઈ જાય છે, ચૂંથાઈ જાય છે; કોઈ જગાએ તેમના પગ કપાઈ જાય છે, ક્યાંક તેમનાં માથાં કપાઈ જાય છે, ક્યાંક તેમનાં પેટ ફાટી જાય છે; કોણ દયા કરે?

---

## શિક્ષાપાઠ ૪૮. સર્વ જીવ રક્ષા, ભાગ–૨

પંચેન્દ્રિય જીવોમાં જળચર માછલાં, મગર, મહામચ્છ આદિ બળવાન નિર્બળને ખાઈ જાય છે, મચ્છીમારની જાળમાં કે કાંટા વડે માછલાં પકડનારાના કાંટામાં ફસાઈને, કે હોડીમાં બેસી ભાલા વડે મહામચ્છને હણનારા ક્રૂર જનોથી હણાઈને ઘણા જીવો મરે છે; જીવતાં માછલાંને કેટલાંક બાફી ખાય છે. દવાને નામે પણ ઘણાં જળચર પ્રાણીઓના ઘાણ નીકળી જાય છે.

વનચર પંચેન્દ્રિય જીવોમાં મૃગ, ભૂંડ, વાઘ, સિંહ, હાથી, સસલાં આદિ અનેક જીવો સદાય ભયભીત રહે છે; શિકારી કે પારધીથી વીંધાઈ કે પકડાઈને મરણ પામે છે; દરમાંથી પારધી ખોદી ખોદીને કાઢે છે અને મારે છે. બળવાન પશુ નિર્બળને ગુફામાં, પર્વતમાં, વૃક્ષમાં, ખાડામાં છાનાંમાનાં સંતાઈ રહ્યાં હોય ત્યાંથી છળકપટથી પકડીને મારે છે.

પારધી, કસાઈ જેવા ક્રૂર મનુષ્યો યંત્રોથી કે જાળના ઉપાયોથી પશુપક્ષીને પકડીને મારીને વેચે છે, ખાય છે, જીવતાં પ્રાણીઓના પગ કાપીને વેચે છે, જીભો કાપી આપે છે, ઇંદ્રિયો કાપીને વેચે છે, પૂછડાં કાપીને વેચે છે, મર્મસ્થાન



કાપે છે, છેદે છે, તળે છે, રાંધે છે. તે તિર્યંચ ગતિમાં કોઈ શરણ નથી. તિર્યંચોમાં માતા બચ્ચાનું ભક્ષણ કરે છે, તો અન્ય કોણ રક્ષા કરે?

નભચર પક્ષીઓને પણ નિરંતર દુઃખ હોય છે. નિર્બળ પક્ષીઓને બળવાન પક્ષી પકડીને મારે છે. બાજપક્ષી દિવસે મારી ખાય; વાગોલો, ઘુવડ આદિ રાત્રે ફરનારાં દુષ્ટ પક્ષીઓ સંતાઈ રહેલાંની પાસે જઈને તોડી ખાય છે. બિલાડી, કૂતરાં પક્ષીઓને છેતરીને મારે છે. પવનની, પાણીની, વરસાદની, ઝાકળની, ટાઢની ઘોર વેદના ભોગવી ભોગવીને મરી જાય છે. દુષ્ટ મનુષ્યો પક્ષીઓને પકડી વેચે છે, પીંછાં ઉપાડી નાખે છે, ચીરે છે, ઊકળતા તેલમાં જીવતાં તળે છે, રાંધે છે.

હાથી, ઘોડા, ઊંટ, બળદ, ગધેડાં, પાડા આદિ જીવોની પરાધીનતાનાં દુઃખ કોણ કહી શકે? બહુ ભાર ભરે, માર મારે, પીઠ ગળી જાય, માંસ કપાઈને ખાડા પડી જાય, ખાંધ ગળી જાય, નાક નાથને લીધે ગળી જાય, કીડા પડી જાય, કઠોર ભારથી હાડકાંના ચૂરા થઈ જાય, પગ ત્રુટી જાય, મહા રોગી થઈ જાય, વૃદ્ધ-નિર્બળ થઈ જાય તોય બહુ ભાર લાદે છે. પરાધીનતાનું દુઃખ તિર્યંચ જેવું બીજી કોઈ ગતિમાં નથી.

અનીતિથી ધન હરી લીધેલું, છળકપટી થઈને દાન લીધેલું, વિશ્વાસઘાત કરેલો, અભક્ષ્ય ભક્ષણ કરેલું, રાત્રે ભોજન કરેલાં, નિર્માલ્ય દેવ-દ્રવ્ય ખાધેલું, પરના ઉપર આળ મૂકેલું, પોતાનાં વખાણ કરેલાં, પારકી નિંદા કરેલી, બીજાનાં છિદ્ર જોયેલાં, પારકા મિષ્ટાન્નની લાલસા રાખેલી, અતિ

માયાચાર કરેલા, તે બધાનાં આ ફળ તિર્યંચભવમાં જીવ ભોગવે છે.

મનુષ્યભવમાં પણ દુઃખ ઓછાં નથી. કોઈ તો ઢોર પશુ જેવા જ્ઞાનરહિત છે. કોઈ અનાથ બની બીજાને ખાતાં વધેલી એંઠ વગેરે ખાઈને, ભૂખતરસની પીડા સહન કરીને, પારકા ઠપકા, તિરસ્કાર ખમતાં ઊછરે છે. કોઈ શેર અનાજ પેટ ભરવા જોઈએ તે અર્થે એક બોજો માથા ઉપર, એક બોજો પીઠ ઉપર, એક બોજો હાથમાં લાંબે સુધી લઈને ચાલે છે. કોઈ આખો દિવસ પાણી ભર્યા કરે છે. કોઈ રાતદિવસ પરદેશમાં ફર્યા કરે છે. કોઈ પથ્થરનો, કોઈ માટીનો ભાર નિરંતર વહે છે. કોઈ નોકરીમાં પરાધીન રહી મનુષ્યભવ ગુમાવે છે. કોઈ ઢોર પશુની સેવા કરે છે, પાળે છે, તોય પૂરતું પેટ ભરાતું નથી. કોઈ મળમૂત્ર સાફ કરે છે, કોઈ ચામડાં ઉતારે છે—સાફ કરે છે. કોઈ દીન થઈને ઘેરઘેર માગતા ફરે છે. એમ અનેક કર્મને વશ થઈ આત્માને ભૂલીને મનુષ્યભવ વૃથા ગુમાવે છે.

કોઈ પૂર્વજન્મમાં મંદ કષાય, ઉજ્જ્વલ દાન કરનારા અહીં પુણ્ય સહિત જન્મે છે. તેમને પણ ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ થાય છે. સંસાર દુઃખ-સ્વભાવવાળો છે. ભરતચક્રીના નાના ભાઈ બાહુબલીએ બળનો મદ કરીને ચક્રવર્તીનું માનભંગ કર્યું. આવા પુણ્યવંતને આવું બને છે તો બીજાની શી વાત કરવી? કોઈને સ્ત્રી નથી તેનું દુઃખ, તો કોઈને સ્ત્રી છે તો દુષ્ટ, વ્યભિચારિણી, કલહ કરનારી, મર્મ-



ભેદક વચન બોલનારી, ચોરી કરનારી, રોગી હોવાથી નિરંતર દુઃખી છે. કોઈને આજ્ઞા પ્રમાણે વર્તનારી, પતિને પ્રસન્ન કરનારી સ્ત્રી હોય તે મરી જાય ત્યારે તેના વિયોગનું મહા દુઃખ થાય છે.

કોઈ પુત્રરહિત હોવાથી દુઃખી છે, કોઈ કુપુત્ર નીકળવાથી દુઃખી છે, કોઈને યશવાન સુપુત્ર છે, પણ તે પુત્ર મરણ પામતાં તેના વિયોગે મહા દુઃખી થાય છે. કોઈ મહા રોગ અને નિર્ધનતાનાં દુઃખે દુઃખી છે, કોઈ બહુ દીકરીઓ હોવાથી અને તેને પરણાવવા આદિ માટે પૂરતું ધન નહીં હોવાથી દુઃખી છે. કોઈને કન્યા આંધળી, લૂલી, બોબડી, ગાંડી, અપંગ અને કદરૂપી હોવાથી મહા દુઃખી છે. કોઈને માતાપિતાના વિયોગનું દુઃખ થાય છે. કોઈને પિતા કોઈ જોરાવર, નિર્દયી માણસનું દેવું મૂકતા જાય તેનું દુઃખ હોય છે, કારણ કે દેવા જેવું દુઃખ નથી.

આ સંસારવાસ સર્વ પ્રકારે દુઃખરૂપ જ છે. રાજાનો રંક થઈ જાય છે, રંકનો રાજા થઈ જાય છે ઇત્યાદિ મનુષ્યભવમાં ઘણાં દુઃખ છે.

દેવગતિ મળે તોપણ ત્યાં માનસિક દુઃખો હોય છે. વિશેષ ઋદ્ધિધારક દેવને દેખી પોતાને નીચો માની દુઃખ વેદે છે. ઇષ્ટ દેવ-દેવાંગનાના વિયોગનું પણ દુઃખ સાલે છે. પુણ્યહીન દેવ ઇન્દ્રાદિ મોટા દેવોની સભામાં પ્રવેશ કરી શકતો નથી તેનું તેને મહા દુઃખ લાગે છે. આયુષ્ય પૂર્ણ થવાનું હોય ત્યારે દેવલોકમાંથી પોતાનું પતન થશે એમ દેખે છે, ત્યારે જે દુઃખ તેને થાય છે તે ભગવાન કેવળી જ જાણે છે.

સુખ તો પાંચ પાપ-–હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ—ના ત્યાગથી થાય છે. મિથ્યામતિ પાંચ પાપવડે ધનની વૃદ્ધિ, કુટુંબની વૃદ્ધિ, સુખની વૃદ્ધિ ઇચ્છે છે, ઇંદ્રિયના વિષયોની પ્રાપ્તિને સુખ માને છે. પણ તે તો મોહને લઈને થયેલો અંધાપો છે. આ વિપરીત માર્ગ જ અનંત દુ:ખમય સંસારનું કારણ છે. દુ:ખોથી દુ:ખ જ ઊપજે છે. આ પ્રમાણે સંસારનું સ્વરૂપ વારંવાર વિચારવાથી વૈરાગ્ય જાગે તો સંસાર-પરિભ્રમણ દૂર કરવાના ઉદ્યમમાં જીવ કાળજી રાખે; બીજા જીવો પ્રત્યે દયા રાખે, અનીતિ ત્યાગે; સદ્દેવ, સદ્ગુરુ, સદ્ધર્મનું શરણ ગ્રહી આત્મહિત સાધે.

---

## શિક્ષાપાઠ ૪૯. પ્રત્યાખ્યાન

પ્રત્યાખ્યાન એટલે અમુક અહિતનાં કારણોનો ત્યાગ અથવા દોષનાં કારણો ન સેવવાની પ્રતિજ્ઞા. સામાન્ય રીતે ભોગ-ઉપભોગમાં આવતી ચીજો રાગદ્વેષનાં મુખ્ય કારણો લોકોમાં મનાતાં હોવાથી ખાવાપીવા કે મોજશોખનાં કારણોથી થતું પાપ અટકાવવા જે નિયમો કરવામાં આવે છે તેને માટે પચખાણ શબ્દ લોકપ્રસિદ્ધ છે.

શાસ્ત્રમાં મુખ્ય વિષય મોક્ષનો હોય છે, તેથી જન્મમરણ છૂટે તે લક્ષ પ્રત્યાખ્યાનનો છે. ઉત્તરાધ્યયન સૂત્રના સમ્યક્ત્વ-પરાક્રમ નામના ૨૯મા અધ્યયનમાં અનેક પ્રકારનાં પ્રત્યાખ્યાન જણાવ્યાં છે, અને તે બધાનું ફળ મોક્ષ બતાવ્યું છે.

કાયોત્સર્ગથી જે દોષો શુદ્ધ ન થયા હોય તે દૂર થવા



પ્રત્યાખ્યાન કરવાનું હોય છે, એમ જણાવી તે સૂત્રમાં પ્રશ્ન કરેલો છે કે હે ભગવાન! પ્રત્યાખ્યાન વડે જીવ શું ઉત્પન્ન કરે? ઉત્તરમાં જણાવ્યું છે કે મૂળ ગુણ અને ઉત્તર ગુણ રૂપી પ્રત્યાખ્યાન વડે જીવ હિંસાદિક આસ્રવ દ્વારોને રૂંધે છે; ઉપલક્ષણથી પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મોને ખપાવે છે. અહીં નમસ્કાર સહિત—નવકારસી વગેરે પચખાણોનો ઉત્તરગુણ-પ્રત્યાખ્યાનમાં સમાવેશ થાય છે.

સાધુ, સંભોગના પચખાણથી નિરાલંબી થાય છે. તેથી મોક્ષના પ્રયોજનવાળા વ્યાપારવાળો થાય છે, સંતોષવાળો થાય છે, બીજાના લાભનો આસ્વાદી થતો નથી; તેવા તર્કે ચઢતો નથી, સ્પૃહા કરતો નથી, સ્વાદની પ્રાર્થના કરતો નથી, વાસના રાખતો નથી; તેથી બીજી સુખશય્યા એટલે એકલાં રહેવારૂપ સુખશય્યાને અંગીકૃત કરી વિચરે છે.

ઉપધિનું પચખાણ કરનારને સ્વાધ્યાયનો વિઘાત થતો નથી, ઉપધિ રહિત જીવ વસ્ત્રાદિની અભિલાષા રહિત બને છે. તેથી તે ઉપધિ વિના હોવા છતાં ક્લેશ અનુભવતો નથી.

સદોષ આહારનો ત્યાગ કરનારને ઉપવાસ કરવાના થાય. તેથી જીવિતની આશંસા એટલે અભિલાષાનો નાશ થાય છે. તેથી યોગ્ય આહાર ન મળે તોપણ તે પીડા અનુભવતો નથી.

આવાં પ્રત્યાખ્યાન કષાયના અભાવે થાય છે. તેથી કષાયના પ્રત્યાખ્યાન વિષે કહે છે :

હે ભગવાન! કષાયના પ્રત્યાખ્યાનથી જીવ શું ઉત્પન્ન કરે?

ઉત્તર—ક્રોધાદિ કષાયના ત્યાગ વડે જીવ વીતરાગપણાને

અને દ્વેષરહિતપણાને ઉત્પન્ન કરે છે. તેથી જીવ સુખદુઃખને વિષે સમાન ચિત્તવાળો થાય છે.

કષાય રહિત જીવ યોગના પ્રત્યાખ્યાનથી જ મુક્ત થાય છે; મન, વચન, કાયાની પ્રવૃત્તિ રોધવાથી અયોગીપણાને જીવ ઉત્પન્ન કરે છે અને અયોગી જીવ અબંધ બને છે, તથા પૂર્વે બાંધેલાં ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરે છે.

હે ભગવાન! શરીરના પચખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે છે?

ઉત્તર—ઔદારિક આદિ સર્વ શરીરના ત્યાગ વડે જીવ સિદ્ધના અતિશય ગુણોની દશા ઉત્પન્ન કરે છે. તે દશાને પામેલો પુરુષ લોકના અગ્રભાગે જઈ અત્યંત સુખમાં સદા વસે છે.

આમ અનેક પ્રકારનાં પ્રત્યાખ્યાન વીતરાગની આજ્ઞાથી કરે અને તથારૂપ પાળે તો યાવત્ મોક્ષ થાય એવો આશય છે.

''લૌકિકભાવ છોડી દઈ, વાચાજ્ઞાન તજી દઈ, કલ્પિત વિધિનિષેધ તજી દઈ જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી, તથારૂપ ઉપદેશ પામી, તથારૂપ આત્માર્થે પ્રવર્તે તેનું અવશ્ય કલ્યાણ થાય.''

(વૈશાખ, ૧૯૫૬, શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૯૧૮)

''એ કંઈ ખોટું છે? શું? પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો? લઈ શકાય. એ પણ આશ્ચર્યકારક છે.''

(પ્ર.ભા.સુ. ૬, ૧૯૪૬, શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૧૨૮)



# શિક્ષાપાઠ ૫૦. બ્રહ્મચર્ય-અષ્ટક

(ભુજંગી છંદ)

**મંગલપદ્ય**

અનાસક્ત છો અન્યમાં હે અકામી!
રમો આપમાં આપ હે સૌખ્યધામી!
અહો! બ્રહ્મમાં શુદ્ધ ચર્યા, કૃપાળુ,
ગુરુરાજ વંદું મુદા મોહ ટાળું.૭૧

**અવતરણ**

વધે માત્ર સંસાર જેના પ્રતાપે,
ચિરંકાળ જે દેહીને દુઃખ આપે;
સ્વરામા તણો ભોગ એવો ગણે જે,
મતિમાન તે અન્યથી કેમ રીઝે?૭૨

પશુ જાણ જે કામમાં પ્રેમ રાખે,
પશુકર્મ મેધાવીઓ તેહ ભાખે,
ખરે! નામ અન્વર્થ તે ત્યાં જણાયે,
પશુદેહમાં જન્મવું તેથી થાયે.૭૩

યદિ સ્નેહ સ્વસ્ત્રી તણો શ્રેયકારી,
ગણો સજ્જનોને કદી દોષહારી;
તજે કેમ તો પર્વમાં આત્મદારા,
તપસ્વી વ્રતી સર્વદા સર્વ દારા.૭૪

ઊગે સ્ત્રી પુરુષો વિષે કામવૃત્તિ,
અશુચિ ભર્યાં અંગની ત્યાં પ્રવૃત્તિ!

અતિ નિંદ્ય ત્યાં ઉદ્‌ભવે જો અશુચિ,
ધરે સજ્જનો સ્વલ્પ સૌખ્યે ન રુચિ.૭૫

ઘણી દેહમાં બેયને પ્રીતિ વર્તે,
અતિ નિંદ્ય મૈથુનમાં જ્યાં પ્રવર્તે;
મહા મોહ ચિદ્-શત્રુને એ વિકાસે,
નિષેધિત તે દોષ, શાસ્ત્રો પ્રકાશે.૭૬

વ્રતોનાં તરુ મૂળથી છેદવાને,
કુહાડી ખરે! તીક્ષ્ણ પ્રત્યક્ષ જાણે;
ગણે ત્યાજ્ય મૈથુનને સર્વથા તે,
વ્રતી જે સદા શ્રેય આત્મિક ચિંતે.૭૭

યથા મદ્યપી ઝંખતા મદ્ય નિત્યે,
તથા મૈથુને ૯કામીનાં ચિત્ત વર્તે;
નથી ૯દેહીને તે કદા ક્ષેમદાયી,
અહીં, અન્ય લોકે અતિ દુઃખદાયી.૭૮

અરે! ચિત્ત, તું લોલતા સર્વ ત્યાગી,
રતિ-ત્યાગમાં ઉદ્યમી થા, અભાગી;
સુખો ઇન્દ્રવર્ણા સમાં ઇંદ્રિયોનાં,
કદી સેવતાં શ્રેય તારું સધે ના.૭૯

તરુણી તણી સંગતિ વર્જનાર્થે,
વિધિ મેં કહ્યો અત્ર આત્માર્થી અર્થે;
જનો મગ્ન સંભોગ-રાગાર્ણવે, રે!
કરો ક્રોધ ના પદ્મનંદી મુનીંદ્રે.૮૦

(શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ)

---



# શિક્ષાપાઠ ૫૧. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૧

ભરતક્ષેત્રમાં કલિંગ દેશના વસંતપુરનો રાજા વીરસેન હતો. તેને રત્નમાળા નામે સદ્‌ગુણી રાણી હતી. તેમનો પુત્ર ચિત્રસેન સદાચારી, દાતા, વીર અને સુંદર આકૃતિવાળો હતો. ત્યાંના બુદ્ધિસાર નામના મંત્રીનો પુત્ર રત્નસાર હતો, તેની સાથે ચિત્રસેન કુંવરને મૈત્રી હતી.

એક દિવસે વસંતપુરના લોકો રાજા પાસે આવીને વિનયપૂર્વક કહેવા લાગ્યા કે આપના કુંવર ચિત્રસેન રૂપમાં કામદેવ સમાન છે. રાતદિવસ અમને તેમનો ત્રાસ છે. રત્નને પણ યત્નથી રાખવું જોઈએ. તે સાંભળી રાજા વીરસેન વિચારવા લાગ્યા કે પ્રજાને પીડે તેવો પુત્ર શા કામનો? કાન તોડી નાખે તેવું કુંડળ કીમતી હોય તોપણ શા કામનું?

એવામાં ચિત્રસેન કુંવર રાજદરબારમાં આવ્યો અને રાજાને પગે લાગવા ગયો, ત્યારે રાજાએ મુખ ફેરવી દેશવટાનાં પાન આપ્યાં. તેથી પોતાની માતાને મળી, પ્રધાનના પુત્ર પાસે ગયો. તેને પોતાની વાત જણાવી. પ્રધાનનો પુત્ર રત્નસાર તેની સાથે પરદેશ જવા ચાલ્યો.

ચાલતાં ચાલતાં એક વૃક્ષ નીચે બન્ને સૂઈ ગયા. તે વૃક્ષ ઉપર એક યક્ષની વાણી પ્રધાનના પુત્રે સાંભળી, તે સવારે તેણે ચિત્રસેનને કહી સંભળાવી. તેથી કૌતુક જોવાના સ્વભાવ-વાળો તે કુમાર યક્ષે જણાવેલા પાસેના જિનમંદિરમાં ગયો. ત્યાં દર્શન સ્તુતિ કરી બધે ફરીને જુએ છે, ત્યાં એક લાકડાની પૂતળી દેખી રાજાના પુત્રને મૂર્ચ્છા આવી.

રત્નસારે ઠંડા ઉપચારથી સારવાર કરી એટલે ચિત્રસેનની મૂર્ચ્છા વળી ગઈ. પછી તેણે પૂછ્યું કે, ''હે કુમાર! આપને મૂર્ચ્છા કેમ આવી હતી?'' ચિત્રસેને ઉત્તર આપ્યો કે ''આ પૂતળી જેને જોઈને બનાવેલી હોય તે કન્યા ન મળે તો હું બળી મરીશ.''

પ્રધાનપુત્રે તે બનવું બહુ મુશ્કેલ જણાવ્યું. પણ તેના પુણ્ય પ્રભાવે એક મુનિ ત્યાં પધાર્યા. તે કેવળજ્ઞાની હતા. તેમનો ઉપદેશ સાંભળ્યા પછી રત્નસારે પ્રશ્ન કર્યો કે ''હે ભગવાન! આ મંદિરમાં એક પૂતળી છે, તેને જોઈને ચિત્રસેનને મૂર્ચ્છા આવી ગઈ હતી. તે પૂતળી કોણે કરી હશે? અને કોના રૂપ ઉપરથી ઘડી હશે?''

તેનો ઉત્તર કેવળી ભગવાન જણાવે છે કે ''કંચનપુરના ગુણ નામના સુતારને પાંચ પુત્ર હતા. તેમાં નાનો સાગર બહુ હોશિયાર છે. તે એક દિવસે યાત્રા કરવા પદ્મપુરમાં ગયો. ત્યાં શાંતિનાથના મંદિરમાં દર્શન કરવા પદ્મરથ રાજાની પુત્રી પદ્માવતી આવી હતી, તેનું રૂપ જોઈ તે સાગર સુતારે આ પૂતળી બનાવી છે.''

તે વાત સાંભળી ચિત્રસેન મૂર્ચ્છા પામ્યો. ફરી મૂર્ચ્છા વળી ત્યારે રત્નસારે પ્રશ્ન કર્યો કે ''હે ભગવાન! આ ચિત્રસેનને મૂર્ચ્છા કેમ આવી?''

કેવળી ભગવાને કહ્યું કે, ''ભરતક્ષેત્રના દ્રવિડ દેશમાં ચંપાપુરી પાસે ચંપક વન છે, તેમાં એક સરોવર છે. તેના કિનારા ઉપર એક વડનું વૃક્ષ છે, તેના ઉપર હંસ અને હંસલી રહેતાં હતાં. એક દિવસે એક વેપારીએ સરોવરને કિનારે પડાવ



નાખ્યો. બપોરે ભોજનનો વખત થયો ત્યારે કોઈ મુનિ પધારે તો આહારદાન દઈને ભોજન કરું એમ તે ભાવના કરતો હતો. તેવામાં કોઈ એક માસના ઉપવાસી મુનિ પારણા અર્થે આવતા જોઈ તેને હર્ષ થયો. આહારદાન દેતા વેપારીને જોઈને હંસ-હંસલીએ પણ દાનની ભાવના અનુમોદનરૂપે કરી; તેના પુણ્યથી તેમણે મનુષ્યગતિનું આયુષ્ય બાંધ્યું.

એક દિવસે વાંસ પરસ્પર ઘસાવાથી વનમાં દાવાનળ લાગ્યો, તે વખતે હંસલી તેનાં બચ્ચાંને સાચવતી માળામાં બેઠી છે અને હંસ પણ સાથે છે. હંસે કહ્યું કે 'આ અગ્નિના તાપથી બચવા પાણી લઈ આવ, હું બચ્ચાંને સાચવું છું.' હંસલી બોલી, 'બચ્ચાંને માતા સાચવે, માટે તમે જાઓ.' તે સાંભળી તે સરોવરમાં જઈ ચાંચ ભરી પાણી લાવે છે, તેટલામાં દાવાનળ બળતો બળતો પાસે આવી લાગ્યો અને હંસલી તથા બચ્ચાં મરી ગયાં.

હંસ વડ ઉપર આવ્યો, તો બચ્ચાં અને હંસલી મરેલાં જોઈ તેણે પણ મોહથી તેમાં ઝંપલાવ્યું અને મરી ગયો. પણ હંસલી મરતી વખતે એવું ચિંતવન કરતી હતી કે 'હંસથી તાપ સહન ન થયો, તેથી પાણીનું બહાનું કાઢી જતો રહ્યો. પુરુષો સ્વાર્થી, સ્નેહ વિનાના અને દુષ્ટ હોય છે. તેમનું મોં પણ જોવા યોગ્ય નથી.' એવા વિચારમાં તેનું મરણ થયું, તેથી દાનના અનુમોદનના પ્રભાવે તે પદ્મરથ રાજાની પુત્રી પદ્માવતી થઈ. તોપણ તે પુરુષ-દ્વેષિણી બની છે. તેનાં માતાપિતા પરણાવવાનું કહે છે પણ તેને કોઈ પુરુષ ગમતો જ નથી. તેનાં માતાપિતાને મોટી ચિંતા થઈ પડી છે.''

## શિક્ષાપાઠ ૫૨. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૨

કેવળી ભગવાને કહેલી વાર્તા સંપૂર્ણ સાંભળી ચિત્રસેનને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે પોતાના પૂર્વભવને હાથમાંના આમળાની પેઠે સ્પષ્ટ જોવા લાગ્યો; આનંદ પામીને મુનિને નમસ્કાર કરી પૂછ્યું કે "હે ભગવાન! તે કુંવરીનો પુરુષ-દ્વેષ શી રીતે જાય?" મુનિએ જણાવ્યું કે "આ તમારા પૂર્વભવની વાત ચીતરીને તેને બતાવશો તો તે જોઈને તેને પણ જાતિ-સ્મરણ જ્ઞાન થશે; અને તમારી સાથે તે પરણશે."

કેવળી ભગવાનને વારંવાર નમસ્કાર કરી, તે મિત્ર સહિત પદ્મપુર તરફ ચાલ્યો; રાત્રે ત્યાં પહોંચ્યો. એક યક્ષના મંદિરમાં તે બન્ને સૂઈ રહ્યા. તે કાળીચૌદશને દિવસે ત્યાં રાત્રે મેળો ભરાયો હતો, તેથી ચિત્રસેન મૃદંગના અવાજથી જાગ્યો. તરવાર લઈને નિર્ભયપણે ત્યાં ફરે છે. ત્યાં મેળામાં આવેલા બીજા દેવોએ ધનંજય યક્ષને પૂછ્યું કે "આ કોણ છે?" તેણે કહ્યું કે "મારા મંદિરમાં આજે આવેલો અતિથિ છે. તેને મારે પ્રસન્ન કરવો." એવા વિચારથી તેણે કુમારને વર માગવા કહ્યું. તેણે તેમના દર્શનથી પોતાનું મહાભાગ્ય માની તેની માત્ર સ્તુતિ કરી; એટલે યક્ષે કહ્યું કે યુદ્ધમાં તારો જય થશે. એ વાત ચિત્રસેને રત્નસારને પણ જણાવી.

સવારમાં તે બન્ને રાજમાર્ગ ઉપર ગયા. ત્યાં ઢંઢેરો પિટાતો હતો તે તેમણે સાંભળ્યો કે જે કોઈ પદ્માવતી કુમારીના પુરુષ-દ્વેષને દૂર કરશે તેને પદ્મરથરાજા પોતાની પુત્રી પરણાવશે,



અને અર્ધું રાજ્ય આપશે. આ સાંભળીને તેઓ તે ચિત્રકારને ત્યાં ગયા; અને સુંદર ચિત્રો હંસ-હંસલીની કથાનાં ચિતરાવ્યાં.

પછી વેષ બદલીને ગામમાં લોકોને તે ચિત્રો બન્ને જણ બતાવવા લાગ્યા, અને સાથે વૃત્તાંત પણ કહેવા લાગ્યા; તે વિષે ગીતો ગાઈને લોકોને રંજન કરવા લાગ્યા. તે વાત પદ્માવતીના સાંભળવામાં આવી તેથી તે ચિત્રો જોવા અને ગાયનો સાંભળવા બન્ને પરદેશીને તેણે રાજમહેલમાં બોલાવ્યા. પૂર્વના સંસ્કારે તેમને જોતાં તે પ્રસન્ન થઈ; અને ચિત્રો જોતાં જોતાં હંસે દાવાનલમાં ઝંપલાવ્યું તે તેણે જ્યારે દીઠું, ત્યારે તેને મૂર્ચ્છા આવી. શીત ઉપચારથી સખીઓએ તેને ભાનમાં આણી, ત્યારે તે રોવા લાગી કે 'હા! મારો પતિ મારે માટે મરી ગયો!" એમ બોલતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, તેના આધારે તે ચિત્ર લાવનાર જ હંસનો જીવ છે એમ સખીઓ સાથે વાત કરે છે. તેવામાં તે બન્ને ત્યાંથી ચાલ્યા ગયા. તેથી તેમને લાવવા સખીઓને તેણે વિનંતી કરી.

રાજાએ તે વાત જાણી એટલે સ્વયંવરમંડપ રચીને બધા દેશના રાજા અને રાજકુમારોને આમંત્રણ આપી બોલાવ્યા. બધા દેશોમાંથી રાજકુમારો અને રાજાઓ આવ્યા. તેમને પદ્મરથ રાજાએ સ્વયંવરમંડપમાં જાહેર કર્યું કે અમારા કુળમાં એક દેવતાઈ ધનુષ્યની પૂજા થાય છે, તે ધનુષ્ય ઉપર દોરી ચડાવે તેને મારી કન્યા પદ્માવતી વરમાળા આરોપશે.

કન્યા વરમાળા લઈને ઊભી છે. જે ધનુષ્ય પાસે આવે તેનું વર્ણન એક બંદીજન કન્યાને કહી બતાવે છે. પહેલો લાટ

દેશનો રાજા આવ્યો પણ જન્માંધની પેઠે તેને ધનુષ્ય જ દેખાયું નહીં, તેથી તે બધે ખોળીને શરમાઈને પોતાને આસને પાછો ગયો. પછી કાશ્મીરનો રાજા આવ્યો, તેણે અગ્નિની જ્વાળા જેવું ધનુષ્ય દીઠું, તેથી ભય પામી તે પાછો ગયો. કર્ણાટકનો રાજા આવ્યો, તેણે ધનુષ્યને સાપ જેવું દીઠું અને દૂરથી પાછો ફર્યો. એમ અનેક રાજાઓની હાંસી થઈ, પણ કોઈ ધનુષ્યને પણછ ચડાવી શક્યો નહીં. કન્યાને પણ ચિંતા થવા લાગી કે મારો પ્રાણવલ્લભ સુકુમાર છે અને આ ધનુષ્ય તો જબરું છે, તેથી તે ચડાવી શકશે નહીં. એમ ધારી તેને જોવા બધે નજર ફેરવી તો વેષ બદલીને તે બેઠેલો તેના ઉપર નજર પડી, એટલે તે આવ્યો છે એમ જાણી તે હર્ષ પામી.

---

## શિક્ષાપાઠ ૫૩. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૩

ચિત્રસેન કુમાર સામાન્ય માણસના વેષમાં આગળ આવ્યો અને જોતજોતામાં ધનુષ્ય પર દોરી ચડાવી દીધી. તેથી કન્યાએ તેને વરમાળા પહેરાવી, પણ બધા રાજાઓને તે ન ગમ્યું અને લડવા બધા તૈયાર થઈ ગયા કે અજાણ્યા માણસને રાજકન્યા પરણાવવી યોગ્ય નથી. તેને મારવા બધા સામા આવ્યા, પણ સિંહ સામે હરણનું ટોળું કંઈ હિસાબમાં નથી તેમ યક્ષને યાદ કરી તેણે એકલાએ બધાની સામે થઈને સર્વને હરાવ્યા. તેવામાં એક પુરુષે કુમારનું ઓળખાણ આપ્યું કે વસંતપુરના રાજા વીરસેનનો કુંવર ચિત્રસેન જય પામ્યો છે.



પદ્મરથ રાજાએ બધાને કહ્યું કે ''સાંભળો, આ શું કહે છે?'' તે સાંભળી બધા રાજાઓ આનંદ પામ્યા અને ક્ષમા માગી. પદ્મરથ રાજાએ સર્વને સંતોષ્યા અને કન્યા ચિત્રસેન સાથે પરણાવી. થોડા દિવસ ત્યાં રહ્યા પછી ચિત્રસેનને પોતાનું રાજ્ય સાંભર્યું, તેથી ત્યાં જવા રત્નસાર દ્વારા પદ્મરથ રાજાની રજા લીધી. તેમણે પણ તેમને લશ્કર વગેરે સામગ્રી આપી અને કન્યાને સર્વનો વિનય ભક્તિ કરવાની શિખામણ આપી સાથે વળાવી.

રસ્તામાં રાત પડી, ત્યાં મુકામ બધાએ એક મોટા વડ નીચે કર્યો. તે વડ ઉપર યક્ષ અને યક્ષણી રહેતાં હતાં. સર્વે થાકીને ઊંઘી ગયાં હતાં. માત્ર રત્નસાર પ્રધાનપુત્ર જાગતો હતો. તે વખતે યક્ષણી યક્ષને ચિત્રસેન સંબંધી પૂછે છે કે, ''આ કુંવરને તેના પિતા રાજ્ય આપશે કે નહીં?'' ત્યારે યક્ષ અવધિજ્ઞાન બળે કહે છે કે ''એ કુંવરની માતા રત્નમાળા મરી ગઈ છે, અને તેનો પિતા વિમલા નામની પટરાણીને વશ થઈ ગયો છે. વિમલા રાણીનો કુંવર ગુણસેન છે, તેને રાજ્ય મળે માટે રાણીની ખટપટથી રાજા તેને મારવાના ઉપાય કરશે.

નગરમાં પ્રવેશ કરાવતાં તેને તોફાની ઘોડો બેસવા આપશે; તેમાંથી પુણ્યના પ્રતાપે કે મિત્રની મદદથી બચી જશે; તો ચોગાનમાં એક મકાન પડી જાય તેવી યંત્રથી ગોઠવણ કરી રાખશે, તેમાં દબાઈ મરી જવાનો સંભવ છે. તેમાંથી બચશે તો રાણી ઝેરના લાડુ પીરસી મારી નાખવાનો ઇરાદો રાખે છે. એ ત્રણ સંકટોમાંથી બચશે તો એક સાપનો ભય તેને

માથે છે. આ ચારે ભય ટળશે, પછી તે મોટો પ્રતાપશાળી રાજા થશે. પણ કોઈ મિત્ર તેનાં આ સંકટો ટાળીને તે વાત કોઈને કહેશે તો તે પથ્થર થઈ જશે.'' રત્નસારે આ બધી વાત સાંભળી મનમાં રાખી.

વસંતપુર પહોંચ્યા ત્યારે વીરસેન રાજા નગર બહાર તેને લેવા સામા આવ્યા. કુમાર ઘોડા ઉપરથી ઊતરી બહુ વિનયથી પિતાને પગે લાગ્યો. પિતાએ પણ ઉપર ઉપરથી સભ્યતા જાળવવા કુશળતા પૂછી અને તેને બેસવા ઘોડો શણગારીને આણ્યો હતો તે આપ્યો. પણ પ્રધાનના પુત્રે કોઈ જાણે નહીં તેમ તે ઘોડો બદલી નાખ્યો. લોકોએ તથા લશ્કરના બધા માણસોએ જયજયકાર આદિ અવાજ કર્યા, વાજાં વાગ્યાં, પણ ઘોડો ભડક્યો નહીં.

એક મોટો રસ્તો આવ્યો, ત્યાં પેલા મકાન પાસે ઘોડો જાય તે પહેલાં આગળ જઈ રત્નસારે ઘોડાના ઘૂંધા ઉપર પ્રહાર કર્યો; એટલે ઘોડો પાછો ફર્યો અને થોડે દૂર ગયો, ત્યાં તો મકાન પડી જવાથી ઘણાં માણસ દટાઈ ગયાં. બધે હાહાકાર થઈ રહ્યો.

ત્યાંથી ચિત્રસેન ઉપમાતાને મળવા ગયો, નમસ્કાર કરી સર્વના કુશળ સમાચાર પૂછી આનંદ પામ્યો. રાણીએ તેને ઝેર આપવાના વિચારથી પોતાને ત્યાં જ જમવાનું આમંત્રણ આપ્યું; તે રત્નસારે જાણ્યું. તેથી તેણે પોતાની પાસે બે સારા લાડવા રાખ્યા અને ચિત્રસેનની સાથે ગયો. ત્યાં તેણે કુમારના ભાણામાંથી ઝેરના લાડુ લઈ લીધા અને પોતે લઈ ગયો હતો



તે કુશળતાથી બદલે મૂકી દીધા. આ પ્રમાણે ત્રીજું સંકટ પણ મિત્રની મદદથી અને તેના પુણ્યપ્રભાવથી ટળી ગયું.

---

## શિક્ષાપાઠ ૫૪. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૪

એક રાત્રે રાજા વીરસેનને વિચાર આવ્યો કે ધિક્કાર છે મારી બુદ્ધિને! મેં આવા પુણ્યવંત અને કુશળ પુત્રરત્નને મારવાના વિચાર કર્યા; ધિક્કાર છે મારા પુરુષાર્થને! એમ વિચારતાં વિચારતાં તેને વૈરાગ્ય પ્રગટ્યો. રાજ્ય આદિ ઉપરથી મોહ ઘટી ગયો. સવારે ખબર સાંભળ્યા કે મહાવીર ભગવાન ઉદ્યાનમાં પધાર્યા છે; તેથી હર્ષિત થઈને રાજા વીરસેન સપરિવાર નગરજનો સહિત ભગવાનનાં દર્શન કરવા ગયા. દેશના સાંભળી વૈરાગ્યની વૃદ્ધિ થવાથી રાજાને દીક્ષા લેવાના ભાવ જાગ્યા. તેથી ચિત્રસેનને રાજ્યભાર સોંપી, મંત્રી વગેરે સર્વેને જણાવ્યું કે મારી પેઠે ચિત્રસેનની આજ્ઞા સર્વે માનજો.

રાણી વિમલાદેવીને વીરસેને કહ્યું કે તમે અહીં રાજ્યમાં સારી રીતે રહેજો; મારે તો દીક્ષા લેવાના ભાવ દૃઢ છે. રાણીએ પણ રાજાની સાથે દીક્ષા લેવાનું નક્કી કર્યું, તેથી બન્ને રાજા-રાણીનો દીક્ષામહોત્સવ થયો અને ધામધૂમથી તેમને ઉદ્યાનમાં નગરજનો અને ચિત્રસેન આદિ લઈ ચાલ્યા.

ભગવાન પાસે જઈ બન્નેએ નમસ્કાર કરી દુર્લભ એવી ભગવતી દીક્ષાની યાચના કરી. દીક્ષા લઈ બન્ને ભગવાન સાથે વિહાર કરતાં નિરતિચાર ચારિત્ર પાળવા લાગ્યાં.

ચિત્રસેન રાજાએ રત્નસાર મિત્રને પાંચસો પ્રધાનોમાં

મુખ્ય બનાવ્યો, અને તેની મદદથી સારી રીતે પ્રજાને પાળવા લાગ્યો. પણ મંત્રી રત્નસારને હજી ચિંતા હતી કે એક સંકટ હજી રાજાને માથે ઝઝૂમે છે. તેથી રાજારાણીની સાથે ને સાથે જ છાયાની પેઠે ખુલ્લી તરવાર રાખી પહેરાવાળો હોય તેમ સદા ફરવા લાગ્યો. જમતાં, રમતાં, સૂઈ જતાં પ્રધાન સાથે ને સાથે જ રહેતો.

એક રાતે હીંચોળા-ખાટ ઉપર રાજા-રાણી નિરાંતે સૂતાં છે, પણ પ્રધાન ઉઘાડી તરવારે ચોકી કરે છે. તેવામાં એક કાળો નાગ હીંચોળા-ખાટની સાંકળે ઊતરતો રત્નસારે દીઠો કે એકદમ તરવારથી તેને કાપી નાખ્યો. પણ રાણીની જાંઘ ઉપર લોહી પડેલું તે કપડાથી બીતો બીતો પ્રધાન લૂછી નાખે છે. તેવામાં રાજાની આંખ એકાએક ઊઘડી ગઈ અને પૂછ્યું કે ''શું છે?''

પ્રધાન ગૂંચવાયો. જેમ એક બાજુ ઊંડી નદી અને એક બાજુ વાઘ જંગલમાં મળે ત્યાં બન્ને બાજુ મરણ દેખાય, તેમ જો એ વાત જેમ છે તેમ તે કહે, તો યક્ષના વચન પ્રમાણે પથ્થરરૂપ થઈ જવાય તેમ છે અને એક બાજુ રાજાને સંતોષ પમાડ્યા વિના છૂટકો પણ નથી. તેણે વિચાર્યું કે રાજા મારી સેવા કે પુરુષાર્થ ગણે એમ નથી. રાજા અને દુર્જન સરખા ગણાય છે. માટે સાચે સાચું કહેવા દે, એમ વિચારી રાજાને રત્નસારે કહ્યું કે ''જો સાચે સાચી વાત તમને હું જણાવીશ તો હું પથ્થર થઈ જઈશ.''

પણ રાજા કહે કે ''વાત કહેતાં પથ્થર શી રીતે થઈ જવાય?'' તેથી હિંમત રાખીને પ્રધાને જેમ બન્યું હતું તેમ



પ્રથમથી કહેવાનું શરૂ કર્યું કે ''આ રાણીજીને પરણીને આપ લશ્કર સાથે એક વડ નીચે રાત્રિ રહ્યા હતા તે આપને યાદ છે? તે વડ ઉપર જક્ષ રહેતો હતો તેણે આપના સંકટની વાત કરી તે મેં સાંભળી કે તમને તોફાની ઘોડા ઉપર બેસાડી મારી નાખવાની યુક્તિ તમારી અપરમાતાના શીખવવાથી રાજાએ રચી હતી. તે કોઈ ન જાણે તેમ ઘોડો બદલી નાખી મેં નિષ્ફળ કરી હતી.'' એટલી વાત કહેતાં તો પ્રધાન ઢીંચણ સુધી પથ્થરરૂપ થઈ ગયો.

પછી રાજાએ કહ્યું કે 'પછી શું થયું?' પ્રધાને કહ્યું કે ''મકાન પડી ગયું, તે તમને દાટી દેવાની યુક્તિ હતી, તેથી તે સ્થળ પાસે આવતાં મેં ઘોડાના ધૂંધામાં ઘા કર્યો હતો. તેથી ઘોડો પાછો ફર્યો હતો અને તમે બચી ગયા.''

રાજાને જિજ્ઞાસા વધવાથી તેણે ફરી પૂછ્યું કે 'પછી શું થયું?' પણ એટલામાં તો પ્રધાન કેડ સુધી પથ્થર જેવો થઈ ગયો હતો; પણ હિંમત રાખી તેણે કહ્યું કે ''તમને વિમલા-માતાએ જમવાનું આમંત્રણ આપ્યું ત્યારે તમને ઝેરના લાડુ પીરસ્યા હતા, તે મેં બદલી લીધા હતા તે તમે જાણો છો.'' એમ બોલતાં કંઠ સુધી પ્રધાન પથ્થરતુલ્ય થઈ ગયો.

---

## શિક્ષાપાઠ ૫૫. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ—૫

ચિત્રસેન રાજાએ ફરી પૂછ્યું કે 'પછી શું થયું?' એટલે પ્રધાને કહ્યું કે ''આ હીંચોળા-ખાટની સાંકળે કાળો સાપ ઊતરતો હતો તે મેં કાપી નાખ્યો, તેનું લોહી પદ્માવતી

રાણીજીની જાંઘ ઉપર પડ્યું હતું, તે કપડાથી સાફ કરતો હતો અને તમે જાગ્યા.

તમારા પુણ્યના પ્રભાવથી યક્ષે જણાવેલ ચારે સંકટો તમારાં ટળી ગયાં છે.'' એટલું બોલી તે સર્વાંગે પથ્થરતુલ્ય થઈ જમીન ઉપર ઢળી પડ્યો. રાજાને તે જોઈને મૂર્ચ્છા આવી. શીત ઉપચારથી રાણીએ રાજાને સાજા કર્યા. પણ ''હા! મિત્ર, હા! બંધુ, મારે હાથે મેં તારી ઘાત કરી!'' એમ વિલાપ કરતો રાજા તેના ગુણ સંભારી સંભારી પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

''મિત્ર વિના જીવવું વ્યર્થ છે. અનેક પ્રકારે દેશ પરદેશમાં સાથે રહી જેણે રક્ષણ કર્યું, તેનું કહ્યું મેં માન્યું નહીં; મને અવળી બુદ્ધિ સૂઝી; તેથી તેણે પોતાના પ્રાણની ઘાત થાય તેવો રસ્તો જાણી જોઈને લીધો. હવે મારે એ મિત્ર પાછળ મરવું જ યોગ્ય છે.'' એમ વિચારી આપઘાતની તૈયારી કરે છે.

તે વખતે પદ્માવતી વિચારે છે કે બહુ ભૂંડું થાય છે. કંઈક કાળ વિલંબ થાય તેવો રસ્તો-ઉપાય લેવા યોગ્ય છે. રાજા ને પ્રધાન મરી જશે તો નિંદા અને આત્મહાનિ થશે, રાજ્ય નાશ પામશે. તેથી તેણે વિનયપૂર્વક રાજાને જણાવ્યું કે ''કાયર પુરુષો સંકટ સમયે આત્મઘાતનો વિચાર કરે છે; પણ આપના જેવા વિચારવાન તો દુઃખ આવી પડ્યું હોય તેનો ઉપાય શોધે છે. આપના મરવાથી પ્રધાનપુત્ર બચશે નહીં. તેથી મારું કહ્યું માનો, 'તો એક દાનશાળા ખોલો અને જે કોઈ પરદેશી આવે તેને તેની ઇચ્છા પ્રમાણે દાન, માન આપી, તે



કંઈ જાણતો હોય તો પ્રધાન રત્નસારને સાજો કરવાના ઉપાય પૂછવા.' અનેક દેશોમાંથી જોગી, જતિ, સંન્યાસી, રક્તાંબરી, દિગંબરી, શ્વેતાંબરી, મંત્રવાદી, ધાતુવાદી કે જડીબુટ્ટીના જાણનારા આવશે. કોઈ ને કોઈ દવાની, મંત્ર આદિની ટેકી લાગી જાય, તો એ એક ઉપાય હાલ આપણા હાથમાં છે.''

રાજાને તે સલાહ પસંદ પડી. એક દાનશાળા ખોલી અને જે કોઈ ઉપાય બતાવે તે રાજા કરવા લાગ્યા. પણ કોઈ ઉપાયે પ્રધાનના શરીરમાં ફાયદો થતો જણાયો નહીં. તેથી રાજા-રાણી બન્ને નિરાશ થયાં. હવે શું કરવું, તેનો વિચાર કરતાં રાજાને એમ સૂઝી આવ્યું કે જે યક્ષના વચનથી તે પથ્થર જેવો થઈ ગયો છે, તે યક્ષ પાસે જ જવું અને તે જે કંઈ બતાવે તે કરવું. એમ વિચારી રાજા એકલો રત્નસારના પુત્રને રાજ્ય સોંપી, ચાલી નીકળ્યો.

તે વડ પાસે રાજા પહોંચ્યો ત્યારે તે થાકીને લોથ થઈ ગયો હતો, તેથી સૂઈ ગયો. પણ મિત્રવિયોગની ચિંતાને લીધે તેને ઊંઘ આવી નહીં. તેને જોઈને યક્ષણીએ યક્ષને પૂછ્યું કે ''આ કોણ છે? અને દુઃખી કેમ દેખાય છે?'' યક્ષે તેની ઓળખાણ આપી કે ''અહીં તે તેના મિત્ર સાથે લશ્કર સહિત આવ્યો હતો અને તારા પૂછવાથી તેના ઉપરનાં ચાર સંકટો તને જણાવ્યાં હતાં, તે તેના મિત્રે દૂર કર્યાં. પણ એ વાત કોઈને કહેશે તો તે પથ્થર થઈ જશે એમ મેં કહ્યું હતું, છતાં તેણે રાજાને વાત કરી; તેથી તે પથ્થર થઈ ગયો છે. માટે રાજા મિત્રના દુઃખે દુઃખી થઈ અહીં આવ્યો છે.''

દયા આવવાથી યક્ષણીએ ફરી પૂછ્યું કે "તો હવે તે પ્રધાન પાછો હતો તેવો શી રીતે થાય?" યક્ષે કહ્યું કે "કોઈ સતી શીલવંતી સ્ત્રી પોતાના પુત્રને ખોળામાં લઈ, તેના ઉપર હાથ ફેરવે, તો તે ઊંઘમાંથી ઊઠે તેમ ચૈતન્યવંત થશે." રાજાએ આ વાત સાંભળી, તેથી તેને નિરાંત વળી. તેથી પછી ઊંઘી ગયો.

સવારે ઊઠીને પોતાના નગર તરફ ચાલ્યો. નગરમાં તે આવ્યો તેથી સર્વેને આનંદ થયો. પદ્માવતીને મળીને સર્વ વાત કહી સંભળાવી. પદ્માવતી ગર્ભવતી હતી. થોડા દિવસમાં તેને પુત્ર અવતર્યો. રાજાએ તે પુત્રને નિમિત્તે મહોત્સવ કરી, સર્વ મંદિરોમાં પૂજા પ્રભાવના કરાવી. પછી ધર્મસેન એવું પુત્રનું નામ પાડ્યું.

## શિક્ષાપાઠ ૫૬. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૬

ચિત્રસેન રાજાએ એક દિવસે બધા નગરજનોને દાનશાળામાં ભેળા કર્યા તથા રત્નસારના શરીરને સ્નાનાદિથી પવિત્ર કરી ત્યાં રાખી મૂક્યું અને પદ્માવતી પણ પુત્રને લઈને ત્યાં આવી. રાજા-પ્રજાની સમક્ષ પદ્માવતી પુત્રને ખોળામાં લઈને યક્ષના વચનને સંભારીને તથા પરમેષ્ઠી ભગવંતને હૃદયમાં રાખીને બોલી કે "હે લોકપાળો! હે સૂર્ય! હે પવન! હે વિમાનવાસી દેવો! જો મન, વચન, કાયાથી મેં નિર્મળ શીલ પાળ્યું હોય તો મારા હાથના સ્પર્શથી આ રત્નસાર પ્રધાન સજીવન થાઓ!" એમ બોલીને તેણે રત્નસારને શરીરે હાથ અડાડ્યો કે તે ઊંઘમાંથી ઊઠે, તેમ ચૈતન્યવંત થયો.



ચિત્રસેન રાજા ઊઠીને તેને ભેટ્યો અને અત્યંત હર્ષ પામ્યો. પુત્રજન્મના ઉત્સવમાં મિત્રનો વિયોગ મટ્યો, તે સાકર ઉપર ઘીની ધાર કરે તેવું બન્યું. ચિત્રસેન રાજા રત્નસારની મદદથી પ્રજાપાલન ઉત્તમ રીતે કરે છે અને પદ્માવતી સહિત ત્રણે જણ ધર્મનું આરાધન પણ ભાવપૂર્વક કરે છે.

એક દૂત રાજસભામાં એક વખતે આવીને કહેવા લાગ્યો કે સિંહપુરના રાજા સિંહશેખરને પોતાના લશ્કરનું અભિમાન વર્તે છે, તેથી ખંડણી ભરતો નથી. સરહદ ઉપરના ગામમાં તોફાન કરે છે, રાજ્યની કંઈ સેવા પણ કરતો નથી, ઊલટો ગાયો હાંકી જાય છે. તે સાંભળી રાજાએ લડાઈની તૈયારી કરાવી; લશ્કર લઈને સિંહપુર જવા નીકળ્યો.

રસ્તામાં એક ભયંકર વન આવ્યું, ત્યાં રાત્રિ ગાળવા બધા સૂતા. મધ્યરાત્રે સર્વે ઊંઘે છે, ત્યારે રાજાએ કોઈની બૂમ સાંભળી. નિર્જન વનમાં કોણ રડે છે, તે તપાસ કરવા તરવાર લઈને રાજા અવાજને આધારે ચાલવા લાગ્યો. થોડે દૂર એક ઝાડ નીચે એક વિદ્યાધરને હાથે પગે બેડીઓ જડી હતી, તેને જોઈને રાજાએ પૂછ્યું કે "તમે કોણ છો? અને આ દશા તમને કેમ પ્રાપ્ત થઈ?" તેણે કહ્યું કે મને છૂટો કરો એટલે વાત કહું. તેની બેડીઓ રાજાએ તોડી નાખી. પછી તે વિદ્યાધરે પોતાની વાત શરૂ કરી :

"હેમરથ વિદ્યાધર નૃપતિનો હું હેમમાલી નામનો કુંવર

છું. નંદીશ્વર યાત્રા કરવા જવા હું ઘેરથી મારી સ્ત્રી હેમચૂલા સહિત વિમાનમાં બેસીને નીકળ્યો. અહીં આવતાં, અમારી પાછળ એક વિદ્યાધર મારી સ્ત્રી ઉપર મોહ પામેલો આવ્યો; તેણે મારી આવી દશા કરી, મારી સ્ત્રીને તે લઈ ગયો છે. તમે મને બેડીઓમાંથી મુક્ત કર્યો છે, તેમ મારી પત્નીને પણ લાવી આપો એવી મારી પ્રાર્થના છે.''

રાજાએ તેને મદદ કરવા હા પાડી; અને વિમાનમાં બેસીને બન્ને આકાશમાં ચાલ્યા. થોડે દૂર જતાં તેમણે તે વિદ્યાધર આદિને દીઠાં એટલે રાજાએ તેમને હાંક મારી કહ્યું કે ''લુચ્ચાઓ, પરદારાનું હરણ કરીને ક્યાં જાઓ છો? તમને હું જરૂર મારીશ.'' એ ગર્જના સાંભળતાં જ એક વિદ્યાધર અને એક સ્ત્રી વિના બધા નાસી ગયા. પછી તે વિદ્યાધર સાથે રાજા લડ્યો અને તેને હરાવ્યો. પરદારા હરનારનો પરાજય જ થાય છે. મોંમાં તરણું ઘાલીને તે તેને તાબે થયો; અને પોતાની વાત કહેવા લાગ્યો :–

''કાંતિપુરના વિદ્યાધર રાજાનો હું રત્નચૂડ નામનો પુત્ર છું. વિદ્યા સાધવા ગંધમાદન પર્વત ઉપર હું મિત્રો સહિત ગયો હતો. ત્યાંથી વિદ્યા સાધી પાછા ફરતાં મેં આ હેમમાલી અને તેની સ્ત્રીને જોયાં. વિદ્યાના પ્રભાવથી અનેક કૌતુક હું કરું છું, તે દેખો, એમ મેં મિત્રોને કહ્યું; અને તે જોઈને તે બધા ઘણું હસવા લાગ્યા. આશ્ચર્યકારી પ્રસંગો જોઈને કોને હસવું ન આવે?

ખૂબ હસતા મિત્રોને જોઈને હેમમાલી ખીજવાયો અને ગાળો દેવા લાગ્યો. તેથી મને ક્રોધ ચડ્યો. તેથી તેને બેડીઓ



પહેરાવી, તેની સ્ત્રીને લઈને અહીં આવ્યો. તે કોણ છે? તથા કોની પુત્રી છે? એમ પૂછ્યું, તો તે અમારા ગોત્રની કન્યા નીકળી. મેં તો પહેલાં સદ્‌ગુરુની સમક્ષ શીલવ્રત લીધેલું છે; નહીં તો હરણ કરી આણેલી સ્ત્રીનું ગોત્ર કોણ પૂછે?''

રત્નચૂડની વાત સાંભળીને ચિત્રસેને તેના શીલવ્રતનાં વારંવાર વખાણ કર્યાં. હેમમાલી ચિત્રસેનને નમસ્કાર કરીને કહે છે કે ''તમે મને જીવિતદાન આપ્યું અને અમારા કુળની વૃદ્ધિ કરી છે, તેથી હું તમને બે વિદ્યારત્ન આપું છું. એક જ્યાં જવું હોય ત્યાં લઈ જાય તેવો પલંગ છે; અને એક શત્રુંજય નામનો દંડ છે, તે શત્રુને શિક્ષા કરે છે, અને જીવિતદાન પણ આપે છે.''

રત્નચૂડે રૂપ-પરિવર્તન કરવાની ગુટિકા આપી, તે લઈને રાજાએ બન્ને વિદ્યાધરોનો વિરોધ શાંત કરી પરસ્પર પ્રીતિ કરાવી, તેમને વિદાય કર્યા; અને પોતે લશ્કરમાં આવ્યો. સવારે સર્વની સાથે સિંહશેખરના રાજ્ય તરફ ચાલ્યો.

---

## શિક્ષાપાઠ ૫૭. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૭

સિંહશેખરના રાજ્યની હદ પાસે ચિત્રસેનનું સૈન્ય આવ્યું ત્યારે એક દૂતે આવીને ખબર કહી કે સિંહશેખર રાજા મારી મારફત કહેવરાવે છે કે તમે શ્રેય ઇચ્છતા હો તો મારા રાજ્યમાં પ્રવેશ કરશો નહીં. તેને ચિત્રસેને ગુસ્સે થઈને જણાવ્યું કે ''તારા રાજાને લડવા તૈયાર થવા જઈને કહે.''

તે સમાચાર દૂતે સિંહશેખરને કહ્યા, તેથી લશ્કર લઈને તે સામે લડવા આવ્યો. બન્ને તરફના યોદ્ધા ખૂબ લડ્યા. સિંહશેખરના લશ્કરનાં ચિત્રસેન વખાણ કરતો. પછી સિંહશેખર જાતે લડવા આવ્યો, ત્યારે ચિત્રસેને શત્રુંજય દંડ સંભાર્યો. તેના પ્રભાવથી લશ્કરનાં બધાં માણસો જમીન ઉપર ઢળી પડ્યાં. માત્ર એક સિંહશેખર ઊભો રહ્યો. સિંહશેખર ઘોડા ઉપરથી ઊતરી હાથ જોડીને ચિત્રસેનને શરણે આવ્યો. ભય વિના પ્રીતિ થતી નથી.

સિંહશેખર કહેવા લાગ્યો કે ‘હું અપરાધી છું. મને યોગ્ય લાગે તે દંડ દો.’ દયા લાવીને ચિત્રસેને દંડને શુભ કરવાનો આદેશ કર્યો કે બધા જીવતા થયા. બધા લશ્કર સાથે સિંહશેખરને સિંહપુરમાં લઈ જઈ ગાદીએ બેસાડ્યો અને દર વર્ષે ખંડણી આપવાનું માન્ય કરાવ્યું. સરહદ ઉપરનાં બીજાં રાજ્યોમાં પણ આણ મનાવી, રાજા વસંતપુરમાં પાછો આવ્યો. રત્નસાર સામો લેવા આવ્યો. પદ્માવતી વગેરે આનંદ પામ્યાં. તેનો પુત્ર ધર્મસેન પણ સામો આવ્યો હતો; બધાની સાથે રાજાએ નગરમાં પ્રવેશ કર્યો. અંતઃપુરમાં જઈને પદ્માવતીને મળ્યો.

પ્રધાન, રાજા અને રાણી પ્રજાપાલન કરતાં ધર્મધ્યાનમાં, દીનજનો ઉપર ઉપકાર કરવામાં, જીર્ણોદ્ધાર કરવામાં, દાન પૂજા વગેરેમાં દિવસો ગાળવા લાગ્યાં. એક દિવસે વાત કરતાં, જ્યાં જવું હોય ત્યાં લઈ જાય તેવા પલંગની પરીક્ષા કરવા વિચાર થયો. તેથી તેના ઉપર બેસીને પૂજાની સામગ્રી લઈ



અષ્ટાપદ પર્વત ઉપર જવાની ઇચ્છા કરી એટલે આકાશમાર્ગે નીચેનો પ્રદેશ જોતાં જોતાં અષ્ટાપદ પર્વત પર પહોંચ્યાં. ત્યાં ચોવીસ તીર્થંકર-બિંબ તેમના શરીર જેવાં અને જેવડાં દીઠાં. દરેકની પૂજા કરી, બીજાં પણ તીર્થોની યાત્રા કરી ત્રણે જણ પાછાં વસંતપુરમાં આવ્યાં.

કેટલાક દિવસ ગયા પછી દમસાર નામના કેવળજ્ઞાની વસંતપુરના બાગમાં પધાર્યા છે, એમ જાણી રાજાને હર્ષ થયો તેથી ખબર લાવનાર માળીને પોતાનાં વસ્ત્ર અલંકાર આપી દીધાં. પછી મિત્ર, સ્ત્રી અને પરિવાર સહિત રાજા મુનિને વાંદવા ગયા; નમસ્કાર કરી યથોચિત આસને બેસી દેશના સાંભળી, હળુકર્મી તે ત્રણેએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

ધર્મસેન પુત્રને ગાદી આપી તથા રત્નસારના પુત્ર સુમતિને પ્રધાનપદ આપી, ગુરુ પાસે રાજા, રાણી અને પ્રધાન આવ્યાં. કેવળી ભગવાનને દીક્ષા આપવા તેમણે યાચના કરી અને ભગવતી દીક્ષા તેમની કૃપાથી અંગીકાર કરી. નિરતિચાર ચારિત્ર પાળી ત્રણે સમાધિમરણ કરી અચ્યુત દેવલોકે દેવ થયાં. શીલના પ્રભાવે સમ્યક્ત્વ પામી, દેવતાનાં સુખ ભોગવી ક્રમે કરી તે મોક્ષે જશે.

* * *

શીલના પ્રભાવથી લક્ષ્મી, પુત્ર, પુત્રી, સ્ત્રી, મોટાઈ અને કીર્તિ પ્રાપ્ત થાય છે. શીલના પ્રભાવથી પાપ, ભૂત, વેતાલ, સિંહ, સાપ આદિના ભય નાશ પામે છે. બુદ્ધિમાનોએ શીલનો પ્રભાવ ઘણો વર્ણવ્યો છે, તે જાણી ભવ્ય જીવોએ શીલ

નિરંતર પાળવા યોગ્ય છે. દેવનાં, મનુષ્યનાં સુખ શીલના પ્રભાવથી પામી મનુષ્ય પરમપદ એટલે મોક્ષ પામે છે.

''વર્તમાનકાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્યસેવન, શુદ્ધ સાત્ત્વિક આહાર-પાન અને નિયમિત વર્તન છે.''

(વૈ. સુ. ૯ સં. ૧૯૫૬, 'શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશનોંધ-૨૧)

''સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષ સંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે 'બ્રહ્મચર્ય' અદ્ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે.''

(શ્રીમદ્ રાજચંદ્ર હાથનોંધ-૩/૧૯)

---

## શિક્ષાપાઠ ૫૮. ક્ષમાપના પદ્ય

(લાવણી)

હે નાથ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો,
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો;
તમ વચન અમૂલખ, લક્ષમાંહીં નહિ લીધાં,
નહિ તત્ત્વ વિચારથી, કહ્યાં તમારાં કીધાં.૭૧

સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું,
તજી યાદી આપની, મેં જ બગાડ્યું મારું;
પ્રભુ! દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી,
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી.૭૨



હું ભૂલ્યો, આથડ્યો, અને રખડ્યો ભારી,
આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી;
હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી,
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહીં, પ્રભુ! મુજથી.૭૩

હે પરમાત્મા! હું પ્રપંચમાંહિ પડ્યો છું,
હું મૂઢ, નિરાશ્રિત, જ્મહા જ્ખુવાર બન્યો છું;
બની અંધ અમિત અજ્ઞાનથી જ્ભૂલ્યો ભક્તિ,
નથી નિશ્ચય મુજમાં, નાથ! વિવેકની શક્તિ.૭૪

ઓ રાગરહિત પ્રભુ! મુજને જાણી અનાથ,
આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ;
હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું,
તુમ ધર્મ સાથ તુમ મુનિનું શરણ સ્વીકારું.૭૫

હું માગું છું પ્રભુ! મુજ અપરાધની માફી,
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંઈ;
એ અભિલાષા, અવિનાશી, પૂરણ કરજો,
મુજ દોષ દયાનિધિ, દેવ દિલે નવિ ધરજો.૭૬

હું પાપનો પશ્ચાત્તાપ હવે કરું છું,
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું;
તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે,
એ મુંજ સ્વરૂપનો, વિકાસ નાથ કરે છે.૭૭

છો આપ નીરાગી, અનંત ને અવિકારી,
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ જ્ણાણું સુખકારી;
છો સહજાનંદી અનંતદર્શીજ જ્ઞાની,
ત્રૈલોક્ય પ્રકાશક, નાથ! શું આપું નિશાની?૭૮

મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી,
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી;
તુમ પ્રણીત તત્ત્વમાં, શંકાશીલ ન થાઉં,
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં.૯

મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો,
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો;
હે સર્વજ્ઞ પ્રભુ! શું વિશેષ કહું હું તમને,
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને.૧૦

હું કેવળ પશ્ચાત્તાપથી દિલ દહું છું,
મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું;
ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ,
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ.૧૧

(ધારશીભાઈ કુશળચંદ સંઘવી)

---

## શિક્ષાપાઠ ૫૯. વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે

વિનય એટલે બહુમાનપૂર્વક વર્તવું, સભ્યતા કે નમ્રતા એટલો જ અર્થ ન કરવો; પરંતુ તેની વ્યુત્પત્તિ પ્રમાણે, કર્મ દૂર કરવાં અને આત્માને સિદ્ધિ પ્રત્યે દોરવો તે પરમાર્થે વિનય છે.

‘‘ભગવાન મહાવીરે કહ્યું છે કે જિતેન્દ્રિય પુરુષો વિનય, શ્રુત, તપ અને આચાર એ ચાર સમાધિ-સ્થાનોમાં પોતાની જાતને યોજે છે. તેમાં વિનય-સમાધિના પાછા ચાર પ્રકાર છેઃ—



૧. ગુરુ કહે ત્યારે સાંભળવાની ઇચ્છા રાખવી,
૨. તેને બરાબર સમજવું,
૩. તે પ્રમાણે આચરણ કરવું, અને
૪. તે બાબતનો મદ ન કરવો.

મૂળમાંથી જેમ વૃક્ષનું થડ થાય છે; થડમાંથી શાખાઓ થાય છે; શાખાઓમાંથી પ્રશાખાઓ થાય છે; પ્રશાખાઓમાંથી પાન થાય છે; અને પછી પુષ્પ, ફળ અને રસ થાય છે; તેમ ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય એટલે કે કેળવણી છે. તેના વડે શીઘ્ર કીર્તિ તથા સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થાય છે; અને અંતે ફળના રસરૂપ મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. પશુ જેવો જે મનુષ્ય ક્રોધી, મદમત્ત, અપ્રિયવક્તા, માયાવી અને શઠ હોઈ, અવિનીત (અસંસ્કારી) રહે છે, તે પ્રવાહમાં તણાતા કાષ્ઠની પેઠે સંસાર પ્રવાહમાં તણાયા કરે છે. ગુરુ વિવિધ ઉપાયો વડે વિનય અથવા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરે, છતાં જે મૂર્ખ ઊલટો ગુસ્સે થાય છે, તે પોતાને હાથે દિવ્ય લક્ષ્મીને જ લાકડી વડે પાછી કાઢે છે.

હાથી, ઘોડા વગેરે સવારીનાં પ્રાણીઓમાં પણ જેઓ સુવિનીત હોય છે, તેઓને આભૂષણ, માવજત વગેરે કેટલી બધી ઋદ્ધિ પ્રાપ્ત થાય છે, તથા તેઓ યશસ્વી થઈ કેવું સુખ ભોગવે છે! પરંતુ જે પ્રાણીઓ અવિનીત હોય છે, તેમની પાસે સામાન્ય ગધ્ધાવૈતરું જ કરાવવામાં આવે છે; અને માવજત, આહાર વગેરેની બાબતમાં પણ તેઓ દુઃખ જ ભોગવે છે. તે પ્રમાણે જગતમાં જે સ્ત્રી, પુરુષો સુવિનીત નથી હોતાં, તેઓને વધબંધનાદિ દુઃખો જ ભોગવ્યાં કરવાં પડે છે,

પરંતુ સુવિનીત સ્ત્રી-પુરુષો ઋદ્ધિ અને યશ પ્રાપ્ત કરી સુખી થાય છે. દેવોમાં પણ જેઓ સુવિનીત હોય છે, તેઓ ઇન્દ્રાદિ પદ પ્રાપ્ત કરી ઋદ્ધિ અને યશ યુક્ત બને છે, તથા સુખ ભોગવે છે; અને જેઓ અવિનીત હોય છે, તેઓ દાસ, નોકર વગેરેની સ્થિતિ પ્રાપ્ત કરી દુઃખ ભોગવે છે.....

જીવિતની ઇચ્છાવાળો હોઈને સળગતા અગ્નિમાં પ્રવેશ કરે, કે મહા ઝેરી નાગને છંછેડે, કે હલાહલ વિષનું ભક્ષણ કરે, તેના જેવું ગુરુને અપ્રસન્ન કરનાર શિષ્યનું વર્તન છે. અરે! અગ્નિમાં પ્રવેશવા છતાં અગ્નિ ન બાળે, ઝેરી નાગ ચિડાવા છતાં ન કરડે, કે હલાહલ ખાવા છતાં પણ ન મરાય—એ બધું બનવું કદાચિત્ સંભવિત પણ છે; પરંતુ ગુરુની અવહેલા કરીને જ્ઞાન પ્રાપ્ત કરવું એ તો અશક્ય વસ્તુ છે. આચાર્ય અપ્રસન્ન થાય તો બોધિનો જ નાશ થાય અને પરિણામે અનંત જન્મ-મરણ કરવાં પડે. માટે મોક્ષ-સુખાભિલાષીએ ગુરુની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો.

અગ્નિહોત્રી બ્રાહ્મણ જેમ વિવિધ પ્રકારની આહુતિઓ અને મંત્રો વડે અભિષિક્ત અગ્નિને નમસ્કાર કરે છે, તેમ અનંત-જ્ઞાની શિષ્યે પણ ગુરુની વિનયપૂર્વક શુશ્રૂષા કરવી. જેની પાસેથી ધર્મપદો શીખ્યા હોઈએ, તેના પ્રત્યે વિનયથી વર્તવું જોઈએ, તથા હંમેશાં માથું નમાવી, હાથ જોડી, મન વાણી કાયાથી તેનો સત્કાર કરવો જોઈએ.

મુમુક્ષુ જીવને વિશુદ્ધ કરનાર લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્ય વગેરે ગુણોનો જે ગુરુ મને સતત ઉપદેશ આપે છે, તે ગુરુને હું પણ સતત પૂજું. જેમ રાત્રિ પૂરી થયા બાદ સૂર્ય



સંપૂર્ણ ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેમ આચાર્ય પણ પોતાના શાસ્ત્રજ્ઞાનથી, ચારિત્રથી અને બુદ્ધિથી સંપૂર્ણ પદાર્થોનું સ્વરૂપ પ્રકાશિત કરે છે.....

ગુરુસેવા બાબત આ બધા ઉપદેશો સાંભળીને મુમુક્ષુએ આચાર્યની પ્રમાદરહિતપણે શુશ્રૂષા કરવી. તેમ કરનારો શિષ્ય અનેક ગુણોની આરાધના કરીને અંતે સર્વોત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એમ હું કહું છું.'' *

(દશવૈકાલિક વિનય અધ્યયન)

---

* ''जे आवि मंदत्ति गुरुं वइत्ता, डहरे इमे अप्पसुअत्ति नच्चा ।
हीलंति मिच्छं पडिवज्जमाणा, करंति आसायण ते गुरूणं ।।२।।''

(દશવૈકાલિક અ. ૯ ઉદ્દેશક ૧)

**ભાવાર્થ**— વળી ગુરુ મંદ છે એટલે ક્ષયોપશમની વિચિત્રતાથી શાસ્ત્ર યુક્તિ વડે સમાલોચના કરવા અસમર્થ છે, સત્ પ્રજ્ઞાથી રહિત છે, એમ જાણી અગંભીર દ્રવ્યસાધુ કે સાધકવર્ગ પોતાને આચાર્ય માની, કોઈ કારણસર નાની ઉંમરના કે અલ્પશ્રુતના અભ્યાસી એવાને આચાર્ય તરીકે જ્ઞાનીએ સ્થાપેલા હોય તેમની ઈર્ષાદિકથી મશ્કરીમાં અવગણના એવી કરે કે 'તમે તો વયોવૃદ્ધ છો, બહુશ્રુત છો;' અથવા સ્પષ્ટ રીતે 'તું પ્રજ્ઞારહિત છે' ઇત્યાદિ રીતે, તો તે સાધુ કે સાધકવર્ગ મિથ્યાત્વ પામે છે. માટે ગુરુની અવગણના, તિરસ્કાર આદિ કરવા યોગ્ય નથી. ગુરુને હલકા પાડવારૂપ આશાતના કરનાર તે દ્રવ્યસાધુ કે સાધકવર્ગ તત્ત્વને અન્યથા માની ગુરુની સ્થાપનાના અબહુમાન કરવા વડે એક ગુરુની આશાતના કરતાં સર્વ આચાર્યવર્ગની આશાતના કરે છે; અથવા પોતાના સમ્યક્દર્શનાદિ ભાવના નાશરૂપ આશાતના, ગુરુની આશાતનાના નિમિત્તે આચરે છે. (શ્રી હરિભદ્રસૂરિની ટીકાને આધારે)

## શિક્ષાપાઠ ૬૦. નવકાર મંત્ર

મંત્ર એટલે ગુરુ-શિષ્યનો સંબંધ જોડનાર ગુપ્ત ભેદવાળો સાંકેતિક શબ્દ. નવકાર મંત્ર એટલે પાંચ પરમપદમાં સ્થિત આત્માઓને નમસ્કાર જણાવનાર મંત્ર.

નમો अरिहंताणं એટલે અરિહંતોને નમસ્કાર,

નમો सिद्धाणं એટલે સિદ્ધોને નમસ્કાર,

નમો आयरियाणं એટલે આચાર્યોને નમસ્કાર,

નમો उवज्झायाणं એટલે ઉપાધ્યાયોને નમસ્કાર,

નમો लोए सव्वसाहूणं એટલે લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર હો!

સુદેવ વિષેના ૧૧ મા શિક્ષાપાઠમાં અરિહંતના બાર ગુણ જણાવ્યા છે, તે રીતે સિદ્ધ ભગવંતના આઠ ગુણ મુખ્ય ગણાય છે. જોકે તેમનામાં અનંત કર્મના ક્ષયથી અનંત ગુણ પ્રગટ્યા છે, પરંતુ મુખ્ય આઠ કર્મના ક્ષયથી આઠ જે ગુણો પ્રગટ્યા છે, તે આ પ્રમાણે છેઃ ક્ષાયિક સમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અટળ અવગાહના, અગુરુલઘુ અને અવ્યાબાધ સુખ.

છત્રીસ ગુણ આચાર્યના ગણાય છે તે મુખ્યપણે આ પ્રકારે છેઃ પાંચ ઇંદ્રિયોના વિષયમાં રાગ-દ્વેષ ન થવા દેવા, નવ પ્રકારે બ્રહ્મચર્યની રક્ષા કરવી, ચાર પ્રકારના કષાયને રોકવા, પાંચ પ્રકારે મહાવ્રત પાળવાં, પાંચ પ્રકારના આચાર પોતે પાળવા અને પળાવવા તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરવી એમ છત્રીસ ગુણો યુક્ત આચાર્ય હોય.



ઉપાધ્યાય પોતે આગમ ભણે અને અન્યને ભણાવે, તેમના પચીસ ગુણ ગણાય છે. તે આ પ્રકારેઃ— ૧ આચારાંગ, ૨ સૂયગડાંગ, ૩ ઠાણાંગ, ૪ સમવાયાંગ, ૫ ભગવતી (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ), ૬ જ્ઞાતા-ધર્મકથા, ૭ ઉપાસક દશાંગ, ૮ અંતગડ, ૯ અનુત્તરોવવાઈ, ૧૦ પ્રશ્નવ્યાકરણ અને ૧૧ વિપાક—એ અગિયાર અંગ; અને ૧ ઉવવાઈ, ૨ રાયપસેણી, ૩ જીવાભિગમ, ૪ પન્નવણા, ૫ જંબુદ્વીપ-પન્નત્તિ, ૬ ચંદ-પન્નત્તિ, ૭ સૂરપન્નત્તિ, ૮ કપ્પિયા, ૯ કપ્પવડંસિયા, ૧૦ પુપ્ફિયા, ૧૧ પુપ્ફચૂલિયા અને ૧૨ વહ્નિદશાંગ—એ બાર ઉપાંગ મળી અંગોપાંગના જ્ઞાનરૂપ ૨૩ ગુણ થયા; તથા ૨૪ ચરણસિત્તરી અને ૨૫ કરણસિત્તરી રૂપ સદાચાર પાળે. એમ ૨૫ ગુણો થયા.

મોક્ષમાર્ગ સાધવા માટે યત્ન કરે તેવા સાધુપદમાં ૨૭ ગુણો નીચે પ્રમાણે હોયઃ—પાંચ મહાવ્રત પાળે, રાત્રિભોજન વિરમણ તથા છકાય જીવની રક્ષા કરે તે બાર ગુણ, પાંચ ઇંદ્રિયનો નિગ્રહ, ૧૮ લોભનો નિગ્રહ, ૧૯ ક્ષમા ધારણ કરે, ૨૦ ચિત્તની નિર્મળતા, ૨૧ વિશુદ્ધ રીતે વસ્ત્રની પ્રતિલેખના, ૨૨ સંયમ યોગમાં પ્રવૃત્ત રહેવું, ૨૩ અકુશળ મનનો રોધ કરવો, ૨૪ અકુશળ વચનનો રોધ, ૨૫ અકુશળ કાયાનો રોધ, ૨૬ શીત આદિ પરિષહ સહન કરવા અને ૨૭ મરણાદિ ઉપસર્ગ સહન કરવા.

એ પ્રકારે અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭ ગુણ મળી ૧૦૮ ગુણ યુક્ત પંચપરમેષ્ઠી જાણવા.

"एसो पंच नमुक्कारो सव्व पावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलम् ।।"

આ પાંચ પદને નમસ્કાર તે સર્વ પાપનો નાશ કરનાર છે; સર્વ મંગલોમાં તે પ્રથમ મંગલ છે. આમ નમસ્કાર મંત્રનું આ શ્લોકમાં સ્તવન કર્યું છે.

બૃહદ્દ્રવ્યસંગ્રહ ગ્રંથની પચાસમી ગાથામાં કહ્યું છે કે ૩૫, ૧૬, ૬, ૫, ૪, ૨, ૧ એટલે પાંત્રીસ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરના મંત્રો પરમેષ્ઠીપદના વાચક છે; તે તથા અન્ય કોઈ મંત્ર ગુરુના ઉપદેશથી ગ્રહણ કરી તેનું ધ્યાન કર્તવ્ય છે.

નવકાર મંત્ર ૩૫ અક્ષરનો છે; 'अरिहंत, सिद्ध, आयरिय, उपाध्याय, साधु' એ સોળ અક્ષર થયા; 'अरिहंत, सिद्ध' એ છ અક્ષરનો મંત્ર; अरिहंत, सिद्ध, आयरिय, उपाध्याय, साधु એ પાંચેના પ્રથમ અક્ષર 'अ,सि,आ,उ,सा' એ પાંચ અક્ષરનો મંત્ર; અને 'ॐ' એ એક અક્ષરનો મંત્ર છે. अरिहंत, अशरीरी (सिद्ध), आचार्य, उपाध्याय, मुनि(साधु)ना પહેલા અક્ષરોની એકત્ર સંધિ કરવાથી अ+अ+आ+उ+म्= ओं અથવા ॐ એવો એક અક્ષરનો મંત્ર બને છે.

ગુરુની આજ્ઞાથી ગમે તે મંત્રનું આરાધન મોક્ષનું કારણ થાય છે. તે ઉપર શિવભૂતિ મુનિની કથા છે. એક શિવભૂતિ નામના મુનિને તેમના આચાર્ય મહારાજે દીક્ષા આપ્યા પછી શાસ્ત્રાભ્યાસ કરાવવા પ્રયત્ન કર્યા. પણ પૂર્વના કોઈ કર્મને



લીધે નવકાર મંત્ર પણ તેમને યાદ રહ્યો નહીં. છ માસ સુધી તેમને પાસે રાખી જુદી જુદી રીતે ઉપદેશ આપ્યા છતાં તે કંઈ યાદ રાખી શકતા નહીં; તેથી ગુરુજીએ તેમની છૂટવાની કામનાથી પ્રસન્ન થઈ છેવટના ઉપાય તરીકે "मा रुष, मा तुष" એટલા અક્ષર મંત્ર તરીકે આપી એકલા વિહાર કરવાની આજ્ઞા કરી. રાત દિવસ તે ને તે મંત્રનું સ્મરણ તે કર્યા જ કરતા; અને યત્નાપૂર્વક ગુરુની આજ્ઞા પ્રમાણે પ્રવર્તતા. વિહાર કરતા કરતા તે દૂર દેશ મારવાડમાં ગયા.

એક દિવસે આહાર લેવા જતાં મંત્રનું સ્મરણ કરતા કરતા જતા હતા, પણ તે મંત્રને બદલે "माष, तुष" એવું આવરણને લઈને ગોખાતું હતું. ગુરુજીએ આપેલો મંત્ર જ ગોખું છું એમ તેમના અંતરમાં તો હતું; પણ અર્થ સમજેલા નહીં એટલે એના એ જ શબ્દો છે એમ તેમને લાગતું. સદ્ગુરુએ કૃપા કરી મારો ઉદ્ધાર થાય તેવું સત્સાધન મને આપ્યું છે એટલું માહાત્મ્ય તેમના દિલમાં વસેલું હતું.

એક બાઈ માષ(અડદ)ની દાળ અને તુષ (છોડાં) સૂપડામાં નાખી ઊપણતી હતી. તેને તે મુનિએ સ્વાભાવિક રીતે પૂછ્યું : "બાઈ, ક્યા કરતી હૈ?" તે બાઈએ કહ્યું કે "મહારાજ, માષ તુષ ભિન્ન કરું છું." તે સાંભળી તે મંત્ર ગોખતા આગળ ચાલ્યા. 'माष तुष' 'माष तुष' બોલતા હતા પણ બાઈએ કહેલું યાદ આવ્યું કે માષ તુષ ભિન્ન કરું છું. તેથી વિચાર જાગ્યો કે હું તો બોલું છું, પણ ભિન્ન કંઈ કરતો નથી. તેથી આહારનો વિચાર માંડી વાળી જંગલમાં ગયા અને તે

વિચારણાએ ચડતાં આત્મા શરીરથી ભિન્ન છે, એ તેમને ભાસ્યું અને શ્રેણી માંડી કેવળજ્ઞાન પામ્યા. ઘણા જીવોને આત્મજ્ઞાનનો ઉપદેશ દઈ તે મોક્ષે પધાર્યા.

---

## શિક્ષાપાઠ ૬૧. સ્વાધ્યાયમાં ચિત્ત કેમ ચોંટતું નથી?

જ્યારે કોઈ નવો પાઠ કે કાવ્ય શીખવાનું હોય અને તેનો સ્વાધ્યાય કરતાં હોઈએ ત્યારે મન તેમાં રોકાય છે; પણ પછી મુખપાઠ થઈ ગયા પછી, તેમાં લક્ષ ન રહે તોપણ વગર ભૂલ્યે બોલાઈ જાય એવો અભ્યાસ થઈ જાય છે. પછી મનને કંઈ ખાસ કામ ન હોવાથી બીજી બાબતોમાં ફર્યા કરે છે. આ પ્રકારનો ઘણાને અનુભવ છે.

મનનો સ્વભાવ એવો છે કે જ્યાં તેને રુચિ હોય ત્યાં વારંવાર જાય છે. કોઈ વસ્તુ આપણને પ્રિય હોય તે ખોવાઈ ગઈ હોય, તો વારંવાર મન તેના વિચારમાં રોકાય છે; ધર્મનું કામ પણ પડી મૂકી તે વસ્તુના વિચારમાં લાગી જાય છે.

માટે જે વસ્તુમાં મન એકાગ્ર કરવું હોય કે જોડેલું રાખવું હોય તેનું માહાત્મ્ય મનમાં વસે તેવું વાચન-શ્રવણ કરી તેમાં રુચિ, પ્રેમ પ્રગટે તેવું પ્રથમ કર્તવ્ય છે. સામાયિક, નિત્ય-નિયમ વગેરે રૂઢ થઈ ગયેલાં કામમાં મનને સામાન્યપણું થઈ જવાથી તેમાં તે લાગતું નથી. અપૂર્વતા લાગે તો મન ત્યાં પણ વિચાર કરવામાં, ઊંડું ઊતરવામાં રોકાય છે.



જે વંચાય કે મુખેથી બોલાય તેમાં સાથે વિચાર કરવાનો રાખીએ તો મનને ત્યાં રોકાવું પડે છે; વિક્ષેપનાં કારણો દૂર કરી એકાંત સ્થળ અથવા સત્સમાગમનો યોગ હોય તો મનને વિચાર કરવાનું કામ સુગમ પડે છે. ચર્ચા કે પ્રશ્નોત્તરના પ્રસંગોમાં મનને ખોરાક મળતો હોવાથી તેમાં સહજે લાગી રહે છે.

કેટલીક વખતે જે કાવ્ય રોજ બોલાતું હોય તેને છેલ્લેથી શરૂ કરી પ્રથમ કડી તરફ અનુક્રમે બોલવાની ટેવ પાડી હોય તો તેમાં મનને સાવધાન રહેવું પડે છે; તેથી બીજાં કામમાં તે લાગતું નથી અને વિચાર પણ નવા સ્ફુરે છે.

પંચપરમેષ્ઠી મંત્રની માળા ગણતાં ક્રમપૂર્વક પાંચે પદ બોલવાની ટેવ પડી ગયેલી હોવાથી મનને કંઈ કામ કરવું પડતું નથી, તેથી તે બીજાં કામમાં લાગી જાય છે. પણ અનાનુપૂર્વીની યોજના પ્રમાણે અનુક્રમ વગર પાંચ પદ સંભારવાનાં હોય ત્યારે મનને સાવધાની રાખવી પડે છે. એ પ્રકારના પ્રયત્નથી મન એકાગ્ર થતું જાય છે અને અનેક કામો સાથે કરવાની ટેવ પણ પડે છે. તેને અવધાન કહે છે. શ્રીમદ્ રાજચંદ્ર એકી સાથે સો કામમાં લક્ષ રાખી શકતા હતા; તેથી તે શતાવધાની કવિ તરીકે પણ પ્રસિદ્ધ થયા છે.

અનાનુપૂર્વીની ચોપડી એ અવધાન શીખવામાં ઉપયોગી પુસ્તક છે. તે ક્રમના સેવનથી મન ભટકતું અટકે છે. ઘણા ભાવિકજનો અનાનુપૂર્વી રોજ કે પર્વના દિવસે ફેરવે છે, છતાં એકાગ્રતા પ્રાપ્ત થતી નથી, તેનું શું કારણ હોવું જોઈએ તેનો વિચાર કર્તવ્ય છે. અનાનુપૂર્વી ગણતાં પણ બીજે ચિત્ત જાય

છે, એમ કહેનાર સાંભળ્યા છે. મુખ્ય કારણ ધર્મની રુચિ જોઈએ તેવી જાગી નથી.

શ્રી દેવચંદ્રજીએ પ્રશ્નોત્તર લખ્યા છે, તેમાં 'સમકિત કે મોક્ષમાર્ગની યથાર્થ રુચિ કોને કહેવાય?' એવો પ્રશ્ન કરી તેનો ઉત્તર એવા ભાવમાં આપ્યો છે કે 'અરિહંત' કે 'આત્મા' શબ્દ સાંભળતાં જેને રોમાંચ ઊલસી આવે તેને સમકિત છે એમ ગણવું. આવી રુચિ પ્રગટી હોય તેનું ચિત્ત ધર્મ-સાધનમાં સહેજે એકાગ્ર રહે જ.

જેમની આપણે ભક્તિ કરીએ છીએ તેમનું નામ લઈએ તે વખતે આપણને તેમના ગુણો, ઉપકારો સ્મૃતિમાં આવે તો જ ચિત્તમાં પ્રેમભાવ જાગે, અને પ્રમાદ જાય. 'અરિહંત' નામ બોલતાં બાર ગુણોમાંથી દિવ્યધ્વનિ આદિથી આપણને જે કંઈ ઉપકાર થયેલો સમજાય, 'સિદ્ધ' બોલતાં અનંતસુખ આદિ ગુણોમાંથી એકાદની સ્મૃતિ થઈ તેની ભાવના થાય, 'આચાર્ય' બોલતાં શાસનનો આચાર શીખવનાર કે ધર્મના સ્તંભરૂપ ઉપકાર સ્ફુરે, 'ઉપાધ્યાય' બોલતાં તેમનો શાસ્ત્રસ્વાધ્યાય કે શિખામણ આપણી સ્મૃતિમાં આવે, તથા 'સાધુ' શબ્દ બોલતાં તેમની દયા કે જિતેન્દ્રિય ગુણ પ્રત્યે પ્રમોદભાવ જાગે તો પંચપરમેષ્ઠી મંત્રની માળા ગણી લેખે આવે. આ પ્રમાણે આપણને લાભ થતો હોય તેવી બાબતમાં મન જરૂર ચોંટે, પણ માત્ર જીભે શબ્દ બોલાય અને મણકા હાથમાં ફર્યા જાય ત્યાં મન કેવી રીતે ચોંટે? માટે આપણને લાભ થાય તેવી રીતે ધર્મક્રિયા કરવી ઘટે છે.

---



# શિક્ષાપાઠ ૬૨. સામાયિક વિચાર, ભાગ–૧

''ʻસૂયગડાંગ' સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.''

(પોષ, ૧૯૪૭, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૯૪)

''સામાયિકશાસ્ત્રકારે વિચાર કર્યો કે કાયાને સ્થિર રાખવાની હશે, તો પછી વિચાર કરશે; બંધ નહીં બાંધ્યો હોય તો બીજાં કામે વળગશે એમ જાણી તેવા પ્રકારનો બંધ બાંધ્યો. જેવાં મનપરિણામ રહે તેવું સામાયિક થાય..... મનના ઘોડા દોડતા હોય, અને સામાયિક કર્યું હોય તો તેનું ફળ તે કેવું થાય?'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૨ )

''સામાયિક કાયાનો યોગ રોકે; આત્માને નિર્મળ કરવા માટે કાયાનો યોગ રોકવો. રોકવાથી પરિણામે કલ્યાણ થાય. કાયાની સામાયિક કરવા કરતાં આત્માની સામાયિક એક વાર કરો. જ્ઞાનીપુરુષનાં વચનો સાંભળી સાંભળીને ગાંઠે બાંધો તો આત્માની સામાયિક થશે.....મોક્ષનો ઉપાય અનુભવગોચર છે. જેમ અભ્યાસે અભ્યાસે કરી આગળ જવાય છે તેમ મોક્ષને માટે પણ છે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૮, પૃષ્ઠ-૭૦૯)

"સહુ સામાયિક કરે છે, ને કહે છે કે જ્ઞાની સ્વીકારે તે ખરું. સમકિત હશે કે નહીં તે પણ જ્ઞાની સ્વીકારે તે ખરું. પણ જ્ઞાની સ્વીકારે શું? અજ્ઞાની સ્વીકારે તેવું તમારું સામાયિક વ્રત અને સમકિત છે! અર્થાત્ વાસ્તવિક સામાયિક વ્રત અને સમકિત તમારાં નથી. મન, વચન અને કાયા વ્યવહાર-સમતામાં સ્થિર રહે તે સમકિત નહીં. જેમ ઊંઘમાં સ્થિર યોગ માલૂમ પડે છે છતાં તે વસ્તુતઃ સ્થિર નથી; અને તેટલા માટે તે સમતા પણ નથી. મન, વચન, કાયા ચૌદમા ગુણસ્થાનક સુધી હોય; મન તો કાર્ય કર્યા વગર બેસતું જ નથી. કેવળીના મનયોગ ચપળ હોય, પણ આત્મા ચપળ હોય નહીં. આત્મા ચોથે ગુણસ્થાનકે અચપળ હોય, પણ સર્વથા નહીં."

('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૦, પૃષ્ઠ-૭૧૮)

બે ઘડી સુધી સમભાવ કે સમદર્શિતા ગુણનું પાલન કરવાનું વ્રત તે સામાયિક વ્રત છે. તેવી દશા ન આવી હોય તો તે પ્રાપ્ત કરવાની ભાવનાએ જ્ઞાનીપુરુષનાં વચનમાં વૃત્તિ રાખવાનો પુરુષાર્થ કરવો તે પણ એક અપેક્ષાએ સામાયિક કહેવાય. તે બે ઘડીમાં કેવા ભાવ રાખવા યોગ્ય છે, તેની સમજ તો સામાયિક કરનારને સ્પષ્ટ હોવી ઘટે છે, નહીં તો ગમે તેવા ભાવોમાં મન ફરતું હોય અને જીવ બે ઘડીના કાળને જ સામાયિક સમજી લે. તે ભાવો સ્પષ્ટ થવા અર્થે સમદર્શિતા વિષે શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે તે નીચે જણાવ્યું છે :

"સમદર્શિતા એટલે પદાર્થને વિષે ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ-રહિતપણું, ઇચ્છારહિતપણું, મમત્વરહિતપણું. સમદર્શિતા ચારિત્ર-દશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું એ ચારિત્રદશા છે. ઇષ્ટ-



અનિષ્ટબુદ્ધિ, મમત્વ, ભાવાભાવનું ઊપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે, આ ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય. સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્તે તેવા ભાવે દેખે, જાણે, જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઇષ્ટઅનિષ્ટપણું ન કરે.

આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા જાણવાનો હોવાથી તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે, જાણે; પણ જે આત્માને સમદર્શી-પણું પ્રગટ થયું છે, તે આત્મા તે પદાર્થને દેખતાં, જાણતા છતાં તેમાં મમત્વબુદ્ધિ, તાદાત્મ્યપણું, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે. વિષમદૃષ્ટિ આત્માને પદાર્થને વિષે તાદાત્મ્યવૃત્તિ થાય; સમદૃષ્ટિ આત્માને ન થાય.

કોઈ પદાર્થ કાળો હોય તો સમદર્શી તેને કાળો દેખે, જાણે, જણાવે. કોઈ શ્વેત હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ સુરભિ (સુગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ દુરભિ (દુર્ગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ ઊંચો હોય, કોઈ નીચો હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. સર્પને સર્પની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. વાઘને વાઘની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. ઇત્યાદિ પ્રકારે વસ્તુમાત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે, તે ભાવે સમદર્શી દેખે, જાણે, જણાવે. હેય(છાંડવા યોગ્ય)ને હેયરૂપે દેખે, જાણે, જણાવે. ઉપાદેય(આદરવા યોગ્ય)ને ઉપાદેયરૂપે દેખે, જાણે, જણાવે. પણ સમદર્શી આત્મા તે બધામાં મારાપણું, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ, રાગદ્વેષ ન કરે. સુગંધ દેખી પ્રિયપણું ન કરે; દુર્ગંધ દેખી

અપ્રિયતા, દુગંછા ન આણે. (વ્યવહારથી) સારું ગણાતું દેખી આ મને હોય તો ઠીક એવી ઇચ્છાબુદ્ધિ (રાગ, રતિ) ન કરે. (વ્યવહારથી) માઠું ગણાતું દેખી આ મને ન હોય તો ઠીક એવી અનિચ્છાબુદ્ધિ (દ્વેષ, અરતિ) ન કરે. પ્રાપ્ત સ્થિતિ-સંજોગમાં સારું-માઠું, અનુકૂળ-પ્રતિકૂળ, ઇષ્ટાનિષ્ટપણું, આકુળવ્યાકુળપણું, ન કરતાં તેમાં સમવૃત્તિએ અર્થાત્ પોતાના સ્વભાવે, રાગદ્વેષ-રહિતપણે રહેવું એ સમદર્શિતા.

શાતા-અશાતા, જીવન-મૃત્યુ, સુગંધ-દુર્ગંધ, સુસ્વર-દુસ્વર, રૂપ-કુરૂપ, શીત-ઉષ્ણ આદિમાં હર્ષ-શોક, રતિ-અરતિ, ઇષ્ટ-અનિષ્ટપણું, આર્ત્તધ્યાન ન વર્તે તે સમદર્શિતા.''

('શ્રીમદ્ રાજચંદ્ર', સં. ૧૯૫૪, ક્રમાંક-૮૩૭)

---

## શિક્ષાપાઠ ૬૩. સામાયિક વિચાર, ભાગ–૨

''હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર સમદર્શીને વિષે અવશ્ય હોય. અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શીપણું ન સંભવે. સમદર્શિતા અને અહિંસાદિ વ્રતોને કાર્યકારણ, અવિનાભાવી અને અન્યોન્યાશ્રય સંબંધ છે. એક ન હોય તો બીજું ન હોય, અને બીજું ન હોય તો પહેલું ન હોય.

સમદર્શિતા હોય તો અહિંસાદિ વ્રત હોય.
સમદર્શિતા ન હોય તો અહિંસાદિ વ્રત ન હોય.
અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શિતા ન હોય.
અહિંસાદિ વ્રત હોય તો સમદર્શિતા હોય.

જેટલે અંશે સમદર્શિતા તેટલે અંશે અહિંસાદિ વ્રત
અને જેટલે અંશે અહિંસાદિ વ્રત તેટલે અંશે સમદર્શિતા.



સદ્ગુરુયોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા, મુખ્યતાએ સર્વવિરતિ ગુણસ્થાનકે હોય; પછીનાં ગુણસ્થાનકે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય, વિશેષ પ્રગટ થતી જાય; ક્ષીણમોહસ્થાને તેની પરાકાષ્ઠા અને પછી સંપૂર્ણ વીતરાગતા.

સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાન ભાવ, અભેદભાવ, એકસરખી બુદ્ધિ, નિર્વિશેષપણું નહીં; અર્થાત્ કાચ અને હીરો એ બે સમાન ગણવા, અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું, અથવા સદ્ધર્મ અને અસદ્ધર્મમાં અભેદ માનવો, અથવા સદ્ગુરુ અને અસદ્ગુરુને વિષે એક-સરખી બુદ્ધિ રાખવી, અથવા સદ્દેવ અને અસદ્દેવને વિષે નિર્વિશેષપણું દાખવવું અર્થાત્ બન્નેને એક સરખા ગણવા, ઇત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નહીં, એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેકવિકળતા.

સમદર્શી સત્‌ને સત્ જાણે, બોધે; અસત્‌ને અસત્ જાણે, નિષેધે; સત્શ્રુતને સત્શ્રુત જાણે, બોધે; કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે; સદ્ધર્મને સદ્ધર્મ જાણે, બોધે; અસદ્ધર્મને અસદ્ધર્મ જાણે, નિષેધે; સદ્ગુરુને સદ્ગુરુ જાણે, બોધે; અસદ્ગુરુને અસદ્ગુરુ જાણે, નિષેધે; સદ્દેવને સદ્દેવ જાણે, બોધે; અસદ્દેવને અસદ્દેવ જાણે, નિષેધે; ઇત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે, તેમાં રાગદ્વેષ, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે; એ પ્રકારે સમદર્શીપણું સમજવું. ૐ''

(સં.૧૯૫૪, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૮૩૭)

શ્રી હેમચંદ્રાચાર્ય 'યોગશાસ્ત્ર'માં સામાયિક વિષે જણાવે છે કેઃ ''સામાયિક એટલે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ

કરી, તેમજ કાયિક તથા વાચિક પાપકર્મોનો ત્યાગ કરી, મુહૂર્ત (બે ઘડી) પર્યંત સમતા ધારણ કરવી તે.

સામાયિક વ્રતધારી શ્રાવક-ગૃહસ્થ પણ તેટલા સમય પૂરતો યતિ જેવો થાય છે. જ્યાં સુધી પ્રાણી સામાયિક ગ્રહી સ્થિરચિત્ત રહે ત્યાં સુધી તથા જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે છે. શ્રાવક સામાયિક કરે ત્યારે સાધુ જેવો થાય છે, માટે ઘણી વાર સામાયિક કરવું જોઈએ.

તેથી તે વ્રત ધારણ કરનારો તે દરમ્યાન દેવપૂજા ન કરે. અલબત્ત, સામાયિકમાં દોષયુક્ત વ્યાપારનો જ નિષેધ છે અને નિર્દોષ વ્યાપારનું તો વિધાન છે એટલે સ્વાધ્યાય પાઠ વગેરેની પેઠે ભાવપૂજા કરે તો દોષ ન કહેવાય; પરંતુ યતિને જેમ દ્રવ્ય-પૂજાદિનો અધિકાર નથી, તેમજ સામાયિક વ્રતધારી ગૃહસ્થનું પણ સમજવું. આ બાહ્ય પૂજાદિ ભાવપૂજા ઉત્પન્ન કરવા માટે છે; પરંતુ સામાયિક કરનારને ભાવપ્રાપ્તિ થઈ ગઈ, તો પછી તેને બાહ્ય પૂજાની શી જરૂર રહી?

સામાયિક કરનારા શ્રાવક સામાન્ય રીતે આ ચારમાંથી એક ઠેકાણે જઈ સામાયિક કરે છે: જિનમંદિરમાં, સાધુની સમીપમાં, પૌષધશાળામાં કે પોતાને ઘેર. સામાયિક વ્રતમાં ઓછામાં ઓછું એક મુહૂર્ત (૪૮ મિનિટ) બેસવાનું હોય છે.

સ્થિર ચિત્તવાળા સામાયિક વ્રતધારી ગૃહસ્થનાં સંચિત કર્મો પણ ચંદ્રાવતંસકની પેઠે ક્ષીણ થઈ જાય છે. ચંદ્રાવતંસક નામનો રાજા રાત્રે 'દીવો સળગતો રહેશે ત્યાં સુધી સામાયિક વ્રતમાં સ્થિર બેસીશ' એવો નિયમ લઈને સામાયિક કરવા બેઠો. પરંતુ તે વાતની તેની દાસીને ખબર નહીં, તેથી રાજાને અંધારું ન થાય તેટલા માટે મોડી રાતે તેણે ફરી તેલ પૂર્યું. તે પ્રમાણે વળી ત્રીજી વાર કર્યું. તેથી સવારમાં તો થાકથી જ તે રાજા મરણ પામ્યો. પરંતુ નિયમ પ્રમાણે સામાયિક પૂરું કર્યું હોવાથી, કર્મનો નાશ કરી, સ્વર્ગે ગયો.''



---

## શિક્ષાપાઠ ૬૪. પૂણિયા શ્રાવકની સામાયિક

રાજગૃહી નગરીમાં એક નિર્ધન કુટુંબ વસતું હતું. ભગવાન મહાવીરના બોધથી પતિપત્ની ધર્મ પામ્યાં હતાં અને શ્રાવકનાં વ્રત યથાશક્તિ પાળતાં હતાં; કપાસમાંથી રૂ કાઢી પૂણીઓ બનાવી વેચીને તે પોતાની આજીવિકા ચલાવતાં હતાં. જૂજ કમાણી છતાં રોજ ભક્તિભાવથી તે દેરાસર જઈ ફૂલ આદિ વડે ભગવાનની પૂજા કરતાં; સાદો ખોરાક લેતાં અને બપોરે બન્ને જણ સામાયિકવ્રત ધારી ધર્મધ્યાન કરતાં હતાં.

એક દિવસે બપોરે સામાયિકપાઠ ઉચ્ચારી ભગવાનના બોધમાં પોતાનું મન લીન હંમેશ મુજબ કરી દેવા તૈયારી કરે છે, પણ મન ચોંટતું નહીં હોવાથી પોતાની દિનચર્યા તે મનમાં તપાસી ગયા, પણ કોઈ તેવો દોષ થયેલો પોતાને લાગ્યો નહીં; તેથી તે શ્રાવક વિચારમાં પડી ગયા કે આજે મન ધર્મધ્યાનમાં લીન થઈ શકતું નથી તેનું કોઈ બાહ્ય કારણ હોવું ઘટે છે. કોઈ મનના દોષ આજે મેં સેવ્યા નથી, વચનથી પણ અપરાધમાં આવ્યો હોઉં તેમ જણાતું નથી, કાયાથી પણ તેવો દોષ થયો સ્મરણમાં નથી; તો મારી પત્નીને પૂછી જોઉં કે તેને કોઈ મારો દોષ વિચારમાં આવે છે?

વળી 'અન્ન એવું મન' એમ કહેવાય છે, તો રસોઈ વગેરે સંબંધી કંઈ દોષ લાગ્યો હશે તો તેને પૂછવાથી સમજાશે, એમ જાણી પોતાની પત્નીને તેણે પૂછ્યું કે આજે મારું ચિત્ત ધર્મમાં જોડાતું નથી, તેનું કારણ મારા વર્તનની તપાસ કરતાં મને કોઈ હાથ લાગ્યું નહીં, તો આપણા કુટુંબમાં કોઈ તેવો દોષ આહાર આદિ સંબંધી કાંઈ થયો છે?

તે બાઈએ પ્રથમ તો પોતાના મન, વચન, કાયા સંબંધી દોષોની તપાસ કરી પણ કંઈ દોષ સમજાયો નહીં, પણ ફરીથી આખા દિવસના કાર્યની ક્રમવાર તપાસ કરતાં તેને સૂઝી આવ્યું કે સવારે પાડોશીને ત્યાં ચૂલો સળગાવવા દેવતા લેવા તે ગયેલી ત્યાં દેવતાની સાથે છાણાંનો ગોર (ભૂકો) અંગારા ઉપર તે ઘરધણીને પૂછ્યા વિના નાખ્યો હતો. તે તેણે પોતાના પતિને સ્પષ્ટ કહી પોતાની ભૂલ કબૂલ કરી. પૂછ્યા વિના એટલી પણ પારકી વસ્તુ લેવાથી થયેલો જે ચોરીનો દોષ, તેવા સદોષ આહારથી મનની નિર્મળતા ઉપર આવરણ આવ્યું એમ પૂણિયા શ્રાવકને સ્પષ્ટ સમજાયું. તેથી તે દંપતી પાડોશીની પાસે જઈ માફી માગી આવ્યાં. પછી સામાયિકમાં બેસવાથી ધર્મધ્યાન નિર્વિઘ્ને થયું.

* * *

એક વખત શ્રેણિક મહારાજા, ભગવાન રાજગૃહીના ઉદ્યાનમાં પધાર્યા હતા તે વખતે દર્શન કરવા ગયા હતા. બોધ સાંભળી ભગવાનને તેમણે પૂછ્યું કે "હે ભગવાન! મારો આવતા ભવમાં ક્યાં જન્મ થશે?" ભગવાને કહ્યું કે "પહેલી નરકે ઉત્પન્ન થશો." તે સાંભળી શ્રેણિક રાજાએ વિનંતી કરી



કે "હે ભગવાન! આપના જેવા કેવળજ્ઞાની ભગવાન મારા નાથ છતાં મારે નરકે જવું પડે તે યોગ્ય નથી. કોઈ ઉપાય આપ કૃપા કરી બતાવો તો તે પ્રમાણે વર્તીને હું નરકે જતાં બચું." ભગવાને કહ્યું કે "કર્મનો કાયદો અચૂક છે. નરકનું આયુષ્ય બાંધ્યા પછી તમે મોક્ષમાર્ગે ચઢ્યા છો, મોક્ષમાર્ગના સામાન્ય આરાધનથી પણ તમે નરકના લાંબા આયુષ્યની સ્થિતિ ઘણી જ ટૂંકી કરી નાખી છે, માત્ર ૮૪૦૦૦ વર્ષ નરકમાં ગાળવાનાં છે. પછી તમે આ ભરતક્ષેત્રમાં મનુષ્ય થઈ તીર્થંકરપદ પામી મોક્ષે જશો."

આ સાંભળી તેમનો ખેદ ઘણો ઓછો થયો, છતાં પુરુષાર્થ તો થાય તેટલો કરવો એમ ધારી ફરી પૂછ્યું કે "હે ભગવાન! કેવળજ્ઞાનથી જાણી, નરકે ન જવું પડે તેવા ઉપાય બતાવો તો તેમાંથી કોઈનું આરાધન હું કરું."

કરુણામૂર્તિ મહાવીર ભગવંતે કહ્યું કે "હે રાજા! જો તમારા શહેરમાં કાળસૌકરિક કસાઈ રોજ પાંચસો પાડા મારે છે, તે એક દિવસ હિંસા કરવાનું બંધ રાખે તો તમે નરકે જતાં બચો; બીજું તમારી કપિલા નામની દાસી જો એક દિવસ ઉદાર ભાવથી દાન દે તો તમે નરકે જતાં બચો; જો પૂણિયા શ્રાવકની એક સામાયિક તમે ખરીદી શકો, તોપણ નરકે જતાં બચો; અને એક પણ વસ્તુને તમે આજે ત્યાગી શકો તો તમે નરકે જતાં બચો."

શ્રેણિક રાજાને લાગ્યું કે આ ચારે બાબતો મારાથી થઈ શકે તેમ છે, પણ પહેલાં મારા હાથની વાત છે તે તો કરી લઉં,

એમ વિચારી 'આજે મારે બોર ન ખાવું' એવો ભગવાનની સમક્ષ નિયમ લીધો, અને નગરમાં ગયા.

ઇંદ્ર મહારાજ ભગવાનનાં દર્શન કરવા રાજગૃહીમાં આવતાં, શ્રેણિકરાજાને મળવાના વિચારથી રાજસભામાં આવ્યા. તે એક સુંદર બોર લેતા આવ્યા હતા, તે શ્રેણિક રાજાને આપ્યું કે તરત તેમણે ચાખ્યું; પછી યાદ આવ્યું કે આજે જ બોર નહીં ખાવાનો નિયમ લીધો છે, પણ બીજા ત્રણ ઉપાયો તુર્ત કરવાનો નિશ્ચય કરી, ઇન્દ્ર મહારાજને વિદાય કર્યા. પછી દાસી કપિલાને બોલાવી દાન દેવા કહ્યું પણ તેણે માન્યું નહીં. તેથી તેને હાથે ચાટવા બંધાવી તે વડે દાન તેની પાસે અપાવવાની આજ્ઞા રાજાએ કરી, તે પ્રમાણે સેવકોએ કર્યું.

કાળસૌકરિક કસાઈને બોલાવી એક દિવસ પાડા નહીં મારવા કહ્યું; પણ તેણે પણ 'તે તો નહીં બની શકે' એમ કહેવાથી તેને ઊંધે માથે કૂવામાં આખો દિવસ લટકાવી રાખવા હુકમ કર્યો. તેથી તેને કૂવાના પાણી સુધી માથું નીચું રાખી પગે બાંધી સેવકોએ લટકાવ્યો.

પૂણિયા શ્રાવકને ઘેર રાજા જાતે ગયા. પણ તે વખતે તે શ્રાવક સામાયિકમાં હોવાથી તેની પત્નીએ રાજાને આદર સત્કાર કરી થોડી વાર બેસવા જણાવ્યું. સામાયિક પૂરી થઈ એટલે તેણે રાજાનો વિનય કરી, ક્ષમા યાચી આવવાનું કારણ પૂછ્યું. રાજાએ એક સામાયિક ખરીદવાની ઇચ્છા દર્શાવી. પણ પૂણિયો શ્રાવક સમજ્યો નહીં. તેણે કહ્યું કે સામાયિક કંઈ લેવાય કે અપાય તેવી વસ્તુ નથી. પણ મહાવીર ભગવાને કહ્યું છે એમ સાંભળ્યું ત્યારે તેણે કહ્યું કે "ભગવાન કહે તે પ્રમાણે કરવા હું



સમ્મત છું." તેથી બીજે દિવસે ભગવાન પાસે બન્નેએ સાથે જવાનું નક્કી કર્યું.

બીજે દિવસે હર્ષિત થઈ શ્રેણિક રાજા પૂણિયા શ્રાવક સાથે ભગવાન પાસે ગયા અને વંદન કરી ભગવાનને જણાવ્યું કે "હે ભગવાન! એક બોરની પ્રતિજ્ઞા હું પાળી શક્યો નથી. બાકી ત્રણ બાબતો વિષે નક્કી કરીને આવ્યો છું. કપિલા પાસે દાન દેવરાવ્યું છે, કોઈ પાડો કાળસૌકરિક કસાઈ ન મારે તેવી ગોઠવણ થઈ છે, અને આ શેઠ આપ જણાવો તેટલી રકમથી સામાયિક આપવા ખુશી છે તે હું ખરીદી લઈશ."

ભગવાને કહ્યું કે "એકે બાબત તમારાથી બની શકે તેમ નથી. બોરનો નિયમ તો તમે પાળી શક્યા નહીં. દાસી પણ દાન આપતાં બોલતી કે 'શ્રેણિક રાજાનો ચાટવો દાન આપે છે.' કસાઈએ કૂવામાં પાડા પાણીથી ચીતરી માર્યા છે. અને એક સામાયિકનું પણ ફળ દેવલોક છે કે જ્યાં રત્નમય પલંગના એક અંગને પણ ખરીદવા તમારી સર્વ સમૃદ્ધિ ખૂટી પડે તેમ છે. ચિત્તની સ્થિરતા વિના સામાયિક બને નહીં. અને નરકનું આયુષ્ય બાંધ્યું હોય તેને તેવું વ્રત પાળવા જેટલી સ્થિરતા સાંપડે જ નહીં. પણ જેને સમ્યક્દર્શનની પ્રાપ્તિ છે, તેને નરકમાં પણ સહજ સમાધિ હોય છે. શારીરિક દુઃખની તેને કંઈ પડી નથી. અંતરનું સુખ તો નરકમાં પણ જતું રહેતું નથી."

---

## શિક્ષાપાઠ ૬૫. પ્રતિક્રમણ વિચાર

ભૂતકાળમાં થયેલા દોષ વિચારી તેથી પાછા હઠવું અથવા ફરી તેવા દોષ ન કરવાની શિખામણ લઈ તે દોષો

વિસ્મૃત કરવા, તે પ્રતિક્રમણ છે; સદ્ગુરુ સમીપ વર્તમાન દોષો પ્રગટ કરવા તે આલોચના કહેવાય છે; અને ભવિષ્યે થવા યોગ્ય દોષો કે પાપ નહીં કરવાનો નિયમ કરવો તે પ્રત્યાખ્યાન કે પચખાણ કહેવાય છે.

પહેલા ઋષભદેવ તીર્થંકર અને છેલ્લા મહાવીર તીર્થંકરના વખતમાં પ્રતિક્રમણ રોજ સવારે અને સાંજે કરવાનો વિધિ અવશ્ય ગણાયો છે. દિવસના દોષો સાંજના તપાસવા તે દેવસિય પ્રતિક્રમણ; રાત્રિના દોષો સવારે તપાસવા તે રાઈય પ્રતિક્રમણ; તેવી જ રીતે પંદર દિવસમાં થયેલા દોષો જોઈ જવા તે પાક્ષિક કે પાખી પ્રતિક્રમણ; ચાર માસમાં થયેલા દોષોને અર્થે ચાતુર્માસિક કે ચૌમાસી પ્રતિક્રમણ અને સંવત્સર એટલે આખા વર્ષના દોષોનો હિસાબ તપાસવા સાંવત્સરિક પ્રતિક્રમણ અવશ્ય કરવાનો વિધિ છે.

બાકીના બાવીસ તીર્થંકરોના શિષ્યો સરળ અને પ્રજ્ઞ હોવાથી દોષ થાય કે તરત તેવા ભાવો તજી સ્વભાવમાં આવી જતા એટલે સાંજ-સવાર દોષોનું તપાસવું તેમને માટે આવશ્યક નહોતું. પણ પહેલા તીર્થંકરનો શિષ્યવર્ગ સરળ અને જડ તથા છેલ્લા તીર્થંકરનો શિષ્યવર્ગ વક્ર અને જડ મોટે ભાગે હોવાથી તેમના હિતને અર્થે પ્રતિક્રમણની આવશ્યકતા પ્રરૂપી છે.

પ્રતિક્રમણ એ છ આવશ્યકમાંનું એક આવશ્યક છે, છતાં રૂઢિ પ્રમાણેના પ્રતિક્રમણમાં છયે આવશ્યક સમાય છે. ધર્મનું મૂળ આજ્ઞા છે, તેથી દરેક ક્રિયા ગુરુની આજ્ઞાપૂર્વક કરવાની હોય છે. 'ગુરુ સમીપ ન હોય, તો મનમાં તેમની સમીપતા



ચિંતવવી અથવા પુસ્તકાદિમાં તેમની સ્થાપના કરવી; પછી ગુરુના સંયમાદિ ગુણોની સ્તુતિ કરી, પાપવ્યાપારથી રહિત થઈ, સર્વ શક્તિથી તેમને વંદન કરવું; પછી દરેક ક્રિયા વખતે તેમની આજ્ઞા લઈને તે ક્રિયા કરવી' એવો વિધિ છે.

અવશ્ય કરવા યોગ્ય તેને આવશ્યક કહેવાય છે અથવા વશ એટલે પાંચ ઇંદ્રિયોને આધીન, અને અવશ એટલે ઇંદ્રિયજય કરનાર સાધુ; તેમની ક્રિયા તે આવશ્યક. એવા છ આવશ્યક છે. (૧) સામાયિકઃ— એટલે દુર્ધ્યાન તજી, ધર્મધ્યાન કરી, શત્રુ-મિત્ર, તૃણ-કાંચન વગેરેમાં સમતા ધારણ કરવી તે. (૨) ચતુર્વિંશતિ સ્તવઃ— શ્રી ઋષભ, શ્રી અજિત, શ્રી સંભવ, શ્રી અભિનંદન, શ્રી સુમતિ, શ્રી પદ્મપ્રભ, શ્રી સુપાર્શ્વ, શ્રી ચંદ્રપ્રભ, શ્રી સુવિધિ કે પુષ્પદંત, શ્રી શીતલ, શ્રી શ્રેયાંસ, શ્રી વાસુપૂજ્ય, શ્રી વિમલ, શ્રી અનંત, શ્રી ધર્મ, શ્રી શાંતિ, શ્રી કુંથુ, શ્રી અર, શ્રી મલ્લિ, શ્રી મુનિસુવ્રત, શ્રી નમિ, શ્રી અરિષ્ટનેમિ, શ્રી પાર્શ્વ, શ્રી વર્ધમાન કે મહાવીર—એ ચોવીસ તીર્થંકરોના નામસ્મરણરૂપ સ્તુતિ. (૩) ગુરુવંદનઃ— ધર્માચાર્યને વિધિપૂર્વક ભાવની વૃદ્ધિ થાય તેમ વંદન. તેમની અનુમતિથી તેમની આગળ પોતે દિવસ દરમ્યાન પંચ આચારમાં કરેલા અતિચારો કહી બતાવવા, તે બધા અતિચારોની વિશુદ્ધિ માટે તેમની અનુજ્ઞાથી 'આલોચના' કરી જવી. જાણતાં અજાણતાં સદ્ગુરુ પ્રત્યે જે કંઈ અપરાધ કર્યા હોય તેની ક્ષમા નમસ્કારપૂર્વક માગવી. (૪) પ્રતિક્રમણઃ— શુભ ભાવ અને આચારોમાંથી ખસી અશુભ ભાવ અને આચરણમાં 'ક્રમણ'-ગમન કર્યું હોય તેમાંથી પાછા શુભ ભાવ અને આચરણમાં

આવવું તે. બાર વ્રતોમાંથી પોતે જે કોઈનો અતિચાર કર્યો હોય, આ લોક-પરલોક, જીવિત-મરણ અને કામભોગ વિષે અભિલાષા કરી હોય, ધર્મક્રિયામાં પ્રમાદ કર્યો હોય, કોઈ પ્રકારે મદ કર્યો હોય, આહાર, ભય, મૈથુન, પરિગ્રહ કે કષાયવશ કાંઈ અનાચરણ કર્યું હોય તથા ગુપ્તિ, સમિતિ વગેરેમાં અતિચાર લાગ્યા હોય, તેથી નિવૃત્ત થવાની ભાવના કરવાની હોય છે. (૫) કાયોત્સર્ગઃ– સ્થિર શરીરે ધ્યાન. (૬) પ્રત્યાખ્યાનઃ– દેહની ચિંતા તજી આત્મામાં લીન થવાથી પાંચમા આવશ્યકમાં ઘણા દોષો દૂર થાય છે; પણ તે દ્વારા દૂર ન થાય તેવા દોષો ભવિષ્યમાં ન થવા દેવાની પ્રતિજ્ઞા તે પ્રત્યાખ્યાન. શિક્ષાપાઠ ૪૯ તે વિષે આવી ગયો છે.

પ્રતિક્રમણ કે છ આવશ્યક મુનિઓને કરવાયોગ્ય અને શ્રાવકવર્ગને કરવાયોગ્ય એમ બે પ્રકારે હોય છે. કારણ કે મુનિઓને પાંચ મહાવ્રત કે સત્તાવીશ ગુણરૂપ મૂળ ગુણ અને ઉત્તરગુણ ૮૪,૦૦,૦૦૦ ચોરાશી લાખ ગણાય છે, તેમાં લાગતા દોષોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. તેમજ શ્રાવકના મૂળગુણ આઠ, અથવા પાંચ અણુવ્રત અને ઉત્તરગુણરૂપે સાત શીલવ્રત છે, તેમાં લાગતા અતિચાર આદિ દોષોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

આ કાળમાં ધર્મ-જિજ્ઞાસાવાળા બહુ ઓછા જીવો છે, તેમાં પણ સામાયિક કે પ્રતિક્રમણ આદિ ક્રિયા કરનારા પણ ઓછા છે. તેમને અવિધિ કે અશુદ્ધપણે ક્રિયા કરતાં દેખી ઘણા ટીકા કે મશ્કરી પણ કરે છે; પ્રતિક્રમણને પડપડિયું કરી આવ્યા એમ કહે છે, તે યોગ્ય નથી. દોષને સુધારવાને બદલે



એવી ટીકાથી જે કંઈ અલ્પ ક્રિયા કરતા હોય તે તજી દે એમ બનવું સ્વાભાવિક છે. માટે સુજ્ઞ જીવો તેમની સાથે રહી તેમને શુદ્ધપણે ક્રિયા કરતાં શીખવે તો તે પ્રમાણે પણ તે કરે. પોતાને લાભ થાય તે અર્થે ધર્મક્રિયા કરવાનો જેને ભાવ છે, તે સારી રીતે સદ્ભાવથી બતાવનારની સૂચના ગ્રહણ પણ કરે; પણ તેનો નિષેધ કે ટીકા કરવામાં કોઈ પણ પ્રકારે હિત નથી. સ્વભાષામાં સમજાય તેવી રીતે ક્રિયા કરતા બધા થાય, તો પછી ઉતાવળે અર્થ સમજ્યા વિના વેઠ જેવું થાય છે, તે ન થાય.

---

## શિક્ષાપાઠ ૬૬. અનંગદેવની ટૂંકી કહાણી

શ્રી નેમિનાથના દશ ભવમાંના પાંચમા ભવમાં કુંડપુર નગરમાં અપરાજિત નામે પોતે રાજા હતા, તે વખતે સવારના ઉદ્યાનમાં પધાર્યા હતા. ત્યાં એક અનંગદેવ નામનો શેઠપુત્ર પણ આવ્યો હતો. તેની આકૃતિ કામદેવ સમાન સુંદર હતી. તેના મિત્રો બહુ સજ્જન હતા. સુવર્ણ સમાન તેના શરીરની કાંતિ હતી. શોભતાં વસ્ત્ર-આભૂષણ તેણે પહેર્યાં હતાં. રંભા સમાન તેની પત્ની તેની સાથે હતી. ખાન, પાન, દાન આદિ તેની ક્રિયાઓ મનોહર હતી. ત્યાં વીણા, વેણુ, મૃદંગ આદિ વાદ્યો વાગતાં હતાં, ગવૈયા સુંદર અવાજે મધુર ગાન ગાતા હતા. બંદીજનો બિરુદાવલિ બોલતા હતા. ખુલ્લે હાથે તે ધન વાપરતો હતો. રાજા પણ આવા સુખી મનુષ્યની ઉદારતા દેખી પૂછવા લાગ્યા કે આ દેવ સમાન ક્રીડા કરનાર યુવાન કોણ છે?

પાસેના પરિજનોમાંથી એકે અપરાજિત મહારાજાને કહ્યું કે

"હે દેવ! તે આપણા નગરના સમુદ્રપાલ નામના સાર્થવાહનો એકનો એક પુત્ર છે. તેનું નામ અનંગદેવ છે." તે સાંભળી રાજા પ્રસન્ન થઈને બોલ્યા કે "મારા રાજ્યને પણ ધન્ય છે, કે આવાં નરરત્નો આ રાજ્યમાં છે. તેના પુણ્ય પ્રભાવથી દેવલોકની પણ પ્રતીતિ થાય તેમ છે."

ઉદ્યાનમાં આમતેમ ફરી રાજા રાજમહેલે પધાર્યા. અનંગદેવ પણ પોતાના પરિવાર સાથે પુરમાં ગયો. રાજા દિવસનાં રાજકાજ પતાવી, દેવપૂજા આદિ ધર્મક્રિયા કરી, ધર્મધ્યાનમાં રાત્રિનો પણ કેટલોક કાળ ગાળી, નિદ્રામુક્ત થઈ પ્રાતઃકાળે જિનપૂજા સ્તવન આદિ ક્રિયા કરી હાથી ઉપર બેસી નગરમાં ફરવા નીકળ્યા.

નગર બહાર નીકળતાં ચાર જણાએ ઉપાડેલું શબ જોવામાં આવ્યું. કરુણ સ્વરથી બહુ લોકો રોતા હતા; તેના ગુણો સંભારી ખેદ કરતા હતા; નિકટનાં સગાં કલ્પાંત કરતાં હતાં. આ જોઈને રાજાએ પૂછ્યું કે "કોનું મરણ થયું છે?"

પાસેના અનુચરે કહ્યું કે "ગઈ કાલે ઉદ્યાનમાં જે યુવાન દેવની પેઠે સુખ વિલસતો હતો તે સમુદ્રપાલ સાર્થવાહનો પુત્ર અનંગદેવ આજે કાળ કરી ગયો છેજી." તે વાત સાંભળી રાજાને ખેદ થયો, અને વિચારવા લાગ્યા કે આ સંસાર ઇન્દ્રજાળ જેવો છે, સ્વપ્ન સમાન છે. કાલે કેવી તેની સ્થિતિ હતી? આજે વળી આવી સ્થિતિ થઈ; કાળનો શો ભરૂંસો? રૂપ કુરૂપ, નિર્ધન ધનવાન, યુવાન વૃદ્ધ ગમે તે અવસ્થામાં કાળ માથે ભમે છે. જેને ખમા ખમા કરનાર અહીં અનેક હતા,



તેને મરણ કાળે બચાવનાર કોઈ ન નીકળ્યો. મારે ઘણાં કામ કરવાનાં છે, મારે ઘડીની પણ નવરાશ નથી એમ માનનારને પણ મરણ અચાનક ઉપાડી જાય છે. અનેક કષ્ટો વેઠીને, પરદેશોમાં ભટકીને ન્યાય-અન્યાયે એકઠું કરેલું ધન મૂકીને ખાલી હાથે આખરે જવું પડે છે, પોતાના કામમાં તે ધન કંઈ આવતું નથી; પાછળ રહ્યા તે વહેંચી લે છે; માત્ર ધન કમાવવામાં થયેલાં પાપ સાથે જાય છે. તેથી આ તન, ધન આદિ અસ્થિર, અસાર અને અશરણરૂપ છે. આ અનિત્ય વસ્તુઓના મોહમાં જન્મમરણ ટાળવાના ઉપાય લેવાનું જીવને સૂઝતું નથી. શ્રી જિનવરોએ, મહાપુરુષોએ શુદ્ધ ધર્મનો ઉપદેશ કર્યો છે, તેનું આરાધન જીવ કરે, તો તે મરણને ઓળંગી જાય અને મોક્ષે પહોંચે. મારે માથે પણ મરણનો ભય છે, તો તેનો ઉપાય કર્ત્તવ્ય છે. બળતા ઘરમાં કોણ સુખે સૂએ? શત્રુઓની વચમાં પ્રમાદ કોણ કરે? મરણની ધાડ પડવાની જ છે, તો તેનો સત્વર ઉપાય કર્ત્તવ્ય છે. એવા વૈરાગ્યભર્યા વિચારો સહિત રાજા પાછા ફર્યા.

એ જ કુંડપુર નગરમાં કેવળજ્ઞાની મુનિ પધાર્યા, તેમને વંદન કરવા રાજા ગયા. ત્યાં ભગવંતની દેશના સાંભળી વૈરાગ્યની વૃદ્ધિ થઈ . તેથી પ્રીતિમતી રાણીના પુત્ર પદ્મકુંવરને ગાદીએ બેસાડી, પ્રીતિમતી અને મિત્રો સહિત રાજાએ ભગવતી દીક્ષા અંગીકાર કરી.

સંધ્યાકાળના રંગ પેઠે આ વિશ્વમાં સર્વ પદાર્થ અનિત્ય છે, તેનો વિચાર વારંવાર કર્ત્તવ્ય છે.

## શિક્ષાપાઠ ૬૭.

## ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે

(દોહરા)

કોઈ વિપ્રનો પુત્ર તે, તોફાની અવિનીત;
ઘરથી હાંકી કાઢતાં, કરે દુષ્ટની પ્રીત.૧

લૂંટારાના નાયકે પાળ્યો પુત્ર સમાન;
તેના મરણ પછી થયો, તે નાયક બળવાન.૨

દૃઢપ્રહારી નામથી, થયો અતિ પ્રખ્યાત;
ગયો લૂંટવા ગામ તે, લૂંટારા લઈ સાથ.૩

નિર્ધન વિપ્ર હતો તહાં, ભીખ માગતો નિત્ય;
બાળકને કાજે કરી, ખીર ધરીને પ્રીત.૪

વિપ્ર નહાવાને ગયો, રમે બાળકો ઘેર;
અન્ય કામમાં બ્રાહ્મણી, વર્તે કરતી લ્હેર.૫

દૃઢપ્રહારી ભૂખથી ગયો રસોડામાંય;
કહે બ્રાહ્મણીઃ મૂર્ખ રે! અભડાવ્યું તેં કાંય?૬

ક્રોધે અંધ બની હણે, મુષ્ટિ મારતાં નાર;
બાળક ભયથી દોડિયાં, પિતા તરફ અવિચાર.૭

વિપ્ર અરે! ક્રોધે ભર્યો, ધાતો આવે જ્યાંય;
કુવચન-રોષે તે હણે, બ્રાહ્મણને પણ ત્યાંય.૮

તે દેખીને ગાય કો, ધસી મારવા ચોર;
હણી ગાય ત્યાં વાછડું જન્મ્યું, કૃત્ય અઘોર!૯



તડફડતું તે વાછડું, દેખી પશ્ચાત્તાપ—
દૃઢપ્રહારી બહુ કરેઃ ઘણાં કર્યાં મેં પાપ.૧૦

કરુણાથી દ્રવતું હૃદય, સુણતું બાળક-રાઢ;
'પાપી અમને માર તું, અમે અનાથ, અનાઢ્ય.'૧૧

ધરે નિર્વેદ તે સુણી, શોધે છૂટું કેમ?
શીય વલે મારી થશે? ચિંતે મનમાં એમ.૧૨

ઊઠી ચાલ્યો વન વિષે, મળે મુનિ મહાભાગ્ય;
સુણે ધર્મ જે સૌ હણે—કર્મ, અહો સૌભાગ્ય!૧૩

ગ્રહી સમજ સત્સાધુ તે, થયો ખપાવા કર્મ;
ક્ષમા અભિગ્રહ તે ગ્રહે, મોક્ષ-ટિકિટમય ધર્મ.૧૪

આ કર્મો સ્મૃતિમાં રહે, ત્યાં સુધી નહિ ખાઉં;
ખમું માર, ધિક્કાર સૌ, અન્ય જગે ના જાઉં.૧૫

ગામ બધાનો શત્રુ તે, દે ઉપસર્ગ અનેક;
કર્યાં કર્મ પોતા તણાં, ગણી ધરે સુવિવેક.૧૬

દૃઢપ્રહારી તે થયો, કર્મ-અરિ પ્રતિ વીર;
વીત્યા જ્યાં ષટ્ માસ કે, કેવળ વરતા ધીર.૧૭

સહનશીલતા વા ક્ષમા, ધીરજ, ઉપશમ નામ,
સમતા, શાંતિ, સ્વસ્થતા, વીતરાગ પરિણામ.૧૮

કર્મ બધાં તેથી ટળે, મળે મોક્ષ, સુખધામ;
આત્માર્થી તે આદરે, ટાળી દોષ તમામ.૧૯

સદ્ગુરુની આજ્ઞા વડે, ધર્મ અને તપ થાય;
મોક્ષમાર્ગ બીજો નહીં, મિથ્યા અન્ય ઉપાય.૨૦

## શિક્ષાપાઠ ૬૮. રાગ

માથે જેમ ઘણા જ વાળ હોય છે, તે બધાને સમૂહરૂપે ચોટલો કહીએ છીએ, તેને વ્યવહારમાં અનેક ભેદે પણ વર્ણવીએ છીએઃ જેમકે માથું ઓળ્યું, સેંથી પાડી, ચોટલો ગૂંથ્યો કે વેણી બાંધી; તેમ આત્મામાં પણ સંસારદશામાં ઘણા જ દોષો છે, તે બધાને એક દોષરૂપે કહેવા હોય તો તેને મોહ કે રાગ એટલે સંસાર-પ્રીતિ, મુમુક્ષુતાનો અભાવ એ રૂપે કહી શકાય છે; તે દોષનું સ્વરૂપ સમજવા અનેક ભેદો પણ ભગવાને કહ્યા છેઃ જેમકે એક ભેદે રાગ; બે ભેદે રાગ અને દ્વેષ; ત્રણ ભેદે રાગ, દ્વેષ અને મોહ કે અજ્ઞાન; ચાર ભેદે સંજ્ઞા એટલે આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા, અથવા ક્રોધ, માન રૂપ દ્વેષના ભેદ અને માયા, લોભ રૂપ રાગના ભેદ મળી ચાર કષાય; પાંચ ભેદે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ જે પાંચ ઇંદ્રિયોથી જણાય છે અને તે નિમિત્તે રાગદ્વેષ જાગે છે. આમ અનેક ભેદે મોહ કે રાગનો પરિવાર વર્ણવેલો છે. તે રાગને જે જીતે તે વીતરાગ ભગવાન કહેવાય છે. રાગરૂપ અરિને જીતે તે અરિહંત કહેવાય છે. જેને કોઈ પણ પદાર્થ પ્રત્યે રાગ ન હોય તેને કોઈ પ્રત્યે દ્વેષ થવાનું કારણ જ નથી. કેમકે જે પ્રત્યે રાગ હોય તેમાં વિઘ્ન કે અપ્રિયતાનું નિમિત્ત દેખી દ્વેષ જીવમાં જન્મે છે.

અનાદિકાળથી જીવમાં રાગના સંસ્કાર જામેલા છે. તે એકદમ દૂર થવા મુશ્કેલ છે; તેથી જ્ઞાનીપુરુષે તે સંસ્કારોને સવળા કે પ્રશસ્ત કરવાનો પ્રથમ માર્ગ લીધો છે. પ્રશસ્ત રાગ



જો કે કર્મબંધનું કારણ છે, તોપણ અપ્રશસ્તતાનું ઝેર તેમાંથી નીકળી ગયા પછી તે રાગ ક્ષય થવાયોગ્ય બને છે. સોમલને મારીને દવા તરીકે વાપરવાથી ઘણા જૂના રોગને તે દૂર કરે છે, તેમ સંસાર પ્રત્યેનો રાગ પલટાવી સદ્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મ અથવા સમ્યક્દર્શન આદિ આત્મોન્નતિનાં કારણો પ્રત્યે પ્રેમ વાળવાથી તે અનાદિ સંસારવૃદ્ધિનાં કારણો, દુઃખનાં કારણોને દૂર કરે છે અને મોક્ષનાં કારણોની ઉપાસના થતાં રાગ અને સંસારનો ઉચ્છેદ થાય છે.

સંસારનું મૂળ રાગ અને દ્વેષ છે અને રાગદ્વેષને પોષનાર અણસમજણ છે. એટલે દેહ તે જ હું આવા પ્રકારની સમજ અનાદિ કાળથી જીવને ચાલી આવી છે. કારણકે દેહ રૂપી છે, તેથી તેના ફેરફાર આકાર વિકાર વગેરેમાં વૃત્તિ રહે છે; બીજાનો પણ દેહ દેખી દેહ તે જ તેનું સ્વરૂપ છે એમ જીવ માની પ્રવૃત્તિ કર્યા કરે છે. આમ પોતાના અને પારકા દેહની જ ઓળખાણ, તેની સંભાળ, તેની સગાઈ અને તેની જ ચિંતા જીવને રહ્યા કરે છે.

જ્ઞાનીપુરુષોએ ઘણા ઊંડા વિચારે નિર્ણય કર્યો છે કે દેહમાં વિચાર કરનાર, સમજનાર, સુખદુઃખની માન્યતા કરનાર દેહથી ભિન્ન, અરૂપી, નિત્ય આત્મા છે. આ વાત આત્મજ્ઞાની પુરુષના ઘણા કાળના બોધે સમજાય છે, કેમકે ઘણા ભવના સંસ્કાર એકદમ ટળી, સાચી સમજણ થવી દુર્ઘટ છે. જ્યાં સુધી જ્ઞાનીપુરુષે સંમત કરેલ તત્ત્વ સંમત થતું નથી, ત્યાં સુધી જીવ રાગ કે સંસારને સારો માની તેનું પોષણ કરે છે; પણ રાગનો ક્ષય કરવો હોય, તો જેને રાગ થાય છે તેનું યથાર્થ

સ્વરૂપ સમજાયે તે રાગ પ્રત્યેનો રાગ ટાળી, રાગ થાય તેવા પ્રસંગોમાં ઉદાસીનતા થાય તેમ કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છે.

જેમ સો ટચના એક તોલા સોનામાં રતીપૂર ચાંદી કે તાંબું ભેળવ્યું હોય તો તે નજરે ચડતું નથી, ભેગ પકડાવો મુશ્કેલ પડે છે; તેમ ઉચ્ચ ઉચ્ચ દશા થતાં જે અલ્પરાગ રહ્યા કરે છે, તે સમજાવો અને ટાળવો બહુ મુશ્કેલ છે; પરંતુ અલ્પ પણ રાગ ટળ્યા વિના કેવળજ્ઞાન પ્રગટતું નથી. બાહુબળી જેવા ઋષભદેવના પુત્રે બાર માસ વનમાં નિરાહારપણે ધ્યાનમાં ગાળ્યા, પણ અલ્પ મોહનો અંશ રહ્યો હતો ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ ન થયું; પણ શ્રી ઋષભદેવની આજ્ઞાથી તેમનાં બહેન બ્રાહ્મી અને સુંદરી જે સાધ્વી બન્યાં હતાં, તેમનાં પવિત્ર વચન બાહુબળીજીને કાને પડતાં વિચારણા જાગી અને દોષ દેખી દોષને ટાળ્યો કે તરત કેવળજ્ઞાન પ્રગટ થયું. તેથી સદ્ગુરુની આજ્ઞા અસ્વચ્છંદ-પરિણામે જીવે આરાધવી એમ વારંવાર ભગવાને આગમમાં કહેલું છે.

---

## શિક્ષાપાઠ ૬૯. તૃષ્ણા, ભાગ–૧

આહાર ને ઊંઘ વધાર્યાં વધે છે અને ઘટાડ્યાં ઘટે છે, તેમજ તૃષ્ણા અને જન્મમરણ પણ વધાર્યાં વધે છે અને ઘટાડ્યાં ઘટે છે. જેને તૃષ્ણા વધારે તેનાં જન્મમરણ પણ વધારે અને જેણે તૃષ્ણા ઘટાડી, તેનાં જન્મમરણ ઘટે છે.

તૃષ્ણારૂપી કોઈ વિચિત્ર ખાડો છે કે જેમાં ગમે તેટલી ઉત્તમ વસ્તુઓ નાખી પૂરવા ધારો તોપણ તે પુરાય તેમ નથી.



કહ્યું છે કે કુબેર ભંડારી જો કોઈ માનવીને હીરા, માણેક, મોતી તથા ધન-ધાન્યથી ભરપૂર આખી પૃથ્વીનું દાન દે, તોપણ તેનાથી તેની તૃષ્ણા તૃપ્ત થાય તેમ નથી. કૈલાસ પર્વતના જેવડા લાંબા પહોળા અનેક પર્વતો જેટલા સોનાચાંદીના ઢગ તૃષ્ણારૂપી ખાડામાં નાખીએ તો પણ તે પુરાય નહીં; કેમકે જેમ આકાશ અનંત છે, તે પ્રમાણે તૃષ્ણા પણ અનંત વિસ્તારવાળી છે. તે તૃષ્ણારૂપી ખાડાને પૂરવાનો ઉપાય પણ વિચિત્ર છે; તેમાંથી જેમ જેમ ચીજો બહાર ફેંકતા જઈએ, તેમ તેમ તે ખાડો પુરાય છે એટલે સંતોષપૂર્વક ત્યાગથી તૃષ્ણા ટળે છે.

"તૃષ્ણાવાળો નર નિત્ય ભિખારી; સંતોષવાળો જીવ સદા સુખી." ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૧, પૃષ્ઠ-૭૨૬)

"મનુષ્યઅવતાર પામીને રળવામાં અને સ્ત્રીપુત્રમાં તદાકાર થઈ આત્મવિચાર કર્યો નહીં; પોતાના દોષ જોયા નહીં; આત્માને નિંદ્યો નહીં; તો તે મનુષ્યઅવતાર, રત્નચિંતામણિરૂપ દેહ, વૃથા જાય છે." ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૨, પૃષ્ઠ-૭૨૭)

"ક્રોધ, માન, માયા, લોભ એ ખરેખરાં પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય. હજાર વર્ષ તપ કર્યું હોય; પણ એક બે ઘડી ક્રોધ કરે તો બધું તપ નિષ્ફળ જાય.

'છ ખંડના ભોક્તા રાજ મૂકી ચાલી ગયા, અને હું આવા અલ્પ વ્યવહારમાં મોટાઈ અને અહંકાર કરી બેઠો છું' એમ કેમ વિચારતો નથી?

આયુષનાં આટલાં વર્ષો ગયાં તોપણ લોભ કાંઈ ઘટ્યો નહીં; ને કાંઈ જ્ઞાન પ્રાપ્ત થયું નહીં; ગમે તેટલી તૃષ્ણા હોય પણ આયુષ પૂર્ણ થાય ત્યારે જરા પણ કામ આવે નહીં; ને તૃષ્ણા

કરી હોય તેથી કર્મ બંધાય. અમુક પરિગ્રહ મર્યાદા કરી હોય, જેમકે દશ હજાર રૂપિયાની તો સમતા આવે. આટલું મળ્યા પછી ધર્મધ્યાન કરીશું એવો વિચાર પણ રાખે તો નિયમમાં અવાય.

કોઈ ઉપર ક્રોધ કરવો નહીં. જેમ રાત્રિભોજન ત્યાગ કર્યું છે તેમ ક્રોધ, માન, માયા, લોભ, અસત્ય આદિ છોડવાને પ્રયત્ન કરી મોળાં પાડવાં. તે મોળાં પાડવાથી પરિણામે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. વિચાર કરે તો અનંતાં કર્મો મોળાં પડે; અને વિચાર ન કરે તો અનંતાં કર્મો ઉપાર્જન થાય.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૨, પૃષ્ઠ-૭૨૭)

''તૃષ્ણા જેમ બને તેમ પાતળી પાડવી. વિચાર કરી કરીને તૃષ્ણા ઓછી કરવી. આ દેહને પચાસ રૂપિયાનો ખર્ચ જોઈએ તેને બદલે હજારો લાખોની ચિંતા કરી તે અગ્નિએ આખો દિવસ બળ્યા કરે છે. બાહ્ય ઉપયોગ તૃષ્ણાની વૃદ્ધિ થવાનું નિમિત્ત છે. જીવ મોટાઈને લીધે તૃષ્ણા વધારે છે. તે મોટાઈ રાખીને મુક્તપણું થતું નથી. જેમ બને તેમ મોટાઈ, તૃષ્ણા પાતળાં પાડવાં. નિર્ધન કોણ? ધન માગે, ઇચ્છે તે નિર્ધન; જે ન માગે તે ધનવાન છે. જેને વિશેષ લક્ષ્મીની તૃષ્ણા તેની દુઃખધા, બળતરા છે, તેને જરા પણ સુખ નથી. લોક જાણે છે કે શ્રીમંત સુખી છે, પણ વસ્તુતઃ તેને રોમે રોમે બળતરા છે. માટે તૃષ્ણા ઘટાડવી.... તૃષ્ણા ઓછી કરવી, કારણ કે તે એકાંત દુઃખદાયી છે. જેમ ઉદય હશે તેમ બનશે; માટે તૃષ્ણા અવશ્ય ઓછી કરવી. અંતર્વૃત્તિને આવરણ છે માટે બાહ્ય પ્રસંગો જેમ બને તેમ ઓછા કરતા રહેવું.''('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૧, પૃષ્ઠ-૭૨૨-૭૨૩)

''બધા કરતાં હું જગતમાં મોટો થાઉં, એવી મોટાઈ મેળવવાની તૃષ્ણામાં, પાંચ ઇંદ્રિયોને વિષે લયલીન, મદ્ય પીધો



હોય તેની પેઠે, ઝાંઝવાના પાણીની માફક સંસારમાં જીવ ભમે છે; અને કુળ, ગામ, ગતિઓને વિષે મોહના નચાવવાથી નાચ્યા કરે છે!'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૨, પૃષ્ઠ-૭૨૮)

શ્રીમદ્ રાજચંદ્રને કોઈ મુમુક્ષુએ પ્રશ્ન કર્યો કે ''તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં'' એ કડીનો શું પરમાર્થ હશે? શ્રીમદે વિચાર કરીને કહ્યું કે ''તરણું એ તૃષ્ણા છે. તરણાંથી ડુંગર છવાઈ જાય છે, તેથી દેખાતો નથી; તેમ તૃષ્ણાથી આત્મા અવરાઈ ગયો છે, તેથી આત્માનું ઓળખાણ પડતું નથી.''

---

## શિક્ષાપાઠ ૭૦. તૃષ્ણા, ભાગ–૨

એક મુમુક્ષુએ શ્રીમદ્ રાજચંદ્રને પત્ર દ્વારા પ્રશ્ન પૂછેલો, તેના ઉત્તરરૂપે તેઓશ્રીએ પત્ર લખ્યો છે તે આ વિષયને લગતો હોવાથી તેમાંથી નીચેનો ઉતારો લીધો છે :–

''ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે. 'કંઈ પણ વૃત્તિ રોકતાં, તે કરતાં વિશેષ અભિમાન વર્તે છે', તેમ જ 'તૃષ્ણાના પ્રવાહમાં ચાલતાં તણાઈ જવાય છે, અને તેની ગતિ રોકવાનું સામર્થ્ય રહેતું નથી' ઇત્યાદિ વિગત .... વાંચી છે. હાલ લખવામાં ઉપયોગ વિશેષ રહી શકતો નથી, જેથી પત્રની પહોંચ પણ લખતાં રહી જાય છે. સંક્ષેપમાં તે પત્રોના ઉત્તર નીચે લખ્યા પરથી વિચારવા યોગ્ય છે.

વૃત્તિઆદિ સંક્ષેપ અભિમાનપૂર્વક થતો હોય તોપણ કરવો ઘટે. વિશેષતા એટલી કે તે અભિમાન પર નિરંતર ખેદ

રાખવો. તેમ બને તો ક્રમે કરીને વૃત્તિઆદિનો સંક્ષેપ થાય, અને તે સંબંધી અભિમાન પણ સંક્ષેપ થાય.

ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય. તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળાં ન પડે કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય, પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે; અને તે વિચારને વૈરાગ્ય (ભોગ પ્રત્યે અનાસક્તિ) તથા ઉપશમ (કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ) બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે.

સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને ઉદ્‌ભવ થતો નથી; અને સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની 'અનન્ય આશ્રયભક્તિ' પરિણામ પામ્યેથી, થાય છે. ઘણું કરી એકબીજાં કારણોને અન્યોન્યાશ્રય જેવું છે. ક્યાંક કોઈનું મુખ્યપણું છે, ક્યાંક કોઈનું મુખ્યપણું છે, તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની 'આશ્રયભક્તિ' અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પ કાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે.

ભોગમાં અનાસક્તિ થાય, તથા લૌકિક વિશેષતા



દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં આવે તો તૃષ્ણા નિર્બળ થતી જાય છે. લૌકિક માન આદિનું તુચ્છપણું સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે; અને તેથી તેની ઇચ્છા સહેજે મોળી પડી જાય, એમ યથાર્થ ભાસે છે. માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કંઈ અવશ્ય ઉપયોગ (કારણ) નથી, એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાં સુધી તૃષ્ણા નાના પ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઈ સારભૂતતા જ નથી, એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે, અથવા થયે તે પર વિશેષ ખેદ કરે, અને આજીવિકામાં ત્રુટતું યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે. એ આદિ પ્રકારે વર્તતાં તૃષ્ણાનો પરાભવ (ક્ષીણ) થવા યોગ્ય દેખાય છે......

જ્યાં સુધી ઓછી ઉપાધિવાળાં ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે જવું ન ઘટે કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.''

(ભાદરવા સુદ ૧૧, ગુરુ, સં.૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૦૬)

''સંસારમાં જિહ્વા ઇંદ્રિય અને કામને વશ થઈને જીવ, પોતાને ભૂલી, નરક-તિર્યંચ ગતિમાં લઈ જાય તેવાં મહા નિંદ્ય પરિણામ—પ્રવૃત્તિ કરે છે. સંસારમાં પરધનની વાંછા, પરસ્ત્રીની વાંછા અને ભોજનની લંપટતા જ પરિણામને મલિન

કરનાર છે; તેવી વાંછાનો ત્યાગ કરીને સંસારપરિભ્રમણથી આત્માને બચાવો. પરધનના ઇચ્છક અને જીવઘાતના કરનારા કોટિ તીર્થોમાં સ્નાન કરે, સર્વ તીર્થસ્થળોની યાત્રા કરે, કરોડો રૂપિયાનું દાન કરે, કરોડો વર્ષ સુધી તપ કરે, સર્વ શાસ્ત્રો ભણે, ભણાવે; તોપણ તેમની શુદ્ધિ કદાપિ થતી નથી. અભક્ષ્ય ભક્ષણ કરનારનાં અને અન્યાયથી પ્રાપ્ત થયેલા વિષયભોગ અને ધનને ભોગવનારનાં પરિણામ એવાં મલિન હોય છે કે કરોડો વાર ધર્મનો ઉપદેશ અને સર્વ સિદ્ધાંતોની વ્યાખ્યા ઘણાં વર્ષો સુધી સાંભળે તો પણ કદી હૃદયમાં તેનો પ્રવેશ થતો નથી. પચાસ વર્ષો સુધી શાસ્ત્ર-શ્રવણ કર્યું હોય તો પણ ધર્મના સ્વરૂપનું ભાન નથી એવા ઘણા આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ; એ બધું અન્યાયથી પ્રાપ્ત કરેલા ધનનું અને અભક્ષ્ય ભક્ષણનું તથા પરસ્ત્રીની અભિલાષાનું ફળ છે. તે બધાની તૃષ્ણા તજવા યોગ્ય છે.'' (સમાધિસોપાન—શૌચધર્મ)

---

## શિક્ષાપાઠ ૭૧. ફૂલણજી

(એક હતી મુસાફર ઘેલી રે, સુણજો સાહેલી—એ દેશી)

ફૂલણજી, તમે ફુલાવ્યા કેમ ફૂલ્યા રે ફૂલણજી;
આ ઊપજ-ખરચનો અડસટ્ટો કેમ ભૂલ્યા. મારા ફૂલણજી૦ળ૧

કરજ કરીને વરા ભલા તમે કીધા રે, ફૂલણજી;ળળળળ
આ ગરથ પરાયાં ખરચીને જશ લીધા. મારા૦ળળ૨

ઘર વેચીને ઘી-સાકર તો લીધાં રે, ફૂલણજી;ળળળળ
આ જમણ સરસ સામોવડિયાથી કીધાં. મારા૦ળળ૩



પીતાંબર પહેરીને પંગતમાં ફરિયા રે, ફૂલણજી;ળળળળ
મનમાં ફૂલ કરી મૂછે કર ધરિયા. મારા૦ળળ૪

વળતો દિવસ થયો કે માગે નાણાં રે, ફૂલણજી;ળળળળ
આ નાણાંનાં કાંઈ ન મળે ઠેકાણાં. મારા૦ળળ૫

આ ફૂલણજી ઉપર અરજી થઈ ત્યાંથી રે, ફૂલણજી;ળળળળ
આ જપત થઈ મિલકત કાઢ્યા ઘરમાંથી. મારા૦ળળ૬

ફૂલણજી, તમને જેણે ફુલાવ્યા રે, ફૂલણજી;ળળળળ
આ તે તો કોઈ મદદ કરવા નહિ આવ્યા. મારા૦ળળ૭

ફૂલણજી તો કૂવો શોધવા ચાલ્યા રે, ફૂલણજી;ળળળળ
આ ગરથ વિના તે અફીણ ન કોઈએ આલ્યાં. મારા૦ળળ૮

જમતી વખત વખાણ ભલા જે કરતા રે, ફૂલણજી;ળળળળ
આ એ સહુ હાસ્ય કરે, નિંદા ઓચરતા. મારા૦ળળ૯

એ અવસર તો અધિક વખાણી ચડાવ્યા રે, ફૂલણજી;ળળળળ
પણ આ અવસર તો બેવકૂફ બનાવ્યા. મારા૦ળ૧૦

પહેર્યાં પટકુળ ને બાંધ્યા ચંદરવા રે, ફૂલણજી;ળળળળ
આ ઘર બાળીને ચાલ્યા તીરથ કરવા. મારા૦ળ૧૧

ફૂલણજીની રાંડ રુએ મોં વાળી રે ફૂલણજી;ળળળળ
આ ફૂલણજી સિધાવ્યા ટેકો ટાળી. મારા૦ળ૧૨

ભોળાને નરસી શિખામણ દેશે રે ફૂલણજી;ળળળળ
તે નિસાસાનું પાપ ઘણું શિર લેશે. મારા૦ળ૧૩

દિલમાં દલપતની શિખામણ ધરજો રે, ફૂલણજી;ળળળળ
તો કરજ કરીને નાત-વરો નવ કરજો. મારા૦ળ૧૪

(કવિ દલપતરામ)

## શિક્ષાપાઠ ૭૨. પ્રમાદ

કેટલાક શબ્દો વ્યવહારમાં વપરાય છે, તેના તે જ શબ્દો પરમાર્થમાં અમુક રૂઢ શાસ્ત્રીય અર્થમાં વપરાય છે; તેથી શાસ્ત્ર વાંચતાં તે શબ્દ આવે ત્યારે આપણને લાગે કે આપણે આ શબ્દનો અર્થ જાણીએ છીએ. પરંતુ ગુરુગમે શાસ્ત્ર-અભ્યાસ થાય કે વિશેષ શાસ્ત્રોનો અભ્યાસ થાય ત્યારે તેનો જે ખાસ અર્થ હોય તે યથાર્થ સમજાય છે. 'પ્રમાદ' શબ્દ તેવા શબ્દોમાંનો એક છે. કર્મગ્રંથ નામના શાસ્ત્રોમાં પ્રમત્ત ગુણસ્થાને જે પ્રમાદ નામના કર્મનો ઉદય કહ્યો છે, તેને લઈને અપ્રમત્ત દશા ટકી શકતી નથી, એટલે સાતમે ગુણસ્થાનેથી મુનિ છઠ્ઠે પ્રમત્ત ગુણસ્થાનકે આવે છે; વળી જ્ઞાનીપુરુષના વચનના આધારે પુરુષાર્થ કરી મુનિ બે ઘડીમાં પાછા અપ્રમત્તદશા પ્રાપ્ત કરે છે અને આત્માનંદમાં લીન થાય છે. વળી પ્રમાદનો ઉદય થતાં છઠ્ઠે પ્રમત્ત ગુણસ્થાનકે આવી જાય છે. આમ હીંચકાની પેઠે છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે અનેક વખત તે કર્મનો અભાવ ન થાય ત્યાં સુધી મુનિ પુરુષાર્થ કર્યા કરે છે.

જેને આત્મજ્ઞાન થયું છે; નિરંતર આત્મધ્યાન ન રહેવા દે તેવા પ્રકારના સર્વસંગનો જેણે ત્યાગ કર્યો છે એટલે બાહ્ય ઉપાધિના ત્યાગ ઉપરાંત અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની નામના ક્રોધ, માન, માયા, લોભરૂપ શત્રુઓને જેમણે જીત્યા છે; અને બહુ નિર્બળ બનેલા એ ચાર શત્રુઓ સંજ્વલન કષાય નામે ઓળખાય છે, તેમનો તીવ્ર ઉદય હોય ત્યારે પ્રમાદવાળું છઠ્ઠું ગુણસ્થાનક હોય છે અને તે ઉદય મંદ પડે ત્યારે અપ્રમત્ત દશાનો આનંદ મુનિ ભોગવી શકે છે.



આ અર્થમાં વપરાયેલા પ્રમાદના પંદર ભેદ સામાન્ય પ્રકારે કર્મગ્રંથોમાં મળે છે. ચાર સંજ્વલન કષાય (ક્રોધ, માન, માયા, લોભ), ચાર વિકથા (સ્ત્રીકથા, રાજકથા, દેશકથા, ભોજનકથા), પાંચ ઇંદ્રિયોના વિષય (સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ), સ્નેહ અને નિદ્રા—આ પાંચ કે પંદર પ્રકારના પ્રમાદ-માંથી કોઈમાં વૃત્તિ જાય તો અપ્રમત્તદશા ટકી શકતી નથી.

મુનિની પેઠે પોતાની શક્તિ પ્રમાણે શ્રાવક પણ આત્મહિત અંશે સાધનાર છે, તેથી મુનિ જેવા બળવાન પુરુષાર્થીને નડે છે તેવો પ્રમાદ તેને પણ નડે છે, વધારે પ્રમાણમાં નડે છે. તેથી એ પાંચ કે પંદર પ્રકારની વૃત્તિઓ ગૃહસ્થ પણ ટાળે તો આત્મહિત ભણી વિશેષ વળી શકે એમ છે. આ વૃત્તિઓ આત્મભાન ભુલાવનાર છે, એવો લક્ષ દરેક આત્માર્થીએ અવશ્ય રાખવા યોગ્ય છે.

આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનારે પણ આ શત્રુઓથી બચતા રહેવાની જરૂર છે. દુર્લભ એવો મનુષ્યદેહ અમુક કાળ માટે જ મળેલો છે, અને તેટલા ટૂંકા કાળમાં મોક્ષનું સાધન કરી લેવું ઘટે છે; તેમાં વિઘ્ન કરનાર આ પ્રમાદ નામનો આત્મઘાતક શત્રુ છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં દ્રુમપત્ર નામનું અધ્યયન પ્રમાદ ન કરવા વિષે છે, તેમાં શ્રી મહાવીર ભગવાને મુમુક્ષુઓમાં ઉત્તમ શ્રી ગૌતમ ગણધરને એક સમયમાત્રનો પ્રમાદ આવા અવસરે ન કરવાનો ઉપદેશ કર્યો છે. બે ઘડી કરતાં વધારે જે ચાલુ ઊંઘતા નહીં તેમને આમ ચેતાવ્યા છે, તો આપણે માથે તો

ઘણાં કામ છે અને પ્રમાદનો પાર નથી; તો મોક્ષ મેળવવાનું કામ કેવી રીતે કરી શકીશું? એમ વિચારી ઉત્તમ મુનિવરોનાં દૃષ્ટાંત સ્મૃતિપટ પર તાજાં રાખી, પ્રમાદ તજી, આત્મહિતની દાઝ વધારવા યોગ્ય છે.

આળસુ માણસ તો સામાન્ય વ્યાવહારિક પ્રવૃત્તિ પણ તજી નિરુદ્યમી બને છે, પણ આત્મહિતનાં કામ કરવા માટે જેણે શરૂઆત કરી છે, તેને પ્રમાદ આત્મહિત ન થઈ શકે તેવી પ્રવૃત્તિમાં જોડે છે. સામાયિક કરવા ગયા હોય અને ગામની, દેશની, સ્ત્રીઓની કે જમણવારની વાતોમાં જીવ ચડી જાય તેનું કારણ આ પ્રમાદ છે. કષાય ઘટાડવા અર્થે પ્રતિક્રમણ આદિ ક્રિયા કરવાની છે, તેમાં માન, માયા કે ક્રોધાદિ દેખાવ દે તે પ્રમાદ છે; ત્યાં ઊંઘ આવે, સ્નેહ સાંભરી આવે કે રાગવૃદ્ધિનાં કારણો બને તે પણ પ્રમાદનું કામ છે. એ પ્રમાદ ધર્મક્રિયાને પલટાવી કર્મબંધમાં જીવને દોરે છે. માટે સાવધાન ન રહે, તો જીવ લૂંટાઈ જાય એમ છે. આળસ અને પ્રમાદ એ જીવના મોટા શત્રુ છે.

---

## શિક્ષાપાઠ ૭૩. વિવેક

'પ્રમાદ' શબ્દની પેઠે 'વિવેક' શબ્દ વ્યવહારમાં વપરાય છે. કોઈ અતિથિ આદિની આગતા-સ્વાગતામાં કુશળ હોય, બીજાનું મન સાચવીને વર્તતો હોય તો લોકો તેને વિવેકી કહે છે; એટલે વ્યવહારકુશળતાના અર્થમાં 'વિવેક' મોટે ભાગે વપરાય છે. સારા-ખોટાને પારખવામાં પણ વિવેક શબ્દ વપરાય છે; વિવેચનના અર્થમાં પણ



ક્વચિત્ વપરાય છે; જેમકે "એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે." યત્નાપૂર્વક આચરણને પણ કેટલાક વિવેક કહે છે; જેમકે—

"ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુઃખ-રોગ."

(બૃહદ્ આલોચના)

પરંતુ પરમાર્થ ભાષા કે અધ્યાત્મ શાસ્ત્રોમાં વિવેકનો અર્થ આત્મા સંબંધી ઓળખાણ કે દેહાદિથી ભિન્ન પોતાનું સ્વરૂપ સમજવું એવો થાય છે. બીજી રીતે વિવેકને ભેદજ્ઞાન પણ કહેવાય છે, સમ્યક્જ્ઞાન પણ કહેવાય છે.

"नित्यमात्मस्वरूपं हि दृश्यं तद्विपरीतगम् ।
एवं यो निश्चयः सम्यग्विवेको वस्तुनः स वै ।।"

(શંકરાચાર્ય-અપરોક્ષાનુભૂતિ)

**ભાવાર્થ**—આત્માનું સ્વરૂપ અવિનાશી છે, તેમજ દૃશ્ય બધું તેથી વિપરીત એટલે નાશવંત છે; એવો યથાર્થ નિશ્ચય તેને નિત્યાનિત્ય વસ્તુનો વિવેક કહે છે.

મહાત્મા ગાંધીજીએ ડરબનથી શ્રીમદ્ રાજચંદ્ર ઉપર લખેલા પત્રના ઉત્તરમાં શ્રીમદ્ લખે છે, તેમાં વિવેકજ્ઞાન અને તેના ઉપાય તથા સાવધાની વિષે સુંદર લખ્યું છે તે જાણવા યોગ્ય છે :

"સુજ્ઞ ભાઈ શ્રી મોહનલાલ પ્રત્યે, શ્રી ડરબન.

પત્ર ૧ મળ્યું છે. જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ

વાત પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે. જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે.

'આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્ત્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', 'તેથી તે નિવૃત્ત થઈ શકે છે', અને 'નિવૃત્ત થઈ શકવાનાં સાધન છે', એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને 'વિવેકજ્ઞાન' અથવા 'સમ્યક્‌દર્શન'ની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.

પૂર્વના કોઈ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મુઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમ કે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પ કાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચાર-દશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના



પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઇચ્છા તમને વર્તે છે, એમ જાણી ઘણો સંતોષ થયો છે. તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઇચ્છો છો તેથી સંસારક્લેશથી નિવર્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે, એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ.''

(મુંબઈ, ફાગણ વદ ૫, શનિ, ૧૯૫૧, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૫૭૦)

''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;—
મૂળ મારગ સાંભળો જિનનો રે.૭
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ; મૂ૦''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૧૫)

---

## શિક્ષાપાઠ ૭૪. જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ?

પાંચ ઇંદ્રિયોના વિષયો પ્રત્યે જીવને અનાદિકાળથી આસક્તિ છે, તેને લઈને ભોગો ભોગવતી વખતે ઇષ્ટ-અનિષ્ટપણું કે રાગદ્વેષ કરી જીવ કર્મ બાંધે છે, તે કર્મ ભોગવવા બીજો દેહ કર્માનુસાર ધારણ કરવો પડે છે, તે

દેહમાં વળી ઇંદ્રિયોની પ્રાપ્તિ થાય છે; તે ઇંદ્રિયોના વિષયો પ્રત્યે ફરી રાગદ્વેષ કરી ફરી કર્મો બાંધે છે; તેના ફળરૂપે વળી બીજા બીજા દેહ ધારણ કરવા પડે છે. આમ સંસારચક્રમાં જીવ ભમ્યા કરે છે.

પાંચ ઇંદ્રિયો અને મનની મદદ વિના જ્ઞાન થઈ શકે, કે ઇંદ્રિયસુખ વા મનોકલ્પિત સુખ કરતાં બીજી જાતનું સુખ હોઈ શકે એવી શ્રદ્ધા પણ આ યુગમાં થવી એ દુર્ઘટ થઈ પડ્યું છે. બાહ્ય પદાર્થોમાં જીવોનું મન એટલું બધું ગૂંચાયેલું રહે છે, અને ખાસ કરીને ધન-ઉપાર્જન અર્થે જીવો એટલા બધા વ્યાકુળ રહે છે કે પરલોક સંબંધી, આત્મા સંબંધી કે સમાધિ-સુખ સંબંધી મહાપુરુષોએ કરેલા પુરુષાર્થ તરફ દૃષ્ટિ દેવાનો તેમને અવકાશ જ મળતો નથી.

‘‘ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. બાહ્ય દૃષ્ટિથી જ્યાં સુધી ઉજ્જ્વળ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં દર્શન દે છે ત્યાં સુધી, તે કથનની સિદ્ધતા ક્વચિત્ દુર્લભ છે; તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતાં એ કથનનું પ્રમાણ કેવળ સુલભ છે, એ નિઃસંશય છે.

એક નાનામાં નાના જંતુથી કરીને એક મદોન્મત્ત હાથી સુધીનાં સઘળાં પ્રાણીઓ, માનવીઓ અને દેવદાનવીઓ એ સઘળાંની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં છે. એથી કરીને તેઓ તેના ઉદ્યોગમાં ગૂંથાયાં રહે છે; પરંતુ વિવેકબુદ્ધિના ઉદય વિના તેમાં તેઓ વિભ્રમ પામે છે. તેઓ સંસારમાં નાના પ્રકારનાં સુખનો આરોપ કરે છે. અતિ



અવલોકનથી એમ સિદ્ધ છે કે તે આરોપ વૃથા છે. એ આરોપને અનારોપ કરવાવાળાં વિરલાં માનવીઓ વિવેકના પ્રકાશ વડે અદ્‌ભુત પણ અન્ય વિષય પ્રાપ્ત કરવા કહેતાં આવ્યાં છે. જે સુખ ભયવાળાં છે તે સુખ નથી પણ દુઃખ છે. જે વસ્તુ પ્રાપ્ત કરવામાં મહા તાપ છે, જે વસ્તુ ભોગવવામાં એથી પણ વિશેષ તાપ રહ્યા છે; તેમ જ પરિણામે મહા તાપ, અનંત શોક, અને અનંત ભય છે; તે વસ્તુનું સુખ તે માત્ર નામનું સુખ છે; વા નથી જ. આમ હોવાથી તેની અનુરક્તતા વિવેકીઓ કરતા નથી. સંસારના પ્રત્યેક સુખ વડે વિરાજિત રાજેશ્વર છતાં પણ, સત્ય તત્ત્વજ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવાથી, તેનો ત્યાગ કરીને યોગમાં પરમાનંદ માની સત્ય મનોવીરતાથી અન્ય પામર આત્માઓને ભર્તૃહરિ ઉપદેશે છે કે :—

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्‌भयं,
माने दैन्यभयं बले रिपुभयं रूपे तरुण्या भयं,
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतांताद्‌भयं,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयं.

**ભાવાર્થ** :—ભોગમાં રોગનો ભય છે; કુળને પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે; ગુણમાં ખળનો ભય છે; અને કાયા પર કાળનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર એક વૈરાગ્ય જ અભય છે!!!......

..... એમાં આખા તત્ત્વજ્ઞાનનું દોહન કરવા એમણે સકળ તત્ત્વવેત્તાઓનાં સિદ્ધાંત-રહસ્યરૂપ અને સ્વાનુભવી-સંસારશોકનું

તાદૃશ ચિત્ર આપ્યું છે. એણે જે જે વસ્તુઓ પર ભયની છાયા પ્રદૃશ્ય કરી તે તે વસ્તુ સંસારમાં મુખ્ય સુખરૂપે મનાઈ છે. સંસારનું સર્વોત્તમ સાહિત્ય જે ભોગ તે તો રોગનું ધામ ઠર્યું; મનુષ્ય ઊંચ કુળથી સુખ માને તેવું છે ત્યાં પડતીનો ભય દેખાડ્યો; સંસારચક્રમાં વ્યવહારનો ઠાઠ ચલાવવાને દંડરૂપ લક્ષ્મી તે રાજા ઇત્યાદિકના ભયથી ભરેલી છે. કોઈ પણ કૃત્ય કરી યશકીર્તિથી માન પામવું કે માનવું એવી સંસારના પામર જીવોની અભિલાષા છે તો ત્યાં મહા દીનતા ને કંગાલિયતનો ભય છે; બળ-પરાક્રમથી પણ એવા જ પ્રકારની ઉત્કૃષ્ટતા પામવી એમ ચાહવું રહ્યું છે તો ત્યાં શત્રુનો ભય રહ્યો છે; રૂપ-કાંતિ એ ભોગીને મોહિનીરૂપ છે તો ત્યાં તેને ધારણ કરનારી સ્ત્રીઓ નિરંતર ભયવાળી જ છે; અનેક પ્રકારે ગૂંથી કાઢેલી શાસ્ત્રજાળ તેમાં વિવાદનો ભય રહ્યો છે; કોઈ પણ સાંસારિક સુખનો ગુણ પ્રાપ્ત કરવાથી જે આનંદ લેખાય છે, તે ખળ મનુષ્યની નિંદાને લીધે ભયાન્વિત છે; જેમાં અનંત પ્રિયતા રહી છે એવી કાયા તે એક સમયે કાળરૂપ સિંહના મુખમાં પડવાના ભયથી ભરી છે. આમ સંસારનાં મનોહર પણ ચપળ સાહિત્યો ભયથી ભર્યાં છે. વિવેકથી વિચારતાં જ્યાં ભય છે ત્યાં કેવળ શોક જ છે; જ્યાં શોક હોય ત્યાં સુખનો અભાવ છે; અને જ્યાં સુખનો અભાવ રહ્યો છે, ત્યાં તિરસ્કાર કરવો યથોચિત છે.....

વ્યાસ, વાલ્મીકિ, શંકર, ગૌતમ, પતંજલિ, કપિલ અને યુવરાજ શુદ્ધોદને પોતાના પ્રવચનમાં માર્મિક રીતે અને સામાન્ય રીતે જે ઉપદેશ્યું છે, તેનું રહસ્ય નીચેના શબ્દોમાં કંઈક આવી જાય છે.



''અહો લોકો! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો! ઉપયોગ કરો!!''

એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માન્ય રાખવા યોગ્ય સર્વજ્ઞ મહાવીરનાં વચન સર્વ સ્થળે એ જ છે કે, સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમજ દુઃખપ્રદ છે. અહો! ભવ્ય લોકો! એમાં મધુરી મોહિની ન આણતાં એથી નિવૃત્ત થાઓ! નિવૃત્ત થાઓ!!'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ભાવનાબોધ)

---

## શિક્ષાપાઠ ૭૫. મહાવીરપુત્ર શાસનકુમાર અને શાસનદેવી, ભાગ–૧

''શાસનકુમાર—મહાદેવી! સાન્નિધ્ય કરો!

શાસનદેવી—કેમ વત્સ! સાન્નિધ્યનું શું પ્રયોજન છે?

શાસનકુમાર—દેવી! આ આવાસ હવે તદ્દન જીર્ણ થઈ ગયો છે; એ પડ્યો કે પડશે એમ થઈ રહ્યું છે. સમારકામથી હવે એ નભે એમ લાગતું નથી. દેવી! એ ઉપર તો ઘણાં સમારકામ થઈ ચૂક્યાં છે. થાગડ-થીગડથી તો એ આવાસ ભરાઈ ગયો છે. એ થાગડ-થીગડ હવે જોયાં જાતાં નથી. એકાદ પવનનો ઝપાટો લાગશે, તો એને જમીનદોસ્ત થતાં વાર નહીં લાગે. ભીંતો લૂણો ખાઈ ખરી પડવા માંડી છે. ચોમેરથી, ઉપરથી ધૂળ, કચરો, પાણી વરસે છે. આમ મારે રહેવા યોગ્ય આ આવાસ હવે રહ્યો નથી. અધિષ્ઠાયિકે! હવે તો નવી ઇમારતની જરૂર છે. હવે તો મારાથી આ ઘરમાં રહી

શકાય એમ નથી. દેવી! મારાં માતાપિતા, ભ્રાતાભગિનીઓ, અપુનરાવર્ત ગતિ પામ્યાં છે; મને નિરાધાર મૂકી ચાલ્યાં ગયાં છે. દેવી! મારું રક્ષણ કરો, નહીં તો મારું આવી બન્યું છે. પછી અન્ય માતાપિતાને ઉદરે જન્મ પામું ત્યારે ખરો!

વળી પવિત્ર દેવી! આ મારું અંગરખું કેવળ જીર્ણ થઈ ગયું છે. જુદા જુદા દરજીઓએ દયા લાવી વારંવાર થાગડ-થીગડ કરી એને નભાવ્યું. હવે તો સાવ જરી જવા માંડ્યું છે. દેવી! હવે તો મને નવું બંધબેસતું લૂગડું સીવી કે સિવડાવી આપ. મારાં માતાપિતા તો પૂર્વે કહ્યું તેમ મને અત્રે આ કાળે ત્યજી સ્વધામ પધારી ગયાં છે. મારાં ભાઈભાંડુઓએ પણ એ વાટ લીધી છે. તે વિરહના શોકે મારો આ દેહ કૃશ થઈ કેવળ હાડપિંજર, હાડકાંનો માળો થઈ ગયેલ છે. લોહીમાંસ કેવળ શોષાઈ ગયાં છે. એક તો અંગવસ્ત્ર જીર્ણ થઈ ગયું છે, અને આ દેહ હાડપિંજર છે. એટલે હવે મારાથી તાપ-ટાઢ સહન થઈ શકતાં નથી. માટે શાસનદેવી! નવાં વસ્ત્રવડે મારી સંભાળ લે, નહીં તો હવે પ્રાણ નહીં ટકે. વળી નવાં માતપિતાના ઉદરે જન્મ પામું ત્યારે ખરો!

વળી અધિષ્ઠાયિકે! મારે ક્યે રસ્તે જવું? દેવી! આગલો કેડો ક્યાં ગયો? અહો! આ વાટે તો બધે બાવળ, બોરડીઓ આદિ કાંટાવાળાં ઝાડ ઊગી નીકળ્યાં છે! દેવી! આ આગલો રસ્તો ન હોય; અથવા એ એ જ રસ્તો હોય તો આ કાંટાળાં ઝાડ ક્યાંથી? દેવી! હું પૂર્વે મારાં પવિત્ર માતાપિતા તથા ભાઈ-ભાંડુઓની આંગળીએ વળગી કલ્લોલ કરતો જે શેઢે



જતો, તે શેઢો ક્યાં ગયો? પવિત્ર દેવી! એ મને બતાવો ને! હું હવે બહુ મૂંઝાઉં છું. આગળ પગ મૂકું કે ભય દઈને શૂળો પગમાં ભોંકાઈ જાય એમ છે. દેવી! કાં તો આગલો માર્ગ બતાવો અથવા નવો માર્ગ કરી આપો. ગમે તેમ કરી મને સામે પુર પહોંચાડો, નહીં તો હું અહીં જ મૂંઝાઈ મરીશ. વળી નવાં માતાપિતાના ઉદરે જન્મ લઉં ત્યારે ખરો! દેવી! મારી સંભાળ લો! મને રસ્તો બતાવો! મારું હૃદય ચિરાઈ જાય છે.

શાસનદેવી—વત્સ! તારી સ્થિતિનો શોચ કરતી હું બેઠી હતી. બાપુ! શાંત થા! શાંત થા! તારો આ દયામણો પોકાર સાંભળી મને વિશેષ શોચ થાય છે. વત્સ! માતાપિતા અને ભાઈભાંડુ બધાંનાં અમર રહેજો! પોતાના બાળ પુત્ર કે બાળ ભાંડુને નિરાધાર મૂકી સ્વધામ સિધાવશો મા!

વત્સ! તારું ઘર પડી જવાની અણી ઉપર છે; તારો ડગલો સાવ જરી ગયો છે; સામે પુર જવાનો કેડો શૂળો અને કાંટાળા ઝાડીવાળા રસ્તા સાથે મળી એક થઈ ગયો છે. વત્સ! આ મને ક્યારનુંયે સૂઝ્યું હતું. તેથી મારાથી બનતાં સમારકામ, થાગડ-થીગડ અને રક્ષકો વડે એ બધાંને યથાશક્તિ સંભાળી રાખ્યાં હતાં. પણ જ્યાં કાળને જ પોષાતું નથી, ત્યાં શું ઉપાય? માટે તું શાંત રહે, થાય તે જો અને ઉદય આવે તે સમતાએ ભોગવ. તારે નવાં માતાપિતાના ઉદરે જન્મવું પડશે, એ તારાં સ્વધામ ગયેલાં માતાપિતા અગાઉથી જ કહી ગયાં છે. તારી વર્તમાન સ્થિતિ જોઈ તને એ ભય લાગ્યો, પણ તારો એ ભય ખરો છે.

છતાં, બાપુ! તારું આયુષ્ય હજી બહુ બાકી છે. તારા પવિત્ર જનકને સ્વધામ પધાર્યાં માત્ર ૨૫૦૦ વરસ થયાં છે. તારે હજી ૧૮૫૦૦ વરસ જીવવાનું છે. તું ગભરાય છે કેમ? તું શાંત રહે! શાંત રહે! અદેખા કાળથી તારો વૈભવ, તારી જાહોજલાલી દેખી ખમી શકાતાં નથી; એટલે તને એ સુખે રહેવા નહીં દે. પણ તું શાંત રહે! શાંત રહે!

વત્સ! તારી વાટ વસમી થઈ પડી છે, એ ખરું છે. તારા પિતાની હયાતીમાં એ વાટ વહેતી હતી. ત્યાર પછી પણ કેટલાંક વરસ સુધી તારાં ભાઈભાંડુઓ એ વાટે હારદોર દોડ્યાં જતાં હતાં. તું પણ તેઓની આંગળીએ વળગી કલ્લોલ કરતો જતો હતો. આ બધું મને નજરે તરી આવે છે.

વત્સ! એ દિવસો નજરે આવતાં મારું હૈયું ભરાઈ આવે છે. તે દિવસો પછી તારાં ભાઈભાંડુઓએ છૂટાંછવાયાં આવવા માંડ્યું. પ્રથમ તો થોડા થોડા વખતના અંતરે પણ કોઈ કોઈનો પગ-સંચાર એ વાટે થતો; પણ પછી એ પગ-સંચારનો આંતરો ક્રમે કરી બહુ વધતો ગયો. વત્સ! તે આંતરામાં આ કાંટા ઊગી નીકળ્યા છે; વાટ દેખાતી બંધ થઈ છે; માર્ગ રોધાઈ ગયો છે; વાટ વસમી થઈ પડી છે!

વત્સ! મારું હૃદય દ્રવે છે, મને અશ્રુ આવે છે. ''શું પ્રાચીન પૂર્વજ સંભારું? નયણે આંસુ આવે વીર!'' વાટ વસમી થઈ પડ્યા પછી તારા કોઈ કોઈ ભાઈઓ આ દેશમાં ઘસડાઈ આવ્યા; તેઓ પણ તારી પેઠે તારા પિતાને સંભારી સંભારી રડતા હતા. બધાનાં કરુણાભર્યાં વચનો સુણી મારું હૃદય ચિરાઈ જતું હતું.



કોઈ 'પંથડો નિહાળું રે' પોકારતા હતા. કોઈ 'મારગ કોણ બતાવે રે?' કહી ઉદ્‌ગાર કાઢતા હતા. કોઈ 'દર્શન તરસિયે, તરસિયે' પોકારતા હતા. કોઈ વાટમાં પડેલા ''ઘાતિ ડુંગરો''ને રડતા હતા. કોઈનો રસ્તો ''સેંગૂ કોઈ ન સાથ'' એમ કરી વિકટ થઈ પડ્યો હતો. કોઈ ''પિયા પિયા, પ્રીતમ પ્રીતમ'' કહી પોકારતા હતા. કોઈ કોઈ તો અન્ય દેશે વિહરતા પોતાના પિતાના સહોદરને ઉચ્ચ સ્વરે પોકારી પોકારી બોલાવતા હતા. કોઈ તો વળી ''સુણો ચંદાજી'' કહી છેવટ ચંદ્રમા સાથે સંદેશો મોકલતા હતા. આમ બધા માર્ગ માટે ઘેલા થઈ, વિહ્વળ થઈ ફરતા હતા; જાણે રણ-રોઝ પેઠે વિચરતા હતા. કોઈ કોઈ તો આ ક્ષેત્રની વાતો પરક્ષેત્રના પિતાને ''શ્રી સીમંધર સાહેબ સુણજો ભરતક્ષેત્રની વાતો રે'' એમ કહી સંભળાવતા હતા. કોઈ ''સાંભળિયે અરદાસ રે, ચંદ્રાનન જિન'' એમ પોકાર કરી ગયા. આમ એ બધા છૂટા-છવાયા આવી, તારી પેઠે કરુણાર્દ્ર પોકાર કરતા હતા.

## શિક્ષાપાઠ ૭૬. મહાવીરપુત્ર શાસનકુમાર અને શાસનદેવી, ભાગ–૨

''શાસનદેવી—તારા તે ભાઈઓના પોકાર સાંભળી મને કરુણા છૂટતી હતી. મારા ધર્મ પ્રમાણે તેઓના હૃદયમાં વસી હું તેઓને સ્થિર કરતી હતી, શાંતિ-ધીરજ આપતી હતી અને તેઓ બધા તારી જ પેઠે હવે નવાં માતાપિતાને ઉદરે જન્મ લઈ તેઓ સંગાથે સ્વધામ પહોંચીશું, એ જ આશાએ આનંદ-પુરુષાર્થ-જાગૃતિપૂર્વક જીવન ગાળતા હતા.

"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી, જાણજો રે, આનંદઘન મતિ અંબ."

આમ તારા બધા ભાઈઓ નિરાશ ન થતાં, નવાં માતા-પિતાના ઉદરે જન્મ લઈ સ્વધામ પહોંચવાની આશાએ સ્થિરતા, શાંતિ, ધીરજ, પ્રેમ અને પુરુષાર્થપૂર્વક જાગતા બેઠા હતા.

વત્સ! તું પણ ધીરજ રાખ. તારે તો હજી લાંબો વખત જીવવાનું છે. પછી તારે પણ નવો જન્મ લેવો પડશે.

હમણાં જ તારો એક ભ્રાતા થઈ ગયો છે તે વધારે જીવવા પામ્યો હોત, તો તને બહુ મોટાં શાંતિ અને વિશ્રામનું સ્થાન મળત; પણ નિર્દય, અદેખો કાળ તારું સુખ ક્યાં દેખી શકે છે? તેણે તારા એ ભ્રાતાને ઊગતો જ ઝડપી લીધો. કોણ જાણે કેવા સંજોગોએ આ અદેખા કાળમાં આ વસમી વાટે એ તારો ભ્રાતા-પુરુષ આ ક્ષેત્રે આવી ચડ્યો? એ પણ તારા બીજા ભાઈઓની પેઠે પોકારી પોકારી રડતો હતો. વત્સ! સાંભળ તો ખરો! એ પ્રથમ તારા પવિત્ર પિતા 'જ્ઞાતપુત્ર મહાવીર'ને અને પછી મને ઉદ્દેશી આમ પોકારી ગયો છે. હે વત્સ! એ આર્દ્ર પોકારે મારું હૃદય ભેદી નાખ્યું. જો! એનો પોકાર તો તું સાંભળ :–

"હે જ્ઞાતપુત્ર ભગવાન! કાળની બલિહારી છે. આ ભારતના હીનપુણ્યી મનુષ્યોને તારું સત્ય, અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય? થવામાં આવાં વિઘ્નો ઉત્પન્ન થયાં; તારાં બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં, કેટલાંક સમૂળગાં ખંડ્યાં. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એ જે



તારી પ્રતિમા તેથી કટાક્ષદૃષ્ટિએ લાખોગમે મનુષ્યો વળ્યાં; તારા પછી પરંપરાએ જે આચાર્ય પુરુષો થયા તેના વચનમાં અને તારાં વચનમાં પણ શંકા નાખી દીધી. એકાંત દઈ કૂટી તારું શાસન નિંદાવ્યું.

શાસનદેવી! એવી સહાયતા કંઈ આપ કે જે વડે કલ્યાણનો માર્ગ હું બીજાને બોધી શકું, દર્શાવી શકું,–ખરા પુરુષો દર્શાવી શકે. સર્વોત્તમ નિર્ગ્રંથપ્રવચનના બોધ ભણી વાળી આ આત્મવિરાધક પંથોથી પાછા ખેંચવામાં સહાયતા આપ!! તારો ધર્મ છે કે સમાધિ અને બોધિમાં સહાયતા આપવી."

આ વચનો સાંભળી મેં એના ચિત્તમાં વસી એને શાંતિ-ધૈર્ય આપ્યાં. એ ખરેખર! તારા કોઈ અનન્ય સહોદરરૂપ હતો. તે તારા યોગ્ય નવું ઘર, નવું અંગવસ્ત્ર અને વાટ મૂકી ગયો છે. વત્સ! તું હવે ધીરજથી એ આવાસ, અંગવસ્ત્ર અને વાટનો આશ્રય લે. તારા યોગ્ય એ નૂતન મહાલય છે; તારા યોગ્ય, તને બંધબેસતું, તારું ટાઢ-તાપથી રક્ષણ કરે એવું એ નવું અંગવસ્ત્ર છે; અને વત્સ! સામા પુર જવાને કાંટા વિનાનો સાફ કરેલો એ ટૂંક રસ્તો છે.

વત્સ! તું હવે નિરાશ થઈશ નહીં. એ અદેખો કાળ જખ મારે છે. હવે તું આનંદ પામ! તારાં બાકીનાં વરસો એવાં એવાં મહાલયાદિના આશ્રયમાં આનંદપૂર્વક તું નિર્ગમન કર.

વત્સ! એ મહાલયાદિ તે તારા અનન્ય સહોદરની 'આત્મસિદ્ધિ' છે. એ 'આત્મસિદ્ધિ' આત્મસિદ્ધિનું જ કારણ છે. વત્સ! તને અને તારા ભાવિ બંધુઓને એ વિશ્રામ અને

સ્થિરતાનું અપ્રતિમ સ્થાન છે, માર્ગદર્શક અમોઘ સાધન છે. એમાં એ તારો ભ્રાતા પ્રકાશે છે :–

‘‘વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.’’

વત્સ! હવે હું અંતર્ધાન થઈશ. તું મુઝાઈશ નહીં. હું સદા જાગતી બેઠી છું. તારા ભાઈઓને ધીરજ-શાંતિ આપું છું. વત્સ! સુખી રહો! આનંદ કરો!

આ સંવાદ સાંભળી હું મારા વિચારભુવનમાંથી ઊઠ્યો. તે જેમ મેં સાંભળ્યો, તેમ અત્રે મૂક્યો છે. એમાં ગુપ્ત પરમાર્થ રહેલો છે. એમાં વર્તમાનકાળની શાસનની સ્થિતિનું દર્શન થઈ જાય છે, માર્ગની ઝાંખી થાય છે, માર્ગનું ચિત્ર આલેખાઈ જાય છે. એ ચિત્ર ધારી ધારી જોવા, વિચારવા યોગ્ય હોવાથી એનું વિશેષ વિવેચન આ ધવલપત્ર પર યથાવકાશ મૂકવા યોગ્ય છે. ૐ શાંતિઃ’’

(મનસુખભાઈ કિરતચંદ મહેતા—શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા)

---

## શિક્ષાપાઠ ૭૭. અશુચિ કોને કહેવી?

‘‘आत्मा नदी संयमतोय पूर्णा, सत्यावहा शीलतटादयोर्मिः ।
तत्राभिषेकं कुरु पाण्डुपुत्र, न वारिणा शुध्यति चान्तरात्मा ।।’’

(महाभारत—शांतिपर्व)

**ભાવાર્થ**:—સંયમરૂપી પાણીથી ભરેલી, સત્યને ધારણ કરનારી, શીલરૂપી કાંઠાવાળી, તથા દયારૂપી મોજાંવાળી એવી આત્મારૂપી નદીમાં, હે પાંડુપુત્ર! તું અભિષેક કર. કેમકે કેવળ પાણીથી કંઈ અંતરાત્મા શુદ્ધ થતો નથી.



બાર ભાવનામાં છઠ્ઠી અશુચિભાવના છે. સર્વ અશુચિ વસ્તુઓમાં વધારે અશુચિરૂપ તથા અશુચિથી ઉત્પન્ન થયેલ અને અશુચિ ઉત્પન્ન કરનાર એક આ શરીર છે; સર્વાંગે તે અશુચિરૂપ છે, પાણી વડે તે અશુચિપણું ટળે તેમ નથી. મળનો બનાવેલો ઘડો મળથી ભરેલો હોય, કાણાંવાળો હોય, ચારે તરફથી મળ ઝરતો હોય, તેને પાણીથી ધોઈએ તોપણ પવિત્ર શી રીતે થાય? કપૂર, ચંદન, પુષ્પ, તીર્થનું પાણી, ગંગાજલ વગેરે દેહને અડતાં જ દુર્ગંધવાળાં થઈ જાય છે, તેવો દેહ કપૂર, ગંગાજલાદિથી કેવી રીતે પવિત્ર થાય? જેટલી જગતમાં અપવિત્ર વસ્તુઓ છે તે સર્વ દેહના એક એક અવયવના સ્પર્શથી થયેલી છે; મળ, મૂત્ર, હાડકાં, ચામડાં, રસ, રુધિર, માંસ, વીર્ય, નસો, કેશ, નખ, કફ, લાળ, લીંટ, દાંત કે જીભની છારી, ચીપડાં, કાનનો મેલ, પરસેવો વગેરેના સ્પર્શ માત્રથી વસ્તુઓ અપવિત્ર થાય છે. બેઇંદ્રિય આદિથી પંચેન્દ્રિય પર્યંતનાં પ્રાણીના દેહના સંબંધ વગર જગતમાં અપવિત્રતા જ ક્યાંથી થાય? દેહને પવિત્ર કરવાને ત્રણ લોકમાં કોઈ પદાર્થ નથી. કોયલાને જેમ જેમ જળથી ધોઈએ તેમ તેમ કાળાશ જ નીકળે, ધોળો થાય નહીં, તેમ આ દેહનો સ્વભાવ જાણો. દેહને પવિત્ર માનવો એ મિથ્યાદર્શન છે.

ધન આદિ પરિગ્રહ, પાંચ ઇંદ્રિયોના વિષયો, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ આદિ અમૂર્તિક એવા આત્માના સ્વભાવને મલિન કરે છે, આત્માને અધમ કરે છે, નિંદ્ય કરે છે, દુર્ગતિમાં લઈ જાય છે. તેથી કામ, ક્રોધ, રાગ આદિ છોડી આત્માને પવિત્ર કરો. દેહ પવિત્ર નહીં થાય.

ધન, સંપત્તિ છે તે આત્માને કામ, ક્રોધ, લોભ, મદ, કપટ, મમતા, વૈર, કલહ, મહા આરંભ, હિંસા, મોહ, ઈર્ષા, અતૃપ્તિ આદિ હજારો દોષ ઉત્પન્ન કરાવનાર છે. આ લોક અને પરલોક સંબંધી સમસ્ત દોષો, આર્ત, ચિંતા, દુર્ધ્યાન અને મહાભય ઉપજાવનાર એક ધન છે; એવો નિર્ણય કરી વારંવાર ચિંતવન કરો. પાંચ ઇંદ્રિયોના વિષયો આત્માને ભુલાવનાર અને મહા નિંદ્ય કર્મો કરાવનાર છે. જગતમાં જે ન કરવા યોગ્ય નિંદ્ય કર્મો તેને ઇંદ્રિયોના વિષયોની વાંછા કરાવે છે. દેહનો સ્નેહ તે માંસ, ચરબી ને હાડમય મહા દુર્ગંધવાળા સડેલા શબ ઉપરનો રાગ છે, તે મહામલિન ભાવનું કારણ છે.

પવિત્રપણું બે પ્રકારે ગણાય છે; એક લૌકિક અને બીજું લોકોત્તર. કર્મરૂપી મલિનતા ધોઈ નાખી શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર થવું તે લોકોત્તર શૌચ—પવિત્રપણું છે. એનું કારણ રત્નત્રય ભાવ છે, રત્નત્રય ધારક, પરમ સમતા ભાવમાં રહેલા સાધુ-સંતના સમાગમથી પણ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.

“એક ઘડી, આધી ઘડી, આધીમેં પુનિ આધ;ળ્ળ
ળ્ળતુલસી સંગત સાધુકી, હરે કોટિ અપરાધ.”

લૌકિક શુચિ આઠ પ્રકારની છેઃ (૧) કાલ-શુચિ, અમુક કાળ વ્યતીત થયે લોકમાં પવિત્રતા મનાય છે. (૨) અગ્નિ-સંસ્કાર કે તપાવવાથી પવિત્રતા મનાય છે. (૩) પવનથી પવિત્ર થયેલું મનાય છે. (૪) ભસ્મથી માંજવાથી પવિત્ર મનાય છે. (૫) માટીથી માંજવાથી પવિત્ર મનાય છે. (૬) પાણી વડે



ધોવાથી પવિત્ર મનાય છે. (૭) કોઈને છાણ વડે લીંપવાથી પવિત્ર મનાય છે. (૮) કોઈ જ્ઞાનથી ગ્લાનિ દૂર થતાં પવિત્ર મનાય છે. એમ લૌકિક જન મનમાં પવિત્રતાનો સંકલ્પ કરે છે. પરંતુ શરીરને શુચિ કરવાને કોઈ સમર્થ નથી.

આ પ્રકારે શરીરનું અપવિત્રપણું ચિંતવવાથી શરીરની શોભા વધારવામાં, રૂપ આદિકમાં અનુરાગ હોય તે દૂર થાય છે, વીતરાગતા માટે પુરુષાર્થ થાય છે. આ દેહ તો ઉત્તમ ક્ષમાદિ ધર્મને ધારણ કરનાર એક રત્નત્રયરૂપ આત્માનો સંબંધ પામીને દેવોને પણ વંદન કરવા યોગ્ય પવિત્ર બને છે.

---

## શિક્ષાપાઠ ૭૮. સામાન્ય નિત્યનિયમ

શ્રીમદ્ રાજચંદ્રે સોળ વર્ષ પહેલાંની નાની ઉંમરે “પુષ્પમાળા” નામે ૧૦૮ બોલ લખ્યા છે, તે રોજ લક્ષમાં લેવા યોગ્ય છે. તેમાંથી થોડા ‘સામાન્ય નિત્યનિયમ’ રૂપે નીચે આપ્યા છે :—

“રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.

વ્યતીત રાત્રિ અને ગઈ જિંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ.

સફળ થયેલા વખતને માટે આનંદ માનો, અને આજનો દિવસ પણ સફળ કરો. નિષ્ફળ થયેલા દિવસને માટે પશ્ચાત્તાપ કરી નિષ્ફળતા વિસ્મૃત કરો.

અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ :—

(૧) ૧ પ્રહર — ભક્તિકર્ત્તવ્ય.
(૨) ૧ પ્રહર — ધર્મકર્ત્તવ્ય.
(૩) ૧ પ્રહર — આહારપ્રયોજન.
(૪) ૧ પ્રહર — વિદ્યાપ્રયોજન.
(૫) ૨ પ્રહર — નિદ્રા.
(૬) ૨ પ્રહર — સંસારપ્રયોજન.
૮ પ્રહર

તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

ગમે તેટલો પરતંત્ર હો તોપણ મનથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.

શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.

જો તું સમજણો બાલક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર;—દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.



ગઈ કાલે કોઈ કૃત્ય અપૂર્ણ રહ્યું હોય તો પૂર્ણ કરવાનો સુવિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

આજે કોઈ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તો પણ ભિક્ષાચારી માન્ય કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

ભાગ્યશાલી હો તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાલી કરજે, પરંતુ દુર્ભાગ્યશાલી હો તો અન્યનું બૂરું કરતાં રોકાઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષદૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

અનુચર હો તો પ્રિયમાં પ્રિય એવા શરીરના નિભાવનાર તારા અધિરાજની નિમકહલાલી ઇચ્છી આજના દિવસમાં પ્રવેશ કરજે.

દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.

દુઃખી હો તો (આજની) આજીવિકા જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.

ધર્મકરણીનો અવશ્ય વખત મેળવી આજની વ્યવહાર-સિદ્ધિમાં તું પ્રવેશ કરજે.

કદાપિ પ્રથમ પ્રવેશે અનુકૂળતા ન હોય તો પણ રોજ

જતા દિવસનું સ્વરૂપ વિચારી આજે ગમે ત્યારે પણ તે પવિત્ર વસ્તુનું મનન કરજે.

આહાર, વિહાર, નિહાર એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે.

તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.

એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચક્રિયાયુક્ત થઈ ભગવદ્ભક્તિમાં લીન થઈ ક્ષમાપના યાચ.

ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મકર્ત્તવ્ય અને વિદ્યાસંપત્તિમાં ગ્રાહ્ય કરજે.

પવિત્રતાનું મૂળ સદાચાર છે.

વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે 'હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું' એમ આજે વિચારજે.

આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિપરાયણ થજે, કે સત્શાસ્ત્રનો લાભ લઈ લેજે.

હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તો પણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પ્રતિજ્ઞા માની આજના દિવસમાં વર્તજે.



સાયંકાળ થયા પછી વિશેષ શાંતિ લેજે.

આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય :

(૧) આરોગ્યતા. (૨) મહત્તા. (૩) પવિત્રતા. (૪) ફરજ.

જો આજે તારાથી કોઈ મહાન કામ થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.

દિવસ સંબંધી કૃત્યનો ગણિતભાવ હવે જોઈ જા.

સવારે સ્મૃતિ આપી છે છતાં કંઈ અયોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.

કંઈ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માન, નિરાભિમાની રહે.

જાણતાં અજાણતાં પણ વિપરીત થયું હોય તો હવે તે માટે અટકજે.

વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.

આજ જે પળે તું મારી કથા મનન કરે છે, તે જ તારું આયુષ્ય સમજી સદ્‌વૃત્તિમાં દોરાજે.

જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્ની સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે.

આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનું તે મૂળ છે, એ જ્ઞાનીઓનું અનુભવસિદ્ધ વચન છે.

આજે કેટલા સત્પુરુષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું? એ ચિંતવન વિરલા પુરુષો કરે છે.

સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા

સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

સત્‌શીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.

આ સઘળાંનો સહેલો ઉપાાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

લાંબી, ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળ-દાયક થશે. વિશેષ શું કહું?'' ('શ્રીમદ્ રાજચંદ્ર', પુષ્પમાળા ક્રમાંક-૨)

---

## શિક્ષાપાઠ ૭૯. વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે

रत्तो बंधदि कम्मं मुंचदि जीवो विरागसंपत्तो ।
एसो जिणोवदेसो तह्मा कम्मेसु मा रज्ज ॥१६०॥

(श्री कुंदकुंदाचार्य—समयसार)

**અર્થઃ—** રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલો જીવ મુક્ત થાય છે; આ જિન ભગવાનનો ઉપદેશ છે. તેથી કર્મોમાં તું રાગ ન કર, મીઠાશ ન માન.

રાગથી કર્મબંધ અને સંસાર છે અને વૈરાગ્ય કે વીતરાગતાથી કર્મની નિર્જરા અને મોક્ષ થાય છે. મોક્ષના ઉપાયરૂપ ધર્મ છે; તે વૈરાગ્યમય જ હોવો ઘટે છે.

मंगलमय मंगलकरण वीतराग, विज्ञान ।
नमौं ताहि जातें भये अरिहंतादि महान ॥

(श्री टोडरमलजी)



**ભાવાર્થઃ—** વીતરાગ અથવા વૈરાગ્ય અને વિજ્ઞાન અથવા સમ્યક્‌જ્ઞાન એ બે ગુણો મોક્ષરૂપ અને મોક્ષના ઉપાયરૂપ છે; તેના પ્રતાપે સર્વ કર્મશત્રુઓને હણનાર અરિહંતાદિ મહા-પુરુષો થયા છે; તેથી તે બન્ને ગુણોને નમસ્કાર હો!

યથાર્થ ધર્મ તો વૈરાગ્યથી ભરપૂર હોય છે, પણ એવા ધર્મો જગતમાં જવલ્લે જ જોવામાં આવે છે. આ કળિકાળના પ્રભાવે બાહ્ય આડંબરની વૃદ્ધિ ધર્મમાં પણ થતી જાય છે. જ્યાં જ્ઞાનમાર્ગ ઉપર જીવોનો લક્ષ હોતો નથી, ત્યાં માત્ર ક્રિયાની ધામધૂમ વધતી જોવામાં આવે છે.

ભક્તિને નામે ગાન-તાન, વાજાં, હાર્મોનિયમ, રાસ, નાટક, અબીલગુલાલ, કેસૂડાં, પિચકારી, રાજભોગ, મિષ્ટાન્ન, મેવા, મીઠાઈમાં અઢળક ખર્ચ ભક્ત જીવો કરે છે અને વૈકુંઠ કે મોક્ષની આશા રાખે છે, પણ 'જેનો નાયક આંધળો તેનું કટક કૂપમાં પડે' તેમ અજ્ઞાનને ધર્મનો વેષ પહેરાવે તોપણ તે અજ્ઞાન જ રહે છે. લોઢાનાં ઘરેણાં નકશીદાર બનાવે તોપણ તે સોનાનાં થાય નહીં; તેમ યથાર્થ સમજ વિના ભક્તિ તે સંસારફળને આપનાર બને છે.

''કેટલાક જીવો મોહગર્ભિત વૈરાગ્યથી અને કેટલાક દુઃખગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લે છે. 'દીક્ષા લેવાથી સારા સારા નગરે, ગામે ફરવાનું થશે. દીક્ષા લીધા પછી સારા સારા પદાર્થો ખાવાને મળશે, ઉઘાડા પગે તડકે ચાલવું પડશે તેટલી મુશ્કેલી છે, પણ તેમ તો સાધારણ ખેડૂતો કે પાટીદારો પણ તડકામાં કે ઉઘાડા પગે ચાલે છે, તો તેની પેરે સહજ થઈ રહેશે; પણ બીજી રીતે દુઃખ નથી અને કલ્યાણ થશે.' આવી

ભાવનાથી દીક્ષા લેવાનો જે વૈરાગ્ય થાય તે 'મોહગર્ભિત વૈરાગ્ય'.

પૂનમને દહાડે ઘણા લોકો ડાકોર જાય છે, પણ કોઈ એમ વિચારતું નથી કે આથી આપણું કલ્યાણ શું થાય છે? પૂનમને દહાડે રણછોડજીનાં દર્શન કરવા બાપદાદા જતા તે જોઈ છોકરાં જાય છે, પણ તેનો હેતુ વિચારતાં નથી. આ પ્રકાર પણ મોહગર્ભિત વૈરાગ્યનો છે.

જે સાંસારિક દુઃખથી સંસારત્યાગ કરે છે તે દુઃખગર્ભિત વૈરાગ્ય સમજવો.

જ્યાં જાઓ ત્યાં કલ્યાણની વૃદ્ધિ થાય તેવી દૃઢ મતિ કરવી, કુળગચ્છનો આગ્રહ મુકાવો એ જ સત્સંગનું માહાત્મ્ય સાંભળવાનું પ્રમાણ છે. ધર્મના મતમતાંતરાદિ મોટા મોટા અનંતાનુબંધી પર્વતની ફાટની માફક મળે જ નહીં. કદાગ્રહ કરવો નહીં, ને કદાગ્રહ કરતા હોય તેને ધીરજથી સમજાવીને મુકાવવા ત્યારે સમજ્યાનું ફળ છે.......જ્યાં જ્યાં દુરાગ્રહ હોય ત્યાં ત્યાંથી છૂટવું; 'એને મારે જોઈતાં નથી' એ જ સમજવાનું છે. (ઉપદેશછાયા-૪, પૃષ્ઠ-૬૯૫) 'સ્વભાવમાં રહેવું, વિભાવથી મુકાવું' એ જ મુખ્ય તો સમજવાનું છે.'' (ઉપદેશછાયા-૫, પૃષ્ઠ-૬૯૫)

''ગમે તે કોઈ મરી ગયું હોય તેનો જો વિચાર કરે તો તે વૈરાગ્ય છે.... બાપ પોતે પચાસ વર્ષનો હોય, અને તેનો છોકરો વીશ વર્ષનો મરી જાય તો તે બાપ તેની પાસેના જે દાગીના હોય તે કાઢી લે છે! પુત્રના દેહાંતક્ષણે જે વૈરાગ્ય હતો તે સ્મશાનવૈરાગ્ય હતો.... જ્યાં જ્યાં 'આ મારાં ભાઈભાંડું' વગેરે ભાવના છે, ત્યાં ત્યાં કર્મબંધનો હેતુ છે. આ જ રીતે સાધુ પણ



ચેલા પ્રત્યે રાખે, તો આચાર્યપણું નાશ પામે. નિર્દંભપણું, નિરહંકારપણું કરે તો આત્માનું કલ્યાણ જ થાય.''(ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૦, ૭૦૧)

''મુમુક્ષુઓએ જાગૃત જાગૃત થઈ વૈરાગ્ય વધારવો જોઈએ. સત્પુરુષનું એક પણ વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે, અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે. સત્સંગ-સમાગમની જરૂર છે. બાકી સત્પુરુષ તો જેમ એક વટેમાર્ગુ બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે, તેમ બતાવી ચાલ્યા જાય છે. ગુરુપદ ધરાવવા કે શિષ્યો કરવા માટે સત્પુરુષની ઇચ્છા નથી. સત્પુરુષ વગર એક પણ આગ્રહ, કદાગ્રહ મટતો નથી. દુરાગ્રહ મટ્યો તેને આત્માનું ભાન થાય છે. સત્પુરુષના પ્રતાપે જ દોષ ઘટે છે. ભ્રાન્તિ જાય તો તરત સમ્યક્ત્વ થાય.''(ઉપદેશછાયા-૯, પૃષ્ઠ-૭૧૧)

''હજારો વર્ષના સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાન(મહાવીર)નો હતો. જ્યાં જ્યાં ભગવાન વર્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્તે છે. તેઓની વાણી ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થહેતુથી નીકળે છે, અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થે જ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. તે પુરુષના ગુણગ્રામ કરતાં અનંતી નિર્જરા છે. જ્ઞાનીની વાત અગમ્ય છે.......એ ભગવાનની અનંત કૃપા છે. તેને પચીસસો વર્ષ થયાં છતાં તેમનાં દયા આદિ હાલ વર્તે છે. એ તેમનો અનંતો ઉપકાર છે. જ્ઞાની આડંબર દેખાડવા અર્થે વ્યવહાર કરતા નથી. તેઓ સહજસ્વભાવે ઉદાસીનપણે વર્તે છે.''( ઉપદેશછાયા-૧૩, પૃષ્ઠ-૭૩૦)

---

## શિક્ષાપાઠ ૮૦. ધર્મ વિષે

(કવિત)

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,ળળળ
ળળળખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું ?ળળળ
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,ળળળ
ળળળદોલતનો દોર હોય, એ તે સુખ નામનું;ળળળ
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,ળળળ
ળળળદક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું;ળળળ
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,ળળળ
ળળળજાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું !ળળ૧

મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાને,ળળળ
ળળળજાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી;ળળળ
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,ળળળ
ળળળમમત્વને માપવાને, સકલ સિદ્ધાંતથી;ળળળ
મહા મોક્ષ માણવાને, જગદીશ જાણવાને,ળળળ
ળળળઅજન્મતા આણવાને, વળી ભલી ભાતથી;ળળળ
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,ળળળ
ળળળધર્મ ધારણાને ધારો, ખરેખરી ખાંતથી.ળળ૨

દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,ળળળ
ળળળશશીઁ વિના જેવી રીતે, શર્વરી સુહાય છે;ળળળ
પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,ળળળ
ળળળસુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;ળળળ
સલિલ વિહીન જેવી, સરિતાની શોભા અને,ળળળ
ળળળભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;ળળળ



વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,ળળળ
ળળળમાનવી મહાન તેમ, કુકર્મી કળાય છે.ળળ૩

ચતુરો ચોંપેથી ચાહી ચિંતામણિ ચિત્ત ગણે,ળળળ
ળળળપંડિતો પ્રમાણે છે પારસમણિ પ્રેમથી;ળળળ
કવિઓ કલ્યાણકારી કલ્પતરુ કથે જેને,ળળળ
ળળળસુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;ળળળ
આત્મના ઉદ્ધારને ઉમંગથી અનુસરો જો,ળળળ
ળળળનિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી;ળળળ
વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી,ળળળ
ળળ''ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન વે'મથી.''ળ૪

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪)

---

## શિક્ષાપાઠ ૮૧. ધર્મના મતભેદ, ભાગ–૧

''યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે.
ધન્ય રે દિવસ આ અહો.''

('શ્રીમદ્ રાજચંદ્ર', હાથનોંધ-૧/૩૨)

સર્વ જીવોને પૃથ્વી જેમ આધારભૂત છે, તેમ ધર્મનો આધાર શાંતિ છે એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે.

''સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ;ળ
ળજહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૦૭)

સંસારનો ક્લેશ શમાવવા સદ્ધર્મ એ ઉત્તમ સાધન છે, પરંતુ ધર્મને નામે ક્લેશ કરનાર જીવોને જગતના કયા

ભાગમાંથી શાંતિ મળશે? એ ઊંડા ઊતરી વારંવાર વિચારવા યોગ્ય છે. વિચારવાન જીવોને સંસારનાં દુઃખ કરતાં ધર્મક્લેશો વિશેષ દૂભવે છે. મહાત્મા ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્ર સંબંધી વ્યાખ્યાન આપતાં જણાવે છેઃ—

''સામાન્ય વસ્તુમાં કોઈને નકામા ન દૂભવીએ, દયા-ધર્મનું નામ લઈ બીજાને નાની વાતમાં પણ ટોકવા ન બેસી જઈએ, એ દયાધર્મનું સરસમાં સરસ માપ રાયચંદભાઈએ મૂકી દીધું છે.....

નાની નાની બાબતોમાં જે દયાધર્મને બહાને મતભેદ રાખ્યા કરે, આત્મનાદની વાતો કરવા બેસે, તેને હું કહું છું કે, આત્માનો નાદ છે જ નહીં, અથવા તો પશુની જેમ તેનો આત્મા સૂતેલો છે. મનુષ્યોમાં ઘણોખરો તો આત્મા ઊંઘતો જ હોય છે. મનુષ્યમાં અને પશુમાં ભેદ એટલો છે કે મનુષ્યનો આત્મા પૂરેપૂરો જાગી શકે છે. જો આપણે નવાણું પ્રસંગોમાં દુનિયા સાથે ચાલતા હોઈએ, તો એક પ્રસંગમાં તેને કહી શકીએ કે આ તમે ઠીક નથી કરતા. જન્મ્યો ત્યારથી દુનિયા સાથે જે વેર બાંધીને બેસે છે તે પ્રેમ બતાવી કેમ શકે?

ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રી(શ્રીમદ્ રાજચંદ્ર)એ શીખવ્યો છે. એ ધર્મનું તેમની પાસેથી મેં કૂંડાં ભરીને પાન કર્યું છે.

તેઓ ઘણી વાર કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું, પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે, તેની



બરછી સહન થઈ શકતી નથી. અત્યાચારોથી ઊકળી રહેલા તેમને ઊકળી જતા મેં ઘણી વાર જોયા છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું. આપણા ભાઈ કે બહેનને મરતાં જોઈને જે ક્લેશ આપણને થાય છે, તેટલો ક્લેશ તેમને જગતમાં દુઃખને, મરણને જોઈને થતો. કોઈ કહે, તેઓ તેમને પાપે દુઃખ પામતા હોય. પણ તેમને પાપ કરવું શું કામ પડ્યું? જ્યારે પુણ્યને સરળ માર્ગ મળતો નથી, પણ મોટી ખીણો ને પર્વતો ઓળંગવા પડે છે ત્યારે આપણે તેને કળિકાળ કહીએ છીએ. તે વખતે જગતમાં બહુ પુણ્ય જોવામાં આવતું નથી. ઠેકાણે ઠેકાણે પાપ દેખાય છે. પાપ, પુણ્યને નામે ચાલ્યાં કરે છે. તેવી સ્થિતિમાં દયાધર્મનું પાલન કરવા ઇચ્છીએ તો આપણો આત્મા ક્લેશથી ઊભરાઈ જવો જોઈએ. એમ લાગવું જોઈએ કે આવી સ્થિતિમાં જીવવું તે કરતાં દેહ જર્જરિત થઈ જાય, પડી જાય તે વધારે સારું.

રાયચંદભાઈનો દેહ એટલી નાની ઉંમરે પડી ગયો તેનું કારણ મને એ જ લાગે છે. તેમને દરદ હતું એ ખરું, પણ જગતના તાપનું જે દરદ તેમને હતું તે અસહ્ય હતું. પેલું શારીરિક દરદ જો એકલું હોત તો જરૂર તેઓ તેને જીતી શક્યા હોત. પણ તેમને થયું કે આવા વિષમ કાળમાં આત્મદર્શન કેમ થઈ શકે? દયાધર્મની એ નિશાની છે.''

''હાલના વખતમાં મનુષ્યોનું કેટલુંક આયુષ્ય બાળપણામાં જાય, કેટલુંક સ્ત્રી પાસે જાય, કેટલુંક નિદ્રામાં જાય, કેટલુંક ધંધામાં જાય, અને સહેજ રહે તે કુગુરુ લૂંટી લે. એટલે મનુષ્યભવ નિરર્થક ચાલ્યો જાય.'' (ઉપદેશછાયા-૧, પૃષ્ઠ-૬૮૪)

"અજ્ઞાની ગુરુઓએ લોકોને અવળે માર્ગે ચઢાવી દીધા છે. અવળું ઝલાવી દીધું છે, એટલે લોકો ગચ્છ, કુળ આદિ લૌકિક ભાવમાં તદાકાર થઈ ગયા છે. અજ્ઞાનીઓએ લોકોને સાવ અવળો જ માર્ગ સમજાવી દીધો છે. તેઓના સંગથી આ કાળમાં અંધકાર થઈ ગયો છે. અમારી કહેલી દરેકે દરેક વાત સંભારી સંભારી પુરુષાર્થ વિશેષપણે કરવો. ગચ્છાદિના કદાગ્રહો મૂકી દેવા જોઈએ. જીવ અનાદિકાળથી રખડ્યો છે. સમકિત થાય તો સહેજે સમાધિ થાય; અને પરિણામે કલ્યાણ થાય. જીવ સત્પુરુષના આશ્રયે જો આજ્ઞાદિ ખરેખર આરાધે, તેના ઉપર પ્રતીત આણે, તો ઉપકાર થાય જ."

"સાચા પુરુષનો બોધ પ્રાપ્ત થવો તે અમૃત પ્રાપ્ત થવા બરોબર છે. અજ્ઞાની ગુરુઓએ બિચારા મનુષ્યોને લૂંટી લીધા છે. કોઈ જીવને ગચ્છનો આગ્રહ કરાવી, કોઈને મતનો આગ્રહ કરાવી, ન તરાય એવાં આલંબનો દઈને સાવ લૂંટી લઈ મૂંઝવી નાંખ્યા છે; મનુષ્યપણું લૂંટી લીધું છે."

(ઉપદેશછાયા-૧૧, પૃષ્ઠ-૭૨૨)

"તીર્થંકરનો માર્ગ સાચો છે. દ્રવ્યમાં બદામ સરખી પણ રાખવાની આજ્ઞા નથી. વૈષ્ણવના કુળધર્મનાં કુગુરુઓ આરંભ પરિગ્રહ મૂક્યા વગર લોકો પાસેથી લક્ષ્મી ગ્રહણ કરે છે; અને તે રૂપી વેપાર થઈ પડ્યો છે. તે પોતે અગ્નિમાં બળે છે, તો તેનાથી બીજાની અગ્નિ શી રીતે શાંત થાય? જૈનમાર્ગનો પરમાર્થ સાચા ગુરુથી સમજવાનો છે. જે ગુરુને સ્વાર્થ હોય તે પોતાનું અકલ્યાણ કરે; ને શિષ્યોનું પણ અકલ્યાણ થાય."....

"સાચો માર્ગ એક જ છે; માટે આગ્રહ રાખવો નહીં. ફલાણો ઢૂંઢિયો છે, ફલાણો તપ્પો છે, એવી કલ્પના રાખવી નહીં. દયા, સત્ય આદિ સદાચરણ મુક્તિના રસ્તા છે. માટે સદાચરણ સેવવાં." (ઉપદેશછાયા-૧૩, પૃષ્ઠ-૭૩૧, ૭૨૯)



---

## શિક્ષાપાઠ ૮૨. ધર્મના મતભેદ, ભાગ–૨

આ યુગમાં ધર્મ-પરિસ્થિતિ કેવી છે અને મતમતાંતર ઊભા થવાનાં કેવાં કારણો ઘટે છે તે વિષે સુંદર સમાલોચના શ્રીમદ્ રાજચંદ્રે અઢાર-વીશ વર્ષની વયે લખી છે તે આ પ્રમાણે છે :–

"વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, અને જિતેંદ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.

અનંત જન્મમરણ કરી ચૂકેલા આ આત્માની કરુણા તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે અને તે જ કર્મમુક્ત થવાનો જિજ્ઞાસુ કહી શકાય છે. તે જ પુરુષ યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂપે સમજી મુક્ત થવાના પુરુષાર્થમાં યોજાય છે.

જે આત્મા મુક્ત થયા છે તે આત્મા કંઈ સ્વચ્છંદવર્તનાથી મુક્ત થયા નથી, પણ આપ્ત પુરુષે બોધેલા માર્ગના પ્રબળ અવલંબનથી મુક્ત થયા છે.

અનાદિકાળના મહાશત્રુરૂપ રાગ, દ્વેષ અને મોહના બંધનમાં તે પોતા સંબંધી વિચાર કરી શક્યો નથી. મનુષ્યત્વ, આર્ય દેશ, ઉત્તમ કુળ, શારીરિક સંપત્તિ એ અપેક્ષિત સાધન છે, અને અંતરંગ સાધન માત્ર મુક્ત થવાની સાચી જિજ્ઞાસા એ છે.

એમ જો સુલભબોધિપણાની યોગ્યતા આત્મામાં આવી હોય તો તે, જે પુરુષો મુક્ત થયા છે અથવા વર્તમાનમાં મુક્તપણે કે આત્મજ્ઞાનદશાએ વિચરે છે તેમણે ઉપદેશેલા માર્ગમાં નિઃસંદેહપણે શ્રદ્ધાશીલ થાય.

રાગ, દ્વેષ અને મોહ એ જેનામાં નથી તે પુરુષ તે ત્રણ દોષથી રહિત માર્ગ ઉપદેશી શકે, અને તે જ પદ્ધતિએ નિઃસંદેહપણે પ્રવર્તનારા સત્પુરુષો કાં તે માર્ગ ઉપદેશી શકે.

સર્વ દર્શનની શૈલીનો વિચાર કરતાં એ રાગ, દ્વેષ અને મોહરહિત પુરુષનું બોધેલું નિર્ગ્રંથદર્શન વિશેષ માનવા યોગ્ય છે.

એ ત્રણ દોષથી રહિત, મહાઅતિશયથી પ્રતાપી એવા તીર્થંકરદેવ તેણે મોક્ષના કારણરૂપે જે ધર્મ બોધ્યો છે, તે ધર્મ ગમે તે મનુષ્યો સ્વીકારતાં હોય, પણ તે એક પદ્ધતિએ હોવાં જોઈએ, આ વાત નિઃશંક છે.

અનેક પદ્ધતિએ અનેક મનુષ્યો તે ધર્મનું પ્રતિપાદન કરતાં હોય અને તે મનુષ્યોને પરસ્પર મતભેદનું કારણ થતું હોય, તો તેમાં તીર્થંકર દેવની એક પદ્ધતિને દોષ નથી; પણ તે મનુષ્યોની સમજણ શક્તિનો દોષ ગણી શકાય.

એ રીતે નિર્ગ્રંથધર્મપ્રવર્તક અમે છીએ, એમ જુદા જુદા મનુષ્યો કહેતા હોય, તો તેમાંથી તે મનુષ્ય પ્રમાણાબાધિત ગણી શકાય કે જે વીતરાગ દેવની આજ્ઞાના સદ્ભાવે પ્રરૂપક અને પ્રવર્તક હોય.

આ કાળ દુઃસમ નામથી પ્રખ્યાત છે. દુઃસમકાળ એટલે જે કાળમાં મનુષ્યો મહાદુઃખ વડે આયુષ્ય પૂર્ણ કરતાં હોય, તેમ



જ ધર્મારાધનારૂપ પદાર્થો પ્રાપ્ત કરવામાં દુઃસમતા એટલે મહાવિઘ્નો આવતાં હોય, તેને કહેવામાં આવે છે.

અત્યારે વીતરાગ દેવને નામે જૈન દર્શનમાં એટલા બધા મત ચાલે છે કે તે મત, તે મતરૂપ છે, પણ સત્‌રૂપ જ્યાં સુધી વીતરાગ દેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તતા ન હોય ત્યાં સુધી કહી શકાય નહીં.

એ મતપ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છે : (૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની પ્રાધાન્યતા ઘટાડી હોય. (૨) પરસ્પર બે આચાર્યોને વાદ-વિવાદ. (૩) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું. (૪) ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તોપણ તે દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો. (૫) મતિની ન્યૂનતા. (૬) જેના પર રાગ, તેના છંદમાં પ્રવર્તન કરનારાં ઘણાં મનુષ્યો. (૭) દુઃસમ કાળ અને (૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું.

એટલા બધા મતો સંબંધી સમાધાન થઈ નિઃશંકપણે વીતરાગની આજ્ઞારૂપે માર્ગ પ્રવર્તે એમ થાય તો મહાકલ્યાણ, પણ તેવો સંભવ ઓછો છે; મોક્ષની જિજ્ઞાસા જેને છે તેની પ્રવર્તના તો તે જ માર્ગમાં હોય છે; પણ લોક કે ઓઘદૃષ્ટિએ પ્રવર્તનારા પુરુષો, તેમ જ પૂર્વના દુર્ઘટ કર્મના ઉદયને લીધે મતની શ્રદ્ધામાં પડેલાં મનુષ્યો તે માર્ગનો વિચાર કરી શકે, કે બોધ લઈ શકે એમ તેના કેટલાક દુર્લભબોધી ગુરુઓ કરવા દે, અને મતભેદ ટળી પરમાત્માની આજ્ઞાનું સમ્યક્‌દશાથી આરાધન કરતાં તે મતવાદીઓને જોઈએ, એ બહુ અસંભવિત

છે. સર્વને સરખી બુદ્ધિ આવી જઈ, સંશોધન થઈ, વીતરાગની આજ્ઞારૂપ માર્ગનું પ્રતિપાદન થાય એ સર્વથા જોકે બને તેવું નથી; તોપણ સુલભબોધી આત્માઓ અવશ્ય તે માટે પ્રયત્ન કર્યા રહે, તો પરિણામ શ્રેષ્ઠ આવે, એ વાત મને સંભવિત લાગે છે.

દુઃસમ કાળના પ્રતાપે, જે લોકો વિદ્યાનો બોધ લઈ શક્યા છે તેમને ધર્મતત્ત્વ પર મૂળથી શ્રદ્ધા જણાતી નથી. જેને કંઈ સરળતાને લીધે હોય છે, તેને તે વિષયની કંઈ ગતાગમ જણાતી નથી; ગતાગમવાળો કોઈ નીકળે તો તેને તે વસ્તુની વૃદ્ધિમાં વિઘ્ન કરનારા નીકળે, પણ સહાયક ન થાય, એવી આજની કાળચર્યા છે. એમ કેળવણી પામેલાને ધર્મની દુર્લભતા થઈ પડી છે.

કેળવણી વગરના લોકોમાં સ્વાભાવિક એક આ ગુણ રહ્યો છે કે આપણા બાપદાદા જે ધર્મને સ્વીકારતા આવ્યા છે, તે ધર્મમાં જ આપણે પ્રવર્તવું જોઈએ, અને તે જ મત સત્ય હોવો જોઈએ; તેમ જ આપણા ગુરુનાં વચન પર જ આપણે વિશ્વાસ રાખવો જોઈએ, પછી તે ગુરુ ગમે તો શાસ્ત્રનાં નામ પણ જાણતા ન હોય, પણ તે જ મહાજ્ઞાની છે એમ માની પ્રવર્તવું જોઈએ. તેમ જ આપણે જે માનીએ છીએ તે જ વીતરાગનો બોધેલો ધર્મ છે, બાકી જૈન નામે પ્રવર્તે છે તે મત સઘળા અસત્ છે. આમ તેમની સમજણ હોવાથી તેઓ બિચારા તે જ મતમાં મચ્યા રહે છે. એનો પણ અપેક્ષાથી જોતાં દોષ નથી.''

---



## શિક્ષાપાઠ ૮૩. ધર્મના મતભેદ, ભાગ–૩

``જે જે મત જૈનમાં પડેલા છે તેમાં જૈન સંબંધી જ ઘણે ભાગે ક્રિયાઓ હોય એ માન્ય વાત છે. તે પ્રમાણે પ્રવૃત્તિ જોઈ જે મતમાં પોતે દીક્ષિત થયા હોય, તે મતમાં જ દીક્ષિત પુરુષોનું મચ્યા રહેવું થાય છે. દીક્ષિતમાં પણ ભદ્રિકતાને લીધે કાં તો દીક્ષા, કાં તો ભિક્ષા માગ્યા જેવી સ્થિતિથી મૂંઝાઈને પ્રાપ્ત થયેલી દીક્ષા, કાં તો સ્મશાનવૈરાગ્યમાં લેવાઈ ગયેલી દીક્ષા હોય છે. શિક્ષાની સાપેક્ષ સ્ફુરણાથી પ્રાપ્ત થયેલી દીક્ષાવાળો પુરુષ તમે વિરલ જ દેખશો, અને દેખશો તો તે મતથી કંટાળી વીતરાગ દેવની આજ્ઞામાં રાચવા વધારે તત્પર હશે.

શિક્ષાની સાપેક્ષ સ્ફુરણા જેને થઈ છે, તે સિવાયના બીજા જેટલા મનુષ્યો દીક્ષિત કે ગૃહસ્થ રહ્યા તેટલા બધા જે મતમાં પોતે પડ્યા હોય તેમાં જ રાગી હોય; તેઓને વિચારની પ્રેરણા કરનાર કોઈ ન મળે. પોતાના મત સંબંધી નાના પ્રકારના યોજી રાખેલા વિકલ્પો (ગમે તો પછી તેમાં યથાર્થ પ્રમાણ હો કે ન હો,) સમજાવી દઈ ગુરુઓ પોતાના પંજામાં રાખી તેમને પ્રવર્તાવી રહ્યા છે.

તેમ જ ત્યાગી ગુરુઓ સિવાયના પરાણે થઈ પડેલા મહાવીર દેવના માર્ગરક્ષક તરીકે ગણાવતા યતિઓ, તેમની તો માર્ગ પ્રવર્તાવવાની શૈલી માટે કંઈ બોલવું રહેતું નથી. કારણ ગૃહસ્થને અણુવ્રત પણ હોય છે; પણ આ તો તીર્થંકર દેવની પેઠે કલ્પાતીત પુરુષ થઈ બેઠા છે.

સંશોધક પુરુષો બહુ ઓછા છે. મુક્ત થવાની અંતઃકરણે

જિજ્ઞાસા રાખનારા અને પુરુષાર્થ કરનારા બહુ ઓછા છે. તેમને સાહિત્યો જેવાં કે સદ્‌ગુરુ, સત્સંગ કે સત્શાસ્ત્રો મળવાં દુર્લભ થઈ પડ્યાં છે, જ્યાં પૂછવા જાઓ ત્યાં સર્વ પોતપોતાની ગાય છે. પછી તે સાચી કે જૂઠી તેનો કોઈ ભાવ પૂછતું નથી. ભાવ પૂછનાર આગળ મિથ્યા વિકલ્પો કરી પોતાની સંસારસ્થિતિ વધારે છે અને બીજાને તેવું નિમિત્ત કરે છે.

ઓછામાં પૂરું કોઈ સંશોધક આત્મા હશે તો તેને અપ્રયોજનભૂત પૃથ્વી ઇત્યાદિક વિષયોમાં શંકાએ કરી રોકાવું થઈ ગયું છે. અનુભવધર્મ પર આવવું તેમને પણ દુર્લભ થઈ પડ્યું છે.

આ પરથી મારું એમ કહેવું નથી કે કોઈ પણ અત્યારે જૈનદર્શનના આરાધક નથી; છે ખરા, પણ બહુ જ અલ્પ, બહુ જ અલ્પ, અને જે છે તે મુક્ત થવા સિવાયની બીજી જિજ્ઞાસા જેને નથી તેવા અને વીતરાગની આજ્ઞામાં જેણે પોતાનો આત્મા સમર્પ્યો છે તેવા. પણ તે આંગળીએ ગણી લઈએ તેટલા હશે. બાકી તો દર્શનની દશા જોઈ કરુણા ઊપજે તેવું છે; સ્થિર ચિત્તથી વિચાર કરી જોશો તો આ મારું કહેવું તમને સપ્રમાણ લાગશે.

એ સઘળા મતોમાં કેટલાકને તો સહજ સહજ વિવાદ છે. મુખ્ય વિવાદઃ– એકનું કહેવું પ્રતિમાની સિદ્ધિ માટે છે. બીજા તેને કેવળ ઉત્થાપે છે. (એ મુખ્ય વિવાદ છે.)

આ મોટા વિવાદ આ કાળમાં જો પડ્યા ન હોત તો ધર્મ પામવાનું લોકોને બહુ સુલભ થાત.



બીજા ભાગમાં પ્રથમ હું પણ ગણાયો હતો. મારી જિજ્ઞાસા વીતરાગ દેવની આજ્ઞાના આરાધન ભણી છે. એમ સત્યતાને ખાતર કહી દઈ દર્શાવું છું કે પ્રથમ પક્ષ સત્ય છે, એટલે કે જિનપ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અનુભવોક્ત અને અનુભવમાં લેવા યોગ્ય છે. મને તે પદાર્થોનો જે રૂપે બોધ થયો અથવા તે વિષય સંબંધી મને જે અલ્પ શંકા હતી તે નીકળી ગઈ, તે વસ્તુનું કંઈ પણ પ્રતિપાદન થવાથી કોઈ પણ આત્મા તે સંબંધી વિચાર કરી શકશે; અને તે વસ્તુની સિદ્ધિ જણાય તો તે સંબંધી મતભેદ તેને ટળી જાય; તે સુલભબોધિપણાનું કાર્ય થાય એમ ગણી, ટૂંકામાં કેટલાક વિચારો પ્રતિમાસિદ્ધિ માટે દર્શાવું છું. મારી પ્રતિમામાં શ્રદ્ધા છે, માટે તમે સઘળા કરો એ માટે મારું કહેવું નથી, પણ વીર ભગવાનની આજ્ઞાનું આરાધન તેથી થતું જણાય તો તેમ કરવું. પણ આટલું સ્મૃતિમાં રાખવાનું છે કે– ......

૧. કોઈ પણ વીતરાગની આજ્ઞાનું પાલન થાય તેમ પ્રવર્તવું એ મુખ્ય માન્યતા છે.

૨. પ્રથમ પ્રતિમા નહીં માનતો અને હવે માનું છું, તેમાં કંઈ પક્ષપાતી કારણ નથી; પણ મને તેની સિદ્ધિ જણાઈ તેથી માન્ય રાખું છું; અને સિદ્ધિ છતાં નહીં માનવાથી પ્રથમની માન્યતાની પણ સિદ્ધિ નથી, અને તેમ થવાથી આરાધકતા નથી.

૩. મને આ મત કે તે મતની માન્યતા નથી, પણ રાગદ્વેષરહિત થવાની પરમ આકાંક્ષા છે; અને તે માટે જે જે

સાધન હોય તે તે ઇચ્છવાં, કરવાં એમ માન્યતા છે; અને એ માટે મહાવીરનાં વચન પર મને પૂર્ણ વિશ્વાસ છે...........

૪(ઊ) કોઈ ધર્મ માનનાર આખો સમુદાય કંઈ મોક્ષે જશે એવું શાસ્ત્રકારનું કહેવું નથી, પણ જેનો આત્મા ધર્મત્વ ધારણ કરશે તે, સિદ્ધિસંપ્રાપ્ત થશે, એમ કહેવું છે. માટે સ્વાત્માને ધર્મબોધની પ્રથમ પ્રાપ્તિ કરાવવી જોઈએ. તેમાંનું એક આ સાધન પણ છે; તે પરોક્ષ પ્રત્યક્ષ અનુભવ્યા વિના ખંડી નાખવા યોગ્ય નથી.

૪(એ) જો તમે પ્રતિમાને માનનાર હો તો તેનાથી જે હેતુ પાર પાડવા પરમાત્માની આજ્ઞા છે તે પાર પાડી લેવો; અને જો તમે પ્રતિમાના ઉત્થાપક હો તો આ પ્રમાણોને યોગ્ય રીતે વિચારી જોજો. બન્નેએ મને શત્રુ કે મિત્ર કંઈ માનવો નહીં. ગમે તે કહેનાર છે, એમ ગણી ગ્રંથ વાંચી જવો.....

૪ (અઃ) ટૂંકામાં કહેવાનું એ કે, જેમ કલ્યાણ થાય તેમ પ્રવર્તવા સંબંધમાં મારું કહેવું અયોગ્ય લાગતું હોય તો, તે માટે યથાર્થ વિચાર કરી પછી જેમ હોય તેમ માન્ય કરવું.''

(મુંબઈ, સં. ૧૯૪૪, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૦)

''અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.
વિમલ જિન, દીઠાં લોયણ આજ.
હાંરે મારાં સીધ્યાં વાંછિત કાજ.''

(શ્રી આનંદઘનજી-૧૩)

---



# શિક્ષાપાઠ ૮૪. મૂળમાર્ગ રહસ્ય

ૐ શ્રી સદ્ગુરુ ચરણાય નમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ;મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે,નો'ય વ્હાલું અંતર ભવદુઃખ.મૂળ૦

કરી જોજો વચનની તુલના રે,જોજો શોધીને જિનસિદ્ધાંત;મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત.મૂળ૦

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,એકપણે અને અવિરુદ્ધ;મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.મૂળ૦

લિંગ અને ભેદો જે વ્રતના રે,દ્રવ્ય દેશ કાળાદિ ભેદ;મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,તે તો ત્રણે કાળે અભેદ.મૂળ૦

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,સંક્ષેપે સુણો પરમાર્થ;મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે,સમજાશે ઉત્તમ આત્માર્થ.મૂળ૦

છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.મૂળ૦

જે જ્ઞાને કરીને જાણિયુંરે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત;મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત.મૂળ૦

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ;મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ.મૂળ૦

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ;મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ.મૂળ૦

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ;મૂળ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ.મૂળ૦

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ;ભ્મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ.ભ્મૂળ૦

(આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૧૫)

## શિક્ષાપાઠ ૮૫. જિતેન્દ્રિયતા

मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।
तान्प्रपद्याहमिति मां पुरा-वेद न तत्त्वतः ॥१६॥

(समाधि-शतक)

ઇંદ્રિયદ્વારથી ચૂકી, પડ્યો હું વિષયો વિષે;
ભોગો પામી ન મેં પૂર્વે, જાણ્યું રૂપ યથાર્થ જે.

**ભાવાર્થ**—પાંચ ઇંદ્રિયો વડે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ રૂપ વિષયો જીવ જાણે છે. તે જડના રૂપી ગુણો છે; તેમાં મગ્ન થવાથી જીવ પોતાનું અરૂપી સ્વરૂપ ભૂલી જાય છે, આત્મિક સુખ ભૂલી જાય છે, અને 'જડ, ચલ જગની એંઠ'ની જ ઇચ્છાઓ કરતો જન્મમરણરૂપ પરિભ્રમણમાં ભટકે છે. આમ ભૂતકાળમાં અનંતભવ ભ્રમણ થયું તોપણ હજી જીવે પોતાનું યથાર્થ સ્વરૂપ જાણ્યું નહીં, તેનું કારણ પાંચ ઇંદ્રિયોના વિષયભોગની મીઠાશ જ છે.

'ઇંદ્રિય દમનકું સ્વાદ તજ, મન દમનકું ધ્યાન.' એમ મહાપુરુષો શિખામણ આપે છે; કારણકે પાંચે ઇંદ્રિયોને પોષણ આપનાર સ્વાદિષ્ટ આહાર છે. ઉપવાસને દિવસે બધી ઇંદ્રિયો મંદ પડી જાય છે. આમ ઇંદ્રિયોને જીતવાના ઉદ્દેશથી ઉપવાસ વગેરે તપની યોજના છે છતાં તે હેતુની સમજણ ન હોવાથી



એક દિવસ તો પાણી પણ ન પીએ એવો નિર્જળ ઉપવાસ કરે, પણ બીજે દિવસે સાકરનાં પાણી અને શીરોપૂરીનું પારણું કરે; તેથી ઇંદ્રિયો ઊલટી વધારે ઉન્મત્ત બને છે.

"તીર્થંકરે ઉપવાસ કરવાની આજ્ઞા કરી છે તે માત્ર ઇંદ્રિયોને વશ કરવા માટે. એકલા ઉપવાસ કરવાથી ઇંદ્રિયો વશ થતી નથી; પણ ઉપયોગ (લક્ષ) હોય તો, વિચારસહિત થાય તો વશ થાય છે. જેમ લક્ષ વગરનું બાણ નકામું જાય છે, તેમ ઉપયોગ વિનાનો ઉપવાસ આત્માર્થે થતો નથી."

"પાંચ ઇંદ્રિયો શી રીતે વશ થાય? વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી. ફૂલના દૃષ્ટાંતેબ્- ફૂલમાં સુગંધ હોય છે તેથી મન સંતુષ્ટ થાય છે; પણ સુગંધ થોડી વાર રહી નાશ પામી જાય છે, અને ફૂલ કરમાઈ જાય છે, પછી કાંઈ મનને સંતોષ થતો નથી; તેમ સર્વ પદાર્થને વિષે તુચ્છભાવ લાવવાથી ઇંદ્રિયોને પ્રિયતા થતી નથી, અને તેથી ક્રમે ઇંદ્રિયો વશ થાય છે. વળી પાંચ ઇંદ્રિયોમાં પણ જિહ્વાઇંદ્રિય વશ કરવાથી બાકીની ચાર ઇંદ્રિયો સહેજે વશ થાય છે. તુચ્છ આહાર કરવો, કોઈ રસવાળા પદાર્થમાં દોરાવું નહીં, બલિષ્ઠ આહાર ન કરવો.

એક ભાજનમાં લોહી, માંસ, હાડકાં, ચામડું, વીર્ય, મળ, મૂત્ર, એ સાત ધાતુ પડી હોય; અને તેના પ્રત્યે કોઈ જોવાનું કહે તો તેના ઉપર અરુચિ થાય, ને થૂંકવા પણ જાય નહીં. તેવી જ રીતે સ્ત્રી-પુરુષનાં શરીરની રચના છે, પણ ઉપરની રમણીયતા જોઈ જીવ મોહ પામે છે અને તેમાં તૃષ્ણાપૂર્વક દોરાય છે. અજ્ઞાનથી જીવ ભૂલે છે એમ વિચારી, તુચ્છ જાણીને પદાર્થ

ઉપર અરુચિભાવ લાવવો. આ રીતે દરેક વસ્તુનું તુચ્છપણું જાણવું. આ રીતે જાણીને મનનો નિરોધ કરવો.''

(ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૦)

ઇંદ્રિયસુખો દુઃખરૂપ જ છે, એ પ્રકારનો સકારણ ઉપદેશ શ્રી કુંદકુંદાચાર્ય નીચેની ગાથામાં દર્શાવે છે :—

सपरं बाधासहियं विच्छिण्णं बंधकारणं विसमं ।
जं इंदियेहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा ।।७६।।

(प्रवचनसार)

**ભાવાર્થઃ—**પાંચ ઇંદ્રિયોના ભોગોથી જે સુખ ભાસે છે તે સુખ નથી, પરંતુ દુઃખ જ છે. કેમકે એક તો તે સુખ પરને આધીન છે એટલે પોતાની ઇંદ્રિયો સાબૂત હોય અને પુણ્યના ઉદયે સુખની સામગ્રી ઇચ્છા પ્રમાણે મળે તો સુખ લાગે છે; તેથી તે સ્વાધીન નથી. બીજું ક્ષુધા, તૃષા આદિ કે રોગાદિ બાધા સહિત તે સુખ છે, વચમાં વિઘ્નો નડે છે. ત્રીજું તે સુખ વિનાશી છે. ભોગ્ય પદાર્થો વીજળીના ઝબકારા જેવા અનિત્ય છે; રસોઈ સુંદર હોય તોપણ જિહ્વા પર ખોરાક રહે તે ક્ષણે જ સુખ ભાસે, આગળ પાછળ સુખ દે નહીં; જીવન પણ ક્ષણભંગુર છે, તેથી પદાર્થો તજી એકાએક જવું પડે છે. ચોથું તે સુખ કર્મબંધનું કારણ છે, કારણકે ઇંદ્રિયોના ભોગ પ્રસંગે રાગ-દ્વેષ સંભવે છે, તેથી કર્મબંધનો ભય પણ છે. પાંચમું તે સુખ એકધારું રહેતું નથી; તથા સમતા ભાવ ટકવો દુર્ઘટ હોવાથી વિષમ પણ છે. તેથી મોક્ષસુખની વાનગી સમતા ભાવમાં હોય છે, તે વિષયભોગ લૂંટી લે છે.

ઇંદ્રિય-વિષયને આધીન થતાં પ્રાણીઓ પ્રાણ પણ ગુમાવે



છે. (૧) સ્પર્શમાં આસક્ત થતાં હાથી હાથણીના મોહે ખાડામાં પડી મરી જાય છે કે જન્મારા પર્યંત પરાધીન દશા વેઠે છે. (૨) જિહ્વાને આધીન માછલાં ગળ ગળીને પ્રાણ ગુમાવે છે. (૩) ગંધમાં આસક્ત થવાથી ભમરો કમળ ફૂલમાં રાત્રે પુરાઈ રહે છે, લાકડાંમાં કાણાં પાડવાની શક્તિ છતાં તે ગૂંગળાઈને ત્યાં જ મરી જાય છે. (૪) આંખનો વિષય રૂપ છે, તેમાં મોહ પામેલાં પતંગિયાં દીવામાં પડી મરી જાય છે. (૫) શબ્દને આધીન બની સંગીતપ્રિય હરણ મરણને શરણે જાય છે.

રાજદરબારમાં શું થાય છે તે જોવા એક શિષ્યને તેના ગુરુએ મોકલ્યો. તેણે મોટા અમલદારોને દરબારમાં આવતા જોયા. તેમની આગળપાછળ સિપાઈનો પહેરો હતો. તે માર્ગ કરે અને તેની પાછળ પાલખી કે ગાડી ચાલે. પાછળના સિપાઈ કંઈ પડી જાય તો લાવી આપે, જે કહે તે કરે. થોડી વાર પછી કેદીઓને દરબારમાં સિપાઈઓ લાવતા હતા. એવા ને એવા જ સિપાઈઓ કેદીઓની આગળ અને પાછળ હતા. તે સિપાઈઓ કહે તેમ કેદીઓને ચાલવું પડતું હતું.

ગુરુ પાસે આવીને શિષ્યે તે બીના જણાવી, તે ઉપરથી ગુરુએ સમજાવ્યું કે ઇંદ્રિયો સિપાઈઓ જેવી છે. જેમ સિપાઈઓ અમલદારનાં ખાસડાં પડી જાય તો તે ઊંચકી લઈ તેના કહ્યા પ્રમાણે વર્તતા હતા, તેમ જેને ઇંદ્રિયો વશ છે અને જે ઇચ્છાઓને વશ રાખી ઇંદ્રિયોના વિષયરૂપ પ્રારબ્ધમાં વર્તે છે, તેવા જીવોની સાથે વિષયોનું બળ જરાયે ચાલતું નથી, તેમજ તે જીવો જે ઉત્તમ માર્ગે વિષયોને યોજે તે માર્ગે એ

વિષયો પ્રશસ્તરૂપમાં પ્રવર્તી તેને રૂડાં ફળ અપાવે છે; તથા આત્માનું કલ્યાણ સાધે છે. પરંતુ ઇંદ્રિયોને વશ વર્તનારા જીવો પાપમાં પ્રવર્તી અધોગતિનાં દુઃખ ઉપાર્જન કરે છે. માટે જે સામગ્રી મળી છે, તેને સવળી રીતે વાપરવી એ વિવેકી જીવોનું કર્તવ્ય છે.

---

## શિક્ષાપાઠ ૮૯. બ્રહ્મચર્યની નવ વાડ

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? એ રાગ)

બ્રહ્મચર્ય સ્વર્ગીય તરુ રમણીય છે,
ફળ પંક્તિ ત્યાં લચી રહી પ્રતિ ડાળ જો !
રક્ષા કરવા વાડો નવ સુંદર કરી,
દ્વિજગણ કુંજન કરતાં લે સંભાળ જો.બ્રહ્મચર્ય૦૧

પહેલી વાડ તે સ્થાન વિકારક ત્યાગવાં,
ઉંદર, મરઘી તજે બિલાડી દૂર જો;
બ્રહ્મચર્ય વ્રતને જીવન જે જાણતાં,
તે વિકારક વસતિ તજે જરૂર જો.બ્રહ્મચર્ય૦૨

બીજી વાડે કથા વિકારી ના કહે,
મર્યાદાનો લોપ કરે એકાંત જો;
વિકાર-પોષક શાસ્ત્ર નહીં વાંચે, કહે,
શૃંગાર કથા છે અપથ્ય એ સિદ્ધાંત જો.બ્રહ્મચર્ય૦૩

ત્રીજી વાડે બેસે નહિ એકાસને,
આસન-સ્મૃતિ પણ વિકારપ્રેરક માન જો;
બે-ચાર ઘડી વીત્યે સંસ્કાર રહે નહીં,
નિર્મળ વ્રત-ધારી રાખે તે ધ્યાન જો.બ્રહ્મચર્ય૦૪



અંગોપાંગ મનોહર વર્ણી ના જુએ,
નયન, નાસિકા, આદિ વિકારક જાણ જો;
ચોથી વાડ ચતુર જનને ચેતાવતી,
વ્રત રક્ષાર્થે જ્ઞાની-વચન પ્રમાણ જો.બ્રહ્મચર્ય૦૫

વાડ પાંચમીઃ છુપાઈને ના સાંભળે,
રતિપ્રસંગ કે પ્રેમકલહના નાદ જો;
વિરહ-રુદન કે કામોદ્દીપન પ્રાર્થના,
વ્રતી જન મનને પ્રેરે કામ પ્રમાદ જો.બ્રહ્મચર્ય૦૬

છઠ્ઠી વાડે પૂર્વ રતિ-સ્મૃતિ ના કરે,
ઝેર ચડે ગત વિષય-ક્રીડા કર્યે યાદ જો;
કરી કલ્પના પાપ કર્મ બાંધે, અરે !
ધર્મધ્યાન જીંવ ચૂકે એ અવિવાદ જો.બ્રહ્મચર્ય૦૭

સાતમી વાડે પૌષ્ટિક ભોજન ના કરે,
દૂધ, દહીં, ઘી, ગળપણ વિકૃતિકાર જો;
દવા વીર્યવૃદ્ધિની કામ જગાડતી,
વ્રતધારી તો માને એ જ અસાર જો.બ્રહ્મચર્ય૦૮

આઠમી વાડે સાદો પણ આહાર તે,
મિતાહારી રહી લે ન વધુ રસલીન જો;
ખાનપાન અતિમાત્ર થતાં પણ જાગતા,
વિકાર અનેક પ્રકારે નિદ્રાધીન જો.બ્રહ્મચર્ય૦૯

નવમી વાડ વિભૂષા નામે જાણવી,
સ્નાન, વિલેપન, પુષ્પાદિક શણગાર જો;
બ્રહ્મચર્ય વ્રત ભંગ તણાં એ કારણો,
સેવે શાને જેને વ્રત પર પ્યાર જો ?બ્રહ્મચર્ય૦૧૦

---

## શિક્ષાપાઠ ૮૭. સ્વદોષનો અપક્ષપાતપણે વિચાર

દુર્ઘટ કર્મની વિચિત્રતા એક સંસારી જીવે અનુભવેલી, તે દુર્ઘટતાનું લખાણ તે જીવ પોતે કરે છેઃ—

"હે જીવ! તને સ્ત્રી-પરિચય કરવાનું કારણ શું છે? તે બાઈમાં અબ્રહ્મચર્યતા છે તે મટાડવાને અર્થે, એમ કલ્પના છે. તે તારી કલ્પના યથાર્થ છે કે કેમ? યથાર્થ હો વા ન હો તેની કંઈ સમજણ પડતી નથી. શા માટે સમજણ પડતી નથી? વિચાર કરીશ તો સમજાશે. તું વિચાર કરવામાં પ્રમાદી છો, તેથી જ તને સમજણમાં આવતું નથી. સત્પુરુષોએ નવ વાડ સહિત બ્રહ્મચર્યની વૃત્તિ કરવાનું કહ્યું છે. તો તે નવ વાડનો તું ભંગ કરે છે. હું નવ વાડનો ભંગ ક્યાં કરું છું? એ તો જેને વિષય સેવવાની ઇચ્છા હોય તેને માટે કહ્યું છે, પણ હું તો તે જીવ પ્રત્યે તેવા ધર્મ સંબંધી વાત કરું છું. તે વાત તું કરે છે; પણ જે વખતે તે સ્ત્રી એકલી હોય છે, તે વખતે જોકે તું વિષય સેવતો નથી; તથાપિ તારા પોતા વિષે તેને અપૂર્વ પ્રેમ આવે તેવો પ્રકાર તું રચે છે. તો તારે માન-પૂજાની કામના તો અવશ્ય હોવી જોઈએ. સર્વ સત્પુરુષોએ સ્ત્રી-પરિચયનો નિષેધ કર્યો છે, છતાં તું શા માટે પરિચય કરે છે? તેને બોધને અર્થે કરું છું. બોધને અર્થે જો તું કરે છે, તો તારા પોતામાં હજી તેવાં વૈરાગ્ય, ઉપશમ, બ્રહ્મચર્યતા થયાં નથી. પોતાનામાં તેવા ગુણો વિના બીજાને બોધ દેવાના પ્રયત્નો હવે નિરર્થક છે. એ તારી ભૂલ તો અવશ્ય છે. જ્યારે તારી ભૂલ છે ત્યારે તું શા માટે તેનો ત્યાગ કરતો નથી? ભૂલ છે એમ લખે છે,



પણ ઊંડાણમાં તેં ભૂલ જાણી નથી. જાણી હોય તો અવશ્ય તેનો ત્યાગ થાય, એ એમાં ભેદ છે.

હે જીવ! આવી ને આવી તું પ્રવૃત્તિ કરશે, અને તું એમ જાણીને કરીશ કે હું તો તે જીવને ઉપકાર કરું છું, એ તારી અવશ્ય ભૂલ છે. તેથી તારે અવશ્ય બહોળો સંસાર ભોગવવો પડશે. આ કંઈ મુમુક્ષુનું લક્ષણ નથી. લોક કેટલાક તો તને એમ જાણે છે કે આ મુમુક્ષુ છે. પણ તું તો કપટી છું. કારણકે જે પરમ નિંદવા યોગ્ય સંગ તે તો હજી તું કર્યા કરે છે, અને સત્પુરુષ જેવો ડોળ તું રાખ્યા કરે છે; એ તને દીર્ઘ સંસારનો હેતુ છે. કારણ, માર્ગ તો આજ્ઞામાં રહ્યો છે. આજ્ઞાનું વિરાધવું એ જ બહુલ સંસારનો હેતુ છે; અને આજ્ઞાનું આરાધવું એ સંસારનો ક્ષય કરનાર, પરમ શાંતિને આપનાર છે. માટે આજ્ઞાનું આરાધન કર.

એ જીવ સમજો એવી ભાવના તો રાખ, પણ તું તેનો પરિચય કરવાની ટેવ હવે દૂર કર. એને ઉદય હશે તો કોઈ ને કોઈ જોગ મળી આવશે. તારાથી કંઈ થવાનું નથી. તું પ્રથમ નિર્વિકારી એવો થા કે દેવાંગના વા અપ્સરા ગમે તે પ્રકારના હાવભાવ કરે તથાપિ જ્યાં વેદનો ઉદય ન જ હોય તેવી દશા પ્રથમ કર; ત્યાર પછી જેમ થવાનું હશે તેમ થશે. પણ પ્રથમ તેવી દશા તું કર.

હે જીવ! તારું દુર્ઘટપણું, કર્મનું વિચિત્રપણું જો તું કોઈ મુમુક્ષુને કહે, તો અવશ્ય તે જીવો પણ સામાન્ય જિજ્ઞાસુ માર્ગથી પડી જાય. આ જે દોષમાં તું પ્રવર્તે છે, તે દોષનાં મૂળ

મહા ભયંકર છે. કારણ કે તે વાત સત્પુરુષોને કરતાં તું અટકી જાય છે. કારણકે તારામાં તે કપટપણું વર્તે છે. સત્પુરુષની પાસે તો કંઈ પણ અંતર રાખવું જોઈએ નહીં. અને તું તો એવાં કારણો સેવે છે કે સત્પુરુષોને વાત કરતાં પણ અટકી જવાય તેવું થયું છે. જોકે તારા અંતઃકરણમાં તેવી ભાવના ઘણી વાર થાય છે કે ક્યારે પણ તે મારું દુર્ઘટ ચરિત્ર હું હજી સુધી કહી શકતો નથી. આ તારી મહા વિટંબન દશા છે. સ્ત્રી ભોગવવામાં જેટલું પાપ છે, તેથી વિશેષ ભયંકર મહા પાપ સત્પુરુષ પાસે કપટ સેવવામાં છે. અને તું એવાં તો કારણો સેવે છે કે જેથી સત્પુરુષને કહેવાય નહીં. તેવાં કારણો છે કે નહીં? તને એમ થાય છે કે મારું મોટાપણું જતું રહેશે. અરે! પામરમાં પામર, તારામાં મોટાપણું શું છે? કપટ કરવું એ જ. તે તો હીનપણું છે. પણ કોણ જાણે, તારી બહુ જ દુર્ઘટતા છે. તું અપરમાર્થમાં પરમાર્થનું કારણ જાણી બહુ ભૂલ ખાય છે. હવે તેવી ભૂલ ન થાય તેવા ઉપાય કર, તે શ્રેયકારી છે.

કાં તો કોઈ નિવૃત્તિના ક્ષેત્રે જઈ, આવી વૃત્તિ ફરીથી ન થાય તેને માટે વિચારી વિચારીને નિર્ધાર કર; અને એવા નિર્ધાર ઉપર આવ કે ફરીથી તેવો વખત ન આવે. દૃઢમાં દૃઢ પ્રતિજ્ઞા કર કે હવેથી હું તેવો સંકલ્પ કરું નહીં. સંકલ્પ થાય તો હું ત્યાં જઉં નહીં; અને જઉં તો અવશ્ય દેહનો ત્યાગ થાય તેવાં આચરણ કરે તેવાં કાર્ય પ્રત્યે અત્યંત ઉદાસ થઈ જા; વિરામ પામ, વિરામ પામ. હે જીવ! જે દોષ થાય છે તે દોષને જણાવવાનો નિશ્ચય કર અને ફરીથી તને તેવા દોષ ન થાય તેમ કર. એમાં હવે તું વિલંબ ન કર, નહીં તો અવશ્ય



માર્યો જઈશ, દુઃખી થઈશ. માટે તે માટે તત્પર થઈ જાગ્રત થા, જાગ્રત થા.'' (પરમકૃપાળુદેવને મળેલા એક મુમુક્ષુ)

---

## શિક્ષાપાઠ ૮૮. યોગ

મોક્ષ સાથે આત્માને યોજે તે 'યોગ' એવો વ્યુત્પત્તિ અનુસાર 'યોગ' શબ્દ સાર્થક છે. મોક્ષના ઉપાયરૂપ આચાર પણ યોગ કહેવાય છે. મિથ્યાત્વ આદિ કારણો સહિત મન, વચન, કાયા એ ત્રણ કર્મવૃદ્ધિનાં કારણ હોવાથી તેમને યોગરૂપે અહીં ગણવાં નહીં. પરંતુ મોક્ષ સાધવાનાં કારણરૂપ શુદ્ધ આત્માની ભાવનાવાળા આત્માના વીર્ય પરિણામનું સાધક (કારણ) રૂપે પ્રવર્તન તે યોગરૂપે ગ્રહણ કરવું.

અનાદિ પરભાવમાં આસક્ત, ભવપરિભ્રમણના આગ્રહથી વિષયભોગમાં મગ્ન થયેલા જીવોને મોક્ષના ઉપાયરૂપ યોગ પ્રાપ્ત થતો નથી. કહેવાનો એ અભિપ્રાય છે કે મોક્ષ એ આપણું ધ્યેય, સાધ્ય છે. સદ્ગુરુનાં વચનનું શ્રવણ, સ્મરણ, તત્ત્વજિજ્ઞાસાદિ યોગથી નિર્મળ, નિઃસંગ, પરમાનંદમય સ્વરૂપની સ્મૃતિ કરી, તેની કથા-શ્રવણમાં પ્રીતિ આદિ કરે છે, તે પરંપરાએ સિદ્ધ યોગી થાય છે. મરુદેવા માતાની પેઠે સર્વને અલ્પ પ્રયાસે સિદ્ધિ થતી નથી. તેમને તો અલ્પ આશાતનારૂપ દોષના કારણે નિષ્પ્રયાસ, અપ્રયત્ને સિદ્ધિ થઈ. અન્ય જીવોને લાંબા કાળની આશાતનાથી બંધાયેલાં ગાઢ કર્મો હોવાથી તેમને યોગ-આચારરૂપ ક્રમથી તે કર્મો દૂર થયે સિદ્ધિ સંભવે છે.

"યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામોળ્રે;ળ્ળ્ળ્ળ્ળ્ળ્
ભાવાચારજ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામોળ્રે.ળ્ળ્ળ્ળ્ળ્ળ્
વીર જિનેસર દેશના.
દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાનેળ્રે;ળ્ળ્ળ્ળ્ળ્ળ્
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાનેળ્રે.ળ્વીર૦
લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહોળ્રે;ળ્ળ્ળ્ળ્ળ્ળ્
ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહોળ્રે.ળ્વીર૦
બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહળ્રે;ળ્ળ્ળ્ળ્ળ્ળ્
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહળ્રે.ળ્વીર૦
સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહોળ્રે;ળ્ળ્ળ્ળ્ળ્ળ્
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહોળ્રે.ળ્વીર૦"

(શ્રી યશોવિજયજી-યોગની આઠ દૃષ્ટિમાં પ્રથમ મિત્રા દૃષ્ટિ)

મોક્ષના હેતુરૂપ યોગ ખરેખરી રીતે એક જ પ્રકારનો હોય છે, કારણકે સાધ્યરૂપ મોક્ષ એટલે સર્વ કર્મક્લેશનો ક્ષય કે સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી એમાં ભેદ નથી. પરંતુ યોગશાસ્ત્રોમાં આત્મવિશુદ્ધિની ભૂમિકાઓ તથા યોગનાં અંગોના ભેદ જણાવ્યા છે, તે સર્વ એક જ અર્થે છે. નામ જુદાં જુદાં જણાવવાથી પદાર્થમાં ભેદ પડતો નથી; જેમકે ઇંદ્ર, શક્ર, હરિ, પુરંદર આદિ શબ્દો એક જ વ્યક્તિને દર્શાવે છે.

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;ળ્
ળ્પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."

('શ્રીમદ્ રાજચંદ્ર', આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા-૩૬)

એક પ્રકારે 'આત્મભાવના' રૂપ યોગ કહેવાય. રાગ અને દ્વેષ ટાળવારૂપ બે પ્રકારે યોગ ગણાય. રાગ, દ્વેષ અને મોહના



ક્ષયરૂપ કે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગરૂપે ત્રણ યોગ ગણાય છે. ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગરૂપે અનાસક્તિ-યોગ (શ્રીમદ્ ભગવદ્ગીતા)માં ત્રણ યોગ વર્ણવ્યા છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ રૂપ આરાધનાના ભેદે ચાર યોગ પણ આરાધાય છે. પાંચ પાપના ત્યાગરૂપ, પંચમહાવ્રતરૂપ યમ એ પાંચ યોગ પણ ગણાય છે. આમ અનેક પ્રકારે અષ્ટાંગ, નવપદ યોગ વગેરે છે.

"યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોળ્રે,
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણોળ્રે,
વીર જિનેસર ઉપદિશે."

(શ્રી યશોવિજયજી—નવપદ પૂજા)

આત્મહિતની ઇચ્છાવાળા મુમુક્ષુ જીવે ઓઘદૃષ્ટિ, લોકદૃષ્ટિ તજીને વિવેકદૃષ્ટિથી સદ્ગુરુયોગે મોક્ષ ઉપાયનો નિર્ણય કર્તવ્ય છે. કારણ કે યોગવંચનાથી સર્વ પુરુષાર્થમાં જીવ ઠગાય છે; તે જોઈ જ્ઞાનીપુરુષોને દયા આવવાથી ચેતાવે છેળ્ઃ

"વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.
કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.
બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ.
બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહીં;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહીં."

('શ્રીમદ્ રાજચંદ્ર', આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા-૨ થી ૫)

“જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરુષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરનાં વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ, તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે, યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશવચનને નમસ્કાર કરીએ છીએ.” (ચૈત્ર સુદ ૧, સં. ૧૯૪૯, ‘શ્રીમદ્ રાજચંદ્ર’, ક્રમાંક-૪૩૬)

---

## શિક્ષાપાઠ ૮૯. સમાજસેવા

હાલમાં સમાજસેવા માટે સર્વત્ર ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે પરંતુ સાચી સમાજસેવા અથવા સમાજને સુખી કરવાના ઉપાય કોઈ જ્ઞાની જ જાણે છે.

(૧) કેળવણીકાર એ મુખ્ય સમાજસેવક છે. કારણકે જીવનની પ્રથમ અવસ્થામાં માનવબાળને તેના ભાવિ આદર્શ જીવન માટે તૈયાર થવાની કેળવણી એ આપે છે, તેની



શારીરિક માનસિક શક્તિઓ વિકસાવે છે અને વિવિધ વિદ્યાઓ શીખવે છે; પરંતુ આ વાત સર્વમાન્ય છે કે सा विद्या या विमुक्तये । જેથી મોક્ષ પમાય એ જ વિદ્યા સાચી છે. એ સાચી વિદ્યા મેળવવા સર્વજ્ઞપ્રણીત તત્ત્વ વિચારવાની ખાસ અગત્ય છે.

(૨) બીજી સમાજસેવા ગૃહસ્થાશ્રમ સુધારવા માટે થાય છે. કજોડાં, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે થતાં અટકાવવાં, સ્ત્રીઓને સમાન હકો આપવા, માબાપોને સારી સંતતિના ઉછેરનું જ્ઞાન આપવું, લોકોનું આર્થિક, નૈતિક અને બૌદ્ધિક ધોરણ ઊંચું કરવું વગેરે સમાજસેવા કરવા ઘણા ધગશ રાખે છે. પરંતુ તે સાથે સંયમ, તપ અને આત્મસાધનાની સમજ નહીં હોય તો અમૂલ્ય માનવદેહનો સમય મોજશોખ અને વિષય-વાસનામાં જ વ્યતીત થશે. વળી ગૃહસ્થજીવનમાં પણ અનેક અસહ્ય સંકટો આવી પડે છે, ત્યારે ધર્મનો આધાર હોય તો જ આત્મશાંતિ જાળવી શકાય છે. તે માટે પવિત્ર સ્યાદ્વાદ-મતનું ઢંકાયેલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણી જીવનનું સાચું સુખ અને સાચું ધ્યેય યુવાન સ્ત્રીપુરુષોને રુચે એ રીતે સમજાવવું એ મહાન સમાજસેવા છે.

(૩) ત્રીજી સમાજસેવા તે રોગીની સારવાર, વૃદ્ધસેવા, ગરીબને અન્નવસ્ત્ર પ્રાપ્ત કરાવવાં વગેરે છે. રોગી, વૃદ્ધ અને દુઃખીને ધર્મના અવલંબનથી ઘણી શાંતિ મળે છે, એનો અનુભવ સૌ કોઈને છે. ધર્મ-આરાધક જ અંતે સમાધિમરણ કરી ઉચ્ચ ગતિ સાધે છે. જીવનનાં સુખદુઃખ તો ક્ષણિક છે

પરંતુ જેનો મરણ અવસર સુધરે તે તો પરિણામે શાશ્વત શાંતિને પામે છે.

(૪) ચોથી સમાજસેવા વ્યસની, ચોર, ઝઘડાખોર વગેરે અનીતિવાનોને સુધારવા માટે જરૂરની છે. તેમાં પણ જો સુધારકમાં તત્ત્વદૃષ્ટિ હશે તો સહેજે અલ્પ ઉપદેશથી જીવન-પલટો કરાવી શકાશે. તેથી આવા સમાજસેવકનું પોતાનું જીવન તત્ત્વથી રંગાયેલું હોય એ જરૂરનું છે. એટલું જ નહીં, પરંતુ સર્વ પ્રકારના સમાજસેવકોને પોતપોતાના આત્માની શાંતિ માટે પણ તત્ત્વવિચારની પ્રથમ અગત્ય છે, નહીં તો તેઓ ઇંદ્રિય-વિષયનાં નાશવંત સુખોને જ ખરાં સુખ માની ઝાંઝવાનાં નીરની પાછળ દોડતાં હરણોની જેમ છેવટે અંતરના દુઃખથી હતાશ થઈ જાય છે. એવી દશા આજે પશ્ચિમના દેશોમાં છે અને આપણે પણ જો અધ્યાત્મને ભૂલીશું તો એવી જ દશાને પ્રાપ્ત થઈશું.

શ્રી સર્વજ્ઞ ભગવંતોએ જે પવિત્ર વિશ્વધર્મ સ્થાપ્યો, તે આજે પ્રમાદ સ્થિતિમાં આવી પડ્યો છે. તેને આ કાળના અવતારી પુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ જમાનાની જરૂરિયાત પ્રમાણે પ્રકાશિત કર્યો છે. તેમનાં વચનામૃતો પણ આખા વિશ્વમાં સત્ય ધર્મનો પ્રકાશ કરવા માટે પૂરતાં છે, છતાં ધર્મના મતભેદના કારણે સામાન્ય જનતા તેથી ઘણે ભાગે અજ્ઞાત રહી ગઈ છે. તે વિશ્વધર્મનો પ્રકાશ કરવા સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ એકસંપ થઈને યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ એમ તેઓએ કહ્યું છે અને તે માટેની કાર્યપદ્ધતિ પણ સૂચવી છે જેમકેઃ—



૧. પૂર્વાચાર્યોના ગૂંથેલાં મહાન શાસ્ત્રો એકત્ર કરવાં તેમજ તેના સરળ અનુવાદ વગેરે પ્રકાશિત કરી ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવી.

૨. એ રીતે જનતામાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ કરી ધર્મના મતભેદ દૂર કરવા.

૩. તત્ત્વ આરાધના માટે જીવન અર્પનાર જનોને યોગ્ય શાસ્ત્રાભ્યાસ કરાવી ધર્મના પ્રચારની તાલીમ આપવી.

૪. તત્ત્વઉપાસક સર્વ જનોનો વ્યવસ્થિત વિકાસ ચાલુ રહે તે માટે સર્વનો એક ઉપસમાજ સ્થાપવો કે જેથી તેમાં દરેકને આત્માર્થ સાધવા માટે યોગ્ય માર્ગદર્શન મળે અને એ રીતે આત્મોન્નતિ સાધતો એ ઉપસમાજ પોતાના આદર્શ અને પવિત્ર જીવનથી મહાન જનસમાજને પણ ઉપકારી થઈ શકે.

ટૂંકામાં ધર્મ પામેલાઓનો બહુ ઉત્સાહ અને એ ઉત્સાહમાં અનેકનું મળવું એમ સૌ યથાશક્તિ મળી જઈને સંપ અને ઉત્સાહથી ધર્મકાર્યમાં લાગી જાય તો જગત-હિતકારી મહાન ધર્મનો ઉદ્ધાર આ કળિકાળમાં પણ થવો સંભવે છે. એથી સાચી સમાજસેવા પણ અવશ્ય સિદ્ધ થશે.

(લે. એક મુમુક્ષુ બહેન)

---

## શિક્ષાપાઠ ૯૦. મોક્ષનાં સુખ

શિષ્ય— હે મહારાજ! આ સંસાર બધો દુઃખથી ભર્યો છે. પણ દુઃખનાં મૂળ કારણ શું છે તેની મને સમજ નથી, તો

કૃપા કરીને મને સમજ પડે તેવો કંઈ બોધ કરવા નમ્ર વિનંતી કરું છુંજી.

સદ્‌ગુરુ—હે ભાઈ! દુઃખનું લક્ષણ પરાધીનતા અથવા આકુળતા, ઉત્સુકતા છે. આકુળતા ઇચ્છા થતાં થાય છે તથા સંસારી જીવોને અનેક પ્રકારની ઇચ્છાઓ હોય છે. એક તો વિષય-ગ્રહણની ઇચ્છા હોય છે અર્થાત્ દેખવા-જાણવા ઇચ્છે છે. જેમ રૂપ દેખવાની, રાગ સાંભળવાની અથવા કંઈ ને કંઈ જાણવા આદિની ઇચ્છા થાય છે. ત્યાં બીજી તો કોઈ પીડા નથી, પરંતુ જ્યાં સુધી દેખે, જાણે નહીં ત્યાં સુધી તે આકુળવ્યાકુળ રહે છે. એ ઇચ્છાનું નામ વિષય છે.

એક ઇચ્છા કષાય ભાવો પ્રમાણે કાર્ય કરવાની છે, જેથી તે કાર્ય કરવા ઇચ્છે છે. જેમ બૂરું કરવાની, હીન કરવાની ઇત્યાદિ ઇચ્છા થાય છે. હવે અહીં પણ બીજી તો કાંઈ પીડા નથી, પરંતુ જ્યાં સુધી એ કાર્ય ન થાય ત્યાં સુધી તે અતિ વ્યાકુળ રહે છે. એ ઇચ્છાનું નામ કષાય છે.

એક ઇચ્છા પાપના ઉદયથી શરીરમાં, અથવા બાહ્ય અનિષ્ટ કારણ મળતાં તેને દૂર કરવાની થાય છે. જેમકે રોગ, પીડા, ક્ષુધા આદિનો સંયોગ થતાં તેને દૂર કરવાની ઇચ્છા થાય છે. હવે ત્યાં તે પીડા માને છે. તેથી જ્યાં સુધી એ દૂર ન થાય ત્યાં સુધી તે મહા વ્યાકુળ રહે છે. એ ઇચ્છાનું નામ પાપનો ઉદય છે.

વળી એક ઇચ્છા બાહ્ય નિમિત્તથી થાય છે, અર્થાત્ એ ત્રણ પ્રકારની ઇચ્છા પ્રમાણે પ્રવર્તવાની ઇચ્છા થાય છે. ત્યાં કોઈ પ્રકારની ઇચ્છા પૂર્ણ કરવાનાં કારણો પુણ્યના ઉદયથી



મળે, પણ તેનું સાધન એક સાથે થઈ શકે નહીં તેથી એકને છોડી બીજામાં લાગે તથા તેને છોડી કોઈ અન્યમાં લાગે. જેમ કોઈને અનેક સામગ્રી મળી છે. હવે તે કોઈને દેખે છે, તેને છોડી રાગ સાંભળવા લાગે છે, તેને છોડી કોઈનું બૂરું કરવા લાગી જાય છે, તથા તેને છોડી ભોજન કરવા લાગી જાય છે. એ જ પ્રમાણે અનેક કાર્યોની પ્રવૃત્તિમાં ઇચ્છા થાય છે. એ ઇચ્છાનું નામ પુણ્યનો ઉદય છે. એને જગત સુખ માને છે; પરંતુ તે સુખ નથી, દુઃખ જ છે. કારણકે સર્વ પ્રકારની ઇચ્છા પૂર્ણ થવાનાં કારણો કોઈને પણ બની આવતાં નથી. કદાચિત્ કોઈ પ્રકારની ઇચ્છા પૂર્ણ થવાનાં કારણો બની આવે તોપણ સર્વનું યુગપત્ સાધન થઈ શકતું નથી. તેથી જ્યાં સુધી એક સાથે ધારેલાં કામ બની ન આવે, ત્યાં સુધી તેની વ્યાકુળતા રહે છે. વળી એક ઇચ્છા પૂર્ણ થતાં અન્યની ઇચ્છા થાય છે, ત્યારે વળી તેની વ્યાકુળતા થાય છે. એક સમય પણ જીવ નિરાકુળ રહેતો નથી. તેથી તે મહા દુઃખી જ છે. એ ત્રણ પ્રકારના ઇચ્છા-રોગ મટાડવાનો કિંચિત્ ઉપાય કરે છે, ત્યારે કિંચિત્ દુઃખ ઘટે છે, પરંતુ સર્વ દુઃખનો નાશ તો થતો જ નથી. તેથી તેને દુઃખ જ છે. એ પ્રમાણે સંસારી જીવોને સર્વ પ્રકારે દુઃખ જ છે.

અહીં એટલું સમજવાનું છે કે સામાન્ય જીવોની અપેક્ષાએ ચોથી ઇચ્છાવાળાઓને કંઈક ત્રણ પ્રકારની ઇચ્છાઓ ઘટવાથી સુખી કહીએ છીએ. કોઈને ઘણી વિભૂતિ હોવા છતાં જો તેને ઇચ્છા ઘણી છે તો તે ઘણો વ્યાકુળ છે. અથવા કોઈને અનિષ્ટ સામગ્રી મળવા છતાં જો તેને દૂર કરવાની ઇચ્છા ઘણી થોડી

છે, તો તે થોડો વ્યાકુળ છે. તેથી સુખી-દુઃખી થવું તે ઇચ્છા અનુસાર છે, પણ બાહ્ય કારણોને આધીન નથી. નરકના જીવોને દુઃખી તથા દેવોને સુખી કહીએ છીએ, એ ઇચ્છાની અપેક્ષાએ જ કહીએ છીએ. કારણકે નારકીઓને કષાયની તીવ્રતા હોવાથી ઇચ્છા ઘણી છે, દેવોને કષાયની મંદતા હોવાથી ઇચ્છા થોડી છે. વળી મનુષ્ય અને તિર્યંચો પણ ઇચ્છાની અપેક્ષાએ જ સુખી-દુઃખી જાણવાં.

પરંતુ વાસ્તવિકપણે ત્યાં દુઃખ જ ઘણું વા થોડું હોય છે, સુખ નહીં. દેવાદિકોને પણ સુખી માનીએ છીએ એ જ ભ્રમ છે, કેમકે તેમને ચોથી ઇચ્છાની મુખ્યતા છે, તેથી તેઓ વ્યાકુળ છે. એ પ્રમાણે ઇચ્છા થાય છે, તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિથી થાય છે. તથા ઇચ્છા માત્ર આકુળતામય છે અને આકુળતા એ જ દુઃખ છે.

હવે જે જીવોને દુઃખોથી છૂટવું હોય તેણે ઇચ્છા દૂર કરવાનો ઉપાય કરવો અને ઇચ્છા તો ત્યારે જ દૂર થાય કે જ્યારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમનો અભાવ થઈ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય. માટે એ જ કાર્યનો ઉદ્યમ કરવો યોગ્ય છે.

એ પ્રમાણે સાધન કરતાં કરતાં જેટલી જેટલી ઇચ્છા મટે તેટલું તેટલું જ દુઃખ દૂર થતું જાય અને મોહના સર્વથા અભાવથી જ્યારે ઇચ્છાનો સર્વથા અભાવ થાય ત્યારે સર્વ દુઃખ મટી સત્ય સુખ પ્રગટે.

વળી જ્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો



અભાવ થાય ત્યારે ઇચ્છાના કારણરૂપ ક્ષયોપશમ જ્ઞાન-દર્શન અને શક્તિહીનતાનો પણ અભાવ થઈ અનંત જ્ઞાન, અનંત દર્શન, અને અનંત વીર્યની પ્રાપ્તિ થાય. કેટલાક કાળ પછી નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય રૂપ અઘાતી કર્મોનો પણ અભાવ થતાં ઇચ્છાનાં બાહ્ય કારણોનો પણ અભાવ થાય. કારણકે મોહ ગયા પછી એ કારણો એક સમયમાત્ર પણ કિંચિત્ ઇચ્છા ઉપજાવવા સમર્થ નથી. મોહના અસ્તિત્વમાં જ એ કારણ હતાં તેથી તેને કારણ કહ્યાં. તેનો પણ અભાવ થતાં જીવ સિદ્ધપદને પ્રાપ્ત થાય છે. ત્યાં દુઃખનાં કારણોનો આત્યંતિક અભાવ હોવાથી અનુપમ, અખંડિત, સર્વોત્કૃષ્ટ આનંદસહિત અનંતકાળ બિરાજમાન રહે છે.

''ક્યા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુઃખ મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''

('શ્રીમદ્ રાજચંદ્ર', હાથનોંધ-૧/૧૨)

''એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.અપૂર્વ૦''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૩૮)

## શિક્ષાપાઠ ૯૧. ધ્યાનાષ્ટક

(દોહરા)

ધ્યાન, ધ્યેય, ધ્યાતા ત્રણે, એક જ નિજસ્વરૂપ;।।
અનન્ય ચિત્તવાળા મુનિ, વેદે નહિ દુઃખરૂપ.૭૧

ધ્યાતા અંતર આતમા, પરમાત્મા ગણ ધ્યેય;।।
ધ્યાન એકાગ્ર બુદ્ધિ છે, સમાપત્તિ ત્રણેય.૭૨

મણિમાં પ્રતિછાયા સમી, પરમાત્માની છાંય;।।
નિર્મળ ક્ષીણ વૃત્તિ ઉરે, સમાપત્તિ ગણ ત્યાંય.૭૩

તેનું ફળ જિન-નામકર્મ, સુપુણ્ય પ્રકૃતિરૂપ;।।
તેની સન્મુખતા થતાં, ક્રમે પરમપદ-ભૂપ.૭૪

એમ ધ્યાન-ફળથી ઘટે, વીસ સ્થાન તપ જોય;।।
કષ્ટ માત્ર અભવ્યને ય, દુર્લભ તે નહિ હોય.૭૫

જિતેન્દ્રિય ધીર યોગી જે, આત્મા જેનો સ્થિર;।।
દૃષ્ટિ નાસિકાગ્રે ધરે, શાંત, સુખાસન વીર.૭૬

બાહ્ય વૃત્તિ ઝટ રોકતા, ધરી ધારણા-ધાર;।।
અપ્રમત્ત, પ્રસન્ન ચિત્ત, ચિદાનંદ લય સાર.૭૭

અંતરમાં વિસ્તારતા, અવિપક્ષી સામ્રાજ્ય;।।
અનુપમ એ ધ્યાની ગણો, દેવ-મનુજ-જગમાં જ.૭૮

(જ્ઞાનમંજરી)

---



## શિક્ષાપાઠ ૯૨. આત્મધર્મ વિચાર, ભાગ–૧

‘‘અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને
અત્યંત ભક્તિથી નમસ્કાર

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

**પ્રથમ પદ :–** ‘આત્મા છે’. જેમ ઘટ પટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

**બીજું પદ:–** ‘આત્મા નિત્ય છે’. ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

**ત્રીજું પદ:–** ‘આત્મા કર્ત્તા છે’. સર્વ પદાર્થ અર્થક્રિયા-સંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે,

માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.

**ચોથું પદ :–** 'આત્મા ભોક્તા છે'. જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિ-સ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.

**પાંચમું પદ:–** 'મોક્ષપદ છે'. જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તા-પણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

**છઠ્ઠું પદ :–** તે 'મોક્ષનો ઉપાય છે'. જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે



સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.''

---

## શિક્ષાપાઠ ૯૩. આત્મધર્મ વિચાર, ભાગ–૨

''શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપ-મુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.

અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્-દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે.

કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું,

અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ—પ્રત્યક્ષ—અત્યંત પ્રત્યક્ષ—અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!



જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચાર-દશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!''

(ફાગણ, ૧૯૫૦, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૯૩)

''દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે

ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્ય કાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.''

(મુંબઈ, વૈશાખ, ૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૩૭૫)

''આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા આત્મા', તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથાવાર્ત્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ......તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે.''

(શ્રાવણ વદ ૫, ૧૯૪૯, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૬૫)

---



## શિક્ષાપાઠ ૯૪. જ્ઞાન, ભાગ–૧

કોઈ પણ પદાર્થનો વિશેષપણે બોધ થવો તેને જ્ઞાન કહેવાય છે. એ જ્ઞાનની વ્યાખ્યા પ્રમાણે જીવમાત્રને જાણવાપણું કે જ્ઞાન હોય છે. જાણે નહીં તો ત્યાં જીવપણું જ ઘટતું નથી. પરંતુ મોક્ષમાર્ગમાં તો દેહથી આત્મા ભિન્ન છે, જ્ઞાન તેનો સ્વભાવ છે અને કદી નાશ ન પામે તેવો એ પદાર્થ છે એવો નિઃશંક, ભ્રાંતિરહિત આત્માનો બોધ જ્ઞાનીપુરુષના ઉપદેશથી આત્મામાં પરિણામ પામે, ત્યારે તે સમ્યક્‌જ્ઞાન કહેવાય છે અને તે મોક્ષનું કારણ બને છે. જે આત્મામાં આવો આત્મબોધ પ્રગટે છે તેને જ્ઞાની કહેવાય છે. અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યા છતાં દેહદેવળમાં રહેલા આત્માનું ભાન ન પ્રગટે તો તે જ્ઞાન નહીં પણ અજ્ઞાનની કોટીમાં જ્ઞાનીપુરુષોએ ગણ્યું છે.

''ચૌદપૂર્વધારી કંઈ જ્ઞાને ઊણા એવા અનંત નિગોદમાં લાભે અને જઘન્યજ્ઞાનવાળા પણ અધિકમાં અધિક પંદર ભવે મોક્ષે જાય એ વાતનું સમાધાન કેમ?'

એનો ઉત્તર જે મારા હૃદયમાં છે, તે જ જણાવી દઉં છું કે એ જઘન્યજ્ઞાન બીજું અને એ પ્રસંગ પણ બીજો છે. જઘન્યજ્ઞાન એટલે સામાન્યપણે પણ મૂળ વસ્તુનું જ્ઞાન; અતિશય સંક્ષેપમાં છતાં મોક્ષના બીજરૂપ છે એટલા માટે એમ કહ્યું; અને 'એક દેશે ઊણું' એવું ચૌદપૂર્વધારીનું જ્ઞાન તે એક મૂળ વસ્તુના જ્ઞાન સિવાય બીજું બધું જાણનાર થયું; પણ દેહદેવળમાં રહેલો શાશ્વત પદાર્થ જાણનાર ન થયું, અને એ ન થયું તો પછી લક્ષ વગરનું ફેંકેલું તીર લક્ષ્યાર્થનું કારણ નથી

તેમ આ પણ થયું. જે વસ્તુ પ્રાપ્ત કરવા ચૌદપૂર્વનું જ્ઞાન જિને બોધ્યું છે તે વસ્તુ ન મળી તો પછી ચૌદપૂર્વનું જ્ઞાન અજ્ઞાનરૂપ જ થયું. અહીં 'દેશે ઊણું' ચૌદપૂર્વનું જ્ઞાન સમજવું.

'દેશે ઊણું' કહેવાથી આપણી સાધારણ મતિથી એમ સમજાય કે ચૌદપૂર્વને છેડે ભણી ભણી આવી પહોંચતાં એકાદ અધ્યયન કે તેવું રહી ગયું અને તેથી રખડ્યા, પરંતુ એમ તો નહીં. એટલા બધા જ્ઞાનનો અભ્યાસી એક અલ્પ ભાગ માટે અભ્યાસમાં પરાભવ પામે એ માનવા જેવું નથી. અર્થાત્ કંઈ ભાષા અઘરી અથવા અર્થ અઘરો નથી કે સ્મરણમાં રાખવું તેમને દુર્લભ પડે. માત્ર મૂળ વસ્તુનું જ્ઞાન ન મળ્યું એટલી જ ઊણાઈ, તેણે ચૌદપૂર્વનું બાકીનું જ્ઞાન નિષ્ફળ કર્યું. એક નયથી એવી વિચારણા પણ થઈ શકે છે કે શાસ્ત્રો (લખેલાંનાં પાનાં) ઉપાડવાં અને ભણવાં એમાં કંઈ અંતર નથી, જો તત્ત્વ ન મળ્યું તો. કારણ બેયે બોજો જ ઉપાડ્યો. પાનાં ઉપાડ્યાં તેણે કાયાએ બોજો ઉપાડ્યો, ભણી ગયા તેણે મને બોજો ઉપાડ્યો, પરંતુ વાસ્તવિક લક્ષ્યાર્થ વિના તેનું નિરુપયોગીપણું થાય એમ સમજણ છે. જેને ઘેર આખો લવણસમુદ્ર છે તે તૃષાતુરની તૃષા મટાડવા સમર્થ નથી; પણ જેને ઘેર એક મીઠા પાણીની વીરડી છે, તે પોતાની અને બીજા કેટલાકની તૃષા મટાડવા સમર્થ છે; અને જ્ઞાનદૃષ્ટિએ જોતાં મહત્ત્વ તેનું જ છે.

તોપણ બીજા નય પર હવે દૃષ્ટિ કરવી પડે છે, અને તે એ કે કોઈ રીતે પણ શાસ્ત્રાભ્યાસ હશે તો કંઈ પાત્ર થવાની જિજ્ઞાસા થશે, અને કાળે કરીને પાત્રતા પણ મળશે અને



પાત્રતા બીજાને પણ આપશે. એટલે શાસ્ત્રાભ્યાસનો નિષેધ અહીં કરવાનો હેતુ નથી, પણ મૂળ વસ્તુથી દૂર જવાય એવા શાસ્ત્રાભ્યાસનો તો નિષેધ કરીએ તો એકાંતવાદી નહીં કહેવાઈએ.....આશા છે કે આથી સમાધાન થશે; અને તે પાત્રપણાના કોઈ પણ અંશોને વધારશે, એકાંતિક દૃષ્ટિને ઘટાડશે, એમ માન્યતા છે.''

(બી. ભાદ્ર. વદ ૭, રવિ, ૧૯૪૬, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૩૯)

---

## શિક્ષાપાઠ ૯૫. જ્ઞાન, ભાગ–૨

''જેમ સૂવર (ભૂંડ) વિષ્ટામાં મગ્ન થાય છે, તેમ ખરેખર અજ્ઞાની અજ્ઞાનમાં મગ્ન છે; જેમ રાજહંસ માનસરોવરમાં મગ્ન રહે છે, તેમ જ્ઞાની જ્ઞાનમાં અત્યંત મગ્ન રહે છે.''

મોહનો ત્યાગ જ્ઞાનથી થાય છે. જ્ઞાનીપુરુષોએ દ્રવ્યો, ગુણો અને સર્વ પર્યાયો (પદાર્થની અને ગુણની પલટાતી અવસ્થાઓ)ને જાણવારૂપ જ્ઞાન ઉપદેશ્યું છે. તે જ્ઞાન પાંચ પ્રકારનું છેઃ—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન.

મિથ્યાદર્શનમાં પણ ભ્રાંતિસહિત જ્ઞાન તે કુજ્ઞાન છે, તે મોહના ત્યાગનું કારણ નથી. માટે સમ્યક્દર્શનપૂર્વક, સ્વસ્વરૂપ ઉપાદેય છે અને અન્ય ભાવ હેય છે એવા ઉપયોગરૂપ લક્ષણવાળું સમ્યક્જ્ઞાન, સંસાર પ્રત્યે ઉદાસીનતાનો હેતુ હોવાથી અહીં જ્ઞાન ગણ્યું છે. કહ્યું છે કેઃ—

જે જ્ઞાનના ઉદય વખતે રાગનો સમૂહ દેખાય, તે જ્ઞાન

જ નથી; સૂર્યના કિરણ આગળ ઊભા રહેવાની અંધકારમાં શક્તિ ક્યાંથી હોય?

માટે તત્ત્વની સમજણરૂપ જ્ઞાન આત્માના સ્વસ્વભાવને પ્રગટ કરવાનું કારણ છે, મોક્ષમાર્ગનું મૂળ છે.

સ્વભાવ અને વિભાવના વિવેક વિનાનો અજ્ઞાની, ખરેખર અયથાર્થ ઉપયોગરૂપ અજ્ઞાનમાં મગ્ન થાય છે, એટલે યથાર્થ જ્ઞાન જેને નથી તે અયથાર્થમાં લીન થાય છે. કોની પેઠે? જેમ વિષ્ટામાં ભૂંડ મગ્ન થઈ જાય છે, તેમ અજ્ઞાની, નહીં ભોગવવા યોગ્ય, આત્મગુણને આવરણ કરવામાં કારણ-રૂપ પરવસ્તુમાં, શાતા આદિના ઉદયમાં, ઇન્દ્રિયોના વિષયોમાં લીન થઈ જાય છે. યથાર્થ સમજણવાળા જ્ઞાની તત્ત્વની સમજણરૂપ જ્ઞાનમાં, આત્મસ્વરૂપમાં તન્મય થાય છે.

આત્મસ્વરૂપની સમજણરૂપ અનુભવમાં લીન થયેલા પુરુષો, ઇન્દ્ર આદિને આશ્ચર્ય પમાડનાર મનોહર શબ્દ આદિ વિષયોને તરણા તુલ્ય ગણે છે, સ્વરૂપે રમે છે, ભીષ્મ ગ્રીષ્મના તાપથી તપેલી શિલા ઉપર ઊભેલા છતાં શીતળીભૂત અંતઃકરણવાળા છે, લક્કડિયું હિમ પડે ત્યારે પણ જે કંપી ઊઠતા નથી, અડોલ રહે છે. આખા જગતને ખળભળાવી મૂકે તેવા ઉત્પાતોમાં પણ જે ક્ષોભ પામતા નથી, પણ આત્મતત્ત્વનું ધ્યાન કરે છે, ચિંતવન કરે છે સ્વગુણપર્યાયનું, ઇન્દ્રના વૈભવની સરખામણી કરે તેવા ચક્રવર્તીના વિલાસોને તે તજે છે. શું કહેવું? આત્માના આનંદની સમજણના રસિયા સત્પુરુષોને બીજું બધું દુષ્ટ લાગે છે. યથાર્થ સંપૂર્ણ પ્રત્યક્ષ આત્માના રસિયા સત્પુરુષો સહન કરે છે પરિષહોને, શરૂ કરે



છે શ્રેણી, અને વિસ્તારે છે સ્વરૂપમાં લીનતારૂપ ધ્યાન; માટે જ્ઞાનનો સ્વાદ લેનાર મહાપુરુષોને જ ધન્ય છે! 'સંવેગ રંગશાળા'માં કહ્યું છે :—

જેમને નિજ તત્ત્વ(આત્મા)ના બોધની રુચિ જાગી તે ધન્ય છે, કૃતકૃત્ય છે; જે તત્ત્વબોધ(આત્મજ્ઞાન)ના ભોગી છે, તે ભવ્યજનોને પૂજવા યોગ્ય છે; જેમને નિર્મળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને આત્મસ્વભાવના ભોગી થયા તે મહા સુખી મહાત્માનું નામ પણ કલ્યાણકારી છે.

જે સ્વતત્ત્વજ્ઞાનના રસિક છે તેમનો જન્મ અને જીવન સફળ છે. માટે જેમ રાજહંસ માનસરોવરમાં મગ્ન રહે છે, તેમ જ્ઞાની જ્ઞાનમાં મગ્ન રહે છે.

દોહરો—ભૂંડ રમે વિષ્ટા વિષે, અજ્ઞાને મૂઁઢ મગ્ન;
માનસરોવર હંસ સમ, જ્ઞાની જ્ઞાને લગ્ન.૧

---

## શિક્ષાપાઠ ૯૬. જ્ઞાન, ભાગ—૩

એક પણ મોક્ષના સાધનભૂત પદ—વચનની જે વારંવાર ભાવના કરાય, તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. એથી આગમ અને શ્રુતરૂપ યુક્તિથી મનનું વારંવાર સ્મરણરૂપ નિદિધ્યાસન બતાવ્યું. કારણ કે તેથી તત્ત્વજ્ઞાન ઊપજે છે. 'સમાધિ' પદ માત્રની ભાવનાથી અનંત સિદ્ધો થયેલા શાસ્ત્રમાં સાંભળીએ છીએ. ઘણું ભણવાનો આગ્રહ નથી; ભાવનારૂપ જ્ઞાન થોડું હોય તો પણ ઘણું છે; અને તે વિનાનું ઘણું જ્ઞાન તે પોપટ-પાઠ જેવું છે.

કર્મરહિત દશા(મોક્ષ)ના કારણરૂપ એક પદ પણ સ્યાદ્વાદની અપેક્ષાવાળું વારંવાર આત્મામાં તન્મય થઈ ભાવવું. જેમકે—

"देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः ॥"

**ભાવાર્થ**—'હું કર્તા', 'હું મનુષ્ય', 'હું સુખી', 'હું દુઃખી', એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન તે જેનું ગળી ગયું છે; અને સર્વોત્તમ પદ રૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં તેને સમાધિ જ છે."

વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મ-ચિંતન, પરિશીલન, નિદિધ્યાસનરૂપે કરણ, કર્તાપણું, કારણપણું, આધારપણું, આસ્વાદન, વિશ્રામ, સ્વરૂપમાં એકતા, જેથી આત્મા સ્વરૂપમાં લીન થાય, અનાદિથી નહીં ચાખેલું આત્મસુખ અનુભવે તે જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે. તેવા પદનો જ અભ્યાસ કર્યો તો બાકીના વાણીના વિસ્તારરૂપ ઘણા જ્ઞાનનો આગ્રહ શું રાખવો? ઘણા કથનજ્ઞાનનો શાસ્ત્રઅભિનિવેશ શા કામનો છે? ભાવનારૂપ જ્ઞાન થોડું જ હોય તો પણ અમૃત તુલ્ય, અનાદિનાં કર્મરૂપ રોગને હરવા સમર્થ છે.

એક પદ પણ મોક્ષ દે, ભાવ્યાથી બહુ વાર;
તે જ ઉત્તમ જ્ઞાન ગણ, બહુ શ્રુત હઠ ના ધાર.૭૨

આત્મસ્વભાવની પ્રાપ્તિના સંસ્કાર(વાસના)નું કારણભૂત જ્ઞાન ઇચ્છીએ છીએ; એટલે થોડાં ઘણાં વીતરાગ વચનથી વિચારણા પ્રગટ થતાં ભાવનાપૂર્વક વીતરાગનું સ્મરણ થવાથી આત્મામાં તન્મય થવાના કારણરૂપ જ્ઞાન ઇચ્છવા યોગ્ય છે.



એ સિવાય બીજું જે અધિક ભણવું તે બુદ્ધિનું અંધપણું છે, એમ મહાત્માએ (પતંજલિ ઋષિએ) કહ્યું છે. પ્રથમ યોગદૃષ્ટિની અપેક્ષાએ, અદ્વેષગુણને લઈને પતંજલિ ઋષિને મહાત્મા અહીં કહ્યા છે. જે જ્ઞાન સ્વપરના વિવેક, આત્મામાં એકતા-તન્મયતા અને પરવસ્તુના ત્યાગ માટે થતું નથી તે બધું અરણ્યરુદન સમાન છે. "અસંયમની જુગુપ્સારહિત જ્ઞાન પોપટિયું સમજવું", એમ હરિભદ્રસૂરિ કહે છે. જે સર્વ પુદ્‌ગલોથી વિરક્ત થયો છે અને સ્વસ્વભાવનો ઇચ્છક છે, તે યથાર્થ સ્વરૂપે આત્માને જાણે છે, તે જ જ્ઞાન છે. માટે સ્વસાધ્યની સિદ્ધિ માટે આત્મજ્ઞાન મેળવવા ઉદ્યમ કર્તવ્ય છે.

અલ્પજ્ઞાને નહીં શાંતિ, જ્ઞાનગર્વિષ્ઠના ઉરે,
થોડી વૃષ્ટિ થતાં ભૂમિ, બાફથી ઘામને પૂરે.

આત્મજ્ઞાન વિના દુઃખી, આત્મજ્ઞાને સુખી સદા;
જ્ઞાન અભ્યાસથી પોષો, આત્મા જ્ઞાની થશે તદા.

"પઢે પાર કહાં પાવતો, મિટી ન મનકી આશ;
જ્યૂં કોલૂકે બેલકો, ઘર હી કોશ પચાશ." ૩

અનિશ્ચિત (અનિર્ધારિત) અર્થવાળા વાદ—પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ—કરતાં છ માસ સુધી કંઠશોષ કરે પણ ગમન કરવામાં ઘાંચીના બળદની પેઠે તત્ત્વનો પાર પામે નહીં. તત્ત્વજ્ઞાનની અભિલાષા વિનાના જીવને અનેક શાસ્ત્રો શીખવાનો પરિશ્રમ વેઠવા છતાં તે વેઠરૂપ થાય છે, તત્ત્વના અનુભવનો સ્પર્શ થતો નથી. માટે યથાર્થ તત્ત્વજ્ઞાનની રુચિવાળા થવું ઘટે છે.

અનિર્ણીત રૂપ જે કરે, વાદવિવાદ અપાર;
સ્વાનુભવ નહિ પામતો, બેલ ઘાંચીનો ધાર.૭૪

પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, પોતાના જ શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોમાં અને પોતાના શુદ્ધ અર્થ-વ્યંજન પર્યાયોમાં પરિણતિ (ચર્યા) શ્રેષ્ઠ છે; અને પર દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ગ્રહણ અને ઉત્પત્તિરૂપ પરિણતિ તે ભલી નથી. એ પ્રમાણે મુષ્ટિજ્ઞાનની (સંક્ષેપથી રહસ્ય જ્ઞાનની) સ્થિતિ-મર્યાદા આત્માને સંતોષ આપનાર મુનિને હોય છે. કહ્યું છે કે ''અથવા આત્મા જ મુનિનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર છે.''

જે આત્મા સ્વભાવના જ્ઞાતા, સ્વભાવના ભોક્તા અને વસ્તુસ્વભાવરૂપ ધર્મમાં રમણ કરનાર છે, તે ઉત્તમ મહાત્મા છે અને બીજા જીવો તો સંસારરૂપ કાદવમાં રમણ કરનાર ડુક્કર સમાન છે.

પરભાવના સંગથી બંધ થાય છે અને પરભાવના ત્યાગથી મોક્ષ થાય છે. પરભાવના અનુભવરૂપ પરિણામ સર્વ દોષોનું મૂળ છે. તેથી જ દેશવિરતિવંત શ્રાવકો અને સર્વવિરતિ-વાળા સાધુ પરિગ્રહાદિનાં પ્રત્યાખ્યાન કરે છે, સ્વજન-પરિજનનો ત્યાગ કરે છે; અંગીકાર કરે છે એકલા વિહાર કરવાનું, શ્રવણ કરે છે આત્મસત્તાની કથા, ચિંતન કરે છે આત્મધર્મની અનંતતાનું, ધ્યાન કરે છે પોતાના ગુણપર્યાયનું, મગ્ન થાય છે તેના અનુભવ વડે આત્મપરિણામમાં, અને તજે છે સર્વ પરભાવની અનુમતિ. આત્માનું ગ્રહણ અને પરભાવનો ત્યાગ એ નિર્ગ્રંથના જ્ઞાનની મર્યાદા છે.



દ્રવ્ય, ગુણ, પર્યાય નિજ, તેમાં તન્મય સ્વાદ;
અન્ય અકાર્ય ગણે મુનિ, જ્ઞાન-મુષ્ટિ મર્યાદ.૭૫

## શિક્ષાપાઠ ૯૭. જ્ઞાન, ભાગ–૪

''જો ગ્રંથિના ભેદથી ઉત્પન્ન થયેલું (અહીં કારણમાં કાર્યનો ઉપચાર છે) વિષય પ્રતિભાસ-દલરહિત આત્મપરિણતિ-વાળું જ્ઞાન છે, તો વિવિધ પ્રકારનાં શાસ્ત્રોના બંધનનું શું કામ છે? કારણ કે એ જ અભ્યાસના પરિપાકથી તત્ત્વસંવેદન થાય ત્યારે ભાવચારિત્ર પરિણમે, પર સાધન(શાસ્ત્રરૂપ)ની અપેક્ષા નથી. અહીં દૃષ્ટાંત છે કે જો દૃષ્ટિ જ અંધકારમાં દેખી શકે એવી હોય, તો દીવાઓની શી જરૂર છે?

જ્ઞાન ત્રણ પ્રકારનું છેઃ વિષય-પ્રતિભાસરૂપ, આત્મ-પરિણતિવાળું અને તત્ત્વસંવેદનરૂપ. જેમાં કેવળ ઇંદ્રિયગોચર વિષયોનો જ પ્રતિભાસ હોય, પરંતુ તેમાં પ્રવૃત્તિથી થતા તાત્ત્વિક અર્થ કે અનર્થનો ખ્યાલ ન હોય એવું, હેય અને ઉપાદેયના વિવેકરહિત જ્ઞાન વિષયપ્રતિભાસરૂપ કહેવાય છે.

જ્ઞાનથી થતી પ્રવૃત્તિના પરિણામનો ખ્યાલ જેમાં છે એવું, હેય અને ઉપાદેય તત્ત્વના વિવેકવાળું, પણ તેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિરહિત સાક્ષીરૂપ જ્ઞાન આત્મપરિણતિવાળું કહેવાય છે. આ જ્ઞાન અત્યંત દુર્ભેદ્ય રાગદ્વેષ અને મિથ્યાત્વની ગ્રંથિનો ભેદ થયે સમ્યગ્દૃષ્ટિને હોય છે.

જેમાં તત્ત્વ(પરમાર્થ)નો સ્પષ્ટ ખ્યાલ હોય તથા હેય અને

ઉપાદેય અર્થના વિવેકયુક્ત અને તેમાં પ્રવૃત્તિ નિવૃત્તિ સહિત હોય તે તત્ત્વસંવેદનરૂપ જ્ઞાન કહેવાય છે.

જો ગ્રંથિનો ભેદ થવાથી હેય અને ઉપાદેય અર્થના વિવેકવાળું જ્ઞાન હોય તો પછી હેય અને ઉપાદેયનો વિવેક જણાવનાર શાસ્ત્રરૂપ સાધનની શી આવશ્યકતા છે?

ગ્રંથિભેદી જ્ઞાન જ્યાં, પર સાધન અભ્યાસ;
ગણો નકામો દીપ જ્યાં તમહર દૃષ્ટિ-વિકાસ.૭૬

મિથ્યાત્વરૂપી પર્વતની પાંખોને છેદનાર જ્ઞાનરૂપી વજથી શોભતા ઇન્દ્ર સમાન નિર્ભય યોગી આનંદરૂપી નંદનવનને વિષે ક્રીડા કરે છે, સહજ સુખને અનુભવે છે.

મિથ્યા-ગિરિ-પાંખો ચીરી, જ્ઞાન વજ સોહાય;
મુનિ નિર્ભય હરિ સમ રમે, પ્રમોદ-નંદનમાંય.૭૭

સમુદ્રમાંથી નહીં ઊપજેલું અમૃત, જરા અને મરણને હરનાર રસાયન (પણ ઔષધિઓથી તૈયાર કરેલું નહીં), હાથી ઘોડા આદિ અન્યની અપેક્ષા વગરનું ઐશ્વર્ય—ઠકુરાઈ, તે જ્ઞાન છે, એમ મોટા પંડિતોએ (જ્ઞાનીઓએ) કહ્યું છે.

આત્મજ્ઞાન પરમ ઉપાદેય છે; તે યથાર્થ જાણવારૂપ અને પરભાવને ત્યાગવારૂપ લક્ષણવાળું કહ્યું છે. માટે અનાદિથી પરભાવમાં પરિણમેલો, મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમમાં મોહ પામેલો જીવ, પરભાવથી ઉત્પન્ન થયેલી, આત્માને આવરણરૂપ પરિણતિને યથાર્થપણે અંગીકાર કરીને પરભાવમાં મોહ પામેલો તે જીવ સૂક્ષ્મ નિગોદ આદિ ૧૪ જીવસ્થાનો



(સમાસ)માં ભમે છે; અને તત્ત્વજ્ઞાનરૂપ અમૃતમાં પરિણમેલો આત્મા, મિથ્યાત્વ આદિ દોષો દૂર કરી સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અવસ્થા પામીને સ્વરૂપના જ્ઞાન અને આનંદવાળો થઈ સર્વ દોષથી રહિત થાય છે. તેથી જ અમૃત, રસાયન અને ઔષધરૂપ જ્ઞાન છે; તેને અર્થે જ ઉદ્યમ કરવા યોગ્ય છે.

રસાયણ ઔષધિજ નહીં, અમી નહિ ઉદધિજાત,
પરાધીન ઐશ્વર્ય નહિ, જ્ઞાન તે જ વિખ્યાત.૭૮''

(જ્ઞાનમંજરી)

''એક મુનિ ગુફામાં ધ્યાન કરવા જતા હતા. ત્યાં સિંહ મળ્યો. તેમના હાથમાં લાકડી હતી. સિંહ સામી લાકડી ઉગામી હોય તો સિંહ ચાલ્યો જાય એમ મનમાં થતાં મુનિને વિચાર આવ્યો કે 'હું આત્મા અજર, અમર છું, દેહપ્રેમ રાખવા યોગ્ય નથી; માટે હે જીવ! અહીં જ ઊભો રહે. સિંહનો ભય છે તે જ અજ્ઞાન છે. દેહમાં મૂર્છાને લઈને ભય છે.' આવી ભાવના ભાવતાં બે ઘડી સુધી ઊભા રહ્યા તો કેવળજ્ઞાન પ્રગટ થયું. માટે વિચારદશા, વિચારદશા વચ્ચે ઘણો જ ફેર છે.'' (ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૫)

''જ્ઞાનીપુરુષને શિષ્યે પ્રશ્ન પૂછ્યુંઃ 'બાર ઉપાંગ તો બહુ ગહન છે; અને તેથી મારાથી સમજી શકાય તેમ નથી; માટે બાર ઉપાંગનો સાર જ બતાવો કે જે પ્રમાણે વર્તું તો મારું કલ્યાણ થાય.' સદ્‌ગુરુએ ઉત્તર આપ્યોઃ બાર ઉપાંગનો સાર તમને કહીએ છીએ કે, 'વૃત્તિઓને ક્ષય કરવી.'

આ વૃત્તિઓ બે પ્રકારની કહીઃ એક બાહ્ય અને બીજી અંતર્. બાહ્યવૃત્તિ એટલે આત્માથી બહાર વર્તવું તે. આત્માની

અંદર પરિણમવું, તેમાં શમાવું, તે અંતર્વૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો અંતર્વૃત્તિ રહે. જેમ અલ્પ કિંમતનો એવો જે માટીનો ઘડો તે ફૂટી ગયો અને પછી તેનો ત્યાગ કરતાં આત્માની વૃત્તિ ક્ષોભ પામતી નથી, કારણકે તેમાં તુચ્છપણું સમજાયું છે. આવી રીતે જ્ઞાનીને જગતના સર્વ પદાર્થ તુચ્છ ભાસ્યમાન છે. જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઇત્યાદિક પદાર્થમાં સાવ માટીપણું જ ભાસે છે.''

''સ્ત્રી એ હાડમાંસનું પૂતળું છે એમ સ્પષ્ટ જાણ્યું છે તેથી વિચારવાનની વૃત્તિ ત્યાં ક્ષોભ પામતી નથી.''

(ઉપદેશછાયા-૪, પૃષ્ઠ-૬૮૮)

---

## શિક્ષાપાઠ ૯૮. દશ લક્ષણ ધર્મ કથા, ભાગ–૧

ધાતકી ખંડના પૂર્વવિદેહ ક્ષેત્રમાં વિશાલ નામે નગર છે. ત્યાંના રાજાની કન્યા મૃગાંકલેખા, પ્રધાનની કન્યા કમલસેના, નગરશેઠની કન્યા મદનવેગા, અને પુરોહિતની કન્યા રોહિણી એ ચારે કન્યાઓ એક ગુરુ પાસે ભણેલી હતી.

પોતપોતાનાં માત-પિતાની આજ્ઞાથી એક દિવસે તે ચારે વનક્રીડા કરવા જંગલમાં ગઈ ને દૂર નીકળી ગઈ. ત્યાં એક મુનિરાજ ઉપર તેમની દૃષ્ટિ પડી; ત્યાં જઈ વિનયપૂર્વક નમસ્કાર કરી તે ઉપદેશ સાંભળવા લાગી. મુનિ અને ગૃહસ્થોના ધર્મ વિષે સાંભળી તે કન્યાઓએ પ્રશ્ન કર્યોઃ ''હે નાથ! હવે અમને કૃપા કરીને એવો માર્ગ બતાવો કે જેથી આ પરાધીન સ્ત્રી-પર્યાય તથા જન્મ-મરણાદિ દુઃખોથી અમારો છુટકારો થાય.''



શ્રી ગુરુ બોલ્યાઃ ''હે બાલિકાઓ! સાંભળો. આ જીવ અનાદિકાળથી મોહભાવને વશ થઈ વિપરીત આચરણ કરે છે; તેથી જ્ઞાનાવરણાદિ આઠ કર્મો બાંધે છે, અને પરાધીન થઈને સંસારમાં અનેક દુઃખો ભોગવે છે. સુખ, ખરી રીતે, ક્યાંય બહારથી આવતું નથી અને એ કોઈ જુદો પદાર્થ પણ નથી. સુખ તો આત્માની પાસે જ છે, પોતાના આત્માનો જ સ્વભાવ છે. જ્યારે તીવ્ર મોહનો ઉદય આવે, ત્યારે આ જીવ ક્ષમાદિ ગુણો જે સુખ-શાંતિ સ્વરૂપ છે તે ભૂલી જાય છે; અને વિપરીત એવા ક્રોધ આદિ ભાવો કરે છે, અને આ પ્રકારે સ્વપરની હિંસા કરે છે.

જો જીવ પોતાના સ્વરૂપનો વિચાર કરે અને ઉત્તમ ક્ષમાદિ ગુણો ધારણ કરે, તો નિઃસંદેહ આ ભવ અને પરભવમાં સુખ ભોગવી પરમપદ એટલે મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે તો સ્ત્રી-પર્યાય છૂટવામાં શી હરકત આવે? તેથી હે પુત્રીઓ! તમે મન-વચન-કાયાથી ઉત્તમ દશ લક્ષણરૂપ ધર્મ ધારણ કરી યથાશક્તિ વ્રત પાળશો તો નિઃસંદેહ મનવાંછિત ઉત્તમ ફળ પામશો. ભગવાને નીચે પ્રમાણે ધર્મનાં દશ લક્ષણ તથા તેને રોકનાર દોષો કહ્યા છેઃ—

(૧) ઉત્તમ ક્ષમા ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ ક્રોધ છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ ક્ષમારૂપ ધર્મ પ્રગટે.

(૨) ઉત્તમ માર્દવ ગુણ—નમ્રતા, વિનયરૂપ ધર્મ; તેનો પ્રતિપક્ષી દોષ માન છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ વિનયરૂપ ધર્મ પ્રગટે.

(૩) ઉત્તમ આર્જવ ગુણ—સરળતારૂપ ધર્મ; તેનો પ્રતિપક્ષી દોષ માયા છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ સરળતારૂપ ધર્મ પ્રગટે.

(૪) ઉત્તમ શૌચ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ લોભ છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ નિર્લોભતા—નિઃસ્પૃહતારૂપ ધર્મ પ્રગટે.

(૫) ઉત્તમ સત્ય ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ મિથ્યાત્વ (મોહ) છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ સત્યરૂપ ધર્મ પ્રગટે.

(૬) ઉત્તમ સંયમ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ વિષય ઉપરનો પ્રેમ છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ સંયમરૂપ ધર્મ પ્રગટે.

(૭) ઉત્તમ તપ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ ઇચ્છા-તૃષ્ણા; તે શમ્યે, તેનો રોધ થયે, મંદ થયે કે ક્ષય થયે, એટલે મન વશ કર્યે ઉત્તમ તપ લક્ષણ ધર્મ પ્રગટે.

(૮) ઉત્તમ ત્યાગ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ મમત્વ, મૂર્ચ્છા, રાગભાવ; તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ ત્યાગ લક્ષણ ધર્મ પ્રગટે.

(૯) ઉત્તમ આકિંચન્ય ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ પરિગ્રહ છે, તેનો નિયમ કરવાથી, ઘટાડવાથી કે સંપૂર્ણપણે પ્રતિજ્ઞા-પૂર્વક સર્વસંગ તજવાથી, નિઃસ્પૃહતા રાખવાથી આકિંચન્ય કે ઉત્તમ લઘુતા લક્ષણ ધર્મ પ્રગટે.



(૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ કામ-વિકાર; તેનાં કારણોનો, નિમિત્તોનો નિયમ કરવાથી, એક દેશે તજવાથી કે તે વિકારનો સંપૂર્ણ ક્ષય થયે ઉત્તમ બ્રહ્મચર્યરૂપ ધર્મ પ્રગટે છે.

## શિક્ષાપાઠ ૯૯. દશ લક્ષણ ધર્મ કથા, ભાગ—૨

શ્રી ગુરુ—આ દશે ધર્મો તે તે ઘાત કરનાર દોષોનો નાશ થાય, તો પ્રગટે છે અને ધર્મનું ફળ દે છે.

**૧.ૠક્ષમા—**ક્ષમાવંત જીવ કદાપિ કોઈ જીવ સાથે વૈરવિરોધ નથી કરતો કે કોઈને સારો નરસો કહેતો નથી; પરંતુ પોતાને કોઈ દોષ દે તે સાંભળીને, કે કોઈ કનડે તોપણ મિજાજ ખોઈ બેસતો નથી; ઊલટો દુઃખ દેનાર જીવો પર દયા લાવીને (ક્ષમા કરે છે, તથા પોતાના થયેલા અપરાધોની) ક્ષમા માગી લે છે. આથી ક્ષમાવંત મનુષ્યનો કોઈ દુશ્મન હોતો નથી અને પોતાનું જીવન સુખ-શાંતિમાં ગાળે છે.

**૨.ૠમાર્દવ—**નમ્રતારૂપ ધર્મ ધારણ કરનાર મનુષ્યને ક્ષમા તો હોય છે, પણ જાતિ, કુળ, બળ, ઐશ્વર્ય-અધિકાર, ધન, રૂપ, વિદ્યા અને તપ- એ આઠ મદનો નાશ થવાથી વિનય ભાવ પ્રગટ થાય છે. એવો જીવ પોતાનાથી મોટા પ્રત્યે ભક્તિ-સેવાચાકરી રૂપે વિનયભાવ રાખે છે અને નાના પ્રત્યે કરુણા કે નમ્રભાવ-નરમાશ રાખે છે અને સર્વની સાથે યથાયોગ્ય મીઠાં વેણ બોલે છે. કોઈ દિવસ કોઈને કઠોર

શબ્દો કહેતો નથી. આથી તે મીઠા બોલ બોલનાર, વિનય-વાળો મનુષ્ય સર્વને પ્રિય લાગે છે. કોઈની સાથે દ્વેષ કે અણબનાવ નહીં થવાથી આનંદમાં જીવન ગાળે છે.

**૩.ઋઆર્જવ**—સરળતારૂપ ધર્મધારી માણસને ક્ષમા અને માર્દવ ધર્મ તો હોય છે જ; પણ સરળતા વિશેષમાં હોય છે. તેના મનમાં જે વાત હોય, તે જ વાણી વડે કહે છે અને કહ્યા પ્રમાણે તે વર્તે છે. આમ સરળ પરિણામી જીવ નિષ્કપટ હોવાથી નિશ્ચિંત અને સુખી થાય છે.

**૪.ઋશૌચ**—શૌચવાન મનુષ્ય ઉપરના ત્રણે ધર્મ ક્ષમા, માર્દવ અને આર્જવ પાળવા ઉપરાંત પોતાના આત્માને લોભથી બચાવે છે. જે પદાર્થ ન્યાયપૂર્વક કમાણીથી ભાગ્યવશાત્ પ્રાપ્ત થાય છે, તેમાં તે સંતોષ રાખે છે. કદી સ્વપ્નમાં પણ પરધન લઈ લેવાના ભાવ તેને આવતા નથી. કદી અશુભ કર્મના ઉદયે તેને કંઈ તોટો, ખોટ આવે કે કોઈ પ્રકારે તેનું દ્રવ્ય જતું રહે, તોપણ તેને દુઃખ લાગતું નથી; પોતાનાં કર્મનું ફળ જાણી ધીરજ ધારણ કરે છે. પરંતુ તે ખોટ પૂરવાને બીજાને હાનિ પહોંચે તેમ કરે નહીં. આવા સંતોષી પુરુષને તૃષ્ણા નહીં હોવાથી સદા આનંદ રહે છે અને આથી કદી કોઈથી ઠગાતો પણ નથી.

**૫.ઋસત્ય**—સત્યવાન જીવ હંમેશાં જે વાત જેવી હોય તેવી કે જેવી જાણતો હોય કે સમજતો હોય તેવી જ કહે છે; બીજું કંઈ કહે નહીં. કહેલું વચન બદલે નહીં; અથવા કોઈને હાનિ કે દુઃખ થાય તેવાં વચન કદી કહે નહીં. તે સદાય પોતાનાં વચનો ઉપર દૃઢ રહે છે. તે જૂઠું બોલનારો નહીં હોવાથી સર્વ તેના ઉપર વિશ્વાસ રાખે છે. આવા સત્યવંતને ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ અને શૌચ એ ચાર ધર્મ અવશ્ય હોય છે. સંસારમાં તે સન્માન અને સુખ પામે છે.



**૬.ઋસંયમ**—સંયમી પુરુષ પણ ઉપરનાં પાંચે વ્રત (ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ અને સત્ય) પાળવા ઉપરાંત પોતાની ઇંદ્રિયોને તેમના વિષયો પ્રત્યે જતી રોકે છે. આવી દશામાં તેને કોઈ પદાર્થ ઇષ્ટ કે અનિષ્ટ પ્રતીત થતો નથી. કારણ કે વિષય-અનુરાગતાને લઈને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થ ઇષ્ટ, અને અરુચિકર વા ગ્રહણ ન કરવા યોગ્ય પદાર્થ અનિષ્ટ, એમ લાગે છે. એ ઇષ્ટ-અનિષ્ટની કલ્પના ન રહેવાથી તેમાં હેય, ઉપાદેય—ગ્રહણ, છોડવાની કલ્પના પણ રહેતી નથી; ત્યારે સમભાવ થાય છે. આથી તે સમરસનો આનંદ પામે છે.

**૭.ઋતપ**—તપસ્વી ઇંદ્રિયોને વશ કરવા ઉપરાંત મનને ઉપર્યુક્ત છ ધર્મ વડે પૂર્ણ રીતે વશ કરે છે. મનને અહીં તહીં ભટકતું રોકે છે; કોઈ પ્રકારની ઇચ્છા ઉત્પન્ન થવા દેતો નથી. જ્યાં ઇચ્છા જ નથી રહેતી, ત્યાં આકુળતા કઈ વાતની રહે? એ પોતાના ઉપર આવનાર સર્વ પ્રકારના ઉપસર્ગો ધીરતાપૂર્વક સહન કરવા તૈયાર હોય છે. ખરી રીતે એવો કોઈ દેવ, માણસ કે પશુ સંસારમાં જન્મેલ નથી કે જે આવા પરમ તપસ્વીને તેના ધ્યાનમાંથી કિંચિત્ માત્ર ડગાવી શકે. આથી

આવા મહાપુરુષને એકાગ્ર ચિંતાનિરોધરૂપ ધર્મ વા શુક્લધ્યાન હોય છે. તેથી અનાદિનાં લાગેલાં કઠણ કર્મોનો થોડા સમયમાં નાશ કરીને સાચા સુખનો તે અનુભવ કરે છે.

**૮.ઉત્તમ ત્યાગ**—ત્યાગી પુરુષને ઉપરનાં સાતે વ્રત તો હોય છે, પણ આ પુરુષનો આત્મા બહુ ઉદાર બને છે. તે પોતાના આત્માથી રાગ, દ્વેષ આદિ ભાવો દૂર કરવા અને સ્વપર ઉપકારનું કારણ આહાર આદિ ચારે જાતનાં દાન દે છે; દાન આપીને પોતાને ધન્ય અને ધનને સફળ થયેલ સમજે છે. આ કદી સ્વપ્ને પણ પોતાની કીર્તિ કે યશ ઇચ્છતા નથી; દાન આપી તેનું સ્મરણ પણ રાખતા નથી, કે કોઈને કહી બતાવતા પણ નથી. ખરી રીતે દાન દઈને ભૂલી જવું એ જ દાતાનો સ્વભાવ હોય છે. તેથી આ પુરુષનું ચિત્ત સદાય પ્રસન્ન રહે છે. મરણનો પ્રસંગ આવી જાય તો પણ તે નિરાકુળ રહે છે. તેનું ચિત્ત ધનાદિમાં ફસાઈ આર્ત્ત, રૌદ્ર ધ્યાન કદી કરતું નથી; તેથી તેનો આત્મા સદ્ગતિ પામે છે.

**૯.ઉત્તમ આકિંચન્ય**—બાહ્ય, અભ્યંતર સમસ્ત પ્રકારના પરિગ્રહો ઉપરથી મમત્વભાવ છોડી દેનાર પુરુષ સદાય નિર્ભય રહે છે. એને નથી કશું સંભાળવાનું કે નથી કશાની રક્ષા કરવાની—એટલા સુધી કે, પોતાના શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ છે; તો આવા મહાપુરુષને કયો પદાર્થ આકુળતા કરાવે? કારણકે તે પોતાના આત્મા સિવાય સમસ્ત પદાર્થોને અને શુદ્ધ ચૈતન્ય એવા ભાવો સિવાય સમસ્ત પરભાવો વા વિભાવોને હેય (તજવા યોગ્ય) સમજે છે. તેથી તેને કંઈ પણ મમત્વ બાકી રહેતું નથી; સમયે સમયે અસંખ્યાત વા અનંત ગુણી કર્મોની નિર્જરા થતી રહે છે, તેથી તે સુખી રહે છે.



**૧૦.ઉત્તમ બ્રહ્મચર્ય**—બ્રહ્મચર્યધારી મહા બળવાન યોદ્ધો સદૈવ ઉપરનાં નવ વ્રત ધારણ કરીને પોતાના આત્મામાં જ નિરંતર રમણતા કરે છે. તે બાહ્ય સ્ત્રી આદિથી વિરક્ત (વૈરાગ્યવંત—અનાસક્ત) રહે છે. તેની દૃષ્ટિમાં સર્વ સંસારના જીવ સમાન પ્રતીત થાય છે. સ્ત્રી પુરુષ નપુંસક આદિને વેદ નામના કર્મની ઉપાધિ જાણે છે. એ વિચારે છે કે આ દેહ હાડ, માંસ, મળ, મૂત્ર, લોહી, પાચ આદિ મહા અપવિત્ર કે દુર્ગંધવાળા પદાર્થોનો કોથળો છે; બહાર સર્વે બાજુથી ચામડાની પાતળી ચાદર લપેટ્યાથી તે રાગી જીવોને સારો લાગે છે. જો તે ચામડીરૂપી ચાદર લઈ લેવામાં આવે, કે વૃદ્ધાવસ્થા આવી જાય, તો તે તરફ જોવું પણ ન ગમે. આવા દુગંછા થાય કે ચીતરી ચઢે તેવા શરીરમાં ક્રીડા શી કરવી? વિષ્ટાના કીડાની પેઠે તેમાં પોતે પોતાને ફસાવી ચાર ગતિના દુઃખમાં પડવાનું શા માટે કરવું? આ પ્રકારે આ યોદ્ધો કામનો દુર્જય કિલ્લો તોડી, પોતાના અનંત સુખમય આત્મામાં વિહાર કરે છે. આવા મહાપુરુષનો આદર સત્કાર સર્વ જગાએ થાય છે અને પછી એવું કોઈ કાર્ય બાકી નથી રહેતું કે જેને એ અખંડ બ્રહ્મચારી ન કરી શકે! તાત્પર્ય કે એ સર્વ કાર્ય કરવા સમર્થ થાય છે.

આ પ્રકારે આ દશ ધર્મોનું ટૂંકું સ્વરૂપ કહ્યું, તો તમારે નિરંતર આ ધર્મોને પોતાની શક્તિ અનુસાર ધારણ કરવા યોગ્ય છે.''

## શિક્ષાપાઠ ૧૦૦. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ–૧

ૐ

સત્પુરુષને નમસ્કાર

‘‘આત્માર્થી ગુણગ્રાહી સત્સંગયોગ્ય ભાઈ શ્રી મોહનલાલ પ્રત્યે,-

ડરબન.

શ્રી મુંબઈથી લિ૦ જીવન્મુક્તદશાઇચ્છક રાયચંદના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પહોંચે.

અત્ર કુશળતા છે. તમારું લખેલું એક પત્ર મને પહોંચ્યું છે. કેટલાંક કારણોથી તેનો ઉત્તર લખવામાં ઢીલ થઈ હતી. પાછળથી તમે આ તરફ તરતમાં આવવાના છો એમ જાણવામાં આવ્યાથી પત્ર લખ્યું નહોતું; પણ હાલ એમ જાણવામાં આવ્યું કે, હમણાં લગભગ એક વર્ષ સુધી સ્થિતિ કરવાનું ત્યાં સંબંધીનું કારણ છે, જેથી મેં આ પત્ર લખ્યું છે. તમારા લખેલા પત્રમાં જે આત્માદિ વિષયપરત્વે પ્રશ્નો છે અને જે પ્રશ્નોના ઉત્તર જાણવાની તમારા ચિત્તમાં વિશેષ આતુરતા છે, તે બન્ને પ્રત્યે મારું અનુમોદન સહજે સહજે છે, પણ જેવામાં તમારું તે પત્ર મને મળ્યું તેવામાં તેના ઉત્તર લખી શકાય એવી મારા ચિત્તની સ્થિતિ નહોતી, અને ઘણું કરી તેમ થવાનું કારણ પણ તે પ્રસંગમાં બાહ્યોપાધિ પ્રત્યેનો વૈરાગ્ય વિશેષ પરિણામ પામ્યો હતો તે હતું; અને તેમ હોવાથી તે પત્રના ઉત્તર લખવા જેવા કાર્યમાં પણ પ્રવૃત્તિ થઈ શકે તેમ નહોતું. થોડો વખત જવા દઈ, કંઈ તેવા વૈરાગ્યમાંથી પણ



અવકાશ લઈ તમારા પત્રનો ઉત્તર લખીશ એમ વિચાર્યું હતું; પણ પાછળથી તેમ પણ બનવું અશક્ય થયું. તમારા પત્રની પહોંચ પણ મેં લખી નહોતી અને આવા પ્રકારે ઉત્તર લખી મોકલવા પરત્વે ઢીલ થઈ તેથી મારા મનમાં પણ ખેદ થયો હતો; અને જેમાંનો અમુક ભાવ હજુ સુધી વર્તે છે. જે પ્રસંગમાં વિશેષ કરીને ખેદ થયો, તે પ્રસંગમાં એમ સાંભળવામાં આવ્યું કે તમે તરતમાં આ દેશમાં આવવાની ધારણા રાખો છો તેથી કંઈક ચિત્તમાં એમ આવ્યું કે તમને ઉત્તર લખવાની ઢીલ થઈ છે પણ તમારો સમાગમ થવાથી સામી લાભકારક થશે. કેમકે લેખ દ્વારા કેટલાક ઉત્તર સમજાવવા વિકટ હતા; અને પત્ર તરતમાં તમને નહીં મળી શકવાથી તમારા ચિત્તમાં જે આતુરપણું વર્ધમાન થયેલું તે, ઉત્તર તરત સમજી શકવાને સમાગમમાં એક સારું કારણ ગણવા યોગ્ય હતું. હવે પ્રારબ્ધોદયે જ્યારે સમાગમ થાય ત્યારે કંઈ પણ તેવી જ્ઞાનવાર્તા થવાનો પ્રસંગ થાય એવી આકાંક્ષા રાખી સંક્ષેપમાં તમારા પ્રશ્નોના ઉત્તર લખું છું. જે પ્રશ્નોના ઉત્તર વિચારવાને નિરંતર તત્સંબંધી વિચારરૂપ અભ્યાસની આવશ્યકતા છે. તે ઉત્તર સંક્ષેપમાં લખવાનું થયું છે, તેથી કેટલાક સંદેહની નિવૃત્તિ વખતે થવી કઠણ પડશે, તો પણ મારા ચિત્તમાં એમ રહે છે કે, મારા વચન પ્રત્યે કંઈ પણ વિશેષ વિશ્વાસ છે, અને તેથી તમને ધીરજ રહી શકશે, અને પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન થવાને અનુક્રમે કારણભૂત થશે; એમ મને લાગે છે. તમારા પત્રમાં ૨૭ પ્રશ્નો છે તેના સંક્ષેપે નીચે ઉત્તર લખું છું :–

૧. પ્ર૦—(૧) આત્મા શું છે? (૨) તે કંઈ કરે છે? (૩) અને તેને કર્મ નડે છે કે નહીં?

ઉ૦—(૧) જેમ ઘટપટાદિ જડ વસ્તુઓ છે, તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ 'અનિત્ય' છે, ત્રિકાળ એક સ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવા નથી. આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો 'નિત્ય' પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈ પણ સંયોગોથી થઈ શકી ન હોય, તે પદાર્થ 'નિત્ય' હોય છે. આત્મા કોઈ પણ સંયોગોથી બની શકે એમ જણાતું નથી; કેમકે જડના હજારોગમે સંયોગો કરીએ તો પણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવા યોગ્ય છે. જે ધર્મ જે પદાર્થમાં હોય નહીં તેવા ઘણા પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી, તે ઉત્પન્ન થઈ શકે નહીં, એવો સૌને અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે, તેને વિષે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના પરિણામાંતર કરી સંયોગ કર્યો હોય અથવા થયા હોય, તો પણ તે તેવી જ જાતિના થાય, અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા કે જેને જ્ઞાનીપુરુષો મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો કહે છે, તે તેવા (ઘટપટાદિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી, ઉત્પન્ન કોઈ રીતે થઈ શકવા યોગ્ય નથી. 'જ્ઞાનસ્વરૂપપણું' એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને 'તેના અભાવવાળું' મુખ્ય લક્ષણ જડનું છે. તે બન્નેના અનાદિ સહજ સ્વભાવ છે.

આ તથા બીજાં તેવાં સહસ્રગમે પ્રમાણો આત્માને 'નિત્ય' પ્રતિપાદન કરી શકે છે. તેમજ તેનો વિશેષ વિચાર કર્યે સહજ-



સ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવવામાં પણ આવે છે. જેથી સુખદુઃખાદિ ભોગવનાર, તેથી નિવર્તનાર, વિચારનાર, પ્રેરણા કરનાર, એ આદિ ભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે; અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વકાળ રહી શકે એવો 'નિત્ય' પદાર્થ છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર થયારૂપ ગુણ થાય છે.

આ પ્રશ્ન તથા તમારાં બીજાં કેટલાંક પ્રશ્નો એવાં છે કે, જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે તેવા સ્વરૂપમાં ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી પ્રથમ 'ષટ્દર્શનસમુચ્ચય' ગ્રંથ તમને મોકલ્યો હતો, કે જે વાંચવા, વિચારવાથી તમને કંઈ પણ અંશે સમાધાન થાય, અને આ પત્રમાં પણ કંઈ વિશેષ અંશે સમાધાન થાય એટલું બની શકે. કેમકે તે સંબંધી અનેક પ્રશ્નો ઊઠવા યોગ્ય છે, જે ફરી ફરી સમાધાન પ્રાપ્ત થવાથી, વિચારવાથી સમાવેશ પામે એવી પ્રાયે સ્થિતિ છે.

(૨) જ્ઞાનદશામાં, પોતાના સ્વરૂપના યથાર્થબોધથી ઉત્પન્ન થયેલી દશામાં તે આત્મા નિજભાવનો એટલે જ્ઞાન, દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજસમાધિપરિણામનો કર્ત્તા છે. અજ્ઞાનદશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્ત્તા છે, અને તે ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત્ ઘટપટાદિ પદાર્થનો નિમિત્તપણે કર્ત્તા છે; અર્થાત્ ઘટપટાદિ પદાર્થનાં મૂળ દ્રવ્યનો તે કર્ત્તા નથી, પણ તેને કોઈ

આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્ત્તા છે. એ જે પાછળ તેની દશા કહી તેને જૈન ‘કર્મ’ કહે છે; વેદાંત ‘ભ્રાંતિ’ કહે છે; તથા બીજા પણ તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્ત્તા થઈ શકતો નથી, માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાનપરિણામનો જ કર્ત્તા છે, એમ સ્પષ્ટ સમજાય છે.

(૩) અજ્ઞાનભાવથી કરેલાં કર્મ પ્રારંભકાળે બીજરૂપ હોઈ વખતનો યોગ પામી ફળરૂપ વૃક્ષપરિણામે પરિણમે છે; અર્થાત્ તે કર્મો આત્માને ભોગવવાં પડે છે. જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ થાય છે, અને તેનું સહેજે વેદનારૂપ પરિણામ થાય છે, તેમ આત્માને ક્રોધાદિ ભાવના કર્ત્તાપણાએ જન્મ, જરા, મરણાદિ વેદનારૂપ પરિણામ થાય છે. આ વિચારમાં તમે વિશેષપણે વિચારશો, અને તે પરત્વે જે કંઈ પ્રશ્ન થાય તે લખશો; કેમકે જે પ્રકારની સમજ તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

## શિક્ષાપાઠ ૧૦૧. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ–૨

૨. પ્ર૦–(૧) ઈશ્વર શું છે? (૨) તે જગતકર્ત્તા છે એ ખરું છે?

ઉ૦–(૧) અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજસ્વરૂપ, એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે. જ્ઞાનાદિ ઐશ્વર્ય



જેને વિષે છે, તે ઈશ્વર કહેવા યોગ્ય છે; અને તે ઈશ્વરતા આત્માનું સહજસ્વરૂપ છે. જે સ્વરૂપ કર્મપ્રસંગે જણાતું નથી, પણ તે પ્રસંગ અન્યસ્વરૂપ જાણી, જ્યારે આત્મા ભણી દૃષ્ટિ થાય છે, ત્યારે જ અનુક્રમે સર્વજ્ઞતાદિ ઐશ્વર્યપણું તે જ આત્મામાં જણાય છે; અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ, સમસ્ત પદાર્થો નીરખતાં પણ અનુભવમાં આવી શકતો નથી; જેથી ઈશ્વર છે તે આત્માનું બીજું પર્યાયિક નામ છે, એથી કોઈ વિશેષ સત્તાવાળો પદાર્થ ઈશ્વર છે એમ નથી, એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે.

(૨) તે જગતકર્તા નથી; અર્થાત્ પરમાણુ, આકાશાદિ પદાર્થ નિત્ય હોવા યોગ્ય છે, તે કોઈ પણ વસ્તુમાંથી બનવા યોગ્ય નથી. કદાપિ એમ ગણીએ કે, તે ઈશ્વરમાંથી બન્યા છે, તો તે વાત પણ યોગ્ય લાગતી નથી, કેમકે ઈશ્વરને જો ચેતનપણે માનીએ, તો તેથી પરમાણુ, આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઈ શકે? કેમકે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી. જો ઈશ્વરને જડ સ્વીકારવામાં આવે તો સહેજે તે અનૈશ્વર્યવાન ઠરે છે, તેમજ તેથી જીવરૂપ ચેતન પદાર્થની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. જડચેતન ઉભયરૂપ ઈશ્વર ગણીએ, તો પછી જડચેતન ઉભયરૂપ જગત છે તેનું ઈશ્વર એવું બીજું નામ કહી સંતોષ રાખી લેવા જેવું થાય છે; અને જગતનું નામ ઈશ્વર રાખી સંતોષ રાખી લેવો તે કરતાં જગતને જગત કહેવું, એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણુ, આકાશાદિ નિત્ય ગણીએ અને ઈશ્વરને કર્માદિનાં ફળ

આપનાર ગણીએ, તો પણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચાર પર 'ષટ્દર્શનસમુચ્ચય'માં સારાં પ્રમાણો આપ્યાં છે.

૩. પ્ર૦—મોક્ષ શું છે?

ઉ૦—જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં, દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે, તેથી સર્વથા નિવૃત્તિ થવી, મુક્તિ થવી તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે. તે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે.

૪. પ્ર૦—મોક્ષ મળશે કે નહીં તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય?

ઉ૦—એક દોરડીના ઘણા બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ જેમ બંધ છોડવામાં આવે, તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવમાં આવે છે, અને તે દોરડી વળ મૂકી છૂટી ગયાના પરિણામમાં વર્તે છે એમ પણ જણાય છે, અનુભવાય છે. તેમજ અજ્ઞાનભાવમાં અનેક પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે, તે જેમ જેમ છૂટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે; અને તેનું ઘણું જ અલ્પપણું જ્યારે થાય છે ત્યારે, સહજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાનભાવરૂપ બંધથી છૂટી શકવાનો પ્રસંગ છે, એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમજ કેવળ અજ્ઞાનાદિ ભાવથી નિવૃત્તિ થઈ કેવળ આત્મભાવ આ જ દેહને વિષે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવમાં આવે છે; અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવા યોગ્ય છે.



૫. પ્ર૦—એમ વાંચવામાં આવ્યું કે, માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય, આ બરાબર છે?

ઉ૦—દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે, તેથી તે તિર્યંચ (જનાવર) પણ થાય છે, અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી, બાકીની બીજી ચાર ઇંદ્રિયો વિના કર્મ ભોગવવાનો જીવને પ્રસંગ પણ આવે છે; તથાપિ તે કેવળ પથ્થર કે પૃથ્વી થઈ જાય છે, એવું કાંઈ નથી. પથ્થરરૂપ કાયા ધારણ કરે, અને તેમાં પણ અવ્યક્તપણે જીવ, જીવપણે જ હોય છે. બીજી ચાર ઇન્દ્રિયોનું ત્યાં અવ્યક્ત (અપ્રગટ)પણું હોવાથી પૃથ્વીકાયરૂપ જીવ કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત્ત થાય છે ત્યારે, ફક્ત પથ્થરનું દળ પરમાણુરૂપે રહે છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યો જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી, અર્થાત્ કેવળ જડ એવો પથ્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષમપણાથી ચાર ઇંદ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઈ ફક્ત એક સ્પર્શેન્દ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જે કર્મથી થાય છે, તે કર્મ ભોગવતાં તે પૃથ્વી આદિમાં જન્મે છે; પણ કેવળ પૃથ્વીરૂપ કે પથ્થરરૂપ થઈ જતો નથી. જનાવર થતાં કેવળ જનાવર પણ થઈ જતો નથી. દેહ છે તે, જીવને વેષધારીપણું છે, સ્વરૂપપણું નથી.

પ્રશ્ન ૬–૭. છઠ્ઠા પ્રશ્નનું પણ આમાં સમાધાન આવ્યું છે. સાતમા પ્રશ્નનું પણ સમાધાન આવ્યું છે કે, કેવળ પથ્થર

કે કેવળ પૃથ્વી કંઈ કર્મના કર્ત્તા નથી. તેમાં આવીને ઊપજેલો એવો જીવ કર્મનો કર્ત્તા છે, અને તે પણ દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બન્નેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે, અને પાણી તે પાણી છે, તેમ એકેન્દ્રિયાદિ કર્મબંધે જીવને પથ્થરપણું, જડપણું જણાય છે, તોપણ તે જીવ અંતર તો જીવપણે જ છે; અને ત્યાં પણ તે આહારભયાદિ સંજ્ઞાપૂર્વક છે, જે અવ્યક્ત જેવી છે.

૮. પ્ર૦– (૧) આર્યધર્મ તે શું? (૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું?

ઉ૦–(૧) આર્યધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને 'આર્યધર્મ' કહેવા ઇચ્છે છે. જૈન જૈનને, બૌદ્ધ બૌદ્ધને, વેદાંતી વેદાંતને 'આર્યધર્મ' કહે એમ સાધારણ છે. તથાપિ જ્ઞાનીપુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ, તેને 'આર્યધર્મ' કહે છે; અને એમ જ યોગ્ય છે.

(૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી. વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે તેથી સહસ્રગણા આશયવાળું જ્ઞાન શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે, એમ મારા અનુભવમાં આવે છે; અને તેથી હું એમ જાણું છું કે, અલ્પ વસ્તુમાંથી સંપૂર્ણ વસ્તુ થઈ શકે નહીં; એમ હોવાથી વેદમાંથી સર્વની ઉત્પત્તિ કહેવી ઘટતી નથી. વૈષ્ણવાદિ સંપ્રદાયોની ઉત્પત્તિ તેના આશ્રયથી માનતા અડચણ નથી. જૈન, બૌદ્ધના છેલ્લા મહાવીરાદિ મહાત્માઓ થયા પહેલાં, વેદ હતા એમ જણાય છે;



તેમ તે ઘણા પ્રાચીન ગ્રંથ છે એમ પણ જણાય છે; તથાપિ જે કંઈ પ્રાચીન હોય તે જ સંપૂર્ણ હોય કે સત્ય હોય, એમ કહી શકાય નહીં; અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અને અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદ જેવો અભિપ્રાય અને જૈન જેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે. સર્વ ભાવ અનાદિ છે; માત્ર રૂપાંતર થાય છે. કેવળ ઉત્પત્તિ કે કેવળ નાશ થતો નથી. વેદ, જૈન અને બીજા સૌના અભિપ્રાય અનાદિ છે, એમ માનવામાં અડચણ નથી; ત્યાં પછી વિવાદ શાનો રહે? તથાપિ એ સૌમાં વિશેષ બળવાન, સત્ય અભિપ્રાય કોનો કહેવા યોગ્ય છે, તે વિચારવું એ અમને તમને સૌને યોગ્ય છે.

૯. પ્ર૦–(૧) વેદ કોણે કર્યા? તે અનાદિ છે? (૨) જો અનાદિ હોય તો અનાદિ એટલે શું?

ઉ૦–(૧) ઘણા કાળ પહેલાં વેદ થયા સંભવે છે.

(૨) પુસ્તકપણે કોઈ પણ શાસ્ત્ર અનાદિ નથી; તેમાં કહેલા અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે; કેમકે તેવા તેવા અભિપ્રાય જુદા જુદા જીવો જુદે જુદે રૂપે કહેતા આવ્યા છે, અને એમ જ સ્થિતિ સંભવે છે. ક્રોધાદિભાવ પણ અનાદિ છે, અને ક્ષમાદિભાવ પણ અનાદિ છે. હિંસાદિધર્મ પણ અનાદિ છે, અને અહિંસાદિધર્મ પણ અનાદિ છે. માત્ર જીવને હિતકારી શું છે? એટલું વિચારવું કાર્યરૂપ છે. અનાદિ તો બે ય છે. પછી ક્યારેક ઓછા પ્રમાણમાં અને ક્યારેક વિશેષ પ્રમાણમાં કોઈનું બળ હોય છે.

૧૦. પ્ર૦—ગીતા કોણે બનાવી? ઈશ્વરકૃત તો નથી? જો તેમ હોય તો તેનો કાંઈ પુરાવો?

ઉ૦—ઉપર આપેલા ઉત્તરોથી કેટલુંક સમાધાન થઈ શકવા યોગ્ય છે કે, ઈશ્વરકૃતનો અર્થ જ્ઞાની (સંપૂર્ણજ્ઞાની) એવો કરવાથી તે ઈશ્વરકૃત થઈ શકે; પણ નિત્ય અક્રિય એવા આકાશની પેઠે વ્યાપક ઈશ્વરને સ્વીકાર્યે તેવા પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહીં, કેમકે તે તો સાધારણ કાર્ય છે, કે જેનું કર્તાપણું આરંભપૂર્વક હોય છે, અનાદિ નથી હોતું.

ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો, માટે મુખ્યપણે કર્તા શ્રીકૃષ્ણ કહેવાય છે, જે વાત સંભવિત છે. ગ્રંથ શ્રેષ્ઠ છે, તેવો ભાવાર્થ અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે જ શ્લોકો અનાદિથી ચાલ્યા આવે એમ બનવા યોગ્ય નથી; તેમ અક્રિય ઈશ્વરથી પણ તેની ઉત્પત્તિ હોય એમ બનવા યોગ્ય નથી. સક્રિય એટલે કોઈ દેહધારીથી તે ક્રિયા બનવા યોગ્ય છે. માટે સંપૂર્ણજ્ઞાની તે ઈશ્વર છે, અને તેનાથી બોધાયેલાં શાસ્ત્રો તે ઈશ્વરીશાસ્ત્ર છે, એમ માનવામાં અડચણ નથી.

---

## શિક્ષાપાઠ ૧૦૨. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ—૩

૧૧. પ્ર૦—પશુ આદિના યજ્ઞથી જરાયે પુણ્ય છે ખરું?

ઉ૦—પશુના વધથી, હોમથી કે જરાયે તેને દુઃખ આપવાથી પાપ જ છે; તે પછી યજ્ઞમાં કરો, કે ગમે તો



ઈશ્વરના ધામમાં બેસીને કરો. પણ યજ્ઞમાં જે દાનાદિ ક્રિયા થાય છે તે, કાંઈક પુણ્યહેતુ છે; તથાપિ હિંસામિશ્રિત હોવાથી તે પણ અનુમોદનયોગ્ય નથી.

૧૨. પ્ર૦—જે ધર્મ ઉત્તમ છે એમ કહો, તેનો પુરાવો માગી શકાય ખરો કે?

ઉ૦—પુરાવો માગવામાં ન આવે, અને ઉત્તમ છે એમ વગર પુરાવે પ્રતિપાદન કરવામાં આવે, તો તો અર્થ, અનર્થ, ધર્મ, અધર્મ, સૌ ઉત્તમ જ ઠરે. પ્રમાણથી જ ઉત્તમ-અનુત્તમ જણાય છે. જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવામાં સર્વથી ઉત્તમ હોય, અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ, અને તે જ બળવાન છે.

૧૩. પ્ર૦—ખ્રિસ્તીધર્મ વિષે આપ કાંઈ જાણો છો? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવશો.

ઉ૦—ખ્રિસ્તીધર્મ વિષે સાધારણપણે હું જાણું છું. ભરતખંડમાં મહાત્માઓએ જેવો ધર્મ શોધ્યો છે, વિચાર્યો છે તેવો ધર્મ બીજા કોઈ દેશથી વિચારાયો નથી, એમ તો એક અલ્પ અભ્યાસે સમજી શકાય તેવું છે. તેમાં (ખ્રિસ્તી ધર્મમાં) જીવનું સદા પરવશપણું કહ્યું છે; અને મોક્ષમાં પણ તે દશા તેવી જ રાખી છે. જીવના અનાદિસ્વરૂપનું વિવેચન જેમાં યથાયોગ્ય નથી, કર્મ સંબંધી વ્યવસ્થા અને તેની નિવૃત્તિ પણ યથાયોગ્ય કહી નથી, તે ધર્મ વિષે મારો અભિપ્રાય ''સર્વોત્તમ તે ધર્મ છે'' એમ થવાનો સંભવ નથી. ખ્રિસ્તીધર્મમાં મેં જે ઉપર કહ્યા તેવા પ્રકારનું યથાયોગ્ય સમાધાન દેખાતું નથી.

આ વાક્ય મતભેદવશે કહ્યું નથી. વધારે પૂછવા યોગ્ય લાગે તો પૂછશો, તો વિશેષ સમાધાન કરવાનું બની શકશે.

૧૪. પ્ર૦—તેઓ એમ કહે છે કે બાઈબલ ઈશ્વરપ્રેરિત છે; ઈસુ તે ઈશ્વરનો અવતાર, તેનો દીકરો છે, ને હતો.

ઉ૦—એ વાત તો શ્રદ્ધાથી માન્યાથી માની શકાય, પણ પ્રમાણથી સિદ્ધ નથી. જેમ ગીતા અને વેદના ઈશ્વરપ્રેરિતપણા માટે ઉપર લખ્યું છે, તેમ જ બાઈબલના સંબંધમાં પણ ગણવું. જે જન્મમરણથી મુક્ત થયા તે ઈશ્વર અવતાર લે તે બનવા યોગ્ય નથી, કેમકે રાગદ્વેષાદિ પરિણામ જ જન્મનો હેતુ છે; તે જેને નથી એવો ઈશ્વર અવતાર ધારણ કરે એ વાત વિચારતાં યથાર્થ લાગતી નથી. ઈશ્વરનો દીકરો છે, ને હતો, તે વાત પણ કોઈ રૂપક તરીકે વિચારીએ તો વખતે બંધ બેસે; નહીં તો પ્રત્યક્ષ પ્રમાણથી બાધા પામતી છે. મુક્ત એવા ઈશ્વરને દીકરો હોય એમ શી રીતે કહેવાય? અને કહીએ તો તેની ઉત્પત્તિ શી રીતે કહી શકીએ? બન્નેને અનાદિ માનીએ તો પિતાપુત્રપણું શી રીતે બંધ બેસે? એ વગેરે વાત વિચારવા યોગ્ય છે. જે વિચારેથી મને એમ લાગે છે કે, એ વાત યથાયોગ્ય નહીં લાગે.

૧૫. પ્ર૦—જૂના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું છે તે બધું ઈસામાં ખરું પડ્યું છે.

ઉ૦—એમ હોય તો પણ તેથી તે બન્ને શાસ્ત્ર વિષે વિચાર કરવો ઘટે છે. તેમજ એવું ભવિષ્ય તે પણ ઈસુને ઈશ્વરાવતાર કહેવામાં બળવાન પ્રમાણ નથી; કેમ કે જ્યોતિષાદિકથી પણ



મહાત્માની ઉત્પત્તિ જણાવી સંભવે છે. અથવા ભલે કોઈ જ્ઞાનથી તેવી વાત જણાવી હોય, પણ તેવા ભવિષ્યવેત્તા સંપૂર્ણ એવા મોક્ષમાર્ગના જાણનાર હતા તે વાત, જ્યાં સુધી યથા-સ્થિત પ્રમાણરૂપ ન થાય, ત્યાં સુધી તે ભવિષ્ય વગેરે એક શ્રદ્ધાગ્રાહ્ય પ્રમાણ છે. તેમ બીજાં પ્રમાણોથી તે હાનિ ન પામે એવું ધારણામાં નથી આવી શકતું.

૧૬. પ્ર૦—"ઈસુ ખ્રિસ્તના ચમત્કાર" વિષે લખ્યું છે.

ઉ૦—કેવળ કાયામાંથી જીવ ચાલ્યો ગયો હોય, તે જ જીવ તે જ કાયામાં દાખલ કર્યો હોય, અથવા કોઈ બીજા જીવને તેમાં દાખલ કર્યો હોય, તો તે બની શકે એવું સંભવતું નથી; અને એમ થાય તો પછી કર્માદિની વ્યવસ્થા પણ નિષ્ફળ થાય. બાકી યોગાદિની સિદ્ધિથી કેટલાક ચમત્કાર ઉત્પન્ન થાય છે, અને તેવા કેટલાક ઈસુને હોય, તો તેમાં તદ્દન ખોટું છે કે અસંભવિત છે, એમ કહેવાય નહીં; તેવી સિદ્ધિઓ આત્માના ઐશ્વર્ય આગળ અલ્પ છે, આત્માનું ઐશ્વર્ય તેથી અનંતગુણ મહત્ સંભવે છે. આ વિષયમાં સમાગમે પૂછવા યોગ્ય છે.

૧૭. પ્ર૦—આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે? અથવા અગાઉ શું હતા તેની?

ઉ૦—તેમ બની શકે. નિર્મળ જ્ઞાન જેનું થયું હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરેનાં ચિહ્નો પરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેનાં પૂર્વ કારણ કેવાં હોવાં જોઈએ, તે પણ સમજી શકાય; થોડે અંશે વખતે સમજાય. તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું

પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય; અને તેને વિશેષ વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

૧૮. પ્ર૦—પડી શકે તો કોને?

ઉ૦— આનો ઉત્તર ઉપર આવી ગયો છે.

૧૯. પ્ર૦—જે મોક્ષ પામેલાનાં નામ આપો છો તે શા આધાર ઉપરથી?

ઉ૦—મને આ પ્રશ્ન ખાસ સંબોધીને પૂછો, તો તેના ઉત્તરમાં એમ કહી શકાય કે અત્યંત સંસારદશા પરિક્ષીણ જેની થઈ છે, તેનાં વચનો આવાં હોય, આવી તેની ચેષ્ટા હોય, એ આદિ અંશે પણ પોતાના આત્મામાં અનુભવ થાય છે; અને તેને આશ્રયે તેના મોક્ષપરત્વે કહેવાય; અને ઘણું કરીને તે યથાર્થ હોય એમ માનવાનાં પ્રમાણો પણ શાસ્ત્રાદિથી જાણી શકાય.

૨૦. પ્ર૦—બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો?

ઉ૦—તેના શાસ્ત્રસિદ્ધાંતોને આશ્રયે. જે પ્રમાણે તેમનાં શાસ્ત્રસિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે; અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી. સંપૂર્ણ જ્ઞાન જો ન હોય તો સંપૂર્ણ રાગદ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય, ત્યાં સંસારનો સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી; અને તેમનાં કહેલાં શાસ્ત્રોમાં જે



અભિપ્રાય છે, તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવાનું અમને તમને કઠણ પડે તેવું છે; અને તેમ છતાં કહીએ કે બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો તો તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.

૨૧. પ્ર૦—દુનિયાની છેવટ શી સ્થિતિ થશે?

ઉ૦—કેવળ મોક્ષરૂપે સર્વ જીવની સ્થિતિ થાય કે કેવળ આ દુનિયાનો નાશ થાય, તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી. આવા ને આવા પ્રવાહમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવ રૂપાંતર પામી ક્ષીણ થાય, તો કોઈ વર્ધમાન થાય; પણ તે એક ક્ષેત્રે વધે તો બીજે ક્ષેત્રે ઘટે; એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે; તે પરથી અને ઘણા જ ઊંડા વિચારમાં ગયા પછી એમ જણાવું સંભવિત લાગે છે કે, કેવળ આ સૃષ્ટિ નાશ થાય કે પ્રલયરૂપ થાય એ ન બનવા યોગ્ય છે. સૃષ્ટિ એટલે એક આ જ પૃથ્વી એવો અર્થ નથી.

---

## શિક્ષાપાઠ ૧૦૩. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ–૪

૨૨. પ્ર૦—આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી?

ઉ૦—આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે છે તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે, નીતિ, અનીતિ; તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ, તો તે સ્વીકારી શકાય એવું છે, અને એ જ આત્માને કર્તવ્ય છે; અને સર્વ જીવઆશ્રયી

અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમકે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.

૨૩. પ્ર૦—દુનિયાનો પ્રલય છે?

ઉ૦—પ્રલય એટલે જો ''કેવળ નાશ'' એવો અર્થ કરવામાં આવે તો તે વાત ઘટતી નથી, કેમકે પદાર્થનો કેવળ નાશ થઈ જવો સંભવતો જ નથી. પ્રલય એટલે સર્વ પદાર્થોનું ઈશ્વરાદિને વિષે લીનપણું, તો કોઈના અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે; પણ મને તે સંભવિત લાગતું નથી, કેમકે સર્વ પદાર્થ, સર્વ જીવ એવાં સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ બને? અને જો તેવાં સમપરિણામનો પ્રસંગ આવે તો પછી ફરી વિષમપણું થવું બને નહીં. અવ્યક્તપણે જીવમાં વિષમપણું હોય અને વ્યક્તપણે સમપણું એ રીતે પ્રલય સ્વીકારીએ, તો પણ દેહાદિ સંબંધ વિના વિષમપણું શા આશ્રયે રહે? દેહાદિ સંબંધ માનીએ તો સર્વને એકેંદ્રિયપણું માનવાનો પ્રસંગ આવે; અને તેમ માનતાં તો વિના કારણે બીજી ગતિઓનો અસ્વીકાર કર્યો ગણાય, અર્થાત્ ઊંચી ગતિના જીવને તેવા પરિણામનો પ્રસંગ મટવા આવ્યો હોય તે પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે. એ આદિ ઘણા વિચાર ઉદ્ભવે છે. સર્વ જીવઆશ્રયી પ્રલય સંભવતો નથી.

૨૪. પ્ર૦—અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે?

ઉ૦— ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે, એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાનસ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી; અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષાજ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે તથા તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય, એવો કાંઈ નિયમ સંભવતો નથી.



૨૫. પ્ર૦—(૧) કૃષ્ણાવતાર ને રામાવતાર એ ખરી વાત છે? એમ હોય તો તે શું? એ સાક્ષાત્ ઈશ્વર હતા, કે તેના અંશ હતા? (૨) તેમને માનીને મોક્ષ ખરો?

ઉ૦—(૧) બન્ને મહાત્માપુરુષ હતા, એવો તો મને પણ નિશ્ચય છે. આત્મા હોવાથી તેઓ ઈશ્વર હતા. સર્વ આવરણ તેમને મટ્યાં હોય, તો તેનો મોક્ષ પણ સર્વથા માનવામાં વિવાદ નથી. ઈશ્વરનો અંશ કોઈ જીવ છે એમ મને લાગતું નથી, કેમકે તેને વિરોધ આપતાં એવાં હજારો પ્રમાણ દૃષ્ટિમાં આવે છે. ઈશ્વરનો અંશ જીવને માનવાથી બંધ મોક્ષ બધા વ્યર્થ થાય; કેમકે ઈશ્વર જ અજ્ઞાનાદિનો કર્તા થયો; અને અજ્ઞાનાદિનો જે કર્તા થાય તેને પછી સહેજે અનૈશ્વર્યપણું પ્રાપ્ત થાય ને ઈશ્વરપણું ખોઈ બેસે; અર્થાત્ ઊલટું જીવના સ્વામી થવા જતાં ઈશ્વરને નુકસાન ખમવાનો પ્રસંગ આવે તેવું છે. તેમ જીવને ઈશ્વરનો અંશ માન્યા પછી પુરુષાર્થ કરવો યોગ્ય શી રીતે લાગે? કેમકે તે જાતે તો કંઈ કર્ત્તાહર્ત્તા ઠરી શકે નહીં. એ આદિ વિરોધથી ઈશ્વરના અંશ તરીકે કોઈ જીવને સ્વીકારવાની પણ મારી બુદ્ધિ થતી નથી; તો પછી શ્રીકૃષ્ણ કે

રામ જેવા મહાત્માને તેવા યોગમાં ગણવાની બુદ્ધિ કેમ થાય? તે બન્ને 'અવ્યક્ત ઈશ્વર' હતા, એમ માનવામાં અડચણ નથી. તથાપિ તેમને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટ્યું હતું કે કેમ તે વાત વિચારવા યોગ્ય છે.

(૨) 'તેમને માનીને મોક્ષ ખરો કે?' એનો ઉત્તર સહજ છે. જીવને સર્વ રાગ, દ્વેષ, અજ્ઞાનનો અભાવ અર્થાત્ તેથી છૂટવું તે મોક્ષ છે. તે જેના ઉપદેશે થઈ શકે તેને માનીને અને તેનું પરમાર્થસ્વરૂપ વિચારીને સ્વાત્માને વિષે પણ તેવી જ નિષ્ઠા થઈ, તે જ મહાત્માના આત્માને આકારે (સ્વરૂપે) પ્રતિષ્ઠાન થાય ત્યારે, મોક્ષ થવો સંભવે છે. બાકી બીજી ઉપાસના કેવળ મોક્ષનો હેતુ નથી; તેના સાધનનો હેતુ થાય છે, તે પણ નિશ્ચય થાય જ એમ કહેવા યોગ્ય નથી.

૨૬. પ્ર૦—બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, તે કોણ?

ઉ૦—સૃષ્ટિના હેતુરૂપ ત્રણ ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય તો તે વાત બંધ બેસી શકે તથા તેવાં બીજાં કારણોથી તે બ્રહ્માદિનું સ્વરૂપ સમજાય છે. પણ પુરાણોમાં જે પ્રકારે તેમનું સ્વરૂપ કહ્યું છે, તે પ્રકારે સ્વરૂપ છે, એમ માનવા વિષેમાં મારું વિશેષ વલણ નથી. કેમકે તેમાં કેટલાંક ઉપદેશાર્થે રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે. તથાપિ આપણે પણ તેનો ઉપદેશ તરીકે લાભ લેવો, અને બ્રહ્માદિના સ્વરૂપના સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું, એ મને ઠીક લાગે છે.

૨૭. પ્ર૦—મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને



કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ.

ઉ૦—સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે. તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય, તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને દેહમાં પ્રીતિ રહી છે, એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય? જેણે આત્મહિત ઇચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. કદાપિ આત્મહિત ઇચ્છવું ન હોય તેણે કેમ કરવું? તો તેનો ઉત્તર એ જ અપાય કે, તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું; અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ ક્યાંથી કરી શકીએ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય. તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઇચ્છવા યોગ્ય છે.

હવે સંક્ષેપમાં આ ઉત્તરો લખી પત્ર પૂરું કરું છું. 'ષટ્-દર્શનસમુચ્ચય' વિશેષ સમજવાનું યત્ન કરશો. આ પ્રશ્નોના ઉત્તરમાં મારા લખાણના સંકોચથી તમને સમજવું વિશેષ મુઝવણવાળું થાય એવું ક્યાંય પણ હોય તોપણ વિશેષતાથી વિચારશો, અને કંઈ પણ પત્ર દ્વારાએ પૂછવા જેવું લાગે તે પૂછશો તો ઘણું કરીને તેનો ઉત્તર લખીશ. વિશેષ સમાગમે સમાધાન થાય તે વધારે યોગ્ય લાગે છે.

લિ.

મુંબઈ<br>આસો વદ ૬, શનિ<br>સંવત્ ૧૯૫૦

આત્મસ્વરૂપને વિષે નિત્ય નિષ્ઠાના હેતુભૂત<br>એવા વિચારની ચિંતામાં રહેનાર<br>રાયચંદના પ્રણામ.

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૫૩૦)

## શિક્ષાપાઠ ૧૦૪. તત્ત્વાવબોધ (પદ્ય)

(ગીતિ)

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીॅતરાગે;ળળળ
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે.ળળ૧

મૂળ પરમપદ કારણ, સમ્યક્ દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;ળળળ
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરપૂર્ણ.ળળ૨

જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;ળળળ
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે.ળળ૩

સમ્યક્ પ્રમાણપૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;ળળળ
સમ્યગ્જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાશ્યે.ળળ૪

વિષયારંભ – નિવૃત્તિ, રાગ-દ્વેષનો અભાવ જ્યાં થાય;ળળળ
સહિત સમ્યક્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય.ળળ૫

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;ળળળ
પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.ળળ૬

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ;ળળળ
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ.ળળ૭

જીવ, અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;ળળળ
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય.ળળ૮

(કાર્તિક, ૧૯૫૩, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૨૪)

---



## શિક્ષાપાઠ ૧૦૫. વિચારવા અને સ્વીકારવા યોગ્ય મહાવાક્યો

૧. ''પોતાને પોતાનો બોધ થવાથી પોતાને પોતામાં શમાઈ જવું, ભાવથી અને વિચારથી, બીજા વિકલ્પો મૂકીને. આ વિચાર સમાધિને આપે છે.

૨. શું કરવા તું આવ્યો છે? અને શું કરે છે?

૩. બગડ્યું સુધારવું; સુધરેલું બગાડવું નહીં.''

(શ્રી લઘુરાજસ્વામી 'ઉપદેશામૃત')

૪. ''નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૧૫)

૫. ''સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે; અને જેમ જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે, તેમ તેમ કંઈક કંઈક કરી પાછો હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે; કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષનાં વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નીરસતા થઈ હોત.

૬. જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત અંદેશારહિત લાગે છે. જો એમ થયું હોત તો જીવને સંસાર-પરિભ્રમણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ જેને આત્માર્થ સિવાય

બીજો કોઈ અર્થ નથી, અને આત્માર્થ પણ સાધી પ્રારબ્ધ-વશાત્ જેનો દેહ છે, એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વકાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી; ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય, કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે. જે વાત સ્વપ્ને પણ આવતી નથી, તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે. તેમ આ જીવ પૂર્વકાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે. એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વ જ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી, અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે; અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'' (અસાડ સુદ ૬, ૧૯૫૦, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૫૧૧)

૭. ''અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.



૮. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

૯.જ્જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષા-ભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.''

(માહ સુદ, ૧૯૪૭, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૨૦૦)

૧૦. ''કેટલુંક કહીએ? જેમ જેમ આ રાગદ્વેષનો નાશ વિશેષ કરી થાય તે તે પ્રકારે પ્રવર્તવું એ જ આજ્ઞા જિનેશ્વર-દેવની છે.'' (૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૨૦)

૧૧. ''બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામાં આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે; અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને જોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકરદેવ છે.

અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે. કારણકે જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ.

૧૨. 'માગી ખાઈને ગુજરાન ચલાવશું; પણ ખેદ નહીં પામીએ; જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર

છે,' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.'' (રવિવાર,૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૩૨૨)

૧૩. ''ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે.''

(પોષ, ૧૯૪૭, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૯૪)

૧૪. ''સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્-પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યાં છે, તેના સર્વ જ્ઞાનીપુરુષો સાક્ષી છે.

અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં



જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.'' (આસો વદ ૧૦, ૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૧૯)

૧૫. ''શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (બીજા જેઠ વદ, ૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૬૯૨)

૧૬. ''આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે.''

(૧૯૪૯, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૭૪)

૧૭. ''લાખ બાતકી બાત યહ, તોકું દેઈ બતાય;
પરમાતમ પદ જો ચહે, રાગ-દ્વેષ તજ, ભાઈ.''

(શ્રી ચિદાનંદજી)

---

## શિક્ષાપાઠ ૧૦૬. ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્ર, ભાગ–૧

આ કાળમાં સર્વ દર્શનનું સ્વરૂપ તલસ્પર્શીપણે વિચારી સત્ય ધર્મ જેણે પ્રગટ કર્યો, યથાર્થ આત્મભાવે જીવ્યા એવા પ્રાતઃસ્મરણીય ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રનું સ્વાત્મવૃત્તાંત સહિત ટૂંક જીવન અત્રે આલેખ્યું છે.

**ધન્ય રે દિવસ આ અહો,**
**જાગી રે શાંતિ અપૂર્વ રે;**
**દશ વર્ષે રે ધારા ઊલસી,**
**મટ્યો ઉદયકર્મનો ગર્વ રે.ॐधन्यॐरेॐ१**

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વિ.સં. ૧૯૨૪ની દેવદિવાળીને દિવસે કાર્તિક સુદ ૧૫, રવિવારે કાઠિયાવાડના વવાણિયા ગામમાં થયો હતો. કોઈ સંતે તેમના પિતાને આગળથી જણાવેલું કે જગત્ વિખ્યાત પુત્રનો જન્મ તમારે ત્યાં થશે. જૈન કુળ હોવા છતાં તેમાં વૈષ્ણવ સંસ્કારોએ પ્રવેશ કર્યો હતો. શ્રીમદ્ રાજચંદ્રે વવાણિયાના રામદાસ સ્વામીની કંઠી બાળવયે બાંધી હતી. તેમની સાથે પ્રેમથી વર્તતા અમીચંદ નામે પાડોશીનું સર્પ કરડવાથી મરણ થયું. મરણની વાત પહેલ-વહેલી સાંભળી તેથી તે દાદાને પૂછવા લાગ્યા કે મરણ એટલે શું? તત્ત્વજ્ઞાનની ટોચે પહોંચનારનો તત્ત્વ વિષે આ પ્રથમ પ્રશ્ન છે. તેમના દાદાએ તો બાળકને સમજાય એવો સરળ ઉત્તર આપ્યો કે હવે તે ખાશે નહીં, પીશે નહીં, બોલશે નહીં. પણ તેટલાથી તેમને સંતોષ ન થયો અને તેમણે પૂછ્યું કે હવે તેમને શું કરશો? વૃદ્ધે કહ્યું કે બાળી મૂકીશું. આ સાંભળી શ્રીમદ્‌ને એટલી નાની ઉંમરમાં પણ માનવામાં ન આવ્યું અને વિચારવા લાગ્યા કે માણસને તે બાળી મુકાય? છોકરાને પટાવવા કહેતા હશે એમ લાગ્યું. પણ કુતૂહલવૃત્તિ જાગી કે આપણે જોવું કે અમીચંદનું શું કરે છે? તેને કોઈ કાઢી ન મૂકે માટે બધાંની પાછળ રહી સ્મશાન સુધી ગયા અને એક નાના બાવળના ઝાડ પર ચઢીને જોવા લાગ્યા. ચિતા ખડકી શબ મૂકી અગ્નિસંસ્કાર કર્યો તે જોઈ તેમને અત્યંત ખેદ અને આશ્ચર્ય પ્રગટ્યાં કે કહેતા તેમ તેમણે અમીચંદને બાળી જ મૂક્યા.

સાત વર્ષની વયે તે ત્યાં જ અંતર્મુખ વૃત્તિ થતાં જાતિ-



સ્મરણજ્ઞાન પામ્યા અને પોતાના પૂર્વભવો, અનેક જન્મમરણ સ્પષ્ટ જોઈ શાંત થઈ ગયા. સ્મૃતિ પરનું આવરણ ટળતાં પૂર્વભવના તત્ત્વવિચારો તાજા થયા તેથી બાળરમતોને બદલે હવે કાવ્યો રચવા લાગ્યા. કયો ધર્મ સર્વોત્તમ છે તેના વિચારો કરવા લાગ્યા. કયા પ્રમાણોથી આત્માનું, જગતનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે વગેરે લઘુવયમાં મહાન વિચારોમાં લીન રહેવા લાગ્યા.

**ઓગણીસસેં ને એકત્રીસે,**
**આવ્યો અપૂર્વ અનુસાર રે;**
**ઓગણીસસેં ને બેતાળીસે,**
**અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે.ળ્થન્યળ્રે૦ળ્ર**

બે ચાર વર્ષમાં ગામની નિશાળે ગુજરાતી અભ્યાસ પૂર્ણ કરી તે વખતના માસિક વગેરેમાં તે કાવ્યો મોકલતા તે છપાતાં. બુદ્ધિપ્રકાશ, ધર્મદર્પણ આદિ પત્રોમાં શૌર્ય, સુધારો, ધર્મ વગેરે વિષયો ઉપર કાવ્યો છપાયેલાં છે.

સોળ વર્ષની વય પહેલાં વેદાંત આદિ ધર્મના ગ્રંથો તથા જૈન દર્શનના આગમ ગ્રંથો થોડા જ વર્ષમાં તેમણે જોઈ લીધા હતા. એક વખત વાંચતાં જ તેમને પરમાર્થ સમજાઈ જતો અને મુખપાઠ જેવા તે ગ્રંથ થઈ જતા. એકાદ વર્ષમાં જૈન આગમો તે જોઈ ગયેલા, પણ સાંભળ્યું છે કે સૂત્રકૃતાંગનું પારાયણ તો તેમણે બે હજાર વખત કરેલું. ખંભાત પાસે વડવા સ્થળ નિવૃત્તિમય હતું ત્યાં તેમને અપૂર્વ આનંદ આવેલો, તેનું સ્મરણ પોતે મોરબીમાં હતા ત્યારે એક દિવસમાં પાંચસો વખત થયું એમ તેમણે વાતચીતમાં જણાવ્યું હતું. એટલે

ઉપયોગી જણાતી બાબતમાં તેમનું ચિત્ત કેટલું વળગી રહેતું તે સ્પષ્ટ સમજાય છે.

મોરબી શહેરમાં તેમનાં સગાંને ત્યાં ગયેલા ત્યારે શાસ્ત્રી શંકરલાલે કરેલો અષ્ટાવધાનનો એક પ્રસંગ તેમના જોવામાં આવ્યો. બીજા બધા તે જોઈને માત્ર નવાઈ પામ્યા, પણ શ્રીમદ્‌ને લાગ્યું કે એ કોઈ મોટી વાત નથી. તેમના મિત્ર-મંડળમાં તેમણે આઠ, બાર અને બાવન અવધાન કરી બતાવ્યાં. તેથી બોટાદ આદિ બીજાં શહેરોમાંથી તેમને તે અર્થે આમંત્રણ આવવા માંડ્યું.

સં. ૧૯૪૧માં, ૧૬ વર્ષ ને ૫ માસની ઉમ્મરે તેમણે ''મોક્ષમાળા'' માત્ર ત્રણ દિવસમાં રચી ત્યારે તેઓ અપૂર્વ વૈરાગ્યમાં ઝીલતા હતા.

લોકોમાં પ્રસિદ્ધ થયા છતાં તેમના પિતાને તો, કમાય નહીં ત્યાં સુધી એકલી કીર્તિનું શું કામ છે એમ લાગતું. તે જાણી મુંબઈ જવાનો વિચાર કર્યો. મુંબઈ જતાં પહેલાં જેતપુરના પંચોળી નામના પ્રખ્યાત જોષીને મળ્યા. તેમણે મુંબઈમાં કીર્તિ થશે, ધન મળશે આદિ બાબતોનું ભવિષ્ય ભાખ્યું. તેમાંથી એક સિવાય બધું ખરું પડ્યું. તેથી તેની ભૂલ જાણવા ટૂંક સમયમાં મુંબઈમાં જ્યોતિષનો અભ્યાસ કર્યો અને હિંદુસ્તાનના જોષીઓમાં જે દુર્ગમ્ય વિષય ગણાતો હતો તે પણ તેમણે સાધ્ય કર્યો. જન્મતિથિ જાણ્યા વિના પણ તે જન્મકુંડળી કરતા. માત્ર કોઈનું કપાળ દેખીને તેનો જન્મદિવસ જાણી જતા. દિવસે દિવસે આત્માની નિર્મળતા વધતી ગઈ તેમ તેમ શક્તિઓનો વિકાસ થવા લાગ્યો.



મુંબઈમાં હાઈકોર્ટના જજના પ્રમુખપણા નીચે ગંજાવર સભા ભરાઈ હતી. ત્યાં સો અવધાનનો પ્રયોગ કરી બધા પ્રેક્ષકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. બધાં હિંદનાં છાપાંમાં, વિવિધ ભાષામાં તેનાં વર્ણન અને પ્રશંસા પ્રગટ થયાં. જજે તેમને વિલાયત જઈ આવા પ્રયોગો દર્શાવવાથી ધન અને કીર્તિનો લાભ થશે એમ જણાવ્યું, પણ ધર્મને બાધ કરનાર અનાર્ય વાતાવરણમાં જવાની તેમણે ના પાડી.

શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીને બાલ્યવયનું ટૂંક નિરૂપણ કરતાં શ્રીમદ્‌ લખે છે :–

''શિશુવયમાંથી જ એ વૃત્તિ ઊગવાથી કોઈ પ્રકારનો પરભાષાભ્યાસ ન થઈ શક્યો. અમુક સંપ્રદાયથી શાસ્ત્રાભ્યાસ ન થઈ શક્યો. સંસારના બંધનથી ઈહાપોહાભ્યાસ પણ ન થઈ શક્યો; અને તે ન થઈ શક્યો તેને માટે કંઈ બીજી વિચારણા નથી. એથી આત્મા અધિક વિકલ્પી થાત (સર્વને માટે વિકલ્પીપણું નહીં, પણ એક હું પોતાની અપેક્ષાએ કહું છું.) અને વિકલ્પાદિક ક્લેશનો તો નાશ જ કરવો ઇચ્છ્યો હતો, એટલે જે થયું તે કલ્યાણકારક જ; પણ હવે શ્રી રામને જેમ મહાનુભાવ વસિષ્ઠ ભગવાને આ જ દોષનું વિસ્મરણ કરાવ્યું હતું તેમ કોણ કરાવે? અર્થાત્‌ શાસ્ત્રનો ભાષાભ્યાસ વિના પણ ઘણો પરિચય થયો છે, ધર્મના વ્યાવહારિક જ્ઞાતાઓનો પણ પરિચય થયો છે, તથાપિ આ આત્માનું આનંદાવરણ એથી ટળે એમ નથી, માત્ર સત્સંગ સિવાય, યોગસમાધિ સિવાય, ત્યાં કેમ કરવું? આટલું પણ દર્શાવવાનું કોઈ સત્પાત્ર સ્થળ

નહોતું. ભાગ્યોદયે આપ મળ્યા કે જેને એ જ રોમે રોમે રુચિકર છે.’’(પ્ર. ભાદ્ર. સુ ૩, સં.૧૯૪૬,‘શ્રીમદ્ રાજચંદ્ર’, ક્રમાંક-૧૨૬)

**ઓગણીસસેં ને સુડતાળીસે,**
**સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;**
**શ્રુત અનુભવ વધતી દશા,**
**નિજ સ્વરૂપ અવભાસ્યું રે.ળ્ધન્યળ્રે૦ળ્૩**

એમ સ્વાત્મવૃત્તાંત પદની ત્રીજી કડીમાં શ્રીમદે ગાયું છે. તે જ સાલના એટલે સં. ૧૯૪૭ ના માગશર વદ ૦)) ના એક પત્રમાં તેઓ નીચે પ્રમાણે જણાવે છે :—

**‘‘પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું.**

છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે.’’ (‘શ્રીમદ્ રાજચંદ્ર’, ક્રમાંક-૧૮૭)

સં. ૧૯૪૮, શ્રાવણ વદ ૧૪ ના એક પત્રમાં તેઓ પોતાના અંતરની વાત એક અંતરમેળાપીને વર્ણવે છેળ્ઃ

‘‘ળ્‘ઈશ્વરેચ્છાથી’ જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ <u>અમથકી</u>, એમ પણ અત્ર માનીએ છીએ.... આત્માકાર



સ્થિતિ થઈ જવાથી ચિત્ત ઘણું કરીને એક અંશ પણ ઉપાધિજોગ વેદવાને યોગ્ય નથી, તથાપિ તે તો જે પ્રકારે વેદવું પ્રાપ્ત થાય તે જ પ્રકારે વેદવું છે, એટલે તેમાં સમાધિ છે; પરંતુ પરમાર્થ સંબંધી કોઈ કોઈ જીવોને પ્રસંગ પડે છે, તેને તે ઉપાધિજોગના કારણથી અમારી અનુકંપા પ્રમાણે લાભ મળતો નથી.’’ (‘શ્રીમદ્ રાજચંદ્ર’, ક્રમાંક-૩૯૮)

વળી સં. ૧૯૪૭ ના કારતક માસમાં લખે છે—‘‘દૃઢ વિશ્વાસથી માનજો કે આ—ને વ્યવહારનું બંધન ઉદયકાળમાં ન હોત તો તમને અને બીજા કેટલાક મનુષ્યોને અપૂર્વ હિતનો આપનાર થાત.... નિવૃત્તિ હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત. હજુ તેને વિલંબ હશે. પંચમકાળની પણ પ્રવૃત્તિ છે. આ ભવે મોક્ષે જાય એવાં મનુષ્યોનો સંભવ પણ ઓછો છે. ઇત્યાદિક કારણોથી એમ જ થયું હશે.’’

(‘શ્રીમદ્ રાજચંદ્ર’, ક્રમાંક-૧૭૩)

સ્વાત્મવૃત્તાંત પદમાં એ જ વાર્તા તેઓએ સ્પષ્ટ કરી છેઃ—

---

## શિક્ષાપાઠ ૧૦૭. ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્ર, ભાગ—૨

**ત્યાં આવ્યો રે ઉદય કારમો,**
**પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;**
**જેમ જેમ તે હડસેલીએ,**
**તેમ વધે ન ઘટે એક રંચ રે.ળ્ધન્યળ્રે૦ળ્જ**

ઝવેરાત તથા આડત આદિના વેપારમાં તેમણે આજીવિકાનું સાધન એકવીશમે વર્ષે શોધ્યું. પેઢીના નિયમો

પ્રામાણિકતા આદિ બાબતોની પત્રિકા તેમણે છપાવી હતી, અને તે મુજબ દેશ પરદેશ સાથે ન્યાય-નીતિના ઊંચા ધોરણે વેપાર કરતા હતા. છતાં તે ધર્મને જીવનનું મુખ્ય કાર્ય ગણતા હતા. જે પેઢીમાં (શ્રી રેવાશંકર જગજીવન મહેતાની) તે કામ કરતા તે ભાગીદારોને પોતાનું સાફ દિલ દર્શાવતો, એક પોતાની હાથનોંધમાં ઉલ્લેખ કર્યો છે :-

"મુંબઈ, અષાડ સુદ ૫, રવિ, ૧૯૪૬

જ્યારે આ વ્યવહારોપાધિ ગ્રહણ કરી ત્યારે તે ગ્રહણ કરવાનો હેતુ આ હતો:– ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુઃખદાયક થાય તો પણ થોડા વખતમાં ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે. એ ઉપાધિ નીચેના હેતુથી સમાધિરૂપ થશે એમ માન્યું હતું :–

ધર્મ સંબંધી વધારે વાતચીત આ કાળમાં ગૃહવાસપરત્વે ન આવે તો સારું. ભલે તને વસમું લાગે, પણ એ જ ક્રમમાં પ્રવર્ત. ખચીત કરીને એ જ ક્રમમાં પ્રવર્ત. દુઃખને સહન કરી, ક્રમની સાચવણીના પરિષહને સહન કરી, અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તું અચળ રહે. અત્યારે કદાપિ વસમું, અધિકતર લાગશે, પણ પરિણામે તે વસમું સમું થશે. ઘેરામાં ઘેરાઈશ નહીં. ફરી ફરી કહું છું, ઘેરાઈશ નહીં. દુઃખી થઈશ, પશ્ચાત્તાપ કરીશ; એ કરતાં અત્યારથી આ વચનો ઘટમાં ઉતાર–પ્રીતિપૂર્વક ઉતાર.

૧. કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે, તે થાય છે એમ માન.



૨. તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં; અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું.

૩. જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનું પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમ પર તારી નિષ્ઠા લાવી મૂકજે.

૪. તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે તેમ પ્રવર્તજે. સાથે જણાવજે કે તમારા કાર્યમાં (જે મને સોંપો તેમાં) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઈ કલ્પના કરશો નહીં; મને વ્યવહારસંબંધી અન્યથા લાગણી નથી, તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલું જ નહીં પણ કંઈ મારું વિપરીતાચરણ મનવચનકાયાએ થયું, તો તે માટે પશ્ચાત્તાપી થઈશ. એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો તે સહન કરીશ. મારું ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં. તમને કોઈ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો કરીશ. ખુલાસો નહીં થાય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છું કે, કોઈ પણ પ્રકારે તમે મને

નિમિત્ત રાખી અશુભયોગમાં પ્રવૃત્તિ કરશો નહીં; તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો, તેમાં મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિશ્રેણીમાં વર્તવા દેતાં કોઈ રીતે તમારું અંતઃકરણ ટૂંકું કરશો નહીં; અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણિને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારું ચાલતાં સુધી હું તમને દુભાવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણી તમને અપ્રિય હશે તોપણ હું જેમ બનશે તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઈ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૫૭/૧૩)

**વધતું એમ જ ચાલિયું,**
**હવે દીસે ક્ષીણ કાંઈ રે;**
**ક્રમે કરીને રે તે જશે,**
**એમ ભાસે મનમાંહી રે. ધન્ય રે૦ ૫**

વેપારના કામની ભીડ ઓછી હોય અને પોતાની હાજરીની જરૂર ન હોય તેવા પ્રસંગે બે ચાર માસ ગુજરાત, કાઠિયાવાડના અજ્ઞાત એકાંત પ્રદેશોમાં શ્રીમદ્ નિવૃત્તિ અર્થે વારંવાર જતા. એક વખત આણંદ થઈ નડિયાદ ગયેલા અને ત્યાં સ્થિતિ કરી રહ્યા હતા, ત્યારે સંવત ૧૯૫૨ના આસો વદ ૧ને દિવસે શ્રીમદે શ્રી ''આત્મસિદ્ધિશાસ્ત્ર''ની રચના સાંજે થોડા વખતમાં કરી. ચાર યોગ્ય જીવોને તેની નકલો માત્ર પોતાના ઉપયોગ અર્થે આપી. એક નકલ શ્રીમદ્ લઘુરાજ



મહારાજ (સ્થાનકવાસી સાધુ તેમના સમાગમે તત્ત્વરસી બનેલા)ને, બીજી શ્રી સૌભાગ્યભાઈ (સાયલા ગામના શ્રીમદ્‌ના નિકટપરિચયી)ને, ત્રીજી માણેકલાલ ઘેલાભાઈ (તેમની પેઢીના ભાગીદાર પ્રજ્ઞાવંત, વૈરાગ્યવંત જીવ)ને તથા છેલ્લી શ્રી અંબાલાલભાઈ (તેમની સેવામાં નિવૃત્તિક્ષેત્રમાં ઘણી વખત રહેનાર ખંભાતના મુખ્ય મુમુક્ષુ)ને આપવામાં આવી હતી. દરેકે તેનો અભ્યાસ કરી તત્ત્વ હૃદયગત કર્યું હતું.

સં. ૧૯૫૪માં ચરોતર પ્રદેશમાં શ્રીમદ્ વસો ગામમાં એક માસ રહ્યા હતા. ત્યાં શ્રીમદ્ લઘુરાજ મહારાજે ચોમાસું કરેલું તેમની પ્રાર્થનાથી નિવૃત્તિ અર્થે ત્યાં રહેલા. ત્યાંથી નડિયાદ અને ઉત્તરસંડાની વચમાં એક બંગલો છે, ત્યાં પંદર દિવસ થોડા મુમુક્ષુઓ સાથે રહ્યા. પછી માત્ર એક જણને સેવામાં રાખી બીજા બધાને વિદાય કર્યા અને પરમાત્મ-ભાવનામાં તલ્લીન રહેતા.

ઉત્તરસંડાથી ખેડામાં પોતે પધારેલા ત્યાં શ્રી દેવકરણજી મહારાજ, શ્રી લઘુરાજસ્વામીના સહવાસી એ ચોમાસું કરેલું તેમણે વસો ચોમાસામાં રહેલા શ્રી લઘુરાજ મહારાજને પત્ર લખ્યો. તેમાં લખી જણાવે છેઃ ''કૃપાનાથ (શ્રીમદ્‌જી) પોતે પોતાને ઉદ્દેશીને કહે છેઃ અડતાળીસની સાલમાં (સં. ૧૯૪૮) રાળજ બિરાજ્યા હતા તે મહાત્મા શાંત અને શીતળ હતા. હાલ સાલમાં વસો ક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્‌ભુત યોગીન્દ્ર પરમ સમાધિમાં રહેતા હતા. અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્‌ભુત જોગીન્દ્ર પરમ શાંત બિરાજે છે. એવું

પોતે પોતાની નગ્નભાવી, અલિંગી, નિઃસંગ દશા વર્ણવતા હતા. આપે કહ્યું તેમ જ થયું, ફળ પાક્યું, રસ ચાખ્યો, શાંત થયા; આજ્ઞા-વડીએ હંમેશાં શાંત રહીશું. એવી વૃત્તિ ચાલે છે કે જાણે સત્પુરુષના ચરણમાં મોક્ષ પ્રત્યક્ષ નજરે આવે છે.''

**યથા હેતુ જે ચિત્તનો,**
**સત્ય ધર્મનો ઉદ્ધાર રે;**
**થશે અવશ્ય આ દેહથી,**
**એમ થયો નિરધાર રે.ળધન્યળરે૦ળ**

સં. ૧૯૫૨ના ચૈત્ર સુદ ૧૩, મહાવીર જયંતીને દિવસે પોતે એક અંગત લેખ લખેલો તેમાં તેમની સ્વદશા અને કરુણાભાવના પ્રગટ કરી છે :—

ૐ

''જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવાદેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.



વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

ઓ દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.

વધારે શું કહેવું? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે. ૐ શ્રી મહાવીર ળઅંગતળ '' ('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૬૮૦)

**આવી અપૂર્વ વૃત્તિ અહો,**
**થશે અપ્રમત્ત યોગ રે;**

**કેવળ લગભગ ભૂમિકા,**
**સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય રે૦ ૭૭**

જે કરવા યોગ્ય છે, પામવા યોગ્ય છે, તે આ જ ભવે પૂર્ણ કરી લેવું એ ધ્યેય રાખીને આખી જિંદગી જાગ્રત ઉપયોગે તેમણે ગાળી છે. આ કાળમાં મોક્ષ ન થાય એવી હીન પુરુષાર્થની વાતો સાંભળવી પણ નહીં એમ વારંવાર તે ઉપદેશતા. જ્ઞાનીપુરુષને આશ્રયે થાય તેટલો મોક્ષ અર્થે પુરુષાર્થ કરો અને પછી કાળ હાથ ઝાલવા આવશે ત્યારે અમે જોઈ લઈશું, એવું બળ સાધક વર્ગમાં પ્રેરતા. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં તેમની કૃતિઓનો ક્રમવાર સંગ્રહ થયેલો છે, જેમાં આધ્યાત્મિક સાહિત્ય-વિષયની પરાકાષ્ઠાનું દર્શન થાય છે. તેનો અભ્યાસ કરનારને પૂર્વના આરાધક એ જ્ઞાનાવતાર મહાત્માનો વિકાસ કેટલી ઝડપે થયો છે, તે સહજ સમજાય તેમ છે. અહીં તો માત્ર ૩૩ વર્ષની નાની વયમાં જે અપૂર્વ પરાક્રમ તે આત્માએ દર્શાવ્યું છે, તે પ્રત્યે અંગુલિ-દર્શન જેવું કર્યું છે.

**અવશ્ય કર્મનો ભોગ છે,**
**ભોગવવો અવશેષ રે;**
**તેથી દેહ એક જ ધારીને,**
**જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય રે૦ ૭૮**

મહાત્મા ગાંધીજીના ધર્મમંથન કાળમાં દક્ષિણ આફ્રિકાના પાદરી મહાશયોની કૃપાથી ખ્રિસ્તી સાહિત્યનો તેમને અભ્યાસ કરવાનો યોગ બન્યો તથા અંગ્રેજી ભાષા દ્વારા બૌદ્ધ ધર્મ



આદિનો અભ્યાસ થતાં સત્ય શું હશે અને પોતાને તેની ખબર પડે કે નહીં, આદિ બાબતોથી પ્રેરાઈ મહાત્માજીએ શ્રીમદ્ રાજચંદ્રને એક પત્ર દ્વારા ૨૭ પ્રશ્નો પૂછ્યા હતા. તે વખતે શ્રીમદ્ અત્યંત વૈરાગ્યના પૂરમાં ઝીલતા હતા, તેથી તે પત્રનો તુર્તમાં ઉત્તર નહીં આપી શકાય એમ જાણી તેમને 'ષડ્-દર્શનસમુચ્ચય' ગ્રંથનું ગુજરાતી ભાષાંતર મોકલ્યું અને તેનો અભ્યાસ કરવા સૂચવ્યું કે જેથી પત્રનો ઉત્તર મળે ત્યારે સમજવામાં સરળતા થાય. આ પત્ર પ્રશ્નોત્તર સહિત અત્ર પ્રવેશિકામાં સંપૂર્ણ છપાયો છે. તે પત્ર મળવાથી મહાત્મા ગાંધીજીને ખાતરી થઈ કે શ્રીમદ્ દ્વારા તેમને ધર્મ સંબંધી પૂર્ણ સંતોષ થશે. તેવા જ પ્રશ્નો તેમણે આગેવાન ગણાતા જગત વિચારક પુરુષોને પૂછ્યા હતા. તેમાંથી ટૉલસ્ટૉય, રસ્કિન અને શ્રીમદ્ રાજચંદ્રના વચનો દ્વારા તેમનું બહુમાન થયું. તેમાં પણ શ્રીમદ્ રાજચંદ્રના ઉત્તરોથી તેમને વિશેષ ધીરજ મળી, તેથી તેમનો મહદ્ ઉપકાર માનતા અને તેમના દેહાંત પછી તેમની જયંતી ઊજવતા. આ યુગમાં શ્રીમદે અસહાયપણે સત્સંગની નિરંતર ભાવના રાખતાં એટલી ત્વરાથી આત્મોન્નતિ સાધી છે કે તેમનાં વચનો પરિપૂર્ણ સમજવા આપણે ઘણા ભવ હજી લેવા પડશે એમ એક વખત મહાત્મા ગાંધીજીએ વ્યાખ્યાનમાં જણાવ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રના વિશેષ પરિચય માટે શ્રીમદ્ રાજચંદ્ર જીવનયાત્રા, શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા, શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા તથા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત આદિ ગ્રંથો અવલોકવા વાંચનાર સત્‌જિજ્ઞાસુને ભલામણ છે.

---

## શિક્ષાપાઠ ૧૦૮. પૂર્ણમાલિકા મંગલ

પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને,ળળળળળળ
ળળળળળળપરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને;ળળ
નીરાગી મહા શાંત મૂર્તિ તમારી,ળળળળળળ
ળળળળળળપ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.ળ૧

દઉં ઉપમા તો અભિમાન મારું,ળળળળળળ
ળળળળળળઅભિમાન ટાળ્યા તણું તત્ત્વ તારું;ળળ
છતાં બાળરૂપે રહ્યો શિર નામી,ળળળળળળ
ળળળળળળસ્વીકારો ઘણી શુદ્ધિએ શાંતિ સ્વામી.ળ૨

સ્વરૂપે રહી શાંતતા શાંતિ નામે,ળળળળળળ
ળળળળળળબિરાજ્યા મહા શાંતિ આનંદ ધામે.ળળ
.......................................(અપૂર્ણ)

(‘શ્રીમદ્ રાજચંદ્ર’, ક્રમાંક-૧૩)

### ળમોક્ષમાળા-પ્રવેશિકા સમાપ્તળ

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



## શ્રી સનાતન જૈનધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
## સંક્ષિપ્ત પરિચય

પરમ જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)ના નિમિત્તે આ આશ્રમની સ્થાપના વિક્રમ સંવત ૧૯૭૬ માં થઈ. મુનિશ્રી લઘુરાજસ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ, તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ ‘‘શ્રી લઘુરાજ આશ્રમ’’ રાખ્યું, પરંતુ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહીં રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે શ્રીમદ્જીના આ સ્થૂળ કીર્તિસ્તંભનું નામ ‘‘શ્રી સનાતન જૈન ધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ’’ રાખવું. તેથી તે પ્રમાણે આ આશ્રમનું નામ રાખવામાં આવ્યું. આ આશ્રમ સનાતન જૈન ધર્મની પુષ્ટિ માટે જ છે.

આ આશ્રમમાં દાખલ થતાં પ્રથમ એક ભવ્ય પ્રવેશદ્વાર છે, જેના ઉપર ‘‘ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે’’ એમ મોટા અક્ષરે અંકિત થયેલ છે. દરવાજામાં પ્રવેશ કરતાં સામે એક નયનરમ્ય દેરાસર છે, જેમાં નીચે શ્વેતાંબર અને ઉપર દિગંબર દેરાસર છે. તેના ભૂમિગૃહમાં (ભોંયરામાં) શ્રીમદ્ રાજચંદ્રજીની આરસપાષાણની શરીરપ્રમાણ પદ્માસન મુદ્રાના પ્રતિમાજી બિરાજે છે. આ પ્રતિમાજીની એક બાજુ પ્રણવ મંત્ર ‘ૐકાર’ની સ્થાપના છે તથા બીજી બાજુ શ્રીમદ્ રાજચંદ્રજીના પાદુકાજીની સ્થાપના છે. આ દેરાસરની ડાબી બાજુએ એક ભવ્ય સભામંડપ છે, જેમાં પ્રતિદિન ભક્તિ, સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ નિમિત્તે સેંકડો મુમુક્ષુઓ સાથે બેસીને આત્મસાધના કરે છે. આ દેરાસરના ચોગાનમાં દેરાસરની સામે મુખ્ય પ્રવેશદ્વારની ઉપર બીજે માળે એક પુસ્તકાલય છે. ત્રીજે માળે ખુલ્લી અગાસીની વચમાં સુંદર આરસની દેરીમાં શ્રીમદ્ રાજચંદ્રજીની ઊભા કાયોત્સર્ગની ધ્યાનમુદ્રામાં પંચધાતુની પ્રતિમા બિરાજે છે.

આ ભક્તિસંકુલમાં દેરાસરની જમણી બાજુએ આવેલ વ્યાખ્યાનમંદિરમાં શ્રીમદ્જીનો પદ્માસન મુદ્રામાં ભવ્ય ચિત્રપટ સ્થાપન કરેલ છે. ત્યાં મુખ્યત્વે વૃદ્ધ મુમુક્ષુઓ, જેઓ સભામંડપની સીડી ચઢી શકતા નથી, તેઓ ત્યાં દરરોજ બેસીને ભક્તિ-સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ કરે છે. તેમજ પર્યુષણ આદિ પર્વોમાં મુમુક્ષુબહેનો અત્રે પ્રતિક્રમણ કરે છે. આ વ્યાખ્યાનમંદિરની ઉપર શાંતિસ્થાન છે, જ્યાં શ્રીમદ્ રાજચંદ્રજીના સુંદર ચિત્રપટની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આવતાં ‘શ્રી રાજમંદિર’ છે, જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના, પ.પૂ. લઘુરાજસ્વામીના (પ્રભુશ્રીજીના) અને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના સુંદર ચિત્રપટોની સ્થાપના તેમજ

આજ્ઞાનો શિલાલેખ છે. ત્યાંથી પૂર્વમાં પૂ. શ્રી બ્રહ્મચારીજીનો નિવાસખંડ છે, જ્યાં તેઓશ્રીના બે ચિત્રપટોની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આગળ જતાં પ.પૂ. પ્રભુશ્રીજીનો નિવાસખંડ છે જ્યાં તેઓશ્રી વિ.સં. ૧૯૯૨ ના વૈશાખ સુદ ૮ (તા. ૨૮-૪-૧૯૩૬)ના દિને સમાધિસ્થ થયા હતા. ત્યાં તેઓશ્રીની પાટ અને ગાદી તેમજ લાકડી ઇત્યાદિ સ્મૃતિચિહ્ન તરીકે દર્શનાર્થે તેઓશ્રીના સુંદર ચિત્રપટની સાથે મૂકવામાં આવ્યા છે.

દેરાસરના ચોગાનની બહાર ઈશાન દિશા તરફ દેરીમાં પ્રભુશ્રીજીના પાદુકાજીની સ્થાપના તેમના અગ્નિસંસ્કાર સ્થળે કરેલ છે. તેનાથી આગળ જતાં પૂ. શ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થળે દેરીમાં તેમના પાદુકાજીની સ્થાપના કરેલ છે.

હાલના સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો તેમના કદ પ્રમાણેનો ભવ્ય ચિત્રપટ સ્થાપિત કરેલ છે. હાલનો સભામંડપ પર્વના દિવસોમાં નાનો પડતો હોવાથી તેના સમાંતરે કરોડો રૂા.ના ખર્ચે આરસપહાણનો એક ૧૨૦'×૮૦'નો નૂતન સભામંડપ બાંધવામાં આવ્યો છે. કુલ ૧૭,૦૦૦ સ્કે.ફીટના આ સભામંડપમાં આશરે ૩૦૦૦ મુમુક્ષુઓ એક સાથે બેસીને ભક્તિ-સ્વાધ્યાય કરી શકે છે. આ નૂતન સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો ૧૩ ફુટ ઊંચાઈનો ભવ્ય વિશાળ ચિત્રપટ સ્થાપિત કરેલ છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રભુશ્રીજીને કહેલું કે "મુનિ, દુષમકાળ છે માટે જડભરત જેવા થઈને વિચરજો. રિદ્ધિ, સિદ્ધિ પ્રગટશે તેને ઓળંગી જજો. આ કાળના જીવો પાકા ચીભડાં જેવા છે. કડકાઈ સહન કરી શકે તેવા નથી, માટે કલ્યાણમૂર્તિ બનશો તો ઘણા જીવોનું તમારા દ્વારા કલ્યાણ થશે."

સંવત ૧૯૭૬ થી ૧૯૯૨ સુધી આશ્રમમાં રહી પ્રભુશ્રીજીએ એક અનન્ય ભક્તિ ક્રમ ગોઠવી આપ્યો છે, જેનું આરાધન છેલ્લા લગભગ ૯૮ વર્ષથી અવિરત રીતે તેઓની આજ્ઞા પ્રમાણે આશ્રમમાં ચાલુ છે. આ આશ્રમની ભૂમિ પ્રભુશ્રીજીના ચરણસ્પર્શથી તેમજ નિવાસથી પાવન થઈ છે અને આજે પણ તેમની પવિત્ર ચેતનાથી સ્પર્શાયેલા પરમાણુઓનો આશ્રમમાં અનુભવ થાય છે.

**પ્રાતઃકાળમાં ૪-૦૦ વાગ્યાથી શરૂ થઈ રાત્રિના ૯-૩૦ વાગ્યા સુધી અવિરત નીચે પ્રમાણે ભક્તિના કાર્યક્રમો ચાલે છે :–**

| | | |
|---|---|---|
| પ્રાતઃકાળમાં | ૪-૦૦ થી ૬-૩૦ | આત્મજાગૃતિના પદો, મંત્રસ્મરણ, આલોચના પાઠ, ચૈત્યવંદન, સ્તવનો આદિ. |
| સવારના | ૯-૦૦ થી૧૧-૪૫ | ભક્તિના પદો, શ્રી સ્નાત્રપૂજા, શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્રની-પૂજા અથવા અન્ય પૂજા. |
| મધ્યાહ્નમાં | ૨-૦૦ થી ૪-૧૫ | ભક્તિના પદો તથા વચનામૃત-વાંચન આદિ. |
| સાંજના | ૬-૦૦ થી ૬-૪૫ | દેવવંદન તથા ૪ સ્થળોએ આરતી-મંગળદીવો. |
| રાત્રિના | ૭-૧૫ થી ૯-૩૦ | ભક્તિના પદો, મંત્રસ્મરણ, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની-ભક્તિ તથા ઉપદેશામૃત અને બોધામૃતમાંથી વાંચન. |



(પર્વના દિવસોમાં કાર્યક્રમમાં તેમજ ઋતુ અનુસાર સમયમાં ફેરફાર કરવામાં આવે છે.)

આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવ સંપ્રદાયના તથા અન્ય સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. આ પવિત્ર સત્સંગધામ, તીર્થશિરોમણી એવા આશ્રમની આ એક આગવી વિશિષ્ટતા છે.

પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ કારતક સુદ ૭, વિ. સં. ૨૦૧૦ (તા. ૧૩-૧૧-૧૯૫૩)માં થયાને આજે ઘણા વર્ષ થયા છતાં અને કોઈ ઉત્તરાધિકારી નહીં હોવા છતાં પણ આ આશ્રમમાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર ભક્તિ, સત્સંગનો નિશ્ચિત કાર્યક્રમ એકધારો પ્રવર્તી રહ્યો છે. આ આશ્રમમાં આવનાર તથા રહેનાર દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિ સ્વાધ્યાયના કાર્યક્રમમાં હાજરી આપી ભાગ લેવો આવશ્યક છે. દરેકે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, ભક્તિ આદિ અર્થે રહેવાનું છે. કોઈ પણ વિષયકષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

સંવત ૧૯૫૪માં પ. ઉ. પ.પૂ. પ્રભુશ્રીજીની વસો ગામે સ્થિતિ હતી ત્યારે પરમકૃપાળુદેવ ત્યાં પધાર્યા હતા. તે વખતે પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે, જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો આત્માર્થે સાધન માગે તેને સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓ આદિના ત્યાગપૂર્વક નિત્યનિયમના પાઠો સાથે "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" મંત્ર આપવાની આજ્ઞા કરી હતી. આ પ્રમાણે પરમકૃપાળુદેવે વર્તમાન કાળમાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તથા તેને જગતમાં પ્રવર્તાવવાનો અધિકાર પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને આપ્યો. આ અધિકારને અનુસરીને પ્રભુશ્રીજીએ આશ્રમ માટે આ આરાધના ક્રમ યોજ્યો છે. આ વિષે પૂ. શ્રી બ્રહ્મચારીજી બોધામૃત ભાગ-૩ પત્રાંક ૯૮૦માં જણાવે છે કે :–

**"પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે."**

***પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતાના દેહોત્સર્ગના થોડા દિવસ અગાઉ સં. ૧૯૯૨ ના ચૈત્ર વદ ૫ ના પવિત્ર દિવસે આ આજ્ઞાધર્મની સોંપણી પૂ. શ્રી બ્રહ્મચારીજીને કરી હતી. પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ બાદ, પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞાથી કોઈ વંચિત રહે નહીં અને આજે પણ મુમુક્ષુજીવો તે આજ્ઞા માન્ય કરી આરાધી શકે તેવા શુભ આશયથી, જે સ્થાનેથી પ. પૂ. પ્રભુશ્રીજી તથા પૂ. શ્રી બ્રહ્મચારીજી આજ્ઞા આપતા તે 'શ્રી રાજમંદિર' તરીકે ઓળખાતા ધર્મસ્થાને એ નિત્યનિયમની આજ્ઞા તથા સ્મરણમંત્ર વિષે સમજણ આપતો પ. પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશબોધ સાથે એક શિલાલેખ મૂકવામાં આવ્યો છે. આ શિલાલેખમાં બતાવ્યા પ્રમાણે આજે પણ ઘણા સત્સાધકો "સંતના (પ્રભુશ્રીજીના) કહેવાથી કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે" (ઉ૦ પૃ૦ ૨૭૩) એવી ભાવના કરી એ સ્થાનેથી પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞા શ્રદ્ધાપૂર્વક માન્ય કરી, આરાધવાનો નિયમ લે છે.***

આશ્રમમાં સાત વ્યસન, સાત અભક્ષ્ય, કંદમૂળ, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ રાખવો. બ્રહ્મચર્ય પાલન આશ્રમમાં આવનાર અને રહેનાર માટે અનિવાર્ય અને આવશ્યક છે. આશ્રમનો એ મૂળભૂત પાયો છે. આ આશ્રમ સંબંધી પ.પૂ. પ્રભુશ્રીજી ઉપદેશામૃતમાં જણાવે છે :–

**"આ જગા કેવી છે, જાણો છો? દેવસ્થાનક છે! અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર, દરવાજા બહાર મૂકીને આવવું, અહીં આત્માનું યોગબળ વર્તે છે."** (પૃ૦ ૨૬૯) **"આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે."** (પૃ૦ ૪૩૩)

આશ્રમમાં મુમુક્ષુઓને રહેવા અને જમવાની સારી વ્યવસ્થા છે. પર્વના દિવસોમાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ આવી લાભ લે છે.

આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાં આશ્રમથી પ્રકાશિત થયેલા ૧૨૦ થી વધારે પ્રકાશનોનું વેચાણ થાય છે, જેમાં શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ હસ્તક ચાલતી શ્રીમદ્ રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળાના નામે પ્રકાશિત થયેલા શાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. (એ પુસ્તકોની સૂચિ આ પુસ્તકમાં આપેલ છે.)

વહીવટી કાર્યાલયની ઉપર પહેલે માળે નમૂનેદાર જૈન સાહિત્ય સંગ્રહ સ્થાન છે. જ્યાં ૫૦૦થી વધુ શાસ્ત્રોનો સંગ્રહ છે, જેમાં ઘણાં શાસ્ત્રો હસ્તલિખિત છે. આ શાસ્ત્રો વધારે સમય ટકે તે માટે એ બધાને લેમીનેટ કરી વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલ છે.



આ આશ્રમનું સંચાલન સંવત્ ૧૯૮૦ના ચૈત્ર સુદ ૫, તા. ૯-૪-૧૯૨૪ના રોજ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ કરેલ ટ્રસ્ટડીડ પ્રમાણે અને ત્યારબાદ ગુજરાત રાજ્યના માનનીય ચેરીટી કમિશનરશ્રીએ બનાવી આપેલ 'સ્કીમ'ની કલમોને આધીન ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવે છે. સુજ્ઞ વાચક સારી રીતે સમજી શકશે કે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સ્થાપિત આ આશ્રમમાં તેઓશ્રીની આજ્ઞા અનુસાર શ્રી સનાતન જૈન ધર્મની પ્રણાલી માન્ય છે. ધર્મનો એ ધોરીમાર્ગ અહીં સતત વહેતો રહે તે માટે આશ્રમનું ટ્રસ્ટીમંડળ તેમજ અન્ય સમજુ મુમુક્ષુવર્ગ હંમેશાં સજાગપણે પ્રયત્નશીલ છે, તેમ છતાંયે મિથ્યા માન્યતાવાળાઓનું પરિબળ પણ ચોતરફ દૃષ્ટિગોચર થાય છે. આ સંજોગોમાં આશ્રમની સત્ પ્રણાલીમાં હસ્તક્ષેપ કરી તેના મૂળ ધ્યેય અને આદર્શને નુકસાન પહોંચાડવાની ચેષ્ટા કરતા આવા તત્ત્વોથી ચેતતા રહેવાની અને વખત આવ્યે તેનો પ્રતિકાર કરવાની આપણા સૌની પવિત્ર ફરજ છે. આશ્રમનું અસ્તિત્વ જ જેને આધારે ટકી રહ્યું છે એવા આ પ્રાણપ્રશ્નના રક્ષણ માટે ટ્રસ્ટીમંડળ આપ સૌનો સહકાર વાંચ્છે છે. આત્મકલ્યાણના એક અનન્ય સ્થાન તરીકે જેઓ આ તીર્થભૂમિને ગણે છે તેઓ સર્વે તરફથી સંપૂર્ણ સહયોગ મળશે જ, એવી ટ્રસ્ટીમંડળ શ્રદ્ધા રાખે છે.

અંતમાં ફરીથી જણાવવાનું કે શ્રી સનાતન જૈન વીતરાગ માર્ગની ઉપાસના અને આરાધના અર્થે જ આ આશ્રમ છે. આ મૂળ ધ્યેયને સન્માન આપી ભાવપૂર્વક ટેકો આપી સર્વ મુમુક્ષુઓ આ આશ્રમનું ગૌરવ વધારે એવી નમ્ર વિનંતી છે.

**એડ્રેસ :–**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા : આણંદ,
પોસ્ટ : બોરીઆ, ગુજરાત ૩૮૮ ૧૩૦ (ભારત)
ટેલીફોન : (૦૨૬૯૨) ૨૮૧૭૭૮ - ૨૮૧૮૦૦
E-mail ID: info@agasashram.org
Website www.shrimadrajchandraashramagas.com

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના પ્રકાશનો
## ગુજરાતી પ્રકાશન

૧. અધ્યાત્મરસ-તરંગ રૂ. ૪/-
૨. આશ્રમ પરિચય (અમૃત મહોત્સવ) રૂ. ૫/-
૩. આઠ દૃષ્ટિની સજ્ઝાય રૂ. ૩/-
૪. અનિત્ય પંચાશત્ તથા હૃદયપ્રદીપ રૂ. ૨/-
૫. આત્મસિદ્ધિ શાસ્ત્ર (અર્થ સહિત) શ્રીમદ્ રાજચંદ્રના હસ્તાક્ષરમાં રૂ.૧૨૫/-
૬. આત્મસિદ્ધિ-વિવેચન રૂ. ૫/-
૭. આત્મસિદ્ધિશાસ્ત્ર રૂ. ૨/-
૮. આત્મસિદ્ધિશાસ્ત્ર (અર્થ સહિત) રૂ. ૫/-
૯. આત્મસિદ્ધિશાસ્ત્ર 'રાજ' જ્યોતિ-મહાભાષ્ય રૂ. ૩૦/-
૧૦. આલોચનાદિ પદ સંગ્રહ રૂ. ૪/-
૧૧. આલોચનાદિ પદ સંગ્રહ (સંક્ષિપ્ત) રૂ. ૧૦/-
૧૨. કર વિચાર તો પામ રૂ. ૭/-
૧૩. મોટું કેલેન્ડર રૂ.૧૦૦/-
નાનું કેલેન્ડર રૂ. ૧૦/-
૧૪. ચૈત્યવંદન ચોવીશી રૂ. ૧૦/-
૧૫. જ્ઞાનમંજરી રૂ. ૪/-
૧૬. તત્ત્વજ્ઞાન (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) રૂ. ૫/-
૧૭. તત્ત્વજ્ઞાન-તરંગિણી રૂ. ૧૨/-
૧૮. તીર્થપરિચય રૂ. ૨૦/-
૧૯. ધર્મામૃત રૂ. ૧૫/-
૨૦. નાની છ પુસ્તિકાઓનો સેટ રૂ. ૧૦/-
૨૧. નાની ત્રણ પુસ્તિકાઓનો સેટ :-
નિત્યક્રમ : પ્રાતઃકાળ રૂ. ૨/-
નિત્યક્રમ : મધ્યાહ્નકાળ રૂ. ૨/-
નિત્યક્રમ : સાયંકાળ રૂ. ૨/-
૨૨. નિત્યક્રમ રૂ. ૧૦/-
૨૩. નિત્યનિયમાદિ પાઠ (ભાવાર્થ સહિત) રૂ. ૧૦/-
૨૪. નિયમસાર - કળશ રૂ. ૫/-
૨૫. પત્રશતક-(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત) રૂ. ૫/-
૨૬. પરમાત્મપ્રકાશ રૂ. ૧૦/-
૨૭. પંચાસ્તિકાય રૂ. ૨/-
૨૮. પૂજાસંચય રૂ. ૧૦/-
૨૯. પ્રત્યક્ષ સત્પુરુષ પરમકૃપાળુદેવ શ્રીમદ્-રાજચંદ્ર રૂ. ૫/-
૩૦. મુનિ પ્રત્યે રૂ. ૫/-
૩૧. મોક્ષમાળા (ભાવનાબોધ સહિત) રૂ. ૫/-
૩૨. રાજપદ (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) રૂ. ૫/-
૩૩. રાજપ્રશ્ન રૂ. ૨૦/-
૩૪. વિહરમાન જિન-સ્તવન રૂ. ૩/-
૩૫. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) રૂ. ૧૦/-
૩૬. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) ત્રણ ભાગમાં મોટા ટાઈપમાં રૂ. ૫૦/-
૩૭. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) આર્ટ પેપર રૂ. ૧૦૦/-
૩૮. શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા રૂ. ૬/-
૩૯. શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયા રૂ. ૩/-
૪૦. કાવ્ય-અમૃત ઝરણા (ભાવાર્થ સહિત) રૂ. ૪/-
૪૧. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા રૂ. ૫/-
૪૨. શ્રીમદ્ રાજચંદ્ર જીવનચરિત (સંક્ષિપ્ત) રૂ. ૧/-
૪૩. શ્રીમદ્ રાજચંદ્ર જીવન-સાધના રૂ. ૧૦/-
૪૪. શ્રીમદ્ રાજચંદ્ર નિર્વાણ શતાબ્દી-સ્મારક ગ્રંથ રૂ. ૧૦/-
૪૫. શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) ઉપદેશામૃત રૂ. ૧૦/-
૪૬. શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)નું જીવનચરિત્ર રૂ. ૩/-
૪૭. સમયસાર રૂ. ૮/-
૪૮. સમયસાર 'અમૃતજ્યોતિ' મહાભાષ્ય ભાગ-૧ અને ભાગ-૨ (સેટ) રૂ. ૬૦/-
૪૯. સમાધિ - સાધના રૂ. ૧૦/-
૫૦. સમાધિ - સોપાન રૂ. ૧૦/-
૫૧. સહજ સુખ સાધન રૂ. ૧૦/-
૫૨. સાક્ષાત્ સરસ્વતી રૂ. ૨/-
૫૩. સુબોધ સંગ્રહ(સ્ત્રી-નીતિબોધક ગરબાવલી સહિત) રૂ. ૩/-
૫૪. શ્રી સોભાગ પ્રત્યે રૂ. ૫/-
૫૫. સ્નાત્રપૂજા રૂ. ૫/-
૫૬. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા રૂ. ૧૫/-
૫૭. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકથા (સચિત્ર) રૂ. ૧૦/-
૫૮. ઉપદેશામૃત દૃષ્ટાંતકથાઓ રૂ. ૩/-
૫૯. ગાંધીજીના પ્રશ્નો અને શ્રીમદ્જીના ઉત્તર (અંગ્રેજી અનુવાદ સાથે) રૂ. ૫-/-
૬૦. પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સાર્ધ શતાબ્દી-સ્મારકગ્રંથ રૂ. ૫૦/-
૬૧. સદ્ધા પરમ દુલ્લહા રૂ. ૧૦/-



### देवनागरी लिपि (भाषा गुजराती) में प्रकाशित

१. आत्मसिद्धि शास्त्र रु. २/-
२. आलोचनादि पद संग्रह (संक्षिप्त) रु. ५/-
३. चैत्यवंदन चौवीशी रु. ७/-
४. तत्त्वज्ञान रु. २/-
५. नित्यक्रम रु. ८/-
६. नित्यक्रमकी तीन पुस्तिकाएँ रु. ६/-
७. पूजासंचय रु. ७/-

### हिन्दी अनुवाद

१. आत्मसिद्धिशास्त्र (अर्थ सहित) रु. ५/-
२. कर विचार तो पाम रु. ७/-
३. नित्यनियमादि पाठ (भावार्थयुक्त) रु. १०/-
४. पत्रशतक रु. ५/-
५. मोक्षमाला (भावनाबोध सहित) रु. ५/-
६. श्रीमद् राजचंद्र रु. १०/-
७. श्रीमद् राजचंद्र उपदेशछाया रु. ३/-
८. श्रीमद् राजचंद्र - जीवनकला रु. ५/-
९. श्रीमद् राजचंद्र जीवनचरित्र (संक्षिप्त) रु. २/-
१०. श्रीमद् राजचंद्र जीवन-साधना रु. १०/-
११. छोटी छह पुस्तिकाओंका सेट रु. १०/-
१२. उपदेशामृत रु. १०/-
१३. श्रीमद् राजचंद्र जीवनकथा (सचित्र) रु. १०/-
१४. गांधीजीके प्रश्न तथा श्रीमद्जीके उत्तर (अंग्रेजी अनुवादके साथ) रु. ५/-
१५. मोक्षमाला प्रवेशिका रु. ५/-

### English Publications

1. Shrimad Rajchandra : A Life Rs. 10/-
2. Shrimad Rajchandra : A Pictorial Biography Rs. 10/-
3. The Self Realization (Atmasiddhi) Rs. 10/-
4. Bhavana Bodh Rs. 2/-
5. Nityakram (Roman English) Rs. 10/-
6. Small Books Set (Five Books) Rs. 10/-
7. Laghurajswami Life Rs. 5/-
8. Brahmchariji Life Rs. 5/-
9. Apoorva Avsar Rs. 5/-
10. Jeevankala Rs. 10/-
11. Mokshamala Rs. 10/-
12. Introduction of Ashram Rs. 5/-

### શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા

૧. ગ્રંથ યુગલ (લઘુયોગવાસિષ્ઠસાર અને સમાધિશતક) રૂ. ૪/-
૨. તત્ત્વાર્થસાર રૂ. ૧/-
૩. પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા-પુસ્તક ચોથું) રૂ. ૮/-
૪. બોધામૃત ભાગ ૧ રૂ.૧૦/-
૫. બોધામૃત ભાગ ૨(વચનામૃત વિવેચન) રૂ.૧૦/-
૬. બોધામૃત ભાગ ૩ (પત્રસુધા) રૂ.૧૦/-
૭. પૂ.શ્રીબ્રહ્મચારીજી જન્મશતાબ્દી-સ્મારક ગ્રંથ રૂ. ૮/-
૮. પ. પૂ. બ્રહ્મચારીજી : જીવનરેખા રૂ. ૨/-
૯. મોક્ષમાળા - પ્રવેશિકા રૂ. ૫/-
૧૦. મોક્ષમાળા વિવેચન રૂ. ૫/-
૧૧. શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી-સ્મારક ગ્રંથ રૂ.૧૦/-

### श्री परमश्रुतप्रभावक मण्डल संचालित श्रीमद् राजचंद्र जैन शास्त्रमाला

१. इष्टोपदेश रु.१६/-
२. क्रियाकोष रु.४८/-
३. गोम्मटसार कर्मकाण्ड रु.२८/-
४. गोम्मटसार जीवकाण्ड रु.३०/-
५. ज्ञानार्णव रु.३५/-
६. तत्त्वसार रु.२०/-
७. द्रव्यानुयोगतर्कणा रु.३२/-
८. न्यायावतार रु.१६/-
९. परमात्मप्रकाश और योगसार रु.४०/-
१०. पञ्चास्तिकाय रु.२४/-
११. पुरुषार्थसिद्ध्युपाय रु.२०/-
१२. प्रवचनसार रु.५५/-
१३. प्रशमरतिप्रकरण रु.१२/-
१४. बृहद्द्रव्यसंग्रह रु.२८/-
१५. लब्धिसार (क्षपणासार गर्भित) रु.५६/-
१६. सप्तभंगीतरंगिणी रु.१२/-
१७. सभाष्यतत्त्वार्थाधिगमसूत्र (मोक्षशास्त्र) रु.४०/-
१८. समयसार रु.४४/-
१९. स्याद्वादमञ्जरी रु.२४/-
२०. स्वामिकार्त्तिकेयानुप्रेक्षा रु.५२/-
૨૧. અધ્યાત્મ રાજચંદ્ર રૂ.૩૦/-
૨૨. અષ્ટપ્રાભૃત રૂ.૧૬/-
૨૩. આત્માનુશાસન રૂ.૨૦/-

**(વિસ્તૃત સૂચિપત્ર જોઈએ તો મંગાવવું.)**

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧,૦૫,૦૦૧ | સ્વ. ભુલાભાઈ વનમાળીદાસ પટેલ | |
| | હા. શ્રી રમણભાઈ તથા પ્રમોદભાઈ પટેલ પરીવાર | આસ્તા-U.S.A. |
| ૧,૦૨,૫૦૦ | શ્રી જયશ્રીબેન પિયુષભાઈ શાહ | વડોદરા |
| ૧૧,૦૦૦ | શ્રી સમ્યક રાજભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૧૦,૦૦૦ | શ્રી શારદાબેન નટવરલાલ ભક્ત | |
| | હા. ધર્મેશભાઈ નટવરલાલ ભક્ત | વાવ |
| ૭,૦૦૦ | શ્રી હર્ષદભાઈ અશોકભાઈ પટેલ | શિહોલ |
| ૬,૫૦૦ | શ્રી દિપીકાબેન ખેતશીભાઈ શાહ પરિવાર | આસ્તા |
| ૫,૫૫૫ | શ્રી જયાબેન વિસનજી મારૂ | બીદડા-મુંબઈ |
| ૫,૫૫૫ | શ્રી અરહા, સાચી, જયેશ લક્ષ્મીચંદ છેડા | ગોધરા-મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી કામદાર પરિવાર | મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી સુજ્ઞાન મોદી | નોઈડા |
| ૫,૦૦૦ | શ્રી ગીતાબેન રણજીતભાઈ પટેલ | સાતેમ |
| ૫,૦૦૦ | શ્રી લીનાબેન હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૪,૫૦૦ | શ્રી અલકા દિપક તુરખીયા | મુલુંડ |
| ૪,૫૦૦ | શ્રી દિપક પી. તુરખીયા | મુલુંડ |
| ૩,૦૦૧ | શ્રી હીના નીખીલ ધામી | U.S.A. |
| ૩,૦૦૦ | શ્રી પૂજા દિપક તુરખીયા | મુલુંડ |
| ૨,૫૦૦ | શ્રી ભદ્રેશભાઈ શેઠ | મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી ચંદ્રવદન મગનભાઈ પટેલ | કાવિઠા |
| ૨,૫૦૦ | શ્રી લીલાબેન હિંમતભાઈ શાહ | મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી તેજકુમાર હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૨,૫૦૦ | શ્રી નયનાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૫૦૦ | શ્રી ઉષાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૫૦૦ | શ્રી રેણુકાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૦૦૦ | શ્રી શારદાબેન, નટુભાઈ, ધર્મેશભાઈ | વાવ |
| ૨,૦૦૦ | શ્રી રાજુભાઈ ગાંગજી શાહ | મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી સંભવ ભાવેશભાઈ પટેલ | સંદેસર |
| ૨,૦૦૦ | શ્રી લીલાબેન દીનુભાઈ પટેલ | દાવોલ |
| ૧,૯૫૧ | શ્રી કેશવભાઈ વનમાળીભાઈ પટેલ | આસ્તા |
| ૧,૯૫૦ | શ્રી ડાહીબા. હા. સુશીલાબેન પટેલ | નાર |
| ૧,૯૫૦ | શ્રી મનુબેન કિશોરભાઈ પટેલ | પલસોદ |
| ૧,૯૫૦ | શ્રી કિશોરભાઈ છીતુભાઈ પટેલ | પલસોદ |
| ૧,૯૫૦ | શ્રી ડિમ્પલબેન જયકુમાર મહેતા | બેંગ્લોર |



| | | |
|---|---|---|
| ૧,૯૦૦ | શ્રી તરૂણ હરશી મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી ભારતી તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી દેવેશ તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી હિતેન તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી મનીષા દેવેશ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી ધ્યાન દેવેશ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી દિપીકા હિતેન મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી જીયા હિતેન મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી વિકાસભાઈ, કિશોરભાઈ, બિન્દુબેન પરિવાર | પલસોદ |
| ૧,૯૦૦ | શ્રી ડાકુબાઈ પ્યારચંદ તલેસરા | સુરત |
| ૧,૯૦૦ | શ્રી પ્યારચંદ ચુનીલાલજી તલેસરા | સુરત |
| ૧,૯૦૦ | શ્રી લક્ષ્મીબેન એચ. મહેતા | નવા ફળિયા |
| ૧,૯૦૦ | શ્રી હરીવદનભાઈ કે. મહેતા | નવા ફળિયા |
| ૧,૯૦૦ | શ્રી ભારતીબેન ઠાકોરભાઈ ભક્ત | મલેકપોર |
| ૧,૯૦૦ | શ્રી ડાહ્યાભાઈ દુર્લભભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૯૦૦ | શ્રી લક્ષ્મીબેન ડાહ્યાભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૯૦૦ | શ્રી પ્રતીક કીરીટભાઈ પટેલ | કરમસદ |
| ૧,૯૦૦ | શ્રી અનીલભાઈ લેખરાજજી સોલંકી | આહોર |
| ૧,૯૦૦ | શ્રી વનીતાબેન બાબુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી રાજુભાઈ બાબુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી અંજુબેન રાજુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી બાબુભાઈ માધવભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી ગીરીશભાઈ માધવભાઈ પટેલ | વરાડ |
| ૧,૮૦૦ | શ્રી દીયા ભાવેશભાઈ પટેલ | સંદેસર |
| ૧,૭૦૦ | શ્રી શૈલેષભાઈ પટેલ | હુબલી |
| ૧,૫૦૧ | શ્રી સ્મીતાબેન વસંતભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૫૦૧ | શ્રી લલિતાબેન મુકુન્દભાઈ પટેલ | સાતેમ |
| ૧,૫૦૦ | શ્રી સુખીબેન ચંપાલાલજી નાહટા | હુબલી |
| ૧,૫૦૦ | શ્રી સોનલબેન ભાવેશકુમાર પટેલ | સંદેસર |
| ૧,૫૦૦ | શ્રી અવીકુમાર હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૧,૫૦૦ | શ્રી શારદાબેન અશોકભાઈ પટેલ | શિહોલ |
| ૧,૫૦૦ | શ્રી તારાબેન શાંતિલાલ પારેખ | |
| | હા. જયશ્રીબેન ગુલાબભાઈ ઝવેરી | મુંબઈ |
| ૧,૩૧૧ | શ્રી મિનેષકુમાર જશભાઈ પટેલ | કાવિઠા |
| ૧,૩૧૧ | શ્રી નયનાબેન મિનેષકુમાર પટેલ | કાવિઠા |
| ૧,૩૧૧ | શ્રી રીમાબેન મિનેષકુમાર પટેલ | કાવિઠા |

| | | |
|---|---|---|
| ૧,૩૧૧ | શ્રી નેહાબેન મિનેષકુમાર પટેલ | કાવિઠા |
| ૧,૩૧૧ | શ્રી માનવકુમાર મિનેષકુમાર પટેલ | કાવિઠા |
| ૧,૨૫૦ | શ્રી મનકિશોર ફુલચંદ મહેતા | ઘાટકોપર |
| ૧,૨૫૦ | શ્રી જ્યોત્સનાબેન મનકિશોર મહેતા | ઘાટકોપર |
| ૧,૨૫૦ | સ્વ. મધુકાંતાબેન પરમાનંદભાઈ શાહ | અમદાવાદ |
| ૧,૨૦૧ | સ્વ. નીલાબેન નવનીતલાલ કામાણી | કલકત્તા |
| ૧,૨૦૧ | એક મુમુક્ષુબેન | કાંદીવલી |
| ૧,૨૦૦ | શ્રી વિનોદભાઈ ડાહ્યાભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૧૧૫ | શ્રી કોકીલાબેન પ્રવીણભાઈ મોદી | અગાસ આશ્રમ |
| ૧,૧૧૧ | શ્રી રમણભાઈ રામુભાઈ પટેલ પરિવાર | ખરવાસા |
| ૧,૧૧૧ | શ્રી નેવીલ મૂલચંદભાઈ પટેલ પરિવાર | નવસારી |
| ૧,૧૧૧ | સ્વ. અરૂણભાઈ શાંતિલાલ પટેલ. હા.શાંતિલાલ પટેલ | આસ્તા |
| ૧,૧૦૦ | શ્રી સપનાબેન મહેન્દ્રભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૧,૧૦૦ | શ્રી હર્ષ પરેશભાઈ પટેલ | નવસારી |
| ૧,૧૦૦ | શ્રી પ્રકાશચંદ કેસરીમલજી બડેરા | બેંગ્લોર |
| ૧,૧૦૦ | શ્રી કવિતાબેન વિકાસભાઈ મહેતા | દાવણગીરિ |
| ૧,૦૦૧ | શ્રી હંસાબેન મહાસુખભાઈ શાહ | રાજકોટ |
| ૧,૦૦૧ | શ્રી નીતાબેન બિપીનભાઈ આહીર | ભરમપોર |
| ૧,૦૦૧ | શ્રી ચાંદનીબેન બિપીનભાઈ આહીર | ભરમપોર |
| ૧,૦૦૧ | શ્રી કપુરચંદ કાલુલાલ જૈન | સુરત |
| ૧,૦૦૧ | સ્વ. મંજુલાબેન હિંમતલાલ શાહ | |
| | હા. શ્રી દિપકભાઈ એચ. શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી શીલાબેન દિપકભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી પદમાબેન મણીભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી રમણભાઈ ભગુભાઈ પટેલ | કુચેદ-નવસારી |
| ૧,૦૦૧ | શ્રી ભારતીબેન મણીલાલ શાહ | મુંબઈ |
| ૧,૦૦૧ | શ્રી મણીલાલ મૂલચંદભાઈ શાહ | મુંબઈ |
| ૧,૦૦૧ | શ્રી અમી અશ્વિનભાઈ મહેતા | મુંબઈ |
| ૧,૦૦૧ | સ્વ. પ્રફુલ્લાબેન કિશોરભાઈ દોશી | |
| | હા. આશાબેન અશોકકુમાર મહેતા | પાલીતાણા |
| ૧,૦૦૦ | એક મુમુક્ષુભાઈ | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી સરસબેન ઉત્તમચંદજી ગુંદેચા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી વીણાબેન સુરેન્દ્રભાઈ પરીખ | વડોદરા |
| ૧,૦૦૦ | શ્રી પૂજાબેન રવીકુમાર મુથા | નાગપુર |
| ૧,૦૦૦ | શ્રી મનોહરમલ પ્રવીણ ખુશાલ પરિવાર | વિજયવાડા |
| ૧,૦૦૦ | શ્રી મુકેશ નિતીન અમીન | વિજયવાડા |



| | | |
|---|---|---|
| ૧,૦૦૦ | શ્રી સોહનબેન પ્રેમરાજજી પોકરણા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી પ્રેમરાજજી ઘીસાલાલજી પોકરણા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી મોહનલાલજી કાનુગા | બેંગ્લોર |
| ૧,૦૦૦ | સ્વ. શારદાબેન બચુભાઈ પટેલ | |
| | હા. મહેન્દ્રભાઈ બચુભાઈ પટેલ | નરોડા |
| ૧,૦૦૦ | સ્વ. પુખરાજજી સિંઘવી. હા. રેખાબેન બાફના | સુરત |
| ૧,૦૦૦ | શ્રી ચેતનાબેન નીતિનભાઈ ગડા | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી ભાવેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ | સંદેસર |
| ૧,૦૦૦ | શ્રી ગીરીશભાઈ ઈન્દુલાલ પારેખ | ઘાટકોપર |
| ૧,૦૦૦ | શ્રી માલવીકાબેન શાહ | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી જયાબેન હસમુખભાઈ શાહ | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી મીરાબેન કિશોરભાઈ ગુંદેચા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી ફાલ્ગુની સુનીલ ગાંધી | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી ભવરભાઈ હીરજીભાઈ પુરોહીત | બારડોલી |
| ૧,૦૦૦ | શ્રી ઠાકોરભાઈ દુર્લભભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૦૦૦ | શ્રી વાસંતીબેન ઠાકોરભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૦૦૦ | શ્રી શારદાબેન નટવરલાલ ભક્ત | વાવ |
| ૧,૦૦૦ | શ્રી કનુભાઈ પુનમભાઈ પટેલ | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી દીનાબેન ભરતભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી ભરતભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી નિશાબેન શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી શ્રીજી પટેલ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી શિવાની શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી ઉષાબેન મહાદેવન | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી નમ્રતાબેન સી. પટેલ | U.S.A. |
| ૧,૦૦૦ | શ્રી શશીકાંતભાઈ જમીયતરામ કડીવાલા | સુરત |
| ૧,૦૦૦ | શ્રી હસ્તીમલજી ગેનમલજી રાજાવત | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી હંસાબેન ગોપાળભાઈ પટેલ | સેગવા |
| ૧,૦૦૦ | શ્રી હીનાબેન કામદાર | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી રેનુબેન જિતેન્દ્રભાઈ ચોપરા | જોધપુર |
| ૯૦૦ | શ્રી પ્રેમલતા જૈન | ચેન્નાઈ |
| ૮૦૦ | શ્રી ભૂપતલાલ તાપુલાલ શાહ | ભાવનગર |
| ૭૭૭ | શ્રી કેતન મેહુલ નિતેશ | મુંબઈ |
| ૭૫૦ | શ્રી હીરાબેન કેશવભાઈ ગાંધી | ભીવંડી |
| ૭૦૦ | શ્રી મહેન્દ્રભાઈ બી. શાહ | ભાવનગર |
| ૭૦૦ | શ્રી મુકુન્દભાઈ બી. શાહ | ભાવનગર |

| | | |
|---|---|---|
| ૭૦૦ | શ્રી રમેશભાઈ બી. શાહ | ભાવનગર |
| ૭૦૦ | શ્રી શીલાબેન એમ. શાહ | ભાવનગર |
| ૭૦૦ | શ્રી નીલાબેન આર. શાહ | ભાવનગર |
| ૬૦૦ | શ્રી પુખરાજજી ચુનીલાલજી ચપલોત | સુરત |
| ૫૫૫ | શ્રી ઈન્દ્રસિંહ ગેહલોત | કોટા |
| ૫૫૧ | શ્રી હસમુખભાઈ શંભુલાલ માસ્તર પરિવાર | સુરત |
| ૫૫૧ | શ્રી જાનકી નમનભાઈ શાહ | ભરૂચ |
| ૫૫૧ | શ્રી મિતાલી અંકિત દિનેશભાઈ પટેલ | દાવોલ |
| ૫૫૧ | શ્રી દિપકભાઈ ઉત્તમચંદજી ગુંદેચા | અગાસ આશ્રમ |
| ૫૫૧ | શ્રી દૃષ્ટિ ઉત્તમકુમાર ઓ. સાટીયા | હુબલી |
| ૫૨૫ | શ્રી હર્ષ સમીરભાઈ પટેલ | ભડકદ |
| ૫૧૧ | સ્વ. વનીતાબેન સવાઈલાલ દેસાઈ | |
| | હા. હિરેનભાઈ દેસાઈ | સુરત |
| ૫૧૧ | શ્રી હિરેનભાઈ સવાઈલાલ દેસાઈ | સુરત |
| ૫૧૧ | શ્રી મેઘના ભરત હેમાણી | અંધેરી |
| ૫૧૧ | શ્રી ચુનીલાલ દેવજીભાઈ દરી પરિવાર | વેરાવલ |
| ૫૧૧ | શ્રી માન્યા, નીતિ વિમલભાઈ કોઠારી | રાજકોટ |
| ૫૧૧ | શ્રી ઉન્નતિ મેઘના હેમાણી પરિવાર | અંધેરી |
| ૫૦૧ | સ્વ. હર્ષદભાઈ ઉમેદરામ ધારીવાલ | |
| | હા. તારાબેન ધારીવાલ | સુરત |
| ૫૦૧ | શ્રી લતાબેન ડી. શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૧ | શ્રી નિર્મળાબેન ચંદુલાલ શાહ | રાજકોટ |
| ૫૦૧ | શ્રી પારૂલબેન રાકેશભાઈ શાહ | અમદાવાદ |
| ૫૦૧ | શ્રી જીગ્ના શૈલેષ નાગડા | મુંબઈ |
| ૫૦૧ | શ્રી સિદ્ધાર્થ શૈલેષ નાગડા | મુંબઈ |
| ૫૦૧ | સ્વ. કાંતાબેન પ્રેમચંદ શાહ | |
| | હા. ચંદ્રકાંત પ્રેમચંદ શાહ | અમદાવાદ |
| ૫૦૧ | શ્રી રમણભાઈ ઈચ્છુભાઈ પટેલ | કામરેજ |
| ૫૦૧ | શ્રી ગેમલસિંહ ધીરજસિંહ દેસાઈ | ચીખલી-ડુંગર |
| ૫૦૧ | સ્વ. જ્યોત્સનાબેન ચંપકભાઈ દોશી | |
| | હા. શ્રી ચંપકભાઈ વીરચંદભાઈ દોશી | જૂનાગઢ |
| ૫૦૧ | શ્રી પુષ્પાબેન ડાહ્યાભાઈ પટેલ પરિવાર | અગાસ આશ્રમ |
| ૫૦૧ | શ્રી જ્યોતિબેન ભરતભાઈ વીસદીયા | નવાવાસ |
| ૫૦૧ | શ્રી આજ્ઞાબેન પ્રમોદભાઈ પટેલ | આસ્તા |
| ૫૦૧ | શ્રી અભિષેક અનિલકુમાર બુનકી | સુરત |
| ૫૦૧ | શ્રી સુમેરુભાઈ, રાજેશભાઈ, ભરતેશભાઈ | અગાસ આશ્રમ |



| | | |
|---|---|---|
| ૫૦૧ | શ્રી લીલાવંતીબેન ત્રીભોવનદાસ શાહ | મોટી પાનેલી |
| ૫૦૧ | સ્વ. પૂર્ણિમાબેન અશોકભાઈ બરોડીયા | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી પદમાબેન મણીભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી દિલીપભાઈ મણીભાઈ પટેલ | કાવિઠા |
| ૫૦૦ | શ્રી કુસુમબેન અશોકભાઈ પટેલ | વાસણા |
| ૫૦૦ | શ્રી શ્રુતિબેન પ્રદીપકુમાર પટેલ | બોરસદ |
| ૫૦૦ | શ્રી રાજેશ્રીબેન બાગરેચા | બેંગ્લોર |
| ૫૦૦ | શ્રી કાંતાબેન જોરમલભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | સ્વ. સંદીપભાઈ જોરમલભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી દિનેશ વસનજી ધરમશી | ઘાટકોપર |
| ૫૦૦ | એક મુમુક્ષુભાઈ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી જયશ્રીબેન હસુભાઈ પટેલ | વિહાણ |
| ૫૦૦ | શ્રી ઉર્વિ જવાહર શાહ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી ઉન્નતિ ભરત હેમાણી | અંધેરી |
| ૫૦૦ | શ્રી ભક્તિ વસંત ગડા | મદ્રાસ |
| ૫૦૦ | શ્રી દિશા વસંત ગડા | મદ્રાસ |
| ૫૦૦ | શ્રી સોનાલી અક્ષયકુમાર જૈન | ચેન્નાઈ |
| ૫૦૦ | શ્રી સંતોષકુમારી અરવિંદકુમાર | ચેન્નાઈ |
| ૫૦૦ | શ્રી ધરણેન્દ્ર એસ. તનવર | હુબલી |
| ૫૦૦ | શ્રી જૈનમ તથા શીતલ પિયુષ શેઠ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી પ્રશમ હિતેષભાઈ પટેલ | સેગવા |
| ૫૦૦ | શ્રી પ્રકાશચંદ્ર ડાહ્યાલાલ શાહ | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી લીલાબેન કપુરચંદ મહેતા | સુરત |
| ૫૦૦ | શ્રી સરસ્વતીબેન ભીકચંદજી નાહટા | હુબલી |
| ૫૦૦ | શ્રી શશીબેન પારેખ | નાગપુર |
| ૫૦૦ | શ્રી બદામીદેવી બાબુલાલ બાગરેચા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી સપનાબેન પંકજકુમાર ધારીવાલ | સુરત |
| ૫૦૦ | શ્રી કલ્પ રિત્વી સાલેચા | બેંગ્લોર |
| ૫૦૦ | શ્રી માસુમી સમીર પટેલ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી મેહુલ પ્રવીણકુમાર દોશી | મલાડ |
| ૫૦૦ | શ્રી નરશી માલશી ગાલા | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી જયંતિલાલ નેમીચંદજી સપરિવાર | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી પૂરવ નિલેશકુમાર જૈન | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી નિખીલ હૃદય બાગમાર | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી જયશ્રીબેન હરેશભાઈ સંઘવી | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી પ્રતિભા પ્રવીણ શેઠ | મુંબઈ |

| | | |
|---|---|---|
| ૫૦૦ | શ્રી રીમાબેન કેતનભાઈ શાહ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી મીનાબેન કમલેશભાઈ મહેતા | કોલકત્તા |
| ૫૦૦ | શ્રી દિસીબેન સુધીરભાઈ ગાંધી | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી પવનદેવી ગૌતમચંદજી હુંડીયા | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી હેમંતીબેન કમલેશભાઈ શાહ | વડોદરા |
| ૫૦૦ | શ્રી વલ્લભભાઈ માધવભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી શાંતાબેન વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી સુમિત્રાબેન જીતેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ચેતનાબેન રાજેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી આશિષભાઈ જીતેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી હેતલબેન આશિષભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ઋષભભાઈ રાજેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી નયનાબેન વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી હસમુખભાઈ માધવભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ઉષાબેન હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી વિજયભાઈ હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી રીનાબેન વિજયભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ગીતાબેન હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ચેતનાબેન હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી શ્રેય વિજયભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી સીતાબેન ભીખાભાઈ પટેલ | બાજીપુરા |
| ૫૦૦ | શ્રી પલ્લવી હંસકુમાર હેફા | મુલુંડ |
| ૫૦૦ | શ્રી હંસકુમાર કલ્યાણજી હેફા | મુલુંડ |
| ૫૦૦ | શ્રી હેમંતભાઈ નટવરલાલ પારેખ | વડોદરા |
| ૫૦૦ | શ્રી નાથુભાઈ ચુનીલાલ ચપલોત | સુરત |
| ૫૦૦ | શ્રી કમળાબેન પુખરાજજી ચપલોત | સુરત |
| ૫૦૦ | શ્રી પ્રવીણભાઈ ડી. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી રંજનબેન પી. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી સંજયભાઈ પી. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી પુનમ એસ. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી આરજવ એસ. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી સદાબાઈ સ્વરૂપચંદજી જૈન | ઈન્દોર |
| ૫૦૦ | શ્રી શાંતિલાલ રીકબચંદજી | ભીવંડી |
| ૫૦૦ | શ્રી અશ્વિન શાંતિલાલ મહેતા | મુંબઈ |



| | | |
|---|---|---|
| ૫૦૦ | શ્રી ત્રિશુલ અશ્વિન મહેતા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી રીશી અશ્વિન મહેતા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી અક્ષય અશ્વિન મહેતા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી પ્રવીણ ડી. શેઠ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી હિંમત ખ્યાતીલાલ બાફના | સુરત |
| ૫૦૦ | શ્રી વિમલા મહેન્દ્રભાઈ પરમાર | સુરત |
| ૫૦૦ | સ્વ. વિદ્યાબેન છગનલાલ શાહ. હા. પ્રવીણ ડી. શેઠ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી પુખરાજજી કાંકલીયા | ગંગાવતી |
| ૫૦૦ | શ્રી બાલુદેવી ચમનલાલ દોશી | સુરત |
| ૫૦૦ | શ્રી દાલચંદ પરમાર | સુરત |
| ૫૦૦ | શ્રી વીણાબેન એમ. શાહ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી સુભાષ કટારીયા | હીંગનઘાટ |
| ૫૦૦ | શ્રી ધનરાજ કમલકુમાર કોઠારી | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી લલિતકુમાર હસ્તીમલજી હુંડીયા | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી પીન્કીબેન દિનેશકુમાર જૈન | હુબલી |
| ૫૦૦ | શ્રી નીખીલ ચંદ્રેશ પંચમીયા | જમશેદપુર-U.S.A. |
| ૫૦૦ | શ્રી અશોકભાઈ પ્રભુદાસ પટેલ | શિહોલ |
| ૫૦૦ | શ્રી માનવકુમાર ભરતભાઈ પટેલ | આશ્રમ-U.S.A. |
| ૫૦૦ | શ્રી સેજલ અમીત દોશી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી શારદાબેન પરસોત્તમભાઈ પટેલ | વિરોલ |
| ૫૦૦ | શ્રી જયાબેન એચ. ગડા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી કાન્તાબેન નલીનભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી આર્યન અંકિત મહેતા | પૂના |
| ૫૦૦ | શ્રી હેતાબેન ગોકળભાઈ પટેલ | બોદાલ |
| ૫૦૦ | શ્રી જીયાના પ્રણવ હેફા | મુલુંડ |
| ૫૦૦ | શ્રી ભીખીબેન ગોવિંદભાઈ ભક્ત | નનસાડ |
| ૫૦૦ | શ્રી રિધમ મિતેષ ગોયાણી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી લીનાબેન અશોકકુમાર દોશી | યવતમાલ |
| ૫૦૦ | શ્રી કિરણભાઈ | ચેન્નાઈ |
| ૫૦૦ | શ્રી નારંગીબેન પારસમલજી કવાડ | નંદુરબાર |
| ૫૦૦ | શ્રી નીતાબેન બકુલભાઈ શાહ | મુંબઈ |
| ૫૦૦ | સ્વ. પોપટલાલ નાથાલાલ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | સ્વ. ગુણવંતીબેન પોપટલાલ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | સ્વ. અશ્વિનભાઈ પોપટલાલ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | શ્રી પ્રીતીબેન અજયભાઈ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | શ્રી નુતનબેન શ્રેયાંસભાઈ શાહ | પાલનપુર-મુંબઈ |

| | | |
|---|---|---|
| ૫૦૦ | શ્રી ભારતીબેન ચંદ્રકાંત ત્રિવેદી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી કેતન, જીગીસા ગોયાણી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી મેહુલ નેહા ગોયાણી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી રીધમ મિતેષ ગોયાણી | અંધેરી |
| ૫૦૦ | સ્વ. કુંવરબેન ભાઉલાલ ભાટે | |
| | હા. રિદ્ધિબેન જૈમિકભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | સ્વ. પુરબાઈ મેઘજીભાઈ શાહ | |
| | હા. અંજલિબેન ચેતનભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | સ્વ. ચંપાબેન વિનોદભાઈ શાહ | |
| | હા. અંજુબેન ચેતનભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી તેજલબેન સી. પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી કલ્પનાબેન બી. પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી ક્ષમા-આનંદી પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી પુષ્પાબેન મૂળચંદભાઈ પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી મદનચંદ બોહરા | જોધપુર |
| ૫૦૦ | શ્રી ઈન્દુબાલા બોહરા | જોધપુર |
| ૫૦૦ | શ્રી વર્ષાબેન જૈન | જોધપુર |
| ૫૦૦ | શ્રી અતુલભાઈ જૈન | જોધપુર |
| ૫૦૦ | શ્રી મનીષા જૈન | જોધપુર |
| ૫૦૦ | શ્રી રાજ મહેન્દ્રભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૫૦૦ | શ્રી દામજીભાઈ ખેતશીભાઈ શાહ પરિવાર | ઈન્દોર |
| ૫૦૦ | શ્રી સાન્વી મિહીરકુમાર શાહ | વડોદરા |
| ૫૦૦ | શ્રી લબ્ધી સિદ્ધાર્થ શાહ | વિદ્યાનગર |

## સ્તુતિ

(શિખરિણી છંદ)

જય પ્રજ્ઞા-પૂર્ણ પ્રભુ, પરમ હતસ્વી જગને,
દયાદૃષ્ટિ યાચું, અરજ મુજ આ આપ ચરણે;
મહા મુક્તિમાર્ગ, પ્રગટ કરતા રાજગુરુને,
નમીને, ઇચ્છું છું અનુસરણ આ આપ ચરણે.૭૧

પ્રભુ, પ્રેરો સૌને સુખદ નિજ વસ્તુ સમજવા,
જવા જૂના માર્ગો દુખદ ફળ દેનાર અથવા;
થવાને નિર્મોહી, સ્વહિતરત, નિઃસ્વાર્થી બનવા,
નવા આનંદોથી સ્વ-પર-શિવ સાધી સુખી થવા.૭૨

(પ્રજ્ઞાવબોધ—પ્રથમ પુષ્પ)

*

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ।।१५।।

મૂળ સંસાર-દુઃખોનું, દેહમાં આત્મબુદ્ધિ તે;
તજી ઇંદ્રિય વ્યાપાર—બાહ્ય, અંતર પેસજે.૭૧૫

(સમાધિશતક)





ૐ

# પ્રવેશિકા

(મોક્ષમાળા પુસ્તક પહેલું)

## શિક્ષાપાઠ ૧. પ્રવેશન

પરમ કૃપાળુ પરમાત્માને અત્યંત ભક્તિથી નમસ્કાર.

(દોહરો)

પરમ કૃપાળુ દેવનું, શરણ ચહું સુખદાય;
મોક્ષ સુખ માળા લહું, શ્રી જિનરાજ પસાય.

(પિતા સ્વાધ્યાય કરે છે, ત્યાં પુત્ર આવી વિનય કરીને પૂછે છેઃ)

પુત્ર—પિતાજી, આપે મારે માટે નવું પુસ્તક આણ્યું છે તે હું આજે વાંચું?

પિતા—એ ધર્મપુસ્તક છે, ભાઈ, તેથી તેં મને પૂછ્યું તે વ્યવહારવિનય ગણાય; પરંતુ ધર્મપિતા તો ભગવાન છે, માટે ચાલ આપણે મંદિરમાં જઈએ અને સર્વ જ્ઞાનના મૂળ શ્રી સર્વજ્ઞ પ્રભુની સ્તુતિ કરી તેની આજ્ઞા લઈ, તે પુસ્તક વાંચવાનું તું આજે શરૂ કરજે.

પ્રભુકૃપાથી તને સદ્બુદ્ધિ, જ્ઞાન, વૈરાગ્ય, ધ્યાન, નીતિ, વિવેક, શાંતિ, ક્ષમા આદિ ઉત્તમ ભાવો તે પુસ્તકના વાંચન, મનન આદિથી પ્રાપ્ત થશે. તું જેમ શરીર, કપડાં આદિની સંભાળ રાખે છે તેથી વિશેષ સંભાળ જ્ઞાનનાં સાધનરૂપ સત્શાસ્ત્રોની રાખજે. તે પુસ્તકને શાંત ચિત્તે એકાંતમાં વાંચવા,

વિચારવાનું રાખીશ, તો આનંદ સાથે સદ્‌ગુણોની પ્રાપ્તિ થશે. તારા મિત્રો કે બહેન વગેરેની સાંભળવાની ઇચ્છા હોય તો તેમને પણ વાંચી સંભળાવજે.

પુત્ર—પિતાજી, ચાલો ત્યારે મંદિરમાં પુસ્તક લઈને જઈએ.

(મંદિરના પ્રવેશદ્વાર આગળ)

પિતા—ભાઈ, અહીં ચંપલ કાઢી, છત્રી મૂકી આપણે પુસ્તક લઈ અંદર જઈએ.

પુત્ર—પિતાજી, પેલો બાજોઠ અહીં લાવી તેના ઉપર પુસ્તક મૂકું ?

પિતા—હા, ભાઈ. તને ઠીક વિનય સૂઝી આવ્યો.

(પ્રભુની સ્તુતિ કરે છે)

(દોહરા)

‘‘मंगलमय मंगलकरण वीतराग विज्ञान,
नमौं ताहि जातें भये अरिहंतादि महान.
तीन भुवन चूडारतन सम श्री जिनके पाय,
नमत पाईए आप पद, सब विधि बंध नशाय.’’

(શ્રી ટોડરમલજી)

‘‘જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;૦૦
૦૦એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.૦૦
૦૦દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;૦૦
૦૦તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.’’

(શ્રીમદ્ રાજચંદ્ર)

(ત્રણ વાર પંચાંગ નમસ્કાર કરી જમીન પર મસ્તક રાખી પ્રણિપાત—સ્તુતિરૂપે પ્રાર્થના કરે છે.)



‘‘ હે પરમકૃપાળુદેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ (ધર્મ) આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.’’ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૪૧૭)

(‘મોક્ષમાળા’ નામનું પુસ્તક લઈ બન્ને ઘેર જાય છે.)

---

## શિક્ષાપાઠ ૨. પ્રથમ ભરવા યોગ્ય પગલું

(૧)

(દોહરા)

‘‘બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;૦૦
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.૦૧
પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ યોગ;૦૦
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગત શોગ.૦૨
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;૦૦
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.૦૩’’

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૧૫૪)

(૨)

(ચોપાઈ)

‘‘શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી ?૦૦
પોતે શું ? ક્યાંથી છે આપ ? એનો માગો શીઘ્ર જવાપ.૦૧

જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;૭૭
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.૭૨
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિત ભાગ્ય;૭૭
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.૭૩''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૧૦૭)

---

## શિક્ષાપાઠ ૩. મેળો

(વિનયમંદિરના વિદ્યાર્થી મંડળમાં એક વિદ્યાર્થીનું ભાષણ)

માનવંત પ્રમુખવર્ય અને પ્રિય સહાધ્યાયી ભાઈઓ અને બહેનો,

જરૂરના કામ પ્રસંગે મારે અમદાવાદ જવું થયું હતું. ત્યાં શુક્રવારે ગુજરી ભરાય છે. તે જોઈ મને વિચાર આવેલો કે મિત્રમંડળની સમક્ષ મેં આજે જે જોયું અને વિચાર્યું તે જણાવીશ તો મને અને તેમને હિતનું કારણ છે. તેથી પહેલાં ભદ્ર આગળ ભરાતી ગુજરી નામના ખુલ્લા મેદાનના બજારનું દૃશ્ય રજૂ કરી મારી વિચારણા જણાવવા હું આપની રજા લઉં છું :—

કોઈ વેપારીઓ કામચલાઉ કાપડના માંડવા બાંધી તેમાં કપડાં, મીઠાઈ, ખુરસી, ટેબલ આદિ માલ મૂકી એક દિવસની દુકાન કરી બેઠા હતા. કોઈ તો વગર માંડવે થોડી વસ્તુઓ લઈ વેચતા હતા. તેવી જ રીતે ચા, પાન, સોપારી, ફળ, ફૂલ આદિની દુકાનો હતી. પુસ્તકો નવાં-જૂનાં વેચનારા પણ હતા. કોઈ ચપ્પુ, છરી આદિ હથિયારો વેચનાર હતા. કોઈ બટન, કપડાં, ચિત્રો આદિ વેચનાર હતા. કોઈ સુથાર રમકડાં, પેટીઓ, ગાડીઓ આદિ વેચનાર હતા. કોઈ લુહાર અનેક પ્રકારનાં જૂનાં નવાં ઓજાર, શસ્ત્રો તરવાર આદિ વેચનાર હતા.



કોઈ શાકભાજી, ઢોર, પક્ષી આદિ વેચવા પરગામથી આવી બેઠેલા હતા. મારા જેવા કેટલાક જોવા જ આવ્યા હતા; કેટલાક ખરીદ કરવા આવ્યા હતા. કેટલાક પોતાનો રોફ બીજાને બતાવવા જ ફરતા હતા. કેટલાક દારૂડિયા પણ હતા. કોઈ કોઈ ચોરી કરવાના ઇરાદાથી પણ ફરતા. આમ અનેક પ્રકારના જીવો અનેક પ્રકારના મનોરથો સેવતા માત્ર એક દિવસના બજારમાં ફરતા હતા.

આ ઉપરથી મને વિચાર આવ્યો કે જગતમાં જીવવાનું આ મેળા જેવું જ છે. એક એક દિવસ કરીને માસ થાય છે, બાર માસ મળી વર્ષ થાય છે, વર્ષો મળી આયુષ્ય થાય છે. તો દરેક દિવસ તે મેળા સમાન જ છે. આ આયુષ્ય તે લાંબા વખતનો મેળો છે. જેમ લોકો પોતાને સ્થળેથી વિવિધ વસ્તુઓ લાવી મેળામાં દેખાડે છે, તેમ પરભવમાં પુણ્ય-પાપ જે કંઈ જીવે સંચય કર્યું હોય તે આ ભવમાં દેખાય છે. પાછું અહીંથી જે કંઈ કમાણી જીવ કરશે તે લઈ આ ભવની દુકાન ઉઠાવી લઈ પરલોક ચાલ્યો જશે. મેળાના જેવી જગતની વિચિત્રતા છે, તે જોવામાં માત્ર ખોટી થઈ રહીશું તો ખાલી હાથે પરભવમાં જવું પડશે. માટે પરભવના સુકૃત્યથી જે આ ભવ પ્રાપ્ત થયો છે, તે સફળ થાય તેમ સર્વ સાથે મૈત્રી આદિ ભાવે આપણે વર્તવું અને સર્વ દુઃખનો નાશ કરી મોક્ષ પ્રાપ્ત થાય તેવો માર્ગ મહાપુરુષોએ શોધીને આચર્યો છે તેને સમજી સ્વીકારવા યોગ્ય છે; આ મારી વિચારણા દર્શાવી. આપે લક્ષપૂર્વક તે સાંભળી તે બદલ આપનો આભાર માની મારું વક્તવ્ય પૂર્ણ કરું છું.

---

## શિક્ષાપાઠ ૪. મારો બંગલો કેવો છે!

એક શ્રીમંત બાઈ વિધવા બની. પતિવિરહ બહુ સાલે નહીં તે અર્થે તેના પતિએ બંધાવેલ એક સુંદર સાત માળના બંગલાને સુશોભિત અને આકર્ષક બનાવવામાં તેણે ચિત્ત પરોવ્યું. તેની સજાવટ માટે દેશ-પરદેશથી ચીજો મંગાવી, સુંદર ચિત્રકામ આદિ કરાવ્યું. ઋતુ ઋતુને અનુકૂળ અનેક સગવડવાળી જગાઓ તેમાં કરાવી, બોલતાં ચિત્રપટો દ્વારા નાટક જેવી ગોઠવણો પણ કરી, પરદેશમાં થતા સંગીતના જલસા પણ સંભળાય તેવી ગોઠવણ કરાવી, વીજળીના પંખા, તાર, સંદેશાવાહક યંત્રો, ઉન્નતાકર્ષી (લિફ્ટ) યંત્રો આદિ વડે મહેમાનોને અનુકૂળ સર્વ સામગ્રી ત્યાં વસાવી.

ગામમાં જે કોઈ પરદેશી માણસ આવે તેને પોતાને ત્યાં આમંત્રણ આપી જાતે સાતે માળ ફરી બધું બતાવવાની અને બંગલાનાં વખાણ સાંભળવાની તેને ટેવ પડી ગઈ. લોકો પણ તેની શ્રીમંતતા અને સભ્યતા જોઈ રાજી થતા અને વખાણતા. બધું બતાવી તે પૂછતી કે મારો બંગલો કેવો છે? ઉત્તરમાં કોઈ મહેલ જેવો કહેતા, કોઈ નંદનવન જેવો કહેતા, કોઈ દેવવિમાન જેવો કહેતા. તે સાંભળી રાજી થઈ તેમની આગતા-સ્વાગતા કરી વિદાય કરતી.

એક દિવસે એક મહાત્મા પધાર્યા હતા. તેમનો ધર્મોપદેશ સાંભળવા અને પોતાને બંગલે પધારવાની વિનંતી કરવા તે બાઈ ગઈ. ધર્મકથા પૂરી થયે, મહાત્માનો વિનય કરી તે બાઈએ પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. નક્કી કરેલે વખતે મહાત્મા તે બંગલે પધાર્યા. બધો બંગલો બતાવી બંગલાની છેલ્લી



અગાશી ઉપરથી દેખાતો દરિયો બતાવી તે બાઈ બોલી, મહારાજ! મારો બંગલો કેવો છે?

મહાત્માને લાગ્યું કે આ બાઈને શિખામણ મળે તેમ કહેવું ઘટે છે. તેથી તે બોલ્યા કે મારા બંગલા આગળ આ બંગલાનો કંઈ હિસાબ નથી. આ બંગલો તો ખસેડી શકાય તેવો નથી. આમાં જે જે સામગ્રી છે તે તો ઘણા કારીગરો બનાવી શકે કે સુધારી શકે, પણ મારા બંગલાની એક પણ બારી જેવી કોઈ કારીગર બારી બનાવી શકે તેમ નથી. તેમાં અનેક યંત્રો છે. તેથી આકાશ, પાતાળ અને આખું વિશ્વ જોઈ શકાય તેમ છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ પણ ત્યાં સમજી શકાય છે. વચમાં તે બાઈ બોલી કે અહો! એવો બંગલો તો મારે જરૂર જોવો ઘટે છે. પછી મહાત્માએ કહ્યું કે તે બંગલો બે થાંભલા ઉપર રચેલો છે. તેમાં ચાર ચમત્કારી બારીઓ છે તેથી અદ્‌ભુત વાતો દેખાય, સુણાય, ચખાય, સુંઘાય તથા સર્વ બાજુથી અનેક પ્રકારના સ્પર્શ પ્રાપ્ત થાય છે. તે બાઈ ઉતાવળી બની બોલી કે તે બંગલો મને ક્યારે જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે? એટલે મહાત્મા બોલ્યાઃ આ શરીર કે મનુષ્યભવ તે ઉત્તમ નિવાસસ્થાન આત્માને માટે છે, તેમાં રહીને શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે. શ્રીમદ્ રાજચંદ્ર મહાત્માએ તેની અદ્‌ભુતતા સમજાતાં નીચે પ્રમાણે પોતાની હાથનોંધમાં લખ્યું છે :—

“અહો આ દેહની રચના! અહો ચેતન! અહો તેનું સામર્થ્ય! અહો જ્ઞાની! અહો તેની ગવેષણા! અહો તેમનું ધ્યાન! અહો તેમની સમાધિ! અહો તેમનો સંયમ! અહો તેમનો

અપ્રમત્ત સ્વભાવ! અહો તેમની પરમ જાગૃતિ! અહો તેમનો વીતરાગ સ્વભાવ! અહો તેમનું નિરાવરણ જ્ઞાન! અહો તેમના યોગની શાંતિ! અહો તેમના વચનાદિ યોગનો ઉદય!''(હા.નોં.૨/૧૧)

---

## શિક્ષાપાઠ ૫. મુનિસમાગમ, ભાગ–૧

(વનમાં મુનિરાજ બિરાજ્યા છે. ત્યાં એક રાજા શિકારીના વેષે આવે છે.)

રાજા–હે મુનિરાજ! આજે હું આપનાં દર્શન કરીને કૃતાર્થ થયો છું. એક વાર મારું અબઘડીએ બનેલું, તેમજ અગાઉ બનેલું સાંભળવા યોગ્ય ચરિત્ર સાંભળી લઈને પછી મને આપના પવિત્ર જૈનધર્મનો સત્ત્વગુણી ઉપદેશ કરો. (આટલું બોલ્યા પછી તે બંધ રહ્યો.)

મુનિ–હે રાજા! ધર્મને લગતું તારું ચરિત્ર હોય તો ભલે આનંદ સહિત કહી બતાવ.

રાજા–(મનમાં) અહો! આ મહા મુનિરાજે હું રાજા છું એમ ક્યાંથી જાણ્યું! હશે. એ વાત પછી. હમણાં તો પરણે તેને જ ગાઉં. (પ્રસિદ્ધ) હે ભગવન્! મેં એક પછી એક એમ અનેક ધર્મો અવલોકન કર્યા. પરંતુ તે પ્રત્યેક ધર્મમાંથી મારી કેટલાંક કારણોથી આસ્થા ઊઠી ગઈ. હું જ્યારે દરેક ધર્મ ગ્રહણ કરતો ત્યારે તેમાં ગુણ વિચારીને, પરંતુ પાછળથી કોણ જાણે શુંય થાય કે જામેલી આસક્તિ એકદમ નાશ થઈ જાય. જોકે આમ થવાનાં કેટલાંક કારણો પણ હતાં. એક મારી મનોવૃત્તિ એવી જ હતી એમ નહોતું.

કોઈ ધર્મમાં ધર્મગુરુઓનું ધૂર્તપણું દેખીને તે ધર્મ છોડીને મેં બીજો સ્વીકૃત કર્યો. વળી તેમાં કોઈ વ્યભિચાર જેવી છીટ



દેખીને તે મૂકી દઈને ત્રીજો ગ્રહણ કર્યો. વળી તેમાં હિંસાયુક્ત સિદ્ધાંતો દેખવાથી તે તજી દઈને ચોથો ગ્રહણ કર્યો. વળી તે તજી દેવાની કોઈ કારણથી ફરજ પડવાથી તે મૂકીને પાંચમો ધર્મ ગ્રહણ કર્યો. એમ અનેક ધર્મ જૈનધર્મ સિવાયના લીધા અને મૂક્યા. જૈનધર્મનો એકલો વૈરાગ્ય જ દેખીને મૂળથી તે ધર્મ પર મને ભાવ ચોંટ્યો જ નહોતો.

ઘણા ધર્મની લે-મેલમાં મેં છેવટે આવો સિદ્ધાંત નક્કી કર્યો કે બધાય ધર્મ મિથ્યા છે. ધર્માચાર્યોએ જેને જેમ રુચ્યું તેમ પોતાની રુચિ માફક પાખંડી જાળો પાથરી છે. બાકી કશુંયે નથી.

જો ધર્મ પાળવાનો સૃષ્ટિનો સ્વાભાવિક નિયમ હોત તો આખી સૃષ્ટિમાં એક જ ધર્મ કાં ન હોત? આવા આવા તરંગોથી હું કેવળ નાસ્તિક થઈ ગયો. સંસારીશૃંગાર એ જ મેં તો મોક્ષ ઠરાવ્યું. પાપ નથી, પુણ્ય નથી, ધર્મ નથી, કર્મ નથી, સ્વર્ગ નથી, નરક નથી, એ સઘળાં પાખંડો છે. જન્મ પામવાનું કારણ માત્ર સ્ત્રી-પુરુષનો સંયોગ છે, અને જરેલું વસ્ત્ર જેમ કાળે કરીને નાશ પામે છે, તેમ આ કાયા હળવે હળવે ઘસાઈ છેવટે જીવનરહિત થઈ જઈ નાશ પામે છે. બાકી સઘળું મિથ્યા છે. આવું મારા અંતઃકરણમાં દૃઢ થવાથી મને જેમ રુચ્યું, મને જેમ ગમ્યું અને મને જેમ પાલવ્યું, તેમ વર્તવા માંડ્યું. અનીતિનાં આચરણ કરવા માંડ્યાં. રાંકડી રૈયતને પીડવામાં કોઈ પણ પ્રકારની કચાશ મેં રાખી નહીં. શિયળવંતી સુંદરીઓનાં શિયળભંગ કરાવીને મેં આકરા કેર બોલાવી દેવામાં કોઈ પણ પ્રકારની ખામી રાખી નહીં.

સજ્જનોને દંડવામાં, સંતોને રિબાવવામાં અને દુર્જનોને સુખ દેવામાં મેં એટલાં પાપ કર્યાં છે કે કોઈ પણ પ્રકારની ન્યૂનતા રાખી નથી. હું ધારું છું કે મેં એટલાં પાપ કર્યાં છે કે એ પાપનો એક પ્રબળ પર્વત બાંધ્યો હોય તો તે મેરુથી પણ સવાયો થાય! આ સઘળું થવાનું કારણ માત્ર લુચ્ચા ધર્માચાર્યો હતા. આવી ને આવી ચંડાળમતિ મારી હમણાં સુધી રહી. માત્ર અદ્‌ભુત કૌતુક બન્યું કે જેથી મને શુદ્ધ આસ્તિકતા આવી ગઈ. હવે એ કૌતુક હું આપની સમક્ષ નિવેદન કરું છું :—

## શિક્ષાપાઠ ૬. મુનિસમાગમ, ભાગ—૨

રાજા—હું ઉજ્જયની નગરીનો અધિપતિ છું. મારું નામ ચંદ્રસિંહ છે. ખાસ દયાળુઓનાં દિલ દુભાવવાને માટે હું પ્રબળ દળ લઈને આજે શિકારને માટે ચઢ્યો હતો. એક રંક હરણની પાછળ ધાતાં હું સૈન્યથી વિખૂટો પડ્યો અને આ તરફ તે હરણની પાછળ અશ્વ દોડાવતો દોડાવતો નીકળી પડ્યો.

પોતાનો જાન બચાવવાને માટે કોને ખાએશ ન હોય? અને તેમ કરવા માટે એ બિચારા હરણે દોડવામાં કશીયે કચાશ રાખી નથી. પરંતુ એ બિચારાની પાછળ આ પાપી પ્રાણીએ પોતાનો જુલમ ગુજારવા માટે અશ્વ દોડાવી તેની નજદીકમાં આવવા કંઈ ઓછી તદબીર કરી નથી. છેવટે આ બાગમાં તે હરણને પેસતું દેખી કમાન ઉપર બાણ ચડાવી મેં છોડી મૂક્યું. આ વખતે મારા પાપી અંતઃકરણમાં લેશમાત્ર પણ દયાદેવીનો છાંટો નહોતો. આખી દુનિયાના ઢીમર અને ચંડાળનો સરદાર તે હું જ હોઉં એવું મારું કાળજું ક્રૂરાવેશમાં ઝોકાં ખાતું હતું. મેં



તાકીને મારેલું તીર વ્યર્થ જવાથી મને બેવડો પાપાવેશ ઊપજ્યો. તેથી મેં મારા ઘોડાને પગની પાની મારીને આ તરફ ખૂબ દોડાવ્યો. દોડાવતાં દોડાવતાં જેવો આ સામી દેખાતી ઝાડીના ઘાડા મધ્યભાગમાં આવ્યો તેવો જ ઘોડો ઠોકર ખાઈને લથડ્યો. લથડ્યા ભેળો તે ભડકી ગયો. અને ભડકી ગયા ભેળો તે ઊભો થઈ રહ્યો. જેવો ઘોડો લથડ્યો હતો તેવો જ મારો એક પગ એક બાજુના પાગડા ઉપર અને બીજો પગ નીચે ભોંયથી એક વેંતને છેટે લટકી રહ્યો હતો. મ્યાનમાંથી તકતકતી તલવાર પણ નીસરી પડી હતી. આથી કરીને જો હું ઘોડા ઉપર ચડવા જાઉં તો તે તીખી તલવાર મને ગળાઢૂંકડી થવામાં પળ પણ ઢીલ કરે તેમ નહોતું જ. અને નીચે જ્યાં દૃષ્ટિ કરી જોઉં છું ત્યાં એક કાળો તેમ જ ભયંકર નાગ પડેલો દીઠો. મારા જેવા પાપીનો પ્રાણ લેવાને કાજે જ અવતરેલો તે કાળો નાગ જોઈને મારું કાળજું કંપી ગયું. મારાં અંગેઅંગ થરથર ધ્રૂજવા મંડ્યાં. મારી છાતી ધબકવા લાગી. મારી જિંદગી હવે ટૂંકી થશે! રે હવે ટૂંકી થશે! આવો ધ્રાસકો મને લાગ્યો. હે ભગવન્! અગાઉ દર્શાવ્યા પ્રમાણે તે વખતે હું નીચે ઊતરી શકું તેમ નહોતો અને ઘોડા ઉપર પણ ચઢી શકું તેમ નહોતો. હવે કોઈક તદબીર (યુક્તિ) એ જ કારણથી શોધવામાં હું ગૂંથાયો. પરંતુ નિરર્થક! કેવળ ફોકટ અને વેઠ!! હળવેથી કરી આઘો ખસી જઈ રસ્તે પડું એમ વિચાર ઉઠાવીને હું જ્યાં સામી દૃષ્ટિ કરું છું, તો ત્યાં એક વિકરાળ સિંહરાજને પડેલો દીઠો. રે! હવે તો હું શિયાળાની ટાઢથી પણ સોગણો ધ્રૂજવા મંડી ગયો. વળી પાછો વિચારમાં પડી ગયો. 'ખસકીને પાછો વળું તો કેમ?' એમ લાગ્યું, ત્યાં તો

તે તરફમાં ઘોડાની પીઠ પર રહેલી નાગી પોણા ભાગની તલવાર દીઠી. એટલે અહીં આગળ હવે મારા વિચાર તો પૂર્ણ થઈ રહ્યા. જ્યાં જોઉં ત્યાં મોત. પછી વિચાર શું કામ આવે? ચારે દિશાએ મોતે પોતાનો જબરજસ્ત પહેરો બેસાડી મૂક્યો. હે મહા મુનિરાજ! આવો ચમત્કારિક પરંતુ ભયંકર દેખાવ જોઈને મને મારા જીવનની શંકા થઈ પડી.

---

## શિક્ષાપાઠ ૭. મુનિસમાગમ, ભાગ–૩

રાજા–(ચાલુ) મારો વહાલો જીવ કે હું જેથી કરીને આખા બ્રહ્માંડના રાજ્યની તુલ્ય વૈભવ ભોગવું છું, તે હવે આ નરદેહ તજીને ચાલ્યો જશે!! રે ચાલ્યો જશે!! અરે! અત્યારે મારી શી વિપરીત ગતિ થઈ પડી! મારા જેવા પાપીને આમ જ છાજે. લે પાપી જીવ! તું જ તારાં કર્તવ્ય ભોગવ. તેં અનેકનાં કાળજાં બાળ્યાં છે. તેં અનેક રંક પ્રાણીઓને દમ્યાં છે; તેં અનેક સંતોને સંતાપ્યા છે. તેં અનેક સતી સુંદરીઓનાં શિયળભંગ કર્યાં છે. તેં અનેક મનુષ્યોને અન્યાયથી દંડ્યા છે. ટૂંકામાં તેં કોઈ પણ પ્રકારના પાપની કચાશ રાખી નથી. માટે રે પાપી જીવ! હવે તું જ તારાં ફળ ભોગવ. તું તને જેમ ફાવે તેમ વર્તતો; અને તેની સાથે મદમાં આંધળો થઈને આમ પણ માનતો કે હું શું દુઃખી થવાનો હતો? મને શું કષ્ટો પડવાનાં હતાં? પણ રે પાપી પ્રાણ! હવે જોઈ લે. તું એ તારા મિથ્યા મદનું ફળ ભોગવી લે. પાપનું ફળ તું માનતો હતો કે છે જ નહીં. પરંતુ જોઈ લે, અત્યારે આ શું? એમ હું પશ્ચાત્તાપમાં પડી ગયો. અરે! હાય! હું હવે નહીં જ બચું? એ વિટંબના મને થઈ પડી.



આ વખતે મારા પાપી અંતઃકરણમાં એમ આવ્યું કે જો અત્યારે મને કોઈક આવીને એકદમ બચાવે તો કેવું માંગલિક થાય! એ પ્રાણદાતા અબઘડી જે માગે તે આપવા હું બંધાઉં. મારું આખા માળવા દેશનું રાજ્ય તે માગે તો આપતાં ઢીલ ન કરું. અને એટલું બધુંયે આપતાં એ માગે તો મારી એક હજાર નવયૌવન રાણીઓ આપી દઉં. એ માગે તો મારી અઢળક રાજ્યલક્ષ્મી એના પદકમળમાં ધરું. અને એટલું બધુંયે આપતાં છતાં જો એ કહેતો હોય તો હું એનો જિંદગી પર્યંત કિંકરનો કિંકર થઈને રહું. પરંતુ મને આ વખતે કોણ જીવનદાન આપે? આવા આવા તરંગમાં ઝોકાં ખાતો ખાતો હું તમારા પવિત્ર જૈનધર્મમાં ઊતરી પડ્યો. એના કથનનું મને આ વખતે ભાન થયું. એના પવિત્ર સિદ્ધાંતો આ વખતે મારા અંતઃકરણમાં અસરકારક રીતે ઊતરી ગયા. અને તેણે તેનું ખરેખરું મનન કરવા માંડ્યું, કે જેથી આ આપની સમક્ષ આવવાને આ પાપી પ્રાણી પામ્યો.

**૧. અભયદાન**–એ સર્વોત્કૃષ્ટ દાન છે. એના જેવું એક્કે દાન નથી. આ સિદ્ધાંત પ્રથમ મારા અંતઃકરણે મનન કરવા માંડ્યો. અહો! આ એનો સિદ્ધાંત કેવો નિર્મળ અને પવિત્ર છે! કોઈ પણ પ્રાણીભૂતને પીડવામાં મહાપાપ છે. એ વાત મને હાડોહાડ ઊતરી ગઈ–ગઈ તે પાછી હજાર જન્માંતરે પણ ન ચસકે તેવી! આમ વિચાર પણ આવ્યો કે કદાપિ પુનર્જન્મ નહીં હોય એમ ઘડીભર માનીએ તોપણ કરેલી હિંસાનું કિંચિત્ ફળ પણ આ જન્મમાં મળે છે ખરું જ. નહીં તો આવી તારી વિપરીત દશા ક્યાંથી હોત? તને હમેશાં શિકારનો પાપી શોખ

લાગ્યો હતો, અને એ જ માટે થઈને તેં આજે ચાહી ચાહીને દયાળુઓનાં દિલ દુભાવવાને આ તદબીર કરી હતી. તો હવે આ તેનું ફળ તને મળ્યું. તું હવે કેવળ પાપી મોતના પંજામાં પડ્યો. તારામાં કેવળ હિંસામતિ ન હોત તો આવો વખત તને મળત કેમ? ન જ મળત. કેવળ આ તારી નીચ મનોવૃત્તિનું ફળ છે. હે પાપી આત્મા! હવે તું અહીંથી એટલે આ દેહથી મુક્ત થઈ ગમે ત્યાં જા, તોપણ એ દયાને જ પાળજે. હવે તારે અને આ કાયાને જુદા પડવામાં શું ઢીલ રહી છે? માટે એ સત્ય, પવિત્ર અને અહિંસાયુક્ત જૈનધર્મના જેટલા સિદ્ધાંતો તારાથી મનન થઈ શકે તેટલા કર અને તારા જીવની શાંતિ ઇચ્છ. એના સઘળા સિદ્ધાંતો જ્ઞાનદૃષ્ટિએ અવલોકતાં અને સૂક્ષ્મ બુદ્ધિએ વિચારતાં ખરા જ છે. જેમ અભયદાન સંબંધીનો તેનો અનુપમ સિદ્ધાંત આ વખતે તને તારા આ અનુભવથી ખરો લાગ્યો, તેમ તેના બીજા સિદ્ધાંતો પણ સૂક્ષ્મતાથી મનન કરતાં ખરા જ લાગશે. એમાં કાંઈ ન્યૂનાધિક નથી જ. સઘળા ધર્મમાં દયા સંબંધી થોડો થોડો બોધ છે ખરો; પરંતુ એમાં તો જૈન તે જૈન જ છે. હરકોઈ પ્રકારે પણ ઝીણામાં ઝીણા જંતુઓનો બચાવ કરવો, તેને કોઈ પણ પ્રકારે દુઃખ ન આપવું એવા જૈનના પ્રબળ અને પવિત્ર સિદ્ધાંતોથી બીજો કયો ધર્મ વધારે સાચો હતો! તેં એક પછી એક એમ અનેક ધર્મો લીધા મૂક્યા, પરંતુ તારે હાથ જૈનધર્મ આવ્યો જ નહીં. રે! ક્યાંથી આવે? તારા અઢળક પુણ્યના ઉદય સિવાય ક્યાંથી આવે? એ ધર્મ તો ગંદો છે. નહીં નહીં, મ્લેચ્છ જેવો છે. એ ધર્મને તે કોણ ગ્રહણ કરે? આમ ગણીને જ તેં તે ધર્મ



તરફ દૃષ્ટિ સરખી પણ ન કરી. અરે! તું દૃષ્ટિ શું કરી શકે? તારા અનેક ભવના તપને લીધે તું રાજા થયો. તો હવે નરકમાં જતો કેમ અટકે? 'તપેશ્વરી તે રાજેશ્વરી અને રાજેશ્વરી તે નરકેશ્વરી' આ કહેવત તને તે ધર્મ હાથ લાગવાથી ખોટી ઠરત, અને તું નરકે જતો અટકત. હે મૂઢાત્મા! આ સઘળા વિચારો હવે તને રહી રહીને સૂઝે છે. પણ હવે એ સૂઝ્યું શું કામ આવે? કંઈયે નહીં. પ્રથમથી જ સૂઝ્યું હોત તો આ દશા ક્યાંથી હોત? થનારું થયું. પરંતુ હવે તારા અંતઃકરણમાં દૃઢ કર કે એ જ ધર્મ ખરો છે. એ જ ધર્મ પવિત્ર છે. અને હવે એના બીજા સિદ્ધાંતો અવલોકન કર.

---

## શિક્ષાપાઠ ૮. મુનિસમાગમ, ભાગ–૪

**૨. તપ**–એ વિષય સંબંધી પણ એણે જે ઉપદેશ આપ્યો છે તે અનુપમ છે. અને તપના મહાન યોગથી હું માળવા દેશનું રાજ્ય પામ્યો છું એમ કહેવાય છે, તે પણ ખરું જ છે. મનગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ એ ત્રણ એણે તપનાં પેટાં પાડ્યાં છે. તે પણ ખરાં છે. આમ કરવાથી ઊપજતા સઘળા વિકારો શાંત થતા થતા કાળે કરીને લય થઈ જાય છે. તેથી કરીને બંધાતી કર્મજાળ અટકી પડે છે. વૈરાગ્ય સહિત ધર્મ પણ પાળી શકાય છે અને અંતે એ મહાન સુખ-પ્રદ નીવડે છે. જો! એનો આ સિદ્ધાંત પણ કેવો ઉત્કૃષ્ટ છે!

**૩. ભાવ**–ભાવ વિષે એણે કેવો ઉપદેશ આપ્યો છે! એ પણ ખરો જ છે. ભાવ વિના ધર્મ કેમ ફળીભૂત થાય? ભાવ

વિના ધર્મ હોય જ ક્યાંથી? ભાવ એ તો ધર્મનું જીવન છે. જ્યાં સુધી ભાવ ન હોય ત્યાં સુધી કઈ વસ્તુ ભલી લાગત તેમ હતું? ભાવ વિના ધર્મ પાળી શકાતો નથી. ત્યારે ધર્મ પાળ્યા વિના મુક્તિ ક્યાંથી હોય? એ સિદ્ધાંત પણ એનો ખરો અને અનુપમ છે.

૪. **બ્રહ્મચર્ય**—અહો! બ્રહ્મચર્ય સંબંધીનો એનો સિદ્ધાંત પણ ક્યાં ઓછો છે? સઘળા મહા વિકારોમાં કામવિકાર એ અગ્રેસર છે. તેને દમન કરવો એ મહા દુર્ઘટ છે. એને દહન કરવાથી ફળ પણ મહા શાંતિકારક હોય, એમાં અતિશયોક્તિ શી? કશીયે નહીં. દુ:સાધ્ય વિષયને સાધ્ય કરવો એ દુર્ઘટ છે જ તો! આ સિદ્ધાંત પણ એનો કેવો ઉપદેશજનક છે!

૫. **સંસારત્યાગ**—સાધુ થવાનો એનો ઉપદેશ કેટલાક વ્યર્થ ગણે છે. પરંતુ એ તેમની કેવળ મૂર્ખતા છે. તેઓ એવો મત દર્શાવે છે કે ત્યારે સ્ત્રીપુરુષનું જોડું ઉત્પન્ન થવાની શી અગત્ય હતી? પરંતુ એ એમની ભ્રમણા છે. આખી સૃષ્ટિ કંઈ મોક્ષે જવાની નથી. આવું જૈનનું એક વચન મેં સાંભળ્યું હતું. તે પ્રમાણે થોડા જ મોક્ષવાસી થઈ શકે, એવું મારી ટૂંક નજરમાં આવે છે. ત્યારે સંસાર પણ થોડા જ ત્યાગી શકે છે. એ ક્યાં છાનું છે? સંસારત્યાગ કર્યા વિના મુક્તિ ક્યાંથી હોય? સ્ત્રીના શૃંગારમાં લુબ્ધ થઈ જવાથી કેટલા બધા વિષયમાં લુબ્ધાઈ જવું પડે છે. સંતાન ઉત્પન્ન થાય છે. તેમને પાળવાં-પોષવાં અને મોટાં કરવાં પડે છે. મારું તારું કરવું પડે છે. ઉદરભરણાદિ માટે તરખડથી વ્યાપારાદિમાં કપટ વેતરવાં પડે છે. મનુષ્યોને ઠગવાં, અને સોળ પંચ્યાં બ્યાસી અને બે મૂક્યા



છૂટના, આવા પ્રપંચો લગાવવા પડે છે. અરે! એવી તો અનેક જંજાળોમાં જોડાવું પડે છે. ત્યારે એવા પ્રપંચમાંથી તે મુક્તિ સાધ્ય કોણ કરી શકવાનો હતો? અને જન્મ, જરા, મરણનાં દુ:ખો ક્યાંથી ટાળવાનો હતો? પ્રપંચમાં રહેવું એ જ બંધન છે. માટે એ ઉપદેશ પણ એનો મહાન મંગલદાયક છે.

૬. **સુદેવભક્તિ**—આ પણ એનો સિદ્ધાંત કંઈ જેવો તેવો નથી. જે કેવળ સંસારથી વિરક્ત થઈ, સત્ય ધર્મ પાળી અખંડ મુક્તિમાં બિરાજમાન થયા છે તેની ભક્તિ કાં સુખપ્રદ ન થાય? એમની ભક્તિના સ્વાભાવિક ગુણ આપણે શિરથી ભવબંધનનાં દુ:ખ ઉડાડી દે, એ કાંઈ સંશયાત્મક નથી. એ અખંડ પરમાત્માઓ કાંઈ રાગ કે દ્વેષવાળા નથી, પરંતુ પરમ ભક્તિનું એ સ્વતઃ ફળ છે. અગ્નિનો સ્વભાવ જેમ ઉષ્ણતાનો છે તેમ એ તો રાગદ્વેષરહિત છે. પરંતુ તેની ભક્તિ ન્યાયમતે ગુણદાયક છે. બાકી તો જે ભગવાન જન્મ, જરા તથા મરણનાં દુ:ખમાં ડૂબકાં માર્યા કરે તે શું તારી શકે? પથ્થર પથ્થરને કેમ તારે? માટે એનો આ ઉપદેશ પણ દૃઢ હૃદયથી માન્ય કરવા યોગ્ય છે.

૭. **નિ:સ્વાર્થી ગુરુ**—જેને કોઈ પણ પ્રકારનો સ્વાર્થ નથી તેવા ગુરુ ધારણ કરવા જોઈએ, એ વાત કેવળ એની ખરી જ છે. જેટલો સ્વાર્થ હોય તેટલો ધર્મ અને વૈરાગ્ય ઓછો હોય છે. સઘળા ધર્મમાં ધર્મગુરુઓનો મેં સ્વાર્થ દીઠો, પરંતુ તે એક જૈન સિવાય! ઉપાશ્રયમાં આવતી વેળા ચપટી ચોખા કે પસલી જાર લાવવાનો પણ એણે બોધ બોધ્યો નથી અને એવી જ રીતે કોઈ પણ પ્રકારનું તેણે સ્વાર્થપણું ચલાવ્યું

નથી. ત્યારે એવા ધર્મગુરુઓના આશ્રયથી મુક્તિ શા માટે ન મળે? મળે જ. આ એનો ઉપદેશ મહા શ્રેયસ્કર છે. નાવ પથ્થરને તારે છે તેમ સદ્ગુરુ પોતાના શિષ્યને તારી શકે—ઉપદેશીને—તેમાં ખોટું શું?

---

## શિક્ષાપાઠ ૯. મુનિસમાગમ, ભાગ—૫

૮. **કર્મ**—સુખ અને દુઃખ, જન્મ અને મરણ આદિ સઘળું કર્મને આધીન રહેલું છે. જેવાં, જીવ અનાદિ કાળથી કર્મો કર્યે આવે છે તેવાં ફળો પામતો જાય છે. આ ઉપદેશ પણ અનુપમ જ છે.

કેટલાક કહે છે કે ભગવાન તે અપરાધની ક્ષમા કરે તો તે થઈ શકે છે. પરંતુ ના. એ એમની ભૂલ છે. આથી તે પરમાત્મા પણ રાગદ્વેષવાળો ઠરે છે. અને આથી પાલવે તેમ વર્તવાનું કાળે કરીને બને છે. એમ એ સઘળા દોષનું કારણ પરમેશ્વર બને છે. ત્યારે આ વાત સત્ય કેમ કહેવાય? જૈનીનો સિદ્ધાંત કર્માનુસાર ફળનો છે તે જ સત્ય છે. આવો જ મત તેના તીર્થંકરોએ પણ દર્શિત કર્યો છે. એમણે પોતાની પ્રશંસા ઇચ્છી નથી. અને જો ઇચ્છે તો તે માનવાળા ઠરે. માટે એણે સત્ય પ્રરૂપ્યું છે. કીર્તિને બહાને ધર્મવૃદ્ધિ કરી નથી. તેમ જ તેમણે કોઈ પણ પ્રકારે પોતાનો સ્વાર્થ ગબડાવ્યો પણ નથી. કર્મ સઘળાને નડે છે. મને પણ કરેલાં કર્મ મૂકતાં નથી. અને તે ભોગવવાં પડે છે. આવાં વિમળ વચનો ભગવાન શ્રી વર્ધમાને કહ્યાં છે. અને તે વર્ણનને આકારે પાછાં દૃષ્ટાંતથી મજબૂત કર્યાં છે.



ઋષભદેવજી ભગવાનને ભરતેશ્વરે પૂછ્યું કે હે ભગવાન! હવે આપણા વંશમાં કોઈ તીર્થંકર થશે? ત્યારે આદિ તીર્થંકર ભગવાને કહ્યું કે હા, આ બહાર બેઠેલા ત્રિદંડી ચોવીસમા તીર્થંકર વર્તમાન ચોવીસીમાં થશે. આ સાંભળી ભરતેશ્વરજી આનંદ પામ્યા. અને ત્યાંથી વિનયયુક્ત અભિવંદન કરીને ઊઠ્યા. બહાર આવીને ત્રિદંડીને વંદન કર્યું ત્યારે સૂચવ્યું કે હમણાંનું તારું પરાક્રમ જોઈને હું કંઈ વંદન કરતો નથી, પરંતુ તું વર્તમાન ચોવીસીમાં છેલ્લો તીર્થંકર ભગવાન વર્ધમાનને નામે થવાનો છે તે પરાક્રમને લીધે વંદન કરું છું. આ સાંભળી ત્રિદંડીજીનું મન પ્રફુલ્લિત થયું. અને અહંપદ આવી ગયું કે હું તીર્થંકર થાઉં તેમાં શી આશ્ચર્યતા? મારો દાદો કોણ છે? આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવજી. મારો પિતા કોણ છે? છ ખંડના રાજાધિરાજ ચક્રવર્તી ભરતેશ્વર. મારું કુળ કયું છે? ઇક્ષ્વાકુ. ત્યારે હું તીર્થંકર થાઉં એમાં શું? આમ અભિમાનના આવેશમાં હસ્યા, રમ્યા અને કૂદકા માર્યા, જેથી સત્તાવીશ શ્રેષ્ઠ, નેષ્ટ ભવ બાંધ્યા. અને એ ભવ ભોગવ્યા પછી વર્તમાન ચોવીસીના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી થયા.

જો એમણે કીર્તિ કે સ્વાર્થ ખાતર ધર્મ પ્રવર્તાવ્યો હોત તો એ વાત તે પ્રગટ પણ કરત? પરંતુ એનો સ્વાર્થ વગરનો ધર્મ તેથી ખરું કહેતાં કેમ અટકે? જો ભાઈ! મને પણ કર્મ મૂકતાં નથી. તો તમને કેમ મૂકશે? માટે કર્મવાળો આ પણ તેનો સિદ્ધાંત ખરો છે. જો એમનો સ્વાર્થી અને કીર્તિને બહાને

ભુલાવવાનો ધર્મ હોત તો એ વાત એ પ્રદર્શિત પણ કરત? જેનો સ્વાર્થ હોય તે તો આવી વાત કેવળ ભોંયમાં જ ભંડારે અને દેખાડે કે, નહીં, નહીં, મને કર્મ નડતાં નથી. હું સઘળાનો જેમ ચાહું તેમ કરી શકી તારણહાર છું. આવો ભપકો ભભકાવત. પરંતુ ભગવાન વર્ધમાન જેવા નિઃસ્વાર્થી અને સત્યાળુને પોતાની જૂઠી પ્રશંસા કહેવા-કરવાનું છાજે જ કેમ? એવા નિર્વિકારી પરમાત્મા તે જ ખરું બોધે. માટે આ પણ એનો સિદ્ધાંત કોઈ પણ પ્રકારે શંકા કરવા યોગ્ય નથી.

૯. **સમ્યગ્દૃષ્ટિ**—સમ્યગ્દૃષ્ટિ એટલે ભલી દૃષ્ટિ. અપક્ષ-પાતે સારાસારે વિચારવું. તેનું નામ વિવેકદૃષ્ટિ અને વિવેકદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ. આ એમનું બોધવું તાદૃશ્ય ખરું જ છે. વિવેકદૃષ્ટિ વિના ખરું ક્યાંથી સૂઝે? અને ખરું સૂઝ્યા વિના ખરું ગ્રહણ પણ ક્યાંથી થાય? માટે સઘળા પ્રકારે સમ્યગ્-દૃષ્ટિનો ઉપયોગ કરવો જોઈએ. આ પણ એનું સૂચવન શું ઓછું શ્રેયસ્કર છે?

અહિંસા સહિત આ નવે સિદ્ધાંત હે પાપી આત્મા! ઘણે સ્થળે જૈન મુનીશ્વરોને ઉપદેશતાં તેં સાંભળ્યા હતા, પરંતુ તે વખતે તને ક્યાં ભલી દૃષ્ટિ જ હતી? એ એના નવે સિદ્ધાંતો કેવા નિર્મળ છે? એમાં તલભાર વધારો કે જવભાર ઘટાડો નથી. કિંચિત્ એના ધર્મમાં મીનમેખ નથી. એમાં જેટલું કહ્યું છે તેટલું ખરું જ છે. મન વચન અને કાયાનું દમન કરી આત્માની શાંતિ ઇચ્છો. એ જ એનું સ્થળે સ્થળે બોધવું છે. એના પ્રત્યેક સિદ્ધાંતો સૃષ્ટિનિયમને સ્વાભાવિક રીતે અનુસરતા છે.

---



## શિક્ષાપાઠ ૧૦. મુનિસમાગમ, ભાગ–૬

એણે શિયળ સંબંધી જે ઉપદેશ આપ્યો છે, તે કેવો અસરબંધ છે? એક પત્નીવ્રત પુરુષોએ, અને એક પતિવ્રત સ્ત્રીઓએ તો (સંસાર ન તજી શકાય, અને કામ દહન ન થઈ શકે તો) પાળવું જ. આમાં ઉભયપક્ષે કેટલું ફળ છે! એક તો મુક્તિમાર્ગ અને બીજો સંસારમાર્ગ, એ બન્નેમાં એથી લાભ છે. આજે સંસારનો લાભ એકલો તો જો. એક પત્નીવ્રત (સ્ત્રીને પતિવ્રત) પાળતાં પ્રત્યક્ષમાં પણ તેની સુમનઃકામના ધાર્યા પ્રમાણે પાર પડે છે. કીર્તિકર અને શરીરે પણ આરોગ્યપ્રદ છે. આ પણ સંસારી લાભ. પરસ્ત્રીગામી કલંકિત થાય છે, ચાંદી, પ્રમેહ અને ક્ષય આદિ રોગ સહન કરવા પડે છે અને બીજાં અનેક દુરાચરણો વળગે છે.

આ સઘળું સંસારમાં પણ દુઃખકારક છે, તો તે મુક્તિ-માર્ગમાં શા માટે દુઃખપ્રદ ન હોય? જો, કોઈને પોતાની પુનિત સ્ત્રીથી તેવો રોગ થયો સાંભળ્યો છે? માટે એના સિદ્ધાંતો બન્ને પક્ષે શ્રેયસ્કર છે. સાચું તો સઘળે સારું જ હોય ને?

ઊનું પાણી પીવા સંબંધીનો એનો ઉપદેશ સઘળાઓને છે અને છેવટ જે તેમ વર્તી ન શકે તેણે પણ ગાળ્યા વગર તો પાણી ન જ પીવું. આ સિદ્ધાંત બન્ને પક્ષે લાભદાયક છે. પરંતુ હે દુરાત્મા! તું માત્ર સંસારપક્ષ જ (તારી ટૂંક નજર છે તો) જો. એક તો રોગ થવાનો થોડો જ સંભવ રહે. અણગળ પાણી પીવાથી કેટલી કેટલી જાતના રોગોની ઉત્પન્નતા છે. વાળા, કોગળિયાં આદિ અનેક જાતના રોગોની ઉત્પત્તિ એથી

જ છે. જ્યારે અહીં આગળ પવિત્ર રીતે લાભકારક છે, ત્યારે મુક્તિમતમાં શા માટે ન હોય?

આ નવે સિદ્ધાંતોમાં કેટલું બધું તત્ત્વ રહ્યું છે! એક સિદ્ધાંત છે તે એક ઝવેરાતની સેર છે. તેવી નવ સિદ્ધાંતથી બનેલી આ નવસરી માળા જે અંતઃકરણરૂપી કોટમાં પહેરે તે શા માટે દિવ્ય સુખનો ભોક્તા ન થાય? ખરો અને નિઃસ્વાર્થ ધર્મ તો આ એક જ છે.

હે દુરાત્મા! આ કાળો નાગ હવે પાસું ફેરવી તારા પર તાકી રહેવા તૈયાર થયો છે. માટે તું હવે તે ધર્મના 'નવકાર સ્તોત્ર'ને સંભાર. અને હવે પછીના જન્મમાં પણ એ જ ધર્મ માગ. આવું જ્યાં મારું મન થઈ ગયું અને "नमो अरिहंताणं" એ શબ્દ જ્યાં મુખથી કહું છું ત્યાં બીજું કૌતુક થયું. જે ભયંકર નાગ મારો પ્રાણ લેવા માટે પાસું ફેરવતો હતો તે કાળો નાગ ત્યાંથી હળવેથી ખસી જઈ રાફડા તરફ જતો જણાયો. એના મનથી જ એવી ઇચ્છા ઊપજી કે હું હળવે હળવે ખસકી જઉં, નહીં તો આ બિચારો પામર પ્રાણી હવે ભયમાં જ કાળધર્મ પામી જશે. એમ વિચારીને તે ખસકીને આઘો જતો રહ્યો.

આઘો જતો તે બોલ્યો કે હે રાજકુમાર! તારો જીવ લેવાને હું એક પળની પણ ઢીલ કરું તેમ નહોતો, પરંતુ તને શુદ્ધ વૈરાગ્ય તથા જૈનધર્મમાં ઊતરેલો દેખીને મારું કાળજું હળવે હળવે પીગળતું ગયું. તે એવું તો કોમળ થઈ ગયું કે હદ! આ સઘળું થવાનું કારણ માત્ર જૈનધર્મ જ. તારા અંતઃકરણમાં જ્યારે તે ધર્મના તરંગો ઊઠતા હતા ત્યારે મારા મનમાં તે જ ધર્મના તરંગથી તને ન મારવો આમ ઊગી નીકળ્યું હતું.



જેમ હળવે હળવે તે ધર્મની તને અસર વધતી ગઈ તેમ તેમ મારી સુમનોવૃત્તિ તારા તરફ થતી ગઈ. છેવટે તેં જ્યારે "नमो अरिहंताणं" આટલું કહ્યું ત્યારે મારું અંગ મેં તને પૂરો જૈનાસ્તિક થયેલો જોઈને ખેસવ્યું. માટે તું મન, વચન અને કાયાથી તે ધર્મ પાળજે. જૈનધર્મના પ્રતાપથી જ માન કે હું અત્યારે તને જીવતો જવા દઉં છું. એ ધર્મ તો એ ધર્મ જ છે. રે! મને મનુષ્યજન્મ મળ્યો નથી, નહીં તો એ ધર્મનું એવું તો સેવન કરત કે બસ! પરંતુ જેવો મારો કર્મપ્રભાવ. તોપણ મારાથી જેમ બનશે તેમ હું એ ધર્મનું શુદ્ધ આચરણ કરીશ. હે રાજકુમાર! હવે તું હેઠો પગ આનંદથી મૂકી, તારી તલવાર મ્યાનમાં નાંખ. જિનશાસનના શૃંગાર તિલક રૂપ મહા મુનીશ્વર અહીં આગળના સામા સુંદર બાગમાં બિરાજે છે. માટે તું ત્યાં જા. તેઓના મુખકમળનો પવિત્ર ઉપદેશ શ્રવણ કરીને તારો માનવજન્મ કૃતાર્થ કર.

હે મહા મુનિરાજ! મણિધરનાં આવાં વચન સાંભળીને હું તો દિંગ થઈ ગયો. શો જૈનધર્મનો પ્રતાપ! હું મોતના પંજામાંથી છટકી ચૂક્યો. ત્યારે હું દિંગ થઈ ગયો તો ખરો, પરંતુ તે આશ્ચર્યતાની સાથે અહો! મને જીવનદાન આપનાર તો એ જ જૈનધર્મ છે. આ વખતે મારા આનંદનો કશો પાર રહ્યો નહીં. મારું શરીર જ જાણે આખું હર્ષનું બંધાયું હોય તેવું થઈ ગયું, અને તુરત જ તે દયા લાવનાર નાગદેવને હું પ્રણામ કરી અને તલવાર મ્યાન કરી બીજે રસ્તે થઈ આપના પવિત્ર દર્શન કરવા માટે આ તરફ વળ્યો.

હવે મને તે ધર્મની ખરી સૂક્ષ્મતાનો બોધ કરો. એક

નવકાર મંત્રના પ્રતાપથી હું જીવનદાન પામ્યો તો એ આખો ધર્મ પાળતાં શું ન થઈ શકે? હે ભગવાન! હવે મને તે નવસરી માળાનો અનુપમ ઉપદેશ બોધો.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

પામ્યા મોદ મુનિ સુણી મન વિષે, વૃત્તાંત રાજા તણો,
પાછું નિજ ચરિત્ર તે વરણવ્યું, ઉત્સાહ રાખી ઘણો;
થાશે ત્યાં મન ભૂપને દૃઢ દયા, ને બોધ જારી થશે,
ત્રીજો ખંડ ખચીત માન સુખદા, આ 'મોક્ષમાળા' વિષે.

[1]ૐઅપૂર્ણૐ

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૧૧)

---

## શિક્ષાપાઠ ૧૧. સુદેવ

સ્વર્ગના દેવો પણ જેની સેવામાં હાજર છે અને સર્વોત્કૃષ્ટ પુણ્યનો સંચય કરી જે પુરુષોત્તમરૂપે અવતરે છે; મતિ, શ્રુત અને અવધિજ્ઞાન તથા શુદ્ધ સમ્યક્દર્શન સહિત જ્ઞાનાવતારરૂપ જેનો જન્મ થાય છે; અતુલ બળ અને અનુપમ સૌંદર્ય આદિ જેને સહજ અદ્ભુત ગુણો હોય છે; ગૃહવાસમાં પણ દયાના ભંડાર અને સંયમથી સુશોભિત જેમનો આચાર છે; ઉત્તમ સુખસામગ્રી પુણ્યયોગે પ્રાપ્ત થયેલી હોવા છતાં ઇંદ્રિયસુખોને તુચ્છ જાણી, સર્વસંગપરિત્યાગ કરી, ઉત્કૃષ્ટપણે

૧. આ બે ખંડ પૂર્ણ અને ત્રીજા ખંડના દ્વારરૂપ કાવ્ય શ્રીમદ્ રાજચંદ્રે પોતે મોક્ષમાળા અર્થે લખેલ છે, તેમની જ ભાષામાં આ અવતરણ લીધું છે. શ્રી પૂંજાભાઈ હીરાચંદ સંગ્રહિત સાહિત્યમાંથી આ મળેલ છે.



ચારિત્ર પાળી, કર્મસમૂહનેઅનુપમ ધ્યાનથી ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટતા સુધી પરમ પુરુષાર્થમાં સતત પ્રવૃત્તિ કરે છે, તે દેહધારી ભગવંત દેવાધિદેવ અરિહંત કે તીર્થંકર કહેવાય છે. કેવળજ્ઞાન પ્રગટતાં દેવેન્દ્ર, નરેન્દ્ર આદિની સમક્ષ જે સત્ય ધર્મનો પ્રકાશ કરે છે, તેના પ્રભાવે ઉત્તમ બુદ્ધિધારી પુરુષો સર્વસંગપરિત્યાગ કરી તેમનું શરણ સ્વીકારે છે, તેમને ગણધરદેવ કહેવાય છે. તે અરિહંત ભગવાનની દેશનાને શાસ્ત્રમાં ગૂંથી દ્વાદશાંગીની રચના કરે છે; સાધુ, સાધ્વી આદિને શાસ્ત્રો શીખવે છે. કેટલાક ગૃહસ્થ દશામાં પણ ભગવાનનું શરણ ગ્રહી અંશે યથાશક્તિ ધર્મ-આરાધના કરે છે. આ પ્રકારે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર પ્રકારનો સંઘ કે તીર્થ સ્થપાય છે, તે સર્વ મોક્ષમાર્ગ આરાધે છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એવા આત્માના ચાર ઉત્તમ ગુણો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયરૂપ ઘાતિકર્મોના નાશથી પ્રગટે છે; શેષ ચાર કર્મો દેહ છૂટતાં સુધી રહે છે. આયુષ્ય પૂર્ણ કરી ભગવંત સિદ્ધદશાને પામે છે, ત્યારે તે સંપૂર્ણ અનંત ગુણોનો પરિપૂર્ણ ઉપભોગ અનંતકાળ પર્યંત કર્યા કરે છે.

સિદ્ધ ભગવંત સર્વ ગુણસંપન્ન હોવા છતાં અરિહંત ભગવંતને નવકારમંત્રમાં પ્રથમ નમસ્કાર જણાવ્યો છે, તેનું કારણ તેઓ દેહધારીરૂપે ઉત્તમ બોધનું દાન દઈ અનેક જીવોનો ઉદ્ધાર થવામાં પરમ નિમિત્તરૂપ છે. તેમના બોધનો આધાર બારમા ગુણસ્થાનક સુધી હોય છે, એટલે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તે પરમ પુરુષના બોધનો આશય આધાર-

રૂપ અપ્રમત્ત દશામાં મુનીશ્વરોને પણ હોય છે.

આત્મકલ્યાણ જેને કરવું છે એવા મુમુક્ષુ જીવને આપ્ત પુરુષ એટલે મોક્ષમાર્ગમાં વિશ્વાસ કરવા લાયક એ પુરુષોત્તમ અરિહંત ભગવંત છે. તેમનું યથાર્થ સ્વરૂપ તો સિદ્ધ ભગવંત જેવું જ છે, પણ તેઓ દેહધારી હોવાથી, તેમના વચન અને સમાગમના પ્રતાપે જીવની યોગ્યતા વધતાં સદ્‌ગુરુ યોગે તે યથાર્થ સ્વરૂપ પણ જીવ જાણી, ઉપાસી પોતાની ઉન્નતિ સાધી શકે છે.

"જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે" (૨૧૨) એવા શ્રી અરિહંતના સામાન્ય રીતે બાર ગુણ ગણાય છે: "બાર ગુણ અરિહંતદેવ પ્રણમીજે ભાવે." તે બાર ગુણ આ પ્રમાણે છે :

આઠ પ્રાતિહાર્ય:– અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને છત્ર.

ચાર અતિશય:– અપાય-અપગમ (ઉપદ્રવનો નાશ), જ્ઞાનાતિશય, પૂજાઅતિશય, અને વચન-અતિશય.

અપાય-અપગમ બે પ્રકારે છે—સ્વાશ્રયી અને પરાશ્રયી. સ્વાશ્રયી પણ બે ભેદે છે: દ્રવ્ય ઉપદ્રવ એટલે સર્વ રોગનો અભાવ હોય છે; અને ભાવ ઉપદ્રવ ૧૮ પ્રકારે છે; તેનો પણ પોતે ક્ષય કર્યો હોય છે; તે આ પ્રમાણે છે:–

૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, ૬ હાસ્ય, ૭ રતિ, ૮ અરતિ, ૯ ભય, ૧૦ શોક, ૧૧ જુગુપ્સા, ૧૨ કામ, ૧૩ મિથ્યાત્વ, ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા, ૧૬ અવિરતિ, ૧૭ રાગ, ૧૮ દ્વેષ.



આ અઢાર અંતરંગ દૂષણોનો તે ભગવંતે ક્ષય કર્યો છે તેથી તે નિર્દોષ દેવ કહેવાય છે. અરિ એટલે અંતરંગ શત્રુ, તેમને હણનાર તે અરિહંત; રાગ, દ્વેષ અને અજ્ઞાન કે ચાર ઘાતિકર્મને જીતનાર તે જિન; સર્વ ઐશ્વર્યની પ્રાપ્તિ જેને છે તે ઈશ્વર; સંસારસાગર તરી શકાય તેવા તીર્થની સ્થાપના કરે તે તીર્થંકર; મનુષ્યમાંથી જેણે પરમેશ્વરપણું પ્રાપ્ત કર્યું તે પરમેશ્વર કે પુરુષોત્તમ એમ અનેક સાર્થક નામોથી તે ભગવાન ઓળખાય છે.

## શિક્ષાપાઠ ૧૨. સુગુરુ

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય."

('શ્રીમદ્ રાજચંદ્ર'આ૰સિ૰ ગાથા-૧૦)

ત્રણ તત્ત્વ ધર્મમાં મુખ્ય મનાય છે: સાચા દેવ, સાચા ગુરુ અને સાચો ધર્મ. તેમાં સાચા ગુરુની પ્રાપ્તિથી, તેમની અનુપમ શિક્ષાથી સાચા દેવ અને સાચા ધર્મનું ઓળખાણ કરવા યોગ્ય જીવ થાય છે. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રે જણાવ્યું છે:–

"બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ

કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવ-પ્રવચન પ્રમાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૭૬)

આટલું બધું જેનું મહાત્મ્ય છે એવા સત્પુરુષ કે સદ્ગુરુનું ઓળખાણ અને તેના વચનની પ્રતીતિ થતાં જીવને આત્મ-સ્વરૂપનું ભાન પ્રગટે છે; તો પ્રશ્ન થાય કે તેમનું ઓળખાણ શી રીતે થાય? ઉત્તરમાં જણાવવાનું કે પૂર્વ-પુણ્યના યોગે જીવને સંસાર-પરિભ્રમણનો ભય જાગે છે, અને જન્મ, મરણ છૂટી મોક્ષની પ્રાપ્તિ કોઈ રીતે થાય તો સારું એવી જિજ્ઞાસા ઊગે છે. પછી જેને મોક્ષમાર્ગ પ્રાપ્ત થયો હોય તેવા પુરુષની પ્રાપ્તિ થાય તે અર્થે કંઈ પૂછપરછ કરે છે અને અપૂર્વ પુણ્યને યોગે તથા વર્તમાનના પુરુષાર્થબળે તેવો યોગ મળી પણ આવે છે.

તેવાં પૂર્વ-પુણ્યનો ઉદય ન હોય તો પણ સત્સંગની પ્રાપ્તિ થાય તેવા પુણ્યનો ઉદય થતાં પણ જીવને સત્સંગે સંસારનું અસારપણું સમજાતાં, સત્ય શું? એમ જાણવાની પ્રબળ ભાવના જાગે છે. આ પ્રકારે કોઈ પણ જાતનો કર્મનો ધક્કો લાગતાં યોગ્ય જીવને વિચારણા જાગે ત્યારે આત્મહિત અર્થે, જ્યાં સત્ય પ્રગટ હોય, ત્યાં આવી પહોંચે ત્યારે જીવમાં યથાર્થ સમજવાની શક્તિ આવે છે. ''દીવે દીવો પ્રગટે'' એમ કહેવાય



છે, તેમ સત્નું સાધન પણ સત્ જ મળવું જોઈએ.

કોઈને પૂર્વ-પુણ્યથી જિજ્ઞાસા જાગે, ત્યારે જો રૂઢ માર્ગ પ્રમાણે વાચન આદિથી કે અસદ્ગુરુના યોગથી સંતોષ માની લે, તોપણ આત્મહિતમાં જીવ વર્તી શકતો નથી. ખોટાને સાચું માની પ્રવર્તન જીવે બહુ કાળ કર્યું છે તેથી મહાપુરુષોનો અનુભવ અને ઉપદેશ એવો છે કે જીવે ભાવના તો એવી જ રોજ કરવી કે હે ભગવાન! મારું તે સારું એ ભાવ મારે પકડી રાખવો નથી. પરંતુ જે સારું તે મારું થાઓ. અને મારા સત્ય સ્વરૂપની પ્રાપ્તિ કરાવે તેવા પ્રગટ સુગુરુનો મને યોગ થાઓ. આવી સદ્ભાવના પણ કાળે કરીને સત્પુરુષની પ્રાપ્તિ કરાવે છે.

''વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિય-પણું, આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૪૦)

## શિક્ષાપાઠ ૧૩. સુધર્મ

''આજ્ઞાનું આરાધન એ જ ધર્મ; આજ્ઞાનું આરાધન એ જ તપ.''

સૌ કોઈ આ જગતમાં ધર્મ, ધર્મ એવો શબ્દ કહે છે. પરંતુ ધર્મ શબ્દનો મર્મ કોઈક વિરલા જાણે છે. તેનો શબ્દાર્થ તો એવો છે કે જે નરક, તિર્યંચ આદિ ગતિમાં ભમવારૂપ દુઃખથી આત્માને બચાવી—ઉદ્ધારી, ઉત્તમ આત્મિક, અવિનાશી, અતીંદ્રિય મોક્ષસુખને વિષે ધારણ કરે, તે ધર્મ છે.

આવો ઉત્તમ ધર્મ કંઈ બજારમાં વેચાતો મળતો નથી કે ધન ખર્ચીને કે દાન સન્માન વડે વેચાતો લઈ શકાય; તે કોઈનો આપ્યો પણ અપાતો નથી કે સેવા-ઉપાસનાથી રાજી કરીને લઈ શકાય; મંદિર, પર્વત, જળ, અગ્નિ, દેવમૂર્તિ કે તીર્થ આદિ સ્થળોમાં તે ધર્મ રાખી મૂક્યો નથી કે ત્યાં જઈને લઈ અવાય; ઉપવાસ, વ્રત, કાયક્લેશાદિ તપથી શરીર સૂકવી નાખવાથી પણ તે મળે એમ નથી. દેવાધિદેવના મંદિરમાં છત્ર આદિ પૂજાની સામગ્રીના દાન વડે, પૂજન આદિ વડે, તથા ઘર છોડી વનમાં કે સ્મશાનમાં રહેવાથી કે પરમેશ્વરના નામના જાપ આદિ કરવાથી તેવો ધર્મ પામી શકાતો નથી.

ધર્મ તો આત્માનો સ્વભાવ છે. પરપદાર્થમાં આત્મબુદ્ધિ થઈ રહી છે તે છોડી, પોતાના જ્ઞાતા, દ્રષ્ટા રૂપ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ તથા જ્ઞાયક સ્વભાવમાં જ વર્તવારૂપ આચરણ તે ધર્મ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યરૂપ પોતાના આત્માના પરિણામ તે ધર્મ છે; સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્-ચારિત્રમય રત્નત્રયરૂપ ધર્મ છે; અહિંસારૂપ આત્માના પરિણામ થાય ત્યારે આત્મા પોતે જ ધર્મરૂપ થાય છે.

પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિ તો નિમિત્ત માત્ર છે. આ આત્મા રાગાદિ પરિણતિ છોડીને વીતરાગરૂપે પરિણમે છે, તે વખતે, મંદિર, પ્રતિમા, તીર્થ, દાન, તપ, જપ, બધુંય ધર્મરૂપ છે. અને જો તે ઉત્તમ ક્ષમાદિ વીતરાગરૂપ, સમ્યક્જ્ઞાનરૂપ ન પરિણમે, તો ત્યાં મંદિર આદિ કોઈમાં ધર્મ નીપજતો નથી.

શુભ રાગ થાય તો પુણ્ય બંધાય છે; અશુભ રાગ, દ્વેષ,



મોહ થાય, તો પાપ બંધાય છે. જ્યાં સમ્યક્શ્રદ્ધા, સમ્યક્જ્ઞાન અને સ્વરૂપ-આચરણરૂપ ધર્મ છે, ત્યાં બંધનો અભાવ હોય છે. અને બંધનો અભાવ થયે ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. આવા ઉત્તમ સુખનું કારણ આત્માના સ્વભાવરૂપ ધર્મ છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેને ભગવાને ધર્મ કહ્યો છે; તેથી પ્રતિકૂળ જે મિથ્યાદર્શન, મિથ્યા-જ્ઞાન અને મિથ્યાચારિત્ર છે, તે સંસાર-પરિભ્રમણનો માર્ગ છે.

આત્માનો ઉદ્ધાર થવાને અર્થે સર્વજ્ઞ ભગવાને નિર્ગ્રંથ ધર્મ ઉપદેશ્યો છે તે જ ઉત્તમ ધર્મ છે. નિર્ગ્રંથ એટલે બાહ્ય અને અભ્યંતર ગ્રંથિરહિત થવું તે. બાહ્ય ગ્રંથિ એટલે ક્ષેત્ર, મકાન; સોનું, ચાંદી; ધન (પશુ આદિ), ધાન્ય; દાસી, દાસ; વસ્ત્ર, વાસણાદિ પરિગ્રહ; અને અભ્યંતર ગ્રંથિ એટલે ૧ મિથ્યાત્વ, ૨ વેદ—સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, ૩ રાગ, ૪ દ્વેષ, ૫ હાસ્ય, ૬ રતિ, ૭ અરતિ, ૮ ભય, ૯ શોક, ૧૦ જુગુપ્સા (ગ્લાનિ), ૧૧ ક્રોધ, ૧૨ માન, ૧૩ માયા, ૧૪ લોભ—એ ચૌદ પ્રકારે અંતરંગ પરિગ્રહ છે; તેનો ત્યાગ થયે નિર્ગ્રંથ ધર્મ પ્રગટે છે.

''શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છુંં; એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૬૯૨)

'' 'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજ કર્મ';
'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'.''

('શ્રીમદ્ રાજચંદ્ર' આ૦સિ૦ ગાથા-૪૩)

## શિક્ષાપાઠ ૧૪. શું સાધન બાકી રહ્યું ?

(ત્રોટક છંદ)

यमनियम संजम आप कियो, पुनि त्याग बिराग अथाग लह्यो ।
वनवास लियो मुख मौन रह्यो, दृढ आसन पद्म लगाय दियो ।।१।।
मन पौन निरोध स्वबोध कियो, हठजोग प्रयोग सु तार भयो ।
जप भेद जपे तप त्यौंहि तपे, उरसेंहि उदासी लही सबपें ।।२।।
सब शास्त्रनके नय धारि हिये, मत मंडन खंडन भेद लिये ।
वह साधन बार अनन्त कियो, तदपि कछु हाथ हजु न पर्यो ।।३।।
अब क्यों न बिचारत है मनसें, कछु और रहा उन साधनसें ?
बिन सद्‌गुरु कोय न भेद लहे, मुख आगल हैं कह बात कहे ? ।।४।।
करुना हम पावत हे तुमकी, वह बात रही सुगुरु गमकी ।
पलमें प्रगटे मुख आगलसें, जब सद्‌गुरुचर्न सुप्रेम बसें ।।५।।
तनसें, मनसें, धनसें, सबसें, गुरुदेवकी आन स्वआत्म बसें ।
तब कारज सिद्ध बने अपनो, रस अमृत पावहि प्रेम घनो ।।६।।
वह सत्य सुधा दरशावहिंगे, चतुरांगुल हे दृगसे मिलहे ।
रस देव निरंजन को पिवही, गहि जोग जुगोजुग सो जीवही ।।७।।
पर प्रेम प्रवाह बढे प्रभुसें, सब आगमभेद सुउर बसें ।
वह केवलको बीज ग्यानि कहे, निजको अनुभौ बतलाई दिये ।।८।।

(‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૨૬૫)

---

## શિક્ષાપાઠ ૧૫. ઉત્તમ ગૃહસ્થ, ભાગ–૧

ભગવંતે બે પ્રકારનો ધર્મ પ્રકાશ્યો છે. એક સર્વસંગ-ત્યાગ અવસ્થામાં આરાધી શકાય એવો પૂર્ણ નિર્ગ્રંથ ધર્મ અને બીજો નિર્ગ્રંથ મહાત્માના યોગે માનવદેહની મહત્તા સમજાતાં



નિર્ગ્રંથ દશાના ધ્યેયે વર્તવાની ભાવના જાગ્યા છતાં તેવી પોતાની યોગ્યતા નથી એમ સ્પષ્ટ સમજાતાં, અંશે તે માર્ગનું આરાધન બને તેટલું કરતા રહી નિર્ગ્રંથ દશાનો લક્ષ ન ચુકાય તે અર્થે મહાપુરુષની સાક્ષીએ ત્યાગ વૈરાગ્યની વૃદ્ધિ અર્થે જે ધર્મ આરાધવાનો ભગવંતે ઉપદેશ કર્યો છે તેને ઉત્તમ ગૃહસ્થ ધર્મ અથવા શ્રમણ-ઉપાસક ધર્મ પણ કહે છે. તે અર્થે ઉપાસક અધ્યયન શ્રી ગણધરદેવે રચેલું છે. તે ઉપરથી શ્રાદ્ધધર્મ અથવા શ્રાવકાચાર ગ્રંથો કૃપાળુ આચાર્યોએ સંસ્કૃત આદિ ભાષામાં રચ્યા છે. પરમાત્મ-યોગના આરંભમાં કેવું વર્તન ઘટે એ લક્ષમાં રાખી “યોગશાસ્ત્ર” નામ રાખી શ્રી હેમચંદ્ર આચાર્યે શ્રી કુમારપાળ નૃપતિ અર્થે તેવો ગ્રંથ એક રચ્યો છે. તેમાં નીચે પ્રમાણે યોગના અધિકારી ગૃહસ્થનું વર્ણન છે :—

“ન્યાયપૂર્વક જેણે સંપત્તિ પ્રાપ્ત કરી હોય; શિષ્ટ પુરુષોએ આચરેલા માર્ગનો જે પ્રશંસક હોય; કુળ અને શીલમાં સમાન એવા અન્ય ગોત્રના માણસો સાથે જેનો વિવાહ સંબંધ હોય; જે પાપભીરુ હોય; પ્રચલિત દેશાચાર, ભોજન, પહેરવેશ આદિને લગતો આચરતો હોય; બીજાની અને ખાસ કરીને રાજાની નિંદા ન કરતો હોય; બહુ ખુલ્લામાં નહીં કે બહુ ગીચ ભાગમાં નહીં એવા, તથા સારા પાડોશીઓવાળા સ્થાનમાં, ઓછા દરવાજાવાળા મકાનમાં રહેતો હોય; સદાચારી પુરુષોનો જ જેને સંગ હોય; માતાપિતાનું જે પૂજન કરતો હોય; દેશ, જાતિ, અને કુલની અપેક્ષાએ નિંદ્ય ગણાતાં કર્મો કે વ્યસનોમાં જેની પ્રવૃત્તિ ન હોય; જે કમાણી પ્રમાણે ખર્ચ કરતો હોય એટલે આવકનો ચોથો ભાગ સંચય કરવો, ચોથો ભાગ

ધંધામાં લગાડવો, ચોથો ભાગ ધર્મ અને ભોગમાં ખર્ચવો અને ચોથો ભાગ આશ્રિતોના પોષણમાં, આમ વર્તતો હોય; સંપત્તિ પ્રમાણે પહેરવેશ રાખતો હોય; આઠ બુદ્ધિગુણોથી યુક્ત હોય એટલે ધર્મકથા સાંભળવાની ઇચ્છા, શ્રવણ, ગ્રહણ, સ્મરણ, સાંભળેલામાં તર્ક ઉઠાવવો, શંકા-સમાધાન, પદાર્થનું સંશયરહિત જ્ઞાન અને તત્ત્વનિર્ણય એ બુદ્ધિના આઠ ગુણો-વાળો હોય; રોજ ધર્મનું શ્રવણ કરતો હોય; પહેલાંનું ખાધેલું પચ્યું ન હોય ત્યાં સુધી નવું ભોજન કરતો ન હોય; ભૂખ લાગે ત્યારે પ્રકૃતિને અનુકૂળ ભોજન કરતો હોય; ધર્મ, અર્થ અને કામ એ ત્રણેને અન્યોન્ય બાધા ન આવે તે રીતે સેવતો હોય; અતિથિ, સાધુ અને દીનજનને યથાયોગ્ય દાન દેતો હોય; હંમેશાં આસક્તિરહિત રહેતો હોય; ગુણોનો પક્ષપાતી હોય; પ્રતિષિદ્ધ દેશ અને કાળની ક્રિયાને તજતો હોય; પોતાનું બળાબળ બરાબર સમજતો હોય; સદાચારી અને જ્ઞાનવૃદ્ધ પુરુષોની સેવા કરતો હોય; પોષ્ય જનોનું યથાયોગ્ય પોષણ કરતો હોય; દીર્ઘદર્શી હોય; સારાનરસાનો જેને વિવેક હોય; જે કૃતજ્ઞી હોય; લોકોમાં પ્રિય હોય; જેને ખરાબ કામની લજ્જા હોય; જે દયાળુ હોય; જે સૌમ્ય આકૃતિવાળો હોય; જે પરોપકાર કરવામાં શૂરો હોય; પોતાના અંતરમાં રહેતા કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ (મત્સર) એ છ શત્રુઓનો પરિહાર કરવામાં તત્પર હોય; તથા જેણે ઇંદ્રિયોને વશમાં આણી હોય તેવો ગૃહસ્થ યોગમાર્ગનું પાલન કરવા શક્તિમાન થાય છે.

યોગમાર્ગનું અનુસરણ કરવા ઇચ્છનારા ગૃહસ્થે નીચેનાં વ્રતો અવશ્ય ધારણ કરવાં જોઈએ. તે વ્રતો આ પ્રમાણે છેઃ—



પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો. પરંતુ એ બધાં વ્રતો 'સમ્યક્ત્વ'યુક્ત ગૃહસ્થને જ ફળદાયક થાય છે, અન્યને નહીં; માટે સૌથી પ્રથમ સાધકે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું જોઈએ.''

---

## શિક્ષાપાઠ ૧૬. ઉત્તમ ગૃહસ્થ, ભાગ—૨

''સાચા દેવમાં દેવબુદ્ધિ, સાચા ગુરુમાં ગુરુબુદ્ધિ અને સાચા ધર્મમાં અજ્ઞાન, સંશય અને વિપર્યય વિનાની શુદ્ધ બુદ્ધિ, એનું નામ સમ્યક્ત્વ.

**પાંચ અણુવ્રત :—**

અણુવ્રત એટલે સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચૌર્ય, સ્થૂલ અબ્રહ્મચર્ય, અને સ્થૂલ પરિગ્રહથી નિવૃત્ત થવું.

સ્થૂલ હિંસા એટલે ત્રસ કે જંગમ જીવોની હિંસા. અહિંસા ધર્મનું રહસ્ય સમજનાર મુમુક્ષુ ઉપાસકે સ્થાવર જીવોની પણ નિરર્થક હિંસા ન કરવી. પ્રાણી પોતાનું જીવિત બચાવવા રાજ્ય પણ આપી દે છે એવા એ જીવિતનો વધ કરવાથી થતું પાપ, આખી પૃથ્વી દાનમાં આપી દે તો પણ ન ધોઈ શકાય.

સ્થૂલ અસત્ય પાંચ પ્રકારનું છેઃ કન્યાવિષયક, ગાય-(પશુ)વિષયક, ભૂમિવિષયક, થાપણવિષયક અને ખોટી સાક્ષી વિષયક. એ બધું લોકથી વિરુદ્ધ છે, વિશ્વાસનો ઘાત કરવારૂપ છે, અને ધર્મથી ઊલટું છે. અસત્યથી આ લોકમાં નિંદા અને હલકાપણું પ્રાપ્ત થાય છે, તથા પરલોકમાં અધોગતિ થાય છે.

ચોરીના ફળરૂપે દુર્ભાગ્ય, ગુલામી, દાસત્વ, અંગછેદ અને દરિદ્રતા પ્રાપ્ત થાય છે, એમ જાણી બુદ્ધિમાને સ્થૂલ

ચોરીનો ત્યાગ કરવો. કોઈનું પડી ગયેલું, ભુલાઈ ગયેલું, ખોવાઈ ગયેલું, માલિકની પોતાની પાસેનું કોઈએ આપણે ત્યાં થાપણ તરીકે મૂકેલું, કે કોઈએ છુપાવીને સંઘરેલું એવું જે કંઈ પારકું છે, તેને બુદ્ધિમાન તેની પરવાનગી વિના ન લે.

અબ્રહ્મચર્યના ફળરૂપે ષંઢત્વ તથા ઇંદ્રિયછેદ પ્રાપ્ત થાય છે એમ જાણીને, બુદ્ધિમાન પુરુષે સ્વપત્નીમાં જ સંતુષ્ટ રહેવું, તથા પરસ્ત્રીનો ત્યાગ કરવો. આરંભમાં જ મનોહર પરંતુ પરિણામે કિંપાક વૃક્ષનાં ફળની પેઠે અતિ દારુણ એવા મૈથુનને કોણ સેવે? ઉપાસકે તો પોતાની સ્ત્રીને પણ આસક્તિપૂર્વક ન સેવવી જોઈએ, તો પછી સર્વ પાપોના મૂળરૂપ પરસ્ત્રીઓની તો વાત જ શી?

સીતાએ રાવણને તજ્યો તેમ સ્ત્રીએ પરપુરુષને તજવો. પર-સ્ત્રીપુરુષમાં આસક્ત એવાં સ્ત્રીપુરુષને ભવે ભવે નપુંસકતા, પશુતા અને દુર્ભાગ્યતા પ્રાપ્ત થાય છે.

પરિગ્રહ એટલે સંગ અથવા આસક્તિ. આસક્તિને કારણે અસંતોષ, અવિશ્વાસ અને દુઃખના કારણરૂપ હિંસાદિ પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે એમ જાણી, તેનું નિયંત્રણ (મર્યાદા) કરવું. જેમ અતિશય ભાર ભરવાથી વહાણ ડૂબી જાય છે, તેમ અતિ પરિગ્રહથી પ્રાણી ભવસાગરમાં ડૂબી જાય છે. માટે ઉપાસકે બને તેટલો અલ્પ પરિગ્રહ કરવો.

### ત્રણ ગુણવ્રત :–

‘દિગ્‌વિરતિ’ એટલે દશે દિશાઓમાં અમુક ક્ષેત્રમાં જ પ્રવૃત્તિ કરવાની મર્યાદા નક્કી કરવી તે. પોતાની પ્રવૃત્તિને દિશાઓની અપેક્ષાએ મર્યાદિત કરે, તો તેટલા ભાગથી બહાર



જીવહિંસાદિ પાપ તેનાથી થતાં અટકે. જે માણસ દિગ્વિરતિ વ્રત લે છે, તે આખા જગતનું આક્રમણ કરવા ધસતા લોભસમુદ્રનો જાણે નિરોધ કરે છે.

બધા ભોગોપભોગ પદાર્થોનું પરિમાણ નક્કી કરવું તે ‘ભોગોપભોગમાન’ વ્રત કહેવાય છે. તેમાં પણ ભોગવવા યોગ્ય પદાર્થોનું જ પરિમાણ નક્કી કરવાનું હોય છે; પરંતુ ભોગવવાને અયોગ્ય પદાર્થોનો તો ત્યાગ જ કરવાનો હોય છેઃ—મદ્ય, માંસ, માખણ, મધ, ઉમરડો આદિ પાંચ વૃક્ષનાં ફળ, જેમાં અનંત જીવો હોય છે તેવાં કંદમૂળ, જેના ગુણદોષની ખબર નથી તેવાં અજ્ઞાત ફળ, રાત્રિભોજન, કાચા દહીં સાથે કઠોળ, વાસી અન્ન, બે દિવસ થઈ ગયેલું દહીં અને કોહી ગયેલું અન્ન.

પ્રયોજન વિનાનો અધર્મ વ્યાપાર તે ‘અનર્થદંડ’ કહેવાય. તેના ચાર પ્રકાર છેઃ— દુર્ધ્યાન, પાપકર્મ કરવાનો ઉપદેશ, હિંસામાં ઉપયોગી એવાં સાધનોનું દાન, અને પ્રમાદ. એ પ્રવૃત્તિઓ તજવી તે ‘અનર્થદંડ ત્યાગ’ વ્રત છે.

### ચાર શિક્ષાવ્રત :–

‘સામાયિક’ એટલે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી તેમજ કાયિક તથા વાચિક પાપકર્મોનો ત્યાગ કરી મુહૂર્ત પર્યંત સમતા ધારણ કરવી તે. તે દરમ્યાન શ્રાવક સઘળી પાપ-પ્રવૃત્તિઓ મન-વાણી-કાયાથી જાતે કરવાનું કે બીજા પાસે કરાવવાનું છોડવાનો, તેમાંથી નિવૃત્ત થવાનો, તેમને આત્મસાક્ષીએ નિંદવાનો, ગુરુની સમક્ષ ગર્હવાનો તથા પોતાની જાતને તેમાંથી છોડાવવાનો નિયમ લે છે.

‘દેશાવકાશિક’ વ્રત એટલે ‘દિગ્વ્રત’રૂપી પ્રથમ ગુણવ્રતમાં

દશ દિશા સંબંધી જે મર્યાદા બાંધી હોય, તેને રાત દિવસ કે પ્રહર પૂરતી વધુ ટૂંકાવવી. તે પ્રમાણે અણુવ્રત આદિમાંથી છૂટનું પરિમાણ પણ ઘટાડી લેવું.

'પૌષધ'—આઠમ, ચૌદશ, પૂનમ અને અમાવસ્યાને રોજ ચાર ટંકનો ઉપવાસ કરવો, કુપ્રવૃત્તિનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય ધારણ કરવું અને શરીર સંસ્કાર, સ્નાનાદિનો ત્યાગ કરવો તેનું નામ પૌષધ વ્રત છે.

ભોજનકાળે આવેલા સાધુઓને ન્યાયથી પેદા કરેલ તથા નિર્દોષ ચતુર્વિધ આહાર, પાત્ર, વસ્ત્ર, અને રહેઠાણ વગેરેનું દાન કરવું તે 'અતિથિ સંવિભાગ' વ્રત કહેવાય. મહાવ્રતી ઉત્તમ પાત્ર છે, અણુવ્રતી મધ્યમ પાત્ર છે અને જે શ્રદ્ધાવંત છે, પણ વ્રત ધારી શકતા નથી તે કનિષ્ઠ પાત્ર છે. કુતપ કરનાર કુપાત્ર છે, અને શ્રદ્ધા તથા વ્રત વિનાના દાનને પાત્ર નથી; અપાત્ર ગણાય છે.'' (યોગશાસ્ત્ર)

''મૈત્રી (સર્વ જગત ઉપર નિર્વૈરબુદ્ધિ); અનુકંપા (તેમનાં દુઃખ પર કરુણા); પ્રમોદ (આત્મગુણ દેખી આનંદ); ઉપેક્ષા (નિઃસ્પૃહબુદ્ધિ). આ ચાર ભાવના ભાવશો. એથી પાત્રતા આવશે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર'- ક્રમાંક-૫૮)

''ચોથે ગુણસ્થાનકે આવેલો પુરુષ પાત્રતા પામ્યો ગણી શકાય; ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે મધ્યમ ગૌણતા છે. છઠ્ઠે મુખ્યતા પણ મધ્યમ છે. સાતમે મુખ્યતા છે. આપણે ગૃહવાસમાં સામાન્ય વિધિએ પાંચમે ઉત્કૃષ્ટે તો આવી શકીએ; આ સિવાય ભાવની અપેક્ષા તો ઓર જ છે!''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૬૨)

---



## શિક્ષાપાઠ ૧૭. વીતરાગ ભક્તિ, ભાગ—૧

વીતરાગ ભક્તિ એટલે જેના રાગ દ્વેષ મોહ ક્ષય પામ્યા છે એવા ઉત્તમ પુરુષની ભક્તિ. જગતમાં ઘણા ભક્તો ભક્તિ કરે છે અને ભક્તિને મુક્તિનું કારણ માને છે, તો પણ વીતરાગ ભક્તિ કહેવાનું કારણ શું છે?

જેણે આ સંસારનું સ્વરૂપ ભયંકર જાણ્યું છે, જન્મ, જરા અને મરણનાં દુઃખ સર્વોપરી માન્યાં છે, ઇંદ્રિયોનાં સુખને દુઃખનાં કારણ માન્યાં છે તથા જન્મ, મરણનાં કારણ જે કર્મ તે કેમ બંધાય છે અને તેથી કેમ મુક્ત થવાય તેનો જેને નિર્ણય થયો છે અને તે નિર્ણયને આરાધી જે પરમ સુખી બન્યા છે તેવા વીતરાગ ભગવંતનું દર્શન, તેમનાં વચન અને તેમની દશા સર્વ જીવોને કલ્યાણનું કારણ હોવાથી તે જિનેશ્વરોની જ ભક્તિ કર્તવ્ય છે.

**પ્રશ્ન**—ત્યારે જે લોકો ડાકોર દ્વારકાદિની યાત્રાએ જાય છે, ધર્મને નામે દાનાદિક કરે છે, મંડળીઓ કાઢીને સપ્તાહ આદિ ભક્તિ રાતદિવસ કરે છે, તે ભક્તિ મોક્ષનું કારણ બને કે કેમ?

**ઉત્તર**—જેમની તે ભક્તિ કરે છે તેમના જો રાગ, દ્વેષ અને મોહ ક્ષય થયા ન હોય તો તેમનો મોક્ષ સંભવતો નથી, તો જે તેમને ભજે તેને મોક્ષ ક્યાંથી મળે?

''ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.''('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૨૫૪)

**પ્રશ્ન**—ભક્તિના કોઈ પ્રકાર હશે કે નહીં?

**ઉત્તર**—નવધા ભક્તિ મનાય છે.

**પ્રશ્ન**—તે નવ પ્રકાર કયા?

**ઉત્તર**—

"श्रवण, कीरतन, चिंतवन, वंदन, सेवन, ध्यान;
लघुता, समता, एकता, नवधा भक्ति प्रमान."

—श्री बनारसीदास

(૧) ગુરુદેવ ભગવંતની કથા સાંભળવી તે શ્રવણ ભક્તિ છે; તેમના ગુણો સાંભળી તેમનું મહાત્મ્ય હૃદયમાં વસવાથી આપણી વૃત્તિ તેવા બનવા પ્રેરાતી જાય છે. (૨) તેમના ગુણગ્રામ કરતાં તેમના સ્વરૂપમાં મન જોડાય છે અને ઉત્તમ ભાવના પોષાય છે. શ્રવણ કીર્તનનો ક્રમ ઘણા આરાધે છે, પણ આગળનો ક્રમ આરાધનાર બહુ વિરલ જીવો હોય છે. (૩) ચિંતવન એટલે મનન કરવું; કથાદિ સાંભળીને, સ્તવન કરીને, તે ઉપરથી આપણા આત્મવિકાસનો માર્ગ વિચારવો જરૂરનો છે. (૪) વંદન એટલે નમસ્કાર આદિ વિનય ભક્તિ કરવી. (૫) સેવન એટલે ગુરુ આદિ પૂજ્યજનોની સેવાચાકરી, તેમનાં વચનામૃતોનું, આજ્ઞાનું ઔષધની સમાન સેવન કરવું અને આત્મ-ભ્રાંતિરૂપ રોગ દૂર કરવો. (૬) ધ્યાન એટલે મનોવૃત્તિ જ્ઞાની-પુરુષની આજ્ઞામાં એકાગ્ર કરવી અથવા ધર્મધ્યાન આદિ વડે ધર્મમૂર્તિ બનવું. (૭)લઘુતા—પોતાનામાં ગુણોની વૃદ્ધિ થયા છતાં છલકાઈ ન જવું; બાહ્ય પદાર્થોનું, શાસ્ત્રજ્ઞાન આદિનું માહાત્મ્ય ન લક્ષમાં રાખતાં, ફળ બેસતાં વૃક્ષની ડાળ નમે તેવા નમ્રભાવે વર્તવું તે. (૮) સમતા— "સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો." સર્વ જીવને પોતાના સમાન માની રાગદ્વેષ ન થવા દેવા, તે પરમાત્મદશા પામવાનો માર્ગ છે. (૯) એકતા—



એકત્વ ભાવના, અસંગ દશા; ઇષ્ટદેવમાં તલ્લીન થઈ જવું તે.

શ્રી સુંદરદાસનું પ્રેમલક્ષણા ભક્તિ વિષે નીચેનું કાવ્ય વિચારવા યોગ્ય છે :—

(इन्दव छंद)

"प्रेम लग्यो परमेश्वर सों तब, भूलि गयो सिगरो घरु बारा ।
ज्यों उनमत्त फिरे जितहीं तित, नेक रही न शरीर संभारा ॥
श्वास उसास उठे सब रोम, चलै दृग नीर अखंडित धारा ।
सुंदर कोन करे नवधा विधि, छाकि पर्यो रस पी मतवारा ॥"

---

## શિક્ષાપાઠ ૧૮. વીતરાગ ભક્તિ, ભાગ—૨

વીતરાગ ભક્તિમાર્ગનો મર્મ શ્રીમદ્ રાજચંદ્રના નીચેના પત્રમાં હોવાથી તે અખંડ પત્રનું અવતરણ આ પાઠમાં લીધું છે.

"સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે. જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે.

કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવા યોગ્ય છે, કેમકે અનાદિથી અત્યંત અજ્ઞાનદશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસત્ય, અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે, એમ બનવું બહુ કઠણ છે; માટે જ્ઞાની-પુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે.

જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્ત સાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે. કેમકે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે, અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્રબુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્રબુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે : એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનું તુચ્છપણું સમજાવું. વિચારથી કરી તુચ્છપણું સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિના સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમકે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનું જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમે ક્રમે, દેશે દેશે તેનો ત્યાગ કરવો



ઘટે; પરિગ્રહ તથા ભોગોપભોગના પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે, અને આશ્રયભક્તિ દૃઢ થાય; તથા જ્ઞાનીનાં વચનોનું આત્મામાં પરિણામ થઈ તીવ્રજ્ઞાનદશા પ્રગટી જીવન્મુક્ત થાય.

જીવ કોઈક વાર આવી વાતનો વિચાર કરે, તેથી અનાદિ અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ ફરી ફરી વિચાર કરે, તો અનાદિ અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઈ સુલભ એવો આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ થાય. એ જ વિનંતી.

આ૦ સ્વ૦ પ્રણામ.''

મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૫૧ ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૫૭૨)

શ્રીમદ્ રાજચંદ્રે જ્ઞાન, ક્રિયા અને ભક્તિ યોગની સમાલોચના નીચે પ્રમાણે કરી છે :

''જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢદશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાનાં હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી.

ક્રિયામાર્ગે અસદ્અભિમાન, વ્યવહારઆગ્રહ, સિદ્ધિમોહ, પૂજસત્કારાદિ યોગ, અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે.

કોઈક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિત-પણું અથવા પરમપુરુષ સદ્ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે, તથાપિ તેવો યોગ

પ્રાપ્ત થવો જોઈએ; નહીં તો ચિંતામણિ જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ ઊલટો પરિભ્રમણવૃદ્ધિનો હેતુ થાય.''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૬૯૩)

---

## શિક્ષાપાઠ ૧૯. શ્રી સદ્ગુરુભક્તિ રહસ્ય

(દોહરા)

''હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.૭૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ?૭૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં.૭૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.૭૪
'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.૭૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.૭૬
અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.૭૭
ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહિ નિજધર્મની, નહિ શુભ દેશે સ્થાન.૭૮
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.૭૯



સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ.૭૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં.૭૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.૭૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય?૭૧૩
કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ.૭૧૪
અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.૭૧૫
સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.૭૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?૭૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?૭૧૮
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?૭૧૯
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ.૭૨૦

રાળજ, ભા. સુદ ૮, ૧૯૪૭ ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૨૬૪)

---

## શિક્ષાપાઠ ૨૦. ભાઈ, તારે કાજે આટલું કરજે

“૧.દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે? તે સુખી છે કે દુઃખી? એ સંભારી લે.

૨.દુઃખ લાગશે જ, અને દુઃખનાં કારણો પણ તને દૃષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા૦ કોઈ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે. તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતરરહિત થવું.

૩.રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

૪.તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. નિર્ગ્રંથ સદ્ગુરુના ચરણમાં જઈને પડવું યોગ્ય છે.

૫.જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬.પ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવું શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.

૭.તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮.જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઈ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

(૧) જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.

(૨) સંસારને બંધન માનવું.



(૩)પૂર્વકર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વકર્મ નડે તો શોક કરવો નહીં.

(૪)દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

(૫)ન ચાલે તો પ્રતિશ્રોતી થા.

(૬)જેમાંથી જેટલું થાય તેટલું કર.

(૭)પરિણામિક વિચારવાળો થા.

(૮)અનુત્તરવાસી થઈને વર્ત.

(૯)છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં.

એ જ ભલામણ અને એ જ ધર્મ.

વિ. સં. ૧૯૪૬ (‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૮૪)

“જો તું સમજણો બાળક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર;—દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.

શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.” (‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૨, પુષ્પમાળા)

## શિક્ષાપાઠ ૨૧. દશાર્ણભદ્રની ભક્તિ, ભાગ–૧

આ ભરતક્ષેત્રને વિષે દશાર્ણ દેશમાં દશાર્ણપુર નામનું નગર હતું. ત્યાં ભદ્રપણાની ખાણરૂપ દશાર્ણભદ્ર નામે રાજા હતો. શુદ્ધ આત્માવાળો તે રાજારૂપી હંસ સત્પુરુષોના હૃદયરૂપી કમળોમાં વસતો હતો, પણ તે રાજાના હૃદયમાં તો જિનેશ્વરે કહેલો ધર્મ વસતો હતો. તેના અંતઃપુરમાં મનોહર રૂપવાળી પાંચસો રાણીઓ હતી, તેને જોવા જ જાણે દેવતાઓ તાકી રહેતા હોવાથી નિદ્રા લેતા નથી. તેની સેનામાં હજારો હાથી, લાખો અશ્વ અને કરોડો પાયદળ સિપાઈઓ હતા. સમુદ્રના જળ સમાન, આખી પૃથ્વીને ઢાંકી દે તેટલી મોટી સેના છતાં સમુદ્ર સમાન ગંભીર તે રાજા મર્યાદાનું ઉલ્લંઘન કરતો ન હતો.

એક સમયે તે રાજાએ નવા ખરીદેલા અશ્વરત્નની પરીક્ષા કરવા વિપરીત શિક્ષાવાળા તે અશ્વ પર સવારી કરી કે તે એકદમ રાજાને લઈને પૂર વેગથી દોડ્યો. ગમે તેમ કરી રાજાએ તેને અટકાવવા માંડ્યો, પણ તેના પ્રયત્ન સર્વ નિષ્ફળ નીવડ્યા. રાજા થાકી ગયો, તૃષાતુર થયો, ભૂખ્યો થઈ ગયો, પણ ઘોડો તો દોડ દોડ જ કરવા લાગ્યો. એક ગહન વનમાં બહુ દૂર સુધી જઈ થાકી જવાથી ઘોડો ઊભો રહ્યો. રાજા નીચે ઊતરી પડ્યો. ઘોડાને થાબડી શાંત કર્યો. ચોતરફ પાણીની શોધમાં તેણે નજર કરી તો એક શેઠને થોડે દૂર ઝાડની છાયામાં વિશ્રાંતિ લેવા બેઠેલા દીઠા, તેથી તે અશ્વ સહિત ત્યાં ગયો.



રાજાને જોઈને, આ અતિથિ સત્કારને લાયક કોઈ મહાપુરુષ છે, એમ વિચારી તે શેઠે તેમને આવકાર આપી પોતાની પાસે પાણી હતું તે પાયું. રાજા પણ તે જળનું પાન કરી અશ્વ ઉપરથી પલાણ નીચે ઉતારી, ક્ષણવાર વિશ્રાંતિ લેવા બેઠો.

* * *

વરાડ દેશમાં ધાન્યપુર નામનું નગર હતું. તેમાં એક ધનવાન શેઠનો પુત્ર હતો. તેને એક સ્ત્રી હતી, તે કુલટા હતી. તેનો સ્વામી જ્યારે બહાર જતો ત્યારે એક સંન્યાસી સાથે ઇચ્છાપૂર્વક ક્રીડા કરતી. એકદા તે નગરમાં કોઈ નટોએ નાટક પ્રારંભ્યું, તેમાં એક જુવાન નટ સ્ત્રીનો વેશ પહેરી નૃત્ય કરતો હતો, તેને તે કુલટા સ્ત્રીએ 'આ પુરુષ છે' એમ જાણી લીધો અને તેના પર મોહ પામી. સ્વચ્છંદી સ્ત્રીઓનો એવો જ સ્વભાવ હોય છે. તે કુલટાએ લજ્જાનો ત્યાગ કરીને નટના નાયકને ગુપ્ત રીતે કહ્યું કે જો આ તમારો નટ તે જ વેષને ધારણ કરી મારે ત્યાં આવે તો હું તમને ઉત્તમ કીમતી વસ્ત્રો બક્ષિશ તરીકે આપીશ. તે સાંભળી નટાધીશે હર્ષથી તેનું વચન અંગીકાર કર્યું અને તેનું ઠેકાણું પૂછી લીધું. પ્રાયે નટ લોકો કુશીલિયા હોય છે. તેમાં પણ સ્ત્રી જ પ્રાર્થના કરે તો પછી કહેવું જ શું?

પછી તે કુલટાએ ઘેર જઈ તે નટને માટે ખીર તૈયાર કરી. તેટલામાં તે નટ પણ સ્ત્રીને વેષે જ તેને ઘેર આવ્યો. તેને તે કુલટાએ પ્રથમ ભોજન કરવા બેસાડ્યો. તેની પાસે મોટો થાળ મૂકી તેમાં ખીર, ઘી અને ખાંડ પીરસી. તે નટે

ખાવાનો આરંભ કર્યો, એટલામાં પેલા સંન્યાસીએ દ્વાર પાસે આવી બારણાં ઉઘાડવા કહ્યું. તે સાંભળી વ્યાકુળ થયેલી કુલટાએ ધીમેથી નટને કહ્યું કે, 'આ તલ ભરેલી અંધારી ઓરડીમાં દૂર ખૂણામાં તું બેસી જા.' ત્યારે તે નટ પણ ત્યાં જઈ છુપાઈ ગયો. પછી તે બારણું ઉઘાડવા ગઈ. સંન્યાસી આવ્યો અને ખીરનો પીરસેલો થાળ જોઈ પૂછ્યું કે 'આ શું છે?' તે માયાથી બોલી કે 'હું ભૂખી થઈ છું, તેથી ખાવા બેસતી હતી, ત્યાં તમે આવ્યા.' તે સાંભળી સંન્યાસી બોલ્યો કે 'હું ભૂખ્યો છું, માટે આ તો હું જ ખાઈશ,' એમ કહી તે ખાવા બેઠો. તેટલામાં ઘરના સ્વામીએ આવી, 'દ્વાર ઉઘાડ' એમ કહ્યું. ઘરધણીને આવ્યો જાણી 'હવે હું ક્યાં જાઉં?' એમ સંન્યાસીએ પૂછ્યું, ત્યારે તે બોલી કે 'આ તલ ભરેલા ઓરડામાં જઈ સંતાઈ જાઓ. પણ તેમાં દૂર જશો નહીં, કેમકે તેના ખૂણામાં સર્પ રહેલો છે, તેથી જીવિતની ઇચ્છાવાળા તમારે આઘા જવું નહીં.' તે સાંભળી તલઘરમાં તે પેઠો. ત્યાર પછી તે કુલટાએ તરત જ દ્વાર ઉઘાડ્યું. સરળ પ્રકૃતિવાળો તેનો સ્વામી ઘરમાં આવ્યો. તેણે પણ પેલો થાળ પીરસેલો જોઈ પૂછ્યું કે 'આ થાળમાં ખીર કેમ પીરસી છે?' ત્યારે તે બોલી કે 'હું ભૂખી થઈ છું, તેથી ખાવા બેસતી હતી.' તે સાંભળી તે બોલ્યો કે 'મારે પાછું કાર્ય માટે ઉતાવળથી જવું છે, તેથી હું જ જમી લઉં.' ત્યારે તે બોલી કે 'આજે આઠમ છે, તેથી સ્નાન કર્યા વિના શી રીતે ખાશો?' તે બોલ્યો, 'હે પ્રિયા! તું મારી અર્ધાંગના છે એટલે તેં સ્નાન કર્યું છે એથી મેં પણ સ્નાન કર્યું ગણાય.' તે સાંભળી તે બોલી, 'આપણો આવો



ધર્મ નથી, માટે તેમ ન કરો. આપણે શિવધર્મી છીએ, તેથી સ્નાન કર્યા વિના ભોજન થઈ શકે નહીં.' આમ તેણે કહ્યું છતાં તે તો ખાવા જ બેસી ગયો.

અહીં તલના ઘરમાં છુપાયેલા નટે વિચાર કર્યો કે 'અહીં હું ભૂખ્યો શા માટે બેસી રહું?' એમ વિચારી તલને બે હાથે મસળીને તથા ફૂંકી ફૂંકીને તે ખાવા લાગ્યો. તેની ફૂંકો સાંભળી તે સંન્યાસીએ વિચાર્યું કે, 'અહીં સર્પ ફૂંફાડા મારે છે, તેથી આ ઘરનો સ્વામી ભોજન કરવામાં લીન છે ત્યાં સુધી, તેટલામાં હું તે ન જાણે તેમ બહાર નીકળી જાઉં.' એમ વિચારી તે શીઘ્રપણે ઘરમાંથી નીકળી નાસી ગયો. તે જોઈ, 'મારે પણ આ તક મળી તેનો લાભ લેવો' ગણી તેની પાછળ નટ પણ નાઠો. તેમને નીકળતા જોઈ ઘરધણીએ સ્વચ્છ હૃદયથી પોતાની પત્નીને પૂછ્યું કે 'આ બે સ્ત્રી પુરુષ ગયાં તે કોણ છે?' ત્યારે તે હાજરજવાબી કુલટા બોલી કે 'મેં તમને પ્રથમ જ કહ્યું હતું કે સ્નાન કર્યા વિના ભોજન ન કરો. મેં નિરંતર સેવા કરીને આપણા ઘરમાં પાર્વતી અને શંકરને રાખ્યાં હતાં, તે અત્યારે તમારું સ્નાન રહિત ભોજન જોઈને બન્ને નાસી ગયાં.' તે સાંભળી 'મેં આ બહુ ખોટું કર્યું' એમ પશ્ચાત્તાપ કરી તેણે પ્રિયાને કહ્યું : 'હે પ્રિયા, આ દેવો ફરીથી શી રીતે આપણે ઘેર પાછા આવે?' તે સાંભળી, 'જો આ મારા પતિ પરદેશ જાય, તો હું સ્વેચ્છાએ વર્તી શકું,' એમ વિચારી તે કુલટા બોલી કે 'જો તમે સારા ઉદ્યમથી ન્યાયોપાર્જિત ઘણા દ્રવ્ય વડે પાર્વતી અને શંકરની પૂજા કરો તો તે પાછાં આપણે ઘેર આવે.' આ પ્રમાણે તેનું વચન અંગીકાર કરી તે શેઠપુત્ર

વધારે દ્રવ્ય મેળવવા માટે દશાર્ણદેશમાં ગયો. ધર્મના છળથી ચતુર માણસ પણ છેતરાય તો બીજાનું શું કહેવું?

---

## શિક્ષાપાઠ ૨૨. દશાર્ણભદ્રની ભક્તિ, ભાગ—૨

ત્યાં કોઈના ક્ષેત્રમાં તે શેઠપુત્ર કામ કરવા રહ્યો. જાત-મહેનતથી કમાણી કરી કેટલાક દિવસે દસ ગદિયાણા સુવર્ણ તેણે મેળવ્યું. તેટલા અલ્પ દ્રવ્યથી તેને સંતોષ તો થયો નહીં, પણ તેને પ્રિયાનું સ્મરણ થતાં તે ઘર તરફ જવા નીકળ્યો. રસ્તામાં મોટું વન ઓળંગવાનું હતું તેથી પાણી, ભાથું વગેરે સાથે રાખ્યું હતું. મધ્યાહ્ન સમયે તે વનમાં એક વૃક્ષ નીચે તે વિશ્રાંતિ લેવા બેઠો હતો, ત્યાં દશાર્ણભદ્ર રાજા પોતાના ઘોડા સાથે આવ્યો, ત્યારે અગાઉ દર્શાવ્યા પ્રમાણે તેનો અતિથિ-સત્કાર કરી તેણે પાણી પાયું.

પછી સ્વસ્થ થયેલા રાજાએ તેને પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે તેણે પોતાને ત્યાં બનેલી પાર્વતી અને શંકરની વાત પોતે જાણતો હતો તેટલી કહી, અને દશાર્ણદેશમાં ન્યાયોપાર્જિત કરેલી બધી કમાણી ધર્મ ખાતે ખર્ચી નાખવાની પોતાની ભાવના રાજાને જણાવી. તે સાંભળી બુદ્ધિમાન રાજાએ વિચાર કર્યો કે 'આની સ્ત્રી અવશ્ય કુલટા છે, તેથી જ તેણે આને છેતર્યો છે, પરંતુ આનું ધાર્મિકપણું જોઈ મને મનમાં આશ્ચર્ય થાય છે કે જે દ્રવ્યરહિત છતાં દ્રવ્યને ઉપાર્જન કરી પોતાના દેવની ઉપાસના કરવા ઇચ્છે છે. કુશળ પુરુષો દ્રવ્ય છતાં પણ તેનો વ્યસનાદિકમાં દુરુપયોગ કરે છે, અને આ મુગ્ધ છતાં પણ ધર્મને માટે ધન ઉપાર્જન કરવા ક્લેશ સહન



કરે છે. તેથી આ ધાર્મિક પુરુષનો હું શું પ્રત્યુપકાર કરું?' આ પ્રમાણે રાજા વિચાર કરતો હતો તેટલામાં અશ્વનાં પગલાંને અનુસરતું તેનું સૈન્ય આવી પહોંચ્યું. પછી રાજા તે ઉપકારી પુરુષને સાથે લઈ પોતાના નગરમાં ગયો. ત્યાં તેનો ભોજનાદિક વડે સારો સત્કાર કર્યો.

બીજે દિવસે વનપાળક પુરુષે આવીને રાજાને વધામણી આપી કે, 'હે દેવ! આજે આપણા ઉદ્યાનમાં છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી સમવસર્યા છે.' આ પ્રમાણે કર્ણને અમૃત સમાન તેનું વચન સાંભળી રાજાનું શરીર રોમાંચિત થયું, અને તરત જ આસન પરથી ઊભા થઈ તેણે જિનેન્દ્રની દિશા તરફ પૃથ્વી સુધી મસ્તક નમાવી પ્રભુને નમન કર્યું. પછી તે ઉદ્યાન-પાલકને ઘણું પ્રીતિદાન આપી સત્પુરુષોમાં અગ્રેસર એવા તે શ્રેષ્ઠ રાજાએ વિચાર કર્યો કે આ પરદેશી પુરુષ તથાપ્રકારના વિવેક રહિત છતાં પણ પોતાના દેવને સર્વ સંપત્તિ વડે પૂજવા ઇચ્છે છે, તો સર્વ સામગ્રી સહિત મારા જેવા વિવેકી પુરુષે વિશેષે કરીને અરિહંતની પૂજા કરવી યોગ્ય છે. આ પ્રમાણે વિચારી રાજાએ હાથી વગેરેના અધિકારીઓને બોલાવી આજ્ઞા આપી કે પ્રાતઃકાળે જગદ્‌ગુરુને વાંદવા જવું છે, તેથી સર્વ સૈન્ય વગેરેની ઊંચામાં ઊંચી શોભા થાય તેમ કરજો.

આ પ્રમાણે આજ્ઞા આપીને પછી આખા નગરમાં ઘોષણા કરાવી કે પ્રભાતે સર્વજ્ઞને વાંદવા જવા માટે સર્વ સામંતો, મંત્રીઓ અને પુરજનોએ પણ શ્રેષ્ઠ સામગ્રી તૈયાર કરવી, ને તે સહિત રાજા સાથે વાંદવા આવવું. પછી રાજાએ પોતાના સેવકો પાસે નગરના માર્ગો તૃણ, છાણ, રાખ વગેરે કચરો

કઢાવી સાફ કરાવ્યા; તેમાં ચંદનમિશ્રિત જળ છંટાવી પુષ્પોના સમૂહ વડે વિચિત્ર રચના કરાવી; ઠેકાણે ઠેકાણે જાણે લક્ષ્મીને ક્રીડા કરવાની હીંચોળાખાટ હોય તેવી વંદનમાળાઓ–તોરણની શ્રેણીઓ–બંધાવી, તેના પર જાણે કલંક રહિત ચન્દ્રો મૂક્યા હોય તેવા રૂપાના કળશો મુકાવ્યા. તે વખતે ઠેકાણે ઠેકાણે કરેલા સુગંધી ધૂપના ધુમાડાને લીધે જાણે અકાળે મેઘ ચઢ્યો હોય તેમ તે નગરમાં દેખાવા લાગ્યું અને માણિક્યનાં તોરણો બંધાવવાથી જાણે ઇંદ્રધનુષને ધારણ કર્યું હોય એવું આકાશ જણાવા લાગ્યું. મંગલદર્શક કરોડો ધ્વજાઓ વડે આખું નગર સુશોભિત કરાવ્યું. સ્થાને સ્થાને માંચાઓ મંડાવવાથી તે નગર વિમાન સમાન શોભવા લાગ્યું. રાજાની આજ્ઞાથી મલ્લ, નટ વગેરે જનો સ્થાને સ્થાને પોતપોતાની કળાઓ દેખાડવા લાગ્યા. આ રીતે રાજાએ અધિકારીઓ પાસે સાક્ષાત્ સ્વર્ગના નગર જેવું પોતાનું નગર બનાવરાવ્યું.

પ્રાતઃકાળે રાજાએ સ્નાન કર્યું, ચંદનવડે શરીરને વિલેપન કર્યું, બે દેવદૂષ્ય વસ્ત્રો ધારણ કર્યાં, શરીરે દેદીપ્યમાન અલંકારો પહેર્યા. પછી કોઈએ અત્યાર સુધી ન વાંદ્યા હોય એવી રીતે હું આજે ભગવાનને વાંદીશ, એમ અભિમાનયુક્ત વિચાર કરી પટ્ટહસ્તી પર આરૂઢ થયો. તેના મસ્તક પર પૂર્ણ ચંદ્ર જેવું ઉજ્જવળ છત્ર ધારણ કરવામાં આવ્યું. ચારે બાજુ ફીણ જેવાં ઉજ્જવળ ચાર ચમરો વીંઝાવા લાગ્યા. તેની આજુબાજુ હજારો સામંત રાજાઓ શ્રેષ્ઠ શણગાર ધારણ કરી પોતપોતાના હાથીઓ ઉપર આરૂઢ થઈ જેમ ઇન્દ્રને સામાનિક દેવો વીંટાઈ વળે તેમ વીંટાઈ ગયા. ત્યાર પછી તે શ્રેષ્ઠ



રાજાએ હાથીને પગ વડે પ્રેરણા કરી એટલે તે હાથી જાણે કે મારા ચાલવાથી પૃથ્વી ભાંગી જશે એમ ધારતો હોય તેમ ધીમે ધીમે ચાલ્યો. તે વખતે મણિનાં આભૂષણોથી શણગારેલા બીજા હજારો હાથીઓ જાણે ચાલતા પર્વત હોય તેમ ચાલ્યા.

---

## શિક્ષાપાઠ ૨૩. દશાર્ણભદ્રની ભક્તિ, ભાગ–૩

હાથીઓની પાછળ સૂર્યના અશ્વોના જાણે સહોદર હોય તેવા અને ઘણા આભૂષણોથી શણગારેલા એવા લાખો અશ્વો શોભામાં વૃદ્ધિ કરતા ચાલ્યા. તેની પાછળ ઘોડા જોડેલા, મનોહર લક્ષ્મીવાળા જાણે સૂર્યના જ રથ હોય એવા હજારો રથો ચાલ્યા. તેમની પાછળ વિપત્તિનો નાશ કરનારા, વિવિધ આયુધને ધારણ કરનારા તથા અતિ પરાક્રમવાળા કરોડો પાયદળ સિપાઈઓ ચાલ્યા. તેમની પાછળ પાંચસો રાણીઓના મ્યાના, જાણે દેવીઓ સહિત વિમાનો હોય તેમ ચાલ્યા. તે વખતે શબ્દ કરતી ઘૂઘરીઓના અવાજથી દિશાઓને વાચાળ કરતા એવા અને આકાશ સુધી ઊંચા એવા પાંચ વર્ણના હજારો ધ્વજો સાથે ચાલતા શોભી રહ્યા હતા. ભંભા, ભેરી વગેરે લાખો વાજિંત્રો એક સાથે વાગતાં હતાં. તેથી આખું જગત શબ્દમય થયું હોય એમ જણાતું હતું. મંગલપાઠકો હર્ષથી માંગલિક વચનો બોલતા હતા અને ગવૈયા કર્ણને અમૃત સમાન સંગીત ગાતા હતા. અપ્સરાઓ જેવી નાચનારી સ્ત્રીઓ રાજાની આગળ પગલે પગલે ભગવાનના ગુણોનાં ગીત સહિત નૃત્ય કરતી ચાલતી હતી.

આ રીતે ઋદ્ધિ વડે ભવ્યજનોના મનને આનંદ આપતો, સદ્‌ભાવરૂપી અમૃત વડે પુણ્યરૂપી વૃક્ષોને સિંચતો, કલ્પવૃક્ષની પેઠે યાચકોને અત્યંત દાન આપતો અને અહંકારથી પોતાને ઉત્કૃષ્ટ સંપત્તિનું સ્થાન માનતો તે દશાર્ણભદ્ર રાજા સર્વ પરિવાર, પુરજનો અને તે શેઠપુત્ર સહિત સમવસરણની સમીપ જઈ પહોંચ્યો; ત્યાં હસ્તી પરથી ઊતરી છત્ર, ચામરાદિક રાજચિહ્નોનો ત્યાગ કરી સર્વ પરિવાર સહિત જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરી વિધિપૂર્વક ભગવાનને તેણે નમસ્કાર કર્યા. પછી હર્ષથી ગદ્‌ગદ વાણીએ મોટા અર્થવાળાં સ્તોત્રો વડે જિનાધીશની સ્તુતિ કરીને તે જનાધીશ (રાજા) યોગ્ય સ્થાને બેઠો.

આ વખતે અવધિજ્ઞાન વડે દશાર્ણભદ્રનો તેવો ગર્વમય અભિપ્રાય જાણી શક્ર ઇંદ્રે વિચાર કર્યો કે અહો! દશાર્ણભદ્રની પ્રભુ પ્રત્યે અનુપમ ભક્તિ છે, પરંતુ આ બાબતમાં ગર્વ કરવો તે યોગ્ય નથી; કેમકે ત્રણે ભુવન વડે પણ ભગવાનની સંપૂર્ણ ભક્તિ થઈ શકે તેમ નથી. આ પ્રમાણે વિચાર કરી સંપત્તિના અધિકપણાથી ઉત્પન્ન થયેલા તેના માનને હરવા માટે તથા તેને બોધ કરવા માટે શક્ર ઇંદ્રે ઐરાવણ નામના દેવને આજ્ઞા કરી, તેથી તેણે ઉજ્જ્વલપણાથી અને ઊંચાઈથી કૈલાસ પર્વતનો પણ પરાભવ કરે એવા ચોસઠ હજાર હાથીઓ વિકુર્વ્યા (દેવમાયાથી પ્રગટ કર્યા.) દરેક હાથીના દાંત ઉપર અપ્સરાઓનાં નૃત્ય અને નાટકો થતાં હતાં, ત્યાં દરેક હાથી ઉપર ઇંદ્ર આઠ આઠ પટ્ટરાણીઓ સહિત બેસીને તે સર્વ નાટકો જોવા લાગ્યો. આવા ૬૪૦૦૦ હાથીઓ વડે આકાશને



વ્યાપ્ત કરતો ઇંદ્ર શીઘ્રપણે જિનેશ્વરના સમવસરણમાં આવ્યો. તેણે હાથી ઉપર બેસીને જ જિનેશ્વરને પ્રદક્ષિણા કરી અને પોતાના શરીરની કાન્તિ વડે સૂર્યનો પણ પરાભવ કરનાર તે ઇંદ્રે પ્રભુને વંદના કરી.

આવા પ્રકારની ઇંદ્રની સમૃદ્ધિ જોઈ બુદ્ધિમાન દશાર્ણભદ્ર રાજાએ વિચાર કર્યો કે અહો! તુચ્છપણાને લીધે મેં મારી સંપત્તિનો વૃથા ગર્વ કર્યો. આ ઇંદ્રની આવી સંપદા પાસે મારી સંપદા કઈ ગણતરીમાં છે? સૂર્યની કાન્તિ પાસે આગિયાના બચ્ચાની ઝળક કેટલી હોય? તેથી હું ધારું છું કે નીચ જનોને તુચ્છ સંપત્તિથી પણ મદ પ્રાપ્ત થાય છે. કેમકે દેડકાં કાદવવાળું જળ પામીને પણ અત્યંત આનંદથી નાદ કરે છે. આ ઇંદ્રે પણ આવી સમૃદ્ધિ પુણ્યના પ્રભાવથી જ મેળવી છે. જો ધર્મ-આરાધન વિના આવી સંપત્તિ મળતી હોય તો સર્વ પ્રાણીઓને આવી જ સંપત્તિ કેમ ન મળે? તેથી હવે મારે તે વિષેનો ખેદ ન કરતાં નિર્મળ ધર્મનો જ આશ્રય કરવો યોગ્ય છે; અને તેમ કરવાથી મારો ગર્વ પણ કૃતાર્થ થશે. આ પ્રમાણે વિચાર કરી દશાર્ણભદ્ર રાજાએ બે હાથ જોડી નમ્રતાથી જિનેશ્વરને વિજ્ઞપ્તિ કરી કે હે પ્રભુ! હું સંસાર પરથી ઉદ્વેગ પામ્યો છું, તેથી મને દીક્ષા આપી મારા પર અનુગ્રહ કરો. આ પ્રમાણે કહીને તે રાજાએ પોતાને હાથે જ મસ્તક પરના કેશનો લોચ કર્યો. પછી વ્રતના અર્થી એવા તે રાજાને વિશ્વવત્સલ પ્રભુએ પોતે જ દીક્ષા આપી. તેની પાછળ તત્કાળ તે શેઠપુત્રે પણ દીક્ષા ગ્રહણ કરી. સત્પુરુષોનો સંગ કલ્યાણ કરવામાં કામદુધા સમાન છે.

ત્યાર પછી તે રાજર્ષિને પ્રણામ કરી શક્ર ઇંદ્રે કહ્યું કે હે મુનિ! તમે આવી મોટી સંપત્તિનો સહસા ત્યાગ કર્યો, માટે તમને ધન્ય છે. હે સત્ય પ્રતિજ્ઞાવાળા! મોટા સામ્રાજ્યનો ત્યાગ કરી, વ્રત અંગીકાર કરવાથી તમે તમારી પ્રતિજ્ઞા પણ સત્ય કરી છે. કેમકે જિનેશ્વરની બાહ્ય પ્રભાવનાદિથી ભક્તિ કરવી તે દ્રવ્યપૂજા છે અને જે ચારિત્ર ગ્રહણ કરવું તે ભાવપૂજા છે; દ્રવ્યપૂજા કરનાર કરતાં ભાવપૂજા કરનારને અત્યંત અધિક માનેલા છે, તેથી તમે ભાવપૂજા કરીને મને જીતી લીધો છે. મારી બીજી ઘણી શક્તિ છે, પણ વ્રત લેવાની મારી શક્તિ નથી. આ પ્રમાણે તે રાજર્ષિની સ્તુતિ કરી શક્ર ઇંદ્ર સ્વર્ગે ગયો અને તે રાજર્ષિ ઉગ્ર તપ કરી, સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિપુરીમાં ગયા.

---

## શિક્ષાપાઠ ૨૪. નિર્નામિકાએ સાંભળેલું સંસારનું સ્વરૂપ, ભાગ—૧

ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં નંદી નામે ગામ હતું. ત્યાં એક નિર્ધન વણિક રહેતો હતો. માંડ માંડ આજીવિકા જેટલું તે કમાતો. ઉપરાઉપરી સાત કન્યાઓ તેને થઈ. તેમને ઉછેરવાની અને પરણાવવાની ચિંતામાં તે મગ્ન રહેતો. એવામાં તેની સ્ત્રીને ગર્ભ રહ્યો, તે જાણી તેણે વિચાર કર્યો કે જો આ વખતે પણ પુત્રી જન્મે તો મારે ઘેરથી નાસી છૂટવું. કર્મયોગે પુત્રીનો જ જન્મ થયો. તે સાંભળી તે રાતોરાત નાસી છૂટ્યો. બિચારી બાઈના દુઃખનો પાર ન રહ્યો. તે બધાનું કારણ નવી જન્મેલી



પુત્રી જાણી તેના ઉપર તે અભાવ રાખતી અને તેનું નામ પણ પાડ્યું નહીં. નિર્નામિકા નામે તે ઊછરી મોટી થઈ. ક્લેશે વાસિત તે કુટુંબમાં નિર્નામિકાએ એક સવારે મોદક માટે હઠ લીધી. તેને તેની માએ મોદકને બદલે માર મારી છાની રાખી અને કહ્યું કે જંગલમાં જઈને લાકડાંનો ભારો લાવીશ તો જ આજે ખાવાનું મળશે, નહીં તો આખો દહાડો ભૂખે કાઢવો પડશે. તે સાંભળી તે દોરડી લઈ લાકડાં વીણવા જંગલમાં ગઈ. ઊંચકાય તેટલાં સૂકાં લાકડાંનો ભારો કરી માથે લઈ ગામ તરફ આવતી હતી. તેવામાં લોકોને સારાં કપડાં, ઘરેણાં પહેરી હાથમાં પૂજાની સામગ્રી લઈ પર્વત ઉપર ચઢતા તેણે જોયા. એક જણને તેણે પૂછ્યું, આટલા બધા આજે પર્વત ઉપર કેમ જાય છે? તેણે કહ્યું કે આજે કેવળી ભગવાન આ પર્વત ઉપર પધાર્યા છે, તેથી બધાં દર્શન, પૂજન, ભક્તિ, શ્રવણ કરવા જઈએ છીએ. તારે આવવું છે?

સદ્‌ભાગ્યે તેને પણ દર્શન કરવાનું મન થયું એટલે રસ્તાની બાજુમાં લાકડાંનો ભારો મૂકી, રાજી થતી થતી તે પણ પર્વત ઉપર ચઢવા લાગી. દૂરથી દેવ, મનુષ્ય, પશુ-પક્ષીની સભા જોઈ તે બહુ આશ્ચર્ય પામી. બધાંની પેઠે ભગવાનને પ્રદક્ષિણા દઈ વંદન કરી મનુષ્યોને બેસવાની જગ્યાએ તે બેઠી.

સર્વ જીવોને આનંદદાતા પરમ દયાળુ ભગવાનનો ઉપદેશ સાંભળી જેને કંઈ શંકા હોય તે ઊભા થઈ હાથ જોડી વિનયથી પૂછતા, તેનો ઉત્તર કેવળી ભગવાન સમભાવે આપતા. તે જોઈને નિર્નામિકાને વિચાર આવ્યો કે મારા જેવી

બાળાને પણ તે ઉત્તર જરૂર આપશે એમ જાણી તે ઊભી થઈ હાથ જોડીને ભગવાનને પૂછવા લાગી કે, 'હે ભગવાન! મારા જેવું જગતમાં કોઈ દુખિયારું હશે?'

કેવળી ભગવંતે તે દુઃખી બાળાને સવિસ્તર ઉત્તર નીચે પ્રમાણે આપ્યો, "હે બાલિકા! તારાથી પણ અધિક દુખિયા જીવો જગતમાં બહુ છે, તેનું વર્ણન સાંભળ.

અહીંથી નીચે સાત રજ્જુ પ્રમાણ નરક આવાસો છે. ત્યાં અત્યંત ગરમી અને અત્યંત ટાઢ હોય છે. લોઢાનો પર્વત ત્યાં મૂકીએ તો તે ગરમીથી પાણી જેવો પ્રવાહી થઈ વહેવા લાગે એટલી ગરમ ત્યાંની ભૂમિ છે. છેલ્લી નરક ભૂમિમાં ઠંડી એટલી બધી છે કે તેવો લોખંડી પર્વત ત્યાં મૂકતાં જ ફાટી જઈ રેતી જેવો થઈ જાય. પૂર્વનાં પાપને લીધે જીવોને ત્યાં દેહ ધારણ કરવો પડે છે. તેમનાં શરીર શેરડીની પેઠે યંત્રમાં પિલાય છે, કરવતથી કપાય છે, ઊકળતા તેલમાં તેમને તળે છે, સીસા અને તાંબાના રસ તેમને પરાણે પાય છે, છતાં ત્યાંનાં આયુષ્ય એવાં છે કે મરણ ન થાય અને નિરંતર દુઃખ ભોગવવું પડે છે. ચારે તરફ કોઈ બચાવે તે અર્થે જીવ નજર કરે છે, અને પૂર્વે પાપ કર્યાં તેને સંભારી રડે છે, આક્રંદ કરે છે; પણ ત્યાં કોઈ દયા લાવી તેને છોડાવે તેવો મળતો નથી. મનુષ્યભવમાં ધર્મ ન કર્યો તેને માટે બહુ પસ્તાય છે. આવું દુઃખ હે બાલિકા! તને છે?"

તે બોલી, "હે પ્રભુ! આ સાંભળી મારી કાયા કંપે છે. તેના હજારમા ભાગ જેટલું પણ મને અહીં દુઃખ નથી. મને તો



ખાવાનું, ઊંઘવાનું પણ મળે છે."

પછી ભગવાને કહ્યું, "જનાવર જાતનાં દુઃખ તો તારી નજરે દેખાય તેવાં છે. બગલાં માછલાંને મોટી ચાંચથી પકડી ગળી જાય છે, ત્યારે માછલાંને કેમ થતું હશે? શિકારી લોકો હરણાં વગેરેને નિર્દયપણે બાણ વગેરેથી હણી તેના માંસ અને ચામડાં કાઢી લઈ વેચે છે, હાથી વગેરેને પકડે છે કે મારે છે, ત્યાં તે પશુ-પક્ષીઓ પરાધીનપણે કેટલું બધું દુઃખ પામે છે? ગાય, ભેંસ, બળદ, ઘેટાં વગેરે આખી જિંદગી કેદખાનાની પેઠે પરવશ રહે છે. તેવું દુઃખ તારે છે?"

તે સાંભળી ફરીથી તે બોલી કે "હે ભગવાન, મને આ બધાં દુઃખી છે એમ જણાતું નહોતું, પરંતુ આપના પ્રતાપે હવે કીડી, મકોડી, પશુ, પક્ષી, જળમાં રહેતા જીવો, ઇંડા વગેરે બહુ દુઃખી છે એમ સમજાય છે. તેમનાં કોઈ સગાં નથી, તેમની દયા કોણ ખાય?"

---

## શિક્ષાપાઠ ૨૫. નિર્નામિકાએ સાંભળેલુ સંસારનું સ્વરૂપ, ભાગ–૨

કેવળી ભગવાને કહ્યું, "હે બાલા! મનુષ્યોમાં પણ કેટલાંક આંધળાં, કેટલાંક બહેરાં, કેટલાંક ઠૂંઠા, કેટલાંક રોગી, કેટલાંક ચોર, કેટલાંક તોફાની અને કેટલાંક અશક્ત મનુષ્યો હોય છે; કોઈને તો લોકો અડતા પણ નથી, કોઈની વાણી સાંભળવી પણ ગમતી નથી. કોઈના તરફ લોકો તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે, કોઈને ફાંસીને લાકડે પણ

લટકાવી મારી નાખે છે. આવાં દુઃખ તો તારે નથી?''

તે બાળા બોલીઃ ''હે ભગવાન! આવાં દુઃખો પણ દુનિયામાં છે, એનું મને બિલકુલ ભાન નહોતું. મને પોતાને જે દુઃખ પડે છે તેવું કોઈને જગતમાં નહીં હોય એમ હું તો માનતી હતી. આપે મારી દૃષ્ટિ વિશાળ બનાવી અને આખા વિશ્વ તરફ નજર કરતાં શીખવ્યું છે, તે આપનો પરમ ઉપકાર છે, એમ હું માનું છું.''

વળી કેવળી ભગવંતે કહ્યુંઃ ''હે બાળા! જીવો સારાં કામ કરી પુણ્ય બાંધે છે અને દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે. ત્યાં પણ બાહ્ય ઇંદ્રિયસુખોની અનુકૂળતા છતાં રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન આદિ ભાવોથી જીવો દુઃખી દુઃખી જ રહ્યા કરે છે. પોતાના કરતાં વિશેષ સમૃદ્ધિવાળો દેવ જોતાં પોતાને દુઃખ લાગે છે; એક દેવને બીજા દેવને આધીન રહેવું પડે છે એટલે ઇંદ્રને જરૂર પડે ત્યારે પશુનું રૂપ કોઈ દેવને ધરવું પડે, કોઈને વાજાં વગાડનાર બનવું પડે, કોઈને સૈનિક તરીકે, કોઈને રક્ષક તરીકે બની ઇંદ્રની સેવામાં હાજર રહેવાનું હોય છે. કોઈ દેવો તો અંત્યજ જેવા છે, તેમને મોટા દેવોની સભામાં કોઈ બોલવા પણ દેતા નથી. જ્યારે દેવનું આયુષ્ય પૂરું થવા આવે ત્યારે છ માસ પહેલાં તેને ખબર પડે છે. તેની પુષ્પમાળા કરમાય, તેનું તેજ ઓછું થતું જાય, ત્યાંનાં કલ્પવૃક્ષ પણ ઝાંખાં લાગે એ આદિ નિશાનીઓ ઉપરથી તે વિચારતાં પોતાનું આયુષ્ય અલ્પ છે એમ જાણે છે અને ક્યાં ઉત્પન્ન થવું થશે તે પણ જાણવાની તેમનામાં શક્તિ હોય છે, તેથી ગર્ભ જેવી ગંદી



જગામાં નવ માસ કેમ રહેવાશે તેની ઝૂરણામાં અત્યંત દુઃખી બને છે. નરકના જીવો જેવું માનસિક દુઃખ તે આખરે અનુભવે છે.

આમ સંસાર રાગદ્વેષથી ભરેલો છે અને તેનું ફળ આત્મિક અશાંતિ છે. તેથી વિચારવંત પુરુષો સર્વ કર્મોનો ક્ષય કરી ફરી જન્મવું જ ન પડે તેવી દશા પામવા પ્રયત્ન કરે છે.''

નિર્નામિકા બોલી, ''હે ભગવાન! એવું શું કરું કે મારે હવે આ સંસારનાં દુઃખ ભોગવવાં ન પડે?''

કેવળી ભગવાન બોલ્યાઃ ''હે ધર્મેચ્છક બાલા! ધર્મનું આરાધન સંસારવૃક્ષનાં મૂળ છેદી દે છે. સાચા દેવ, સાચા ગુરુ અને સાચા ધર્મની શ્રદ્ધા એ ધર્મનો પાયો છે. સાચો ધર્મ સાંભળી, તેની શ્રદ્ધા કરી, પોતાની શક્તિ પ્રમાણે તે ધર્મને આરાધે તે, સંસારનાં મૂળ જે રાગદ્વેષ છે તેને ખોદે છે.''

તે બાળા બોલી, ''હે ભગવાન! મને આપના ઉપર અને આપે કહેલા ધર્મ ઉપર શ્રદ્ધા થઈ છે. તો હવે મારે કેમ પ્રવર્તવું તે બતાવો તો હું બને તેટલો ધર્મ આરાધીશ.''

કેવળી ભગવાને તેને બાર વ્રત સમજાવ્યાં અને તેને તે ગમ્યાં, તેથી તે વ્રતો અંગીકાર કરી પોતાને ઘેર ગઈ અને ધર્મનું આરાધન કરવામાં જ તે ભવ કુમારિકા તરીકે તેણે ગાળ્યો. આખરે અનશન કરી દેવગતિ પામી અને ઋષભદેવ ભગવાનનો જીવ લલિતાંગ દેવ હતો તેની પટ્ટ દેવી બની; અને ધર્મના યથાર્થ ફળરૂપ મોક્ષગતિ થોડા ભવ પછી પામી.

## શિક્ષાપાઠ ૨૬. બાર ભાવના

(રાગ—માઢ)

અતિ આનંદકારી, જનહિતકારી,
ભવદુઃખહારી, નામ તમારું, નાથ;
કરી કરુણા ભારી, કળિમળ ટાળી,
અતિ ઉપકારી, ગ્રહો ગુરુ મમ હાથ.

(સાખી)

દીન દયાળુ તું પરમ કૃપાળુ, હું અજ્ઞાની બાળ;
દીન, હીન આ અજ્ઞ શિશુની, લે પળપળ સંભાળ રે.અતિ૰૧

**૧. અનિત્ય ભાવના:—**

ધન, તન, નારી, પુત્ર, મિત્ર સૌ, બે દિનના મહેમાન;
સંધ્યા રંગ સમાન સુકીર્તિ, વિષયો વિષ સમાન રે.અતિ૰૨

**૨. અશરણ ભાવના:—**

ઇંદ્ર, નરેન્દ્ર, ધન, ધન્વંતરી, નહીં બચાવે કોય;
કાળ આવી કરે કોળિયો ત્યાં, સત્ય શરણ તુજ હોય રે.અતિ૰૩

**૩. સંસાર ભાવના:—**

ભવ અટવીમાં ભારે દુઃખો, જન્મમરણનાં મુખ્ય;
સાંભળતાં પણ હૈયું કંપે, રાખો નહીં વિમુખ રે.અતિ૰૪

**૪. એકત્વ ભાવના:—**

જન્મ મરણ ને સુખ દુઃખ સર્વે, સહે એકલો જીવ;
પ્રિય પુત્ર સ્ત્રી, સગાં પરિજન, કરે અનર્થ અતીવ રે.અતિ૰૫

**૫. અન્યત્વ ભાવના :—**

અમર અજન્મા જીવ કોઈનો, પિતા પુત્ર નહિ થાય;
દેહ ગેહ સૌ અન્ય જણાતાં, સત્ય તત્ત્વ સમજાય રે.અતિ૰૬



**૬. અશુચિ ભાવના :—**

અશુચિ બીજે ઊપજે કાયા, અશુચિનું એ મૂળ;
વહે દુર્ગંધ સર્વે દ્વારે, ત્યાં મમતા એ ભૂલ રે.અતિ૰૭

**૭. આસ્રવ ભાવના :—**

રાગી, દ્વેષી, મોહી બનતાં, આ જીવ કર્મ કમાય;
યોગ ચલનરૂપ આસ્રવ દ્વારે, કાણી નાવ ભરાય રે.અતિ૰૮

**૮. સંવર ભાવના :—**

સમ્યક્દર્શન, સમતા ભાવે, કર્મ નવાં રોકાય;
વ્રત, સમિતિ, ત્રિગુપ્તિ દ્વારા, કાણાં સર્વ પુરાય રે.અતિ૰૯

**૯. નિર્જરા ભાવના :—**

અમુક સ્થિતિનાં સર્વે કર્મો, ક્ષણે ક્ષણે ક્ષય થાય;
આત્મભાવમાં લય લાગે ત્યાં, જલદી નિર્જરી જાય રે.અતિ૰૧૦

**૧૦. લોક ભાવના :—**

ત્રિવિધ તાપે લોક બળે બહુ, રાગાદિક રૂપ આગ;
ભોગ-તૃષાનો ત્રાસ સહે સૌ, શીતલ તું વીતરાગ રે.અતિ૰૧૧

**૧૧. બોધિદુર્લભ ભાવના :—**

દુર્લભ નરભવ, સાચી શ્રદ્ધા, આત્મજ્ઞાન, વૈરાગ્ય;
બોધિદુર્લભ અંત સુધી દૃઢ, ટકાવતા મહાભાગ્ય રે.અતિ૰૧૨

**૧૨. ધર્મદુર્લભ ભાવના :—**

આત્મધર્મનો મર્મ બતાવે, તેવા ગુરુનો યોગ;
શ્રુતધર્મે મન પ્રેમ ધરે, જેમ—કંચન કામિની ભોગ રે.અતિ૰૧૩
ભક્તિ ભલી ભગવંત તમારી, સૌ સાધનનો સાર;
પ્રેમ પ્રમાણે પ્રભુ પ્રગટાવે, મોક્ષ તણી નહિ વાર રે.અતિ૰૧૪

———

## શિક્ષાપાઠ ૨૭. જાતિસ્મરણજ્ઞાને જાગેલા વૈરાગ્યવિચાર

ભરત ચક્રવર્તીના સેનાપતિ જયકુમારનો જીવ પૂર્વભવે હિરણ્યવર્મા નામે વિદ્યાધર હતો. તેને એક સરોવર જોતાં જાતિસ્મરણજ્ઞાન થયું અને પહેલાંના ભવના સર્વ સંબંધ પ્રત્યક્ષ સમાન જાણી લીધા. વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા હિરણ્યવર્મા રાજાને કાલલબ્ધિથી વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એ વિચારવા લાગ્યો:—

"આ સંસારી જીવ રાતદિવસ જે વિષયોની અભિલાષા કરે છે, તે વિષયોનો સમાગમ ક્ષણભંગુર છે. આ સંસારમાં સંકલ્પ વિકલ્પથી ઊપજેલું સુખ શી ચીજ છે? અર્થાત્ કશું નથી. આ આયુષ્ય વાયુ જેવું ચંચળ છે; અનેક રોગોથી ભરેલું આ શરીર અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. અનેક દોષોથી ભરેલું આ સામ્રાજ્ય પણ ચંચળ ચિત્તવાળા મૂર્ખ લોક જ ભોગવે છે. આ શરીરનો અંત અત્યંત નજીક છે; એ અસાર છે, અને મળમૂત્રાદિ ખરાબ ચીજોથી ભરેલું છે. આવા શરીરની સાથે આત્માનો સંબંધ થઈ રહ્યો છે, તેથી અપવિત્ર પદાર્થને પ્રિય માનનારા આ આત્માને શરીરમાં રહેવામાં તો કંઈ ભય લાગતો નથી; પરંતુ શરીરમાંથી નીકળવામાં ભારે ભય લાગે છે. ખરેખર, આ સંસારમાં આ જીવ મોક્ષમાર્ગથી તદ્દન ઊલટો વર્તી રહ્યો છે. આ જીવ વાસ્તવિક સ્વરૂપથી તો રૂપ રહિત છે, પરંતુ શરીરને સંબંધે રૂપી થઈ રહ્યો છે. અને રૂપ રહિત થવું તે જ મોક્ષની પ્રાપ્તિ છે. તેથી જેમ બને તેમ આ શરીર જ ત્યાગ કરવા યોગ્ય છે.



આ સંસારમાં સ્ત્રી, પુત્રાદિનો સંબંધ જ બંધ છે, ભોગ જ રોગ છે, શરીર જ શત્રુ છે, લાંબી જિંદગી જ દુઃખ દે છે, અને તૃષ્ણારૂપી અગ્નિને અર્થે ધન એ ઇંધન છે. આ જીવને પ્રથમ તો જન્મ લેવો પડે છે, મધ્યમાં જરા અને અનેક રોગ છે અને અંતમાં દુષ્ટ મરણ છે. આ રીતે આ સંસારરૂપી સમુદ્રમાં ચક્રની પેઠે ફરવું પડે છે. ભોગોપભોગ કરનારને એ ભોગ સર્પની ફેણ સમાન છે, તેથી એ ભોગવવા યોગ્ય નથી, ભયંકર છે. આમ ભોગો વિષે જો વારંવાર વિચાર કરવામાં આવે તો તે મહા ભયંકર ભાસે.

સેવન કરેલા વિષયો વિષ સમાન વિષમ છે. જેમ પેટની અગ્નિને વધારનાર દવાઓથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, તે પ્રકારે જેમ જેમ આ ભોગોને ભોગવવાની ઇચ્છા સફળ થાય છે, તેમ તેમ તે તેજ થતી જાય છે. આ વિષયોથી તૃપ્તિ થતી નથી, એટલું જ નહીં, પણ તૃષ્ણા ઊલટી વધે છે. વિષની લતા જેવા સંસારને આશરો—આધાર આપનાર વૃક્ષ જેવા વિષયો છે. સ્ત્રીના શરીરથી ઉત્પન્ન થયેલી અને સ્નેહ (પ્રેમ-તેલ)થી વધેલી આ કામરૂપી અગ્નિ કામી લોકોને બાળી નાખ્યા વિના રહેતી નથી.

આ સર્વ ભોગો પ્રત્યે ભોગને અંતે અવશ્ય વૈરાગ્ય ઊપજે છે. બુદ્ધિમાન લોકોને તપશ્ચરણ ક્રિયા કરવી પડે છે, તે માત્ર વૈરાગ્ય સ્થિર કરવાનો એક ઉપાય છે. જોકે આ જીવ આ ભોગોથી અનેક વાર દુઃખ પામ્યો છે, તથાપિ તે ફરી તેના તે ભોગોની યાચના કરે છે. જેમ કોઈ માતા બાળકને પગનું પાટુ મારે, તોપણ બાળક ફરી તે માતાના પગને પકડે છે.

મને તો ખાત્રી છે કે ભોગ, આયુષ્ય, શરીર, સંપદામાં જે અસ્થિરતા છે, તે એક ભારે ગુણ છે. કેમકે જો એ સર્વ સ્થિર હોત તો આ જીવને મોક્ષ શી રીતે મળત? અને મોક્ષ વિના સુખ ક્યાંથી મળત? આ વિષયો શત્રુ સમાન છે, કેમકે શત્રુ જેમ પહેલાં વિશ્વાસ રખાવીને પછી પ્રાણ અને ધન હરણ કરી લે છે, તે પ્રમાણે આ વિષયો પણ પ્રથમ તો વિશ્વાસ ઉત્પન્ન કરાવે છે અને પછી પ્રાણ અને ધન હરી લે છે. આ વિષયોથી, કહો, કોને દુઃખ ન થાય?

આ પ્રાણી વિષયોમાં સુખ માની લે છે, તે આ વિષયોથી થતાં દુઃખનું જ માહાત્મ્ય છે. કેમકે આ જીવને કારેલું મીઠું લાગે છે, તે પહેલાં લાગેલી ભૂખનો પ્રભાવ છે. આ જીવ કલ્પિત જૂઠાં સુખથી સંતોષ પામી જવાથી જ આત્માથી ઉત્પન્ન થતા સુખથી વિમુખ રહ્યા કરે છે. તેથી આ જીવ ચણોઠીને અંગારા ગણી તેનાથી તાપનાર અને તેથી સંતોષ માનનાર વાંદરા જેવો છે. જેવી રીતે એ વાંદરાની ટાઢ જતી નથી, તેમ જૂઠાં સુખોમાં સંતોષ માની લેવાથી આ જીવને વાસ્તવિક સુખ મળતું નથી.

આ જીવને કર્મની નિર્જરા તો સદા થઈ રહી છે. પરંતુ તે નવીન બંધના નાશ વિના મોક્ષનું કારણ થતી નથી. તથા તે બંધનો નાશ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ—જે બંધનાં કારણ છે—તેનો નાશ કરવાથી થાય છે. તેથી સૌથી પહેલાં મિથ્યાત્વ આદિ બંધનાં કારણોનો નાશ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ સંસારરૂપી સમુદ્રમાં જેને પરિગ્રહના ગ્રહણ કરવારૂપ પિશાચ વળગેલો છે તેને, ભલા, મોક્ષ શી રીતે મળી શકે? તેનાથી શી રીતે સુખે જિવાય? તેને સુખ શી



રીતે મળે? તેને મતિ ક્યાંથી હોય? લક્ષ્મીના કટાક્ષરૂપી બાણથી ઘાયલ થયેલા વિદ્વાન લોક જાણે છે કે આ લક્ષ્મી, આ સંસાર અનિત્ય છે; તોપણ શું આ ભવ્ય (સુંદર) છે કે અભવ્ય છે એ સંશયમાં પડી જાય છે. આ શરીરરૂપી વૃક્ષ સ્ત્રીરૂપી અનેક લતાઓથી ઘેરાયેલું છે, તે સંસારરૂપી વનમાં જીર્ણ થઈ જઈ કાળરૂપી અગ્નિથી ભસ્મ થઈ જશે.

ધર્મના એક અંશથી જો મને આવું સુખ મળ્યું છે, તો ધર્મરૂપી અમૃતના સમુદ્રમાં જ વસવાથી જે અગાધ સુખ પ્રાપ્ત થાય તેની તો વાત જ શી કરવી? તેથી અવશ્ય અનંત સુખ મળશે. આ સંસાર રાગ દ્વેષ અને અજ્ઞાન સ્વરૂપ છે અને મોક્ષ તેથી વિપરીત છે, આમ વિદ્વાન લોક સદા દેખતા રહે તો મોક્ષ પામવામાં વાર ક્યાં લાગે એમ છે?''

[શ્રી જિનસેનાચાર્ય રચિત આદિપુરાણ, ઉત્તરખંડ પર્વ-૪૬]

## શિક્ષાપાઠ ૨૮. જિનદત્ત શેઠની ધર્મદૃઢતા અને અંજન ચોરનો ઉદ્ધાર, ભાગ–૧

એક ધન્વંતરી નામે રાજા હતો. વિશ્વાનુલોમ નામનો એક બ્રાહ્મણ તેનો મિત્ર હતો. તે જિનધર્મી રાજા યથાશક્તિ ગૃહસ્થ-ધર્મ આરાધી, મરણ કરી જ્યોતિષ્ક વિમાનોમાં અમિતપ્રભ નામે દેવ થયો. ત્યાં પણ તે ધર્માત્મા દેવને પોતાનો મિત્ર યાદ આવ્યો, એટલે તે બ્રાહ્મણ મરીને ક્યાં ઉત્પન્ન થયો છે તે અવધિજ્ઞાનથી જાણી, ઓછી ઋદ્ધિવાળો તે દેવ થયો હતો ત્યાં ગયો; તેને કહ્યું કે જિનધર્મનું માહાત્મ્ય મનુષ્યભવમાં હું કહેતો તે તેં માન્યું નહીં, તેથી આવા હલકા દેવ તરીકે તું ઉત્પન્ન થયો

છે. પરંતુ તેણે તે વાત માની નહીં અને કહ્યું કે તમે રાજા હતા તેથી વધારે દાન, પુણ્ય કરી શક્યા તેનું ફળ તમને આવું ઉત્તમ મળ્યું અને હું ગરીબ બ્રાહ્મણ તે થોડું દાનાદિ કરી શક્યો તેથી તેવી ઋદ્ધિ પામ્યો નથી. એમાં કંઈ ધર્મનું માહાત્મ્ય નથી; એમ વિદ્યુત્પ્રભ નામના દેવે કહ્યું.

પછી પોતપોતાના ધર્મની મહત્તા બતાવવા તે બન્ને દેવો મનુષ્ય લોકમાં આવ્યા. પહેલાં વિદ્યુત્પ્રભ જે બ્રાહ્મણનો જીવ હતો તે યમદગ્નિ નામના પોતાના ધર્મના બાળબ્રહ્મચારી ઋષિ પાસે અમિતપ્રભ દેવને લાવી બોલ્યો કે તમે આ ઋષિને ધ્યાનથી ચળાવો તો ખરા.

બન્ને દેવોએ ચકલા-ચકલીનું રૂપ લીધું અને તેની જટા ઉપર માળો કરીને રહ્યા. વિદ્યુત્પ્રભ ચકલો થયો હતો, તેણે કહ્યું કે 'મારે હિમાલય ઉપર ચકલાનું પંચ ભરાવાનું છે ત્યાં જવું છે.' અમિતપ્રભ ચકલી થયો હતો, તે કહે કે 'તમને ત્યાં નહીં જવા દઉં.' ચકલો કહે, 'કેમ?' ચકલી કહે, 'તમે બીજી ચકલી પરણી લાવો માટે.' ચકલો કહે, 'એમ નહીં કરું.' ચકલી કહે, 'હું કહું તેવા સોગન ખાઈને જાઓ તો જવા દઉં.' ચકલો કહે, 'તું કહે તેવા સોગન ખાઈશ. કહે!' ચકલી કહેઃ 'મેં સાંભળ્યું છે—

अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गं नैव च नैव च।
तस्मात् पुत्रमुखं दृष्ट्वा पश्चाद्धर्मं समाचरेत्॥

એટલે પુત્ર વિનાની ગતિ સુધરતી નથી, સ્વર્ગ પણ મળતું નથી. તેથી પુત્રના મુખને જોઈને પછી ધર્મ કરવો કહ્યો



છે. માટે આ ઋષિના તપ જેટલું મને પાપ લાગે એવા સોગન લો, તો જવા દઉં.' આમ બોલી તે દેવોએ જ્ઞાનથી જોયું તો મુનિનું મન પરણવાનું થયેલું દીઠું. તેથી તે બન્ને દેવો ત્યાંથી ચાલ્યા ગયા.

અમિતપ્રભ દેવ પછી રાજગૃહ નગરમાં વિદ્યુત્પ્રભ સાથે આવ્યો. ત્યાં જિનદત્ત નામનો સમ્યક્દૃષ્ટિ શેઠ હતો. તે ધર્માત્મા આઠમને દિવસે ઉપવાસ કરી રાત્રે સ્મશાનમાં કાયોત્સર્ગ ધ્યાને ઊભા હતા. અમિતપ્રભ દેવે કહ્યુંઃ 'હે વિદ્યુત્પ્રભ! અમારા સાધુ મહારાજની વાત તો દૂર રહી, પણ આ ગૃહસ્થ-ધર્મી મહાત્મા પોતાની શક્તિ અનુસાર ધર્મધ્યાનમાં લીન છે, તેમને તારી શક્તિ હોય તો ધ્યાનથી ચલાયમાન કરી દે.'

વિદ્યુત્પ્રભે આક્રોશ, બંધન, ભય, હાવભાવ વડે ચલાયમાન કરવા ભારે ઉપસર્ગ કર્યા. પરંતુ તે શેઠ પરમ વીતરાગદેવના ધ્યાનમાં તલ્લીન રહ્યા. શરીરનું થવું હોય તેમ થાઓ, ભલે દેહ છૂટી જાઓ, પરંતુ ભગવાનના ચરણકમળથી ચિત્તને દૂર કરવું નથી—એવો તેનો નિશ્ચય અડોલ રહ્યો. તે ધીરવીર શેઠ મુનિ સમાન પરિગ્રહ રહિત, જળ સમાન નિર્મલ અને સાગરસમ ગંભીર રહ્યા. આખી રાત ઉપસર્ગ કરવા છતાં તે ચલાયમાન ન થયા. વિદ્યુત્પ્રભે પોતાના ધર્મનું અભિમાન તજી જૈનધર્મની મહત્તા સ્વીકારી અને શેઠને ધન્યવાદ દેવા લાગ્યો.

સવારે બન્ને દેવોએ પ્રગટ થઈ, કાયોત્સર્ગ પૂર્ણ કરી વિશ્રાન્તિ અર્થે બેઠેલા તે શેઠને નમસ્કાર કર્યા અને ભક્તિપૂર્વક દિવ્ય વસ્ત્ર, આભૂષણ આપી, પોતાની બધી વાત

કહી બતાવી; અને આકાશગામિની વિદ્યા યાત્રાદિ ધર્મકાર્ય માટે આપી તથા કહ્યું કે પંચ નમસ્કાર મંત્ર દ્વારા આપની આજ્ઞાએ આરાધશે તેને પણ પુણ્યના ઉદયે આકાશગામિની વિદ્યા સિદ્ધ થશે. પછી દેવો સ્વસ્થાને ગયા.

જિનદત્ત પણ આકાશગામિની વિદ્યાના પ્રભાવે પૂજાની સામગ્રી લઈ મેરુ આદિ પર્વતો પર અકૃત્રિમ ચૈત્યાલયોની પૂજા કરવા રોજ જતા. તે શેઠના માળી સોમદત્તે શેઠજીને પૂછ્યું કે આપ રોજ પુષ્પાદિ લઈ ક્યાં જાઓ છો? એટલે દેવો સંબંધી વાત તેને કહી અને પૂજા અર્થે હું મેરુ આદિ સ્થળે જાઉં છું. તે સાંભળી સોમદત્તે વિનંતી કરી કે મને વિદ્યા સિદ્ધ થાય તેવી આજ્ઞા જણાવો તો હું પણ આપની સાથે પુષ્પ લઈ રોજ આવું. તેથી શેઠે તેને જણાવ્યું કે કાળી ચૌદશને દિવસે જંગલમાં જઈ વડની એક ડાળે ૧૦૮ દોરડીઓ વડે એક ટોપલી બાંધજે. તેની નીચે જમીનમાં ભાલા, તરવાર, બાણ વગેરે હથિયાર ઊંચી અણી રહે તેવી રીતે દાટજે. ઝાડ ઉપર ચઢી નવકાર મંત્ર બોલી એક એક દોરડી કાપજે. બધી દોરડી છેદાશે એટલે આકાશગામિની વિદ્યા પ્રગટ થશે. તે સાંભળી તે બહુ રાજી થયો અને શેઠનો ઉપકાર માન્યો.

ચૌદશ આવી એટલે શેઠના કહ્યા પ્રમાણે બધી તૈયારી કરી ઝાડ ઉપર ચઢી તરવાર લઈ ટોપલીમાં બેઠો પણ દોરડી છેદતાં ડર લાગ્યો કે જો નીચે પડીશ તો જીવતો નહીં રહું. તેથી પાછો નીચે ઊતરી પડ્યો. વળી હિંમત કરીને ફરી ચઢ્યો, પણ હથિયાર નીચે પોતે જ દાટ્યાં છે, તે સાંભરતાં મન પાછું પડવાથી નીચે ઊતરી ગયો. વળી વિચાર આવ્યો કે



શેઠ જૂઠું ન કહે, વિદ્યા સિદ્ધ થશે એમ જાણી ઉપર ચઢ્યો, વળી કંપારી છૂટતાં ઊતરી ગયો. આમ અનેક વખત ચઢ-ઊતર કરતો હતો.

---

## શિક્ષાપાઠ ૨૯. જિનદત્ત શેઠની ધર્મદૃઢતા અને અંજન ચોરનો ઉદ્ધાર, ભાગ–૨

એ વખતે રાજગૃહ નગરમાં પ્રજાપાલ રાજા રાજ્ય કરતો હતો. તેને કનકાવતી નામે રાણી હતી. તેના ગળામાં બહુ સુંદર રત્નોનો હાર હતો. તે જોઈ એક વેશ્યાને વિચાર આવ્યો કે આ હાર વિના મારું જીવ્યું વ્યર્થ છે. તે રાત્રે અંજન નામનો ચોર વેશ્યાને ત્યાં આવ્યો, તેને તેણે કહ્યું કે રાજમહેલમાંથી કનકાવતી રાણીનો રત્નોનો હાર લાવો તો તમે મારા સ્વામી બનો. વેશ્યાની વાત સાંભળી એક પ્રકારનું એવું અંજન પોતાની આંખમાં તેણે આંજ્યું કે તેથી તેને કોઈ જોઈ ન શકે પણ તે બધું જોઈ શકે. રાજમહેલમાંથી હાર લઈ નિર્ભયપણે તે ચાલતો થયો. તે હારનાં રત્નો બહુ ચળકતાં હતાં તેથી કોટવાળ અને રખવાળોને સંદેહ પડ્યો; કંઈ ચળકાટ જણાય છે તેની તપાસ કરવી એમ જાણી તે પાછળ થયા. અંજન ચોરને પણ ખબર પડી કે પાછળ સિપાઈઓ આવે છે તેથી નજર ચુકાવી ગામ બહાર સ્મશાન તરફ ગયો. ત્યાં સોમદત્ત માળી વડ ઉપર ચઢતો-ઊતરતો હતો. તેને તેણે પૂછ્યું કે આમ શા માટે કરે છે? તેણે બધી વાત જણાવી અને પોતાની હિંમત ચાલતી નથી તેથી તે ઊતરી પડે છે, એમ પણ જણાવ્યું. એટલે ચોરે કહ્યું કે લે આ હાર અને મને કહે કે એ

મંત્ર કહેનાર સાચો ધર્માત્મા હતો કે નહીં? એટલે માળીએ કહ્યું કે તે સાચા પુરુષ છે, મારી નજરે તેમને આકાશમાં જતા મેં જોયા છે. તે શેઠ પર અંજન ચોરને વિશ્વાસ બેઠો. તેથી વડ પર ચઢી, ટોપલીમાં બેસી નવકારમંત્ર બોલી એકી સાથે ૧૦૮ દોરડીઓ કાપી નાખી એટલે ટોપલી નીચે પડવા લાગી; ત્યાં તો આકાશગામિની વિદ્યા પ્રગટ થઈ અને બોલી કે 'હે સ્વામી! હું આપનું શું કામ કરું? કૃપા કરી મને આજ્ઞા આપો.'

ત્યારે અંજન ચોરે કહ્યું કે અત્યારે મને જિનદત્ત શેઠ હોય ત્યાં લઈ જા. તે સાંભળી વિદ્યાદેવીએ વિમાન બનાવ્યું. તેમાં તેને બેસારી આકાશમાર્ગે સુદર્શનમેરુના ચૈત્યાલયમાં લઈ ગઈ અને શેઠની સામે તેને જમીન ઉપર ઉતાર્યો. અંજન ચોર સુવર્ણ અને રત્નોથી બનેલા અકૃત્રિમ ચૈત્યાલયને દેખીને બહુ પ્રસન્ન થયો. અત્યંત ભક્તિથી ભગવાન અરિહંત દેવને નમસ્કાર કરી જિનદત્ત શેઠ પાસે આવી તેને નમસ્કાર કર્યા. પછી તે બોલ્યોઃ 'હે સ્વામી! આપની કૃપાથી મને વિદ્યાની સિદ્ધિ થઈ, તેમ આ લોક પરલોક બન્ને સુધારનાર ધર્મ મને બતાવો.' તે સાંભળી શેઠ અંજન ચોરની સાથે પાસે જ ચોગાનમાં બિરાજમાન ચારણ મુનિઓ સમીપ ગયા. બન્નેએ મુનિવરોને નમસ્કાર કર્યા અને બેઠા; તથા ધર્મનું સ્વરૂપ પૂછ્યું. મોટા મુનિ મહારાજે બન્નેને મુનિ તથા ગૃહસ્થના ધર્મ સંબંધી સંક્ષેપમાં મધુર વાણીથી કરુણા કરી કહ્યું. તે સાંભળી અંજન ચોરે દીક્ષા લેવાના ભાવ દર્શાવ્યા. તે ઉપરથી મુનિરાજે પ્રસન્ન થઈને જણાવ્યું કે 'હે ભદ્ર! તેં બહુ સારો વિચાર કર્યો છે, કારણકે હવે થોડા જ દિવસ તારું આયુષ્ય બાકી છે; તેથી



તપશ્ચરણ કરવું જ ઉત્તમ છે.' પછી તે દીક્ષા ધારણ કરી ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા. એક અઠવાડિયામાં અંજન મુનિરાજે શુક્લ ધ્યાનથી ઘાતિયાં કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટાવ્યું અને થોડા જ કાળમાં શેષ ચાર કર્મ ખપાવી ઇંદ્ર, નરેન્દ્ર વડે પૂજિત તે મુનિવર કૈલાસ પર્વત પરથી મોક્ષે પધાર્યા.

---

## શિક્ષાપાઠ ૩૦. સત્ય બોલવા વિષે

''વસ્તુનું યથાર્થ સ્વરૂપ જેવું જાણવું, અનુભવવું તેવું જ કહેવું તે સત્ય બે પ્રકારે છે. 'પરમાર્થસત્ય અને વ્યવહારસત્ય.'

'પરમાર્થસત્ય' એટલે આત્મા સિવાય બીજો કોઈ પદાર્થ આત્માનો થઈ શકતો નથી, એમ નિશ્ચય જાણી, ભાષા બોલવામાં વ્યવહારથી દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ આદિ વસ્તુઓના પ્રસંગમાં બોલતાં પહેલાં એક આત્મા સિવાય બીજું કાંઈ મારું નથી, એ ઉપયોગ રહેવો જોઈએ.

અન્ય આત્માના સંબંધી બોલતાં આત્મામાં જાતિ, લિંગ અને તેવા ઔપચારિક ભેદવાળો તે આત્મા ન છતાં માત્ર વ્યવહારનયથી કાર્યને માટે બોલાવવામાં આવે છે; એવા ઉપયોગ પૂર્વક બોલાય તો તે પારમાર્થિક સત્ય ભાષા છે એમ સમજવાનું છે.

૧. દૃષ્ટાંત : એક માણસ પોતાના આરોપિત દેહની, ઘરની, સ્ત્રીની, પુત્રની કે અન્ય પદાર્થની વાત કરતો હોય તે વખત સ્પષ્ટપણે તે તે પદાર્થથી વક્તા હું ભિન્ન છું, અને તે મારાં નથી, એમ સ્પષ્ટપણે બોલનારને ભાન હોય તો તે સત્ય કહેવાય.

૨. દૃષ્ટાંત : જેમ કોઈ ગ્રંથકાર શ્રેણિકરાજા અને ચેલણા રાણીનું વર્ણન કરતો હોય; તો તેઓ બન્ને આત્મા હતા અને માત્ર શ્રેણિકના ભવ આશ્રયી તેમનો સંબંધ, અગર સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય વગેરેનો સંબંધ હતો; તે વાત લક્ષમાં રાખ્યા પછી બોલવાની પ્રવૃત્તિ કરે એ જ પરમાર્થસત્ય.

વ્યવહારસત્ય આવ્યા વિના પરમાર્થસત્ય વચન બોલવાનું બને તેમ ન હોવાથી વ્યવહારસત્ય નીચે પ્રમાણે જાણવાનું છે.

જેવા પ્રકારે વસ્તુનું સ્વરૂપ જોવાથી, અનુભવવાથી, શ્રવણથી અથવા વાંચવાથી આપણને અનુભવવામાં આવ્યું હોય તેવા જ પ્રકારે યથાતથ્યપણે વસ્તુનું સ્વરૂપ કહેવું અને તે પ્રસંગે વચન બોલવું તેનું નામ વ્યવહારસત્ય.

દૃષ્ટાંત : જેમ કે અમુક માણસનો લાલ અશ્વ જંગલમાં દિવસે બાર વાગ્યે દીઠો હોય, અને કોઈના પૂછવાથી તે જ પ્રમાણે યથાતથ્ય વચન બોલવું તે વ્યવહારસત્ય. આમાં પણ કોઈ પ્રાણીના પ્રાણનો નાશ થતો હોય, અગર ઉન્મત્તતાથી વચન બોલાયું હોય, યદ્યપિ ખરું હોય તોપણ અસત્યતુલ્ય જ છે એમ જાણી પ્રવર્તવું. સત્યથી વિપરીત તેને અસત્ય કહેવાય છે.......

'મુનિ' એ નામ પણ આ પૂર્વોક્ત રીતે વિચારીને વચન બોલવાથી સત્ય છે. ઘણું કરીને પ્રયોજન વિના બોલવું જ નહીં તેનું નામ મુનિપણું. રાગદ્વેષ ને અજ્ઞાન વિના યથાસ્થિત વસ્તુનું સ્વરૂપ કહેતાં બોલતાં છતાં પણ મુનિપણું-મૌનપણું જાણવું. પૂર્વ તીર્થંકરાદિ મહાત્માઓએ આમ જ વિચાર કરી મૌનપણું ધારણ કરેલું; અને સાડાબાર વર્ષ લગભગ મૌનપણું



ધારણ કરનાર ભગવાન વીરપ્રભુએ આવા ઉત્કૃષ્ટ વિચારે કરી આત્મામાંથી ફેરવી ફેરવીને મોહનીયકર્મનો સંબંધ કાઢી નાંખી કેવળજ્ઞાનદર્શન પ્રગટ કર્યું હતું.

આત્મા ધારે તો સત્ય બોલવું કંઈ કઠણ નથી. વ્યવહાર-સત્યભાષા ઘણી વાર બોલવામાં આવે છે, પણ પરમાર્થસત્ય બોલવામાં આવ્યું નથી; માટે આ જીવનું ભવભ્રમણ મટતું નથી. સમ્યક્ત્વ થયા બાદ અભ્યાસથી પરમાર્થસત્ય બોલવાનું થઈ શકે છે; અને પછી વિશેષ અભ્યાસે સહજ ઉપયોગ રહ્યા કરે છે.

અસત્ય બોલ્યા વિના માયા થઈ શકતી નથી. વિશ્વાસ-ઘાત કરવો તેનો પણ અસત્યમાં સમાવેશ થાય છે. ખોટા દસ્તાવેજો કરવા તે પણ અસત્ય જાણવું. અનુભવવા યોગ્ય પદાર્થનું સ્વરૂપ અનુભવ્યા વિના અને ઇંદ્રિયથી જાણવા યોગ્ય પદાર્થનું સ્વરૂપ જાણ્યા વિના ઉપદેશ કરવો તે પણ અસત્ય જાણવું. તો પછી તપપ્રમુખ માનાદિની ભાવનાથી કરી, આત્મહિતાર્થ કરવા જેવો દેખાવ, તે અસત્ય હોય જ એમ જાણવું.

અખંડ સમ્યક્દર્શન આવે તો જ સંપૂર્ણપણે પરમાર્થસત્ય વચન બોલી શકાય; એટલે કે તો જ આત્મામાંથી અન્ય પદાર્થ ભિન્નપણે ઉપયોગમાં લઈ વચનની પ્રવૃત્તિ થઈ શકે.

કોઈ પૂછે કે લોક શાશ્વત કે અશાશ્વત તો ઉપયોગપૂર્વક ન બોલતાં, 'લોક શાશ્વત' કહે તો અસત્ય વચન બોલાયું એમ થાય. તે વચન બોલતાં લોક શાશ્વત કેમ કહેવામાં આવ્યો, તેનું કારણ ધ્યાનમાં રાખી તે બોલે તો તે સત્ય ગણાય.

આ વ્યવહારસત્યના પણ બે વિભાગ થઈ શકે છે, એક સર્વથા પ્રકારે અને બીજો દેશથી.

નિશ્ચયસત્ય પર ઉપયોગ રાખી, પ્રિય એટલે જે વચન અન્યને અથવા જેના સંબંધમાં બોલાયું હોય તેને પ્રીતિકારી હોય; અને પથ્ય, ગુણકારી હોય એવું જ સત્ય વચન બોલનાર સર્વવિરતિ મુનિરાજ પ્રાયે હોઈ શકે છે.

સંસાર ઉપર અભાવ રાખનાર હોવા છતાં પૂર્વકર્મથી, અથવા બીજા કારણથી સંસારમાં રહેનાર ગૃહસ્થે દેશથી સત્ય વચન બોલવાનો નિયમ રાખવા યોગ્ય છે. તે મુખ્ય આ પ્રમાણે—

(૧) કન્યાલીક, મનુષ્યસંબંધી અસત્ય;

(૨) ગોવાલીક, પશુસંબંધી અસત્ય;

(૩) ભૌમાલીક, ભૂમિસંબંધી અસત્ય;

(૪) ખોટી સાક્ષી, અને

(૫)થાપણમૃષા એટલે વિશ્વાસથી રાખવા આપેલા દ્રવ્યાદિ પદાર્થ તે પાછા માંગતા, તે સંબંધી ઇનકાર જવું તે.

આ પાંચ સ્થૂળ પ્રકાર છે. આ સંબંધમાં વચન બોલતાં પરમાર્થ સત્ય ઉપર ધ્યાન રાખી, યથાસ્થિત એટલે જેવા પ્રકારે વસ્તુઓનાં સમ્યક્ સ્વરૂપ હોય તેવા પ્રકારે જ કહેવાનો નિયમ તેને દેશથી વ્રત ધારણ કરનારે અવશ્ય કરવા યોગ્ય છે. આ કહેલા સત્ય વિષે ઉપદેશ વિચારી તે ક્રમમાં અવશ્ય આવવું એ જ ફળદાયક છે.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશનોંધ-૩૪, ખંભાતમાં કરેલા ઉપદેશનો સાર)



''કાલિકાચાર્યને દુરાત્મા દત્તરાજાએ યજ્ઞનું ફળ પૂછ્યું ત્યારે તેમણે રાજાની બીક વિના સીધું કહી દીધું કે 'નરક!' પછી રાજાએ તેમને કેદમાં નંખાવ્યા અને તે તેમને મારી પણ નંખાવત; છતાં આચાર્ય જૂઠું ન બોલ્યા. પરંતુ વસુરાજા ગુરુપત્નીના આગ્રહથી નારદ અને પર્વતના વિવાદમાં જૂઠું બોલ્યો, તેથી નરક પામ્યો.'' (યોગશાસ્ત્ર—શ્રી હેમચંદ્રાચાર્ય કૃત)

---

## શિક્ષાપાઠ ૩૧. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૧

જનક રાજાએ એક વખતે રાજસભામાં વિચાર જણાવ્યો કે સગર રાજા યજ્ઞ કરીને સ્વર્ગે જતાં પ્રાણીઓને જોતો હતો, તેવો યજ્ઞ આપણે કરવો. ત્યારે પ્રધાનોએ જણાવ્યું કે તેમાં વિઘ્નો ઘણાં નડે છે. પણ જો શ્રી રામચંદ્ર આવે તો વિઘ્નો દૂર કરે, તેવા તે પરાક્રમી છે; તો સીતાને પરણાવવાનું ધારી તેમને બોલાવવા. તે પ્રમાણે વિચાર કરી જનક રાજાએ દૂતને અયોધ્યા મોકલ્યો. તેનો લાવેલો પત્ર દશરથ રાજાએ વાંચ્યો. પછી યજ્ઞ વિષે સભામાં ચર્ચા થઈ.

એક અતિશયમતિ નામના ડાહ્યા પ્રધાને હિંસક યજ્ઞોની વિરુદ્ધ પોતાનો મત કારણો બતાવી જણાવ્યો. હિંસક યજ્ઞ અનાર્યો કરે છે. આર્યો તો બે પ્રકારના યજ્ઞ કરે છેઃ મુનિઓ ક્રોધાગ્નિમાં ક્ષમા હોમીને, કામાગ્નિમાં વૈરાગ્ય હોમીને, અને ઉદરાગ્નિમાં અનશન (ઉપવાસ) હોમીને યજ્ઞ કરે છે. ગૃહસ્થો અરિહંત અને સિદ્ધ ભગવંતની પૂજા-પ્રભાવનાના ઉત્સવરૂપ અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુવર્ગની સેવાભક્તિરૂપ યજ્ઞો

કરે છે. સગર રાજાએ હિંસામય યજ્ઞ કેમ શરૂ કર્યો તેની કથા સાંભળોઃ—

આ ભરતક્ષેત્રના ચારણયુગલ નામના નગરમાં સુયોધન નામે રાજા હતો. તેને અતિથિ નામે પટરાણી હતી. તેમને સુલસા નામે કુંવરી હતી. તેના સ્વયંવર માટે ઘણા રાજાઓને દૂતો મોકલી નોતર્યા હતા. અયોધ્યાનો રાજા સગર પણ આવવા તૈયાર થતો હતો; તેવામાં તેના માથામાં તેલ નાખનારે એક ધોળો મોટો વાળ બતાવ્યો. તેથી તેના મનમાં વૈરાગ્ય ઊપજ્યો અને સ્વયંવરમાં જવાનો વિચાર પાછો પડ્યો. તેની મંદોદરી નામે ધાવમાતા બહુ ચતુર હતી. તેણે તે વાત જાણી કે સગર પાસે આવી તે કહેવા લાગી, 'આ નવો સફેદ વાળ તો આપને કોઈ પવિત્ર વસ્તુની પ્રાપ્તિની સૂચનારૂપ શુભ શુકન દર્શાવે છે.' એમ કહી તેણે તેનું મન ફેરવી નાખ્યું. તે જ વખતે વિશ્વભૂ નામનો મંત્રી આવ્યો અને રાજાને સમજાવવા લાગ્યો કે કોઈ પણ રીતે સુલસા અન્ય રાજાઓને તજીને આપના ઉપર પ્રીતિ કરે તેવી રીતે મારી ચતુરાઈથી બધું કામ હું ગોઠવીશ. તેથી સગર રાજા બહુ પ્રસન્ન થયો. થોડા દિવસમાં સૈન્ય સાથે તે સુયોધન રાજાને ત્યાં પહોંચી ગયો.

ધાવ મંદોદરી રોજ સુલસા પાસે જતી અને તેને સગર રાજા વિષે આકર્ષક વાતો કહેતી. સુલસાની અતિથિ નામની માતાનો ભાઈ તૃણપિંગલ રાજા બાહુબલીના વંશનો હતો. તેની રાણી સર્વયશા દેવીનો પુત્ર મધુપિંગલ પણ સ્વયંવરમાં આવ્યો હતો; તે વરવા યોગ્ય છે, એમ અતિથિ રાણી કુંવરીને સમજાવતી હતી. પણ મંદોદરીની વાત સુલસાને ગમે છે એમ



જાણી મંદોદરીને આવવાની રાણીએ મનાઈ કરી તેથી સગરે પોતાના મંત્રીને તે વાત જણાવી.

વિશ્વભૂ મંત્રીએ 'સ્વયંવર વિધાન' નામે એક શાસ્ત્ર રચી, જૂનું જણાય તેવું બનાવી, વનમાં દાટ્યું; અને જંગલમાંથી ખોદતાં એક પુરાણું શાસ્ત્ર હાથ લાગ્યું છે, એમ જાહેર કરી, બધા રાજકુમારોની સભામાં લાવી વાંચી સંભળાવ્યું. તેમાં એવું આવ્યું કે જેની માંજરી પીળી આંખો હોય તે સ્વયંવરમાં આવે તો કન્યાનું મરણ થાય કે કન્યા રાંડે; માટે સ્વયંવર મંડપમાં તો શું, પણ નગરમાં પણ સ્વયંવર વખતે તેવા માણસને પ્રવેશવા કે રહેવા દેવો ન જોઈએ. આ વાત મધુપિંગલે પણ સાંભળી તેથી તે લજ્જા પામી પોતાની મેળે નગર છોડી જંગલમાં ચાલ્યો ગયો; અને હરિષેણ ગુરુ પાસે દીક્ષા લીધી.

આ વાત જાણી સગર રાજા ઘણો પ્રસન્ન થયો અને વિશ્વભૂ તથા બીજા માયાવી લોકોને પણ હર્ષ થયો. પણ મધુપિંગલનાં સગાંવહાલાં તથા બીજા સજ્જન લોકોને પણ એ વખતે કંઈક દુઃખ લાગ્યું. પોતાનો અભિપ્રાય ગમે તે પ્રકારે સિદ્ધ કરનાર લોક લુચ્ચાઈ વડે બંધાતાં મહાપાપને જોઈ શકતા નથી.

સુયોધન રાજાએ આઠ દિવસ સુધી જિનેન્દ્ર મહાપૂજાનો મહોત્સવ કરી અંતે અભિષેક કર્યો. પછી ઉત્તમ કન્યા સુલસાને સ્નાન કરાવી, આભૂષણ પહેરાવી શુદ્ધ તિથિ, વાર આદિ જોઈ અનેક યોદ્ધાથી ઘેરાયેલા રથમાં બેસારી પુરોહિત એને સ્વયંવર મંડપમાં લાવ્યો. ત્યાં અનેક રાજાઓ સુંદર આસનો પર બિરાજ્યા હતા; તેમનાં કુળ, જાતિ આદિ જુદાં જુદાં નામ

કહીને અનુક્રમે તે તેને દેખાડવા લાગ્યો. પરંતુ અયોધ્યાના રાજા સગર ઉપર આસક્ત હોવાથી, તેણે બધાને છોડીને સગરના ગળામાં માળા પહેરાવી. બીજા રાજાઓ ઈર્ષા તજીને સંતોષથી કહેવા લાગ્યા કે બન્નેનો સમાગમ તેમના રૂપ પ્રમાણે પ્રારબ્ધાનુસાર ઠીક થયો. પછી વિવાહવિધિ પૂર્ણ કરી, થોડા દિવસ સગર રાજા ત્યાં જ રહ્યો. પછી અયોધ્યામાં આવી વૈભવ ભોગવતો રહેવા લાગ્યો.

હવે મધુપિંગલ સાધુ સંયમ ધારણ કરીને વિચરે છે. એક દિવસ ભિક્ષાર્થે તે કોઈ નગરમાં જતો હતો. તેને જોઈને એક જોષી બીજા જોષીને કહેવા લાગ્યો કે આ સાધુને રાજાનાં ચિહ્ન છે અને આમ ભિક્ષુક બન્યો છે, તો જ્યોતિષ શાસ્ત્ર શા કામનું ગણાય? વળી લક્ષણ શાસ્ત્રની પણ નિંદા કરવા લાગ્યો. તે સાંભળી બીજો જોષી કહેવા લાગ્યો કે એ પહેલાં રાજ્યલક્ષ્મી ભોગવતો હતો પરંતુ રાજા સગરના મંત્રી વિશ્વભૂએ જૂઠું, બનાવટી શાસ્ત્ર બનાવી એને ઠગ્યો છે; તેથી લજ્જા પામી તેણે દીક્ષા લીધી છે. તેના જવાથી સુલસા સગર રાજાને પરણી.

આ વાત સાધુ મધુપિંગલે સાંભળી કે તેને અત્યંત ક્રોધ ચડ્યો અને તે દુર્બુદ્ધિએ નિદાન (નિયાણું) કર્યું કે હું આ તપશ્ચર્યાના ફળથી બીજા જન્મે સગરના સર્વ વંશનો ઉચ્છેદ કરનાર થાઉં. મરીને તે અસુરેન્દ્રની પહેલી મહિષ જાતિની સેનાની કક્ષામાં ચોસઠ હજાર અસુરોનો નાયક મહાકાલ નામનો દેવ થયો. તે ઉત્પન્ન થયો ત્યારે તેના સેવક દેવો તેને ઘેરીને ઊભા હતા. તે દેખીને તેને વિચાર થયો કે શું કરવાથી હું આ સ્વર્ગલોક પામ્યો? વિભંગ(કુઅવધિ)જ્ઞાનરૂપ ઉપયોગથી



તેને પ્રથમના ભવની બધી માહિતી થઈ ગઈ. તેથી તે પાપીનું હૃદય ક્રોધાગ્નિથી ધૂંધવાઈ ઊઠ્યું તથા સગર અને તેના પ્રધાન પ્રત્યેનું વેર વધી પડ્યું. તે બન્નેને મારવાની જ ઇચ્છા ન કરી, પરંતુ તે બન્ને પાસે કોઈ મહા ભારે પાપ કરાવવાની ઇચ્છા કરી, તેનો ઉપાય તે વિચારવા લાગ્યો.

આ જીવ પોતાનાં મોટાં મોટાં પાપોનો પણ વિચાર કરતો નથી, એ જ એની મૂર્ખતા છે. તે મૂઢતાને ધિક્કાર છે! પોતાનો અભિપ્રાય સિદ્ધ કરવાના વિચારમાં મહાકાળ રહ્યો છે, તેવામાં તેના વિચારમાં સહાય કરનાર એક બીજી વાત બની, તે આ પ્રમાણે છે–

## શિક્ષાપાઠ ૩૨. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૨

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ધવલદેશની સ્વસ્તિકા નામની નગરીનો હરિવંશમાં ઉત્પન્ન થયેલો રાજા વિશ્વાવસુ રાજ્ય ચલાવતો હતો; તેની પટ્ટરાણી શ્રીમતીનો પુત્ર વસુકુંવર એ જ નગરમાં ક્ષીરકદંબ નામના વિદ્વાન બ્રાહ્મણ અધ્યાપકને ત્યાં ભણતો હતો. તેની સાથે અધ્યાપકનો પુત્ર પર્વત તથા પરદેશથી ભણવા આવેલો નારદ નામનો વિદ્યાર્થી પણ ભણતા હતા. એ ત્રણેમાં પર્વત નિર્બુદ્ધિ હતો તથા મોહકર્મના ઉદયથી વિપરીત અર્થ ગ્રહણ કરનાર હતો; અને બાકીના બે યથાર્થ અર્થ ગ્રહણ કરનાર હતા.

એક દિવસે ત્રણે જણ ઉપાધ્યાયની સાથે દાભ આદિ લેવા વનમાં ગયા હતા. ત્યાં અચળ નામની શિલા ઉપર

શ્રુતધર નામના મુનિ બિરાજેલા હતા. તેમની પાસે બીજા ત્રણ મુનિઓ (શિષ્યો) ગુરુ પાસેથી અષ્ટાંગ નિમિત્ત-શાસ્ત્ર સાંભળી પ્રશંસા કરતા બેઠા હતા.

તેમણે યથાર્થ તે શાસ્ત્ર ધારણ કર્યું છે કે નહીં તેની પરીક્ષા કરી જોવા શ્રુતધર મુનિરાજ ત્રણે મુનિઓને કહેવા લાગ્યા કે આ ત્રણ વિદ્યાર્થીઓનાં નામ, કુળ, પરિણામ અને ગતિ તમે ત્રણે અનુક્રમે કહો. આત્માને જાણનાર એક મુનિ કહેવા લાગ્યા કે ''હે મહારાજ! આ મારી સમીપ છે તે રાજાનો પુત્ર વસુકુમાર છે, તીવ્ર રાગાદિ દોષોથી દૂષિત છે અને હિંસા-ધર્મ પર વિશ્વાસ રાખીને અંતે તે નરકે જશે.''

બીજા મુનિ બોલ્યા કે ''આ વચલા વિદ્યાર્થીનું નામ પર્વત છે, તે બ્રાહ્મણનો પુત્ર છે, તે દુર્બુદ્ધિ છે, ક્રૂર છે. મહાકાલ નામના દેવના ઉપદેશથી અથર્વણ નામનું પાપશાસ્ત્ર ભણી કુમાર્ગનો ઉપદેશ દેશે તથા એ મૂર્ખ હિંસાને ધર્મ માની સદા રૌદ્રધ્યાનમાં લીન રહેશે, એથી લોકોમાં અનેક પાપપ્રવૃત્તિ કરાવી પોતે નરકમાં પડશે.''

પછી ત્રીજા મુનિ બોલ્યા કે ''જે આ સૌની પાછળ બેઠો છે, તેનું નામ નારદ છે, તે બ્રાહ્મણ છે, બુદ્ધિશાળી છે, ધર્મધ્યાનમાં સદા લીન રહે છે; પોતાના આશ્રિતોને અહિંસારૂપ ધર્મનું પ્રતિપાદન કરી, ગિરિતટ નામના નગરનો સ્વામી થઈ પરિગ્રહનો ત્યાગ કરી તપશ્ચરણ ધારણ કરી મરીને અનુત્તર વિમાનમાં અહમિંદ્ર થશે.'' એ સાંભળીને ગુરુ મહારાજ ત્રણે શિષ્યોનાં વખાણ કરવા લાગ્યા, કે તમે બધાએ મારો કહેલો



ઉપદેશ બરાબર સાંભળ્યો છે અને ધારણ કર્યો છે.

આ બધી વાતો ક્ષીરકદંબ ઉપાધ્યાય પાસેના ઝાડને ઓથે રહીને સાંભળતા હતા. તેથી તે વિચારવા લાગ્યા કે કર્મની લીલા બહુ વિચિત્ર છે. આ બન્નેનું બૂરું થવાનું છે. મને ધિક્કાર છે. હવે મારે શું કરવું? એમ વિચારી બહુ ભક્તિપૂર્વક એ મુનિઓને નમસ્કાર કરી તે ઉદાસ દિલે વિદ્યાર્થીઓ સાથે નગરમાં આવ્યા. એક વર્ષ પછી શાસ્ત્રાભ્યાસ પૂરો થવાથી અને ઉંમરલાયક થવાથી વિશ્વાવસુ વસુને માથે પટ્ટ બાંધીને, દીક્ષા લઈ પોતે તપશ્ચરણ કરવા લાગ્યો. રાજા વસુ નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યો.

એક દિવસે વસુ રાજા વનક્રીડા માટે જંગલમાં ગયો; ત્યાં એમ દીઠું કે આકાશમાર્ગે ઊડતાં ઘણાં પક્ષી ટક્કર ખાઈને નીચે પડી જતાં; તે જોઈને તેને નવાઈ લાગી કે તેનું કારણ કંઈ હોવું જોઈએ, એમ સમજીને તે દિશામાં તેણે ધનુષ્ય પર ચઢાવીને બાણ ફેંક્યું. તે બાણ પણ અથડાઈને નીચે પડ્યું, તેથી સારથિની સાથે તે જગ્યાએ પોતે ગયો, અને હલાવવા લાગ્યો, તો માલૂમ પડ્યું કે કોઈની નજરે દેખી ન શકાય તેવો એ આકાશ-સ્ફટિક સ્તંભ છે. તે થાંભલાને એ ઘેર લાવ્યો અને તેના ચાર મોટા મોટા પાયા બનાવ્યા અને તે પર એક સિંહાસન બનાવી તેના ઉપર તે બિરાજમાન થયો. અનેક રાજા તેની સેવા કરનાર હતા અને અનેક લોકો તેની ઉન્નતિનાં વખાણ કરતા કે રાજા વસુ સત્યના પ્રભાવે અધ્ધર સિંહાસન પર બેસે છે.

---

## શિક્ષાપાઠ ૩૩. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૩

નારદ અને પર્વત એક દિવસ સમિધ (યજ્ઞનાં કાષ્ઠ) અને ફૂલ લેવા વનમાં ગયા હતા. તેમણે માર્ગમાં દીઠું કે કેટલાક મોર નદીના પ્રવાહમાં પાણી પીને પાછા વળે છે. તે દેખીને નારદે કહ્યું કે હે પર્વત! પેલા ટોળામાં એક મોર અને બાકીની ઢેલો (મોર માદાઓ કે મોરડીઓ) છે. એ સાંભળી પર્વતે કહ્યું કે ના, એ વાત જૂઠી છે. થોડે દૂર જઈને જોયું તો પર્વતને નારદની તે વાત સાચી લાગી.

થોડી વાર પછી નારદે ફરી કહ્યું કે આ માર્ગે થઈને એક ડાબી આંખે કાણી હાથણી ગઈ છે. તેના ઉપર એક ગર્ભિણી સ્ત્રી બેઠેલી હતી, તેણે ધોળી સાડી પહેરેલી હતી અને તેને આજે પુત્ર જન્મશે. નારદની આ વાત સાંભળીને પર્વત કહેવા લાગ્યો કે જેમ આંધળો સાપ દરમાં પેસી જાય, તેમ પહેલું કહેલું તો અકસ્માત્ ખરું પડી ગયું; પરંતુ આ તમારું વિજ્ઞાન તો હાંસીને પાત્ર છે. મને શી ખાતરી થાય? એમ બોલી તે હસ્યો અને ઈર્ષા સાથે આશ્ચર્ય પામ્યો. નારદને જૂઠો ઠરાવવા તે હાથીને પગલે પગલે ચાલ્યો અને દીઠું કે નારદે કહ્યું હતું તે બધું સત્ય છે.

શોક કરતો તે ઘેર આવ્યો ને નારદે કહેલું બધું તેની માતા સ્વસ્તિમતિને તેણે કહ્યું અને સમજાવી કે પિતાજીએ નારદને શાસ્ત્ર ભણાવ્યું તેવું મને ન ભણાવ્યું, તેથી પિતાને મારી દરકાર નથી. આમ વિપરીત સમજણરૂપ પાપથી પુત્રનાં વચન માતાના હૃદયમાં બાણની પેઠે પેસી ગયાં; ને તે બ્રાહ્મણી શોક કરવા લાગી.



બ્રાહ્મણ જ્યારે ભોજન કરવા આવ્યો, ત્યારે પર્વતની કહેલી બધી વાત તેણે પતિને કહી સંભળાવી. એ સાંભળીને તે બુદ્ધિમાન વિદ્વાન કહેવા લાગ્યો કે હું તો બધાને સરખો ઉપદેશ આપું છું. પરંતુ દરેકની બુદ્ધિ જુદી જુદી હોય છે, તેથી નારદ હોશિયાર થયો છે. તારો પુત્ર સ્વભાવથી મંદ છે, તેથી ઈર્ષા ન કરવી જોઈએ.

એ વાતનો નિશ્ચય કરાવવા ક્ષીરકદંબે પોતાના પુત્રના દેખતાં નારદને પૂછ્યું, ''આજે કયા વનમાં ગયા હતા? અને પર્વતની સાથે શું તોફાન કર્યું હતું?'' ગુરુજીની આ વાત સાંભળી નારદને નવાઈ લાગી, અને ઘણા વિનયપૂર્વક કહેવા લાગ્યો કે હું પર્વતની સાથે વનમાં ગયો હતો. ત્યાં વાતો કહેતા જતા હતા. માર્ગમાં કેટલાક મોર નદીમાં પાણી પીને પાછા ફર્યા; તેમાં જે મોર હતો, તે પીછાં પલળવાના ડરથી પાછે પગલે પાણી બહાર નીકળ્યો અને બાકીની ઢેલો હતી તે તો પાણીમાં પાંખો ફફડાવી, મોં ફેરવીને પાછી ફરી હતી. એ દેખીને મેં અનુમાન કર્યું કે એક મોર અને બાકીની બધી ઢેલો છે.

વળી વનમાં થોડે દૂર જતાં કોઈ નગરની પાસે મેં દીઠું કે કોઈ હાથણીના પાછલા પગનાં પગલાં તેના મૂત્રથી ભીંજાયેલાં હતાં, તેથી જાણ્યું કે આ હાથણી છે, અને માત્ર જમણી બાજુના છોડ ને વૃક્ષનાં પાન તૂટેલાં હતાં તેથી હાથણી ડાબી બાજુની આંખે કાણી જાણી. તેના ઉપર બેઠેલી સ્ત્રી માર્ગના થાકને લીધે ઊતરીને શીતળ છાયાની ઇચ્છા કરતી નદીના પાણીના કિનારાની તદ્દન પાસે સૂતી હતી, ત્યાં પેટનું કંઈક ચિહ્ન હતું, તેથી તેને ગર્ભિણી જાણી. તેની સાડીનો કટકો એક કાંટે

ભરાઈને ફાટી ગયો હતો તથા કાંટે કટકો લટકતો હતો તેથી સફેદ સાડીનું અનુમાન કર્યું. હાથણી થોભી હતી તે મકાન ઉપર ધોળી ધજા ચડાવેલી જોઈને તેને પુત્ર જન્મ્યાનું મેં અનુમાન કર્યું હતું. આમ અનુમાનથી મેં ઉપરની બધી વાત કહી હતી.

નારદની વાત સાંભળીને બ્રાહ્મણે બ્રાહ્મણીને પ્રગટ કહ્યું કે મારો વાંક નથી. એ સાંભળીને પર્વતની મા પણ પ્રસન્ન થઈ. પછી પેલા મુનિવરોએ કહેલી વાતનો પર્વતની માતાને નિશ્ચય કરાવવા તથા એ બન્ને શિષ્યોની પરીક્ષા લેવા, પોતાની સ્ત્રી સાથે તે એકાંતમાં બેઠો; ત્યાં લોટના બે બકરા બનાવ્યા, અને બન્ને શિષ્યોને આપ્યા; સાથે કહ્યું કે જ્યાં કોઈ દેખે નહીં, તેવી જગાએ લઈ જઈ, સુગંધી પુષ્પોની માળા આદિ મંગલ દ્રવ્યોથી તેની પૂજા કરવી, પછી તેના કાન કાપીને આજે લઈ આવો.

બન્નેમાંથી પાપી પર્વતે વિચાર્યું કે આ વનમાં કોણ દેખે છે? એમ ધારી તે લોટના બકરાના કાન કાપી પિતાની પાસે લાવ્યો અને કહ્યું કે 'હે પૂજ્ય! આપે જેવી આજ્ઞા કરી હતી, તેમ જ કરી આવ્યો છું.' એમ કંઈ પણ દયા દર્શાવ્યા વિના હર્ષથી તેણે પિતાને વાત કરી.

નારદ પણ એ લોટના બકરાને લઈને વનમાં ગયો અને વિચારવા લાગ્યો કે જે જગ્યાએ કોઈ ન દેખે તેવી જગ્યાએ તેના કાન કાપવાની ગુરુની આજ્ઞા છે, પરંતુ અહીં વનમાં પણ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ દેવતા દેખે છે; પક્ષી, હરણ આદિ સમીપમાં છે, હું પણ પ્રત્યક્ષ દેખું છું, તેમને કોઈ રીતે દૂર કરી શકાય તેમ નથી, એમ વિચારી એ ભવ્ય પુરુષ



ગુરુની સમીપ આવી કહેવા લાગ્યો કે 'વનમાં કોઈ ન દેખે તેવી જગ્યા મળવી અસંભવ છે; બીજું નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે પદાર્થોમાં પાપ અને નિંદા ઉત્પન્ન કરે તેવી ક્રિયા ન કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે. તેથી તે બકરાને એમ ને એમ જ હું પાછો લાવ્યો છું.'

નારદની કહેલી આ વાત સાંભળી પંડિતે પોતાના પુત્રને જડબુદ્ધિનો જાણ્યો, અને વિચાર્યું કે 'બાપ તેવા બેટા'ની કહેવતને અનુસરતું એકાંતવાદી લોકો કારણના જેવું જ કાર્ય થાય છે એમ માને છે, તે એકલો એકાંત મત છે તેથી મિથ્યામત છે; પરંતુ કોઈ પ્રકારે કારણના જેવું કાર્ય થાય છે, અને ક્યાંક તેથી ઊલટું પણ કાર્ય થાય છે એવો જે સ્યાદ્‌વાદ મત છે, તે જ સાચો છે; એમ સમજી તે સંતોષ પામ્યો અને શિષ્યની યોગ્યતા દેખી તે નારદને કહેવા લાગ્યો કે "હે નારદ! તું જ સૂક્ષ્મ બુદ્ધિવાળો અને પદાર્થને યથાર્થ જાણનાર છે. તેથી આજથી હું તને ઉપાધ્યાય પદ પર સ્થાપું છું. આજથી તું જ સર્વ શાસ્ત્રોનું વ્યાખ્યાન કરજે." એમ એને માન આપી મોટો કર્યો. કારણ કે બુદ્ધિમાનોનો પ્રેમ સર્વત્ર ગુણો પ્રત્યે જ હોય છે.

પછી ક્ષીરકદંબ પોતાના પુત્રને કહેવા લાગ્યો કે 'પુત્ર! વિવેક વિના તેં આ પ્રતિકૂળ અને બૂરું કામ કર્યું છે. શાસ્ત્ર ભણીને પણ કાર્ય-અકાર્યનો વિવેક તને ન આવ્યો, તો આમ નિર્બુદ્ધિ રહી મારી પછવાડે શી રીતે જીવીશ?' એમ શોક કરીને તેને શિખામણ દીધી. પણ એ મૂર્ખ ઉપર ઊલટી અસર થઈ અને તે દિવસથી તે નારદ સાથે વૈર રાખવા લાગ્યો.

## શિક્ષાપાઠ ૩૪. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૪

એક દિવસે ક્ષીરકદંબ ઉપાધ્યાયે સર્વ સંગપરિગ્રહ ત્યાગ કરવાનો વિચાર કર્યો; તેથી રાજા વસુને કહ્યું કે ''જોકે પર્વત અને તેની માતા બન્ને મંદબુદ્ધિ છે, તથાપિ હે ભદ્ર! તારે મારી પછવાડે તેમને પાળવાં.'' વસુ રાજાએ ઉત્તર દીધો કે 'આપની કૃપાથી હું પ્રસન્ન થયો છું, વગર કહ્યે એ તો મારું કર્ત્તવ્ય જ છે. એ વિષે આપ મને શાને કહો છો? હે પૂજ્યપાદ! મારે કરવા યોગ્ય આ કાર્ય વિષે કંઈ પણ સંદેહ રાખ્યા વિના આપ યથાયોગ્ય રીતે પરલોક સુધારવાનો પ્રયત્ન કરશો.' આમ વસુ રાજાના કહેવાથી પ્રસન્ન થઈ ક્ષીરકદંબે ઉત્તમ સંયમ ધારણ કર્યો અને અંતે સમાધિમરણ કરી ઉત્તમ દેવગતિ પામ્યો.

પછી પર્વત શિષ્યોને સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પોતાના પિતાની પેઠે કરાવવા લાગ્યો. એ જ નગરમાં મકાન રાખી નારદ પણ શિષ્યોને ભણાવવા લાગ્યો, અને વિદ્વાનોમાં ઘણો પ્રસિદ્ધ થયો.

એક વખતે સજ્જનોની સભામાં 'अजैर्होतव्यम्' એ વાક્યનો અર્થ કરવામાં ભારે વિવાદ થઈ પડ્યો. નારદ કહેતો હતો કે 'अज' એટલે જેમાં અંકુર ઉત્પન્ન થવાની શક્તિ નાશ પામી છે તેવા ત્રણ વર્ષના જૂના જવના દાણા. તે જવના વિકારરૂપ ધાણી વગેરે અગ્નિમાં હોમી, દેવોની પૂજા કરવી તે યજ્ઞ કહેવાય એમ નારદે પદ્ધતિ પ્રમાણે વિધિપૂર્વક યજ્ઞ વિષે જણાવ્યું.

નિર્બુદ્ધિ પર્વતે કહ્યું કે 'अज' એટલે બકરો અને તેના વિકાર એટલે માંસ અવયવ આદિથી અગ્નિમાં હોમ કરવો તે યજ્ઞ કહેવાય છે. એ બન્નેનાં વચન સાંભળી મોટા મોટા સજ્જન બ્રાહ્મણોએ કહ્યું કે આ દુષ્ટ પર્વત નારદ પ્રત્યે ઈર્ષા રાખે છે. તેથી પ્રાણીઓના વધથી ધર્મની સ્થાપના કરવા આમ કહે છે. પણ પ્રાણીની હિંસાથી કદી ધર્મ થઈ શકે નહીં. પર્વત પતિત છે, તેથી આપણી સાથે વાત કરવા લાયક પણ નથી. તેથી બધાએ તેનો તિરસ્કાર કરી કાઢી મૂક્યો. દુર્બુદ્ધિનું ફળ આ લોકમાં પણ મળે છે.



આમ સર્વ તરફથી માનભંગ થવાથી તે વનમાં ચાલી ગયો, ત્યાં મહાકાળ નામનો દેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ફરતો હતો. વૃદ્ધ અવસ્થાના રૂપમાં તે એવો દેખાતો હતો કે જાણે મરણના મહેલની નિસરણી ઉપર ઝટ ચડવા ઇચ્છે છે. આંખે આંધળા જેવો, ચાલતાં ચાલતાં અટકી જતો, માથા પર આછા સફેદ વાળ દૂર દૂર દેખાતા હતા. માથા પરની પાઘડી જાણે યમરાજાના ડરથી ચાંદીનો ટોપ ચડાવ્યો હોય તેવી હતી. ચિડાયેલા, છંછેડેલા સાપ જેવા લાંબા શ્વાસોચ્છ્વાસ લેતો હતો. રાજાનો માનીતો મદમાં આગળ કંઈ દેખે નહીં, તેમ તે પણ આગળ જોતો નહોતો; બરડો બેવડો વળી ગયો હતો; મોંમાંથી શબ્દો ચોખ્ખા નીકળતા નહીં. વેર લેવાને કોઈ નિમિત્ત કારણ શોધતો એવો મહાકાળ કોઈ પર્વત ઉપર ફરતા પર્વતને જોઈને તેના તરફ ગયો, અને નમસ્કાર કર્યા. બદલામાં પર્વતે પણ નમસ્કાર કર્યા.

મહાકાળે તેને આશ્વાસન આપી, 'તારું કલ્યાણ થાઓ' એમ આદરભાવથી કહ્યું. અજાણ્યાની પેઠે મહાકાળે તેને પૂછ્યું કે તું ક્યાંથી આવે છે? અને આ વનમાં કેમ ફર્યા કરે છે? તે

મને કહે. તેના ઉત્તરમાં પર્વતે પહેલેથી માંડીને ઠેઠ સુધી પોતાની વાત કહી. એ સાંભળી મહાકાળને વિચાર થયો કે મારા વૈરી સગરને નિર્વંશ કરવા આ સમર્થ છે, એમ નિશ્ચય કરીને ઠગવામાં ચતુર તથા પાપી મહાકાળ કહેવા લાગ્યો કે ''તારા પિતા, સ્થંડિલ, વિષ્ણુ, ઉપમન્યુ, અને હું, ભીમઉપાધ્યાય પાસે અનેક શાસ્ત્રો બધા સાથે ભણતા હતા. તેથી તારા પિતા મારા ધર્મભાઈ છે. તેને મળવા માટે હું અહીં આવ્યો હતો, પણ ખેદની વાત છે કે મારું મળવા આવવું નિષ્ફળ થયું છે, તું કોઈ વાતે ખેદ ન કર. શત્રુનો નાશ કરવામાં હું તને મદદ કરીશ.''

એ પ્રકારે કહી ક્ષીરકદંબના પુત્ર પર્વતને માટે પોતાનો અભિપ્રાય સિદ્ધ કરનારી અથર્વણ વેદની ૬૦,૦૦૦ ઋચાઓ રચી અને પર્વતને એ સર્વ વેદનું રહસ્ય ભણાવ્યું; પછી જણાવ્યું કે ઉપર લખેલા મંત્રોથી વાયુ દ્વારા ભડભડ લાગતી અગ્નિની જ્વાળામાં શાંતિ, પુષ્ટિ અને અભિચારાત્મક ક્રિયાઓ કરવામાં આવે તો પશુઓની હિંસાથી પણ પોતાના ઇચ્છેલા ફળની પ્રાપ્તિ થઈ જાય છે.

પછી બન્નેએ ઠરાવ કર્યો કે અયોધ્યામાં જઈને શાંતિ આદિ દેનાર હિંસાયજ્ઞ કરવો અને વેદોનો પ્રભાવ દેખાડવો; એમ કહી મહાકાળે પોતાના શત્રુનો નાશ કરવા, પોતાના ક્રૂર અસુરોને બોલાવ્યા અને આજ્ઞા આપી કે રાજા સગરના રાજ્યમાં તાવ આદિ ઉપદ્રવ ફેલાવો.

પર્વત અયોધ્યા નગરમાં ગયો. મંત્રસહિત આશીર્વાદ દઈને રાજસભામાં સગર રાજાનાં દર્શન કર્યાં. રાજાને પોતાનો પ્રભાવ



દેખાડી કહ્યું કે ''તમારા રાજ્યમાં જે ઉપદ્રવ છે તે હું 'સુમિત્ર' નામના યજ્ઞથી શાંત કરીશ. બ્રહ્માએ પશુઓ યજ્ઞને માટે બનાવ્યાં છે. તેમની હિંસા કરવાથી પાપ નથી, પરંતુ પુણ્ય જ થાય છે, ભારે સુખનું કારણ એવું સ્વર્ગ મળે છે.'' આમ વિશ્વાસ બેસાડી પાપી પર્વતે કહ્યું કે યજ્ઞ કરવા માટે સાઠ હજાર પશુ એકઠાં કરો, તથા અમુક અમુક સામગ્રી એકઠી કરો. રાજાએ પર્વતના કહ્યા પ્રમાણે સામગ્રી મંગાવી તેને અર્પણ કરી.

પર્વત યજ્ઞ શરૂ કરી મંત્રપૂર્વક પ્રાણીઓનો હોમ કરવા લાગ્યો. તે વખતે મહાકાળે પણ પ્રાણીઓને વિમાનમાં બેસાડી, શરીર સહિત આકાશમાર્ગે સ્વર્ગમાં જતાં દેખાડ્યાં; અને દેશમાં જે ઉપદ્રવ રાક્ષસોએ મચાવ્યો હતો તે પણ મહાકાળે દૂર કર્યો. આમ તેના છળકપટથી મોહ પામી લોકો સ્વર્ગમાં જવાની ઇચ્છા કરતા ખુશીથી યજ્ઞમાં મરવાની ભાવના કરવા લાગ્યા. આ યજ્ઞ પૂરો થયા પછી એ દુષ્ટ પર્વતે વિધિપૂર્વક એક 'જાતિ' નામના ઘોડાનો હોમ કર્યો; અને વળી રાજાની આજ્ઞાથી, સુલસા દેવીની ઇચ્છા થતાં તેને પણ હોમી દીધી.

રાણીના વિયોગથી ઉત્પન્ન થયેલા શોકરૂપ દાવાનલ અગ્નિથી જેનું શરીર બળી રહ્યું છે એવો રાજા સગર પોતાની રાજધાનીમાં આવ્યો અને પલંગ પર સૂતો સૂતો વિચાર કરે છે કે પ્રાણીઓની હિંસા કરવી એ મહા આરંભ ધર્મ છે કે અધર્મ છે? એ સંશય દૂર કરવા સવારે યતિવર નામના મુનિની પાસે ગયો અને વંદના કરી પ્રાર્થના કરવા લાગ્યો કે ''હે પ્રભુ! મેં યજ્ઞ કરવો શરૂ કર્યો છે, તો આપ વિચાર કરીને કહેશો કે એ

પુણ્યનું કામ છે કે પાપનું?'' તેના ઉત્તરમાં મુનિરાજે નિર્ભય-પણે કહ્યું કે ''એ કર્મ ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ છે. એ કરનારને સાતમું નરક મળે છે. આ ઉપરાંત આજથી સાતમે દિવસે તારા ઉપર વીજળી પડશે અને તું મરીને સાતમા નરકે જઈશ, એ નિશ્ચય સમજ.'' આ વાત સાંભળી, બધી વાત તેણે પર્વત બ્રાહ્મણને કહી.

રાજાની વાત સાંભળી પર્વત કહેવા લાગ્યો કે ''આ બધું જૂઠું છે. એ નાગો શું જાણે છે? તમારા ચિત્તમાં જો કંઈ શંકા રહેતી હોય તો તેની શાંતિ પણ કરી દઈશ.'' એમ કહીને રાજાને ધીરજ આપી, તથા યજ્ઞ શાંત કરી દીધો હતો તે પાછો ફરીથી શરૂ કર્યો.

## શિક્ષાપાઠ ૩૫. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૫

સાતમે દિવસે તે પાપી મહાકાલ અસુરે દેવમાયાથી દેખાડ્યું કે સુલસા વિમાનમાં બેસીને, દેવનું શરીર ધારણ કરી, આકાશમાં રહી રહી સગર રાજાને કહેવા લાગી કે, 'યજ્ઞમાં મરવાના ફળથી મને દેવગતિ મળી છે. મારા પહેલાં પશુ હોમાયાં હતાં તે બધાં દેવ થયાં છે. આપને એ આનંદની વાત જણાવવા હું વિમાનમાં બેસીને આવી છું.' તેથી રાજાને વિચાર થયો કે યજ્ઞમાં મરેલાંનું આ પ્રત્યક્ષ ફળ દેખાય છે, તેથી મુનિઓનું કહેવું જૂઠું છે. તે વખતે તીવ્ર હિંસામાં અનુરાગ રાખવાથી, સાચા ધર્મ ઉપર દ્વેષ કરાવનાર કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદથી ઉત્પન્ન થયેલાં પરિણામથી નરક આયુષ્યને યોગ્ય ઉત્કૃષ્ટ સંક્લેશ પરિણામોથી આઠે કર્મની



યોગ્ય સ્થિતિ અને અનુભાગ બંધ સહિત નરક આયુષ્યનો નિકાચિત બંધ રાજાએ કર્યો. તે વખતે ભયાનક વીજળી પડી અને એ કામમાં લાગેલા ઘણા જીવો સાથે રાજા સગર મરીને સાતમા નરકે ઉત્પન્ન થયો.

મહાકાળ તેને શિક્ષા કરવા તીવ્ર ક્રોધ કરીને વૈરરૂપી વાયુના ઝપાટાથી નરકમાં ગયો. ત્રીજા નરક સુધી તેને વિભંગ જ્ઞાન હોવાથી ત્યાં સુધી તેને શોધ્યો, પરંતુ ત્યાં તેને ન દીઠો એટલે ત્યાંથી નીકળી વિચારવા લાગ્યો કે હવે વિશ્વભૂમંત્રી વગેરેને શિક્ષા કરવાનો ઉપાય શોધવો.

પછી તરત જ મહાકાળે માયાથી વિમાનમાં સુલસા અને સગરને દેખાડ્યાં અને કહેવડાવ્યું કે 'પર્વતની કૃપાથી હું સુલસા સહિત સુખ પામ્યો છું.' તે દેખીને સગર પછી વિશ્વભૂ મંત્રી તે દેશનો રાજા થયો હતો, તેણે મહામેધ યજ્ઞ કરવાની તૈયારી કરવા માંડી. મહાકાળની માયાથી વિમાનમાં બેઠેલા પિતરો અને દેવો મંત્રી વિશ્વભૂની સ્તુતિ કરવા લાગ્યા કે 'હે પુણ્યવાન મંત્રી! તમે આ મહામેધ યજ્ઞ બહુ સરસ કર્યો.'

નારદ અને કેટલાક તપસ્વીઓ આ વાત સાંભળી, વિચાર કરવા લાગ્યા કે ધિક્કાર છે આ દુષ્ટને કે તેણે જગતમાં એક મિથ્યામાર્ગ ફેલાવ્યો. પાપ કરવામાં પંડિત એવા દુષ્ટને કોઈ પણ પ્રકારે રોકવો જોઈએ, એમ વિચારી બધા અયોધ્યામાં આવ્યા.

ત્યાં તેમણે વિશ્વભૂ મંત્રીને યજ્ઞ કરતો દીઠો અને તેનો દાખલો લઈ અનેક પાપી લોકો પોતાની ઇચ્છા પૂરી કરવા

પ્રાણીઓની હિંસા કરતા હતા. તેથી તે હિંસા અટકાવવા તે તપસ્વી લોકો કહેવા લાગ્યા કે, ‘‘કોઈ પણ મનુષ્ય કોઈ પણ ઠેકાણે ધર્મને માટે પ્રાણીઓને મારતો નથી. જે વેદ બ્રહ્માએ કહ્યા છે, તે વેદને જાણનારા સદા અહિંસાનો જ ઉપદેશ કરે છે અને આ અહિંસા જ કલ્પવેલ સમાન, માતા સમાન અથવા સખી સમાન સંસારમાં હિત કરનારી છે. આ પ્રમાણે પહેલાંના ઋષિઓનાં કહેલાં વાક્યો, હે વિશ્વભૂ! તમે પ્રમાણ માનવાની ઇચ્છા કરતા હો, તો અનંત કર્મોનું કારણ એવી આ ઘોર હિંસા તમે છોડી દો.’’

આવાં તપસ્વીઓનાં વચન સાંભળી, વિશ્વભૂ મંત્રી કહેવા લાગ્યો કે ‘‘હે તપસ્વીઓ! આ યજ્ઞ સ્વર્ગનું સાક્ષાત્ સાધન છે, એ મેં પ્રત્યક્ષ જોયું છે, તો શું હું તે છુપાવી શકું?’’

આ સાંભળી પાપથી ડરનાર નારદે કહ્યું કે, ‘‘હે ઉત્તમ મંત્રી! તમે તો વિદ્વાન છો. શું આ બધી હિંસા સ્વર્ગનું સાધન છે? આ પ્રત્યક્ષ ફળ દેખાડીને કોઈ શત્રુએ પરિવાર સહિત સગરનો બિલકુલ નાશ કરવાનો ઉપાય કર્યો છે. આ ઉપાય માત્ર માયાવીએ કરેલો છે, કેવળ મૂર્ખ લોકને જ મોહિત કરનાર છે. જો તમને સ્વર્ગની ઇચ્છા હોય તો શીલ, ઉપવાસ આદિ ઋષિપ્રણીત શાસ્ત્રમાં કહેલી વિધિનું આચરણ કરો.’’ એ સાંભળી વિશ્વભૂએ નારદનું કહેલું પર્વતને કહ્યું, એટલે અસુરના શાસ્ત્રથી મોહ પામેલો તે દુર્મતિ પર્વત કહેવા લાગ્યો કે, ‘‘શું આ બધાં શાસ્ત્રો નારદે પહેલાં સાંભળ્યાં છે? મારા અને નારદના ગુરુ તો એક જ છે. એને પોતાની બુદ્ધિનું બહુ અભિમાન છે અને તેથી ઈર્ષા પણ રાખે છે. આપ જાણો છો



કે શાસ્ત્રના બરાબર અર્થ જાણનાર મારા ગુરુના ધર્મભાઈ સંસારમાં પ્રસિદ્ધ છે, તેમણે મને વેદનું રહસ્ય બતાવ્યું છે. અને યજ્ઞમાં મૃત્યુનું ફળ નિરૂપણ કર્યું છે, તે મેં આજ સાક્ષાત્ પ્રગટ દેખાડ્યું છે. આપને વિશ્વાસ ન આવતો હોય તો સમસ્ત વેદરૂપ મહાસાગરનો પારગામી અને સાચું બોલવામાં પ્રસિદ્ધ એવો રાજા વસુ છે, તેને પૂછી જુઓ.’’

પર્વતની આ વાત સાંભળી નારદે કહ્યું કે ‘‘સારું, એમાં શી હાનિ છે! રાજા વસુને પૂછી જોઈએ. પણ આ વિચાર કરવા જેવી વાત છે કે જો હિંસા જ ધર્મસાધન મનાય, તો અહિંસા, દાન, શીલ આદિ પાપનાં કારણ માનવાં પડશે, આમ માનીએ તો પછી માછી આદિ હિંસક બધાને ઉત્તમ ગતિ મળવી જોઈએ અને સત્ય, ધર્મ, તપશ્ચરણ આદિ પાળનાર તથા બ્રહ્મચર્ય પાળનારને નરક આદિ અધોગતિ મળવી જોઈએ.

કદી એમ કહો કે યજ્ઞમાં પશુ મારવાં એ ધર્મ છે, બીજી જગાએ નહીં; તો તે પણ વ્યાજબી નથી. કારણ કે હિંસા સદા દુઃખ દેનારી છે, અને બન્ને જગાએ તે એક સરખી છે, તેથી યજ્ઞમાં કે બીજી જગાએ, ગમે ત્યાં કરેલી હિંસાનું ફળ પણ એક જ જાતનું હોવું જોઈએ, એ ના પાડી શકાય તેમ નથી.

કદાચિત્ તમે એમ કહો કે બ્રહ્માએ પશુને યજ્ઞ માટે જ ઉત્પન્ન કરેલાં છે, પરંતુ આ કહેવું મૂર્ખોની ઇચ્છા જેવું અને સાધુ પુરુષોએ નિંદવા યોગ્ય છે. કારણકે તમે બ્રહ્માની સૃષ્ટિ માનો છો, તેમાં ઘણા દોષો આવે છે. એક કામને માટે

બનાવેલી વસ્તુ બીજા કામમાં લઈએ તો કામ આવતી નથી; જેમકે કફ દૂર કરનાર દવા જો બીજા રોગ ઉપર લેવાય તો તે કામ કરતી નથી; તેમ જો પશુઓની સૃષ્ટિ યજ્ઞ માટે જ ઉત્પન્ન કરી હોય તો તે પશુઓને ખરીદવાં, વેચવાં, તેમના ઉપર ભાર લાદવો આદિ બીજાં કાર્ય માટે તેમનો ઉપયોગ કરવો દોષરૂપ ગણાય. વાદ કરવામાં તું દુર્બળ છે, તેથી અમે તારી પાસે આવીને કહીએ છીએ કે જેમ શસ્ત્ર આદિથી પ્રાણીની ઘાત કરનાર તુરત કર્મબંધ કરે છે, તેમ મંત્ર ભણી પશુ મારનાર જીવ નિરપવાદપણે કર્મથી બંધાય છે.

બીજું બ્રહ્મા પશુ આદિની સૃષ્ટિ પેદા કરે છે, તે પ્રગટ કરે છે? કે ઉત્પન્ન કરે છે? જો તે ઉત્પન્ન કરે છે એમ કહો તો આકાશનું ફૂલ આદિ જે વસ્તુઓનો અભાવ છે, તેને કેમ ઉત્પન્ન નથી કરતા? જો એ પ્રગટ કરે છે એમ કહો તો પ્રગટ કરતા પહેલાં તેમને કોણે પ્રગટ કરતા રોકી રાખ્યા હતા? તે કહેવું જોઈએ. જેમ કે દીવો પ્રગટ્યા પહેલાં ઘડાને પ્રગટ કરતાં અંધકાર રોકે છે. આ પ્રમાણે તમારું સૃષ્ટિવાદનું કથન માનવા યોગ્ય નથી.'' આવાં નારદનાં વચન સાંભળી બધા લોક એનાં વખાણ કરવા લાગ્યા અને બધા કહેવા લાગ્યા કે ''તમારા બન્નેનો વિવાદ રાજા વસુ પતવે તો અમે બધા ત્યાં આવીએ.'' એવો નિશ્ચય કરી એ બન્નેની સાથે બધી સભા સ્વસ્તિકા નગરીમાં આવી.

ત્યાં જઈને પર્વતે પોતાની માતાને બધી વાત કહી એટલે તરત પર્વતને લઈને તે રાજા વસુ પાસે જઈ પહોંચી. ત્યાં જઈ વસુરાજાને કહેવા લાગી કે ''તપોવનમાં જતાં અર્થાત્ દીક્ષા



લેતી વખતે તમારા ગુરુ ક્ષીરકદંબે આ કુટુંબ રહિત પર્વતને તમને સોંપ્યો છે. હવે તમારા સભાપતિપણા નીચે નારદ સાથે એનો વિવાદ થવાનો છે. એમાં જો પર્વત હારી ગયો તો તેને મરણનું જ શરણ સમજવું; અર્થાત્ મરણ સિવાય બીજો કોઈ ઉપાય તેને નથી.''

પોતાના ગુરુની પત્નીની આ વાત સાંભળી, ગુરુની સેવાચાકરી કરવાની ઇચ્છાવાળો રાજા વસુ આદરભાવથી કહેવા લાગ્યો કે 'મા, એમાં કંઈ શંકા કરીશ નહીં, હું અવશ્ય પર્વતનો જય કરાવીશ.' આમ કહી તેણે પર્વતની માનો ભય દૂર કર્યો.

---

## શિક્ષાપાઠ ૩૬. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૬

બીજે દિવસે રાજા વસુ આકાશ-સ્ફટિકના બનેલા સિંહાસન ઉપર બેઠો. વિશ્વભૂ આદિ બધા તે સભામાં ગયા, અને પૂછવા લાગ્યા કે ''હે મહારાજ! આપના પહેલાંના અનેક રાજાઓએ બહુ સારી રીતે અહિંસાધર્મની રક્ષા કરી છે; અને આપના પિતા વિશ્વાવસુએ પણ તેમ જ કર્યું છે. આપ પણ અહિંસાધર્મની રક્ષા કરનાર થયા છો; આપ મહા સત્યવાદી છો, એ ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે. કોઈ પણ બાબતમાં શંકા પડતાં આપ વિષ, અગ્નિ અને તાજવાં (કાંટા) રૂપ છો. સંસારમાં વિશ્વાસ કરવા યોગ્ય આપ છો, તેથી હે વિભુ! તમે જ અમારો સંદેહ દૂર કરો.

આ નારદ ધર્મનું સ્વરૂપ અહિંસારૂપ બતાવે છે અને આ પર્વત ઉપાધ્યાયના ઉપદેશ પ્રમાણે એથી વિપરીત હિંસારૂપ

બતાવે છે. હવે ખરેખરું ધર્મનું સ્વરૂપ શું હોવું જોઈએ, તે આપ કહેશો.''

જો કે રાજા વસુ ગુરુનો કહેલો કે અરિહંતનો કહેલો અહિંસારૂપ ધર્મ જાણતો હતો, તથાપિ પર્વતને જિતાડવાની પ્રાર્થના ગુરુપત્ની કરી ચૂકી હતી. એ ઉપરાંત મહાકાળની માયાથી એ મોહિત થઈ ગયો હતો. દુઃખની છેવટની હદ તેની સમીપ આવી પહોંચી હતી. પરિગ્રહરૂપી રૌદ્રધ્યાનમાં તે લવલીન હતો, તેથી કહેવા લાગ્યો કે ''પર્વત જે કહે છે તે યોગ્ય છે, નજરે જોયેલી વાતમાં સંદેહ રાખવાનું કોઈ કારણ નથી. આ યજ્ઞથી રાજા સગર પોતાની પત્ની સહિત સ્વર્ગે ગયો છે. દીવો ઝળહળ બળતો હોય તેને જોવા બીજા દીવાના પ્રકાશની જરૂર નથી. તેથી સર્વ વાતની શંકાઓ તજી તમે પર્વતે કહેલાં સ્વર્ગનાં સાધન કરો.''

આ પ્રમાણે હિંસાનંદ અને અનૃતાનંદ નામના રૌદ્રધ્યાનથી તેણે નરકનું આયુષ્ય બાંધ્યું. મિથ્યાત્વ તથા અપવાદથી નહીં ડરનાર વસુ રાજાએ આવાં વચન સભામાં કહ્યાં, તે સાંભળી નારદ અને તપસ્વીઓ કહેવા લાગ્યા કે ''મોટી નવાઈની વાત છે કે કોઈ વિષમ કારણે મહારાજના મુખમાંથી આવાં અપૂર્વ ઘોર વચનો નીકળ્યાં છે!''

એ વખતે આકાશમાં ગર્જના થઈ, નદીઓના પ્રવાહ ઊલટા વહેવા લાગ્યા, સરોવર ઝટ સુકાવા લાગ્યાં, લોહીનો વરસાદ વર્ષવા લાગ્યો, સૂર્યનાં કિરણ ઝાંખાં પડી ગયાં, દિશાઓ બધી ધૂંધળી (મલિન) થઈ ગઈ, ભયથી પ્રાણીઓ કંપવા લાગ્યાં; એ વખતે મોટો અવાજ કરતી પૃથ્વી ફાટી ગઈ



અને તે મોટા ખાડામાં રાજા વસુનું સિંહાસન ઊતરવા લાગ્યું.

તે જોઈને આકાશમાંથી દેવો અને વિદ્યાધરોના સ્વામી મોટેથી કહેવા લાગ્યા કે ''હે મહા બુદ્ધિમાન રાજા વસુ! અહિંસારૂપ અનાદિ માર્ગનું ઉલ્લંઘન કરી ધર્મનો નાશ કરનાર આ હિંસારૂપ માર્ગની પ્રવૃત્તિ ન કર.''

જમીનમાં સિંહાસન પેસી જવાથી રાજા વસુ અને પર્વતનાં મોં ફીકાં પડી ગયાં. તે દેખીને મહાકાળના સેવકો તપસ્વીઓનાં રૂપ ધારણ કરી કહેવા લાગ્યા કે 'તમે કોઈ વાતે ડરશો નહીં,' એમ કહીને તેમણે સિંહાસનને પકડીને પોતાની ઉપર ઊંચું કરીને લોકોને દેખાડ્યું. પછી રાજા વસુ ફરી કહેવા લાગ્યો કે ''હું રાજા છું અને તત્ત્વનો જાણકાર છું, તો મારે ડરવાની જરૂર નથી. ફરીથી હું કહું છું કે પર્વતનાં જ વચન સાચાં છે,'' આમ નિશ્ચય કરતાં કરતાં તો ફાટેલી પૃથ્વીમાં ગળા સુધી તે ઊતરી ગયો.

પછી સાધુજનોએ ફરી પ્રાર્થના કરી કે 'હે રાજા! જૂઠું બોલવાથી તારી આ અવસ્થા થઈ છે, તેથી હવે તું જૂઠ તજી દે.' તેમ છતાં તે મૂર્ખે યજ્ઞને જ સાચો માર્ગ જણાવ્યો. એ વખતે જાણે પૃથ્વી ક્રોધ કરીને તેને ગળી ગઈ.

આમ મરીને તે સાતમા નરકે ઉત્પન્ન થયો. પછી પેલા મહાકાળ નામના અસુરે સંસારને વિશ્વાસ ઉત્પન્ન કરાવવા રાજા વસુ અને સગરનાં રૂપ ધારણ કરી કહ્યું કે 'નારદના વચન નહીં માનતાં, માત્ર યજ્ઞની શ્રદ્ધાથી જ અમને બન્નેને સ્વર્ગ મળ્યું છે.' એમ બોલી તે અદૃશ્ય થઈ ગયો.

લોકોને શોક અને આશ્ચર્ય પ્રગટ્યાં. તેઓ પરસ્પર ચર્ચા કરવા લાગ્યા કે વસુ સ્વર્ગે ગયા છે; કોઈ કહે નરકે ગયા છે. આ પ્રકારે વાતો કરતા લોકો સાથે વિશ્વભૂ પોતાને નગર પાછો ફર્યો તથા પ્રયાગમાં જઈને રાજસૂય યજ્ઞ કરવાની તૈયારી કરી.

મહાપુર આદિ નગરોના રાજાઓએ પાપી લોકોની નિંદા કરી અને પરમબ્રહ્મ ભગવાન ઋષભદેવના કહેલા માર્ગમાં તલ્લીન બનીને થોડા દિવસ ત્યાં જ રહ્યા.

નારદે આ વખતે ધર્મમર્યાદાનું રક્ષણ કર્યું છે, એમ માની તેમણે નારદની પ્રશંસા કરી અને ગિરિતટ નામનું નગર તેને રહેવા માટે દાનમાં આપ્યું. નારદ સાથે જે તપસ્વી હતા તે દયાધર્મની હાનિથી દૂર રહેવાની ઇચ્છાથી કાળનો મહિમા કહેતા કહેતા પોતપોતાના તપોવનમાં ચાલ્યા ગયા.

---

## શિક્ષાપાઠ ૩૭. યજ્ઞોત્પત્તિની કથા, ભાગ–૭

એક દિવસે નારદને દિનકરદેવ નામનો વિદ્યાધર મળ્યો. તે વખતે નારદે ઘણા પ્રેમથી તે વિદ્યાધરને કહ્યું કે પર્વત સમસ્ત પ્રાણીઓની વિરુદ્ધ આચરણ કરી રહ્યો છે. આપે તેને રોકવો જોઈએ. ઉત્તરમાં તેણે સંમતિ જણાવી અને તે જ વખતે પોતાની વિદ્યાવડે પન્નગ જાતના (નાગકુમાર) દેવોને બોલાવ્યા અને તે સર્વેને યજ્ઞમાં વિઘ્ન પાડવાની સર્વ સમજૂતી આપી. એ દેવોએ જઈને અસુરો સાથે સંગ્રામ કર્યો અને તેમને નસાડી મૂક્યા; અને યજ્ઞમાં સર્વ પ્રકારે વિઘ્ન મચાવ્યું.

યજ્ઞમાં થતા વિઘ્નથી વિશ્વભૂ અને પર્વત બન્ને શરણ



શોધવા લાગ્યા. એવામાં સામે મહાકાળ આવતો દેખાયો. તેને જોઈને તેમણે યજ્ઞમાં વિઘ્ન નડ્યાનું વૃત્તાંત જણાવ્યું. તે સાંભળી મહાકાળે જણાવ્યું કે અમારા ઉપર દ્વેષ રાખનાર નાગકુમાર દેવોએ જ આપણા કામમાં આ ઉપદ્રવ કર્યો છે. આ નાગવિદ્યા વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં નિરૂપણ કરી છે. જિનબિંબો ઉપર તેમની શક્તિ ચાલતી નથી, એમ ત્યાં જણાવ્યું છે; તેથી આનો ઉપાય એ જ કે સુંદર જિનપ્રતિમાઓનું ચારે દિશાઓમાં સ્થાપન કરો, અને તેની પૂજા કરો. પછી આ યજ્ઞની વિધિ કરવી શરૂ કરો.

મહાકાળની આ વાત સાંભળી વિશ્વભૂ અને પર્વતે પણ તેના કહ્યા પ્રમાણે જિનપ્રતિમાઓ બિરાજમાન કરી યજ્ઞ કરવો શરૂ કર્યો. પેલો વિદ્યાધર વિઘ્ન કરવાની ઇચ્છાથી ફરી આવ્યો તો ખરો, પણ જિનપ્રતિમાઓને દેખીને નારદને કહેવા લાગ્યો કે "આ સ્થળે (જિનપ્રતિમાઓ સામે) મારી વિદ્યાઓ કંઈ કામ કરી શકશે નહીં," એમ કહીને તે પોતાને ઘેર ચાલ્યો ગયો. આ પ્રકારે યજ્ઞ સમાપ્ત થયો. વિશ્વભૂ અને પર્વત બન્ને આયુષ્ય પૂરૂં થતાં મરીને નરકે ગયા અને ત્યાં દુઃખ અનુભવવા લાગ્યા.

મહાકાળે પોતાનો અભિપ્રાય પૂરો કરી, પોતાનું સ્વરૂપ ધારણ કર્યું અને લોકોને સમજાવવા લાગ્યો કે "પહેલા ભવમાં હું પોદનપુરનો રાજા મધુપિંગલ હતો. મેં જ સુલસાને લઈને આ મહાપાપ કર્યું છે. ખરી રીતે શ્રી જિનેન્દ્રદેવનો કહેલો અહિંસારૂપ જ ધર્મ છે. ધર્માત્મા લોકોએ એ ધર્મનું પાલન અને સેવન કરવું જોઈએ." આમ કહીને તે અદૃશ્ય થઈ ગયો.

જેની બુદ્ધિ દયાથી આર્દ્ર (ભીની) બની હતી, એવા એ મહાકાળે પોતે એ કુકર્મનું પ્રાયશ્ચિત્ત લીધું. મોહનીય કર્મના ઉદયથી જે પાપકર્મ તેણે કર્યું હતું, તેનો તેણે ત્યાગ કર્યો. વિશ્વભૂ આદિક હિંસાધર્મના કરનાર બધા પાપકર્મના ઉદયથી નરકગતિએ પહોંચ્યા. અને પાપથી ડરનાર કેટલાક લોકોએ દિવ્યજ્ઞાનવાળા મુનિઓ પાસેથી મિથ્યામાર્ગનું સ્વરૂપ સાંભળી તે માર્ગ ત્યાગ કર્યો. પરંતુ લાંબો કાળ સંસારમાં પરિભ્રમણ કરવાવાળા લોકો એ મિથ્યામાર્ગમાં લવલીન રહ્યા.

આ પ્રકારે તે અતિશયમતિ નામના મંત્રીએ ભગવાનના કહેલા મતનો ઉપદેશ દશરથ રાજાને દીધો. તે સાંભળી સભાસદલોક મંત્રીની પ્રશંસા કરવા લાગ્યા.

જેની કપટરૂપ બુદ્ધિ છે અને જે ક્રૂર છે, એવા મહાકાળે ક્રોધમાં આવીને શાસ્ત્રોની વિરુદ્ધ અત્યંત પાપરૂપ એવા પશુઓની હિંસા કરવારૂપ યજ્ઞની પ્રવૃત્તિ કરી, તે કારણને લીધે તે રાજા વસુ તથા દુષ્ટ પર્વતની સાથે, કેટલેક કાળે, ઘોર નરકગતિમાં ગયો. તેથી પાપનો ભાર વધારનાર એ મિથ્યા-માર્ગની પ્રવૃત્તિ કદી કરવી ન જોઈએ, કારણકે તે પાપી લોકોને નરકાદિનાં અપાર દુઃખ ભોગવવાં પડે છે.

મોહનીય કર્મના ઉદયે શત્રુના કપટથી જેનું હૃદય જ્ઞાનથી શૂન્ય થઈ ગયું હતું અર્થાત્ જે શત્રુના છળકપટને સમજી પણ શકતા નથી, એવા રાજા સગરે સુલસા અને મંત્રીની સાથે પોતે હિંસારૂપ યજ્ઞ ક્રિયા કરી હતી તેથી તેને નરકે જવું પડ્યું; તેમજ જે પાપરૂપ દુષ્કર્મમાં લીન થશે તેની પણ તેવી જ દશા થશે.



જેણે પોતાના ઉત્તમ આચાર્યોને અનુસરીને હિતરૂપ ઉપદેશ દીધો હતો, જેણે વાદવિવાદને વખતે વિદ્વાનોની સભામાં આવીને સત્ય વચન જ કહ્યાં હતાં અને જે ઉત્તમ બુદ્ધિમાનોમાં શિરોમણિરૂપ હતો, એવો નારદ ઘણી તપશ્ચર્યા કરી કૃતાર્થ થઈને સર્વાર્થસિદ્ધ વિમાનમાં અહમિન્દ્રરૂપે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી મનુષ્યભવ પામી તે તે જ ભવે મોક્ષે જશે.

---

## શિક્ષાપાઠ ૩૮. આત્માને હિતકારી નીતિવાક્યો

### “૧. અવશ્ય કરવા લાયક કર્મ :—

ધીરજ, શમ, સત્ય, પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવનારા ધ્યાન, ધારણા અને સમાધિ વગેરેને અનુસરવું, હૃદયની અહંતા-મમતારૂપ ગાંઠને અથવા તો ચૈતન્યાત્મા અને જડ અંતઃકરણના એક ચપળપણાને દૂર કરવાં; સારું અને નરતું તે સર્વને અંતઃકરણના ધર્મ જાણવા. આ કરવા લાયક કાર્યો મેં મારા ગુરુ પાસેથી સાંભળ્યાં છે.

### ૨. ત્યાગ કરવાની વસ્તુઓ :—

બીજાને ગાળો ભાંડવી નહીં, બીજાનું અપમાન કરવું નહીં, મિત્રનો દ્રોહ કરવો નહીં, નીચની સેવા કરવી નહીં, અભિમાની થવું નહીં, સદાચારમાંથી ભ્રષ્ટ થવું નહીં, અને તીક્ષ્ણ તથા રોષવાળી વાણી બોલવી નહીં. આ જગતમાં તીક્ષ્ણ વાણી પુરુષોના મર્મભાગને, હાડકાંને, હૃદય તથા પ્રાણોને બાળી નાખે છે. માટે ધર્મિષ્ઠ પુરુષે હંમેશાં દાહ કરનારી, ભયંકર વાણીનો ત્યાગ કરવો એટલે બોલવી નહીં.

જે કઠોર વાણી બોલી મનુષ્યના મર્મને દુખવે છે અને વાણીરૂપ કાંટાઓથી મનુષ્યોને પીડે છે, તે કઠોર પુરુષને અકલ્યાણનું પાત્ર સમજવો અને અકલ્યાણ અથવા તો કાળરૂપ વાણીને મુખમાં ધારણ કરનારો જાણવો.

### ૩. સજ્જન ક્ષમાશીલ જ હોય :–

કોઈ દુષ્ટ મનુષ્ય પ્રદીપ્ત અગ્નિ અને સૂર્ય જેવાં તીવ્ર વાણીરૂપ બાણથી સજ્જનને ઘાયલ કરે છે, પરંતુ સજ્જન ઘાયલ થયા છતાં અને ઘણા દુઃખી થયા છતાં પણ જાણે છે કે આ મનુષ્ય મારા પુણ્યમાં વધારો કરે છે. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' ક્ષમા એ વીરને ભૂષણરૂપ છે. કહ્યું છે કે–

(સોરઠો) ''નિંદક વેચે આપ, કછુ ન પાવે નિંદસે;
પરજનકો ગ્રહી પાપ, વણજ કરત હૈ પુણ્યકો.''

### ૪. દેવતાઓ કોને ચાહે છે ? :–

પોતાની સાથે વાદ કરનારા સાથે જે વાદ કરે નહીં, બીજાને વાદ કરવા માટે ઉશ્કેરે નહીં, કોઈ મારી જાય તો પણ તેને સામો મારે નહીં અને કોઈ પણ પાપીને મારવાની ઇચ્છા કરે નહીં; તે મનુષ્ય સ્વર્ગમાં જાય છે અને દેવતાઓ તેવા મનુષ્યોને ચાહે છે.

### ૫. ચાર જાતનું બોલવું :–

મૌન રહેવું તે ઉત્તમ છે, તે કરતાં સત્ય બોલવું ઉત્તમ છે, તે કરતાં પ્રિય બોલવું તે ઉત્તમ છે; આ સૌથી ધર્મસ્વરૂપ બોલવું તે વધારે ઉત્તમ છે. આ પ્રમાણે બોલવું કહેવાય છે.



### ૬. વિષયનો ત્યાગ તે જ દુઃખનો ત્યાગ :–

પુરુષ જે જે વિષયથી દૂર થાય છે, તે તે વિષયજન્ય દુઃખમાંથી પણ મુક્ત થાય છે. કારણકે પુરુષ એ વિષયથી મુક્ત થવાને લીધે ક્યાંયથી અણુમાત્ર પણ દુઃખ ભોગવતો નથી; તે બીજાનો પરાજય કરવા ઇચ્છતો નથી, કોઈ સાથે વૈર કરતો નથી, નિંદા તથા પ્રશંસાને સમાન ગણે છે અને નિંદાથી શોક કરતો નથી, તેમ પ્રશંસાથી હર્ષ પામતો નથી.

### ૭. ઉત્તમ પુરુષનાં લક્ષણો :–

જે પુરુષ સઘળાંનું કલ્યાણ ઇચ્છે છે, કોઈના અકલ્યાણમાં મન રાખતો નથી, સત્ય બોલે છે, કોમળ હોય છે અને જિતેન્દ્રિય છે, તે જ ઉત્તમ પુરુષ ગણાય છે.

### ૮. મધ્યમ પુરુષનાં લક્ષણ :–

જે પુરુષ પ્રિય વાણીથી સમજાવે છે, કોઈ વસ્તુ (આપવા) માટે પ્રતિજ્ઞા કરે તો તે વસ્તુ તે આપે છે, અને પરનાં છિદ્રો જાણે છે, તે મધ્યમ પુરુષ ગણાય છે.

### ૯. અધમ પુરુષનાં લક્ષણો :–

ખરાબ ઉપદેશ આપનાર, માર ખાનાર, શસ્ત્રથી ઘાયલ થાય તોપણ ક્રોધને લીધે પાછો ન ફરનાર, કરેલા ઉપકારનો નાશ (અપકાર) કરનાર, કોઈનો મિત્ર નહીં અને દુષ્ટ-બુદ્ધિમાન; આ સર્વ અધમ પુરુષની કળા જાણવી.

જે પુરુષ બીજાની પાસેથી કલ્યાણકારી વાર્તા સાંભળી, તેના ઉપર વિશ્વાસ રાખતો નથી, જેને પોતાનો પણ વિશ્વાસ નથી અને જે મિત્રોનાં વચનોનો અનાદર કરે છે, તેને ખરેખર અધમ પુરુષ ગણવો.

## ૧૦. કોનો સંગ કરવો ?

જે મનુષ્યને પોતાનું કલ્યાણ કરવાની ઇચ્છા હોય તે માણસે ઉત્તમ પુરુષોની મૈત્રી કરવી, સમય ઉપર મધ્યમ પુરુષોની પણ સંગત કરવી. પણ અધમ પુરુષોની સોબત કરવી નહીં.

## ૧૧. શાંતિનો માર્ગ :–

વિદ્યા, તપ અને ઇંદ્રિયોના નિગ્રહ વગર તથા લોભના ત્યાગ વગર તમને શાંતિ વળે એમ હું જોતો નથી. બુદ્ધિથી ભયનો નાશ થાય છે, તપથી તેજ મળે છે, ગુરુજનની સેવા કરવાથી જ્ઞાન મળે છે અને યોગ-સેવનથી શાંતિ મળે છે. જે પુરુષો દાનના ફળનો એટલે સ્વર્ગાદિકનો ત્યાગ કરી રાગ તથા દ્વેષથી મુક્ત થાય છે, તે આ જગતમાં (જીવતાં) મુક્ત થઈને ફરે છે.

## ૧૨. કોણ કોનો નાશ કરે છે ?

ઘડપણ રૂપનો નાશ કરે છે, આશા ધૈર્યનો નાશ કરે છે, મૃત્યુ પ્રાણોનો નાશ કરે છે, ઈર્ષા ધર્માચરણનો નાશ કરે છે, કામ લજ્જાનો નાશ કરે છે, નીચની સેવા સદાચરણનો નાશ કરે છે, ક્રોધ લક્ષ્મીનો નાશ કરે છે અને અભિમાન સઘળાનો નાશ કરે છે.

## ૧૩. ક્યારે શું શું કરવું ?

જે કામ વડે રાત્રિ સુખમાં જાય તે કામ દિવસે કરી લેવું, જે કામ કરવાથી વૃદ્ધાવસ્થા સુખમાં જાય તે કામ પ્રથમ અવસ્થામાં કરી લેવું અને યાવજ્જીવિત તે કામ કરવું કે જે કરવાથી મરણ થયા પછી સુખ મળે.'' (વિદુરનીતિ)



''સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.'' ('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૨, પુષ્પમાળા ૮૩)

---

## શિક્ષાપાઠ ૩૯. સત્સંગ, ભાગ–૧

''આ કાળનું વિષમપણું એવું છે કે જેને વિષે ઘણા વખત સુધી સત્સંગનું સેવન થયું હોય તો જીવને વિષેથી લોકભાવના ઓછી થાય; અથવા લય પામે. લોકભાવનાના આવરણને લીધે પરમાર્થભાવના પ્રત્યે જીવને ઉલ્લાસપરિણતિ થાય નહીં, અને ત્યાં સુધી લોકસહવાસ તે ભવરૂપ હોય છે.

સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાં સુધી તે જોગનો વિરહ રહે, ત્યાં સુધી દૃઢભાવે તે ભાવના ઇચ્છી પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિષે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઇચ્છી, સરળપણે વર્ત્યા કરવું; અને જે કાર્યે કરી તે ભાવનાની ઉન્નતિ થાય એવી જ્ઞાનવાર્તા કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઈ કંઈ વિચારવું રાખવું, તે યોગ્ય છે.''

(વૈશાખ વદ ૧૩, સં ૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૩૭૧)

''સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે, એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.........

અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો

યોગ્ય છે; કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે......

મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇંદ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી હોય તો જ સત્સંગ ફળવાન થાય નહીં, અથવા સત્સંગમાં એકનિષ્ઠા, અપૂર્વ ભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહીં. જો એક એવી અપૂર્વ ભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પ કાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે, અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય.

સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઈ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરુષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી; પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે તીક્ષ્ણ ઉપયોગે કરી જોવા, જોઈને તે પરિક્ષીણ કરવા; અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઈ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી. તેમ પ્રમાદે રસગારવાદિ દોષે તે સત્સંગ પ્રાપ્ત થયે પુરુષાર્થ ધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી એમ જાણી પુરુષાર્થ વીર્ય ગોપવવું ઘટે નહીં.

સત્સંગનું એટલે સત્પુરુષનું ઓળખાણ થયે પણ તે યોગ નિરંતર રહેતો ન હોય તો સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવો તથા આરાધવો કે જે આરાધનાથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.



જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો, કે જે કંઈ મારે કરવું છે, તે આત્માને કલ્યાણ-રૂપ થાય તે જ કરવું છે, અને તે જ અર્થે આ ત્રણ યોગની ઉદયબળે પ્રવૃત્તિ થતી હોય તો થવા દેતાં, પણ છેવટે તે ત્રિયોગથી રહિત એવી સ્થિતિ કરવાને અર્થે તે પ્રવૃત્તિને સંકોચતાં સંકોચતાં ક્ષય થાય એ જ ઉપાય કર્ત્તવ્ય છે. તે ઉપાય મિથ્યાગ્રહનો ત્યાગ, સ્વચ્છંદપણાનો ત્યાગ, પ્રમાદ અને ઇંદ્રિયવિષયનો ત્યાગ એ મુખ્ય છે. તે સત્સંગના યોગમાં અવશ્ય આરાધન કર્યાં જ રહેવાં અને સત્સંગના પરોક્ષપણામાં તો અવશ્ય અવશ્ય આરાધન કર્યાં જ કરવાં; કેમકે સત્સંગ-પ્રસંગમાં તો જીવનું કંઈક ન્યૂનપણું હોય તો તે નિવારણ થવાનું સત્સંગ સાધન છે, પણ સત્સંગના પરોક્ષપણામાં તો એક પોતાનું આત્મબળ જ સાધન છે. જો તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલા એવા બોધને અનુસરે નહીં, તેને આચરે નહીં, આચરવામાં થતા પ્રમાદને છોડે નહીં, તો કોઈ દિવસે પણ જીવનું કલ્યાણ થાય નહીં.''

(જેઠ, સં. ૧૯૫૧, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૬૦૯)

---

## શિક્ષાપાઠ ૪૦. સત્સંગ, ભાગ—૨

''એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરૂપ છે.

બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.''

(વૈશાખ ૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૩૭૫)

શ્રી અંબાલાલ લાલચંદ ખંભાતવાળા ભાઈએ કોઈ મુમુક્ષુ ઉપર પત્ર લખી તેમાં અસત્સંગના વિપરિણામનું સ્વરૂપ નીચે પ્રમાણે લખ્યું છે :–

''૧. શ્રી સદ્ગુરુદેવનું માહાત્મ્ય જ્યારે સમજાય છે, ત્યારે આ દેહાદિકથી માંડી ચૌદ રાજલોકના સઘળા પદાર્થો અમહત્ત્વવાન જેવા જ લાગે છે અર્થાત્ તે તે પદાર્થોને વિષે માહાત્મ્યપણાનું ચિત્ત ઠરતું નથી. તેટલા જ માટે જ્ઞાની પુરુષો વારંવાર કહે છે કે સત્સંગનો પરિચય કરવો અને અસત્સંગમાં ઉદાસીન થવું યોગ્ય છે. તેનો આશય એવો છે કે અસત્સંગ એટલે પરમાર્થને અપરમાર્થ માનનારા અને અપરમાર્થને પરમાર્થપણે માની લઈ, પોતામાં અસદ્ગુરુપણું છતાં સદ્ગુરુપણું મનાવતા એવા જીવોનો સંગ તે જ અસત્સંગ.

૨. સદ્ગુરુમુખથી શ્રવણ થયેલો ઉપદેશરૂપ શ્રુતધર્મ તે વિચારવામાં વિઘ્ન કરાવનાર, અસહાયક રહેનાર એવા જગતદૃષ્ટિ જીવોનો સંગ તે પણ અસત્સંગ કહેવાય.

૩. પાંચ ઇંદ્રિયોનું ઇચ્છાનુસાર મનોકલ્પિત સુખ એટલે ખાવા-પીવા, સૂવા બેસવા, ઓઢવા પહેરવા ચાલવા ઇત્યાદિકમાં જે તદાકારપણું તે પણ અસત્સંગ કહેવાય.

૪. દેહાદિકથી માંડી જગતના સર્વ પદાર્થોમાંથી અલ્પ પણ જૂજ એવા પદાર્થોમાં તદાકારપણું થવું તે પણ અસત્સંગ કહેવાય.



૫. ઉપર જણાવેલા પ્રકારોમાં પ્રીતિ, સ્નેહ, મિથ્યાગ્રહ, કલ્પિત સુખ, કલ્પિત માહાત્મ્ય, જે જે પ્રકારથી લાગે અર્થાત્ જે જે પ્રકારથી ઉત્પન્ન થાય એવાં જે રાગ, દ્વેષ, મોહ, મત્સર, અહંકાર, અજ્ઞાન, હર્ષ, શોક, ભય, રતિ, અરતિ આદિ કારણો પણ અસત્સંગ કહેવાય.

૬. ટૂંકામાં જે જે પરિણતિમાં એટલે આત્મા સિવાય અન્ય જે કંઈ વિભાવ પરિણતિમાં પરિણમવું એ અસત્સંગ કહેવાય.

એ ઉપર જણાવેલા અસત્સંગ આદિ ભાવોમાં ઉદાસીન થઈ એક સત્સંગ, આત્મવિચારમાં આવવું તે યોગ્ય છે. અને તે આત્મવિચાર પ્રાપ્ત થવા માટે એક સત્પુરુષનો યોગ આરાધવો અને પ્રધાનપણે ભક્તિ કરવી એ જ યોગ્ય છે. શ્રી પરમકૃપાળુદેવશ્રી તરફથી એક પત્ર પ્રાપ્ત થવાથી પરમોત્કૃષ્ટ લાભ થયો છે. સદ્વર્તન, સદાચાર, સદ્ગ્રંથ અને સત્-સમાગમમાં પ્રમાદ કર્તવ્ય નથી, એમ જણાવ્યું છે, જે સર્વ મુમુક્ષુઓએ પ્રસંગે પ્રસંગે અને સમયે સમયે સ્મરણમાં રાખવા યોગ્ય પરમ રહસ્ય છે.''

અસત્સંગ કે અસદ્ગુરુથી જીવને ભ્રાંતિ ઉત્પન્ન થાય છે, એ વિષે ભક્ત પ્રહ્લાદનું ટૂંકું આખ્યાન વાંચવા યોગ્ય છેઃ

પ્રહ્લાદને તેના કુળગુરુ શુક્રાચાર્યે પૂછ્યું, 'તારા બાપને મારવા માટે તેં વિષ્ણુ અવતાર નરસિંહને વિનંતી કરી હતી?' પ્રહ્લાદે કહ્યું–'ના, મેં કોઈને મારવાનો ભાવ પણ કર્યો નથી.' શુક્રાચાર્યે કહ્યું, 'તો તારા બાપને મારનાર પર તારે વેર રાખવું જોઈએ; સુપુત્રે તો પિતાનું વેર લેવું જોઈએ'–એમ વારંવાર

કહેવાથી વિષ્ણુ સાથે યુદ્ધ કરવા અસુરસૈન્ય સજ્જ કરી તે મેદાનમાં આવ્યો. વિષ્ણુને, કુગુરુ કેવું ભરાવે છે તે જોઈને, હસવું આવ્યું, પણ ભક્તને સમજાવવો એ પોતાનું કર્તવ્ય સમજી, એક વૃદ્ધ બ્રાહ્મણનો વેશ લઈ, પ્રહ્લાદ પાસે તે આવ્યા અને પૂછ્યું, 'મહારાજ, આ લશ્કર લઈ ક્યાં ચડાઈ કરી છે?'

પ્રહ્લાદે કહ્યું, 'મારા પિતાનું વેર લેવા વિષ્ણુ પર ચડાઈ કરી છે.' તે બ્રાહ્મણે કહ્યું, 'મારા પુત્રનો પણ તેણે વધ કર્યો છે, માટે હું પણ તમારી સાથે વેર લેવા આવવા ઇચ્છું છું. પણ તે ક્યાં રહે છે, તે જાણો છો?' પ્રહ્લાદ કહે, 'તેની ખબર નથી.' ત્યારે બ્રાહ્મણે કહ્યું કે 'તે બળવાન બહુ છે એમ સાંભળ્યું છે, તો પ્રથમ તમારા બળની મને ખાત્રી કરી આપો તો જણાય કે તમે તેને જીતશો. આ મારી લાકડી જમીન ઉપરથી ઉપાડી દ્યો જોઈએ.'

પ્રહ્લાદે ઘણું બળ કર્યું, પણ લાકડી ઊપડી નહીં. તેથી તેણે જાણ્યું કે આ જ વિષ્ણુ લાગે છે, તેથી તેમને પગે પડી, વિનંતી કરી કે 'મારી રક્ષા કરો. હે ભગવાન! હું તો પુરોહિતથી ભોળવાઈ ગયો હતો.' વિષ્ણુ કહેઃ 'તું તો મને મારવા તૈયાર થયો છે, તું મારી રક્ષા કર.' એમ વિનોદમાં સમજાવી તે અંતર્ધાન થઈ ગયા.

---

## શિક્ષાપાઠ ૪૧. પરિગ્રહ સંકોચવો

ગ્રંથ, પરિગ્રહ, સંગ, ઉપાધિ એ બધા શબ્દો એક જ અર્થના છે. શ્રીમદ્ રાજચંદ્ર સર્વસંગનો અર્થ આ પ્રમાણે કરે



છે—"*'સર્વસંગ' શબ્દનો લક્ષ્યાર્થ એવો છે કે અખંડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રખાવી શકે એવો સંગ."

'આ મારું છે' એવો સંકલ્પ સચેતન, અચેતન કે મિશ્ર વસ્તુઓમાં રહેવો તેને પરિગ્રહ, ગ્રંથ, સંગ આદિ કહેવાય છે. આ મૂર્છા કે મમત્વભાવ ઓછો કરવા મમત્વનાં નિમિત્તો કે વસ્તુઓ અલ્પ કરવી, સંકોચવી તે પરિગ્રહપરિમાણ વ્રત છે.

બાહ્ય વસ્તુઓની પેઠે અંતરંગ પરિગ્રહને પણ વિપરીત ભાવનાથી અલ્પ કરી શકાય છે. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને મિથ્યા માન્યતા આ ચૌદ અંતરંગ પરિગ્રહ છે. તેની પ્રતિપક્ષ ભાવના એટલે ક્રોધને ઉત્તમ ક્ષમાની ભાવનાથી જીતવો, માનને ઉત્તમ વિનયભાવથી જીતવું, માયાને ઉત્તમ સરળભાવના અભ્યાસથી જીતવી, લોભને ઉત્તમ સંતોષવૃત્તિથી જીતવો; આમ દરેક દોષ સંબંધી સમજવું.

બાહ્ય પરિગ્રહ સંકોચવાની ઇચ્છા રાખનારે ઘર, ખેતર; ધન, ધાન્ય; રૂપું, સોનું; મનુષ્ય, પક્ષી આદિ બે પગવાળાં; ઢોર આદિ ચારપગાં પ્રાણી; પલંગ ખુરશી આદિ સૂવા બેસવાનાં સાધન; વસ્ત્ર, વાસણ; આમ દશ ભેદોમાંથી શક્તિ પ્રમાણે દેશ, કાળ, જાતિ, પદવી, વય આદિનો વિચાર કરીને જીવતા સુધી પોતાની જરૂરિયાતની મર્યાદા નક્કી કરી તે ઉપરાંત સંગ્રહ ન કરવાનો નિયમ કરવો.

પરિગ્રહ-પરિમાણ વ્રત રાખનારે અયોગ્ય એટલે પર-પુરુષસેવન કે પરસ્ત્રીસેવન આદિનો તો ત્યાગ જ ઘટે છે તથા

ધંધાને અંગે થતા જંગમ પ્રાણીના વધ ઉપરાંત બીજા જંગમ પ્રાણીની હિંસાનો ત્યાગ કર્તવ્ય છે અને સ્થાવર જીવોનો નિરર્થક વધ પણ ત્યાગવો જ ઘટે છે.

મોહના ઉદયને લીધે જેનો તદ્દન ત્યાગ નથી થઈ શકતો તેનો સંકોચ કરવો કહ્યો છે. કારણકે પરિગ્રહ સંજ્ઞા જીવને અનાદિ કાળની છે, તેનો એકદમ ત્યાગ કરવો અશક્ય જણાય તો ક્રમે ક્રમે અમુક કાળ સુધીનો ત્યાગ કરવાનો અભ્યાસ પણ રાખવો. નહીં તો ઉતાવળ કરી આખી જિંદગી સુધીનો ત્યાગ ગ્રહણ કરે, પણ વાસના ગઈ ન હોય તો વ્રત ભંગ થવાનો સંભવ છે.

પરિગ્રહ એ અવિશ્વાસનું કારણ છે, લોભની વૃદ્ધિનું કારણ છે, હિંસાનું નિમિત્ત છે અને સત્સંગ આદિમાં વિઘ્નરૂપ છે.

''આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે; તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે. અનંત કાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી. તેટલા માટે, તન, મન, ધનાદિ જે કંઈ પોતાપણે વર્તતાં હોય છે, તે જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઈ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું જ ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ-પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં.''

(ફાગણ સુદ ૪, સં.૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૩૩૨)



''જો જીવને આરંભ-પરિગ્રહનું પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભ-પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમનાં કાળ છે.

શ્રી ઠાણાંગસૂત્રમાં આરંભ અને પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવર્તવું યોગ્ય છે એવો ઉપદેશ થવા આ ભાવે દ્વિભંગી કહી છે.

૧.ળજીવને મતિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
ળળળજ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૨. જીવને શ્રુતજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
ળળળજ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૩. જીવને અવધિજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
ળળળજ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૪. જીવને મનઃપર્યવજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
ળળળજ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

૫. જીવને કેવળજ્ઞાનાવરણીય ક્યાં સુધી હોય?
ળળળજ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી.

એમ કહી દર્શનાદિના ભેદ જણાવી સત્તર વાર તે ને તે વાત જણાવી છે કે, તે આવરણો ત્યાં સુધી હોય કે જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય.'' (વૈશાખ, ૧૯૫૦, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૫૦૬)

''ભોગમાં અનાસક્તિ થાય, તથા લૌકિક વિશેષતા દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં આવે તો તૃષ્ણા નિર્બળ થતી જાય છે. લૌકિક માન આદિનું તુચ્છપણું સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે; અને તેથી તેની ઇચ્છા સહેજે મોળી

પડી જાય, એમ યથાર્થ ભાસે છે. માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કંઈ અવશ્ય ઉપયોગ (કારણ) નથી, એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાં સુધી તૃષ્ણા નાનાપ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઈ સારભૂતતા જ નથી, એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે, અથવા થયે તે પર વિશેષ ખેદ કરે, અને આજીવિકામાં ત્રુટતું યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે. એ આદિ પ્રકારે વર્તતાં તૃષ્ણાનો પરાભવ (ક્ષીણ) થવા યોગ્ય દેખાય છે.''

(ભાદરવા સુદ ૧૧, સં.૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૭૦૬)

---

## શિક્ષાપાઠ ૪૨. તત્ત્વ સમજવું

તત્ એટલે તે, જેની વાત કરવી છે તે પદાર્થ. તત્-ત્વ એટલે તે પદાર્થનું સ્વરૂપ. કોઈ પદાર્થનું સ્વરૂપ સમજવું હોય તો તે સમજનારની સન્મુખ દૃષ્ટિ જોઈએ. જીવને સ્વરૂપ સમજવાની જિજ્ઞાસા થયે, યથાર્થ સમજ જેની છે તેવા સત્પુરુષનો યોગ અને બોધ પ્રાપ્ત થાય, તો સુવિચારણા કે તત્ત્વદૃષ્ટિ પ્રગટે છે. શ્રીમદ્ રાજચંદ્રે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં નીચે પ્રમાણે ગાયું છે :–

(દોહરા)

''આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
ળ્ળબાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪



ળ્ળપ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;ળ્ળ
ળ્ળત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર.ળ્ળ૩૫
ળ્ળ... ... ... ... ... ...ળ્ળળ્ળળ્ળ
ળ્ળકષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;ળ્ળ
ળ્ળભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮
ળ્ળદશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;ળ્ળ
ળ્ળમોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯
ળ્ળઆવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;ળ્ળ
ળ્ળતે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.ળ્ળ૪૦
ળ્ળજ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;ળ્ળ
ળ્ળજે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧''

મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે તત્ત્વો છે, તેનો નિર્ણય કરી તેની શ્રદ્ધા સદ્ગુરુયોગે જીવને થાય તો તે સમ્યક્દર્શન કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ મનાય છે. તેવી શ્રદ્ધા કરવા યોગ્ય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ તો સર્વ મનવાળા પંચેન્દ્રિય પ્રાણીઓને થયો છે. મુનિવેષ ધારણ કરી અગિયાર અંગ સુધી ભણવા છતાં વા ગ્રૈવેયક દેવો કુઅવધિજ્ઞાનાદિ યુક્ત છતાં પ્રયોજનભૂત તત્ત્વોનું તેમને શ્રદ્ધાન હોતું નથી તથા જનાવરોને ક્ષયોપશમ થોડો હોવા છતાં પણ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન સંભવે છે. માટે સમજાય છે કે જ્ઞાનાવરણના ક્ષયોપશમ અનુસાર જ શ્રદ્ધાન નથી, પરંતુ કોઈ જુદું કર્મ છે અને તે દર્શનમોહ છે. તેના ઉદયથી જીવાદિ તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન થાય છે.

વિપરીત શ્રદ્ધાને લઈને ભક્તિ કરે, પૂજા કરે, કીર્તન કરે તે બધું યથાર્થ સમજણ કે માન્યતા વિના રૂઢિ પ્રમાણે યંત્રવત્ થયા કરે છે. તેથી સુવિચારણા પ્રગટે તો નહીં પરંતુ હસવા જેવું પણ બને છે.

એક ભક્તમંડળીમાં કૃષ્ણકીર્તન થતું હતું. તેમાં મૃદંગ, કાંસીજોડાં, મંજીરા આદિ વડે ભક્તો ધૂન લગાવતા હતા. એક જણ બોલે અને બીજા બધા ઝીલે. પણ ભજનમાં ગવાય છે તેનો અર્થ સમજે તેવું એમાં કોઈ નહોતું. કીર્તન કરનાર બોલ્યોઃ 'રાધાને કાને ઝાલ ઝબૂકે.' ઝીલનારાઓએ ગાવા માંડ્યું, 'રાધા ને કાનો ઝાલર બૂકે.' એમ ગાતાં ગાતાં મૃદંગ, કાંસીજોડાં અને મંજીરાના અવાજ વારંવાર કરવા લાગ્યા. પણ શું કામ ઝાલર બૂકતા હશે? તેનો વિચાર કોઈને આવ્યો નહીં.

એક જૈન દેરાસરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં પંચ-કલ્યાણકની પૂજા ભણાતી હતી. તેમાં આવ્યુંઃ

''સોના રૂપાકે સોગટે સૈયાં ખેલત બાજી,
હાં હાં રે સૈયાં ખેલત બાજી;
ઇન્દ્રાણી-મુખ જોય કે હરિ હોત હૈ રાજી,
હાં હાં રે હરિ હોત હૈ રાજી.''

આ વખતે એક વૈષ્ણવ ત્યાં હાજર હતો, તેને એમ થયું કે શ્રી પાર્શ્વનાથ ભગવાનને પણ ઇન્દ્રાણીનું મુખ જોઈને વિકાર થયો; તેથી તેણે પાસે બેઠેલાને પૂછ્યું કે આવું તમારા વૈરાગ્યવાળા ધર્મમાં પણ હોય છે? પણ તે ભાઈ ઉત્તર આપી શક્યો નહીં.



આવું સમજણ વગર ગાયા કરવાથી થાય છે. પોતાને ન સમજાતું હોય તો બીજાને પૂછીને પણ નિર્ણય કરવો યોગ્ય છે-આમ વિચારવાનને તો થાય. સમજ્યા વગર ભજનથી જે ભાવ પ્રગટાવવા છે તે કેમ પ્રગટે?

શ્રી યશોવિજયજી તત્ત્વદૃષ્ટિ વિષે અષ્ટકરૂપે લખે છે :—

(દોહરા)

ચર્મચક્ષુ રૂપ જોઈને, મોહ કરે રૂપમાંય;
અરૂપી આત્મા જો ગ્રહે, તત્ત્વદૃષ્ટિ છે ત્યાંય.૭૧

બહિર્દૃષ્ટિ ભ્રમવાડી છે, ભ્રમ છાયા વિષ તેજ;
તત્ત્વદૃષ્ટિ ભ્રાંતિરહિત, કરે ન ત્યાં સુખ-સેજ.૭૨

નગર, બાગ આદિ દીઠ્યે, બાહ્યદૃષ્ટિથી મોહ;
તત્ત્વદૃષ્ટિથી તે દીઠ્યે, વૈરાગ્યે અંતર્ રોહ.૭૩

બાહ્યદૃષ્ટિને સુંદરી, અમૃતમય દેખાય;
તત્ત્વદૃષ્ટિએ હાડકાં મળ જળ ખાણ જણાય.૭૪

બાહ્યદૃષ્ટિ દેખે શુચિ, શરીર સુંદર તેજ;
કૃમિમય શ્વાનાદિક ભખે, તત્ત્વદૃષ્ટિ મન લે જ.૭૫

રાજભવન આશ્ચર્યરૂપ, બાહ્યદૃષ્ટિને હોય;
ગજઘોડાના વન સમું, તત્ત્વદૃષ્ટિ તો જોય.૭૬

કેશલોચ કે મલિન તન, દિલે દેખી રાખ;
મહંત બાહ્યદૃષ્ટિ ગણે, તત્ત્વજ્ઞાન ગુરુ સાખ.૭૭

કરુણા અમીવૃષ્ટિ ભર્યા, તત્ત્વદૃષ્ટિ જગમાંય;
પરોપકારાર્થે જીવે, કરે વિકાર ન ક્યાંય.૭૮

## શિક્ષાપાઠ ૪૩. યત્ના

૧. ‘‘અયત્નાથી ચાલતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૨. અયત્નાથી ઊભા રહેતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૪. અયત્નાથી શયન કરતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૫. અયત્નાથી આહાર લેતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૬. અયત્નાથી બોલતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૭. કેમ ચાલે? કેમ ઊભો રહે? કેમ બેસે? કેમ શયન કરે? કેમ આહાર લે? કેમ બોલે? તો પાપકર્મ ન બાંધે?

૮. યત્નાથી ચાલે; યત્નાથી ઊભો રહે; યત્નાથી બેસે; યત્નાથી શયન કરે; યત્નાથી આહાર લે; યત્નાથી બોલે; તો પાપકર્મ ન બાંધે.

૯. સર્વ જીવને પોતાના આત્મા સમાન લેખે; મન વચન કાયાથી સમ્યક્ પ્રકારે સર્વ જીવને જુએ, આસ્રવ નિરોધથી આત્માને દમે; તો પાપકર્મ ન બાંધે.

૧૦. પ્રથમ જ્ઞાન અને પછી દયા (એમ અનુભવ કરીને) સર્વ સંયમી રહે. અજ્ઞાની (સંયમમાં) શું કરે, કે જો તે કલ્યાણ કે પાપ જાણતો નથી?

૧૧. શ્રવણ કરીને કલ્યાણને જાણવું જોઈએ, પાપને



જાણવું જોઈએ; બન્નેને શ્રવણ કરીને જાણ્યા પછી જે શ્રેય હોય, તે સમાચરવું જોઈએ.

૧૨. જે જીવ એટલે ચૈતન્યનું સ્વરૂપ જાણતો નથી; અજીવ એટલે જે જડનું સ્વરૂપ જાણતો નથી, કે તે બન્નેનાં તત્ત્વને જાણતો નથી તે સાધુ સંયમની વાત ક્યાંથી જાણે?’’

(દશવૈકાલિક સૂત્ર, અધ્ય૦ ૪, ‘શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૬૦)

આત્મસ્વરૂપની જેને પ્રાપ્તિ થઈ છે, તે આત્મસ્વરૂપમાં જ તલ્લીન રહે તેને મુખ્યપણે ગુપ્તિ કહી છે. તેમ કર્મના ઉદયે રહી ન શકાય ત્યારે અનિવાર્ય પ્રવૃત્તિ કરવી પડે તેમાં કેવી રીતે પ્રવર્તવું તેનો માર્ગ તે સમિતિ કહેવાય છે; તે જ યત્નાપૂર્વક વર્તન પણ કહેવાય છે; મુખ્યપણે તે મુનિ પાળી શકે છે અને બને તેટલી રીતે તેમ પ્રવર્તવાની સદ્‌ગૃહસ્થ ભાવના રાખે છે. એક મુનિવરને પત્ર લખતાં શ્રીમદ્ રાજચંદ્રે તેનું રહસ્ય ઉત્તમ રીતે બતાવ્યું છે, તેમાંથી અલ્પ ભાગ નીચે જણાવું છું :—

‘‘સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે; પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. .....પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે, અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવ-અસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્‌ભુત સંકળનાથી ઉપદેશી છે, જેને પાંચ સમિતિ કહેવાય છે.

જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગ-પૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે.....તે જ પ્રમાણે વર્તવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે, અને જે જે સમયે જીવની જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે.'' (ચૈત્ર સુદ ૩, ૧૯૫૩, શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૭૬૭)

બહુ સ્થૂલપણે યત્ના ટૂંકામાં આ પ્રમાણે કહી છે :–

''દૃષ્ટિપૂતં ન્યસેત્પાદં, વસ્ત્રપૂતં જલં પિબેત્ ।
સત્યપૂતં વદેદ્વાક્યં, મનઃપૂતં સમાચરેત્ ।।''

**ભાવાર્થ :–** નજરે જોઈને નિષ્પાપપણે ડગલું ભરવું, સાજા વસ્ત્રે ગળીને પવિત્ર પાણી પીવું, સત્યના નિર્ણયથી પવિત્ર થયેલું વચન બોલવું, મન ડંખે નહીં તેવું પવિત્ર આચરણ રાખવું.

''સંવત્સરેણ યત્પાપં કૈવર્તસ્ય હિ જાયતે ।
એકાહેન તદાપ્નોતિ અપૂતજલ સંગ્રહી ।।''

**ભાવાર્થઃ–** આખું વર્ષ માછલાં માર માર કરનાર માછીને જે પાપ થાય છે, તે જ પાપ એક દિવસ અણગળ પાણી વાપર્યાથી જીવને થાય છે.



''ચિત્તં શમાદિભિઃ શુદ્ધં, વદનં સત્ય ભાષણૈઃ ।
બ્રહ્મચર્યાદિભિઃ કાયઃ શુદ્ધો ગંગાં વિનાऽપિ સઃ ।।''

**ભાવાર્થઃ–** જેનું ચિત્ત શમ, દમ, સમતાદિથી શુદ્ધ થયેલું છે, જેનું વદન સત્ય વદવાથી શુદ્ધ થયેલું છે, અને જેનું શરીર બ્રહ્મચર્ય, અહિંસા, અચૌર્ય, ન્યાયી-પરોપકારી વર્તન આદિથી શુદ્ધ થયેલું છે, તે ગંગામાં સ્નાન કર્યા કરતાં વધારે પવિત્ર છે.

''પંચ શૂના ગૃહસ્થસ્ય ચૂલ્લી પેષણ્યુપસ્કરઃ ।
કણ્ડની ચોદકુંભશ્ચ વધ્યતે યાસ્તુ વાહયન્ ।।'' (મનુ)

**ભાવાર્થઃ–** પ્રાણીવધનાં સ્થાનરૂપ પાંચ શૂના છે. ૧ ચૂલો, ૨ ઘંટી, ૩ વાહન, ૪ ખાંડણી, ૫ પાણિયારું.

આ પાંચે પ્રાણીઘાતનાં સ્થાનોમાં દયા અને કાળજીપૂર્વક વર્તન રાખવાથી ઘણા જીવોનો વધ થતો અટકે એમ છે; તેથી પાપ પણ ઓછું બંધાય અને પરિણામે જીવ મોક્ષમાર્ગ પામવા યોગ્ય થાય.

---

## શિક્ષાપાઠ ૪૪.

## રાત્રિભોજન ત્યાગ વિષે કથા, ભાગ–૧

શ્રમણ ભગવાન મહાવીરસ્વામી એક વખતે રાજગૃહી નગરીની સમીપે વિપુલાચલ નામના પર્વત ઉપર પધાર્યા. તેના સમાચાર સેવકોએ ભક્તશિરોમણિ શ્રી શ્રેણિક મહારાજાને આપ્યા. તે સાંભળી રોમાંચિત થઈ, પ્રફુલ્લિત ચિત્તે તે દિશામાં નમસ્કાર કરી, સમાચાર લાવનારને પ્રીતિદાન આપી, આખા શહેરમાં ઘોષણા કરાવી કે ભગવાન મહાવીર સ્વામી કૃપા કરી

વિપુલાચલ ઉપર પધાર્યા છે, ત્યાં દર્શન, સમાગમ અર્થે જવાને તૈયાર થઈ સર્વ ભક્તજનોએ આવવું.

મોટા વૈભવ સહિત સવારી ચાલવા લાગી; હાથી ઉપર બેઠેલા શ્રી શ્રેણિકરાજાએ દૂરથી પર્વતની કૂખે એકાંત સ્થાનમાં ધ્યાનમાં લીન એક મુનિને દીઠા; તેમની પર્વત જેવી અચળતા અને ધ્યાનમગ્નતા દેખી પ્રમોદભાવ જાગતાં તેઓ હાથી ઉપરથી ઊતરી તે મુનિને અત્યંત હર્ષથી પ્રણામ કરી આગળ ચાલ્યા. સમવસરણમાં જઈ ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈ, નમસ્કાર કરી, સ્તુતિ ઉચ્ચારી, મનુષ્ય પરિષદમાં જઈ તે બેઠા.

સર્વ જીવને હિતકારી, મધુર, સર્વને સમજાય તથા પ્રિય લાગે, ધર્મભાવના વધે અને જીવનની ઉન્નતિ કરવા જીવ પ્રેરાય તેવી અપૂર્વ વાણીથી ભગવાન દેશના દેવા લાગ્યા :—

''આ સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંતાનંત કાળ વ્યતીત થઈ ગયો, સર્વ સામગ્રી જીવ અનેક વાર પામ્યો, પરંતુ સમ્યક્ સમાધિમરણ પામ્યો નથી. જો એક વાર સમાધિમરણ થયું હોત તો જન્મમરણ મટી ગયાં હોત. સંસાર પરિભ્રમણ કરતાં અનેક નવા નવા દેહ ભવભવમાં ધારણ કર્યા છે. એવો કયો દેહ છે કે જે ધારણ નથી કર્યો? તો આ વર્તમાન દેહમાં મોહ મમત્વ શાં કરવાં? ભવોભવમાં અનેક સ્વજન-કુટુંબી-જનોનો પણ સંબંધ થયો છે; હમણાં જ સ્વજન મળ્યાં છે એમ નથી. તેથી કયાં કયાં સ્વજનોમાં રાગ કરવો? ભવભવમાં અનેક વાર રાજઋદ્ધિ પણ મળી છે, તો આ તુચ્છ સંપત્તિમાં શું મમત્વ કરવું? ભવભવમાં અનેક માતાપિતા પાલણપોષણ કરનાર થઈ ગયાં, હમણાં જ થયાં છે એમ નથી. ભવભવમાં નરનારીપણું પણ થયું છે. ભવભવમાં કામવિકારની તીવ્ર



લંપટતા સહિત નપુંસકપણું પણ પ્રાપ્ત થયું છે. તોપણ વેદના અભિમાનથી નાશ પામીને ભટક્યો. ભવભવમાં અનેક જાતિનાં દુઃખ જીવ પામ્યો. સંસારમાં એવું કોઈ દુઃખ નથી કે જે જીવે અનેક વાર ભોગવ્યું ન હોય. અનેક વાર નરકમાં નારકી થઈ થઈને અસંખ્યાતકાળ સુધી પ્રમાણરહિત અનેક પ્રકારનાં દુઃખ ભોગવ્યાં છે. અનેક ભવ તિર્યંચના કરી કરીને અસંખ્યાત, અનંત વાર જન્મ-મરણ કરતાં અનેક પ્રકારે દુઃખ ભોગવતાં ભોગવતાં વારંવાર પરિભ્રમણ કર્યું.

અનેક વાર ધર્મવાસના રહિત મિથ્યાદૃષ્ટિ મનુષ્ય પણ થયો; ગર્ભવાસનાં દુઃખ, જન્મનાં દુઃખ, વ્યાધિ, ઔષધ, ડામ, હાડભંગ, નસ્તર આદિનાં દુઃખો, અંધાપો, બહેરાશ, બોબડાપણું, નિર્ધનપણું, અપમાન, ફજેતી, ફાંસી, અસ્ત્ર-શસ્ત્ર આદિનાં દુઃખો પરાધીનપણે ભોગવ્યાં.

અનેક વાર દેવલોકમાં પણ ઊપજ્યો; અનેક ભવોમાં મિથ્યાદૃષ્ટિ થઈને કપટથી આત્મનિંદા પણ કરી; અનેક ભવોમાં આકરાં તપ પણ ધારણ કર્યાં, અનેક ભવોમાં ભગવાનનાં સમવસરણમાં પણ પ્રવેશ કર્યો; અનેક ભવોમાં શ્રુતજ્ઞાનનાં અંગોનો પઠન-પાઠન આદિ અભ્યાસ કર્યો. આ બધું કર્યું છતાં અનંત કાળથી ભવનિવાસી જ રહ્યો. સમ્યક્-દર્શન વિના ધર્મકાર્યો પણ નિષ્ફળ થયાં; સંસારપરિભ્રમણને રોકનાર ન થયાં. સમ્યક્દર્શન સહિત થાય, તો તે ધર્મકાર્યો સંસારનો નાશ કરનાર થાય.''

## શિક્ષાપાઠ ૪૫.
## રાત્રિભોજન ત્યાગ વિષે કથા, ભાગ–૨

શ્રી મહાવીર ભગવાનની દેશના સાંભળી શ્રી શ્રેણિક રાજા પ્રસન્ન થયા. રસ્તામાં જે મુનિવરનાં દર્શન થયાં હતાં તેમનું વૃત્તાંત જાણવાની ઇચ્છાથી વિનયપૂર્વક તેમણે ભગવાનને વિનંતી કરી કે ''હે ભગવાન! આપનાં દર્શને આવતાં એક મુનિવરને હાથી ઉપર રહ્યાં રહ્યાં દીઠા, તે દેખીને મને બહુ પ્રમોદભાવ જાગ્યો; જાણે સિદ્ધશિલા ઉપર દેહરહિત સિદ્ધ ભગવાન જ હોય તેવી એમની અડોલ ધ્યાનમગ્ન દશા જોઈ આશ્ચર્ય થયું હતું. એ મુનિવર કોણ છે? અને એવી દશા પામવાનું મૂળ કારણ શું હશે? તે જાણવાની મને ભાવના રહે છે, તો કૃપા કરીને મને તે જણાવશોજી.''

ભગવાને તેમનું વૃત્તાંત જણાવવું શરૂ કર્યું :—

''એક આત્મજ્ઞાની મુનિ, દિવસ આથમવાની તૈયારી હતી તે વખતે, એક તલાવડી પાસે શુદ્ધ સ્થળ જોઈ ધ્યાનમાં લીન થઈ ઊભા રહ્યા. પાસે લોકોને જવાનો રસ્તો હતો, તેથી લોકો તેમનાં દર્શન કરી વાતો કરતા ગામમાં જવા લાગ્યા. કેટલાક ભક્તજનો તે વાત ગોવાળિયાઓ પાસેથી સાંભળી દર્શન કરવાની ભાવનાથી ફળ, ફૂલ, નૈવેદ્યાદિ સામગ્રી લઈ, મુનિવર સમીપ ગયા; તે બધી સામગ્રી તેમની સમક્ષ મૂકી, સ્તુતિ, વંદન કરી બધા ગામમાં પાછા આવ્યા.

રાત્રે એક શિયાળ ફરતું ફરતું તે પૂજાની સામગ્રીની સુગંધથી ત્યાં આવી ચડ્યું; દૂધ, ફળ વગેરે દેખી તે ખાવા



લાગ્યું. મુનિવરને તે ભવ્ય જીવ જાણી કરુણા આવવાથી તેના હિતાર્થે ઉપદેશ દેવાની સ્ફુરણા થઈ. તે બોલ્યા કે, ''હે ભવ્ય! અનેક ભવમાં રાત્રે અને દિવસે ખા ખા કર્યું છતાં જીવનું પરિભ્રમણ ટળ્યું નહીં.'' આ સાંભળી શિયાળે ચારે બાજુ જોયું, પણ કોઈને દીઠું નહીં, એટલે વિચાર્યું કે મને જ આ કહે છે. તેથી ખાવાનું બંધ કરી, તે મુનિવરના મુખ તરફ દૃષ્ટિ રાખી, તે ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યું. ફરી મુનિવર બોલવા લાગ્યા કે ''પૂર્વભવે ધર્મ સાંભળ્યો નહીં, આરાધ્યો નહીં, તેથી આ શિયાળનો ભવ પ્રાપ્ત થયો છે. હજી પણ ચેતે તો મોક્ષ દૂર નથી. જન્મવું, મોટા થવું અને મરી જવું; ફરી જન્મવું, મોટા થયા ન થયા ને મરવું પડે આમ અનેક ભવમાં જીવે માત્ર દુઃખ, દુઃખ અને દુઃખ જ દીઠું છે. બીજા જીવો પ્રત્યે ઉપકાર બુદ્ધિ, દયાની લાગણી, મૈત્રી ભાવ, પ્રમોદ ભાવ કે મધ્યસ્થ ભાવ રાખતાં જીવ શીખ્યો નથી. રાત્રે પોતાના સ્થાનથી આહાર આદિ અર્થે જવું એ પણ ઘણા જીવોના વધનું કારણ છે. દિવસે મરણના ડરથી સંતાઈ રહેલા જીવજંતુ રાત્રે આમતેમ ભયભર્યાં ફરતા હોય તે કચડાઈ જાય, વૈર બાંધી મરી જાય, તે બીજા ભવમાં વળી દુઃખ દેવા લાગે. રાત્રે ગમે તેવો આહાર દેખ્યા વિના લે તેને પોતાને પણ રોગ આદિનું કારણ થાય.

[૧]મહાપુરુષો પોકારી પોકારીને કહે છે કે હે યુધિષ્ઠિર! રાત્રિને વિષે પાણી પીવું તે લોહી પીવા બરાબર છે તથા અન્નાદિ ખાવું તે માંસ ખાવા તુલ્ય છે, માટે રાત્રિભોજન

૧. મહાભારતમાંથી

કરનારને લોહી-માંસ વાપરનાર જેટલું પાપ લાગે છે. હે યુધિષ્ઠિર! દયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, મદિરા, માંસ અને મધનો ત્યાગ તથા રાત્રિભોજનનો ત્યાગ એ ધર્મનાં અંગો છે. જે ઉત્તમ બુદ્ધિવાળા જીવો રાત્રિને વિષે હંમેશાં આહારનો ત્યાગ કરે છે, તેઓને એક માસમાં પંદર દિવસ ઉપવાસ કર્યાનું ફળ મળે છે; અને જે જીવન પર્યંત રાત્રિ-ભોજનનો ત્યાગ કરે છે, તેને પોતાના અર્ધા આયુષ્ય સુધીના ઉપવાસનું ફળ મળે છે. વિવેકી ગૃહસ્થે કે ત્યાગીએ તો રાત્રે પાણી પણ પીવું ન જોઈએ.''

આ સાંભળી તે શિયાળ રાત્રિભોજન અને હિંસાથી ભય પામ્યું અને તેણે વિચાર્યું કે આજ સુધી તો ઘણાં પાપ કર્યાં; હવેથી હે ભગવાન! કોઈ જંગમ જીવને જાણી જોઈને આહાર માટે નહીં મારું, અને રાત્રે આહાર તથા પાણીનો જીવન પર્યંત ત્યાગ કરું છું. એવી પ્રતિજ્ઞા મનથી કરી, નમસ્કાર કરી ત્યાંથી તે ચાલી ગયું.

પછી તે શિયાળ દિવસે છુપાતું છુપાતું આમતેમ રખડી જે કંઈ ફળાદિ આહાર બોર, જાંબુ, આદિ મળે તે સૂકાં પાકાં ખાઈ લેતું અને દિવસ આથમ્યા પહેલાં પાણી આદિ ગમે ત્યાંથી પી લેતું. રાત્રે તો તેની બોડમાં જ તે સૂઈ રહેતું, ક્યાંય ફરતું નહીં. આમ ઘણો વખત ગાળ્યો.

એક દિવસે ગ્રીષ્મ ઋતુમાં કંઈ ફળાદિ નહીં મળવાથી બોરડી નીચે પડેલાં સૂકાં બોર ખાઈ પેટ ભર્યું, પણ પાણી મળવું મુશ્કેલ થઈ પડ્યું. જ્યાં જાય ત્યાં તલાવડાં સુકાઈ ગયેલાં. ગામમાં જતાં કૂતરાંની બીક લાગે; એવામાં કોઈ વાવ



તેણે દિવસ આથમવા આવ્યો ત્યારે દીઠી. ત્યાં જઈ અંદર ઊતરવા લાગ્યું પણ અંદર અંધારું દીઠું; એટલે સૂર્ય આથમી ગયો હશે એમ જાણી ઉપર આવ્યું, તો સૂર્યનું બિંબ જમીનને અડેલું દીઠું. એટલે ઝટ ઊતરી પાણી પી લઉં એમ વિચારી ફરી વાવમાં ઊતર્યું; પણ પહેલાં કરતાં વધારે અંધારું લાગ્યું એટલે મુનિનું વચન સાંભરી આવ્યું, અને હવે દિવસ આથમી ગયો હશે એમ ધારી, પાણી પાસે ગયેલું છતાં પીધા વિના બહાર આવી જોયું તો દિવસ ન દીઠો; એટલે તરસથી તરફડીને ત્યાં જ મરી ગયું. પણ પાસે જ પાણી હોવા છતાં પીવા તે લલચાયું નહીં.

તેના ધર્મભાવને લીધે તેણે ઘણું પુણ્ય પ્રાપ્ત કર્યું અને રાજગૃહી નગરીમાં એક ધનાઢ્ય શેઠને ત્યાં પુત્ર તરીકે અવતર્યું. તેનું નામ પ્રીતિંકર પાડ્યું.

---

## શિક્ષાપાઠ ૪૬.
## રાત્રિભોજન ત્યાગ વિષે કથા, ભાગ–૩

પ્રીતિંકર મોટો થયો તેમ તેણે વિદ્યાભ્યાસ પણ સારો કર્યો, કળાકુશળ બન્યો; અને વેપાર વણજમાં પણ પ્રવીણ થયો. એક દિવસે રાત્રે તેને વિચાર આવ્યો કે બાળક નાનું હોય ત્યારે તેની માના ધાવણથી ઊછરે છે, પણ દાંત આવ્યા પછી તે ખાતાં શીખે છે અને માતાને આધારે ખોરાક મેળવવાની પરાધીનતા તજી દે છે; તેમ હું નાનો હતો ત્યાં સુધી માબાપની કમાણીને આધારે સુખસામગ્રી મેળવી ભણ્યો, હોશિયાર થયો. હવે મારા પુરુષાર્થથી મારે કમાણી કરવા

પરદેશ જવું ઘટે છે. વાસી ખોરાક કરતાં તાજું જમણ ઉત્તમ છે, તેમ પોતે કમાણી કરી દાનાદિ કરવું સારું છે.

બીજે દિવસે તેનાં માતાપિતાને તેણે વિનંતી કરી કે મારે પરદેશ વેપાર કરવા જવા વિચાર થાય છે. એટલે તેના પિતાએ કહ્યું કે જેને ઘેર પૈસા ન હોય તે પરદેશનાં દુઃખ વેઠે. આપણે ત્યાં તો સાત પેઢી સુધી ધન ખૂટે તેમ નથી. તથા તું અમારો એકનો એક દીકરો છે તેથી પરદેશ જવાનો વિચાર તું માંડી વાળ. પરંતુ દૃઢનિશ્ચયી હોવાથી માતાપિતાને અનેક રીતે સમજાવી અને અમુક વર્ષે કમાણી થતાં પાછા આવવા કબૂલાત કરી, તે અનેક વહાણ કરિયાણાથી ભરી પરદેશ ગયો. કોઈ દૂરના દ્વીપમાં જઈ, રાજાને ભેટણું આપી ત્યાં વેપાર શરૂ કર્યો. બે ચાર વર્ષમાં તો તે જે વારસો ઘરથી તજીને આવ્યો હતો તેથી વધારે કમાણી કરી, દાન, ધર્મ આદિ સદાચારથી ત્યાં પ્રખ્યાતિ પામ્યો.

ઘણી કુલીન કન્યાઓ તે ત્યાં પરણ્યો, પણ પાછા દેશ જવાનો વિચાર તેને આવ્યો નહીં. લક્ષ્મી વધે તેમ લોભ પણ વધે છે. કોઈ બીજે દ્વીપ ત્યાંથી ગયો, ત્યાં પણ પુણ્યના ઉદયે અઢળક લક્ષ્મી કમાયો, લોકોમાં પંકાયો, ત્યાંના રાજાની કુંવરી પણ પરણ્યો. આમ અનેક દેશમાં ફરતો ફરતો વસુદેવની પેઠે ઘણી સ્ત્રીઓ, ધન, લાવલશ્કર લઈ તે રાજગૃહી નગરીમાં આવ્યો. ત્યારે હે રાજા! તમે પણ તે પ્રીતિંકર શેઠને માનપૂર્વક લેવા સામા ગયા હતા.''

આ વાત સાંભળીને બધી હકીકત પછી શ્રી શ્રેણિકને યાદ આવી. એટલે તે બોલ્યા કે ''શ્રી પ્રીતિંકર મુનિનું શરીર એટલું



બધું બદલાઈ ગયું છે, સુકાઈ ગયું છે કે હું તો તેમને ઓળખી જ શક્યો નહીં.''

પછી ભગવાને આગળ જણાવ્યું કે ''એક વખત અમારું અહીં આવવું થયેલું તે વખતે પુણ્યોદયથી પ્રીતિંકર શેઠ આવ્યા અને સંસારની અનિત્યતા, અસારતા, અશરણતા સાંભળી જે મનુષ્યભવ મળ્યો છે તે સફળ કરી લેવાની તેમને ભાવના જાગતાં સર્વ સમૃદ્ધિનો ત્યાગ કરી મુનિ બન્યા અને અનેક શાસ્ત્રોના પારગામી બની હવે તે અભ્યાસના ફળરૂપ સ્વરૂપ-સ્થિરતા આરાધે છે. આ જ ભવે તે મોક્ષ પામશે.''

આ સાંભળી ઘણા જીવોએ જીવનપર્યંત રાત્રે આહાર પાણી નહીં વાપરવાનો નિશ્ચય કરી ભગવાનની સમક્ષ પ્રતિજ્ઞા લીધી.

રાત્રિભોજન ત્યાગ અથવા દિવામૈથુન ત્યાગ નામની છઠ્ઠી પ્રતિમા શ્રાવકની ગણાય છે. તેનો પરમાર્થ એવો છે કે રાત્રિભોજન ત્યાગ કરનાર દિવસે સર્વ સ્ત્રીસેવનનો ત્યાગ રાખે છે. પોતાની સ્ત્રીને પણ ધર્માત્મા દિવસે સેવે નહીં, કારણ કે તે વૈરાગ્યની વૃદ્ધિ અર્થે કામ-દોષો, સ્ત્રી-દોષો, સ્ત્રીસંગ-દોષો, અશૌચ અને આર્યપુરુષોની સંગતિના વિચારોમાં એકાગ્ર ચિત્તવાળા હોય છે.

''રાત્રે રાંધવામાં પણ ઘણા જીવોનો નાશ થાય; રાત્રે વાસણ ધોવામાં પણ ઘણા જંતુ નાશ પામે; તેમ જ પાણી ઢોળવામાં પણ જમીન ઉપરના જંતુ નાશ પામે. રાત્રે ન રાંધેલી એવી લાડુ જેવી અચેતન વસ્તુઓ, તેમ જ ફળ વગેરે

વસ્તુઓ પણ રાત્રે ન ખાવી; કારણકે દેખી પણ ન શકાય એવા જંતુઓ રાત્રે હોય છે જ. જેમને કેવળજ્ઞાન થયું છે એવા મહાપુરુષોએ, રાત્રે નિર્જંતુક આહારનો અભાવ હોવાથી, રાત્રિ-ભોજનની મના કરી છે.''

(શ્રી હેમચંદ્રાચાર્ય—યોગશાસ્ત્ર)

''રાત્રિભોજન કરવાથી આળસ, પ્રમાદ થાય; જાગૃતિ થાય નહીં; વિચાર આવે નહીં; એ આદિ દોષના ઘણા પ્રકાર રાત્રિભોજનથી થાય છે, મૈથુન ઉપરાંત પણ બીજા ઘણા દોષ થાય છે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૬૯૯)

---

## શિક્ષાપાઠ ૪૭. સર્વ જીવ રક્ષા, ભાગ—૧

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય.''

('શ્રીમદ્ રાજચંદ્ર'આ૦સિ૦ગાથા-૧૩૫)

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેમની કાયા છે એવા સ્થાવર જીવો છે; તેમને એક સ્પર્શ ઇંદ્રિયથી ઠંડું, ગરમ, ભારે, હલકું વગેરે જાણવાની શક્તિ હોય છે; સ્પર્શ અને રસ એ બે વિષયો જાણે તેવા બે-ઇંદ્રિય જીવો, કીડા, જળો, અળસિયાં વગેરે હોય છે; સ્પર્શ, રસ અને ગંધનું જ્ઞાન થાય તેવા ત્રણ-ઇંદ્રિયોવાળા કીડી, મકોડા, જૂઆ આદિ જીવો છે; આંખથી રૂપનું વિશેષ જ્ઞાન જેમને પ્રાપ્ત થાય છે તેવા માખી, પતંગિયાં, મચ્છર આદિ જીવો છે; અને કાન સહિત પાંચે ઇંદ્રિયોવાળાં પશુ, વાનર, પક્ષી, મનુષ્ય, દેવ, માછલાં, નારકી આદિ જીવો હોય છે. તે બધાં પ્રાણીઓ સુખને ઇચ્છે



છે, દુઃખથી ડરે છે; મનવાળાં પંચેન્દ્રિય પ્રાણીઓ સુખનાં સાધન વિચારી તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે; અને દુઃખનાં કારણો સમજાય તેટલાં દૂર કરવા મથે છે.

નારકી જીવોને એક ક્ષણ જેટલો વિસામો નથી, ઊંઘ નથી, ભૂમિના સ્પર્શનું દુઃખ પણ કેવળી ભગવાન જાણે છે, કે તે ભોગવનાર જાણે છે; અતિ તીવ્ર કર્મના ઉદયમાં કોઈ શરણ નથી. સર્વ ક્રૂર, ભયંકર, ઉગ્રરૂપ ધારણ કરનારા, અંગારા જેવી બળતી આંખોવાળા, અશુભ ધ્યાન કરાવનારા, ક્રોધ ઉપજાવનાર ઘોર નારકી ત્યાં છે. ત્યાં નારકીઓના મહા વિલાપ, રુદન, માર અને ત્રાસના ઘોર શબ્દો સંભળાય છે: ''અહો! જ્યારે મનુષ્યપણામાં હતો, ત્યારે મેં આત્મકલ્યાણ કંઈ ન કર્યું; હવે દૈવ અને પુરુષાર્થ બન્ને શક્તિથી રહિત હું શું કરું? પૂર્વે જે જે નિંદવા લાયક કર્મો કર્યાં છે, તે બધાં યાદ કરતાં જ મારું હૃદય બળે છે. જે દુઃખ એક નિમેષ માત્ર સહ્યું જતું નથી, તે અહીં સાગરોપમ કાળ સુધી કેવી રીતે સહન થશે?'' આમ મનમાં સંતાપ થવાથી ઘોર દુઃખ સહન કરે છે. કામભોગના લોલુપી હોય છે તે નરકાદિ ગતિમાં દુઃખને પાત્ર થાય છે. આ પ્રકારે અનેક વાર નરકે જઈને દુઃખ જીવે ભોગવ્યાં છે.

પૃથ્વીકાયમાં જીવ ખોદાય છે, બળાય છે, કચરાય છે, ઓગાળાય છે, એમ અનેક પ્રકારનાં દુઃખ પામે છે. ત્યાં કોણ રક્ષા કરે?

જલકાયમાં જીવ ઉકળાય છે, બળાય છે, મસળાય છે, અન્યમાં મેળવાય છે, ઝેર, ક્ષાર, કડવાશમાં ભેળવાય છે.

તપાવેલી ધાતુ તથા પથ્થર ઉપર રેડાતાં ઘોર દુઃખના શબ્દો કરતાં બળાય છે, પર્વત ઉપરથી પડતાં શિલા પર પછડાય છે, લાકડી વડે કુટાય છે, અંગારા ઉપર રેડાય છે; ઉનાળામાં તપેલી જમીન, ધૂળ વગેરે ઉપર છંટાય છે. એમ વિવિધ દુઃખો પાણીના જીવો સહન કરે છે. પણ કોઈ એની દયા ખાનાર નથી. પૂર્વભવમાં દયાધર્મનું પાલન ન કરવાથી આ ભવમાં તેના ઉપર કોઈ દયા કરતું નથી.

અગ્નિકાયના જીવ દબાતાં, ઓલવાતાં, કુટાતાં, છેદાતાં આદિ અનેક ક્રિયાના પ્રકારમાં ઘોર દુઃખથી પીડાય છે. કોણ રક્ષા કરે?

વાયુકાયમાં આ જીવ પર્વતનાં કઠણ પડખાં ઉપર નિરંતર પછડાય છે. ચામડાની ધમણ, ભૂંગળી કે પંખાથી અગ્નિમાં ધમાય છે. વીંજણા કે વસ્ત્રથી પટકારાય છે. વૃક્ષોના પછાડાથી અથડાય છે, પછડાય છે એમ દુઃખસમૂહને અનેક પ્રકારે વેદે છે.

સાધારણ વનસ્પતિકાય કંદમૂળ આદિમાં એક જીવની ઘાત થતાં અનંત જીવોની સામટી ઘાત થાય છે. વારંવાર તેમને કરવા પડતાં જન્મમરણનાં દુઃખ તો જ્ઞાની જ જાણે છે.

પ્રત્યેક વનસ્પતિમાં પણ જીવ કપાય છે, છેદાય છે, છોલાય છે, સમારાય છે, રંધાય છે, ચવાય છે, તળાય છે, છમકારાય છે, વઘારાય છે, વહેંચાય છે, ચિરાય છે, વટાય છે, ઘસાય છે, ગળાય છે, નિચોવાય છે, ઘાણીમાં પિલાય છે, કચરાય છે. એમ નાના પ્રકારે પરાધીનપણે ઘોર દુઃખો જીવ ભોગવે છે.



કદાપિ કોઈ જીવ ત્રસ (જંગમ) ભવ પામે છે, તો વિકલત્રય (બેઇંદ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય) ભવમાં ઘોર દુઃખ ભોગવે છે. ઇયળ, કીડા આદિ મુખ ફાડી આહાર માટે દોડતાં ફરે છે; કચરાઈ જાય છે, પિસાઈ જાય છે. દયાળુ ધર્માત્મા વિના કોને તેની દયા આવે છે? કીડી, મકોડા, માખી, કરોળિયા, ડાંસ આદિ ભૂખનાં માર્યાં આહાર શોધતાં ફરે છે; રસમાં, પાણીમાં, અગ્નિમાં પડીને કે કચરાઈને મરી જાય છે; ઢોર પશુનાં પૂંછડાંથી, ખરીથી નાશ પામે છે; ચકલાં ચણી જાય છે; ઘરોળી, સાપ ઇત્યાદિ ખોળી ખોળીને મારે છે. કોણ તેમની દયા ખાય છે? મનુષ્યના નખ, હાથ, પગ, દવા આદિથી હણાઈ જાય છે, કચરાઈ જાય છે, કપાઈ જાય છે, દબાઈ જાય છે, મળ, કફ આદિમાં પડીને મરી જાય છે. કોઈ દયા કરતા નથી. અગ્નિમાં અનેક ઘુણ, મેઢ, ઇયળો, ઊધઈ વગેરે લાકડાંમાં પેઠેલાં બળી મરે છે. કરોડો જીવડાં અનાજની સાથે દબાઈ જાય છે, ખંડાઈ જાય છે, ભાડભૂંજાને ત્યાં શેકાઈ જાય છે, રંધાઈ જાય છે, દળાઈ જાય છે. યત્નાથી વર્તીએ તો ઘણા જીવો બચે.

બોર વગેરે ફળ, ફૂલ, શાકભાજી, લીલા સૂકા મેવા, ઔષધમાં વપરાતાં ફૂલ, પાન, છાલને આશરે રહેલાં ઘણાં જીવડાં તથા વાસી રસોઈ, દહીં, દૂધ આદિમાં પડેલા કે ઉત્પન્ન થતા જીવોની રક્ષા કોણ કરે છે?

ચોમાસામાં ઘણા જીવોની ઉત્પત્તિ હોય છે. બધી જમીન જીવડાંથી છવાઈ જાય છે; ઢોરના પગે, મનુષ્યોના પગે,

ઘોડાની ખરીએ, રથ, બળદ, ગાડાં, ગાડી, મોટર, રોલર આદિ વડે જીવડાં કચરાઈ જાય છે, છૂંદાઈ જાય છે, ચૂંથાઈ જાય છે; કોઈ જગાએ તેમના પગ કપાઈ જાય છે, ક્યાંક તેમનાં માથાં કપાઈ જાય છે, ક્યાંક તેમનાં પેટ ફાટી જાય છે; કોણ દયા કરે?

## શિક્ષાપાઠ ૪૮. સર્વ જીવ રક્ષા, ભાગ–૨

પંચેન્દ્રિય જીવોમાં જળચર માછલાં, મગર, મહામચ્છ આદિ બળવાન નિર્બળને ખાઈ જાય છે, મચ્છીમારની જાળમાં કે કાંટા વડે માછલાં પકડનારાના કાંટામાં ફસાઈને, કે હોડીમાં બેસી ભાલા વડે મહામચ્છને હણનારા ક્રૂર જનોથી હણાઈને ઘણા જીવો મરે છે; જીવતાં માછલાંને કેટલાંક બાફી ખાય છે. દવાને નામે પણ ઘણાં જળચર પ્રાણીઓના ઘાણ નીકળી જાય છે.

વનચર પંચેન્દ્રિય જીવોમાં મૃગ, ભૂંડ, વાઘ, સિંહ, હાથી, સસલાં આદિ અનેક જીવો સદાય ભયભીત રહે છે; શિકારી કે પારધીથી વીંધાઈ કે પકડાઈને મરણ પામે છે; દરમાંથી પારધી ખોદી ખોદીને કાઢે છે અને મારે છે. બળવાન પશુ નિર્બળને ગુફામાં, પર્વતમાં, વૃક્ષમાં, ખાડામાં છાનાંમાનાં સંતાઈ રહ્યાં હોય ત્યાંથી છળકપટથી પકડીને મારે છે.

પારધી, કસાઈ જેવા ક્રૂર મનુષ્યો યંત્રોથી કે જાળના ઉપાયોથી પશુપક્ષીને પકડીને મારીને વેચે છે, ખાય છે, જીવતાં પ્રાણીઓના પગ કાપીને વેચે છે, જીભો કાપી આપે છે, ઇંદ્રિયો કાપીને વેચે છે, પૂછડાં કાપીને વેચે છે, મર્મસ્થાન



કાપે છે, છેદે છે, તળે છે, રાંધે છે. તે તિર્યંચ ગતિમાં કોઈ શરણ નથી. તિર્યંચોમાં માતા બચ્ચાનું ભક્ષણ કરે છે, તો અન્ય કોણ રક્ષા કરે?

નભચર પક્ષીઓને પણ નિરંતર દુઃખ હોય છે. નિર્બળ પક્ષીઓને બળવાન પક્ષી પકડીને મારે છે. બાજપક્ષી દિવસે મારી ખાય; વાગોલો, ઘુવડ આદિ રાત્રે ફરનારાં દુષ્ટ પક્ષીઓ સંતાઈ રહેલાંની પાસે જઈને તોડી ખાય છે. બિલાડી, કૂતરાં પક્ષીઓને છેતરીને મારે છે. પવનની, પાણીની, વરસાદની, ઝાકળની, ટાઢની ઘોર વેદના ભોગવી ભોગવીને મરી જાય છે. દુષ્ટ મનુષ્યો પક્ષીઓને પકડી વેચે છે, પીંછાં ઉપાડી નાખે છે, ચીરે છે, ઊકળતા તેલમાં જીવતાં તળે છે, રાંધે છે.

હાથી, ઘોડા, ઊંટ, બળદ, ગધેડાં, પાડા આદિ જીવોની પરાધીનતાનાં દુઃખ કોણ કહી શકે? બહુ ભાર ભરે, માર મારે, પીઠ ગળી જાય, માંસ કપાઈને ખાડા પડી જાય, ખાંધ ગળી જાય, નાક નાથને લીધે ગળી જાય, કીડા પડી જાય, કઠોર ભારથી હાડકાંના ચૂરા થઈ જાય, પગ ત્રુટી જાય, મહા રોગી થઈ જાય, વૃદ્ધ-નિર્બળ થઈ જાય તોય બહુ ભાર લાદે છે. પરાધીનતાનું દુઃખ તિર્યંચ જેવું બીજી કોઈ ગતિમાં નથી.

અનીતિથી ધન હરી લીધેલું, છળકપટી થઈને દાન લીધેલું, વિશ્વાસઘાત કરેલો, અભક્ષ્ય ભક્ષણ કરેલું, રાત્રે ભોજન કરેલાં, નિર્માલ્ય દેવ-દ્રવ્ય ખાધેલું, પરના ઉપર આળ મૂકેલું, પોતાનાં વખાણ કરેલાં, પારકી નિંદા કરેલી, બીજાનાં છિદ્ર જોયેલાં, પારકા મિષ્ટાન્નની લાલસા રાખેલી, અતિ

માયાચાર કરેલા, તે બધાનાં આ ફળ તિર્યંચભવમાં જીવ ભોગવે છે.

મનુષ્યભવમાં પણ દુઃખ ઓછાં નથી. કોઈ તો ઢોર પશુ જેવા જ્ઞાનરહિત છે. કોઈ અનાથ બની બીજાને ખાતાં વધેલી એંઠ વગેરે ખાઈને, ભૂખતરસની પીડા સહન કરીને, પારકા ઠપકા, તિરસ્કાર ખમતાં ઊછરે છે. કોઈ શેર અનાજ પેટ ભરવા જોઈએ તે અર્થે એક બોજો માથા ઉપર, એક બોજો પીઠ ઉપર, એક બોજો હાથમાં લાંબે સુધી લઈને ચાલે છે. કોઈ આખો દિવસ પાણી ભર્યા કરે છે. કોઈ રાતદિવસ પરદેશમાં ફર્યા કરે છે. કોઈ પથ્થરનો, કોઈ માટીનો ભાર નિરંતર વહે છે. કોઈ નોકરીમાં પરાધીન રહી મનુષ્યભવ ગુમાવે છે. કોઈ ઢોર પશુની સેવા કરે છે, પાળે છે, તોય પૂરતું પેટ ભરાતું નથી. કોઈ મળમૂત્ર સાફ કરે છે, કોઈ ચામડાં ઉતારે છે—સાફ કરે છે. કોઈ દીન થઈને ઘેરઘેર માગતા ફરે છે. એમ અનેક કર્મને વશ થઈ આત્માને ભૂલીને મનુષ્યભવ વૃથા ગુમાવે છે.

કોઈ પૂર્વજન્મમાં મંદ કષાય, ઉજ્જ્વલ દાન કરનારા અહીં પુણ્ય સહિત જન્મે છે. તેમને પણ ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ થાય છે. સંસાર દુઃખ-સ્વભાવવાળો છે. ભરતચક્રીના નાના ભાઈ બાહુબલીએ બળનો મદ કરીને ચક્રવર્તીનું માનભંગ કર્યું. આવા પુણ્યવંતને આવું બને છે તો બીજાની શી વાત કરવી? કોઈને સ્ત્રી નથી તેનું દુઃખ, તો કોઈને સ્ત્રી છે તો દુષ્ટ, વ્યભિચારિણી, કલહ કરનારી, મર્મ-



ભેદક વચન બોલનારી, ચોરી કરનારી, રોગી હોવાથી નિરંતર દુઃખી છે. કોઈને આજ્ઞા પ્રમાણે વર્તનારી, પતિને પ્રસન્ન કરનારી સ્ત્રી હોય તે મરી જાય ત્યારે તેના વિયોગનું મહા દુઃખ થાય છે.

કોઈ પુત્રરહિત હોવાથી દુઃખી છે, કોઈ કુપુત્ર નીકળવાથી દુઃખી છે, કોઈને યશવાન સુપુત્ર છે, પણ તે પુત્ર મરણ પામતાં તેના વિયોગે મહા દુઃખી થાય છે. કોઈ મહા રોગ અને નિર્ધનતાનાં દુઃખે દુઃખી છે, કોઈ બહુ દીકરીઓ હોવાથી અને તેને પરણાવવા આદિ માટે પૂરતું ધન નહીં હોવાથી દુઃખી છે. કોઈને કન્યા આંધળી, લૂલી, બોબડી, ગાંડી, અપંગ અને કદરૂપી હોવાથી મહા દુઃખી છે. કોઈને માતાપિતાના વિયોગનું દુઃખ થાય છે. કોઈને પિતા કોઈ જોરાવર, નિર્દયી માણસનું દેવું મૂકતા જાય તેનું દુઃખ હોય છે, કારણ કે દેવા જેવું દુઃખ નથી.

આ સંસારવાસ સર્વ પ્રકારે દુઃખરૂપ જ છે. રાજાનો રંક થઈ જાય છે, રંકનો રાજા થઈ જાય છે ઇત્યાદિ મનુષ્યભવમાં ઘણાં દુઃખ છે.

દેવગતિ મળે તોપણ ત્યાં માનસિક દુઃખો હોય છે. વિશેષ ઋદ્ધિધારક દેવને દેખી પોતાને નીચો માની દુઃખ વેદે છે. ઇષ્ટ દેવ-દેવાંગનાના વિયોગનું પણ દુઃખ સાલે છે. પુણ્યહીન દેવ ઇન્દ્રાદિ મોટા દેવોની સભામાં પ્રવેશ કરી શકતો નથી તેનું તેને મહા દુઃખ લાગે છે. આયુષ્ય પૂર્ણ થવાનું હોય ત્યારે દેવલોકમાંથી પોતાનું પતન થશે એમ દેખે છે, ત્યારે જે દુઃખ તેને થાય છે તે ભગવાન કેવળી જ જાણે છે.

સુખ તો પાંચ પાપ-–હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ—ના ત્યાગથી થાય છે. મિથ્યામતિ પાંચ પાપવડે ધનની વૃદ્ધિ, કુટુંબની વૃદ્ધિ, સુખની વૃદ્ધિ ઇચ્છે છે, ઇંદ્રિયના વિષયોની પ્રાપ્તિને સુખ માને છે. પણ તે તો મોહને લઈને થયેલો અંધાપો છે. આ વિપરીત માર્ગ જ અનંત દુઃખમય સંસારનું કારણ છે. દુઃખોથી દુઃખ જ ઊપજે છે. આ પ્રમાણે સંસારનું સ્વરૂપ વારંવાર વિચારવાથી વૈરાગ્ય જાગે તો સંસાર-પરિભ્રમણ દૂર કરવાના ઉદ્યમમાં જીવ કાળજી રાખે; બીજા જીવો પ્રત્યે દયા રાખે, અનીતિ ત્યાગે; સદ્દેવ, સદ્ગુરુ, સદ્ધર્મનું શરણ ગ્રહી આત્મહિત સાધે.

---

## શિક્ષાપાઠ ૪૯. પ્રત્યાખ્યાન

પ્રત્યાખ્યાન એટલે અમુક અહિતનાં કારણોનો ત્યાગ અથવા દોષનાં કારણો ન સેવવાની પ્રતિજ્ઞા. સામાન્ય રીતે ભોગ-ઉપભોગમાં આવતી ચીજો રાગદ્વેષનાં મુખ્ય કારણો લોકોમાં મનાતાં હોવાથી ખાવાપીવા કે મોજશોખનાં કારણોથી થતું પાપ અટકાવવા જે નિયમો કરવામાં આવે છે તેને માટે પચખાણ શબ્દ લોકપ્રસિદ્ધ છે.

શાસ્ત્રમાં મુખ્ય વિષય મોક્ષનો હોય છે, તેથી જન્મમરણ છૂટે તે લક્ષ પ્રત્યાખ્યાનનો છે. ઉત્તરાધ્યયન સૂત્રના સમ્યક્ત્વ-પરાક્રમ નામના ૨૯મા અધ્યયનમાં અનેક પ્રકારનાં પ્રત્યાખ્યાન જણાવ્યાં છે, અને તે બધાનું ફળ મોક્ષ બતાવ્યું છે.

કાયોત્સર્ગથી જે દોષો શુદ્ધ ન થયા હોય તે દૂર થવા



પ્રત્યાખ્યાન કરવાનું હોય છે, એમ જણાવી તે સૂત્રમાં પ્રશ્ન કરેલો છે કે હે ભગવાન! પ્રત્યાખ્યાન વડે જીવ શું ઉત્પન્ન કરે? ઉત્તરમાં જણાવ્યું છે કે મૂળ ગુણ અને ઉત્તર ગુણ રૂપી પ્રત્યાખ્યાન વડે જીવ હિંસાદિક આસ્રવ દ્વારોને રૂંધે છે; ઉપલક્ષણથી પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મોને ખપાવે છે. અહીં નમસ્કાર સહિત—નવકારસી વગેરે પચખાણોનો ઉત્તરગુણ-પ્રત્યાખ્યાનમાં સમાવેશ થાય છે.

સાધુ, સંભોગના પચખાણથી નિરાલંબી થાય છે. તેથી મોક્ષના પ્રયોજનવાળા વ્યાપારવાળો થાય છે, સંતોષવાળો થાય છે, બીજાના લાભનો આસ્વાદી થતો નથી; તેવા તર્કે ચઢતો નથી, સ્પૃહા કરતો નથી, સ્વાદની પ્રાર્થના કરતો નથી, વાસના રાખતો નથી; તેથી બીજી સુખશય્યા એટલે એકલાં રહેવારૂપ સુખશય્યાને અંગીકૃત કરી વિચરે છે.

ઉપધિનું પચખાણ કરનારને સ્વાધ્યાયનો વિઘાત થતો નથી, ઉપધિ રહિત જીવ વસ્ત્રાદિની અભિલાષા રહિત બને છે. તેથી તે ઉપધિ વિના હોવા છતાં ક્લેશ અનુભવતો નથી.

સદોષ આહારનો ત્યાગ કરનારને ઉપવાસ કરવાના થાય. તેથી જીવિતની આશંસા એટલે અભિલાષાનો નાશ થાય છે. તેથી યોગ્ય આહાર ન મળે તોપણ તે પીડા અનુભવતો નથી.

આવાં પ્રત્યાખ્યાન કષાયના અભાવે થાય છે. તેથી કષાયના પ્રત્યાખ્યાન વિષે કહે છે :

હે ભગવાન! કષાયના પ્રત્યાખ્યાનથી જીવ શું ઉત્પન્ન કરે?

ઉત્તર—ક્રોધાદિ કષાયના ત્યાગ વડે જીવ વીતરાગપણાને

અને દ્વેષરહિતપણાને ઉત્પન્ન કરે છે. તેથી જીવ સુખદુઃખને વિષે સમાન ચિત્તવાળો થાય છે.

કષાય રહિત જીવ યોગના પ્રત્યાખ્યાનથી જ મુક્ત થાય છે; મન, વચન, કાયાની પ્રવૃત્તિ રોધવાથી અયોગીપણાને જીવ ઉત્પન્ન કરે છે અને અયોગી જીવ અબંધ બને છે, તથા પૂર્વે બાંધેલાં ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરે છે.

હે ભગવાન! શરીરના પચખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે છે?

ઉત્તર—ઔદારિક આદિ સર્વ શરીરના ત્યાગ વડે જીવ સિદ્ધના અતિશય ગુણોની દશા ઉત્પન્ન કરે છે. તે દશાને પામેલો પુરુષ લોકના અગ્રભાગે જઈ અત્યંત સુખમાં સદા વસે છે.

આમ અનેક પ્રકારનાં પ્રત્યાખ્યાન વીતરાગની આજ્ઞાથી કરે અને તથારૂપ પાળે તો યાવત્ મોક્ષ થાય એવો આશય છે.

‘‘લૌકિકભાવ છોડી દઈ, વાચાજ્ઞાન તજી દઈ, કલ્પિત વિધિનિષેધ તજી દઈ જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી, તથારૂપ ઉપદેશ પામી, તથારૂપ આત્માર્થે પ્રવર્તે તેનું અવશ્ય કલ્યાણ થાય.’’

(વૈશાખ, ૧૯૫૬, શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૯૧૮)

‘‘એ કંઈ ખોટું છે? શું? પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો? લઈ શકાય. એ પણ આશ્ચર્યકારક છે.’’

(પ્ર.ભા.સુ. ૬, ૧૯૪૬, શ્રીમદ્ રાજચંદ્ર’ ક્રમાંક-૧૨૮)

---



## શિક્ષાપાઠ ૫૦. બ્રહ્મચર્ય-અષ્ટક

(ભુજંગી છંદ)

### મંગલપદ્ય

અનાસક્ત છો અન્યમાં હે અકામી!
રમો આપમાં આપ હે સૌખ્યધામી!
અહો! બ્રહ્મમાં શુદ્ધ ચર્યા, કૃપાળુ,
ગુરુરાજ વંદું મુદા મોહ ટાળું.૭૧

### અવતરણ

વધે માત્ર સંસાર જેના પ્રતાપે,
ચિરંકાળ જે દેહીને દુઃખ આપે;
સ્વરામા તણો ભોગ એવો ગણે જે,
મતિમાન તે અન્યથી કેમ રીઝે?૭૨

પશુ જાણ જે કામમાં પ્રેમ રાખે,
પશુકર્મ મેધાવીઓ તેહ ભાખે,
ખરે! નામ અન્વર્થ તે ત્યાં જણાયે,
પશુદેહમાં જન્મવું તેથી થાયે.૭૩

યદિ સ્નેહ સ્વસ્ત્રી તણો શ્રેયકારી,
ગણો સજ્જનોને કદી દોષહારી;
તજે કેમ તો પર્વમાં આત્મદારા,
તપસ્વી વ્રતી સર્વદા સર્વ દારા.૭૪

ઊગે સ્ત્રી પુરુષો વિષે કામવૃત્તિ,
અશુચિ ભર્યાં અંગની ત્યાં પ્રવૃત્તિ!

અતિ નિંદ્ય ત્યાં ઉદ્ભવે જો અશુચિ,
ધરે સજ્જનો સ્વલ્પ સૌખ્યે ન રુચિ.૭૫

ઘણી દેહમાં બેયને પ્રીતિ વર્તે,
અતિ નિંદ્ય મૈથુનમાં જ્યાં પ્રવર્તે;
મહા મોહ ચિદ્-શત્રુને એ વિકાસે,
નિષેધિત તે દોષ, શાસ્ત્રો પ્રકાશે.૭૬

વ્રતોનાં તરુ મૂળથી છેદવાને,
કુહાડી ખરે! તીક્ષ્ણ પ્રત્યક્ષ જાણે;
ગણે ત્યાજ્ય મૈથુનને સર્વથા તે,
વ્રતી જે સદા શ્રેય આત્મિક ચિંતે.૭૭

યથા મદ્યપી ઝંખતા મદ્ય નિત્યે,
તથા મૈથુને ક્કામીનાં ચિત્ત વર્તે;
નથી ક્દેહીને તે કદા ક્ષેમદાયી,
અહીં, અન્ય લોકે અતિ દુઃખદાયી.૭૮

અરે! ચિત્ત, તું લોલતા સર્વ ત્યાગી,
રતિ-ત્યાગમાં ઉદ્યમી થા, અભાગી;
સુખો ઇન્દ્રવર્ણા સમાં ઇંદ્રિયોનાં,
કદી સેવતાં શ્રેય તારું સધે ના.૭૯

તરુણી તણી સંગતિ વર્જનાર્થે,
વિધિ મેં કહ્યો અત્ર આત્માર્થી અર્થે;
જનો મગ્ન સંભોગ-રાગાર્ણવે, રે!
કરો ક્રોધ ના પદ્મનંદી મુનીંદ્રે.૧૦

(શ્રી રાવજીભાઈ છગનભાઈ દેસાઈ)

---



# શિક્ષાપાઠ ૫૧. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૧

ભરતક્ષેત્રમાં કલિંગ દેશના વસંતપુરનો રાજા વીરસેન હતો. તેને રત્નમાળા નામે સદ્ગુણી રાણી હતી. તેમનો પુત્ર ચિત્રસેન સદાચારી, દાતા, વીર અને સુંદર આકૃતિવાળો હતો. ત્યાંના બુદ્ધિસાર નામના મંત્રીનો પુત્ર રત્નસાર હતો, તેની સાથે ચિત્રસેન કુંવરને મૈત્રી હતી.

એક દિવસે વસંતપુરના લોકો રાજા પાસે આવીને વિનયપૂર્વક કહેવા લાગ્યા કે આપના કુંવર ચિત્રસેન રૂપમાં કામદેવ સમાન છે. રાતદિવસ અમને તેમનો ત્રાસ છે. રત્નને પણ યત્નથી રાખવું જોઈએ. તે સાંભળી રાજા વીરસેન વિચારવા લાગ્યા કે પ્રજાને પીડે તેવો પુત્ર શા કામનો? કાન તોડી નાખે તેવું કુંડળ કીમતી હોય તોપણ શા કામનું?

એવામાં ચિત્રસેન કુંવર રાજદરબારમાં આવ્યો અને રાજાને પગે લાગવા ગયો, ત્યારે રાજાએ મુખ ફેરવી દેશવટાનાં પાન આપ્યાં. તેથી પોતાની માતાને મળી, પ્રધાનના પુત્ર પાસે ગયો. તેને પોતાની વાત જણાવી. પ્રધાનનો પુત્ર રત્નસાર તેની સાથે પરદેશ જવા ચાલ્યો.

ચાલતાં ચાલતાં એક વૃક્ષ નીચે બન્ને સૂઈ ગયા. તે વૃક્ષ ઉપર એક યક્ષની વાણી પ્રધાનના પુત્રે સાંભળી, તે સવારે તેણે ચિત્રસેનને કહી સંભળાવી. તેથી કૌતુક જોવાના સ્વભાવ-વાળો તે કુમાર યક્ષે જણાવેલા પાસેના જિનમંદિરમાં ગયો. ત્યાં દર્શન સ્તુતિ કરી બધે ફરીને જુએ છે, ત્યાં એક લાકડાની પૂતળી દેખી રાજાના પુત્રને મૂર્ચ્છા આવી.

રત્નસારે ઠંડા ઉપચારથી સારવાર કરી એટલે ચિત્રસેનની મૂર્ચ્છા વળી ગઈ. પછી તેણે પૂછ્યું કે, ‘‘હે કુમાર! આપને મૂર્ચ્છા કેમ આવી હતી?’’ ચિત્રસેને ઉત્તર આપ્યો કે ‘‘આ પૂતળી જેને જોઈને બનાવેલી હોય તે કન્યા ન મળે તો હું બળી મરીશ.’’

પ્રધાનપુત્રે તે બનવું બહુ મુશ્કેલ જણાવ્યું. પણ તેના પુણ્ય પ્રભાવે એક મુનિ ત્યાં પધાર્યા. તે કેવળજ્ઞાની હતા. તેમનો ઉપદેશ સાંભળ્યા પછી રત્નસારે પ્રશ્ન કર્યો કે ‘‘હે ભગવાન! આ મંદિરમાં એક પૂતળી છે, તેને જોઈને ચિત્રસેનને મૂર્ચ્છા આવી ગઈ હતી. તે પૂતળી કોણે કરી હશે? અને કોના રૂપ ઉપરથી ઘડી હશે?’’

તેનો ઉત્તર કેવળી ભગવાન જણાવે છે કે ‘‘કંચનપુરના ગુણ નામના સુતારને પાંચ પુત્ર હતા. તેમાં નાનો સાગર બહુ હોશિયાર છે. તે એક દિવસે યાત્રા કરવા પદ્મપુરમાં ગયો. ત્યાં શાંતિનાથના મંદિરમાં દર્શન કરવા પદ્મરથ રાજાની પુત્રી પદ્માવતી આવી હતી, તેનું રૂપ જોઈ તે સાગર સુતારે આ પૂતળી બનાવી છે.’’

તે વાત સાંભળી ચિત્રસેન મૂર્ચ્છા પામ્યો. ફરી મૂર્ચ્છા વળી ત્યારે રત્નસારે પ્રશ્ન કર્યો કે ‘‘હે ભગવાન! આ ચિત્રસેનને મૂર્ચ્છા કેમ આવી?’’

કેવળી ભગવાને કહ્યું કે, ‘‘ભરતક્ષેત્રના દ્રવિડ દેશમાં ચંપાપુરી પાસે ચંપક વન છે, તેમાં એક સરોવર છે. તેના કિનારા ઉપર એક વડનું વૃક્ષ છે, તેના ઉપર હંસ અને હંસલી રહેતાં હતાં. એક દિવસે એક વેપારીએ સરોવરને કિનારે પડાવ



નાખ્યો. બપોરે ભોજનનો વખત થયો ત્યારે કોઈ મુનિ પધારે તો આહારદાન દઈને ભોજન કરું એમ તે ભાવના કરતો હતો. તેવામાં કોઈ એક માસના ઉપવાસી મુનિ પારણા અર્થે આવતા જોઈ તેને હર્ષ થયો. આહારદાન દેતા વેપારીને જોઈને હંસ-હંસલીએ પણ દાનની ભાવના અનુમોદનરૂપે કરી; તેના પુણ્યથી તેમણે મનુષ્યગતિનું આયુષ્ય બાંધ્યું.

એક દિવસે વાંસ પરસ્પર ઘસાવાથી વનમાં દાવાનળ લાગ્યો, તે વખતે હંસલી તેનાં બચ્ચાંને સાચવતી માળામાં બેઠી છે અને હંસ પણ સાથે છે. હંસે કહ્યું કે ‘આ અગ્નિના તાપથી બચવા પાણી લઈ આવ, હું બચ્ચાંને સાચવું છું.’ હંસલી બોલી, ‘બચ્ચાંને માતા સાચવે, માટે તમે જાઓ.’ તે સાંભળી તે સરોવરમાં જઈ ચાંચ ભરી પાણી લાવે છે, તેટલામાં દાવાનળ બળતો બળતો પાસે આવી લાગ્યો અને હંસલી તથા બચ્ચાં મરી ગયાં.

હંસ વડ ઉપર આવ્યો, તો બચ્ચાં અને હંસલી મરેલાં જોઈ તેણે પણ મોહથી તેમાં ઝંપલાવ્યું અને મરી ગયો. પણ હંસલી મરતી વખતે એવું ચિંતવન કરતી હતી કે ‘હંસથી તાપ સહન ન થયો, તેથી પાણીનું બહાનું કાઢી જતો રહ્યો. પુરુષો સ્વાર્થી, સ્નેહ વિનાના અને દુષ્ટ હોય છે. તેમનું મોં પણ જોવા યોગ્ય નથી.’ એવા વિચારમાં તેનું મરણ થયું, તેથી દાનના અનુમોદનના પ્રભાવે તે પદ્મરથ રાજાની પુત્રી પદ્માવતી થઈ. તોપણ તે પુરુષ-દ્વેષિણી બની છે. તેનાં માતાપિતા પરણાવવાનું કહે છે પણ તેને કોઈ પુરુષ ગમતો જ નથી. તેનાં માતાપિતાને મોટી ચિંતા થઈ પડી છે.’’

## શિક્ષાપાઠ ૫૨. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૨

કેવળી ભગવાને કહેલી વાર્તા સંપૂર્ણ સાંભળી ચિત્રસેનને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે પોતાના પૂર્વભવને હાથમાંના આમળાની પેઠે સ્પષ્ટ જોવા લાગ્યો; આનંદ પામીને મુનિને નમસ્કાર કરી પૂછ્યું કે “હે ભગવાન! તે કુંવરીનો પુરુષ-દ્વેષ શી રીતે જાય?” મુનિએ જણાવ્યું કે “આ તમારા પૂર્વભવની વાત ચીતરીને તેને બતાવશો તો તે જોઈને તેને પણ જાતિ-સ્મરણ જ્ઞાન થશે; અને તમારી સાથે તે પરણશે.”

કેવળી ભગવાનને વારંવાર નમસ્કાર કરી, તે મિત્ર સહિત પદ્મપુર તરફ ચાલ્યો; રાત્રે ત્યાં પહોંચ્યો. એક યક્ષના મંદિરમાં તે બન્ને સૂઈ રહ્યા. તે કાળીચૌદશને દિવસે ત્યાં રાત્રે મેળો ભરાયો હતો, તેથી ચિત્રસેન મૃદંગના અવાજથી જાગ્યો. તરવાર લઈને નિર્ભયપણે ત્યાં ફરે છે. ત્યાં મેળામાં આવેલા બીજા દેવોએ ધનંજય યક્ષને પૂછ્યું કે “આ કોણ છે?” તેણે કહ્યું કે “મારા મંદિરમાં આજે આવેલો અતિથિ છે. તેને મારે પ્રસન્ન કરવો.” એવા વિચારથી તેણે કુમારને વર માગવા કહ્યું. તેણે તેમના દર્શનથી પોતાનું મહાભાગ્ય માની તેની માત્ર સ્તુતિ કરી; એટલે યક્ષે કહ્યું કે યુદ્ધમાં તારો જય થશે. એ વાત ચિત્રસેને રત્નસારને પણ જણાવી.

સવારમાં તે બન્ને રાજમાર્ગ ઉપર ગયા. ત્યાં ઢંઢેરો પિટાતો હતો તે તેમણે સાંભળ્યો કે જે કોઈ પદ્માવતી કુમારીના પુરુષ-દ્વેષને દૂર કરશે તેને પદ્મરથરાજા પોતાની પુત્રી પરણાવશે, અને અર્ધું રાજ્ય આપશે. આ સાંભળીને તેઓ તે ચિત્રકારને ત્યાં ગયા; અને સુંદર ચિત્રો હંસ-હંસલીની કથાનાં ચિતરાવ્યાં.



પછી વેષ બદલીને ગામમાં લોકોને તે ચિત્રો બન્ને જણ બતાવવા લાગ્યા, અને સાથે વૃત્તાંત પણ કહેવા લાગ્યા; તે વિષે ગીતો ગાઈને લોકોને રંજન કરવા લાગ્યા. તે વાત પદ્માવતીના સાંભળવામાં આવી તેથી તે ચિત્રો જોવા અને ગાયનો સાંભળવા બન્ને પરદેશીને તેણે રાજમહેલમાં બોલાવ્યા. પૂર્વના સંસ્કારે તેમને જોતાં તે પ્રસન્ન થઈ; અને ચિત્રો જોતાં જોતાં હંસે દાવાનલમાં ઝંપલાવ્યું તે તેણે જ્યારે દીઠું, ત્યારે તેને મૂર્છા આવી. શીત ઉપચારથી સખીઓએ તેને ભાનમાં આણી, ત્યારે તે રોવા લાગી કે ‘હા! મારો પતિ મારે માટે મરી ગયો!” એમ બોલતાં જાતિસ્મરણ જ્ઞાન થયું, તેના આધારે તે ચિત્ર લાવનાર જ હંસનો જીવ છે એમ સખીઓ સાથે વાત કરે છે. તેવામાં તે બન્ને ત્યાંથી ચાલ્યા ગયા. તેથી તેમને લાવવા સખીઓને તેણે વિનંતી કરી.

રાજાએ તે વાત જાણી એટલે સ્વયંવરમંડપ રચીને બધા દેશના રાજા અને રાજકુમારોને આમંત્રણ આપી બોલાવ્યા. બધા દેશોમાંથી રાજકુમારો અને રાજાઓ આવ્યા. તેમને પદ્મરથ રાજાએ સ્વયંવરમંડપમાં જાહેર કર્યું કે અમારા કુળમાં એક દેવતાઈ ધનુષ્યની પૂજા થાય છે, તે ધનુષ્ય ઉપર દોરી ચડાવે તેને મારી કન્યા પદ્માવતી વરમાળા આરોપશે.

કન્યા વરમાળા લઈને ઊભી છે. જે ધનુષ્ય પાસે આવે તેનું વર્ણન એક બંદીજન કન્યાને કહી બતાવે છે. પહેલો લાટ

દેશનો રાજા આવ્યો પણ જન્માંધની પેઠે તેને ધનુષ્ય જ દેખાયું નહીં, તેથી તે બધે ખોળીને શરમાઈને પોતાને આસને પાછો ગયો. પછી કાશ્મીરનો રાજા આવ્યો, તેણે અગ્નિની જ્વાળા જેવું ધનુષ્ય દીઠું, તેથી ભય પામી તે પાછો ગયો. કર્ણાટકનો રાજા આવ્યો, તેણે ધનુષ્યને સાપ જેવું દીઠું અને દૂરથી પાછો ફર્યો. એમ અનેક રાજાઓની હાંસી થઈ, પણ કોઈ ધનુષ્યને પણછ ચડાવી શક્યો નહીં. કન્યાને પણ ચિંતા થવા લાગી કે મારો પ્રાણવલ્લભ સુકુમાર છે અને આ ધનુષ્ય તો જબરું છે, તેથી તે ચડાવી શકશે નહીં. એમ ધારી તેને જોવા બધે નજર ફેરવી તો વેષ બદલીને તે બેઠેલો તેના ઉપર નજર પડી, એટલે તે આવ્યો છે એમ જાણી તે હર્ષ પામી.

---

## શિક્ષાપાઠ ૫૩. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૩

ચિત્રસેન કુમાર સામાન્ય માણસના વેષમાં આગળ આવ્યો અને જોતજોતામાં ધનુષ્ય પર દોરી ચડાવી દીધી. તેથી કન્યાએ તેને વરમાળા પહેરાવી, પણ બધા રાજાઓને તે ન ગમ્યું અને લડવા બધા તૈયાર થઈ ગયા કે અજાણ્યા માણસને રાજકન્યા પરણાવવી યોગ્ય નથી. તેને મારવા બધા સામા આવ્યા, પણ સિંહ સામે હરણનું ટોળું કંઈ હિસાબમાં નથી તેમ યક્ષને યાદ કરી તેણે એકલાએ બધાની સામે થઈને સર્વને હરાવ્યા. તેવામાં એક પુરુષે કુમારનું ઓળખાણ આપ્યું કે વસંતપુરના રાજા વીરસેનનો કુંવર ચિત્રસેન જય પામ્યો છે.



પદ્મરથ રાજાએ બધાને કહ્યું કે ‘‘સાંભળો, આ શું કહે છે?’’ તે સાંભળી બધા રાજાઓ આનંદ પામ્યા અને ક્ષમા માગી. પદ્મરથ રાજાએ સર્વને સંતોષ્યા અને કન્યા ચિત્રસેન સાથે પરણાવી. થોડા દિવસ ત્યાં રહ્યા પછી ચિત્રસેનને પોતાનું રાજ્ય સાંભર્યું, તેથી ત્યાં જવા રત્નસાર દ્વારા પદ્મરથ રાજાની રજા લીધી. તેમણે પણ તેમને લશ્કર વગેરે સામગ્રી આપી અને કન્યાને સર્વનો વિનય ભક્તિ કરવાની શિખામણ આપી સાથે વળાવી.

રસ્તામાં રાત પડી, ત્યાં મુકામ બધાએ એક મોટા વડ નીચે કર્યો. તે વડ ઉપર યક્ષ અને યક્ષણી રહેતાં હતાં. સર્વે થાકીને ઊંઘી ગયાં હતાં. માત્ર રત્નસાર પ્રધાનપુત્ર જાગતો હતો. તે વખતે યક્ષણી યક્ષને ચિત્રસેન સંબંધી પૂછે છે કે, ‘‘આ કુંવરને તેના પિતા રાજ્ય આપશે કે નહીં?’’ ત્યારે યક્ષ અવધિજ્ઞાન બળે કહે છે કે ‘‘એ કુંવરની માતા રત્નમાળા મરી ગઈ છે, અને તેનો પિતા વિમલા નામની પટરાણીને વશ થઈ ગયો છે. વિમલા રાણીનો કુંવર ગુણસેન છે, તેને રાજ્ય મળે માટે રાણીની ખટપટથી રાજા તેને મારવાના ઉપાય કરશે.

નગરમાં પ્રવેશ કરાવતાં તેને તોફાની ઘોડો બેસવા આપશે; તેમાંથી પુણ્યના પ્રતાપે કે મિત્રની મદદથી બચી જશે; તો ચોગાનમાં એક મકાન પડી જાય તેવી યંત્રથી ગોઠવણ કરી રાખશે, તેમાં દબાઈ મરી જવાનો સંભવ છે. તેમાંથી બચશે તો રાણી ઝેરના લાડુ પીરસી મારી નાખવાનો ઇરાદો રાખે છે. એ ત્રણ સંકટોમાંથી બચશે તો એક સાપનો ભય તેને

માથે છે. આ ચારે ભય ટળશે, પછી તે મોટો પ્રતાપશાળી રાજા થશે. પણ કોઈ મિત્ર તેનાં આ સંકટો ટાળીને તે વાત કોઈને કહેશે તો તે પથ્થર થઈ જશે.'' રત્નસારે આ બધી વાત સાંભળી મનમાં રાખી.

વસંતપુર પહોંચ્યા ત્યારે વીરસેન રાજા નગર બહાર તેને લેવા સામા આવ્યા. કુમાર ઘોડા ઉપરથી ઊતરી બહુ વિનયથી પિતાને પગે લાગ્યો. પિતાએ પણ ઉપર ઉપરથી સભ્યતા જાળવવા કુશળતા પૂછી અને તેને બેસવા ઘોડો શણગારીને આણ્યો હતો તે આપ્યો. પણ પ્રધાનના પુત્રે કોઈ જાણે નહીં તેમ તે ઘોડો બદલી નાખ્યો. લોકોએ તથા લશ્કરના બધા માણસોએ જયજયકાર આદિ અવાજ કર્યા, વાજાં વાગ્યાં, પણ ઘોડો ભડક્યો નહીં.

એક મોટો રસ્તો આવ્યો, ત્યાં પેલા મકાન પાસે ઘોડો જાય તે પહેલાં આગળ જઈ રત્નસારે ઘોડાના ધૂંધા ઉપર પ્રહાર કર્યો; એટલે ઘોડો પાછો ફર્યો અને થોડે દૂર ગયો, ત્યાં તો મકાન પડી જવાથી ઘણાં માણસ દટાઈ ગયાં. બધે હાહાકાર થઈ રહ્યો.

ત્યાંથી ચિત્રસેન ઉપમાતાને મળવા ગયો, નમસ્કાર કરી સર્વના કુશળ સમાચાર પૂછી આનંદ પામ્યો. રાણીએ તેને ઝેર આપવાના વિચારથી પોતાને ત્યાં જ જમવાનું આમંત્રણ આપ્યું; તે રત્નસારે જાણ્યું. તેથી તેણે પોતાની પાસે બે સારા લાડવા રાખ્યા અને ચિત્રસેનની સાથે ગયો. ત્યાં તેણે કુમારના ભાણામાંથી ઝેરના લાડુ લઈ લીધા અને પોતે લઈ ગયો હતો



તે કુશળતાથી બદલે મૂકી દીધા. આ પ્રમાણે ત્રીજું સંકટ પણ મિત્રની મદદથી અને તેના પુણ્યપ્રભાવથી ટળી ગયું.

---

## શિક્ષાપાઠ ૫૪. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૪

એક રાત્રે રાજા વીરસેનને વિચાર આવ્યો કે ધિક્કાર છે મારી બુદ્ધિને! મેં આવા પુણ્યવંત અને કુશળ પુત્રરત્નને મારવાના વિચાર કર્યા; ધિક્કાર છે મારા પુરુષાર્થને! એમ વિચારતાં વિચારતાં તેને વૈરાગ્ય પ્રગટ્યો. રાજ્ય આદિ ઉપરથી મોહ ઘટી ગયો. સવારે ખબર સાંભળ્યા કે મહાવીર ભગવાન ઉદ્યાનમાં પધાર્યા છે; તેથી હર્ષિત થઈને રાજા વીરસેન સપરિવાર નગરજનો સહિત ભગવાનનાં દર્શન કરવા ગયા. દેશના સાંભળી વૈરાગ્યની વૃદ્ધિ થવાથી રાજાને દીક્ષા લેવાના ભાવ જાગ્યા. તેથી ચિત્રસેનને રાજ્યભાર સોંપી, મંત્રી વગેરે સર્વેને જણાવ્યું કે મારી પેઠે ચિત્રસેનની આજ્ઞા સર્વે માનજો.

રાણી વિમલાદેવીને વીરસેને કહ્યું કે તમે અહીં રાજ્યમાં સારી રીતે રહેજો; મારે તો દીક્ષા લેવાના ભાવ દૃઢ છે. રાણીએ પણ રાજાની સાથે દીક્ષા લેવાનું નક્કી કર્યું, તેથી બન્ને રાજા-રાણીનો દીક્ષામહોત્સવ થયો અને ધામધૂમથી તેમને ઉદ્યાનમાં નગરજનો અને ચિત્રસેન આદિ લઈ ચાલ્યા.

ભગવાન પાસે જઈ બન્નેએ નમસ્કાર કરી દુર્લભ એવી ભગવતી દીક્ષાની યાચના કરી. દીક્ષા લઈ બન્ને ભગવાન સાથે વિહાર કરતાં નિરતિચાર ચારિત્ર પાળવા લાગ્યાં.

ચિત્રસેન રાજાએ રત્નસાર મિત્રને પાંચસો પ્રધાનોમાં

મુખ્ય બનાવ્યો, અને તેની મદદથી સારી રીતે પ્રજાને પાળવા લાગ્યો. પણ મંત્રી રત્નસારને હજી ચિંતા હતી કે એક સંકટ હજી રાજાને માથે ઝઝૂમે છે. તેથી રાજારાણીની સાથે ને સાથે જ છાયાની પેઠે ખુલ્લી તરવાર રાખી પહેરાવાળો હોય તેમ સદા ફરવા લાગ્યો. જમતાં, રમતાં, સૂઈ જતાં પ્રધાન સાથે ને સાથે જ રહેતો.

એક રાતે હીંચોળા-ખાટ ઉપર રાજા-રાણી નિરાંતે સૂતાં છે, પણ પ્રધાન ઉઘાડી તરવારે ચોકી કરે છે. તેવામાં એક કાળો નાગ હીંચોળા-ખાટની સાંકળે ઊતરતો રત્નસારે દીઠો કે એકદમ તરવારથી તેને કાપી નાખ્યો. પણ રાણીની જાંઘ ઉપર લોહી પડેલું તે કપડાથી બીતો બીતો પ્રધાન લૂછી નાખે છે. તેવામાં રાજાની આંખ એકાએક ઊઘડી ગઈ અને પૂછ્યું કે ''શું છે?''

પ્રધાન ગૂંચવાયો. જેમ એક બાજુ ઊંડી નદી અને એક બાજુ વાઘ જંગલમાં મળે ત્યાં બન્ને બાજુ મરણ દેખાય, તેમ જો એ વાત જેમ છે તેમ તે કહે, તો યક્ષના વચન પ્રમાણે પથ્થરરૂપ થઈ જવાય તેમ છે અને એક બાજુ રાજાને સંતોષ પમાડ્યા વિના છૂટકો પણ નથી. તેણે વિચાર્યું કે રાજા મારી સેવા કે પુરુષાર્થ ગણે એમ નથી. રાજા અને દુર્જન સરખા ગણાય છે. માટે સાચે સાચું કહેવા દે, એમ વિચારી રાજાને રત્નસારે કહ્યું કે ''જો સાચે સાચી વાત તમને હું જણાવીશ તો હું પથ્થર થઈ જઈશ.''

પણ રાજા કહે કે ''વાત કહેતાં પથ્થર શી રીતે થઈ જવાય?'' તેથી હિંમત રાખીને પ્રધાને જેમ બન્યું હતું તેમ



પ્રથમથી કહેવાનું શરૂ કર્યું કે ''આ રાણીજીને પરણીને આપ લશ્કર સાથે એક વડ નીચે રાત્રિ રહ્યા હતા તે આપને યાદ છે? તે વડ ઉપર જક્ષ રહેતો હતો તેણે આપના સંકટની વાત કરી તે મેં સાંભળી કે તમને તોફાની ઘોડા ઉપર બેસાડી મારી નાખવાની યુક્તિ તમારી અપરમાતાના શીખવવાથી રાજાએ રચી હતી. તે કોઈ ન જાણે તેમ ઘોડો બદલી નાખી મેં નિષ્ફળ કરી હતી.'' એટલી વાત કહેતાં તો પ્રધાન ઢીંચણ સુધી પથ્થરરૂપ થઈ ગયો.

પછી રાજાએ કહ્યું કે 'પછી શું થયું?' પ્રધાને કહ્યું કે ''મકાન પડી ગયું, તે તમને દાટી દેવાની યુક્તિ હતી, તેથી તે સ્થળ પાસે આવતાં મેં ઘોડાના ઘૂંઘામાં ઘા કર્યો હતો. તેથી ઘોડો પાછો ફર્યો હતો અને તમે બચી ગયા.''

રાજાને જિજ્ઞાસા વધવાથી તેણે ફરી પૂછ્યું કે 'પછી શું થયું?' પણ એટલામાં તો પ્રધાન કેડ સુધી પથ્થર જેવો થઈ ગયો હતો; પણ હિંમત રાખી તેણે કહ્યું કે ''તમને વિમલા-માતાએ જમવાનું આમંત્રણ આપ્યું ત્યારે તમને ઝેરના લાડુ પીરસ્યા હતા, તે મેં બદલી લીધા હતા તે તમે જાણો છો.'' એમ બોલતાં કંઠ સુધી પ્રધાન પથ્થરતુલ્ય થઈ ગયો.

---

## શિક્ષાપાઠ ૫૫. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૫

ચિત્રસેન રાજાએ ફરી પૂછ્યું કે 'પછી શું થયું?' એટલે પ્રધાને કહ્યું કે ''આ હીંચોળા-ખાટની સાંકળે કાળો સાપ ઊતરતો હતો તે મેં કાપી નાખ્યો, તેનું લોહી પદ્માવતી

રાણીજીની જાંઘ ઉપર પડ્યું હતું, તે કપડાથી સાફ કરતો હતો અને તમે જાગ્યા.

તમારા પુણ્યના પ્રભાવથી યક્ષે જણાવેલ ચારે સંકટો તમારાં ટળી ગયાં છે.'' એટલું બોલી તે સર્વાંગે પથ્થરતુલ્ય થઈ જમીન ઉપર ઢળી પડ્યો. રાજાને તે જોઈને મૂર્ચ્છા આવી. શીત ઉપચારથી રાણીએ રાજાને સાજા કર્યા. પણ ''હા! મિત્ર, હા! બંધુ, મારે હાથે મેં તારી ઘાત કરી!'' એમ વિલાપ કરતો રાજા તેના ગુણ સંભારી સંભારી પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

''મિત્ર વિના જીવવું વ્યર્થ છે. અનેક પ્રકારે દેશ પરદેશમાં સાથે રહી જેણે રક્ષણ કર્યું, તેનું કહ્યું મેં માન્યું નહીં; મને અવળી બુદ્ધિ સૂઝી; તેથી તેણે પોતાના પ્રાણની ઘાત થાય તેવો રસ્તો જાણી જોઈને લીધો. હવે મારે એ મિત્ર પાછળ મરવું જ યોગ્ય છે.'' એમ વિચારી આપઘાતની તૈયારી કરે છે.

તે વખતે પદ્માવતી વિચારે છે કે બહુ ભૂંડું થાય છે. કંઈક કાળ વિલંબ થાય તેવો રસ્તો-ઉપાય લેવા યોગ્ય છે. રાજા ને પ્રધાન મરી જશે તો નિંદા અને આત્મહાનિ થશે, રાજ્ય નાશ પામશે. તેથી તેણે વિનયપૂર્વક રાજાને જણાવ્યું કે ''કાયર પુરુષો સંકટ સમયે આત્મઘાતનો વિચાર કરે છે; પણ આપના જેવા વિચારવાન તો દુઃખ આવી પડ્યું હોય તેનો ઉપાય શોધે છે. આપના મરવાથી પ્રધાનપુત્ર બચશે નહીં. તેથી મારું કહ્યું માનો, 'તો એક દાનશાળા ખોલો અને જે કોઈ પરદેશી આવે તેને તેની ઇચ્છા પ્રમાણે દાન, માન આપી, તે કંઈ જાણતો હોય તો પ્રધાન રત્નસારને સાજો કરવાના ઉપાય પૂછવા.' અનેક દેશોમાંથી જોગી, જતિ, સંન્યાસી, રક્તાંબરી, દિગંબરી, શ્વેતાંબરી, મંત્રવાદી, ધાતુવાદી કે જડીબુટ્ટીના જાણનારા આવશે. કોઈ ને કોઈ દવાની, મંત્ર આદિની ટેકી લાગી જાય, તો એ એક ઉપાય હાલ આપણા હાથમાં છે.''



રાજાને તે સલાહ પસંદ પડી. એક દાનશાળા ખોલી અને જે કોઈ ઉપાય બતાવે તે રાજા કરવા લાગ્યા. પણ કોઈ ઉપાયે પ્રધાનના શરીરમાં ફાયદો થતો જણાયો નહીં. તેથી રાજા-રાણી બન્ને નિરાશ થયાં. હવે શું કરવું, તેનો વિચાર કરતાં રાજાને એમ સૂઝી આવ્યું કે જે યક્ષના વચનથી તે પથ્થર જેવો થઈ ગયો છે, તે યક્ષ પાસે જ જવું અને તે જે કંઈ બતાવે તે કરવું. એમ વિચારી રાજા એકલો રત્નસારના પુત્રને રાજ્ય સોંપી, ચાલી નીકળ્યો.

તે વડ પાસે રાજા પહોંચ્યો ત્યારે તે થાકીને લોથ થઈ ગયો હતો, તેથી સૂઈ ગયો. પણ મિત્રવિયોગની ચિંતાને લીધે તેને ઊંઘ આવી નહીં. તેને જોઈને યક્ષણીએ યક્ષને પૂછ્યું કે ''આ કોણ છે? અને દુઃખી કેમ દેખાય છે?'' યક્ષે તેની ઓળખાણ આપી કે ''અહીં તે તેના મિત્ર સાથે લશ્કર સહિત આવ્યો હતો અને તારા પૂછવાથી તેના ઉપરનાં ચાર સંકટો તને જણાવ્યાં હતાં, તે તેના મિત્રે દૂર કર્યાં. પણ એ વાત કોઈને કહેશે તો તે પથ્થર થઈ જશે એમ મેં કહ્યું હતું, છતાં તેણે રાજાને વાત કરી; તેથી તે પથ્થર થઈ ગયો છે. માટે રાજા મિત્રના દુઃખે દુઃખી થઈ અહીં આવ્યો છે.''

દયા આવવાથી યક્ષણીએ ફરી પૂછ્યું કે "તો હવે તે પ્રધાન પાછો હતો તેવો શી રીતે થાય?" યક્ષે કહ્યું કે "કોઈ સતી શીલવંતી સ્ત્રી પોતાના પુત્રને ખોળામાં લઈ, તેના ઉપર હાથ ફેરવે, તો તે ઊંઘમાંથી ઊઠે તેમ ચૈતન્યવંત થશે." રાજાએ આ વાત સાંભળી, તેથી તેને નિરાંત વળી. તેથી પછી ઊંઘી ગયો.

સવારે ઊઠીને પોતાના નગર તરફ ચાલ્યો. નગરમાં તે આવ્યો તેથી સર્વેને આનંદ થયો. પદ્માવતીને મળીને સર્વ વાત કહી સંભળાવી. પદ્માવતી ગર્ભવતી હતી. થોડા દિવસમાં તેને પુત્ર અવતર્યો. રાજાએ તે પુત્રને નિમિત્તે મહોત્સવ કરી, સર્વ મંદિરોમાં પૂજા પ્રભાવના કરાવી. પછી ધર્મસેન એવું પુત્રનું નામ પાડ્યું.

---

## શિક્ષાપાઠ ૫૬. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ—૬

ચિત્રસેન રાજાએ એક દિવસે બધા નગરજનોને દાનશાળામાં ભેળા કર્યા તથા રત્નસારના શરીરને સ્નાનાદિથી પવિત્ર કરી ત્યાં રાખી મૂક્યું અને પદ્માવતી પણ પુત્રને લઈને ત્યાં આવી. રાજા-પ્રજાની સમક્ષ પદ્માવતી પુત્રને ખોળામાં લઈને યક્ષના વચનને સંભારીને તથા પરમેષ્ઠી ભગવંતને હૃદયમાં રાખીને બોલી કે "હે લોકપાળો! હે સૂર્ય! હે પવન! હે વિમાનવાસી દેવો! જો મન, વચન, કાયાથી મેં નિર્મળ શીલ પાળ્યું હોય તો મારા હાથના સ્પર્શથી આ રત્નસાર



પ્રધાન સજીવન થાઓ!" એમ બોલીને તેણે રત્નસારને શરીરે હાથ અડાડ્યો કે તે ઊંઘમાંથી ઊઠે, તેમ ચૈતન્યવંત થયો.

ચિત્રસેન રાજા ઊઠીને તેને ભેટ્યો અને અત્યંત હર્ષ પામ્યો. પુત્રજન્મના ઉત્સવમાં મિત્રનો વિયોગ મટ્યો, તે સાકર ઉપર ઘીની ધાર કરે તેવું બન્યું. ચિત્રસેન રાજા રત્નસારની મદદથી પ્રજાપાલન ઉત્તમ રીતે કરે છે અને પદ્માવતી સહિત ત્રણે જણ ધર્મનું આરાધન પણ ભાવપૂર્વક કરે છે.

એક દૂત રાજસભામાં એક વખતે આવીને કહેવા લાગ્યો કે સિંહપુરના રાજા સિંહશેખરને પોતાના લશ્કરનું અભિમાન વર્તે છે, તેથી ખંડણી ભરતો નથી. સરહદ ઉપરના ગામમાં તોફાન કરે છે, રાજ્યની કંઈ સેવા પણ કરતો નથી, ઊલટો ગાયો હાંકી જાય છે. તે સાંભળી રાજાએ લડાઈની તૈયારી કરાવી; લશ્કર લઈને સિંહપુર જવા નીકળ્યો.

રસ્તામાં એક ભયંકર વન આવ્યું, ત્યાં રાત્રિ ગાળવા બધા સૂતા. મધ્યરાત્રે સર્વે ઊંઘે છે, ત્યારે રાજાએ કોઈની બૂમ સાંભળી. નિર્જન વનમાં કોણ રડે છે, તે તપાસ કરવા તરવાર લઈને રાજા અવાજને આધારે ચાલવા લાગ્યો. થોડે દૂર એક ઝાડ નીચે એક વિદ્યાધરને હાથે પગે બેડીઓ જડી હતી, તેને જોઈને રાજાએ પૂછ્યું કે "તમે કોણ છો? અને આ દશા તમને કેમ પ્રાપ્ત થઈ?" તેણે કહ્યું કે મને છૂટો કરો એટલે વાત કહું. તેની બેડીઓ રાજાએ તોડી નાખી. પછી તે વિદ્યાધરે પોતાની વાત શરૂ કરી :

"હેમરથ વિદ્યાધર નૃપતિનો હું હેમમાલી નામનો કુંવર

છું. નંદીશ્વર યાત્રા કરવા જવા હું ઘેરથી મારી સ્ત્રી હેમચૂલા સહિત વિમાનમાં બેસીને નીકળ્યો. અહીં આવતાં, અમારી પાછળ એક વિદ્યાધર મારી સ્ત્રી ઉપર મોહ પામેલો આવ્યો; તેણે મારી આવી દશા કરી, મારી સ્ત્રીને તે લઈ ગયો છે. તમે મને બેડીઓમાંથી મુક્ત કર્યો છે, તેમ મારી પત્નીને પણ લાવી આપો એવી મારી પ્રાર્થના છે.''

રાજાએ તેને મદદ કરવા હા પાડી; અને વિમાનમાં બેસીને બન્ને આકાશમાં ચાલ્યા. થોડે દૂર જતાં તેમણે તે વિદ્યાધર આદિને દીઠાં એટલે રાજાએ તેમને હાંક મારી કહ્યું કે ''લુચ્ચાઓ, પરદારાનું હરણ કરીને ક્યાં જાઓ છો? તમને હું જરૂર મારીશ.'' એ ગર્જના સાંભળતાં જ એક વિદ્યાધર અને એક સ્ત્રી વિના બધા નાસી ગયા. પછી તે વિદ્યાધર સાથે રાજા લડ્યો અને તેને હરાવ્યો. પરદારા હરનારનો પરાજય જ થાય છે. મોંમાં તરણું ઘાલીને તે તેને તાબે થયો; અને પોતાની વાત કહેવા લાગ્યો :—

''કાંતિપુરના વિદ્યાધર રાજાનો હું રત્નચૂડ નામનો પુત્ર છું. વિદ્યા સાધવા ગંધમાદન પર્વત ઉપર હું મિત્રો સહિત ગયો હતો. ત્યાંથી વિદ્યા સાધી પાછા ફરતાં મેં આ હેમમાલી અને તેની સ્ત્રીને જોયાં. વિદ્યાના પ્રભાવથી અનેક કૌતુક હું કરું છું, તે દેખો, એમ મેં મિત્રોને કહ્યું; અને તે જોઈને તે બધા ઘણું હસવા લાગ્યા. આશ્ચર્યકારી પ્રસંગો જોઈને કોને હસવું ન આવે?

ખૂબ હસતા મિત્રોને જોઈને હેમમાલી ખીજવાયો અને ગાળો દેવા લાગ્યો. તેથી મને ક્રોધ ચડ્યો. તેથી તેને બેડીઓ



પહેરાવી, તેની સ્ત્રીને લઈને અહીં આવ્યો. તે કોણ છે? તથા કોની પુત્રી છે? એમ પૂછ્યું, તો તે અમારા ગોત્રની કન્યા નીકળી. મેં તો પહેલાં સદ્‌ગુરુની સમક્ષ શીલવ્રત લીધેલું છે; નહીં તો હરણ કરી આણેલી સ્ત્રીનું ગોત્ર કોણ પૂછે?''

રત્નચૂડની વાત સાંભળીને ચિત્રસેને તેના શીલવ્રતનાં વારંવાર વખાણ કર્યાં. હેમમાલી ચિત્રસેનને નમસ્કાર કરીને કહે છે કે ''તમે મને જીવિતદાન આપ્યું અને અમારા કુળની વૃદ્ધિ કરી છે, તેથી હું તમને બે વિદ્યારત્ન આપું છું. એક જ્યાં જવું હોય ત્યાં લઈ જાય તેવો પલંગ છે; અને એક શત્રુંજય નામનો દંડ છે, તે શત્રુને શિક્ષા કરે છે, અને જીવિતદાન પણ આપે છે.''

રત્નચૂડે રૂપ-પરિવર્તન કરવાની ગુટિકા આપી, તે લઈને રાજાએ બન્ને વિદ્યાધરોનો વિરોધ શાંત કરી પરસ્પર પ્રીતિ કરાવી, તેમને વિદાય કર્યા; અને પોતે લશ્કરમાં આવ્યો. સવારે સર્વની સાથે સિંહશેખરના રાજ્ય તરફ ચાલ્યો.

## શિક્ષાપાઠ ૫૭. ચિત્રસેન-પદ્માવતીની શીલ વિષે કથા, ભાગ–૭

સિંહશેખરના રાજ્યની હદ પાસે ચિત્રસેનનું સૈન્ય આવ્યું ત્યારે એક દૂતે આવીને ખબર કહી કે સિંહશેખર રાજા મારી મારફત કહેવરાવે છે કે તમે શ્રેય ઇચ્છતા હો તો મારા રાજ્યમાં પ્રવેશ કરશો નહીં. તેને ચિત્રસેને ગુસ્સે થઈને જણાવ્યું કે ''તારા રાજાને લડવા તૈયાર થવા જઈને કહે.''

તે સમાચાર દૂતે સિંહશેખરને કહ્યા, તેથી લશ્કર લઈને તે સામે લડવા આવ્યો. બન્ને તરફના યોદ્ધા ખૂબ લડ્યા. સિંહશેખરના લશ્કરનાં ચિત્રસેન વખાણ કરતો. પછી સિંહશેખર જાતે લડવા આવ્યો, ત્યારે ચિત્રસેને શત્રુંજય દંડ સંભાર્યો. તેના પ્રભાવથી લશ્કરનાં બધાં માણસો જમીન ઉપર ઢળી પડ્યાં. માત્ર એક સિંહશેખર ઊભો રહ્યો. સિંહશેખર ઘોડા ઉપરથી ઊતરી હાથ જોડીને ચિત્રસેનને શરણે આવ્યો. ભય વિના પ્રીતિ થતી નથી.

સિંહશેખર કહેવા લાગ્યો કે 'હું અપરાધી છું. મને યોગ્ય લાગે તે દંડ દો.' દયા લાવીને ચિત્રસેને દંડને શુભ કરવાનો આદેશ કર્યો કે બધા જીવતા થયા. બધા લશ્કર સાથે સિંહશેખરને સિંહપુરમાં લઈ જઈ ગાદીએ બેસાડ્યો અને દર વર્ષે ખંડણી આપવાનું માન્ય કરાવ્યું. સરહદ ઉપરનાં બીજાં રાજ્યોમાં પણ આણ મનાવી, રાજા વસંતપુરમાં પાછો આવ્યો. રત્નસાર સામો લેવા આવ્યો. પદ્માવતી વગેરે આનંદ પામ્યાં. તેનો પુત્ર ધર્મસેન પણ સામો આવ્યો હતો; બધાની સાથે રાજાએ નગરમાં પ્રવેશ કર્યો. અંતઃપુરમાં જઈને પદ્માવતીને મળ્યો.

પ્રધાન, રાજા અને રાણી પ્રજાપાલન કરતાં ધર્મધ્યાનમાં, દીનજનો ઉપર ઉપકાર કરવામાં, જીર્ણોદ્ધાર કરવામાં, દાન પૂજા વગેરેમાં દિવસો ગાળવા લાગ્યાં. એક દિવસે વાત કરતાં, જ્યાં જવું હોય ત્યાં લઈ જાય તેવા પલંગની પરીક્ષા કરવા વિચાર થયો. તેથી તેના ઉપર બેસીને પૂજાની સામગ્રી લઈ



અષ્ટાપદ પર્વત ઉપર જવાની ઇચ્છા કરી એટલે આકાશમાર્ગે નીચેનો પ્રદેશ જોતાં જોતાં અષ્ટાપદ પર્વત પર પહોંચ્યાં. ત્યાં ચોવીસ તીર્થંકર-બિંબ તેમના શરીર જેવાં અને જેવડાં દીઠાં. દરેકની પૂજા કરી, બીજાં પણ તીર્થોની યાત્રા કરી ત્રણે જણ પાછાં વસંતપુરમાં આવ્યાં.

કેટલાક દિવસ ગયા પછી દમસાર નામના કેવળજ્ઞાની વસંતપુરના બાગમાં પધાર્યા છે, એમ જાણી રાજાને હર્ષ થયો તેથી ખબર લાવનાર માળીને પોતાનાં વસ્ત્ર અલંકાર આપી દીધાં. પછી મિત્ર, સ્ત્રી અને પરિવાર સહિત રાજા મુનિને વાંદવા ગયા; નમસ્કાર કરી યથોચિત આસને બેસી દેશના સાંભળી, હળુકર્મી તે ત્રણેએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

ધર્મસેન પુત્રને ગાદી આપી તથા રત્નસારના પુત્ર સુમતિને પ્રધાનપદ આપી, ગુરુ પાસે રાજા, રાણી અને પ્રધાન આવ્યાં. કેવળી ભગવાનને દીક્ષા આપવા તેમણે યાચના કરી અને ભગવતી દીક્ષા તેમની કૃપાથી અંગીકાર કરી. નિરતિચાર ચારિત્ર પાળી ત્રણે સમાધિમરણ કરી અચ્યુત દેવલોકે દેવ થયાં. શીલના પ્રભાવે સમ્યક્ત્વ પામી, દેવતાનાં સુખ ભોગવી ક્રમે કરી તે મોક્ષે જશે.

* * *

શીલના પ્રભાવથી લક્ષ્મી, પુત્ર, પુત્રી, સ્ત્રી, મોટાઈ અને કીર્તિ પ્રાપ્ત થાય છે. શીલના પ્રભાવથી પાપ, ભૂત, વેતાલ, સિંહ, સાપ આદિના ભય નાશ પામે છે. બુદ્ધિમાનોએ શીલનો પ્રભાવ ઘણો વર્ણવ્યો છે, તે જાણી ભવ્ય જીવોએ શીલ

નિરંતર પાળવા યોગ્ય છે. દેવનાં, મનુષ્યનાં સુખ શીલના પ્રભાવથી પામી મનુષ્ય પરમપદ એટલે મોક્ષ પામે છે.

‘‘વર્તમાનકાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્યસેવન, શુદ્ધ સાત્ત્વિક આહાર-પાન અને નિયમિત વર્તન છે.’’

(વૈ. સુ. ૯ સં. ૧૯૫૬, ‘શ્રીમદ્ રાજચંદ્ર’, ઉપદેશનોંધ-૨૧)

‘‘સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષ સંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે ‘બ્રહ્મચર્ય’ અદ્ભુત અનુપમ સહાયકારી છે, અથવા મૂળભૂત છે.’’

(શ્રીમદ્ રાજચંદ્ર હાથનોંધ-૩/૧૯)

---

## શિક્ષાપાઠ ૫૮. ક્ષમાપના પદ્ય

(લાવણી)

હે નાથ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો,
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો;
તમ વચન અમૂલખ, લક્ષમાંહીં નહિ લીધાં,
નહિ તત્ત્વ વિચારથી, કહ્યાં તમારાં કીધાં.૭૧

સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું,
તજી યાદી આપની, મેં જ બગાડ્યું મારું;
પ્રભુ! દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી,
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી.૭૨



હું ભૂલ્યો, આથડ્યો, અને રખડ્યો ભારી,
આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી;
હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી,
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહીં, પ્રભુ! મુજથી.૭૩

હે પરમાત્મા! હું પ્રપંચમાંહિ પડ્યો છું,
હું મૂઢ, નિરાશ્રિત, જીહા જીખુવાર બન્યો છું;
બની અંધ અમિત અજ્ઞાનથી જીભૂલ્યો ભક્તિ,
નથી નિશ્ચય મુજમાં, નાથ! વિવેકની શક્તિ.૭૪

ઓ રાગરહિત પ્રભુ! મુજને જાણી અનાથ,
આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ;
હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું,
તુમ ધર્મ સાથ તુમ મુનિનું શરણ સ્વીકારું.૭૫

હું માગું છું પ્રભુ! મુજ અપરાધની માફી,
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંઈ;
એ અભિલાષા, અવિનાશી, પૂરણ કરજો,
મુજ દોષ દયાનિધિ, દેવ દિલે નવિ ધરજો.૭૬

હું પાપનો પશ્ચાત્તાપ હવે કરું છું,
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું;
તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે,
એ મુંજ સ્વરૂપનો, વિકાસ નાથ કરે છે.૭૭

છો આપ નીરાગી, અનંત ને અવિકારી,
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ જીણું સુખકારી;
છો સહજાનંદી અનંતદર્શીજી જ્ઞાની,
ત્રૈલોક્ય પ્રકાશક, નાથ! શું આપું નિશાની?૭૮

મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી,
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી;
તુમ પ્રણીત તત્ત્વમાં, શંકાશીલ ન થાઉં,
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં.૯

મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો,
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો;
હે સર્વજ્ઞ પ્રભુ! શું વિશેષ કહું હું તમને,
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને.૧૦

હું કેવળ પશ્ચાત્તાપથી દિલ દહું છું,
મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું;
ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ,
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ.૧૧

(ધારશીભાઈ કુશળચંદ સંઘવી)

---

## શિક્ષાપાઠ ૫૯. વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે

વિનય એટલે બહુમાનપૂર્વક વર્તવું, સભ્યતા કે નમ્રતા એટલો જ અર્થ ન કરવો; પરંતુ તેની વ્યુત્પત્તિ પ્રમાણે, કર્મ દૂર કરવાં અને આત્માને સિદ્ધિ પ્રત્યે દોરવો તે પરમાર્થે વિનય છે.

“ભગવાન મહાવીરે કહ્યું છે કે જિતેન્દ્રિય પુરુષો વિનય, શ્રુત, તપ અને આચાર એ ચાર સમાધિ-સ્થાનોમાં પોતાની જાતને યોજે છે. તેમાં વિનય-સમાધિના પાછા ચાર પ્રકાર છેઃ—



૧. ગુરુ કહે ત્યારે સાંભળવાની ઇચ્છા રાખવી,
૨. તેને બરાબર સમજવું,
૩. તે પ્રમાણે આચરણ કરવું, અને
૪. તે બાબતનો મદ ન કરવો.

મૂળમાંથી જેમ વૃક્ષનું થડ થાય છે; થડમાંથી શાખાઓ થાય છે; શાખાઓમાંથી પ્રશાખાઓ થાય છે; પ્રશાખાઓમાંથી પાન થાય છે; અને પછી પુષ્પ, ફળ અને રસ થાય છે; તેમ ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય એટલે કે કેળવણી છે. તેના વડે શીઘ્ર કીર્તિ તથા સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થાય છે; અને અંતે ફળના રસરૂપ મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. પશુ જેવો જે મનુષ્ય ક્રોધી, મદમત્ત, અપ્રિયવક્તા, માયાવી અને શઠ હોઈ, અવિનીત (અસંસ્કારી) રહે છે, તે પ્રવાહમાં તણાતા કાષ્ઠની પેઠે સંસાર પ્રવાહમાં તણાયા કરે છે. ગુરુ વિવિધ ઉપાયો વડે વિનય અથવા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરે, છતાં જે મૂર્ખ ઊલટો ગુસ્સે થાય છે, તે પોતાને હાથે દિવ્ય લક્ષ્મીને જ લાકડી વડે પાછી કાઢે છે.

હાથી, ઘોડા વગેરે સવારીનાં પ્રાણીઓમાં પણ જેઓ સુવિનીત હોય છે, તેઓને આભૂષણ, માવજત વગેરે કેટલી બધી ઋદ્ધિ પ્રાપ્ત થાય છે, તથા તેઓ યશસ્વી થઈ કેવું સુખ ભોગવે છે! પરંતુ જે પ્રાણીઓ અવિનીત હોય છે, તેમની પાસે સામાન્ય ગધ્ધાવૈતરું જ કરાવવામાં આવે છે; અને માવજત, આહાર વગેરેની બાબતમાં પણ તેઓ દુઃખ જ ભોગવે છે. તે પ્રમાણે જગતમાં જે સ્ત્રી, પુરુષો સુવિનીત નથી હોતાં, તેઓને વધબંધનાદિ દુઃખો જ ભોગવ્યાં કરવાં પડે છે,

પરંતુ સુવિનીત સ્ત્રી-પુરુષો ઋદ્ધિ અને યશ પ્રાપ્ત કરી સુખી થાય છે. દેવોમાં પણ જેઓ સુવિનીત હોય છે, તેઓ ઇન્દ્રાદિ પદ પ્રાપ્ત કરી ઋદ્ધિ અને યશ યુક્ત બને છે, તથા સુખ ભોગવે છે; અને જેઓ અવિનીત હોય છે, તેઓ દાસ, નોકર વગેરેની સ્થિતિ પ્રાપ્ત કરી દુઃખ ભોગવે છે.....

જીવિતની ઇચ્છાવાળો હોઈને સળગતા અગ્નિમાં પ્રવેશ કરે, કે મહા ઝેરી નાગને છંછેડે, કે હલાહલ વિષનું ભક્ષણ કરે, તેના જેવું ગુરુને અપ્રસન્ન કરનાર શિષ્યનું વર્તન છે. અરે! અગ્નિમાં પ્રવેશવા છતાં અગ્નિ ન બાળે, ઝેરી નાગ ચિડાવા છતાં ન કરડે, કે હલાહલ ખાવા છતાં પણ ન મરાય—એ બધું બનવું કદાચિત્ સંભવિત પણ છે; પરંતુ ગુરુની અવહેલા કરીને જ્ઞાન પ્રાપ્ત કરવું એ તો અશક્ય વસ્તુ છે. આચાર્ય અપ્રસન્ન થાય તો બોધિનો જ નાશ થાય અને પરિણામે અનંત જન્મ-મરણ કરવાં પડે. માટે મોક્ષ-સુખાભિલાષીએ ગુરુની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો.

અગ્નિહોત્રી બ્રાહ્મણ જેમ વિવિધ પ્રકારની આહુતિઓ અને મંત્રો વડે અભિષિક્ત અગ્નિને નમસ્કાર કરે છે, તેમ અનંત-જ્ઞાની શિષ્યે પણ ગુરુની વિનયપૂર્વક શુશ્રૂષા કરવી. જેની પાસેથી ધર્મપદો શીખ્યા હોઈએ, તેના પ્રત્યે વિનયથી વર્તવું જોઈએ, તથા હંમેશાં માથું નમાવી, હાથ જોડી, મન વાણી કાયાથી તેનો સત્કાર કરવો જોઈએ.

મુમુક્ષુ જીવને વિશુદ્ધ કરનાર લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્ય વગેરે ગુણોનો જે ગુરુ મને સતત ઉપદેશ આપે છે, તે ગુરુને હું પણ સતત પૂજું. જેમ રાત્રિ પૂરી થયા બાદ સૂર્ય



સંપૂર્ણ ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેમ આચાર્ય પણ પોતાના શાસ્ત્રજ્ઞાનથી, ચારિત્રથી અને બુદ્ધિથી સંપૂર્ણ પદાર્થોનું સ્વરૂપ પ્રકાશિત કરે છે.....

ગુરુસેવા બાબત આ બધા ઉપદેશો સાંભળીને મુમુક્ષુએ આચાર્યની પ્રમાદરહિતપણે શુશ્રૂષા કરવી. તેમ કરનારો શિષ્ય અનેક ગુણોની આરાધના કરીને અંતે સર્વોત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એમ હું કહું છું.'' *

(દશવૈકાલિક વિનય અધ્યયન)

---

* ''जे आवि मंदत्ति गुरुं वइत्ता, डहरे इमे अप्पसुअत्ति नच्चा ।
हीलंति मिच्छं पडिवज्जमाणा, करंति आसायण ते गुरूणं ।।२।।''

(दशवैकालिक अ. ९ उद्देशक १)

**ભાવાર્થ**— વળી ગુરુ મંદ છે એટલે ક્ષયોપશમની વિચિત્રતાથી શાસ્ત્ર યુક્તિ વડે સમાલોચના કરવા અસમર્થ છે, સત્ પ્રજ્ઞાથી રહિત છે, એમ જાણી અગંભીર દ્રવ્યસાધુ કે સાધકવર્ગ પોતાને આચાર્ય માની, કોઈ કારણસર નાની ઉંમરના કે અલ્પશ્રુતના અભ્યાસી એવાને આચાર્ય તરીકે જ્ઞાનીએ સ્થાપેલા હોય તેમની ઈર્ષાદિકથી મશ્કરીમાં અવગણના એવી કરે કે 'તમે તો વયોવૃદ્ધ છો, બહુશ્રુત છો;' અથવા સ્પષ્ટ રીતે 'તું પ્રજ્ઞારહિત છે' ઇત્યાદિ રીતે, તો તે સાધુ કે સાધકવર્ગ મિથ્યાત્વ પામે છે. માટે ગુરુની અવગણના, તિરસ્કાર આદિ કરવા યોગ્ય નથી. ગુરુને હલકા પાડવારૂપ આશાતના કરનાર તે દ્રવ્યસાધુ કે સાધકવર્ગ તત્ત્વને અન્યથા માની ગુરુની સ્થાપનાના અબહુમાન કરવા વડે એક ગુરુની આશાતના કરતાં સર્વ આચાર્યવર્ગની આશાતના કરે છે; અથવા પોતાના સમ્યક્દર્શનાદિ ભાવના નાશરૂપ આશાતના, ગુરુની આશાતનાના નિમિત્તે આચરે છે. (શ્રી હરિભદ્રસૂરિની ટીકાને આધારે)

## શિક્ષાપાઠ ૬૦. નવકાર મંત્ર

મંત્ર એટલે ગુરુ-શિષ્યનો સંબંધ જોડનાર ગુપ્ત ભેદવાળો સાંકેતિક શબ્દ. નવકાર મંત્ર એટલે પાંચ પરમપદમાં સ્થિત આત્માઓને નમસ્કાર જણાવનાર મંત્ર.

नमो अरिहंताणं એટલે અરિહંતોને નમસ્કાર,

नमो सिद्धाणं એટલે સિદ્ધોને નમસ્કાર,

नमो आयरियाणं એટલે આચાર્યોને નમસ્કાર,

नमो उवज्झायाणं એટલે ઉપાધ્યાયોને નમસ્કાર,

नमो लोए सव्वसाहूणं એટલે લોકમાં સર્વ સાધુઓને नमस्कार हो!

સુદેવ વિષેના ૧૧ મા શિક્ષાપાઠમાં અરિહંતના બાર ગુણ જણાવ્યા છે, તે રીતે સિદ્ધ ભગવંતના આઠ ગુણ મુખ્ય ગણાય છે. જોકે તેમનામાં અનંત કર્મના ક્ષયથી અનંત ગુણ પ્રગટ્યા છે, પરંતુ મુખ્ય આઠ કર્મના ક્ષયથી આઠ જે ગુણો પ્રગટ્યા છે, તે આ પ્રમાણે છેઃ ક્ષાયિક સમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અટળ અવગાહના, અગુરુલઘુ અને અવ્યાબાધ સુખ.

છત્રીસ ગુણ આચાર્યના ગણાય છે તે મુખ્યપણે આ પ્રકારે છેઃ પાંચ ઇંદ્રિયોના વિષયમાં રાગ-દ્વેષ ન થવા દેવા, નવ પ્રકારે બ્રહ્મચર્યની રક્ષા કરવી, ચાર પ્રકારના કષાયને રોકવા, પાંચ પ્રકારે મહાવ્રત પાળવાં, પાંચ પ્રકારના આચાર પોતે પાળવા અને પળાવવા તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરવી એમ છત્રીસ ગુણો યુક્ત આચાર્ય હોય.



ઉપાધ્યાય પોતે આગમ ભણે અને અન્યને ભણાવે, તેમના પચીસ ગુણ ગણાય છે. તે આ પ્રકારેઃ— ૧ આચારાંગ, ૨ સૂયગડાંગ, ૩ ઠાણાંગ, ૪ સમવાયાંગ, ૫ ભગવતી (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ), ૬ જ્ઞાતા-ધર્મકથા, ૭ ઉપાસક દશાંગ, ૮ અંતગડ, ૯ અનુત્તરોવવાઈ, ૧૦ પ્રશ્નવ્યાકરણ અને ૧૧ વિપાક—એ અગિયાર અંગ; અને ૧ ઉવવાઈ, ૨ રાયપસેણી, ૩ જીવાભિગમ, ૪ પન્નવણા, ૫ જંબુદ્વીપ-પન્નત્તિ, ૬ ચંદ-પન્નત્તિ, ૭ સૂરપન્નત્તિ, ૮ કપ્પિયા, ૯ કપ્પવડંસિયા, ૧૦ પુપ્ફિયા, ૧૧ પુપ્ફચૂલિયા અને ૧૨ વહ્નિદશાંગ—એ બાર ઉપાંગ મળી અંગોપાંગના જ્ઞાનરૂપ ૨૩ ગુણ થયા; તથા ૨૪ ચરણસિત્તરી અને ૨૫ કરણસિત્તરી રૂપ સદાચાર પાળે. એમ ૨૫ ગુણો થયા.

મોક્ષમાર્ગ સાધવા માટે યત્ન કરે તેવા સાધુપદમાં ૨૭ ગુણો નીચે પ્રમાણે હોયઃ—પાંચ મહાવ્રત પાળે, રાત્રિભોજન વિરમણ તથા છકાય જીવની રક્ષા કરે તે બાર ગુણ, પાંચ ઇંદ્રિયનો નિગ્રહ, ૧૮ લોભનો નિગ્રહ, ૧૯ ક્ષમા ધારણ કરે, ૨૦ ચિત્તની નિર્મળતા, ૨૧ વિશુદ્ધ રીતે વસ્ત્રની પ્રતિલેખના, ૨૨ સંયમ યોગમાં પ્રવૃત્ત રહેવું, ૨૩ અકુશળ મનનો રોધ કરવો, ૨૪ અકુશળ વચનનો રોધ, ૨૫ અકુશળ કાયાનો રોધ, ૨૬ શીત આદિ પરિષહ સહન કરવા અને ૨૭ મરણાદિ ઉપસર્ગ સહન કરવા.

એ પ્રકારે અરિહંતના ૧૨, સિદ્ધના ૮, આચાર્યના ૩૬, ઉપાધ્યાયના ૨૫ અને સાધુના ૨૭ ગુણ મળી ૧૦૮ ગુણ યુક્ત પંચપરમેષ્ઠી જાણવા.

"एसो पंच नमुक्कारो सव्व पावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलम् ॥"

આ પાંચ પદને નમસ્કાર તે સર્વ પાપનો નાશ કરનાર છે; સર્વ મંગલોમાં તે પ્રથમ મંગલ છે. આમ નમસ્કાર મંત્રનું આ શ્લોકમાં સ્તવન કર્યું છે.

બૃહદ્દ્રવ્યસંગ્રહ ગ્રંથની પચાસમી ગાથામાં કહ્યું છે કે ૩૫, ૧૬, ૬, ૫, ૪, ૨, ૧ એટલે પાંત્રીસ, સોળ, છ, પાંચ, ચાર, બે અને એક અક્ષરના મંત્રો પરમેષ્ઠીપદના વાચક છે; તે તથા અન્ય કોઈ મંત્ર ગુરુના ઉપદેશથી ગ્રહણ કરી તેનું ધ્યાન કર્તવ્ય છે.

નવકાર મંત્ર ૩૫ અક્ષરનો છે; 'अरिहंत, सिद्ध, आयरिय, उपाध्याय, साधु' એ સોળ અક્ષર થયા; 'अरिहंत, सिद्ध' એ છ અક્ષરનો મંત્ર; अरिहंत, सिद्ध, आयरिय, उपाध्याय, साधु એ પાંચેના પ્રથમ અક્ષર 'अ,सि,आ,उ,सा' એ પાંચ અક્ષરનો મંત્ર; અને 'ॐ' એ એક અક્ષરનો મંત્ર છે. अरिहंत, अशरीरी (सिद्ध), आचार्य, उपाध्याय, मुनि(साधु)ना પહેલા અક્ષરોની એકત્ર સંધિ કરવાથી अ+अ+आ+उ+म्= ओं અથવા ॐ એવો એક અક્ષરનો મંત્ર બને છે.

ગુરુની આજ્ઞાથી ગમે તે મંત્રનું આરાધન મોક્ષનું કારણ થાય છે. તે ઉપર શિવભૂતિ મુનિની કથા છે. એક શિવભૂતિ નામના મુનિને તેમના આચાર્ય મહારાજે દીક્ષા આપ્યા પછી શાસ્ત્રાભ્યાસ કરાવવા પ્રયત્ન કર્યા. પણ પૂર્વના કોઈ કર્મને



લીધે નવકાર મંત્ર પણ તેમને યાદ રહ્યો નહીં. છ માસ સુધી તેમને પાસે રાખી જુદી જુદી રીતે ઉપદેશ આપ્યા છતાં તે કંઈ યાદ રાખી શકતા નહીં; તેથી ગુરુજીએ તેમની છૂટવાની કામનાથી પ્રસન્ન થઈ છેવટના ઉપાય તરીકે "मा रुष, मा तुष" એટલા અક્ષર મંત્ર તરીકે આપી એકલા વિહાર કરવાની આજ્ઞા કરી. રાત દિવસ તે ને તે મંત્રનું સ્મરણ તે કર્યા જ કરતા; અને યત્નાપૂર્વક ગુરુની આજ્ઞા પ્રમાણે પ્રવર્તતા. વિહાર કરતા કરતા તે દૂર દેશ મારવાડમાં ગયા.

એક દિવસે આહાર લેવા જતાં મંત્રનું સ્મરણ કરતા કરતા જતા હતા, પણ તે મંત્રને બદલે "माष, तुष" એવું આવરણને લઈને ગોખાતું હતું. ગુરુજીએ આપેલો મંત્ર જ ગોખું છું એમ તેમના અંતરમાં તો હતું; પણ અર્થ સમજેલા નહીં એટલે એના એ જ શબ્દો છે એમ તેમને લાગતું. સદ્ગુરુએ કૃપા કરી મારો ઉદ્ધાર થાય તેવું સત્સાધન મને આપ્યું છે એટલું માહાત્મ્ય તેમના દિલમાં વસેલું હતું.

એક બાઈ માષ(અડદ)ની દાળ અને તુષ (છોડાં) સૂપડામાં નાખી ઊપણતી હતી. તેને તે મુનિએ સ્વાભાવિક રીતે પૂછ્યું : "બાઈ, ક્યા કરતી હૈ?" તે બાઈએ કહ્યું કે "મહારાજ, માષ તુષ ભિન્ન કરું છું." તે સાંભળી તે મંત્ર ગોખતા આગળ ચાલ્યા. 'माष तुष' 'माष तुष' બોલતા હતા પણ બાઈએ કહેલું યાદ આવ્યું કે માષ તુષ ભિન્ન કરું છું. તેથી વિચાર જાગ્યો કે હું તો બોલું છું, પણ ભિન્ન કંઈ કરતો નથી. તેથી આહારનો વિચાર માંડી વાળી જંગલમાં ગયા અને તે

વિચારણાએ ચડતાં આત્મા શરીરથી ભિન્ન છે, એ તેમને ભાસ્યું અને શ્રેણી માંડી કેવળજ્ઞાન પામ્યા. ઘણા જીવોને આત્મજ્ઞાનનો ઉપદેશ દઈ તે મોક્ષે પધાર્યા.

---

## શિક્ષાપાઠ ૬૧. સ્વાધ્યાયમાં ચિત્ત કેમ ચોંટતું નથી?

જ્યારે કોઈ નવો પાઠ કે કાવ્ય શીખવાનું હોય અને તેનો સ્વાધ્યાય કરતાં હોઈએ ત્યારે મન તેમાં રોકાય છે; પણ પછી મુખપાઠ થઈ ગયા પછી, તેમાં લક્ષ ન રહે તોપણ વગર ભૂલ્યે બોલાઈ જાય એવો અભ્યાસ થઈ જાય છે. પછી મનને કંઈ ખાસ કામ ન હોવાથી બીજી બાબતોમાં ફર્યા કરે છે. આ પ્રકારનો ઘણાને અનુભવ છે.

મનનો સ્વભાવ એવો છે કે જ્યાં તેને રુચિ હોય ત્યાં વારંવાર જાય છે. કોઈ વસ્તુ આપણને પ્રિય હોય તે ખોવાઈ ગઈ હોય, તો વારંવાર મન તેના વિચારમાં રોકાય છે; ધર્મનું કામ પણ પડી મૂકી તે વસ્તુના વિચારમાં લાગી જાય છે.

માટે જે વસ્તુમાં મન એકાગ્ર કરવું હોય કે જોડેલું રાખવું હોય તેનું માહાત્મ્ય મનમાં વસે તેવું વાચન-શ્રવણ કરી તેમાં રુચિ, પ્રેમ પ્રગટે તેવું પ્રથમ કર્તવ્ય છે. સામાયિક, નિત્ય-નિયમ વગેરે રૂઢ થઈ ગયેલાં કામમાં મનને સામાન્યપણું થઈ જવાથી તેમાં તે લાગતું નથી. અપૂર્વતા લાગે તો મન ત્યાં પણ વિચાર કરવામાં, ઊંડું ઊતરવામાં રોકાય છે.



જે વંચાય કે મુખેથી બોલાય તેમાં સાથે વિચાર કરવાનો રાખીએ તો મનને ત્યાં રોકાવું પડે છે; વિક્ષેપનાં કારણો દૂર કરી એકાંત સ્થળ અથવા સત્સમાગમનો યોગ હોય તો મનને વિચાર કરવાનું કામ સુગમ પડે છે. ચર્ચા કે પ્રશ્નોત્તરના પ્રસંગોમાં મનને ખોરાક મળતો હોવાથી તેમાં સહજે લાગી રહે છે.

કેટલીક વખતે જે કાવ્ય રોજ બોલાતું હોય તેને છેલ્લેથી શરૂ કરી પ્રથમ કડી તરફ અનુક્રમે બોલવાની ટેવ પાડી હોય તો તેમાં મનને સાવધાન રહેવું પડે છે; તેથી બીજાં કામમાં તે લાગતું નથી અને વિચાર પણ નવા સ્ફુરે છે.

પંચપરમેષ્ઠી મંત્રની માળા ગણતાં ક્રમપૂર્વક પાંચે પદ બોલવાની ટેવ પડી ગયેલી હોવાથી મનને કંઈ કામ કરવું પડતું નથી, તેથી તે બીજાં કામમાં લાગી જાય છે. પણ અનાનુપૂર્વીની યોજના પ્રમાણે અનુક્રમ વગર પાંચ પદ સંભારવાનાં હોય ત્યારે મનને સાવધાની રાખવી પડે છે. એ પ્રકારના પ્રયત્નથી મન એકાગ્ર થતું જાય છે અને અનેક કામો સાથે કરવાની ટેવ પણ પડે છે. તેને અવધાન કહે છે. શ્રીમદ્ રાજચંદ્ર એકી સાથે સો કામમાં લક્ષ રાખી શકતા હતા; તેથી તે શતાવધાની કવિ તરીકે પણ પ્રસિદ્ધ થયા છે.

અનાનુપૂર્વીની ચોપડી એ અવધાન શીખવામાં ઉપયોગી પુસ્તક છે. તે ક્રમના સેવનથી મન ભટકતું અટકે છે. ઘણા ભાવિકજનો અનાનુપૂર્વી રોજ કે પર્વના દિવસે ફેરવે છે, છતાં એકાગ્રતા પ્રાપ્ત થતી નથી, તેનું શું કારણ હોવું જોઈએ તેનો વિચાર કર્તવ્ય છે. અનાનુપૂર્વી ગણતાં પણ બીજે ચિત્ત જાય

છે, એમ કહેનાર સાંભળ્યા છે. મુખ્ય કારણ ધર્મની રુચિ જોઈએ તેવી જાગી નથી.

શ્રી દેવચંદ્રજીએ પ્રશ્નોત્તર લખ્યા છે, તેમાં 'સમકિત કે મોક્ષમાર્ગની યથાર્થ રુચિ કોને કહેવાય?' એવો પ્રશ્ન કરી તેનો ઉત્તર એવા ભાવમાં આપ્યો છે કે 'અરિહંત' કે 'આત્મા' શબ્દ સાંભળતાં જેને રોમાંચ ઊલસી આવે તેને સમકિત છે એમ ગણવું. આવી રુચિ પ્રગટી હોય તેનું ચિત્ત ધર્મ-સાધનમાં સહેજે એકાગ્ર રહે જ.

જેમની આપણે ભક્તિ કરીએ છીએ તેમનું નામ લઈએ તે વખતે આપણને તેમના ગુણો, ઉપકારો સ્મૃતિમાં આવે તો જ ચિત્તમાં પ્રેમભાવ જાગે, અને પ્રમાદ જાય. 'અરિહંત' નામ બોલતાં બાર ગુણોમાંથી દિવ્યધ્વનિ આદિથી આપણને જે કંઈ ઉપકાર થયેલો સમજાય, 'સિદ્ધ' બોલતાં અનંતસુખ આદિ ગુણોમાંથી એકાદની સ્મૃતિ થઈ તેની ભાવના થાય, 'આચાર્ય' બોલતાં શાસનનો આચાર શીખવનાર કે ધર્મના સ્તંભરૂપ ઉપકાર સ્ફુરે, 'ઉપાધ્યાય' બોલતાં તેમનો શાસ્ત્રસ્વાધ્યાય કે શિખામણ આપણી સ્મૃતિમાં આવે, તથા 'સાધુ' શબ્દ બોલતાં તેમની દયા કે જિતેન્દ્રિય ગુણ પ્રત્યે પ્રમોદભાવ જાગે તો પંચપરમેષ્ઠી મંત્રની માળા ગણી લેખે આવે. આ પ્રમાણે આપણને લાભ થતો હોય તેવી બાબતમાં મન જરૂર ચોંટે, પણ માત્ર જીભે શબ્દ બોલાય અને મણકા હાથમાં ફર્યા જાય ત્યાં મન કેવી રીતે ચોંટે? માટે આપણને લાભ થાય તેવી રીતે ધર્મક્રિયા કરવી ઘટે છે.

---



## શિક્ષાપાઠ ૬૨. સામાયિક વિચાર, ભાગ–૧

''ર્સૂયગડાંગ' સૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્મનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.''

(પોષ, ૧૯૪૭, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૯૪)

''સામાયિકશાસ્ત્રકારે વિચાર કર્યો કે કાયાને સ્થિર રાખવાની હશે, તો પછી વિચાર કરશે; બંધ નહીં બાંધ્યો હોય તો બીજાં કામે વળગશે એમ જાણી તેવા પ્રકારનો બંધ બાંધ્યો. જેવાં મનપરિણામ રહે તેવું સામાયિક થાય..... મનના ઘોડા દોડતા હોય, અને સામાયિક કર્યું હોય તો તેનું ફળ તે કેવું થાય?'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૨ )

''સામાયિક કાયાનો યોગ રોકે; આત્માને નિર્મળ કરવા માટે કાયાનો યોગ રોકવો. રોકવાથી પરિણામે કલ્યાણ થાય. કાયાની સામાયિક કરવા કરતાં આત્માની સામાયિક એક વાર કરો. જ્ઞાનીપુરુષનાં વચનો સાંભળી સાંભળીને ગાંઠે બાંધો તો આત્માની સામાયિક થશે.....મોક્ષનો ઉપાય અનુભવગોચર છે. જેમ અભ્યાસે અભ્યાસે કરી આગળ જવાય છે તેમ મોક્ષને માટે પણ છે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૮, પૃષ્ઠ-૭૦૯)

"સહુ સામાયિક કરે છે, ને કહે છે કે જ્ઞાની સ્વીકારે તે ખરું. સમકિત હશે કે નહીં તે પણ જ્ઞાની સ્વીકારે તે ખરું. પણ જ્ઞાની સ્વીકારે શું? અજ્ઞાની સ્વીકારે તેવું તમારું સામાયિક વ્રત અને સમકિત છે! અર્થાત્ વાસ્તવિક સામાયિક વ્રત અને સમકિત તમારાં નથી. મન, વચન અને કાયા વ્યવહાર-સમતામાં સ્થિર રહે તે સમકિત નહીં. જેમ ઊંઘમાં સ્થિર યોગ માલૂમ પડે છે છતાં તે વસ્તુતઃ સ્થિર નથી; અને તેટલા માટે તે સમતા પણ નથી. મન, વચન, કાયા ચૌદમા ગુણસ્થાનક સુધી હોય; મન તો કાર્ય કર્યા વગર બેસતું જ નથી. કેવળીના મનયોગ ચપળ હોય, પણ આત્મા ચપળ હોય નહીં. આત્મા ચોથે ગુણસ્થાનકે અચપળ હોય, પણ સર્વથા નહીં."

('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૦, પૃષ્ઠ-૭૧૮)

બે ઘડી સુધી સમભાવ કે સમદર્શિતા ગુણનું પાલન કરવાનું વ્રત તે સામાયિક વ્રત છે. તેવી દશા ન આવી હોય તો તે પ્રાપ્ત કરવાની ભાવનાએ જ્ઞાનીપુરુષનાં વચનમાં વૃત્તિ રાખવાનો પુરુષાર્થ કરવો તે પણ એક અપેક્ષાએ સામાયિક કહેવાય. તે બે ઘડીમાં કેવા ભાવ રાખવા યોગ્ય છે, તેની સમજ તો સામાયિક કરનારને સ્પષ્ટ હોવી ઘટે છે, નહીં તો ગમે તેવા ભાવોમાં મન ફરતું હોય અને જીવ બે ઘડીના કાળને જ સામાયિક સમજી લે. તે ભાવો સ્પષ્ટ થવા અર્થે સમદર્શિતા વિષે શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે તે નીચે જણાવ્યું છે :

"સમદર્શિતા એટલે પદાર્થને વિષે ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ-રહિતપણું, ઇચ્છારહિતપણું, મમત્વરહિતપણું. સમદર્શિતા ચારિત્ર-દશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું એ ચારિત્રદશા છે. ઇષ્ટ-



અનિષ્ટબુદ્ધિ, મમત્વ, ભાવાભાવનું ઊપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે, આ ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય. સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્તે તેવા ભાવે દેખે, જાણે, જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઇષ્ટઅનિષ્ટપણું ન કરે.

આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા જાણવાનો હોવાથી તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે, જાણે; પણ જે આત્માને સમદર્શી-પણું પ્રગટ થયું છે, તે આત્મા તે પદાર્થને દેખતાં, જાણતા છતાં તેમાં મમત્વબુદ્ધિ, તાદાત્મ્યપણું, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે. વિષમદૃષ્ટિ આત્માને પદાર્થને વિષે તાદાત્મ્યવૃત્તિ થાય; સમદૃષ્ટિ આત્માને ન થાય.

કોઈ પદાર્થ કાળો હોય તો સમદર્શી તેને કાળો દેખે, જાણે, જણાવે. કોઈ શ્વેત હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ સુરભિ (સુગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ દુરભિ (દુર્ગંધી) હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. કોઈ ઊંચો હોય, કોઈ નીચો હોય તો તેને તેવો દેખે, જાણે, જણાવે. સર્પને સર્પની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. વાઘને વાઘની પ્રકૃતિરૂપે દેખે, જાણે, જણાવે. ઇત્યાદિ પ્રકારે વસ્તુમાત્રને જે રૂપે, જે ભાવે તે હોય તે રૂપે, તે ભાવે સમદર્શી દેખે, જાણે, જણાવે. હેય(છાંડવા યોગ્ય)ને હેયરૂપે દેખે, જાણે, જણાવે. ઉપાદેય(આદરવા યોગ્ય)ને ઉપાદેયરૂપે દેખે, જાણે, જણાવે. પણ સમદર્શી આત્મા તે બધામાં મારાપણું, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ, રાગદ્વેષ ન કરે. સુગંધ દેખી પ્રિયપણું ન કરે; દુર્ગંધ દેખી

અપ્રિયતા, દુગંછા ન આણે. (વ્યવહારથી) સારું ગણાતું દેખી આ મને હોય તો ઠીક એવી ઇચ્છાબુદ્ધિ (રાગ, રતિ) ન કરે. (વ્યવહારથી) માઠું ગણાતું દેખી આ મને ન હોય તો ઠીક એવી અનિચ્છાબુદ્ધિ (દ્વેષ, અરતિ) ન કરે. પ્રાપ્ત સ્થિતિ-સંજોગમાં સારું-માઠું, અનુકૂળ-પ્રતિકૂળ, ઇષ્ટાનિષ્ટપણું, આકુળવ્યાકુળપણું, ન કરતાં તેમાં સમવૃત્તિએ અર્થાત્ પોતાના સ્વભાવે, રાગદ્વેષ-રહિતપણે રહેવું એ સમદર્શિતા.

શાતા-અશાતા, જીવન-મૃત્યુ, સુગંધ-દુર્ગંધ, સુસ્વર-દુસ્વર, રૂપ-કુરૂપ, શીત-ઉષ્ણ આદિમાં હર્ષ-શોક, રતિ-અરતિ, ઇષ્ટ-અનિષ્ટપણું, આર્ત્તધ્યાન ન વર્તે તે સમદર્શિતા.''

('શ્રીમદ્ રાજચંદ્ર', સં. ૧૯૫૪, ક્રમાંક-૮૩૭)

## શિક્ષાપાઠ ૬૩. સામાયિક વિચાર, ભાગ–૨

''હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર સમદર્શીને વિષે અવશ્ય હોય. અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શીપણું ન સંભવે. સમદર્શિતા અને અહિંસાદિ વ્રતોને કાર્યકારણ, અવિનાભાવી અને અન્યોન્યાશ્રય સંબંધ છે. એક ન હોય તો બીજું ન હોય, અને બીજું ન હોય તો પહેલું ન હોય.

સમદર્શિતા હોય તો અહિંસાદિ વ્રત હોય.
સમદર્શિતા ન હોય તો અહિંસાદિ વ્રત ન હોય.
અહિંસાદિ વ્રત ન હોય તો સમદર્શિતા ન હોય.
અહિંસાદિ વ્રત હોય તો સમદર્શિતા હોય.

જેટલે અંશે સમદર્શિતા તેટલે અંશે અહિંસાદિ વ્રત
અને જેટલે અંશે અહિંસાદિ વ્રત તેટલે અંશે સમદર્શિતા.



સદ્ગુરુયોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા, મુખ્યતાએ સર્વવિરતિ ગુણસ્થાનકે હોય; પછીનાં ગુણસ્થાનકે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય, વિશેષ પ્રગટ થતી જાય; ક્ષીણમોહસ્થાને તેની પરાકાષ્ઠા અને પછી સંપૂર્ણ વીતરાગતા.

સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાન ભાવ, અભેદભાવ, એકસરખી બુદ્ધિ, નિર્વિશેષપણું નહીં; અર્થાત્ કાચ અને હીરો એ બે સમાન ગણવા, અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું, અથવા સદ્ધર્મ અને અસદ્ધર્મમાં અભેદ માનવો, અથવા સદ્ગુરુ અને અસદ્ગુરુને વિષે એક-સરખી બુદ્ધિ રાખવી, અથવા સદ્દેવ અને અસદ્દેવને વિષે નિર્વિશેષપણું દાખવવું અર્થાત્ બન્નેને એક સરખા ગણવા, ઇત્યાદિ સમાન વૃત્તિ એ સમદર્શિતા નહીં, એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેકવિકળતા.

સમદર્શી સત્‌ને સત્ જાણે, બોધે; અસત્‌ને અસત્ જાણે, નિષેધે; સત્શ્રુતને સત્શ્રુત જાણે, બોધે; કુશ્રુતને કુશ્રુત જાણે, નિષેધે; સદ્ધર્મને સદ્ધર્મ જાણે, બોધે; અસદ્ધર્મને અસદ્ધર્મ જાણે, નિષેધે; સદ્ગુરુને સદ્ગુરુ જાણે, બોધે; અસદ્ગુરુને અસદ્ગુરુ જાણે, નિષેધે; સદ્દેવને સદ્દેવ જાણે, બોધે; અસદ્દેવને અસદ્દેવ જાણે, નિષેધે; ઇત્યાદિ જે જેમ હોય તેને તેમ દેખે, જાણે, પ્રરૂપે, તેમાં રાગદ્વેષ, ઇષ્ટઅનિષ્ટબુદ્ધિ ન કરે; એ પ્રકારે સમદર્શીપણું સમજવું. ૐ''

(સં.૧૯૫૪, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૮૩૭)

શ્રી હેમચંદ્રાચાર્ય 'યોગશાસ્ત્ર'માં સામાયિક વિષે જણાવે છે કેઃ ''સામાયિક એટલે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ

કરી, તેમજ કાયિક તથા વાચિક પાપકર્મોનો ત્યાગ કરી, મુહૂર્ત (બે ઘડી) પર્યંત સમતા ધારણ કરવી તે.

સામાયિક વ્રતધારી શ્રાવક-ગૃહસ્થ પણ તેટલા સમય પૂરતો યતિ જેવો થાય છે. જ્યાં સુધી પ્રાણી સામાયિક ગ્રહી સ્થિરચિત્ત રહે ત્યાં સુધી તથા જેટલી વાર સામાયિક કરે તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે છે. શ્રાવક સામાયિક કરે ત્યારે સાધુ જેવો થાય છે, માટે ઘણી વાર સામાયિક કરવું જોઈએ.

તેથી તે વ્રત ધારણ કરનારો તે દરમ્યાન દેવપૂજા ન કરે. અલબત્ત, સામાયિકમાં દોષયુક્ત વ્યાપારનો જ નિષેધ છે અને નિર્દોષ વ્યાપારનું તો વિધાન છે એટલે સ્વાધ્યાય પાઠ વગેરેની પેઠે ભાવપૂજા કરે તો દોષ ન કહેવાય; પરંતુ યતિને જેમ દ્રવ્ય-પૂજાદિનો અધિકાર નથી, તેમજ સામાયિક વ્રતધારી ગૃહસ્થનું પણ સમજવું. આ બાહ્ય પૂજાદિ ભાવપૂજા ઉત્પન્ન કરવા માટે છે; પરંતુ સામાયિક કરનારને ભાવપ્રાપ્તિ થઈ ગઈ, તો પછી તેને બાહ્ય પૂજાની શી જરૂર રહી?

સામાયિક કરનારા શ્રાવક સામાન્ય રીતે આ ચારમાંથી એક ઠેકાણે જઈ સામાયિક કરે છેઃ જિનમંદિરમાં, સાધુની સમીપમાં, પૌષધશાળામાં કે પોતાને ઘેર. સામાયિક વ્રતમાં ઓછામાં ઓછું એક મુહૂર્ત (૪૮ મિનિટ) બેસવાનું હોય છે.

સ્થિર ચિત્તવાળા સામાયિક વ્રતધારી ગૃહસ્થનાં સંચિત કર્મો પણ ચંદ્રાવતંસકની પેઠે ક્ષીણ થઈ જાય છે. ચંદ્રાવતંસક નામનો રાજા રાત્રે 'દીવો સળગતો રહેશે ત્યાં સુધી સામાયિક વ્રતમાં સ્થિર બેસીશ' એવો નિયમ લઈને સામાયિક કરવા બેઠો. પરંતુ તે વાતની તેની દાસીને ખબર નહીં, તેથી રાજાને



અંધારું ન થાય તેટલા માટે મોડી રાતે તેણે ફરી તેલ પૂર્યું. તે પ્રમાણે વળી ત્રીજી વાર કર્યું. તેથી સવારમાં તો થાકથી જ તે રાજા મરણ પામ્યો. પરંતુ નિયમ પ્રમાણે સામાયિક પૂરું કર્યું હોવાથી, કર્મનો નાશ કરી, સ્વર્ગે ગયો.''

## શિક્ષાપાઠ ૬૪. પૂણિયા શ્રાવકની સામાયિક

રાજગૃહી નગરીમાં એક નિર્ધન કુટુંબ વસતું હતું. ભગવાન મહાવીરના બોધથી પતિપત્ની ધર્મ પામ્યાં હતાં અને શ્રાવકનાં વ્રત યથાશક્તિ પાળતાં હતાં; કપાસમાંથી રૂ કાઢી પૂણીઓ બનાવી વેચીને તે પોતાની આજીવિકા ચલાવતાં હતાં. જૂજ કમાણી છતાં રોજ ભક્તિભાવથી તે દેરાસર જઈ ફૂલ આદિ વડે ભગવાનની પૂજા કરતાં; સાદો ખોરાક લેતાં અને બપોરે બન્ને જણ સામાયિકવ્રત ધારી ધર્મધ્યાન કરતાં હતાં.

એક દિવસે બપોરે સામાયિકપાઠ ઉચ્ચારી ભગવાનના બોધમાં પોતાનું મન લીન હંમેશ મુજબ કરી દેવા તૈયારી કરે છે, પણ મન ચોંટતું નહીં હોવાથી પોતાની દિનચર્યા તે મનમાં તપાસી ગયા, પણ કોઈ તેવો દોષ થયેલો પોતાને લાગ્યો નહીં; તેથી તે શ્રાવક વિચારમાં પડી ગયા કે આજે મન ધર્મધ્યાનમાં લીન થઈ શકતું નથી તેનું કોઈ બાહ્ય કારણ હોવું ઘટે છે. કોઈ મનના દોષ આજે મેં સેવ્યા નથી, વચનથી પણ અપરાધમાં આવ્યો હોઉં તેમ જણાતું નથી, કાયાથી પણ તેવો દોષ થયો સ્મરણમાં નથી; તો મારી પત્નીને પૂછી જોઉં કે તેને કોઈ મારો દોષ વિચારમાં આવે છે?

વળી 'અન્ન એવું મન' એમ કહેવાય છે, તો રસોઈ વગેરે સંબંધી કંઈ દોષ લાગ્યો હશે તો તેને પૂછવાથી સમજાશે, એમ જાણી પોતાની પત્નીને તેણે પૂછ્યું કે આજે મારું ચિત્ત ધર્મમાં જોડાતું નથી, તેનું કારણ મારા વર્તનની તપાસ કરતાં મને કોઈ હાથ લાગ્યું નહીં, તો આપણા કુટુંબમાં કોઈ તેવો દોષ આહાર આદિ સંબંધી કાંઈ થયો છે?

તે બાઈએ પ્રથમ તો પોતાના મન, વચન, કાયા સંબંધી દોષોની તપાસ કરી પણ કંઈ દોષ સમજાયો નહીં, પણ ફરીથી આખા દિવસના કાર્યની ક્રમવાર તપાસ કરતાં તેને સૂઝી આવ્યું કે સવારે પાડોશીને ત્યાં ચૂલો સળગાવવા દેવતા લેવા તે ગયેલી ત્યાં દેવતાની સાથે છાણાંનો ગોર (ભૂકો) અંગારા ઉપર તે ઘરધણીને પૂછ્યા વિના નાખ્યો હતો. તે તેણે પોતાના પતિને સ્પષ્ટ કહી પોતાની ભૂલ કબૂલ કરી. પૂછ્યા વિના એટલી પણ પારકી વસ્તુ લેવાથી થયેલો જે ચોરીનો દોષ, તેવા સદોષ આહારથી મનની નિર્મળતા ઉપર આવરણ આવ્યું એમ પૂણિયા શ્રાવકને સ્પષ્ટ સમજાયું. તેથી તે દંપતી પાડોશીની પાસે જઈ માફી માગી આવ્યાં. પછી સામાયિકમાં બેસવાથી ધર્મધ્યાન નિર્વિઘ્ને થયું.

* * *

એક વખત શ્રેણિક મહારાજા, ભગવાન રાજગૃહીના ઉદ્યાનમાં પધાર્યા હતા તે વખતે દર્શન કરવા ગયા હતા. બોધ સાંભળી ભગવાનને તેમણે પૂછ્યું કે "હે ભગવાન! મારો આવતા ભવમાં ક્યાં જન્મ થશે?" ભગવાને કહ્યું કે "પહેલી નરકે ઉત્પન્ન થશો." તે સાંભળી શ્રેણિક રાજાએ વિનંતી કરી



કે "હે ભગવાન! આપના જેવા કેવળજ્ઞાની ભગવાન મારા નાથ છતાં મારે નરકે જવું પડે તે યોગ્ય નથી. કોઈ ઉપાય આપ કૃપા કરી બતાવો તો તે પ્રમાણે વર્તીને હું નરકે જતાં બચું." ભગવાને કહ્યું કે "કર્મનો કાયદો અચૂક છે. નરકનું આયુષ્ય બાંધ્યા પછી તમે મોક્ષમાર્ગે ચઢ્યા છો, મોક્ષમાર્ગના સામાન્ય આરાધનથી પણ તમે નરકના લાંબા આયુષ્યની સ્થિતિ ઘણી જ ટૂંકી કરી નાખી છે, માત્ર ૮૪૦૦૦ વર્ષ નરકમાં ગાળવાનાં છે. પછી તમે આ ભરતક્ષેત્રમાં મનુષ્ય થઈ તીર્થંકરપદ પામી મોક્ષે જશો."

આ સાંભળી તેમનો ખેદ ઘણો ઓછો થયો, છતાં પુરુષાર્થ તો થાય તેટલો કરવો એમ ધારી ફરી પૂછ્યું કે "હે ભગવાન! કેવળજ્ઞાનથી જાણી, નરકે ન જવું પડે તેવા ઉપાય બતાવો તો તેમાંથી કોઈનું આરાધન હું કરું."

કરુણામૂર્તિ મહાવીર ભગવંતે કહ્યું કે "હે રાજા! જો તમારા શહેરમાં કાળસૌકરિક કસાઈ રોજ પાંચસો પાડા મારે છે, તે એક દિવસ હિંસા કરવાનું બંધ રાખે તો તમે નરકે જતાં બચો; બીજું તમારી કપિલા નામની દાસી જો એક દિવસ ઉદાર ભાવથી દાન દે તો તમે નરકે જતાં બચો; જો પૂણિયા શ્રાવકની એક સામાયિક તમે ખરીદી શકો, તોપણ નરકે જતાં બચો; અને એક પણ વસ્તુને તમે આજે ત્યાગી શકો તો તમે નરકે જતાં બચો."

શ્રેણિક રાજાને લાગ્યું કે આ ચારે બાબતો મારાથી થઈ શકે તેમ છે, પણ પહેલાં મારા હાથની વાત છે તે તો કરી લઉં,

એમ વિચારી 'આજે મારે બોર ન ખાવું' એવો ભગવાનની સમક્ષ નિયમ લીધો, અને નગરમાં ગયા.

ઇંદ્ર મહારાજ ભગવાનનાં દર્શન કરવા રાજગૃહીમાં આવતાં, શ્રેણિકરાજાને મળવાના વિચારથી રાજસભામાં આવ્યા. તે એક સુંદર બોર લેતા આવ્યા હતા, તે શ્રેણિક રાજાને આપ્યું કે તરત તેમણે ચાખ્યું; પછી યાદ આવ્યું કે આજે જ બોર નહીં ખાવાનો નિયમ લીધો છે, પણ બીજા ત્રણ ઉપાયો તુર્ત કરવાનો નિશ્ચય કરી, ઇન્દ્ર મહારાજને વિદાય કર્યા. પછી દાસી કપિલાને બોલાવી દાન દેવા કહ્યું પણ તેણે માન્યું નહીં. તેથી તેને હાથે ચાટવા બંધાવી તે વડે દાન તેની પાસે અપાવવાની આજ્ઞા રાજાએ કરી, તે પ્રમાણે સેવકોએ કર્યું.

કાળસૌકરિક કસાઈને બોલાવી એક દિવસ પાડા નહીં મારવા કહ્યું; પણ તેણે પણ 'તે તો નહીં બની શકે' એમ કહેવાથી તેને ઊંધે માથે કૂવામાં આખો દિવસ લટકાવી રાખવા હુકમ કર્યો. તેથી તેને કૂવાના પાણી સુધી માથું નીચું રાખી પગે બાંધી સેવકોએ લટકાવ્યો.

પૂણિયા શ્રાવકને ઘેર રાજા જાતે ગયા. પણ તે વખતે તે શ્રાવક સામાયિકમાં હોવાથી તેની પત્નીએ રાજાને આદર સત્કાર કરી થોડી વાર બેસવા જણાવ્યું. સામાયિક પૂરી થઈ એટલે તેણે રાજાનો વિનય કરી, ક્ષમા યાચી આવવાનું કારણ પૂછ્યું. રાજાએ એક સામાયિક ખરીદવાની ઇચ્છા દર્શાવી. પણ પૂણિયો શ્રાવક સમજ્યો નહીં. તેણે કહ્યું કે સામાયિક કંઈ લેવાય કે અપાય તેવી વસ્તુ નથી. પણ મહાવીર ભગવાને કહ્યું છે એમ સાંભળ્યું ત્યારે તેણે કહ્યું કે ''ભગવાન કહે તે પ્રમાણે કરવા હું



સમ્મત છું.'' તેથી બીજે દિવસે ભગવાન પાસે બન્નેએ સાથે જવાનું નક્કી કર્યું.

બીજે દિવસે હર્ષિત થઈ શ્રેણિક રાજા પૂણિયા શ્રાવક સાથે ભગવાન પાસે ગયા અને વંદન કરી ભગવાનને જણાવ્યું કે ''હે ભગવાન! એક બોરની પ્રતિજ્ઞા હું પાળી શક્યો નથી. બાકી ત્રણ બાબતો વિષે નક્કી કરીને આવ્યો છું. કપિલા પાસે દાન દેવરાવ્યું છે, કોઈ પાડો કાળસૌકરિક કસાઈ ન મારે તેવી ગોઠવણ થઈ છે, અને આ શેઠ આપ જણાવો તેટલી રકમથી સામાયિક આપવા ખુશી છે તે હું ખરીદી લઈશ.''

ભગવાને કહ્યું કે ''એકે બાબત તમારાથી બની શકે તેમ નથી. બોરનો નિયમ તો તમે પાળી શક્યા નહીં. દાસી પણ દાન આપતાં બોલતી કે 'શ્રેણિક રાજાનો ચાટવો દાન આપે છે.' કસાઈએ કૂવામાં પાડા પાણીથી ચીતરી માર્યા છે. અને એક સામાયિકનું પણ ફળ દેવલોક છે કે જ્યાં રત્નમય પલંગના એક અંગને પણ ખરીદવા તમારી સર્વ સમૃદ્ધિ ખૂટી પડે તેમ છે. ચિત્તની સ્થિરતા વિના સામાયિક બને નહીં. અને નરકનું આયુષ્ય બાંધ્યું હોય તેને તેવું વ્રત પાળવા જેટલી સ્થિરતા સાંપડે જ નહીં. પણ જેને સમ્યક્દર્શનની પ્રાપ્તિ છે, તેને નરકમાં પણ સહજ સમાધિ હોય છે. શારીરિક દુઃખની તેને કંઈ પડી નથી. અંતરનું સુખ તો નરકમાં પણ જતું રહેતું નથી.''

---

## શિક્ષાપાઠ ૬૫. પ્રતિક્રમણ વિચાર

ભૂતકાળમાં થયેલા દોષ વિચારી તેથી પાછા હઠવું અથવા ફરી તેવા દોષ ન કરવાની શિખામણ લઈ તે દોષો

વિસ્મૃત કરવા, તે પ્રતિક્રમણ છે; સદ્‌ગુરુ સમીપ વર્તમાન દોષો પ્રગટ કરવા તે આલોચના કહેવાય છે; અને ભવિષ્યે થવા યોગ્ય દોષો કે પાપ નહીં કરવાનો નિયમ કરવો તે પ્રત્યાખ્યાન કે પચખાણ કહેવાય છે.

પહેલા ઋષભદેવ તીર્થંકર અને છેલ્લા મહાવીર તીર્થંકરના વખતમાં પ્રતિક્રમણ રોજ સવારે અને સાંજે કરવાનો વિધિ અવશ્ય ગણાયો છે. દિવસના દોષો સાંજના તપાસવા તે દેવસિય પ્રતિક્રમણ; રાત્રિના દોષો સવારે તપાસવા તે રાઈય પ્રતિક્રમણ; તેવી જ રીતે પંદર દિવસમાં થયેલા દોષો જોઈ જવા તે પાક્ષિક કે પાખી પ્રતિક્રમણ; ચાર માસમાં થયેલા દોષોને અર્થે ચાતુર્માસિક કે ચૌમાસી પ્રતિક્રમણ અને સંવત્સર એટલે આખા વર્ષના દોષોનો હિસાબ તપાસવા સાંવત્સરિક પ્રતિક્રમણ અવશ્ય કરવાનો વિધિ છે.

બાકીના બાવીસ તીર્થંકરોના શિષ્યો સરળ અને પ્રજ્ઞ હોવાથી દોષ થાય કે તરત તેવા ભાવો તજી સ્વભાવમાં આવી જતા એટલે સાંજ-સવાર દોષોનું તપાસવું તેમને માટે આવશ્યક નહોતું. પણ પહેલા તીર્થંકરનો શિષ્યવર્ગ સરળ અને જડ તથા છેલ્લા તીર્થંકરનો શિષ્યવર્ગ વક્ર અને જડ મોટે ભાગે હોવાથી તેમના હિતને અર્થે પ્રતિક્રમણની આવશ્યકતા પ્રરૂપી છે.

પ્રતિક્રમણ એ છ આવશ્યકમાંનું એક આવશ્યક છે, છતાં રૂઢિ પ્રમાણેના પ્રતિક્રમણમાં છયે આવશ્યક સમાય છે. ધર્મનું મૂળ આજ્ઞા છે, તેથી દરેક ક્રિયા ગુરુની આજ્ઞાપૂર્વક કરવાની હોય છે. 'ગુરુ સમીપ ન હોય, તો મનમાં તેમની સમીપતા ચિંતવવી અથવા પુસ્તકાદિમાં તેમની સ્થાપના કરવી; પછી ગુરુના સંયમાદિ ગુણોની સ્તુતિ કરી, પાપવ્યાપારથી રહિત થઈ, સર્વ શક્તિથી તેમને વંદન કરવું; પછી દરેક ક્રિયા વખતે તેમની આજ્ઞા લઈને તે ક્રિયા કરવી' એવો વિધિ છે.



અવશ્ય કરવા યોગ્ય તેને આવશ્યક કહેવાય છે અથવા વશ એટલે પાંચ ઇંદ્રિયોને આધીન, અને અવશ એટલે ઇંદ્રિયજય કરનાર સાધુ; તેમની ક્રિયા તે આવશ્યક. એવા છ આવશ્યક છે. (૧) સામાયિકઃ– એટલે દુર્ધ્યાન તજી, ધર્મધ્યાન કરી, શત્રુ-મિત્ર, તૃણ-કાંચન વગેરેમાં સમતા ધારણ કરવી તે. (૨) ચતુર્વિંશતિ સ્તવઃ– શ્રી ઋષભ, શ્રી અજિત, શ્રી સંભવ, શ્રી અભિનંદન, શ્રી સુમતિ, શ્રી પદ્મપ્રભ, શ્રી સુપાર્શ્વ, શ્રી ચંદ્રપ્રભ, શ્રી સુવિધિ કે પુષ્પદંત, શ્રી શીતલ, શ્રી શ્રેયાંસ, શ્રી વાસુપૂજ્ય, શ્રી વિમલ, શ્રી અનંત, શ્રી ધર્મ, શ્રી શાંતિ, શ્રી કુંથુ, શ્રી અર, શ્રી મલ્લિ, શ્રી મુનિસુવ્રત, શ્રી નમિ, શ્રી અરિષ્ટનેમિ, શ્રી પાર્શ્વ, શ્રી વર્ધમાન કે મહાવીર–એ ચોવીસ તીર્થંકરોના નામસ્મરણરૂપ સ્તુતિ. (૩) ગુરુવંદનઃ– ધર્માચાર્યને વિધિપૂર્વક ભાવની વૃદ્ધિ થાય તેમ વંદન. તેમની અનુમતિથી તેમની આગળ પોતે દિવસ દરમ્યાન પંચ આચારમાં કરેલા અતિચારો કહી બતાવવા, તે બધા અતિચારોની વિશુદ્ધિ માટે તેમની અનુજ્ઞાથી 'આલોચના' કરી જવી. જાણતાં અજાણતાં સદ્‌ગુરુ પ્રત્યે જે કંઈ અપરાધ કર્યા હોય તેની ક્ષમા નમસ્કારપૂર્વક માગવી. (૪) પ્રતિક્રમણઃ– શુભ ભાવ અને આચારોમાંથી ખસી અશુભ ભાવ અને આચરણમાં 'ક્રમણ'-ગમન કર્યું હોય તેમાંથી પાછા શુભ ભાવ અને આચરણમાં

આવવું તે. બાર વ્રતોમાંથી પોતે જે કોઈનો અતિચાર કર્યો હોય, આ લોક-પરલોક, જીવિત-મરણ અને કામભોગ વિષે અભિલાષા કરી હોય, ધર્મક્રિયામાં પ્રમાદ કર્યો હોય, કોઈ પ્રકારે મદ કર્યો હોય, આહાર, ભય, મૈથુન, પરિગ્રહ કે કષાયવશ કાંઈ અનાચરણ કર્યું હોય તથા ગુપ્તિ, સમિતિ વગેરેમાં અતિચાર લાગ્યા હોય, તેથી નિવૃત્ત થવાની ભાવના કરવાની હોય છે. (૫) કાયોત્સર્ગઃ– સ્થિર શરીરે ધ્યાન. (૬) પ્રત્યાખ્યાનઃ– દેહની ચિંતા તજી આત્મામાં લીન થવાથી પાંચમા આવશ્યકમાં ઘણા દોષો દૂર થાય છે; પણ તે દ્વારા દૂર ન થાય તેવા દોષો ભવિષ્યમાં ન થવા દેવાની પ્રતિજ્ઞા તે પ્રત્યાખ્યાન. શિક્ષાપાઠ ૪૯ તે વિષે આવી ગયો છે.

પ્રતિક્રમણ કે છ આવશ્યક મુનિઓને કરવાયોગ્ય અને શ્રાવકવર્ગને કરવાયોગ્ય એમ બે પ્રકારે હોય છે. કારણ કે મુનિઓને પાંચ મહાવ્રત કે સત્તાવીશ ગુણરૂપ મૂળ ગુણ અને ઉત્તરગુણ ૮૪,૦૦,૦૦૦ ચોરાશી લાખ ગણાય છે, તેમાં લાગતા દોષોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. તેમજ શ્રાવકના મૂળગુણ આઠ, અથવા પાંચ અણુવ્રત અને ઉત્તરગુણરૂપે સાત શીલવ્રત છે, તેમાં લાગતા અતિચાર આદિ દોષોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

આ કાળમાં ધર્મ-જિજ્ઞાસાવાળા બહુ ઓછા જીવો છે, તેમાં પણ સામાયિક કે પ્રતિક્રમણ આદિ ક્રિયા કરનારા પણ ઓછા છે. તેમને અવિધિ કે અશુદ્ધપણે ક્રિયા કરતાં દેખી ઘણા ટીકા કે મશ્કરી પણ કરે છે; પ્રતિક્રમણને પડપડિયું કરી આવ્યા એમ કહે છે, તે યોગ્ય નથી. દોષને સુધારવાને બદલે



એવી ટીકાથી જે કંઈ અલ્પ ક્રિયા કરતા હોય તે તજી દે એમ બનવું સ્વાભાવિક છે. માટે સુજ્ઞ જીવો તેમની સાથે રહી તેમને શુદ્ધપણે ક્રિયા કરતાં શીખવે તો તે પ્રમાણે પણ તે કરે. પોતાને લાભ થાય તે અર્થે ધર્મક્રિયા કરવાનો જેને ભાવ છે, તે સારી રીતે સદ્‌ભાવથી બતાવનારની સૂચના ગ્રહણ પણ કરે; પણ તેનો નિષેધ કે ટીકા કરવામાં કોઈ પણ પ્રકારે હિત નથી. સ્વભાષામાં સમજાય તેવી રીતે ક્રિયા કરતા બધા થાય, તો પછી ઉતાવળે અર્થ સમજ્યા વિના વેઠ જેવું થાય છે, તે ન થાય.

---

## શિક્ષાપાઠ ૬૬. અનંગદેવની ટૂંકી કહાણી

શ્રી નેમિનાથના દશ ભવમાંના પાંચમા ભવમાં કુંડપુર નગરમાં અપરાજિત નામે પોતે રાજા હતા, તે વખતે સવારના ઉદ્યાનમાં પધાર્યા હતા. ત્યાં એક અનંગદેવ નામનો શેઠપુત્ર પણ આવ્યો હતો. તેની આકૃતિ કામદેવ સમાન સુંદર હતી. તેના મિત્રો બહુ સજ્જન હતા. સુવર્ણ સમાન તેના શરીરની કાંતિ હતી. શોભતાં વસ્ત્ર-આભૂષણ તેણે પહેર્યાં હતાં. રંભા સમાન તેની પત્ની તેની સાથે હતી. ખાન, પાન, દાન આદિ તેની ક્રિયાઓ મનોહર હતી. ત્યાં વીણા, વેણુ, મૃદંગ આદિ વાદ્યો વાગતાં હતાં, ગવૈયા સુંદર અવાજે મધુર ગાન ગાતા હતા. બંદીજનો બિરુદાવલિ બોલતા હતા. ખુલ્લે હાથે તે ધન વાપરતો હતો. રાજા પણ આવા સુખી મનુષ્યની ઉદારતા દેખી પૂછવા લાગ્યા કે આ દેવ સમાન ક્રીડા કરનાર યુવાન કોણ છે?

પાસેના પરિજનોમાંથી એકે અપરાજિત મહારાજાને કહ્યું કે

“હે દેવ! તે આપણા નગરના સમુદ્રપાલ નામના સાર્થવાહનો એકનો એક પુત્ર છે. તેનું નામ અનંગદેવ છે.” તે સાંભળી રાજા પ્રસન્ન થઈને બોલ્યા કે “મારા રાજ્યને પણ ધન્ય છે, કે આવાં નરરત્નો આ રાજ્યમાં છે. તેના પુણ્ય પ્રભાવથી દેવલોકની પણ પ્રતીતિ થાય તેમ છે.”

ઉદ્યાનમાં આમતેમ ફરી રાજા રાજમહેલે પધાર્યા. અનંગદેવ પણ પોતાના પરિવાર સાથે પુરમાં ગયો. રાજા દિવસનાં રાજકાજ પતાવી, દેવપૂજા આદિ ધર્મક્રિયા કરી, ધર્મધ્યાનમાં રાત્રિનો પણ કેટલોક કાળ ગાળી, નિદ્રામુક્ત થઈ પ્રાતઃકાળે જિનપૂજા સ્તવન આદિ ક્રિયા કરી હાથી ઉપર બેસી નગરમાં ફરવા નીકળ્યા.

નગર બહાર નીકળતાં ચાર જણાએ ઉપાડેલું શબ જોવામાં આવ્યું. કરુણ સ્વરથી બહુ લોકો રોતા હતા; તેના ગુણો સંભારી ખેદ કરતા હતા; નિકટનાં સગાં કલ્પાંત કરતાં હતાં. આ જોઈને રાજાએ પૂછ્યું કે “કોનું મરણ થયું છે?”

પાસેના અનુચરે કહ્યું કે “ગઈ કાલે ઉદ્યાનમાં જે યુવાન દેવની પેઠે સુખ વિલસતો હતો તે સમુદ્રપાલ સાર્થવાહનો પુત્ર અનંગદેવ આજે કાળ કરી ગયો છેજી.” તે વાત સાંભળી રાજાને ખેદ થયો, અને વિચારવા લાગ્યા કે આ સંસાર ઇન્દ્રજાળ જેવો છે, સ્વપ્ન સમાન છે. કાલે કેવી તેની સ્થિતિ હતી? આજે વળી આવી સ્થિતિ થઈ; કાળનો શો ભરૂંસો? રૂપ કુરૂપ, નિર્ધન ધનવાન, યુવાન વૃદ્ધ ગમે તે અવસ્થામાં કાળ માથે ભમે છે. જેને ખમા ખમા કરનાર અહીં અનેક હતા,



તેને મરણ કાળે બચાવનાર કોઈ ન નીકળ્યો. મારે ઘણાં કામ કરવાનાં છે, મારે ઘડીની પણ નવરાશ નથી એમ માનનારને પણ મરણ અચાનક ઉપાડી જાય છે. અનેક કષ્ટો વેઠીને, પરદેશોમાં ભટકીને ન્યાય-અન્યાયે એકઠું કરેલું ધન મૂકીને ખાલી હાથે આખરે જવું પડે છે, પોતાના કામમાં તે ધન કંઈ આવતું નથી; પાછળ રહ્યા તે વહેંચી લે છે; માત્ર ધન કમાવવામાં થયેલાં પાપ સાથે જાય છે. તેથી આ તન, ધન આદિ અસ્થિર, અસાર અને અશરણરૂપ છે. આ અનિત્ય વસ્તુઓના મોહમાં જન્મમરણ ટાળવાના ઉપાય લેવાનું જીવને સૂઝતું નથી. શ્રી જિનવરોએ, મહાપુરુષોએ શુદ્ધ ધર્મનો ઉપદેશ કર્યો છે, તેનું આરાધન જીવ કરે, તો તે મરણને ઓળંગી જાય અને મોક્ષે પહોંચે. મારે માથે પણ મરણનો ભય છે, તો તેનો ઉપાય કર્ત્તવ્ય છે. બળતા ઘરમાં કોણ સુખે સૂએ? શત્રુઓની વચમાં પ્રમાદ કોણ કરે? મરણની ધાડ પડવાની જ છે, તો તેનો સત્વર ઉપાય કર્ત્તવ્ય છે. એવા વૈરાગ્યભર્યા વિચારો સહિત રાજા પાછા ફર્યા.

એ જ કુંડપુર નગરમાં કેવળજ્ઞાની મુનિ પધાર્યા, તેમને વંદન કરવા રાજા ગયા. ત્યાં ભગવંતની દેશના સાંભળી વૈરાગ્યની વૃદ્ધિ થઈ . તેથી પ્રીતિમતી રાણીના પુત્ર પદ્મકુંવરને ગાદીએ બેસાડી, પ્રીતિમતી અને મિત્રો સહિત રાજાએ ભગવતી દીક્ષા અંગીકાર કરી.

સંધ્યાકાળના રંગ પેઠે આ વિશ્વમાં સર્વ પદાર્થ અનિત્ય છે, તેનો વિચાર વારંવાર કર્ત્તવ્ય છે.

## શિક્ષાપાઠ ૬૭.

## ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે

(દોહરા)

કોઈ વિપ્રનો પુત્ર તે, તોફાની અવિનીત;
ઘરથી હાંકી કાઢતાં, કરે દુષ્ટની પ્રીત. ૧

લૂંટારાના નાયકે પાળ્યો પુત્ર સમાન;
તેના મરણ પછી થયો, તે નાયક બળવાન. ૨

દૃઢપ્રહારી નામથી, થયો અતિ પ્રખ્યાત;
ગયો લૂંટવા ગામ તે, લૂંટારા લઈ સાથ. ૩

નિર્ધન વિપ્ર હતો તહાં, ભીખ માગતો નિત્ય;
બાળકને કાજે કરી, ખીર ધરીને પ્રીત. ૪

વિપ્ર નહાવાને ગયો, રમે બાળકો ઘેર;
અન્ય કામમાં બ્રાહ્મણી, વર્તે કરતી લ્હેર. ૫

દૃઢપ્રહારી ભૂખથી ગયો રસોડામાંય;
કહે બ્રાહ્મણીઃ મૂર્ખ રે! અભડાવ્યું તેં કાંય? ૬

ક્રોધે અંધ બની હણે, મુષ્ટિ મારતાં નાર;
બાળક ભયથી દોડિયાં, પિતા તરફ અવિચાર. ૭

વિપ્ર અરે! ક્રોધે ભર્યો, ધાતો આવે જ્યાંય;
કુવચન-રોષે તે હણે, બ્રાહ્મણને પણ ત્યાંય. ૮

તે દેખીને ગાય કો, ધસી મારવા ચોર;
હણી ગાય ત્યાં વાછડું જન્મ્યું, કૃત્ય અઘોર! ૯



તડફડતું તે વાછડું, દેખી પશ્ચાત્તાપ—
દૃઢપ્રહારી બહુ કરેઃ ઘણાં કર્યાં મેં પાપ. ૧૦

કરુણાથી દ્રવતું હૃદય, સુણતું બાળક-રાઢ;
'પાપી અમને માર તું, અમે અનાથ, અનાઢ્ય.' ૧૧

ધરે નિર્વેદ તે સુણી, શોધે છૂટું કેમ?
શીય વલે મારી થશે? ચિંતે મનમાં એમ. ૧૨

ઊઠી ચાલ્યો વન વિષે, મળે મુનિ મહાભાગ્ય;
સુણે ધર્મ જે સૌ હણે—કર્મ, અહો સૌભાગ્ય! ૧૩

ગ્રહી સમજ સત્સાધુ તે, થયો ખપાવા કર્મ;
ક્ષમા અભિગ્રહ તે ગ્રહે, મોક્ષ-ટિકિટમય ધર્મ. ૧૪

આ કર્મો સ્મૃતિમાં રહે, ત્યાં સુધી નહિ ખાઉં;
ખમું માર, ધિક્કાર સૌ, અન્ય જગે ના જાઉં. ૧૫

ગામ બધાનો શત્રુ તે, દે ઉપસર્ગ અનેક;
કર્યાં કર્મ પોતા તણાં, ગણી ધરે સુવિવેક. ૧૬

દૃઢપ્રહારી તે થયો, કર્મ-અરિ પ્રતિ વીર;
વીત્યા જ્યાં ષટ્ માસ કે, કેવળ વરતા ધીર. ૧૭

સહનશીલતા વા ક્ષમા, ધીરજ, ઉપશમ નામ,
સમતા, શાંતિ, સ્વસ્થતા, વીતરાગ પરિણામ. ૧૮

કર્મ બધાં તેથી ટળે, મળે મોક્ષ, સુખધામ;
આત્માર્થી તે આદરે, ટાળી દોષ તમામ. ૧૯

સદ્ગુરુની આજ્ઞા વડે, ધર્મ અને તપ થાય;
મોક્ષમાર્ગ બીજો નહીં, મિથ્યા અન્ય ઉપાય. ૨૦

## શિક્ષાપાઠ ૬૮. રાગ

માથે જેમ ઘણા જ વાળ હોય છે, તે બધાને સમૂહરૂપે ચોટલો કહીએ છીએ, તેને વ્યવહારમાં અનેક ભેદે પણ વર્ણવીએ છીએઃ જેમકે માથું ઓળ્યું, સેંથી પાડી, ચોટલો ગૂંથ્યો કે વેણી બાંધી; તેમ આત્મામાં પણ સંસારદશામાં ઘણા જ દોષો છે, તે બધાને એક દોષરૂપે કહેવા હોય તો તેને મોહ કે રાગ એટલે સંસાર-પ્રીતિ, મુમુક્ષુતાનો અભાવ એ રૂપે કહી શકાય છે; તે દોષનું સ્વરૂપ સમજવા અનેક ભેદો પણ ભગવાને કહ્યા છેઃ જેમકે એક ભેદે રાગ; બે ભેદે રાગ અને દ્વેષ; ત્રણ ભેદે રાગ, દ્વેષ અને મોહ કે અજ્ઞાન; ચાર ભેદે સંજ્ઞા એટલે આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા, અથવા ક્રોધ, માન રૂપ દ્વેષના ભેદ અને માયા, લોભ રૂપ રાગના ભેદ મળી ચાર કષાય; પાંચ ભેદે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ જે પાંચ ઇંદ્રિયોથી જણાય છે અને તે નિમિત્તે રાગદ્વેષ જાગે છે. આમ અનેક ભેદે મોહ કે રાગનો પરિવાર વર્ણવેલો છે. તે રાગને જે જીતે તે વીતરાગ ભગવાન કહેવાય છે. રાગરૂપ અરિને જીતે તે અરિહંત કહેવાય છે. જેને કોઈ પણ પદાર્થ પ્રત્યે રાગ ન હોય તેને કોઈ પ્રત્યે દ્વેષ થવાનું કારણ જ નથી. કેમકે જે પ્રત્યે રાગ હોય તેમાં વિઘ્ન કે અપ્રિયતાનું નિમિત્ત દેખી દ્વેષ જીવમાં જન્મે છે.

અનાદિકાળથી જીવમાં રાગના સંસ્કાર જામેલા છે. તે એકદમ દૂર થવા મુશ્કેલ છે; તેથી જ્ઞાનીપુરુષે તે સંસ્કારોને સવળા કે પ્રશસ્ત કરવાનો પ્રથમ માર્ગ લીધો છે. પ્રશસ્ત રાગ



જો કે કર્મબંધનું કારણ છે, તોપણ અપ્રશસ્તતાનું ઝેર તેમાંથી નીકળી ગયા પછી તે રાગ ક્ષય થવાયોગ્ય બને છે. સોમલને મારીને દવા તરીકે વાપરવાથી ઘણા જૂના રોગને તે દૂર કરે છે, તેમ સંસાર પ્રત્યેનો રાગ પલટાવી સદ્દેવ, સદ્ગુરુ અને સદ્ધર્મ અથવા સમ્યક્દર્શન આદિ આત્મોન્નતિનાં કારણો પ્રત્યે પ્રેમ વાળવાથી તે અનાદિ સંસારવૃદ્ધિનાં કારણો, દુઃખનાં કારણોને દૂર કરે છે અને મોક્ષનાં કારણોની ઉપાસના થતાં રાગ અને સંસારનો ઉચ્છેદ થાય છે.

સંસારનું મૂળ રાગ અને દ્વેષ છે અને રાગદ્વેષને પોષનાર અણસમજણ છે. એટલે દેહ તે જ હું આવા પ્રકારની સમજ અનાદિ કાળથી જીવને ચાલી આવી છે. કારણકે દેહ રૂપી છે, તેથી તેના ફેરફાર આકાર વિકાર વગેરેમાં વૃત્તિ રહે છે; બીજાનો પણ દેહ દેખી દેહ તે જ તેનું સ્વરૂપ છે એમ જીવ માની પ્રવૃત્તિ કર્યા કરે છે. આમ પોતાના અને પારકા દેહની જ ઓળખાણ, તેની સંભાળ, તેની સગાઈ અને તેની જ ચિંતા જીવને રહ્યા કરે છે.

જ્ઞાનીપુરુષોએ ઘણા ઊંડા વિચારે નિર્ણય કર્યો છે કે દેહમાં વિચાર કરનાર, સમજનાર, સુખદુઃખની માન્યતા કરનાર દેહથી ભિન્ન, અરૂપી, નિત્ય આત્મા છે. આ વાત આત્મજ્ઞાની પુરુષના ઘણા કાળના બોધે સમજાય છે, કેમકે ઘણા ભવના સંસ્કાર એકદમ ટળી, સાચી સમજણ થવી દુર્ઘટ છે. જ્યાં સુધી જ્ઞાનીપુરુષે સંમત કરેલ તત્ત્વ સંમત થતું નથી, ત્યાં સુધી જીવ રાગ કે સંસારને સારો માની તેનું પોષણ કરે છે; પણ રાગનો ક્ષય કરવો હોય, તો જેને રાગ થાય છે તેનું યથાર્થ

સ્વરૂપ સમજાયે તે રાગ પ્રત્યેનો રાગ ટાળી, રાગ થાય તેવા પ્રસંગોમાં ઉદાસીનતા થાય તેમ કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છે.

જેમ સો ટચના એક તોલા સોનામાં રતીપૂર ચાંદી કે તાંબું ભેળવ્યું હોય તો તે નજરે ચડતું નથી, ભેગ પકડાવો મુશ્કેલ પડે છે; તેમ ઉચ્ચ ઉચ્ચ દશા થતાં જે અલ્પરાગ રહ્યા કરે છે, તે સમજાવો અને ટાળવો બહુ મુશ્કેલ છે; પરંતુ અલ્પ પણ રાગ ટળ્યા વિના કેવળજ્ઞાન પ્રગટતું નથી. બાહુબળી જેવા ઋષભદેવના પુત્રે બાર માસ વનમાં નિરાહારપણે ધ્યાનમાં ગાળ્યા, પણ અલ્પ મોહનો અંશ રહ્યો હતો ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ ન થયું; પણ શ્રી ઋષભદેવની આજ્ઞાથી તેમનાં બહેન બ્રાહ્મી અને સુંદરી જે સાધ્વી બન્યાં હતાં, તેમનાં પવિત્ર વચન બાહુબળીજીને કાને પડતાં વિચારણા જાગી અને દોષ દેખી દોષને ટાળ્યો કે તરત કેવળજ્ઞાન પ્રગટ થયું. તેથી સદ્‌ગુરુની આજ્ઞા અસ્વચ્છંદ-પરિણામે જીવે આરાધવી એમ વારંવાર ભગવાને આગમમાં કહેલું છે.

---

## શિક્ષાપાઠ ૬૯. તૃષ્ણા, ભાગ–૧

આહાર ને ઊંઘ વધાર્યાં વધે છે અને ઘટાડ્યાં ઘટે છે, તેમજ તૃષ્ણા અને જન્મમરણ પણ વધાર્યાં વધે છે અને ઘટાડ્યાં ઘટે છે. જેને તૃષ્ણા વધારે તેનાં જન્મમરણ પણ વધારે અને જેણે તૃષ્ણા ઘટાડી, તેનાં જન્મમરણ ઘટે છે.

તૃષ્ણારૂપી કોઈ વિચિત્ર ખાડો છે કે જેમાં ગમે તેટલી ઉત્તમ વસ્તુઓ નાખી પૂરવા ધારો તોપણ તે પુરાય તેમ નથી.



કહ્યું છે કે કુબેર ભંડારી જો કોઈ માનવીને હીરા, માણેક, મોતી તથા ધન-ધાન્યથી ભરપૂર આખી પૃથ્વીનું દાન દે, તોપણ તેનાથી તેની તૃષ્ણા તૃપ્ત થાય તેમ નથી. કૈલાસ પર્વતના જેવડા લાંબા પહોળા અનેક પર્વતો જેટલા સોનાચાંદીના ઢગ તૃષ્ણારૂપી ખાડામાં નાખીએ તો પણ તે પુરાય નહીં; કેમકે જેમ આકાશ અનંત છે, તે પ્રમાણે તૃષ્ણા પણ અનંત વિસ્તારવાળી છે. તે તૃષ્ણારૂપી ખાડાને પૂરવાનો ઉપાય પણ વિચિત્ર છે; તેમાંથી જેમ જેમ ચીજો બહાર ફેંકતા જઈએ, તેમ તેમ તે ખાડો પુરાય છે એટલે સંતોષપૂર્વક ત્યાગથી તૃષ્ણા ટળે છે.

‘‘તૃષ્ણાવાળો નર નિત્ય ભિખારી; સંતોષવાળો જીવ સદા સુખી.’’ (‘શ્રીમદ્ રાજચંદ્ર’, ઉપદેશછાયા-૧૧, પૃષ્ઠ-૭૨૬)

‘‘મનુષ્યઅવતાર પામીને રળવામાં અને સ્ત્રીપુત્રમાં તદાકાર થઈ આત્મવિચાર કર્યો નહીં; પોતાના દોષ જોયા નહીં; આત્માને નિંદ્યો નહીં; તો તે મનુષ્યઅવતાર, રત્નચિંતામણિરૂપ દેહ, વૃથા જાય છે.’’ (‘શ્રીમદ્ રાજચંદ્ર’, ઉપદેશછાયા-૧૨, પૃષ્ઠ-૭૨૭)

‘‘ક્રોધ, માન, માયા, લોભ એ ખરેખરાં પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય. હજાર વર્ષ તપ કર્યું હોય; પણ એક બે ઘડી ક્રોધ કરે તો બધું તપ નિષ્ફળ જાય.

‘છ ખંડના ભોક્તા રાજ મૂકી ચાલી ગયા, અને હું આવા અલ્પ વ્યવહારમાં મોટાઈ અને અહંકાર કરી બેઠો છું’ એમ કેમ વિચારતો નથી?

આયુષનાં આટલાં વર્ષો ગયાં તોપણ લોભ કાંઈ ઘટ્યો નહીં; ને કાંઈ જ્ઞાન પ્રાપ્ત થયું નહીં; ગમે તેટલી તૃષ્ણા હોય પણ આયુષ પૂર્ણ થાય ત્યારે જરા પણ કામ આવે નહીં; ને તૃષ્ણા

કરી હોય તેથી કર્મ બંધાય. અમુક પરિગ્રહ મર્યાદા કરી હોય, જેમકે દશ હજાર રૂપિયાની તો સમતા આવે. આટલું મળ્યા પછી ધર્મધ્યાન કરીશું એવો વિચાર પણ રાખે તો નિયમમાં અવાય.

કોઈ ઉપર ક્રોધ કરવો નહીં. જેમ રાત્રિભોજન ત્યાગ કર્યું છે તેમ ક્રોધ, માન, માયા, લોભ, અસત્ય આદિ છોડવાને પ્રયત્ન કરી મોળાં પાડવાં. તે મોળાં પાડવાથી પરિણામે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. વિચાર કરે તો અનંતાં કર્મો મોળાં પડે; અને વિચાર ન કરે તો અનંતાં કર્મો ઉપાર્જન થાય.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૨, પૃષ્ઠ-૭૨૭)

''તૃષ્ણા જેમ બને તેમ પાતળી પાડવી. વિચાર કરી કરીને તૃષ્ણા ઓછી કરવી. આ દેહને પચાસ રૂપિયાનો ખર્ચ જોઈએ તેને બદલે હજારો લાખોની ચિંતા કરી તે અગ્નિએ આખો દિવસ બળ્યા કરે છે. બાહ્ય ઉપયોગ તૃષ્ણાની વૃદ્ધિ થવાનું નિમિત્ત છે. જીવ મોટાઈને લીધે તૃષ્ણા વધારે છે. તે મોટાઈ રાખીને મુક્તપણું થતું નથી. જેમ બને તેમ મોટાઈ, તૃષ્ણા પાતળાં પાડવાં. નિર્ધન કોણ? ધન માગે, ઇચ્છે તે નિર્ધન; જે ન માગે તે ધનવાન છે. જેને વિશેષ લક્ષ્મીની તૃષ્ણા તેની દુઃખધા, બળતરા છે, તેને જરા પણ સુખ નથી. લોક જાણે છે કે શ્રીમંત સુખી છે, પણ વસ્તુતઃ તેને રોમે રોમે બળતરા છે. માટે તૃષ્ણા ઘટાડવી.... તૃષ્ણા ઓછી કરવી, કારણ કે તે એકાંત દુઃખદાયી છે. જેમ ઉદય હશે તેમ બનશે; માટે તૃષ્ણા અવશ્ય ઓછી કરવી. અંતર્‌વૃત્તિને આવરણ છે માટે બાહ્ય પ્રસંગો જેમ બને તેમ ઓછા કરતા રહેવું.''('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૧, પૃષ્ઠ-૭૨૨-૭૨૩)

''બધા કરતાં હું જગતમાં મોટો થાઉં, એવી મોટાઈ મેળવવાની તૃષ્ણામાં, પાંચ ઇંદ્રિયોને વિષે લયલીન, મદ્ય પીધો



હોય તેની પેઠે, ઝાંઝવાના પાણીની માફક સંસારમાં જીવ ભમે છે; અને કુળ, ગામ, ગતિઓને વિષે મોહના નચાવવાથી નાચ્યા કરે છે!'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ઉપદેશછાયા-૧૨, પૃષ્ઠ-૭૨૮)

શ્રીમદ્ રાજચંદ્રને કોઈ મુમુક્ષુએ પ્રશ્ન કર્યો કે ''તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં'' એ કડીનો શું પરમાર્થ હશે? શ્રીમદે વિચાર કરીને કહ્યું કે ''તરણું એ તૃષ્ણા છે. તરણાંથી ડુંગર છવાઈ જાય છે, તેથી દેખાતો નથી; તેમ તૃષ્ણાથી આત્મા અવરાઈ ગયો છે, તેથી આત્માનું ઓળખાણ પડતું નથી.''

---

## શિક્ષાપાઠ ૭૦. તૃષ્ણા, ભાગ–૨

એક મુમુક્ષુએ શ્રીમદ્ રાજચંદ્રને પત્ર દ્વારા પ્રશ્ન પૂછેલો, તેના ઉત્તરરૂપે તેઓશ્રીએ પત્ર લખ્યો છે તે આ વિષયને લગતો હોવાથી તેમાંથી નીચેનો ઉતારો લીધો છે :–

''ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે. 'કંઈ પણ વૃત્તિ રોકતાં, તે કરતાં વિશેષ અભિમાન વર્તે છે', તેમ જ 'તૃષ્ણાના પ્રવાહમાં ચાલતાં તણાઈ જવાય છે, અને તેની ગતિ રોકવાનું સામર્થ્ય રહેતું નથી' ઇત્યાદિ વિગત .... વાંચી છે. હાલ લખવામાં ઉપયોગ વિશેષ રહી શકતો નથી, જેથી પત્રની પહોંચ પણ લખતાં રહી જાય છે. સંક્ષેપમાં તે પત્રોના ઉત્તર નીચે લખ્યા પરથી વિચારવા યોગ્ય છે.

વૃત્તિઆદિ સંક્ષેપ અભિમાનપૂર્વક થતો હોય તોપણ કરવો ઘટે. વિશેષતા એટલી કે તે અભિમાન પર નિરંતર ખેદ

રાખવો. તેમ બને તો ક્રમે કરીને વૃત્તિઆદિનો સંક્ષેપ થાય, અને તે સંબંધી અભિમાન પણ સંક્ષેપ થાય.

ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય. તે સત્ય છે, તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળાં ન પડે કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય, પણ કષાયાદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે; અને તે વિચારને વૈરાગ્ય (ભોગ પ્રત્યે અનાસક્તિ) તથા ઉપશમ (કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ) બે મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે.

સત્પુરુષના વચનના યથાર્થ ગ્રહણ વિના વિચાર ઘણું કરીને ઉદ્‌ભવ થતો નથી; અને સત્પુરુષના વચનનું યથાર્થ ગ્રહણ, સત્પુરુષની પ્રતીતિ એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની 'અનન્ય આશ્રયભક્તિ' પરિણામ પામ્યેથી, થાય છે. ઘણું કરી એકબીજાં કારણોને અન્યોન્યાશ્રય જેવું છે. ક્યાંક કોઈનું મુખ્યપણું છે, ક્યાંક કોઈનું મુખ્યપણું છે, તથાપિ એમ તો અનુભવમાં આવે છે કે ખરેખરો મુમુક્ષુ હોય તેને સત્પુરુષની 'આશ્રયભક્તિ' અહંભાવાદિ છેદવાને માટે અને અલ્પ કાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે.

ભોગમાં અનાસક્તિ થાય, તથા લૌકિક વિશેષતા



દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં આવે તો તૃષ્ણા નિર્બળ થતી જાય છે. લૌકિક માન આદિનું તુચ્છપણું સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે; અને તેથી તેની ઇચ્છા સહેજે મોળી પડી જાય, એમ યથાર્થ ભાસે છે. માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કંઈ અવશ્ય ઉપયોગ (કારણ) નથી, એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાં સુધી તૃષ્ણા નાના પ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઈ સારભૂતતા જ નથી, એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે, અથવા થયે તે પર વિશેષ ખેદ કરે, અને આજીવિકામાં ત્રુટતું યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે. એ આદિ પ્રકારે વર્તતાં તૃષ્ણાનો પરાભવ (ક્ષીણ) થવા યોગ્ય દેખાય છે......

જ્યાં સુધી ઓછી ઉપાધિવાળાં ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે જવું ન ઘટે કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.''

(ભાદરવા સુદ ૧૧, ગુરુ, સં.૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૦૬)

''સંસારમાં જિહ્વા ઇંદ્રિય અને કામને વશ થઈને જીવ, પોતાને ભૂલી, નરક-તિર્યંચ ગતિમાં લઈ જાય તેવાં મહા નિંદ્ય પરિણામ—પ્રવૃત્તિ કરે છે. સંસારમાં પરધનની વાંછા, પરસ્ત્રીની વાંછા અને ભોજનની લંપટતા જ પરિણામને મલિન

કરનાર છે; તેવી વાંછાનો ત્યાગ કરીને સંસારપરિભ્રમણથી આત્માને બચાવો. પરધનના ઇચ્છક અને જીવઘાતના કરનારા કોટિ તીર્થોમાં સ્નાન કરે, સર્વ તીર્થસ્થળોની યાત્રા કરે, કરોડો રૂપિયાનું દાન કરે, કરોડો વર્ષ સુધી તપ કરે, સર્વ શાસ્ત્રો ભણે, ભણાવે; તોપણ તેમની શુદ્ધિ કદાપિ થતી નથી. અભક્ષ્ય ભક્ષણ કરનારનાં અને અન્યાયથી પ્રાપ્ત થયેલા વિષયભોગ અને ધનને ભોગવનારનાં પરિણામ એવાં મલિન હોય છે કે કરોડો વાર ધર્મનો ઉપદેશ અને સર્વ સિદ્ધાંતોની વ્યાખ્યા ઘણાં વર્ષો સુધી સાંભળે તો પણ કદી હૃદયમાં તેનો પ્રવેશ થતો નથી. પચાસ વર્ષો સુધી શાસ્ત્ર-શ્રવણ કર્યું હોય તો પણ ધર્મના સ્વરૂપનું ભાન નથી એવા ઘણા આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ; એ બધું અન્યાયથી પ્રાપ્ત કરેલા ધનનું અને અભક્ષ્ય ભક્ષણનું તથા પરસ્ત્રીની અભિલાષાનું ફળ છે. તે બધાની તૃષ્ણા તજવા યોગ્ય છે.'' (સમાધિસોપાન—શૌચધર્મ)

---

## શિક્ષાપાઠ ૭૧. ફૂલણજી

(એક હતી મુસાફર ઘેલી રે, સુણજો સાહેલી—એ દેશી)

ફૂલણજી, તમે ફુલાવ્યા કેમ ફૂલ્યા રે ફૂલણજી;
આ ઊપજ-ખરચનો અડસટ્ટો કેમ ભૂલ્યા. મારા ફૂલણજી૦ળ૧

કરજ કરીને વરા ભલા તમે કીધા રે, ફૂલણજી;ળળળળ
આ ગરથ પરાયાં ખરચીને જશ લીધા. મારા૦ળળ૨

ઘર વેચીને ઘી-સાકર તો લીધાં રે, ફૂલણજી;ળળળળ
આ જમણ સરસ સામોવડિયાથી કીધાં. મારા૦ળળ૩



પીતાંબર પહેરીને પંગતમાં ફરિયા રે, ફૂલણજી;ળળળળ
મનમાં ફૂલ કરી મૂછે કર ધરિયા. મારા૦ળળળ૪

વળતો દિવસ થયો કે માગે નાણાં રે, ફૂલણજી;ળળળળ
આ નાણાંનાં કાંઈ ન મળે ઠેકાણાં. મારા૦ળળળ૫

આ ફૂલણજી ઉપર અરજી થઈ ત્યાંથી રે, ફૂલણજી;ળળળળ
આ જપત થઈ મિલકત કાઢ્યા ઘરમાંથી. મારા૦ળળળ૬

ફૂલણજી, તમને જેણે ફુલાવ્યા રે, ફૂલણજી;ળળળળ
આ તે તો કોઈ મદદ કરવા નહિ આવ્યા. મારા૦ળળળ૭

ફૂલણજી તો કૂવો શોધવા ચાલ્યા રે, ફૂલણજી;ળળળળ
આ ગરથ વિના તે અફીણ ન કોઈએ આલ્યાં. મારા૦ળળળ૮

જમતી વખત વખાણ ભલા જે કરતા રે, ફૂલણજી;ળળળળ
આ એ સહુ હાસ્ય કરે, નિંદા ઓચરતા. મારા૦ળળળ૯

એ અવસર તો અધિક વખાણી ચડાવ્યા રે, ફૂલણજી;ળળળળ
પણ આ અવસર તો બેવકૂફ બનાવ્યા. મારા૦ળ૧૦

પહેર્યાં પટકુળ ને બાંધ્યા ચંદરવા રે, ફૂલણજી;ળળળળ
આ ઘર બાળીને ચાલ્યા તીરથ કરવા. મારા૦ળ૧૧

ફૂલણજીની રાંડ રુએ મોં વાળી રે ફૂલણજી;ળળળળ
આ ફૂલણજી સિધાવ્યા ટેકો ટાળી. મારા૦ળ૧૨

ભોળાને નરસી શિખામણ દેશે રે ફૂલણજી;ળળળળ
તે નિસાસાનું પાપ ઘણું શિર લેશે. મારા૦ળ૧૩

દિલમાં દલપતની શિખામણ ધરજો રે, ફૂલણજી;ળળળળ
તો કરજ કરીને નાત-વરો નવ કરજો. મારા૦ળ૧૪

(કવિ દલપતરામ)

---

## શિક્ષાપાઠ ૭૨. પ્રમાદ

કેટલાક શબ્દો વ્યવહારમાં વપરાય છે, તેના તે જ શબ્દો પરમાર્થમાં અમુક રૂઢ શાસ્ત્રીય અર્થમાં વપરાય છે; તેથી શાસ્ત્ર વાંચતાં તે શબ્દ આવે ત્યારે આપણને લાગે કે આપણે આ શબ્દનો અર્થ જાણીએ છીએ. પરંતુ ગુરુગમે શાસ્ત્ર-અભ્યાસ થાય કે વિશેષ શાસ્ત્રોનો અભ્યાસ થાય ત્યારે તેનો જે ખાસ અર્થ હોય તે યથાર્થ સમજાય છે. 'પ્રમાદ' શબ્દ તેવા શબ્દોમાંનો એક છે. કર્મગ્રંથ નામના શાસ્ત્રોમાં પ્રમત્ત ગુણસ્થાને જે પ્રમાદ નામના કર્મનો ઉદય કહ્યો છે, તેને લઈને અપ્રમત્ત દશા ટકી શકતી નથી, એટલે સાતમે ગુણસ્થાનેથી મુનિ છઠ્ઠે પ્રમત્ત ગુણસ્થાનકે આવે છે; વળી જ્ઞાનીપુરુષના વચનના આધારે પુરુષાર્થ કરી મુનિ બે ઘડીમાં પાછા અપ્રમત્તદશા પ્રાપ્ત કરે છે અને આત્માનંદમાં લીન થાય છે. વળી પ્રમાદનો ઉદય થતાં છઠ્ઠે પ્રમત્ત ગુણસ્થાનકે આવી જાય છે. આમ હીંચકાની પેઠે છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે અનેક વખત તે કર્મનો અભાવ ન થાય ત્યાં સુધી મુનિ પુરુષાર્થ કર્યા કરે છે.

જેને આત્મજ્ઞાન થયું છે; નિરંતર આત્મધ્યાન ન રહેવા દે તેવા પ્રકારના સર્વસંગનો જેણે ત્યાગ કર્યો છે એટલે બાહ્ય ઉપાધિના ત્યાગ ઉપરાંત અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની નામના ક્રોધ, માન, માયા, લોભરૂપ શત્રુઓને જેમણે જીત્યા છે; અને બહુ નિર્બળ બનેલા એ ચાર શત્રુઓ સંજ્વલન કષાય નામે ઓળખાય છે, તેમનો તીવ્ર ઉદય હોય ત્યારે પ્રમાદવાળું છઠ્ઠું ગુણસ્થાનક હોય છે અને તે ઉદય મંદ પડે ત્યારે અપ્રમત્ત દશાનો આનંદ મુનિ ભોગવી શકે છે.



આ અર્થમાં વપરાયેલા પ્રમાદના પંદર ભેદ સામાન્ય પ્રકારે કર્મગ્રંથોમાં મળે છે. ચાર સંજ્વલન કષાય (ક્રોધ, માન, માયા, લોભ), ચાર વિકથા (સ્ત્રીકથા, રાજકથા, દેશકથા, ભોજનકથા), પાંચ ઇંદ્રિયોના વિષય (સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ), સ્નેહ અને નિદ્રા—આ પાંચ કે પંદર પ્રકારના પ્રમાદ-માંથી કોઈમાં વૃત્તિ જાય તો અપ્રમત્તદશા ટકી શકતી નથી.

મુનિની પેઠે પોતાની શક્તિ પ્રમાણે શ્રાવક પણ આત્મહિત અંશે સાધનાર છે, તેથી મુનિ જેવા બળવાન પુરુષાર્થીને નડે છે તેવો પ્રમાદ તેને પણ નડે છે, વધારે પ્રમાણમાં નડે છે. તેથી એ પાંચ કે પંદર પ્રકારની વૃત્તિઓ ગૃહસ્થ પણ ટાળે તો આત્મહિત ભણી વિશેષ વળી શકે એમ છે. આ વૃત્તિઓ આત્મભાન ભુલાવનાર છે, એવો લક્ષ દરેક આત્માર્થીએ અવશ્ય રાખવા યોગ્ય છે.

આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનારે પણ આ શત્રુઓથી બચતા રહેવાની જરૂર છે. દુર્લભ એવો મનુષ્યદેહ અમુક કાળ માટે જ મળેલો છે, અને તેટલા ટૂંકા કાળમાં મોક્ષનું સાધન કરી લેવું ઘટે છે; તેમાં વિઘ્ન કરનાર આ પ્રમાદ નામનો આત્મઘાતક શત્રુ છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં દ્રુમપત્ર નામનું અધ્યયન પ્રમાદ ન કરવા વિષે છે, તેમાં શ્રી મહાવીર ભગવાને મુમુક્ષુઓમાં ઉત્તમ શ્રી ગૌતમ ગણધરને એક સમયમાત્રનો પ્રમાદ આવા અવસરે ન કરવાનો ઉપદેશ કર્યો છે. બે ઘડી કરતાં વધારે જે ચાલુ ઊંઘતા નહીં તેમને આમ ચેતાવ્યા છે, તો આપણે માથે તો

ઘણાં કામ છે અને પ્રમાદનો પાર નથી; તો મોક્ષ મેળવવાનું કામ કેવી રીતે કરી શકીશું? એમ વિચારી ઉત્તમ મુનિવરોનાં દૃષ્ટાંત સ્મૃતિપટ પર તાજાં રાખી, પ્રમાદ તજી, આત્મહિતની દાઝ વધારવા યોગ્ય છે.

આળસુ માણસ તો સામાન્ય વ્યાવહારિક પ્રવૃત્તિ પણ તજી નિરુદ્યમી બને છે, પણ આત્મહિતનાં કામ કરવા માટે જેણે શરૂઆત કરી છે, તેને પ્રમાદ આત્મહિત ન થઈ શકે તેવી પ્રવૃત્તિમાં જોડે છે. સામાયિક કરવા ગયા હોય અને ગામની, દેશની, સ્ત્રીઓની કે જમણવારની વાતોમાં જીવ ચડી જાય તેનું કારણ આ પ્રમાદ છે. કષાય ઘટાડવા અર્થે પ્રતિક્રમણ આદિ ક્રિયા કરવાની છે, તેમાં માન, માયા કે ક્રોધાદિ દેખાવ દે તે પ્રમાદ છે; ત્યાં ઊંઘ આવે, સ્નેહ સાંભરી આવે કે રાગવૃદ્ધિનાં કારણો બને તે પણ પ્રમાદનું કામ છે. એ પ્રમાદ ધર્મક્રિયાને પલટાવી કર્મબંધમાં જીવને દોરે છે. માટે સાવધાન ન રહે, તો જીવ લૂંટાઈ જાય એમ છે. આળસ અને પ્રમાદ એ જીવના મોટા શત્રુ છે.

---

## શિક્ષાપાઠ ૭૩. વિવેક

'પ્રમાદ' શબ્દની પેઠે 'વિવેક' શબ્દ વ્યવહારમાં વપરાય છે. કોઈ અતિથિ આદિની આગતા-સ્વાગતામાં કુશળ હોય, બીજાનું મન સાચવીને વર્તતો હોય તો લોકો તેને વિવેકી કહે છે; એટલે વ્યવહારકુશળતાના અર્થમાં 'વિવેક' મોટે ભાગે વપરાય છે. સારા-ખોટાને પારખવામાં પણ વિવેક શબ્દ વપરાય છે; વિવેચનના અર્થમાં પણ



ક્વચિત્ વપરાય છે; જેમકે "એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે." યત્નાપૂર્વક આચરણને પણ કેટલાક વિવેક કહે છેઃ જેમકે—

"ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુઃખ-રોગ."

(બૃહદ્ આલોચના)

પરંતુ પરમાર્થ ભાષા કે અધ્યાત્મ શાસ્ત્રોમાં વિવેકનો અર્થ આત્મા સંબંધી ઓળખાણ કે દેહાદિથી ભિન્ન પોતાનું સ્વરૂપ સમજવું એવો થાય છે. બીજી રીતે વિવેકને ભેદજ્ઞાન પણ કહેવાય છે, સમ્યક્‌જ્ઞાન પણ કહેવાય છે.

"नित्यमात्मस्वरूपं हि दृश्यं तद्विपरीतगम् ।
एवं यो निश्चयः सम्यग्विवेको वस्तुनः स वै ।।"

(શંકરાચાર્ય-અપરોક્ષાનુભૂતિ)

**ભાવાર્થ**—આત્માનું સ્વરૂપ અવિનાશી છે, તેમજ દૃશ્ય બધું તેથી વિપરીત એટલે નાશવંત છે; એવો યથાર્થ નિશ્ચય તેને નિત્યાનિત્ય વસ્તુનો વિવેક કહે છે.

મહાત્મા ગાંધીજીએ ડરબનથી શ્રીમદ્ રાજચંદ્ર ઉપર લખેલા પત્રના ઉત્તરમાં શ્રીમદ્ લખે છે, તેમાં વિવેકજ્ઞાન અને તેના ઉપાય તથા સાવધાની વિષે સુંદર લખ્યું છે તે જાણવા યોગ્ય છે :

"સુજ્ઞ ભાઈ શ્રી મોહનલાલ પ્રત્યે, શ્રી ડરબન.

પત્ર ૧ મળ્યું છે. જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ

વાત પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે. જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે.

'આત્મા છે', 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્મનો કર્ત્તા છે', 'આત્મા કર્મનો ભોક્તા છે', 'તેથી તે નિવૃત્ત થઈ શકે છે', અને 'નિવૃત્ત થઈ શકવાનાં સાધન છે', એ છ કારણો જેને વિચારે કરીને સિદ્ધ થાય, તેને 'વિવેકજ્ઞાન' અથવા 'સમ્યક્દર્શન'ની પ્રાપ્તિ ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે, જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષ કરી અભ્યાસ કરવા યોગ્ય છે.

પૂર્વના કોઈ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે; અથવા સત્સંગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.

અનિત્ય પદાર્થ પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને અવ્યાબાધ સમાધિસુખ ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મુઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમ કે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પ કાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચાર-દશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના



પરિણામમાં નિત્ય શાશ્વત સુખસ્વરૂપ એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઇચ્છા તમને વર્તે છે, એમ જાણી ઘણો સંતોષ થયો છે. તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઇચ્છો છો તેથી સંસારક્લેશથી નિવર્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે, એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે. એ જ વિનંતિ.

આ૦ સ્વ૦ પ્રણામ.''

(મુંબઈ, ફાગણ વદ ૫, શનિ, ૧૯૫૧, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૫૭૦)

''છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;
મૂળ મારગ સાંભળો જિનનો રે.
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ; મૂ૦''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૧૫)

---

## શિક્ષાપાઠ ૭૪. જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ?

પાંચ ઇંદ્રિયોના વિષયો પ્રત્યે જીવને અનાદિકાળથી આસક્તિ છે, તેને લઈને ભોગો ભોગવતી વખતે ઇષ્ટ-અનિષ્ટપણું કે રાગદ્વેષ કરી જીવ કર્મ બાંધે છે, તે કર્મ ભોગવવા બીજો દેહ કર્માનુસાર ધારણ કરવો પડે છે, તે

દેહમાં વળી ઇંદ્રિયોની પ્રાપ્તિ થાય છે; તે ઇંદ્રિયોના વિષયો પ્રત્યે ફરી રાગદ્વેષ કરી ફરી કર્મો બાંધે છે; તેના ફળરૂપે વળી બીજા બીજા દેહ ધારણ કરવા પડે છે. આમ સંસારચક્રમાં જીવ ભમ્યા કરે છે.

પાંચ ઇંદ્રિયો અને મનની મદદ વિના જ્ઞાન થઈ શકે, કે ઇંદ્રિયસુખ વા મનોકલ્પિત સુખ કરતાં બીજી જાતનું સુખ હોઈ શકે એવી શ્રદ્ધા પણ આ યુગમાં થવી એ દુર્ઘટ થઈ પડ્યું છે. બાહ્ય પદાર્થોમાં જીવોનું મન એટલું બધું ગૂંચાયેલું રહે છે, અને ખાસ કરીને ધન-ઉપાર્જન અર્થે જીવો એટલા બધા વ્યાકુળ રહે છે કે પરલોક સંબંધી, આત્મા સંબંધી કે સમાધિ-સુખ સંબંધી મહાપુરુષોએ કરેલા પુરુષાર્થ તરફ દૃષ્ટિ દેવાનો તેમને અવકાશ જ મળતો નથી.

“ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. બાહ્ય દૃષ્ટિથી જ્યાં સુધી ઉજ્જ્વળ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં દર્શન દે છે ત્યાં સુધી, તે કથનની સિદ્ધતા ક્વચિત્ દુર્લભ છે; તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતાં એ કથનનું પ્રમાણ કેવળ સુલભ છે, એ નિઃસંશય છે.

એક નાનામાં નાના જંતુથી કરીને એક મદોન્મત્ત હાથી સુધીનાં સઘળાં પ્રાણીઓ, માનવીઓ અને દેવદાનવીઓ એ સઘળાંની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં છે. એથી કરીને તેઓ તેના ઉદ્યોગમાં ગૂંથાયાં રહે છે; પરંતુ વિવેકબુદ્ધિના ઉદય વિના તેમાં તેઓ વિભ્રમ પામે છે. તેઓ સંસારમાં નાના પ્રકારનાં સુખનો આરોપ કરે છે. અતિ



અવલોકનથી એમ સિદ્ધ છે કે તે આરોપ વૃથા છે. એ આરોપને અનારોપ કરવાવાળાં વિરલાં માનવીઓ વિવેકના પ્રકાશ વડે અદ્ભુત પણ અન્ય વિષય પ્રાપ્ત કરવા કહેતાં આવ્યાં છે. જે સુખ ભયવાળાં છે તે સુખ નથી પણ દુઃખ છે. જે વસ્તુ પ્રાપ્ત કરવામાં મહા તાપ છે, જે વસ્તુ ભોગવવામાં એથી પણ વિશેષ તાપ રહ્યા છે; તેમ જ પરિણામે મહા તાપ, અનંત શોક, અને અનંત ભય છે; તે વસ્તુનું સુખ તે માત્ર નામનું સુખ છે; વા નથી જ. આમ હોવાથી તેની અનુરક્તતા વિવેકીઓ કરતા નથી. સંસારના પ્રત્યેક સુખ વડે વિરાજિત રાજેશ્વર છતાં પણ, સત્ય તત્ત્વજ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવાથી, તેનો ત્યાગ કરીને યોગમાં પરમાનંદ માની સત્ય મનોવીરતાથી અન્ય પામર આત્માઓને ભર્તૃહરિ ઉપદેશે છે કે :—

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं,
माने दैन्यभयं बले रिपुभयं रूपे तरुण्या भयं,
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतांताद्भयं,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयं.

**ભાવાર્થ** :—ભોગમાં રોગનો ભય છે; કુળને પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે; ગુણમાં ખળનો ભય છે; અને કાયા પર કાળનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર એક વૈરાગ્ય જ અભય છે!!!......

..... એમાં આખા તત્ત્વજ્ઞાનનું દોહન કરવા એમણે સકળ તત્ત્વવેત્તાઓનાં સિદ્ધાંત-રહસ્યરૂપ અને સ્વાનુભવી-સંસારશોકનું

તાદૃશ ચિત્ર આપ્યું છે. એણે જે જે વસ્તુઓ પર ભયની છાયા પ્રદૃશ્ય કરી તે તે વસ્તુ સંસારમાં મુખ્ય સુખરૂપે મનાઈ છે. સંસારનું સર્વોત્તમ સાહિત્ય જે ભોગ તે તો રોગનું ધામ ઠર્યું; મનુષ્ય ઊંચ કુળથી સુખ માને તેવું છે ત્યાં પડતીનો ભય દેખાડ્યો; સંસારચક્રમાં વ્યવહારનો ઠાઠ ચલાવવાને દંડરૂપ લક્ષ્મી તે રાજા ઇત્યાદિકના ભયથી ભરેલી છે. કોઈ પણ કૃત્ય કરી યશકીર્તિથી માન પામવું કે માનવું એવી સંસારના પામર જીવોની અભિલાષા છે તો ત્યાં મહા દીનતા ને કંગાલિયતનો ભય છે; બળ-પરાક્રમથી પણ એવા જ પ્રકારની ઉત્કૃષ્ટતા પામવી એમ ચાહવું રહ્યું છે તો ત્યાં શત્રુનો ભય રહ્યો છે; રૂપ-કાંતિ એ ભોગીને મોહિનીરૂપ છે તો ત્યાં તેને ધારણ કરનારી સ્ત્રીઓ નિરંતર ભયવાળી જ છે; અનેક પ્રકારે ગૂંથી કાઢેલી શાસ્ત્રજાળ તેમાં વિવાદનો ભય રહ્યો છે; કોઈ પણ સાંસારિક સુખનો ગુણ પ્રાપ્ત કરવાથી જે આનંદ લેખાય છે, તે ખળ મનુષ્યની નિંદાને લીધે ભયાન્વિત છે; જેમાં અનંત પ્રિયતા રહી છે એવી કાયા તે એક સમયે કાળરૂપ સિંહના મુખમાં પડવાના ભયથી ભરી છે. આમ સંસારનાં મનોહર પણ ચપળ સાહિત્યો ભયથી ભર્યાં છે. વિવેકથી વિચારતાં જ્યાં ભય છે ત્યાં કેવળ શોક જ છે; જ્યાં શોક હોય ત્યાં સુખનો અભાવ છે; અને જ્યાં સુખનો અભાવ રહ્યો છે, ત્યાં તિરસ્કાર કરવો યથોચિત છે.....

વ્યાસ, વાલ્મીકિ, શંકર, ગૌતમ, પતંજલિ, કપિલ અને યુવરાજ શુદ્ધોદને પોતાના પ્રવચનમાં માર્મિક રીતે અને સામાન્ય રીતે જે ઉપદેશ્યું છે, તેનું રહસ્ય નીચેના શબ્દોમાં કંઈક આવી જાય છે.



“અહો લોકો! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો! ઉપયોગ કરો!!”

એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માન્ય રાખવા યોગ્ય સર્વજ્ઞ મહાવીરનાં વચન સર્વ સ્થળે એ જ છે કે, સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમજ દુઃખપ્રદ છે. અહો! ભવ્ય લોકો! એમાં મધુરી મોહિની ન આણતાં એથી નિવૃત્ત થાઓ! નિવૃત્ત થાઓ!!” ('શ્રીમદ્ રાજચંદ્ર', ભાવનાબોધ)

---

## શિક્ષાપાઠ ૭૫. મહાવીરપુત્ર શાસનકુમાર અને શાસનદેવી, ભાગ–૧

“શાસનકુમાર—મહાદેવી! સાન્નિધ્ય કરો!

શાસનદેવી—કેમ વત્સ! સાન્નિધ્યનું શું પ્રયોજન છે?

શાસનકુમાર—દેવી! આ આવાસ હવે તદ્દન જીર્ણ થઈ ગયો છે; એ પડ્યો કે પડશે એમ થઈ રહ્યું છે. સમારકામથી હવે એ નભે એમ લાગતું નથી. દેવી! એ ઉપર તો ઘણાં સમારકામ થઈ ચૂક્યાં છે. થાગડ-થીગડથી તો એ આવાસ ભરાઈ ગયો છે. એ થાગડ-થીગડ હવે જોયાં જાતાં નથી. એકાદ પવનનો ઝપાટો લાગશે, તો એને જમીનદોસ્ત થતાં વાર નહીં લાગે. ભીંતો લૂણો ખાઈ ખરી પડવા માંડી છે. ચોમેરથી, ઉપરથી ધૂળ, કચરો, પાણી વરસે છે. આમ મારે રહેવા યોગ્ય આ આવાસ હવે રહ્યો નથી. અધિષ્ઠાયિકે! હવે તો નવી ઇમારતની જરૂર છે. હવે તો મારાથી આ ઘરમાં રહી

શકાય એમ નથી. દેવી! મારાં માતાપિતા, ભ્રાતાભગિનીઓ, અપુનરાવર્ત ગતિ પામ્યાં છે; મને નિરાધાર મૂકી ચાલ્યાં ગયાં છે. દેવી! મારું રક્ષણ કરો, નહીં તો મારું આવી બન્યું છે. પછી અન્ય માતાપિતાને ઉદરે જન્મ પામું ત્યારે ખરો!

વળી પવિત્ર દેવી! આ મારું અંગરખું કેવળ જીર્ણ થઈ ગયું છે. જુદા જુદા દરજીઓએ દયા લાવી વારંવાર થાગડ-થીગડ કરી એને નભાવ્યું. હવે તો સાવ જરી જવા માંડ્યું છે. દેવી! હવે તો મને નવું બંધબેસતું લૂગડું સીવી કે સિવડાવી આપ. મારાં માતાપિતા તો પૂર્વે કહ્યું તેમ મને અત્રે આ કાળે ત્યજી સ્વધામ પધારી ગયાં છે. મારાં ભાઈભાંડુઓએ પણ એ વાટ લીધી છે. તે વિરહના શોકે મારો આ દેહ કૃશ થઈ કેવળ હાડપિંજર, હાડકાંનો માળો થઈ ગયેલ છે. લોહીમાંસ કેવળ શોષાઈ ગયાં છે. એક તો અંગવસ્ત્ર જીર્ણ થઈ ગયું છે, અને આ દેહ હાડપિંજર છે. એટલે હવે મારાથી તાપ-ટાઢ સહન થઈ શકતાં નથી. માટે શાસનદેવી! નવાં વસ્ત્રવડે મારી સંભાળ લે, નહીં તો હવે પ્રાણ નહીં ટકે. વળી નવાં માતપિતાના ઉદરે જન્મ પામું ત્યારે ખરો!

વળી અધિષ્ઠાયિકે! મારે ક્યે રસ્તે જવું? દેવી! આગલો કેડો ક્યાં ગયો? અહો! આ વાટે તો બધે બાવળ, બોરડીઓ આદિ કાંટાવાળાં ઝાડ ઊગી નીકળ્યાં છે! દેવી! આ આગલો રસ્તો ન હોય; અથવા એ એ જ રસ્તો હોય તો આ કાંટાળાં ઝાડ ક્યાંથી? દેવી! હું પૂર્વે મારાં પવિત્ર માતાપિતા તથા ભાઈ-ભાંડુઓની આંગળીએ વળગી કલ્લોલ કરતો જે શેઢે



જતો, તે શેઢો ક્યાં ગયો? પવિત્ર દેવી! એ મને બતાવો ને! હું હવે બહુ મૂંઝાઉં છું. આગળ પગ મૂકું કે ભય દઈને શૂળો પગમાં ભોંકાઈ જાય એમ છે. દેવી! કાં તો આગલો માર્ગ બતાવો અથવા નવો માર્ગ કરી આપો. ગમે તેમ કરી મને સામે પુર પહોંચાડો, નહીં તો હું અહીં જ મૂંઝાઈ મરીશ. વળી નવાં માતાપિતાના ઉદરે જન્મ લઉં ત્યારે ખરો! દેવી! મારી સંભાળ લો! મને રસ્તો બતાવો! મારું હૃદય ચિરાઈ જાય છે.

શાસનદેવી—વત્સ! તારી સ્થિતિનો શોચ કરતી હું બેઠી હતી. બાપુ! શાંત થા! શાંત થા! તારો આ દયામણો પોકાર સાંભળી મને વિશેષ શોચ થાય છે. વત્સ! માતાપિતા અને ભાઈભાંડુ બધાંનાં અમર રહેજો! પોતાના બાળ પુત્ર કે બાળ ભાંડુને નિરાધાર મૂકી સ્વધામ સિધાવશો મા!

વત્સ! તારું ઘર પડી જવાની અણી ઉપર છે; તારો ડગલો સાવ જરી ગયો છે; સામે પુર જવાનો કેડો શૂળો અને કાંટાળા ઝાડીવાળા રસ્તા સાથે મળી એક થઈ ગયો છે. વત્સ! આ મને ક્યારનુંયે સૂઝ્યું હતું. તેથી મારાથી બનતાં સમારકામ, થાગડ-થીગડ અને રક્ષકો વડે એ બધાંને યથાશક્તિ સંભાળી રાખ્યાં હતાં. પણ જ્યાં કાળને જ પોષાતું નથી, ત્યાં શું ઉપાય? માટે તું શાંત રહે, થાય તે જો અને ઉદય આવે તે સમતાએ ભોગવ. તારે નવાં માતાપિતાના ઉદરે જન્મવું પડશે, એ તારાં સ્વધામ ગયેલાં માતાપિતા અગાઉથી જ કહી ગયાં છે. તારી વર્તમાન સ્થિતિ જોઈ તને એ ભય લાગ્યો, પણ તારો એ ભય ખરો છે.

છતાં, બાપુ! તારું આયુષ્ય હજી બહુ બાકી છે. તારા પવિત્ર જનકને સ્વધામ પધાર્યાં માત્ર ૨૫૦૦ વરસ થયાં છે. તારે હજી ૧૮૫૦૦ વરસ જીવવાનું છે. તું ગભરાય છે કેમ? તું શાંત રહે! શાંત રહે! અદેખા કાળથી તારો વૈભવ, તારી જાહોજલાલી દેખી ખમી શકાતાં નથી; એટલે તને એ સુખે રહેવા નહીં દે. પણ તું શાંત રહે! શાંત રહે!

વત્સ! તારી વાટ વસમી થઈ પડી છે, એ ખરું છે. તારા પિતાની હયાતીમાં એ વાટ વહેતી હતી. ત્યાર પછી પણ કેટલાંક વરસ સુધી તારાં ભાઈભાંડુઓ એ વાટે હારદોર દોડ્યાં જતાં હતાં. તું પણ તેઓની આંગળીએ વળગી કલ્લોલ કરતો જતો હતો. આ બધું મને નજરે તરી આવે છે.

વત્સ! એ દિવસો નજરે આવતાં મારું હૈયું ભરાઈ આવે છે. તે દિવસો પછી તારાં ભાઈભાંડુઓએ છૂટાંછવાયાં આવવા માંડ્યું. પ્રથમ તો થોડા થોડા વખતના અંતરે પણ કોઈ કોઈનો પગ-સંચાર એ વાટે થતો; પણ પછી એ પગ-સંચારનો આંતરો ક્રમે કરી બહુ વધતો ગયો. વત્સ! તે આંતરામાં આ કાંટા ઊગી નીકળ્યા છે; વાટ દેખાતી બંધ થઈ છે; માર્ગ રોધાઈ ગયો છે; વાટ વસમી થઈ પડી છે!

વત્સ! મારું હૃદય દ્રવે છે, મને અશ્રુ આવે છે. ‘‘શું પ્રાચીન પૂર્વજ સંભારું? નયણે આંસુ આવે વીર!’’ વાટ વસમી થઈ પડ્યા પછી તારા કોઈ કોઈ ભાઈઓ આ દેશમાં ઘસડાઈ આવ્યા; તેઓ પણ તારી પેઠે તારા પિતાને સંભારી સંભારી રડતા હતા. બધાનાં કરુણાભર્યાં વચનો સુણી મારું હૃદય ચિરાઈ જતું હતું.



કોઈ ‘પંથડો નિહાળું રે’ પોકારતા હતા. કોઈ ‘મારગ કોણ બતાવે રે?’ કહી ઉદ્‌ગાર કાઢતા હતા. કોઈ ‘દર્શન તરસિયે, તરસિયે’ પોકારતા હતા. કોઈ વાટમાં પડેલા ‘‘ઘાતિ ડુંગરો’’ને રડતા હતા. કોઈનો રસ્તો ‘‘સેંગૂ કોઈ ન સાથ’’ એમ કરી વિકટ થઈ પડ્યો હતો. કોઈ ‘‘પિયા પિયા, પ્રીતમ પ્રીતમ’’ કહી પોકારતા હતા. કોઈ કોઈ તો અન્ય દેશે વિહરતા પોતાના પિતાના સહોદરને ઉચ્ચ સ્વરે પોકારી પોકારી બોલાવતા હતા. કોઈ તો વળી ‘‘સુણો ચંદાજી’’ કહી છેવટ ચંદ્રમા સાથે સંદેશો મોકલતા હતા. આમ બધા માર્ગ માટે ઘેલા થઈ, વિહ્વળ થઈ ફરતા હતા; જાણે રણ-રોઝ પેઠે વિચરતા હતા. કોઈ કોઈ તો આ ક્ષેત્રની વાતો પરક્ષેત્રના પિતાને ‘‘શ્રી સીમંધર સાહેબ સુણજો ભરતક્ષેત્રની વાતો રે’’ એમ કહી સંભળાવતા હતા. કોઈ ‘‘સાંભળિયે અરદાસ રે, ચંદ્રાનન જિન’’ એમ પોકાર કરી ગયા. આમ એ બધા છૂટા-છવાયા આવી, તારી પેઠે કરુણાર્દ્ર પોકાર કરતા હતા.

---

## શિક્ષાપાઠ ૭૬. મહાવીરપુત્ર શાસનકુમાર અને શાસનદેવી, ભાગ–૨

‘‘શાસનદેવી—તારા તે ભાઈઓના પોકાર સાંભળી મને કરુણા છૂટતી હતી. મારા ધર્મ પ્રમાણે તેઓના હૃદયમાં વસી હું તેઓને સ્થિર કરતી હતી, શાંતિ-ધીરજ આપતી હતી અને તેઓ બધા તારી જ પેઠે હવે નવાં માતાપિતાને ઉદરે જન્મ લઈ તેઓ સંગાથે સ્વધામ પહોંચીશું, એ જ આશાએ આનંદ-પુરુષાર્થ-જાગૃતિપૂર્વક જીવન ગાળતા હતા.

"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;૭૭
૭૭એ જન જીવે રે જિનજી, જાણજો રે, આનંદઘન મતિ અંબ."

આમ તારા બધા ભાઈઓ નિરાશ ન થતાં, નવાં માતા-પિતાના ઉદરે જન્મ લઈ સ્વધામ પહોંચવાની આશાએ સ્થિરતા, શાંતિ, ધીરજ, પ્રેમ અને પુરુષાર્થપૂર્વક જાગતા બેઠા હતા.

વત્સ! તું પણ ધીરજ રાખ. તારે તો હજી લાંબો વખત જીવવાનું છે. પછી તારે પણ નવો જન્મ લેવો પડશે.

હમણાં જ તારો એક ભ્રાતા થઈ ગયો છે તે વધારે જીવવા પામ્યો હોત, તો તને બહુ મોટાં શાંતિ અને વિશ્રામનું સ્થાન મળત; પણ નિર્દય, અદેખો કાળ તારું સુખ ક્યાં દેખી શકે છે? તેણે તારા એ ભ્રાતાને ઊગતો જ ઝડપી લીધો. કોણ જાણે કેવા સંજોગોએ આ અદેખા કાળમાં આ વસમી વાટે એ તારો ભ્રાતા-પુરુષ આ ક્ષેત્રે આવી ચડ્યો? એ પણ તારા બીજા ભાઈઓની પેઠે પોકારી પોકારી રડતો હતો. વત્સ! સાંભળ તો ખરો! એ પ્રથમ તારા પવિત્ર પિતા 'જ્ઞાતપુત્ર મહાવીર'ને અને પછી મને ઉદ્દેશી આમ પોકારી ગયો છે. હે વત્સ! એ આર્દ્ર પોકારે મારું હૃદય ભેદી નાખ્યું. જો! એનો પોકાર તો તું સાંભળ :—

"હે જ્ઞાતપુત્ર ભગવાન! કાળની બલિહારી છે. આ ભારતના હીનપુણ્યી મનુષ્યોને તારું સત્ય, અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય? થવામાં આવાં વિઘ્નો ઉત્પન્ન થયાં; તારાં બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં, કેટલાંક સમૂળગાં ખંડ્યાં. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એ જે



તારી પ્રતિમા તેથી કટાક્ષદૃષ્ટિએ લાખોગમે મનુષ્યો વળ્યાં; તારા પછી પરંપરાએ જે આચાર્ય પુરુષો થયા તેના વચનમાં અને તારાં વચનમાં પણ શંકા નાખી દીધી. એકાંત દઈ કૂટી તારું શાસન નિંદાવ્યું.

શાસનદેવી! એવી સહાયતા કંઈ આપ કે જે વડે કલ્યાણનો માર્ગ હું બીજાને બોધી શકું, દર્શાવી શકું,—ખરા પુરુષો દર્શાવી શકે. સર્વોત્તમ નિર્ગ્રંથપ્રવચનના બોધ ભણી વાળી આ આત્મવિરાધક પંથોથી પાછા ખેંચવામાં સહાયતા આપ!! તારો ધર્મ છે કે સમાધિ અને બોધિમાં સહાયતા આપવી."

આ વચનો સાંભળી મેં એના ચિત્તમાં વસી એને શાંતિ-ધૈર્ય આપ્યાં. એ ખરેખર! તારા કોઈ અનન્ય સહોદરરૂપ હતો. તે તારા યોગ્ય નવું ઘર, નવું અંગવસ્ત્ર અને વાટ મૂકી ગયો છે. વત્સ! તું હવે ધીરજથી એ આવાસ, અંગવસ્ત્ર અને વાટનો આશ્રય લે. તારા યોગ્ય એ નૂતન મહાલય છે; તારા યોગ્ય, તને બંધબેસતું, તારું ટાઢ-તાપથી રક્ષણ કરે એવું એ નવું અંગવસ્ત્ર છે; અને વત્સ! સામા પુર જવાને કાંટા વિનાનો સાફ કરેલો એ ટૂંક રસ્તો છે.

વત્સ! તું હવે નિરાશ થઈશ નહીં. એ અદેખો કાળ જખ મારે છે. હવે તું આનંદ પામ! તારાં બાકીનાં વરસો એવાં એવાં મહાલયાદિના આશ્રયમાં આનંદપૂર્વક તું નિર્ગમન કર.

વત્સ! એ મહાલયાદિ તે તારા અનન્ય સહોદરની 'આત્મસિદ્ધિ' છે. એ 'આત્મસિદ્ધિ' આત્મસિદ્ધિનું જ કારણ છે. વત્સ! તને અને તારા ભાવિ બંધુઓને એ વિશ્રામ અને

સ્થિરતાનું અપ્રતિમ સ્થાન છે, માર્ગદર્શક અમોઘ સાધન છે. એમાં એ તારો ભ્રાતા પ્રકાશે છે :—

''વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.''

વત્સ! હવે હું અંતર્ધાન થઈશ. તું મુઝાઈશ નહીં. હું સદા જાગતી બેઠી છું. તારા ભાઈઓને ધીરજ-શાંતિ આપું છું. વત્સ! સુખી રહો! આનંદ કરો!

આ સંવાદ સાંભળી હું મારા વિચારભુવનમાંથી ઊઠ્યો. તે જેમ મેં સાંભળ્યો, તેમ અત્રે મૂક્યો છે. એમાં ગુપ્ત પરમાર્થ રહેલો છે. એમાં વર્તમાનકાળની શાસનની સ્થિતિનું દર્શન થઈ જાય છે, માર્ગની ઝાંખી થાય છે, માર્ગનું ચિત્ર આલેખાઈ જાય છે. એ ચિત્ર ધારી ધારી જોવા, વિચારવા યોગ્ય હોવાથી એનું વિશેષ વિવેચન આ ધવલપત્ર પર યથાવકાશ મૂકવા યોગ્ય છે. ૐ શાંતિઃ''

(મનસુખભાઈ કિરતચંદ મહેતા—શ્રીમદ્ રાજચંદ્રની જીવનરેખા)

---

## શિક્ષાપાઠ ૭૭. અશુચિ કોને કહેવી?

''आत्मा नदी संयमतोय पूर्णा, सत्यावहा शीलतटादयोर्मिः ।
तत्राभिषेकं कुरु पाण्डुपुत्र, न वारिणा शुध्यति चान्तरात्मा ॥''

(महाभारत—शांतिपर्व)

**ભાવાર્થ:—**સંયમરૂપી પાણીથી ભરેલી, સત્યને ધારણ કરનારી, શીલરૂપી કાંઠાવાળી, તથા દયારૂપી મોજાંવાળી એવી આત્મારૂપી નદીમાં, હે પાંડુપુત્ર! તું અભિષેક કર. કેમકે કેવળ પાણીથી કંઈ અંતરાત્મા શુદ્ધ થતો નથી.



બાર ભાવનામાં છઠ્ઠી અશુચિભાવના છે. સર્વ અશુચિ વસ્તુઓમાં વધારે અશુચિરૂપ તથા અશુચિથી ઉત્પન્ન થયેલ અને અશુચિ ઉત્પન્ન કરનાર એક આ શરીર છે; સર્વાંગે તે અશુચિરૂપ છે, પાણી વડે તે અશુચિપણું ટળે તેમ નથી. મળનો બનાવેલો ઘડો મળથી ભરેલો હોય, કાણાંવાળો હોય, ચારે તરફથી મળ ઝરતો હોય, તેને પાણીથી ધોઈએ તોપણ પવિત્ર શી રીતે થાય? કપૂર, ચંદન, પુષ્પ, તીર્થનું પાણી, ગંગાજલ વગેરે દેહને અડતાં જ દુર્ગંધવાળાં થઈ જાય છે, તેવો દેહ કપૂર, ગંગાજલાદિથી કેવી રીતે પવિત્ર થાય? જેટલી જગતમાં અપવિત્ર વસ્તુઓ છે તે સર્વ દેહના એક એક અવયવના સ્પર્શથી થયેલી છે; મળ, મૂત્ર, હાડકાં, ચામડાં, રસ, રુધિર, માંસ, વીર્ય, નસો, કેશ, નખ, કફ, લાળ, લીંટ, દાંત કે જીભની છારી, ચીપડાં, કાનનો મેલ, પરસેવો વગેરેના સ્પર્શ માત્રથી વસ્તુઓ અપવિત્ર થાય છે. બેઇંદ્રિય આદિથી પંચેન્દ્રિય પર્યંતનાં પ્રાણીના દેહના સંબંધ વગર જગતમાં અપવિત્રતા જ ક્યાંથી થાય? દેહને પવિત્ર કરવાને ત્રણ લોકમાં કોઈ પદાર્થ નથી. કોયલાને જેમ જેમ જળથી ધોઈએ તેમ તેમ કાળાશ જ નીકળે, ધોળો થાય નહીં, તેમ આ દેહનો સ્વભાવ જાણો. દેહને પવિત્ર માનવો એ મિથ્યાદર્શન છે.

ધન આદિ પરિગ્રહ, પાંચ ઇંદ્રિયોના વિષયો, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ આદિ અમૂર્તિક એવા આત્માના સ્વભાવને મલિન કરે છે, આત્માને અધમ કરે છે, નિંદ્ય કરે છે, દુર્ગતિમાં લઈ જાય છે. તેથી કામ, ક્રોધ, રાગ આદિ છોડી આત્માને પવિત્ર કરો. દેહ પવિત્ર નહીં થાય.

ધન, સંપત્તિ છે તે આત્માને કામ, ક્રોધ, લોભ, મદ, કપટ, મમતા, વૈર, કલહ, મહા આરંભ, હિંસા, મોહ, ઈર્ષા, અતૃપ્તિ આદિ હજારો દોષ ઉત્પન્ન કરાવનાર છે. આ લોક અને પરલોક સંબંધી સમસ્ત દોષો, આર્ત, ચિંતા, દુર્ધ્યાન અને મહાભય ઉપજાવનાર એક ધન છે; એવો નિર્ણય કરી વારંવાર ચિંતવન કરો. પાંચ ઇંદ્રિયોના વિષયો આત્માને ભુલાવનાર અને મહા નિંદ્ય કર્મો કરાવનાર છે. જગતમાં જે ન કરવા યોગ્ય નિંદ્ય કર્મો તેને ઇંદ્રિયોના વિષયોની વાંછા કરાવે છે. દેહનો સ્નેહ તે માંસ, ચરબી ને હાડમય મહા દુર્ગંધવાળા સડેલા શબ ઉપરનો રાગ છે, તે મહામલિન ભાવનું કારણ છે.

પવિત્રપણું બે પ્રકારે ગણાય છે; એક લૌકિક અને બીજું લોકોત્તર. કર્મરૂપી મલિનતા ધોઈ નાખી શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર થવું તે લોકોત્તર શૌચ—પવિત્રપણું છે. એનું કારણ રત્નત્રય ભાવ છે, રત્નત્રય ધારક, પરમ સમતા ભાવમાં રહેલા સાધુ-સંતના સમાગમથી પણ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.

> ‘‘એક ઘડી, આધી ઘડી, આધીમેં પુનિ આધ;
> તુલસી સંગત સાધુકી, હરે કોટિ અપરાધ.’’

લૌકિક શુચિ આઠ પ્રકારની છેઃ (૧) કાલ-શુચિ, અમુક કાળ વ્યતીત થયે લોકમાં પવિત્રતા મનાય છે. (૨) અગ્નિ-સંસ્કાર કે તપાવવાથી પવિત્રતા મનાય છે. (૩) પવનથી પવિત્ર થયેલું મનાય છે. (૪) ભસ્મથી માંજવાથી પવિત્ર મનાય છે. (૫) માટીથી માંજવાથી પવિત્ર મનાય છે. (૬) પાણી વડે ધોવાથી પવિત્ર મનાય છે. (૭) કોઈને છાણ વડે લીંપવાથી પવિત્ર મનાય છે. (૮) કોઈ જ્ઞાનથી ગ્લાનિ દૂર થતાં પવિત્ર મનાય છે. એમ લૌકિક જન મનમાં પવિત્રતાનો સંકલ્પ કરે છે. પરંતુ શરીરને શુચિ કરવાને કોઈ સમર્થ નથી.



આ પ્રકારે શરીરનું અપવિત્રપણું ચિંતવવાથી શરીરની શોભા વધારવામાં, રૂપ આદિકમાં અનુરાગ હોય તે દૂર થાય છે, વીતરાગતા માટે પુરુષાર્થ થાય છે. આ દેહ તો ઉત્તમ ક્ષમાદિ ધર્મને ધારણ કરનાર એક રત્નત્રયરૂપ આત્માનો સંબંધ પામીને દેવોને પણ વંદન કરવા યોગ્ય પવિત્ર બને છે.

---

## શિક્ષાપાઠ ૭૮. સામાન્ય નિત્યનિયમ

શ્રીમદ્ રાજચંદ્રે સોળ વર્ષ પહેલાંની નાની ઉંમરે ‘‘પુષ્પમાળા’’ નામે ૧૦૮ બોલ લખ્યા છે, તે રોજ લક્ષમાં લેવા યોગ્ય છે. તેમાંથી થોડા ‘સામાન્ય નિત્યનિયમ’ રૂપે નીચે આપ્યા છે :—

‘‘રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો.

વ્યતીત રાત્રિ અને ગઈ જિંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ.

સફળ થયેલા વખતને માટે આનંદ માનો, અને આજનો દિવસ પણ સફળ કરો. નિષ્ફળ થયેલા દિવસને માટે પશ્ચાત્તાપ કરી નિષ્ફળતા વિસ્મૃત કરો.

અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ :—

(૧) ૧ પ્રહર — ભક્તિકર્ત્તવ્ય.
(૨) ૧ પ્રહર — ધર્મકર્ત્તવ્ય.
(૩) ૧ પ્રહર — આહારપ્રયોજન.
(૪) ૧ પ્રહર — વિદ્યાપ્રયોજન.
(૫) ૨ પ્રહર — નિદ્રા.
(૬) ૨ પ્રહર — સંસારપ્રયોજન.
૮ પ્રહર

તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

ગમે તેટલો પરતંત્ર હો તોપણ મનથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.

શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.

જો તું સમજણો બાલક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર;—દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.



ગઈ કાલે કોઈ કૃત્ય અપૂર્ણ રહ્યું હોય તો પૂર્ણ કરવાનો સુવિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

આજે કોઈ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તો પણ ભિક્ષાચારી માન્ય કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

ભાગ્યશાલી હો તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાલી કરજે, પરંતુ દુર્ભાગ્યશાલી હો તો અન્યનું બૂરું કરતાં રોકાઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષદૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

અનુચર હો તો પ્રિયમાં પ્રિય એવા શરીરના નિભાવનાર તારા અધિરાજની નિમકહલાલી ઇચ્છી આજના દિવસમાં પ્રવેશ કરજે.

દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.

દુઃખી હો તો (આજની) આજીવિકા જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.

ધર્મકરણીનો અવશ્ય વખત મેળવી આજની વ્યવહાર-સિદ્ધિમાં તું પ્રવેશ કરજે.

કદાપિ પ્રથમ પ્રવેશે અનુકૂળતા ન હોય તો પણ રોજ

જતા દિવસનું સ્વરૂપ વિચારી આજે ગમે ત્યારે પણ તે પવિત્ર વસ્તુનું મનન કરજે.

આહાર, વિહાર, નિહાર એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે.

તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.

એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચક્રિયાયુક્ત થઈ ભગવદ્‌ભક્તિમાં લીન થઈ ક્ષમાપના યાચ.

ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મકર્ત્તવ્ય અને વિદ્યાસંપત્તિમાં ગ્રાહ્ય કરજે.

પવિત્રતાનું મૂળ સદાચાર છે.

વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે 'હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું' એમ આજે વિચારજે.

આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિપરાયણ થજે, કે સત્‌શાસ્ત્રનો લાભ લઈ લેજે.

હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તો પણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્‌પ્રતિજ્ઞા માની આજના દિવસમાં વર્તજે.



સાયંકાળ થયા પછી વિશેષ શાંતિ લેજે.

આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય :

(૧) આરોગ્યતા. (૨) મહત્તા. (૩) પવિત્રતા. (૪) ફરજ.

જો આજે તારાથી કોઈ મહાન કામ થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.

દિવસ સંબંધી કૃત્યનો ગણિતભાવ હવે જોઈ જા.

સવારે સ્મૃતિ આપી છે છતાં કંઈ અયોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.

કંઈ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માન, નિરાભિમાની રહે.

જાણતાં અજાણતાં પણ વિપરીત થયું હોય તો હવે તે માટે અટકજે.

વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.

આજ જે પળે તું મારી કથા મનન કરે છે, તે જ તારું આયુષ્ય સમજી સદ્‌વૃત્તિમાં દોરાજે.

જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્ની સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે.

આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનું તે મૂળ છે, એ જ્ઞાનીઓનું અનુભવસિદ્ધ વચન છે.

આજે કેટલા સત્પુરુષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું? એ ચિંતવન વિરલા પુરુષો કરે છે.

સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા

સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

સત્‌શીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.

આ સઘળાંનો સહેલો ઉપાાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

લાંબી, ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે. વિશેષ શું કહું?'' ('શ્રીમદ્ રાજચંદ્ર', પુષ્પમાળા ક્રમાંક-૨)

---

## શિક્ષાપાઠ ૭૯. વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે

रत्तो बंधदि कम्मं मुंचदि जीवो विरागसंपत्तो ।
एसो जिणोवदेसो तह्मा कम्मेसु मा रज्ज ॥१६०॥

(श्री कुंदकुंदाचार्य—समयसार)

**અર્થઃ—** રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પામેલો જીવ મુક્ત થાય છે; આ જિન ભગવાનનો ઉપદેશ છે. તેથી કર્મોમાં તું રાગ ન કર, મીઠાશ ન માન.

રાગથી કર્મબંધ અને સંસાર છે અને વૈરાગ્ય કે વીતરાગતાથી કર્મની નિર્જરા અને મોક્ષ થાય છે. મોક્ષના ઉપાયરૂપ ધર્મ છે; તે વૈરાગ્યમય જ હોવો ઘટે છે.

मंगलमय मंगलकरण वीतराग, विज्ञान ।
नमौं ताहि जातें भये अरिहंतादि महान ॥

(श्री टोडरमलजी)



**ભાવાર્થઃ—** વીતરાગ અથવા વૈરાગ્ય અને વિજ્ઞાન અથવા સમ્યક્‌જ્ઞાન એ બે ગુણો મોક્ષરૂપ અને મોક્ષના ઉપાયરૂપ છે; તેના પ્રતાપે સર્વ કર્મશત્રુઓને હણનાર અરિહંતાદિ મહાપુરુષો થયા છે; તેથી તે બન્ને ગુણોને નમસ્કાર હો!

યથાર્થ ધર્મ તો વૈરાગ્યથી ભરપૂર હોય છે, પણ એવા ધર્મો જગતમાં જવલ્લે જ જોવામાં આવે છે. આ કળિકાળના પ્રભાવે બાહ્ય આડંબરની વૃદ્ધિ ધર્મમાં પણ થતી જાય છે. જ્યાં જ્ઞાનમાર્ગ ઉપર જીવોનો લક્ષ હોતો નથી, ત્યાં માત્ર ક્રિયાની ધામધૂમ વધતી જોવામાં આવે છે.

ભક્તિને નામે ગાન-તાન, વાજાં, હાર્મોનિયમ, રાસ, નાટક, અબીલગુલાલ, કેસૂડાં, પિચકારી, રાજભોગ, મિષ્ટાન્ન, મેવા, મીઠાઈમાં અઢળક ખર્ચ ભક્ત જીવો કરે છે અને વૈકુંઠ કે મોક્ષની આશા રાખે છે, પણ 'જેનો નાયક આંધળો તેનું કટક કૂપમાં પડે' તેમ અજ્ઞાનને ધર્મનો વેષ પહેરાવે તોપણ તે અજ્ઞાન જ રહે છે. લોઢાનાં ઘરેણાં નકશીદાર બનાવે તોપણ તે સોનાનાં થાય નહીં; તેમ યથાર્થ સમજ વિના ભક્તિ તે સંસારફળને આપનાર બને છે.

''કેટલાક જીવો મોહગર્ભિત વૈરાગ્યથી અને કેટલાક દુઃખગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લે છે. 'દીક્ષા લેવાથી સારા સારા નગરે, ગામે ફરવાનું થશે. દીક્ષા લીધા પછી સારા સારા પદાર્થો ખાવાને મળશે, ઉઘાડા પગે તડકે ચાલવું પડશે તેટલી મુશ્કેલી છે, પણ તેમ તો સાધારણ ખેડૂતો કે પાટીદારો પણ તડકામાં કે ઉઘાડા પગે ચાલે છે, તો તેની પેરે સહજ થઈ રહેશે; પણ બીજી રીતે દુઃખ નથી અને કલ્યાણ થશે.' આવી

ભાવનાથી દીક્ષા લેવાનો જે વૈરાગ્ય થાય તે 'મોહગર્ભિત વૈરાગ્ય'.

પૂનમને દહાડે ઘણા લોકો ડાકોર જાય છે, પણ કોઈ એમ વિચારતું નથી કે આથી આપણું કલ્યાણ શું થાય છે? પૂનમને દહાડે રણછોડજીનાં દર્શન કરવા બાપદાદા જતા તે જોઈ છોકરાં જાય છે, પણ તેનો હેતુ વિચારતાં નથી. આ પ્રકાર પણ મોહગર્ભિત વૈરાગ્યનો છે.

જે સાંસારિક દુઃખથી સંસારત્યાગ કરે છે તે દુઃખગર્ભિત વૈરાગ્ય સમજવો.

જ્યાં જાઓ ત્યાં કલ્યાણની વૃદ્ધિ થાય તેવી દૃઢ મતિ કરવી, કુળગચ્છનો આગ્રહ મુકાવો એ જ સત્સંગનું માહાત્મ્ય સાંભળવાનું પ્રમાણ છે. ધર્મના મતમતાંતરાદિ મોટા મોટા અનંતાનુબંધી પર્વતની ફાટની માફક મળે જ નહીં. કદાગ્રહ કરવો નહીં, ને કદાગ્રહ કરતા હોય તેને ધીરજથી સમજાવીને મુકાવવા ત્યારે સમજ્યાનું ફળ છે.......જ્યાં જ્યાં દુરાગ્રહ હોય ત્યાં ત્યાંથી છૂટવું; 'એને મારે જોઈતાં નથી' એ જ સમજવાનું છે. (ઉપદેશછાયા-૪, પૃષ્ઠ-૬૯૫) 'સ્વભાવમાં રહેવું, વિભાવથી મુકાવું' એ જ મુખ્ય તો સમજવાનું છે.'' (ઉપદેશછાયા-૫, પૃષ્ઠ-૬૯૫)

''ગમે તે કોઈ મરી ગયું હોય તેનો જો વિચાર કરે તો તે વૈરાગ્ય છે.... બાપ પોતે પચાસ વર્ષનો હોય, અને તેનો છોકરો વીશ વર્ષનો મરી જાય તો તે બાપ તેની પાસેના જે દાગીના હોય તે કાઢી લે છે! પુત્રના દેહાંતક્ષણે જે વૈરાગ્ય હતો તે સ્મશાનવૈરાગ્ય હતો.... જ્યાં જ્યાં 'આ મારાં ભાઈભાંડું' વગેરે ભાવના છે, ત્યાં ત્યાં કર્મબંધનો હેતુ છે. આ જ રીતે સાધુ પણ



ચેલા પ્રત્યે રાખે, તો આચાર્યપણું નાશ પામે. નિર્દંભપણું, નિરહંકારપણું કરે તો આત્માનું કલ્યાણ જ થાય.''(ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૦, ૭૦૧)

''મુમુક્ષુઓએ જાગૃત જાગૃત થઈ વૈરાગ્ય વધારવો જોઈએ. સત્પુરુષનું એક પણ વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે, અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે. સત્સંગ-સમાગમની જરૂર છે. બાકી સત્પુરુષ તો જેમ એક વટેમાર્ગુ બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે, તેમ બતાવી ચાલ્યા જાય છે. ગુરુપદ ધરાવવા કે શિષ્યો કરવા માટે સત્પુરુષની ઇચ્છા નથી. સત્પુરુષ વગર એક પણ આગ્રહ, કદાગ્રહ મટતો નથી. દુરાગ્રહ મટ્યો તેને આત્માનું ભાન થાય છે. સત્પુરુષના પ્રતાપે જ દોષ ઘટે છે. ભ્રાન્તિ જાય તો તરત સમ્યક્ત્વ થાય.''(ઉપદેશછાયા-૯, પૃષ્ઠ-૭૧૧)

''હજારો વર્ષના સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાન(મહાવીર)નો હતો. જ્યાં જ્યાં ભગવાન વર્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્તે છે. તેઓની વાણી ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થહેતુથી નીકળે છે, અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થે જ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. તે પુરુષના ગુણગ્રામ કરતાં અનંતી નિર્જરા છે. જ્ઞાનીની વાત અગમ્ય છે.......એ ભગવાનની અનંત કૃપા છે. તેને પચીસસો વર્ષ થયાં છતાં તેમનાં દયા આદિ હાલ વર્તે છે. એ તેમનો અનંતો ઉપકાર છે. જ્ઞાની આડંબર દેખાડવા અર્થે વ્યવહાર કરતા નથી. તેઓ સહજસ્વભાવે ઉદાસીનપણે વર્તે છે.''( ઉપદેશછાયા-૧૩, પૃષ્ઠ-૭૩૦)

---

## શિક્ષાપાઠ ૮૦. ધર્મ વિષે

(કવિત)

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું;
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું ! ૧

મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાને,
જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી;
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સકલ સિદ્ધાંતથી;
મહા મોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
અજન્મતા આણવાને, વળી ભલી ભાતથી;
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મ ધારણાને ધારો, ખરેખરી ખાંતથી. ૨

દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
શશી વિના જેવી રીતે, શર્વરી સુહાય છે;
પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ વિહીન જેવી, સરિતાની શોભા અને,
ભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;



વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે. ૩

ચતુરો ચોંપેથી ચાહી ચિંતામણિ ચિત્ત ગણે,
પંડિતો પ્રમાણે છે પારસમણિ પ્રેમથી;
કવિઓ કલ્યાણકારી કલ્પતરુ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;
આત્મના ઉદ્ધારને ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી;
વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી,
''ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન વે'મથી.'' ૪

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪)

---

## શિક્ષાપાઠ ૮૧. ધર્મના મતભેદ, ભાગ–૧

''યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે.
ધન્ય રે દિવસ આ અહો.''

('શ્રીમદ્ રાજચંદ્ર', હાથનોંધ-૧/૩૨)

સર્વ જીવોને પૃથ્વી જેમ આધારભૂત છે, તેમ ધર્મનો આધાર શાંતિ છે એમ જ્ઞાની પુરુષોએ કહ્યું છે.

''સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ;
જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૦૭)

સંસારનો ક્લેશ શમાવવા સદ્ધર્મ એ ઉત્તમ સાધન છે, પરંતુ ધર્મને નામે ક્લેશ કરનાર જીવોને જગતના કયા

ભાગમાંથી શાંતિ મળશે? એ ઊંડા ઊતરી વારંવાર વિચારવા યોગ્ય છે. વિચારવાન જીવોને સંસારનાં દુઃખ કરતાં ધર્મક્લેશો વિશેષ દૂભવે છે. મહાત્મા ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્ર સંબંધી વ્યાખ્યાન આપતાં જણાવે છેઃ—

“સામાન્ય વસ્તુમાં કોઈને નકામા ન દૂભવીએ, દયા-ધર્મનું નામ લઈ બીજાને નાની વાતમાં પણ ટોકવા ન બેસી જઈએ, એ દયાધર્મનું સરસમાં સરસ માપ રાયચંદભાઈએ મૂકી દીધું છે.....

નાની નાની બાબતોમાં જે દયાધર્મને બહાને મતભેદ રાખ્યા કરે, આત્મનાદની વાતો કરવા બેસે, તેને હું કહું છું કે, આત્માનો નાદ છે જ નહીં, અથવા તો પશુની જેમ તેનો આત્મા સૂતેલો છે. મનુષ્યોમાં ઘણોખરો તો આત્મા ઊંઘતો જ હોય છે. મનુષ્યમાં અને પશુમાં ભેદ એટલો છે કે મનુષ્યનો આત્મા પૂરેપૂરો જાગી શકે છે. જો આપણે નવાણું પ્રસંગોમાં દુનિયા સાથે ચાલતા હોઈએ, તો એક પ્રસંગમાં તેને કહી શકીએ કે આ તમે ઠીક નથી કરતા. જન્મ્યો ત્યારથી દુનિયા સાથે જે વેર બાંધીને બેસે છે તે પ્રેમ બતાવી કેમ શકે?

ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રી(શ્રીમદ્ રાજચંદ્ર)એ શીખવ્યો છે. એ ધર્મનું તેમની પાસેથી મેં કૂંડાં ભરીને પાન કર્યું છે.

તેઓ ઘણી વાર કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું, પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે, તેની



બરછી સહન થઈ શકતી નથી. અત્યાચારોથી ઊકળી રહેલા તેમને ઊકળી જતા મેં ઘણી વાર જોયા છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું. આપણા ભાઈ કે બહેનને મરતાં જોઈને જે ક્લેશ આપણને થાય છે, તેટલો ક્લેશ તેમને જગતમાં દુઃખને, મરણને જોઈને થતો. કોઈ કહે, તેઓ તેમને પાપે દુઃખ પામતા હોય. પણ તેમને પાપ કરવું શું કામ પડ્યું? જ્યારે પુણ્યને સરળ માર્ગ મળતો નથી, પણ મોટી ખીણો ને પર્વતો ઓળંગવા પડે છે ત્યારે આપણે તેને કળિકાળ કહીએ છીએ. તે વખતે જગતમાં બહુ પુણ્ય જોવામાં આવતું નથી. ઠેકાણે ઠેકાણે પાપ દેખાય છે. પાપ, પુણ્યને નામે ચાલ્યાં કરે છે. તેવી સ્થિતિમાં દયાધર્મનું પાલન કરવા ઇચ્છીએ તો આપણો આત્મા ક્લેશથી ઊભરાઈ જવો જોઈએ. એમ લાગવું જોઈએ કે આવી સ્થિતિમાં જીવવું તે કરતાં દેહ જર્જરિત થઈ જાય, પડી જાય તે વધારે સારું.

રાયચંદભાઈનો દેહ એટલી નાની ઉંમરે પડી ગયો તેનું કારણ મને એ જ લાગે છે. તેમને દરદ હતું એ ખરું, પણ જગતના તાપનું જે દરદ તેમને હતું તે અસહ્ય હતું. પેલું શારીરિક દરદ જો એકલું હોત તો જરૂર તેઓ તેને જીતી શક્યા હોત. પણ તેમને થયું કે આવા વિષમ કાળમાં આત્મદર્શન કેમ થઈ શકે? દયાધર્મની એ નિશાની છે.”

“હાલના વખતમાં મનુષ્યોનું કેટલુંક આયુષ્ય બાળપણામાં જાય, કેટલુંક સ્ત્રી પાસે જાય, કેટલુંક નિદ્રામાં જાય, કેટલુંક ધંધામાં જાય, અને સહેજ રહે તે કુગુરુ લૂંટી લે. એટલે મનુષ્યભવ નિરર્થક ચાલ્યો જાય.” (ઉપદેશછાયા-૧, પૃષ્ઠ-૬૮૪)

"અજ્ઞાની ગુરુઓએ લોકોને અવળે માર્ગે ચઢાવી દીધા છે. અવળું ઝલાવી દીધું છે, એટલે લોકો ગચ્છ, કુળ આદિ લૌકિક ભાવમાં તદાકાર થઈ ગયા છે. અજ્ઞાનીઓએ લોકોને સાવ અવળો જ માર્ગ સમજાવી દીધો છે. તેઓના સંગથી આ કાળમાં અંધકાર થઈ ગયો છે. અમારી કહેલી દરેકે દરેક વાત સંભારી સંભારી પુરુષાર્થ વિશેષપણે કરવો. ગચ્છાદિના કદાગ્રહો મૂકી દેવા જોઈએ. જીવ અનાદિકાળથી રખડ્યો છે. સમકિત થાય તો સહેજે સમાધિ થાય; અને પરિણામે કલ્યાણ થાય. જીવ સત્પુરુષના આશ્રયે જો આજ્ઞાદિ ખરેખર આરાધે, તેના ઉપર પ્રતીત આણે, તો ઉપકાર થાય જ."

"સાચા પુરુષનો બોધ પ્રાપ્ત થવો તે અમૃત પ્રાપ્ત થવા બરોબર છે. અજ્ઞાની ગુરુઓએ બિચારા મનુષ્યોને લૂંટી લીધા છે. કોઈ જીવને ગચ્છનો આગ્રહ કરાવી, કોઈને મતનો આગ્રહ કરાવી, ન તરાય એવાં આલંબનો દઈને સાવ લૂંટી લઈ મૂંઝવી નાંખ્યા છે; મનુષ્યપણું લૂંટી લીધું છે."

(ઉપદેશછાયા-૧૧, પૃષ્ઠ-૭૨૨)

"તીર્થંકરનો માર્ગ સાચો છે. દ્રવ્યમાં બદામ સરખી પણ રાખવાની આજ્ઞા નથી. વૈષ્ણવના કુળધર્મનાં કુગુરુઓ આરંભ પરિગ્રહ મૂક્યા વગર લોકો પાસેથી લક્ષ્મી ગ્રહણ કરે છે; અને તે રૂપી વેપાર થઈ પડ્યો છે. તે પોતે અગ્નિમાં બળે છે, તો તેનાથી બીજાની અગ્નિ શી રીતે શાંત થાય? જૈનમાર્ગનો પરમાર્થ સાચા ગુરુથી સમજવાનો છે. જે ગુરુને સ્વાર્થ હોય તે પોતાનું અકલ્યાણ કરે; ને શિષ્યોનું પણ અકલ્યાણ થાય."....

"સાચો માર્ગ એક જ છે; માટે આગ્રહ રાખવો નહીં. ફલાણો ઢૂંઢિયો છે, ફલાણો તપ્પો છે, એવી કલ્પના રાખવી નહીં. દયા, સત્ય આદિ સદાચરણ મુક્તિના રસ્તા છે. માટે સદાચરણ સેવવાં." (ઉપદેશછાયા-૧૩, પૃષ્ઠ-૭૩૧, ૭૨૯)



---

## શિક્ષાપાઠ ૮૨. ધર્મના મતભેદ, ભાગ–૨

આ યુગમાં ધર્મ-પરિસ્થિતિ કેવી છે અને મતમતાંતર ઊભા થવાનાં કેવાં કારણો ઘટે છે તે વિષે સુંદર સમાલોચના શ્રીમદ્ રાજચંદ્રે અઢાર-વીશ વર્ષની વયે લખી છે તે આ પ્રમાણે છે :–

"વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, અને જિતેંદ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.

અનંત જન્મમરણ કરી ચૂકેલા આ આત્માની કરુણા તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે અને તે જ કર્મમુક્ત થવાનો જિજ્ઞાસુ કહી શકાય છે. તે જ પુરુષ યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂપે સમજી મુક્ત થવાના પુરુષાર્થમાં યોજાય છે.

જે આત્મા મુક્ત થયા છે તે આત્મા કંઈ સ્વચ્છંદવર્તનાથી મુક્ત થયા નથી, પણ આપ્ત પુરુષે બોધેલા માર્ગના પ્રબળ અવલંબનથી મુક્ત થયા છે.

અનાદિકાળના મહાશત્રુરૂપ રાગ, દ્વેષ અને મોહના બંધનમાં તે પોતા સંબંધી વિચાર કરી શક્યો નથી. મનુષ્યત્વ, આર્ય દેશ, ઉત્તમ કુળ, શારીરિક સંપત્તિ એ અપેક્ષિત સાધન છે, અને અંતરંગ સાધન માત્ર મુક્ત થવાની સાચી જિજ્ઞાસા એ છે.

એમ જો સુલભબોધિપણાની યોગ્યતા આત્મામાં આવી હોય તો તે, જે પુરુષો મુક્ત થયા છે અથવા વર્તમાનમાં મુક્તપણે કે આત્મજ્ઞાનદશાએ વિચરે છે તેમણે ઉપદેશેલા માર્ગમાં નિઃસંદેહપણે શ્રદ્ધાશીલ થાય.

રાગ, દ્વેષ અને મોહ એ જેનામાં નથી તે પુરુષ તે ત્રણ દોષથી રહિત માર્ગ ઉપદેશી શકે, અને તે જ પદ્ધતિએ નિઃસંદેહપણે પ્રવર્તનારા સત્પુરુષો કાં તે માર્ગ ઉપદેશી શકે.

સર્વ દર્શનની શૈલીનો વિચાર કરતાં એ રાગ, દ્વેષ અને મોહરહિત પુરુષનું બોધેલું નિર્ગ્રંથદર્શન વિશેષ માનવા યોગ્ય છે.

એ ત્રણ દોષથી રહિત, મહાઅતિશયથી પ્રતાપી એવા તીર્થંકરદેવ તેણે મોક્ષના કારણરૂપે જે ધર્મ બોધ્યો છે, તે ધર્મ ગમે તે મનુષ્યો સ્વીકારતાં હોય, પણ તે એક પદ્ધતિએ હોવાં જોઈએ, આ વાત નિઃશંક છે.

અનેક પદ્ધતિએ અનેક મનુષ્યો તે ધર્મનું પ્રતિપાદન કરતાં હોય અને તે મનુષ્યોને પરસ્પર મતભેદનું કારણ થતું હોય, તો તેમાં તીર્થંકર દેવની એક પદ્ધતિને દોષ નથી; પણ તે મનુષ્યોની સમજણ શક્તિનો દોષ ગણી શકાય.

એ રીતે નિર્ગ્રંથધર્મપ્રવર્તક અમે છીએ, એમ જુદા જુદા મનુષ્યો કહેતા હોય, તો તેમાંથી તે મનુષ્ય પ્રમાણાબાધિત ગણી શકાય કે જે વીતરાગ દેવની આજ્ઞાના સદ્ભાવે પ્રરૂપક અને પ્રવર્તક હોય.

આ કાળ દુઃસમ નામથી પ્રખ્યાત છે. દુઃસમકાળ એટલે જે કાળમાં મનુષ્યો મહાદુઃખ વડે આયુષ્ય પૂર્ણ કરતાં હોય, તેમ



જ ધર્મારાધનારૂપ પદાર્થો પ્રાપ્ત કરવામાં દુઃસમતા એટલે મહાવિઘ્નો આવતાં હોય, તેને કહેવામાં આવે છે.

અત્યારે વીતરાગ દેવને નામે જૈન દર્શનમાં એટલા બધા મત ચાલે છે કે તે મત, તે મતરૂપ છે, પણ સત્‌રૂપ જ્યાં સુધી વીતરાગ દેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તતા ન હોય ત્યાં સુધી કહી શકાય નહીં.

એ મતપ્રવર્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છે : (૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની પ્રાધાન્યતા ઘટાડી હોય. (૨) પરસ્પર બે આચાર્યોને વાદ-વિવાદ. (૩) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્તન થઈ જવું. (૪) ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તોપણ તે દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો. (૫) મતિની ન્યૂનતા. (૬) જેના પર રાગ, તેના છંદમાં પ્રવર્તન કરનારાં ઘણાં મનુષ્યો. (૭) દુઃસમ કાળ અને (૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું.

એટલા બધા મતો સંબંધી સમાધાન થઈ નિઃશંકપણે વીતરાગની આજ્ઞારૂપે માર્ગ પ્રવર્તે એમ થાય તો મહાકલ્યાણ, પણ તેવો સંભવ ઓછો છે; મોક્ષની જિજ્ઞાસા જેને છે તેની પ્રવર્તના તો તે જ માર્ગમાં હોય છે; પણ લોક કે ઓઘદૃષ્ટિએ પ્રવર્તનારા પુરુષો, તેમ જ પૂર્વના દુર્ઘટ કર્મના ઉદયને લીધે મતની શ્રદ્ધામાં પડેલાં મનુષ્યો તે માર્ગનો વિચાર કરી શકે, કે બોધ લઈ શકે એમ તેના કેટલાક દુર્લભબોધી ગુરુઓ કરવા દે, અને મતભેદ ટળી પરમાત્માની આજ્ઞાનું સમ્યક્‌દશાથી આરાધન કરતાં તે મતવાદીઓને જોઈએ, એ બહુ અસંભવિત

છે. સર્વને સરખી બુદ્ધિ આવી જઈ, સંશોધન થઈ, વીતરાગની આજ્ઞારૂપ માર્ગનું પ્રતિપાદન થાય એ સર્વથા જોકે બને તેવું નથી; તોપણ સુલભબોધી આત્માઓ અવશ્ય તે માટે પ્રયત્ન કર્યા રહે, તો પરિણામ શ્રેષ્ઠ આવે, એ વાત મને સંભવિત લાગે છે.

દુઃસમ કાળના પ્રતાપે, જે લોકો વિદ્યાનો બોધ લઈ શક્યા છે તેમને ધર્મતત્ત્વ પર મૂળથી શ્રદ્ધા જણાતી નથી. જેને કંઈ સરળતાને લીધે હોય છે, તેને તે વિષયની કંઈ ગતાગમ જણાતી નથી; ગતાગમવાળો કોઈ નીકળે તો તેને તે વસ્તુની વૃદ્ધિમાં વિઘ્ન કરનારા નીકળે, પણ સહાયક ન થાય, એવી આજની કાળચર્યા છે. એમ કેળવણી પામેલાને ધર્મની દુર્લભતા થઈ પડી છે.

કેળવણી વગરના લોકોમાં સ્વાભાવિક એક આ ગુણ રહ્યો છે કે આપણા બાપદાદા જે ધર્મને સ્વીકારતા આવ્યા છે, તે ધર્મમાં જ આપણે પ્રવર્તવું જોઈએ, અને તે જ મત સત્ય હોવો જોઈએ; તેમ જ આપણા ગુરુનાં વચન પર જ આપણે વિશ્વાસ રાખવો જોઈએ, પછી તે ગુરુ ગમે તો શાસ્ત્રનાં નામ પણ જાણતા ન હોય, પણ તે જ મહાજ્ઞાની છે એમ માની પ્રવર્તવું જોઈએ. તેમ જ આપણે જે માનીએ છીએ તે જ વીતરાગનો બોધેલો ધર્મ છે, બાકી જૈન નામે પ્રવર્તે છે તે મત સઘળા અસત્ છે. આમ તેમની સમજણ હોવાથી તેઓ બિચારા તે જ મતમાં મચ્યા રહે છે. એનો પણ અપેક્ષાથી જોતાં દોષ નથી.''

---



## શિક્ષાપાઠ ૮૩. ધર્મના મતભેદ, ભાગ—૩

``જે જે મત જૈનમાં પડેલા છે તેમાં જૈન સંબંધી જ ઘણે ભાગે ક્રિયાઓ હોય એ માન્ય વાત છે. તે પ્રમાણે પ્રવૃત્તિ જોઈ જે મતમાં પોતે દીક્ષિત થયા હોય, તે મતમાં જ દીક્ષિત પુરુષોનું મચ્યા રહેવું થાય છે. દીક્ષિતમાં પણ ભદ્રિકતાને લીધે કાં તો દીક્ષા, કાં તો ભિક્ષા માગ્યા જેવી સ્થિતિથી મૂંઝાઈને પ્રાપ્ત થયેલી દીક્ષા, કાં તો સ્મશાનવૈરાગ્યમાં લેવાઈ ગયેલી દીક્ષા હોય છે. શિક્ષાની સાપેક્ષ સ્ફુરણાથી પ્રાપ્ત થયેલી દીક્ષાવાળો પુરુષ તમે વિરલ જ દેખશો, અને દેખશો તો તે મતથી કંટાળી વીતરાગ દેવની આજ્ઞામાં રાચવા વધારે તત્પર હશે.

શિક્ષાની સાપેક્ષ સ્ફુરણા જેને થઈ છે, તે સિવાયના બીજા જેટલા મનુષ્યો દીક્ષિત કે ગૃહસ્થ રહ્યા તેટલા બધા જે મતમાં પોતે પડ્યા હોય તેમાં જ રાગી હોય; તેઓને વિચારની પ્રેરણા કરનાર કોઈ ન મળે. પોતાના મત સંબંધી નાના પ્રકારના યોજી રાખેલા વિકલ્પો (ગમે તો પછી તેમાં યથાર્થ પ્રમાણ હો કે ન હો,) સમજાવી દઈ ગુરુઓ પોતાના પંજામાં રાખી તેમને પ્રવર્તાવી રહ્યા છે.

તેમ જ ત્યાગી ગુરુઓ સિવાયના પરાણે થઈ પડેલા મહાવીર દેવના માર્ગરક્ષક તરીકે ગણાવતા યતિઓ, તેમની તો માર્ગ પ્રવર્તાવવાની શૈલી માટે કંઈ બોલવું રહેતું નથી. કારણ ગૃહસ્થને અણુવ્રત પણ હોય છે; પણ આ તો તીર્થંકર દેવની પેઠે કલ્પાતીત પુરુષ થઈ બેઠા છે.

સંશોધક પુરુષો બહુ ઓછા છે. મુક્ત થવાની અંતઃકરણે

જિજ્ઞાસા રાખનારા અને પુરુષાર્થ કરનારા બહુ ઓછા છે. તેમને સાહિત્યો જેવાં કે સદ્‌ગુરુ, સત્સંગ કે સત્શાસ્ત્રો મળવાં દુર્લભ થઈ પડ્યાં છે, જ્યાં પૂછવા જાઓ ત્યાં સર્વ પોતપોતાની ગાય છે. પછી તે સાચી કે જૂઠી તેનો કોઈ ભાવ પૂછતું નથી. ભાવ પૂછનાર આગળ મિથ્યા વિકલ્પો કરી પોતાની સંસારસ્થિતિ વધારે છે અને બીજાને તેવું નિમિત્ત કરે છે.

ઓછામાં પૂરું કોઈ સંશોધક આત્મા હશે તો તેને અપ્રયોજનભૂત પૃથ્વી ઇત્યાદિક વિષયોમાં શંકાએ કરી રોકાવું થઈ ગયું છે. અનુભવધર્મ પર આવવું તેમને પણ દુર્લભ થઈ પડ્યું છે.

આ પરથી મારું એમ કહેવું નથી કે કોઈ પણ અત્યારે જૈનદર્શનના આરાધક નથી; છે ખરા, પણ બહુ જ અલ્પ, બહુ જ અલ્પ, અને જે છે તે મુક્ત થવા સિવાયની બીજી જિજ્ઞાસા જેને નથી તેવા અને વીતરાગની આજ્ઞામાં જેણે પોતાનો આત્મા સમર્પ્યો છે તેવા. પણ તે આંગળીએ ગણી લઈએ તેટલા હશે. બાકી તો દર્શનની દશા જોઈ કરુણા ઊપજે તેવું છે; સ્થિર ચિત્તથી વિચાર કરી જોશો તો આ મારું કહેવું તમને સપ્રમાણ લાગશે.

એ સઘળા મતોમાં કેટલાકને તો સહજ સહજ વિવાદ છે. મુખ્ય વિવાદઃ– એકનું કહેવું પ્રતિમાની સિદ્ધિ માટે છે. બીજા તેને કેવળ ઉત્થાપે છે. (એ મુખ્ય વિવાદ છે.)

આ મોટા વિવાદ આ કાળમાં જો પડ્યા ન હોત તો ધર્મ પામવાનું લોકોને બહુ સુલભ થાત.



બીજા ભાગમાં પ્રથમ હું પણ ગણાયો હતો. મારી જિજ્ઞાસા વીતરાગ દેવની આજ્ઞાના આરાધન ભણી છે. એમ સત્યતાને ખાતર કહી દઈ દર્શાવું છું કે પ્રથમ પક્ષ સત્ય છે, એટલે કે જિનપ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અનુભવોક્ત અને અનુભવમાં લેવા યોગ્ય છે. મને તે પદાર્થોનો જે રૂપે બોધ થયો અથવા તે વિષય સંબંધી મને જે અલ્પ શંકા હતી તે નીકળી ગઈ, તે વસ્તુનું કંઈ પણ પ્રતિપાદન થવાથી કોઈ પણ આત્મા તે સંબંધી વિચાર કરી શકશે; અને તે વસ્તુની સિદ્ધિ જણાય તો તે સંબંધી મતભેદ તેને ટળી જાય; તે સુલભબોધિપણાનું કાર્ય થાય એમ ગણી, ટૂંકામાં કેટલાક વિચારો પ્રતિમાસિદ્ધિ માટે દર્શાવું છું. મારી પ્રતિમામાં શ્રદ્ધા છે, માટે તમે સઘળા કરો એ માટે મારું કહેવું નથી, પણ વીર ભગવાનની આજ્ઞાનું આરાધન તેથી થતું જણાય તો તેમ કરવું. પણ આટલું સ્મૃતિમાં રાખવાનું છે કે– ......

૧. કોઈ પણ વીતરાગની આજ્ઞાનું પાલન થાય તેમ પ્રવર્તવું એ મુખ્ય માન્યતા છે.

૨. પ્રથમ પ્રતિમા નહીં માનતો અને હવે માનું છું, તેમાં કંઈ પક્ષપાતી કારણ નથી; પણ મને તેની સિદ્ધિ જણાઈ તેથી માન્ય રાખું છું; અને સિદ્ધિ છતાં નહીં માનવાથી પ્રથમની માન્યતાની પણ સિદ્ધિ નથી, અને તેમ થવાથી આરાધકતા નથી.

૩. મને આ મત કે તે મતની માન્યતા નથી, પણ રાગદ્વેષરહિત થવાની પરમ આકાંક્ષા છે; અને તે માટે જે જે

સાધન હોય તે તે ઇચ્છવાં, કરવાં એમ માન્યતા છે; અને એ માટે મહાવીરનાં વચન પર મને પૂર્ણ વિશ્વાસ છે..........

૪(ઊ) કોઈ ધર્મ માનનાર આખો સમુદાય કંઈ મોક્ષે જશે એવું શાસ્ત્રકારનું કહેવું નથી, પણ જેનો આત્મા ધર્મત્વ ધારણ કરશે તે, સિદ્ધિસંપ્રાપ્ત થશે, એમ કહેવું છે. માટે સ્વાત્માને ધર્મબોધની પ્રથમ પ્રાપ્તિ કરાવવી જોઈએ. તેમાંનું એક આ સાધન પણ છે; તે પરોક્ષ પ્રત્યક્ષ અનુભવ્યા વિના ખંડી નાખવા યોગ્ય નથી.

૪(એ) જો તમે પ્રતિમાને માનનાર હો તો તેનાથી જે હેતુ પાર પાડવા પરમાત્માની આજ્ઞા છે તે પાર પાડી લેવો; અને જો તમે પ્રતિમાના ઉત્થાપક હો તો આ પ્રમાણોને યોગ્ય રીતે વિચારી જોજો. બન્નેએ મને શત્રુ કે મિત્ર કંઈ માનવો નહીં. ગમે તે કહેનાર છે, એમ ગણી ગ્રંથ વાંચી જવો.....

૪ (અઃ) ટૂંકામાં કહેવાનું એ કે, જેમ કલ્યાણ થાય તેમ પ્રવર્તવા સંબંધમાં મારું કહેવું અયોગ્ય લાગતું હોય તો, તે માટે યથાર્થ વિચાર કરી પછી જેમ હોય તેમ માન્ય કરવું.''

(મુંબઈ, સં. ૧૯૪૪, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૦)

''અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
—શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.
વિમલ જિન, દીઠાં લોયણ આજ.
હાંરે મારાં સીધ્યાં વાંછિત કાજ.''

(શ્રી આનંદઘનજી-૧૩)

---



# શિક્ષાપાઠ ૮૪. મૂળમાર્ગ રહસ્ય

ૐ શ્રી સદ્ગુરુ ચરણાય નમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ;—મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે,નો'ય વ્હાલું અંતર ભવદુઃખ.—મૂળ૦

કરી જોજો વચનની તુલના રે,જોજો શોધીને જિનસિદ્ધાંત;—મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત.—મૂળ૦

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,એકપણે અને અવિરુદ્ધ;—મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.—મૂળ૦

લિંગ અને ભેદો જે વ્રતના રે,—દ્રવ્ય દેશ કાળાદિ ભેદ;—મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,—તે તો ત્રણે કાળે અભેદ.—મૂળ૦

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,—સંક્ષેપે સુણો પરમાર્થ;—મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે,—સમજાશે ઉત્તમ આત્માર્થ.—મૂળ૦

છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;—મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.—મૂળ૦

જે જ્ઞાને કરીને જાણિયું—રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત;—મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત.—મૂળ૦

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ;—મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ.—મૂળ૦

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ;—મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ.—મૂળ૦

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ;—મૂળ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ.—મૂળ૦

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ;હ્મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ.હ્મૂળ૦

(આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૧૫)

---

## શિક્ષાપાઠ ૮૫. જિતેન્દ્રિયતા

मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम् ।
तान्प्रपद्याहमिति मां पुरा-वेद न तत्त्वतः ॥१६॥
(समाधि-शतक)

ઇંદ્રિયદ્વારથી ચૂકી, પડ્યો હું વિષયો વિષે;
ભોગો પામી ન મેં પૂર્વે, જાણ્યું રૂપ યથાર્થ જે.

**ભાવાર્થ**—પાંચ ઇંદ્રિયો વડે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ રૂપ વિષયો જીવ જાણે છે. તે જડના રૂપી ગુણો છે; તેમાં મગ્ન થવાથી જીવ પોતાનું અરૂપી સ્વરૂપ ભૂલી જાય છે, આત્મિક સુખ ભૂલી જાય છે, અને 'જડ, ચલ જગની એંઠ'ની જ ઇચ્છાઓ કરતો જન્મમરણરૂપ પરિભ્રમણમાં ભટકે છે. આમ ભૂતકાળમાં અનંતભવ ભ્રમણ થયું તોપણ હજી જીવે પોતાનું યથાર્થ સ્વરૂપ જાણ્યું નહીં, તેનું કારણ પાંચ ઇંદ્રિયોના વિષયભોગની મીઠાશ જ છે.

'ઇંદ્રિય દમનકું સ્વાદ તજ, મન દમનકું ધ્યાન.' એમ મહાપુરુષો શિખામણ આપે છે; કારણકે પાંચે ઇંદ્રિયોને પોષણ આપનાર સ્વાદિષ્ટ આહાર છે. ઉપવાસને દિવસે બધી ઇંદ્રિયો મંદ પડી જાય છે. આમ ઇંદ્રિયોને જીતવાના ઉદ્દેશથી ઉપવાસ વગેરે તપની યોજના છે છતાં તે હેતુની સમજણ ન હોવાથી



એક દિવસ તો પાણી પણ ન પીએ એવો નિર્જળ ઉપવાસ કરે, પણ બીજે દિવસે સાકરનાં પાણી અને શીરોપૂરીનું પારણું કરે; તેથી ઇંદ્રિયો ઊલટી વધારે ઉન્મત્ત બને છે.

''તીર્થંકરે ઉપવાસ કરવાની આજ્ઞા કરી છે તે માત્ર ઇંદ્રિયોને વશ કરવા માટે. એકલા ઉપવાસ કરવાથી ઇંદ્રિયો વશ થતી નથી; પણ ઉપયોગ (લક્ષ) હોય તો, વિચારસહિત થાય તો વશ થાય છે. જેમ લક્ષ વગરનું બાણ નકામું જાય છે, તેમ ઉપયોગ વિનાનો ઉપવાસ આત્માર્થે થતો નથી.''

''પાંચ ઇંદ્રિયો શી રીતે વશ થાય? વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી. ફૂલના દૃષ્ટાંતેહ્- ફૂલમાં સુગંધ હોય છે તેથી મન સંતુષ્ટ થાય છે; પણ સુગંધ થોડી વાર રહી નાશ પામી જાય છે, અને ફૂલ કરમાઈ જાય છે, પછી કાંઈ મનને સંતોષ થતો નથી; તેમ સર્વ પદાર્થને વિષે તુચ્છભાવ લાવવાથી ઇંદ્રિયોને પ્રિયતા થતી નથી, અને તેથી ક્રમે ઇંદ્રિયો વશ થાય છે. વળી પાંચ ઇંદ્રિયોમાં પણ જિહ્વાઇંદ્રિય વશ કરવાથી બાકીની ચાર ઇંદ્રિયો સહેજે વશ થાય છે. તુચ્છ આહાર કરવો, કોઈ રસવાળા પદાર્થમાં દોરાવું નહીં, બલિષ્ઠ આહાર ન કરવો.

એક ભાજનમાં લોહી, માંસ, હાડકાં, ચામડું, વીર્ય, મળ, મૂત્ર, એ સાત ધાતુ પડી હોય; અને તેના પ્રત્યે કોઈ જોવાનું કહે તો તેના ઉપર અરુચિ થાય, ને થૂંકવા પણ જાય નહીં. તેવી જ રીતે સ્ત્રી-પુરુષનાં શરીરની રચના છે, પણ ઉપરની રમણીયતા જોઈ જીવ મોહ પામે છે અને તેમાં તૃષ્ણાપૂર્વક દોરાય છે. અજ્ઞાનથી જીવ ભૂલે છે એમ વિચારી, તુચ્છ જાણીને પદાર્થ

ઉપર અરુચિભાવ લાવવો. આ રીતે દરેક વસ્તુનું તુચ્છપણું જાણવું. આ રીતે જાણીને મનનો નિરોધ કરવો.''

(ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૦)

ઇંદ્રિયસુખો દુઃખરૂપ જ છે, એ પ્રકારનો સકારણ ઉપદેશ શ્રી કુંદકુંદાચાર્ય નીચેની ગાથામાં દર્શાવે છે :—

सपरं बाधासहियं विच्छिण्णं बंधकारणं विसमं ।
जं इंदियेहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा ।।७६।।

(प्रवचनसार)

**ભાવાર્થઃ**—પાંચ ઇંદ્રિયોના ભોગોથી જે સુખ ભાસે છે તે સુખ નથી, પરંતુ દુઃખ જ છે. કેમકે એક તો તે સુખ પરને આધીન છે એટલે પોતાની ઇંદ્રિયો સાબૂત હોય અને પુણ્યના ઉદયે સુખની સામગ્રી ઇચ્છા પ્રમાણે મળે તો સુખ લાગે છે; તેથી તે સ્વાધીન નથી. બીજું ક્ષુધા, તૃષા આદિ કે રોગાદિ બાધા સહિત તે સુખ છે, વચમાં વિઘ્નો નડે છે. ત્રીજું તે સુખ વિનાશી છે. ભોગ્ય પદાર્થો વીજળીના ઝબકારા જેવા અનિત્ય છે; રસોઈ સુંદર હોય તોપણ જિહ્વા પર ખોરાક રહે તે ક્ષણે જ સુખ ભાસે, આગળ પાછળ સુખ દે નહીં; જીવન પણ ક્ષણભંગુર છે, તેથી પદાર્થો તજી એકાએક જવું પડે છે. ચોથું તે સુખ કર્મબંધનું કારણ છે, કારણકે ઇંદ્રિયોના ભોગ પ્રસંગે રાગ-દ્વેષ સંભવે છે, તેથી કર્મબંધનો ભય પણ છે. પાંચમું તે સુખ એકધારું રહેતું નથી; તથા સમતા ભાવ ટકવો દુર્ઘટ હોવાથી વિષમ પણ છે. તેથી મોક્ષસુખની વાનગી સમતા ભાવમાં હોય છે, તે વિષયભોગ લૂંટી લે છે.

ઇંદ્રિય-વિષયને આધીન થતાં પ્રાણીઓ પ્રાણ પણ ગુમાવે



છે. (૧) સ્પર્શમાં આસક્ત થતાં હાથી હાથણીના મોહે ખાડામાં પડી મરી જાય છે કે જન્મારા પર્યંત પરાધીન દશા વેઠે છે. (૨) જિહ્વાને આધીન માછલાં ગળ ગળીને પ્રાણ ગુમાવે છે. (૩) ગંધમાં આસક્ત થવાથી ભમરો કમળ ફૂલમાં રાત્રે પુરાઈ રહે છે, લાકડાંમાં કાણાં પાડવાની શક્તિ છતાં તે ગૂંગળાઈને ત્યાં જ મરી જાય છે. (૪) આંખનો વિષય રૂપ છે, તેમાં મોહ પામેલાં પતંગિયાં દીવામાં પડી મરી જાય છે. (૫) શબ્દને આધીન બની સંગીતપ્રિય હરણ મરણને શરણે જાય છે.

રાજદરબારમાં શું થાય છે તે જોવા એક શિષ્યને તેના ગુરુએ મોકલ્યો. તેણે મોટા અમલદારોને દરબારમાં આવતા જોયા. તેમની આગળપાછળ સિપાઈનો પહેરો હતો. તે માર્ગ કરે અને તેની પાછળ પાલખી કે ગાડી ચાલે. પાછળના સિપાઈ કંઈ પડી જાય તો લાવી આપે, જે કહે તે કરે. થોડી વાર પછી કેદીઓને દરબારમાં સિપાઈઓ લાવતા હતા. એવા ને એવા જ સિપાઈઓ કેદીઓની આગળ અને પાછળ હતા. તે સિપાઈઓ કહે તેમ કેદીઓને ચાલવું પડતું હતું.

ગુરુ પાસે આવીને શિષ્યે તે બીના જણાવી, તે ઉપરથી ગુરુએ સમજાવ્યું કે ઇંદ્રિયો સિપાઈઓ જેવી છે. જેમ સિપાઈઓ અમલદારનાં ખાસડાં પડી જાય તો તે ઊંચકી લઈ તેના કહ્યા પ્રમાણે વર્તતા હતા, તેમ જેને ઇંદ્રિયો વશ છે અને જે ઇચ્છાઓને વશ રાખી ઇંદ્રિયોના વિષયરૂપ પ્રારબ્ધમાં વર્તે છે, તેવા જીવોની સાથે વિષયોનું બળ જરાયે ચાલતું નથી, તેમજ તે જીવો જે ઉત્તમ માર્ગે વિષયોને યોજે તે માર્ગે એ

વિષયો પ્રશસ્તરૂપમાં પ્રવર્તી તેને રૂડાં ફળ અપાવે છે; તથા આત્માનું કલ્યાણ સાધે છે. પરંતુ ઇંદ્રિયોને વશ વર્તનારા જીવો પાપમાં પ્રવર્તી અધોગતિનાં દુઃખ ઉપાર્જન કરે છે. માટે જે સામગ્રી મળી છે, તેને સવળી રીતે વાપરવી એ વિવેકી જીવોનું કર્તવ્ય છે.

---

## શિક્ષાપાઠ ૮૯. બ્રહ્મચર્યની નવ વાડ

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? એ રાગ)

બ્રહ્મચર્ય સ્વર્ગીય તરુ રમણીય છે,
ફળ પંક્તિ ત્યાં લચી રહી પ્રતિ ડાળ જો !
રક્ષા કરવા વાડો નવ સુંદર કરી,
દ્વિજગણ કુંજન કરતાં લે સંભાળ જો.બ્રહ્મચર્ય૦૧

પહેલી વાડ તે સ્થાન વિકારક ત્યાગવાં,
ઉંદર, મરઘી તજે બિલાડી દૂર જો;
બ્રહ્મચર્ય વ્રતને જીવન જે જાણતાં,
તે વિકારક વસતિ તજે જરૂર જો.બ્રહ્મચર્ય૦૨

બીજી વાડે કથા વિકારી ના કહે,
મર્યાદાનો લોપ કરે એકાંત જો;
વિકાર-પોષક શાસ્ત્ર નહીં વાંચે, કહે,
શૃંગાર કથા છે અપથ્ય એ સિદ્ધાંત જો.બ્રહ્મચર્ય૦૩

ત્રીજી વાડે બેસે નહિ એકાસને,
આસન-સ્મૃતિ પણ વિકારપ્રેરક માન જો;
બે-ચાર ઘડી વીત્યે સંસ્કાર રહે નહીં,
નિર્મળ વ્રત-ધારી રાખે તે ધ્યાન જો.બ્રહ્મચર્ય૦૪



અંગોપાંગ મનોહર વર્ણી ના જુએ,
નયન, નાસિકા, આદિ વિકારક જાણ જો;
ચોથી વાડ ચતુર જનને ચેતાવતી,
વ્રત રક્ષાર્થે જ્ઞાની-વચન પ્રમાણ જો.બ્રહ્મચર્ય૦૫

વાડ પાંચમીઃ છુપાઈને ના સાંભળે,
રતિપ્રસંગ કે પ્રેમકલહના નાદ જો;
વિરહ-રુદન કે કામોદ્દીપન પ્રાર્થના,
વ્રતી જન મનને પ્રેરે કામ પ્રમાદ જો.બ્રહ્મચર્ય૦૬

છઠ્ઠી વાડે પૂર્વ રતિ-સ્મૃતિ ના કરે,
ઝેર ચડે ગત વિષય-ક્રીડા કર્યે યાદ જો;
કરી કલ્પના પાપ કર્મ બાંધે, અરે !
ધર્મધ્યાન જીંવ ચૂકે એ અવિવાદ જો.બ્રહ્મચર્ય૦૭

સાતમી વાડે પૌષ્ટિક ભોજન ના કરે,
દૂધ, દહીં, ઘી, ગળપણ વિકૃતિકાર જો;
દવા વીર્યવૃદ્ધિની કામ જગાડતી,
વ્રતધારી તો માને એ જ અસાર જો.બ્રહ્મચર્ય૦૮

આઠમી વાડે સાદો પણ આહાર તે,
મિતાહારી રહી લે ન વધુ રસલીન જો;
ખાનપાન અતિમાત્ર થતાં પણ જાગતા,
વિકાર અનેક પ્રકારે નિદ્રાધીન જો.બ્રહ્મચર્ય૦૯

નવમી વાડ વિભૂષા નામે જાણવી,
સ્નાન, વિલેપન, પુષ્પાદિક શણગાર જો;
બ્રહ્મચર્ય વ્રત ભંગ તણાં એ કારણો,
સેવે શાને જેને વ્રત પર પ્યાર જો ?બ્રહ્મચર્ય૦૧૦

---

## શિક્ષાપાઠ ૮૭. સ્વદોષનો અપક્ષપાતપણે વિચાર

દુર્ઘટ કર્મની વિચિત્રતા એક સંસારી જીવે અનુભવેલી, તે દુર્ઘટતાનું લખાણ તે જીવ પોતે કરે છેઃ—

"હે જીવ! તને સ્ત્રી-પરિચય કરવાનું કારણ શું છે? તે બાઈમાં અબ્રહ્મચર્યતા છે તે મટાડવાને અર્થે, એમ કલ્પના છે. તે તારી કલ્પના યથાર્થ છે કે કેમ? યથાર્થ હો વા ન હો તેની કંઈ સમજણ પડતી નથી. શા માટે સમજણ પડતી નથી? વિચાર કરીશ તો સમજાશે. તું વિચાર કરવામાં પ્રમાદી છો, તેથી જ તને સમજણમાં આવતું નથી. સત્પુરુષોએ નવ વાડ સહિત બ્રહ્મચર્યની વૃત્તિ કરવાનું કહ્યું છે. તો તે નવ વાડનો તું ભંગ કરે છે. હું નવ વાડનો ભંગ ક્યાં કરું છું? એ તો જેને વિષય સેવવાની ઇચ્છા હોય તેને માટે કહ્યું છે, પણ હું તો તે જીવ પ્રત્યે તેવા ધર્મ સંબંધી વાત કરું છું. તે વાત તું કરે છે; પણ જે વખતે તે સ્ત્રી એકલી હોય છે, તે વખતે જોકે તું વિષય સેવતો નથી; તથાપિ તારા પોતા વિષે તેને અપૂર્વ પ્રેમ આવે તેવો પ્રકાર તું રચે છે. તો તારે માન-પૂજાની કામના તો અવશ્ય હોવી જોઈએ. સર્વ સત્પુરુષોએ સ્ત્રી-પરિચયનો નિષેધ કર્યો છે, છતાં તું શા માટે પરિચય કરે છે? તેને બોધને અર્થે કરું છું. બોધને અર્થે જો તું કરે છે, તો તારા પોતામાં હજી તેવાં વૈરાગ્ય, ઉપશમ, બ્રહ્મચર્યતા થયાં નથી. પોતાનામાં તેવા ગુણો વિના બીજાને બોધ દેવાના પ્રયત્નો હવે નિરર્થક છે. એ તારી ભૂલ તો અવશ્ય છે. જ્યારે તારી ભૂલ છે ત્યારે તું શા માટે તેનો ત્યાગ કરતો નથી? ભૂલ છે એમ લખે છે,



પણ ઊંડાણમાં તેં ભૂલ જાણી નથી. જાણી હોય તો અવશ્ય તેનો ત્યાગ થાય, એ એમાં ભેદ છે.

હે જીવ! આવી ને આવી તું પ્રવૃત્તિ કરશે, અને તું એમ જાણીને કરીશ કે હું તો તે જીવને ઉપકાર કરું છું, એ તારી અવશ્ય ભૂલ છે. તેથી તારે અવશ્ય બહોળો સંસાર ભોગવવો પડશે. આ કંઈ મુમુક્ષુનું લક્ષણ નથી. લોક કેટલાક તો તને એમ જાણે છે કે આ મુમુક્ષુ છે. પણ તું તો કપટી છું. કારણકે જે પરમ નિંદવા યોગ્ય સંગ તે તો હજી તું કર્યા કરે છે, અને સત્પુરુષ જેવો ડોળ તું રાખ્યા કરે છે; એ તને દીર્ઘ સંસારનો હેતુ છે. કારણ, માર્ગ તો આજ્ઞામાં રહ્યો છે. આજ્ઞાનું વિરાધવું એ જ બહુલ સંસારનો હેતુ છે; અને આજ્ઞાનું આરાધવું એ સંસારનો ક્ષય કરનાર, પરમ શાંતિને આપનાર છે. માટે આજ્ઞાનું આરાધન કર.

એ જીવ સમજો એવી ભાવના તો રાખ, પણ તું તેનો પરિચય કરવાની ટેવ હવે દૂર કર. એને ઉદય હશે તો કોઈ ને કોઈ જોગ મળી આવશે. તારાથી કંઈ થવાનું નથી. તું પ્રથમ નિર્વિકારી એવો થા કે દેવાંગના વા અપ્સરા ગમે તે પ્રકારના હાવભાવ કરે તથાપિ જ્યાં વેદનો ઉદય ન જ હોય તેવી દશા પ્રથમ કર; ત્યાર પછી જેમ થવાનું હશે તેમ થશે. પણ પ્રથમ તેવી દશા તું કર.

હે જીવ! તારું દુર્ઘટપણું, કર્મનું વિચિત્રપણું જો તું કોઈ મુમુક્ષુને કહે, તો અવશ્ય તે જીવો પણ સામાન્ય જિજ્ઞાસુ માર્ગથી પડી જાય. આ જે દોષમાં તું પ્રવર્તે છે, તે દોષનાં મૂળ

મહા ભયંકર છે. કારણ કે તે વાત સત્પુરુષોને કરતાં તું અટકી જાય છે. કારણકે તારામાં તે કપટપણું વર્તે છે. સત્પુરુષની પાસે તો કંઈ પણ અંતર રાખવું જોઈએ નહીં. અને તું તો એવાં કારણો સેવે છે કે સત્પુરુષોને વાત કરતાં પણ અટકી જવાય તેવું થયું છે. જોકે તારા અંતઃકરણમાં તેવી ભાવના ઘણી વાર થાય છે કે ક્યારે પણ તે મારું દુર્ઘટ ચરિત્ર હું હજી સુધી કહી શકતો નથી. આ તારી મહા વિટંબન દશા છે. સ્ત્રી ભોગવવામાં જેટલું પાપ છે, તેથી વિશેષ ભયંકર મહા પાપ સત્પુરુષ પાસે કપટ સેવવામાં છે. અને તું એવાં તો કારણો સેવે છે કે જેથી સત્પુરુષને કહેવાય નહીં. તેવાં કારણો છે કે નહીં? તને એમ થાય છે કે મારું મોટાપણું જતું રહેશે. અરે! પામરમાં પામર, તારામાં મોટાપણું શું છે? કપટ કરવું એ જ. તે તો હીનપણું છે. પણ કોણ જાણે, તારી બહુ જ દુર્ઘટતા છે. તું અપરમાર્થમાં પરમાર્થનું કારણ જાણી બહુ ભૂલ ખાય છે. હવે તેવી ભૂલ ન થાય તેવા ઉપાય કર, તે શ્રેયકારી છે.

કાં તો કોઈ નિવૃત્તિના ક્ષેત્રે જઈ, આવી વૃત્તિ ફરીથી ન થાય તેને માટે વિચારી વિચારીને નિર્ધાર કર; અને એવા નિર્ધાર ઉપર આવ કે ફરીથી તેવો વખત ન આવે. દૃઢમાં દૃઢ પ્રતિજ્ઞા કર કે હવેથી હું તેવો સંકલ્પ કરું નહીં. સંકલ્પ થાય તો હું ત્યાં જઉં નહીં; અને જઉં તો અવશ્ય દેહનો ત્યાગ થાય તેવાં આચરણ કરે તેવાં કાર્ય પ્રત્યે અત્યંત ઉદાસ થઈ જા; વિરામ પામ, વિરામ પામ. હે જીવ! જે દોષ થાય છે તે દોષને જણાવવાનો નિશ્ચય કર અને ફરીથી તને તેવા દોષ ન થાય તેમ કર. એમાં હવે તું વિલંબ ન કર, નહીં તો અવશ્ય માર્યો જઈશ, દુઃખી થઈશ. માટે તે માટે તત્પર થઈ જાગ્રત થા, જાગ્રત થા.'' (પરમકૃપાળુદેવને મળેલા એક મુમુક્ષુ)



---

## શિક્ષાપાઠ ૮૮. યોગ

મોક્ષ સાથે આત્માને યોજે તે 'યોગ' એવો વ્યુત્પત્તિ અનુસાર 'યોગ' શબ્દ સાર્થક છે. મોક્ષના ઉપાયરૂપ આચાર પણ યોગ કહેવાય છે. મિથ્યાત્વ આદિ કારણો સહિત મન, વચન, કાયા એ ત્રણ કર્મવૃદ્ધિનાં કારણ હોવાથી તેમને યોગરૂપે અહીં ગણવાં નહીં. પરંતુ મોક્ષ સાધવાનાં કારણરૂપ શુદ્ધ આત્માની ભાવનાવાળા આત્માના વીર્ય પરિણામનું સાધક (કારણ) રૂપે પ્રવર્તન તે યોગરૂપે ગ્રહણ કરવું.

અનાદિ પરભાવમાં આસક્ત, ભવપરિભ્રમણના આગ્રહથી વિષયભોગમાં મગ્ન થયેલા જીવોને મોક્ષના ઉપાયરૂપ યોગ પ્રાપ્ત થતો નથી. કહેવાનો એ અભિપ્રાય છે કે મોક્ષ એ આપણું ધ્યેય, સાધ્ય છે. સદ્ગુરુનાં વચનનું શ્રવણ, સ્મરણ, તત્ત્વજિજ્ઞાસાદિ યોગથી નિર્મળ, નિઃસંગ, પરમાનંદમય સ્વરૂપની સ્મૃતિ કરી, તેની કથા-શ્રવણમાં પ્રીતિ આદિ કરે છે, તે પરંપરાએ સિદ્ધ યોગી થાય છે. મરુદેવા માતાની પેઠે સર્વને અલ્પ પ્રયાસે સિદ્ધિ થતી નથી. તેમને તો અલ્પ આશાતનારૂપ દોષના કારણે નિષ્પ્રયાસ, અપ્રયત્ને સિદ્ધિ થઈ. અન્ય જીવોને લાંબા કાળની આશાતનાથી બંધાયેલાં ગાઢ કર્મો હોવાથી તેમને યોગ-આચારરૂપ ક્રમથી તે કર્મો દૂર થયે સિદ્ધિ સંભવે છે.

“યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામોળરે;ળળળળળળ
ભાવાચારજ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામોળરે.ળળળળળળ
વીર જિનેસર દેશના.
દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાનેળરે;ળળળળળળ
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાનેળરે.ળવીર૦
લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહોળરે;ળળળળળળ
ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહોળરે.ળવીર૦
બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહળરે;ળળળળળળ
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહળરે.ળવીર૦
સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહોળરે;ળળળળળળ
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહોળરે.ળવીર૦”

(શ્રી યશોવિજયજી-યોગની આઠ દૃષ્ટિમાં પ્રથમ મિત્રા દૃષ્ટિ)

મોક્ષના હેતુરૂપ યોગ ખરેખરી રીતે એક જ પ્રકારનો હોય છે, કારણકે સાધ્યરૂપ મોક્ષ એટલે સર્વ કર્મક્લેશનો ક્ષય કે સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી એમાં ભેદ નથી. પરંતુ યોગશાસ્ત્રોમાં આત્મવિશુદ્ધિની ભૂમિકાઓ તથા યોગનાં અંગોના ભેદ જણાવ્યા છે, તે સર્વ એક જ અર્થે છે. નામ જુદાં જુદાં જણાવવાથી પદાર્થમાં ભેદ પડતો નથી; જેમકે ઇંદ્ર, શક્ર, હરિ, પુરંદર આદિ શબ્દો એક જ વ્યક્તિને દર્શાવે છે.

“એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;ળળ
ળપ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.”

(‘શ્રીમદ્ રાજચંદ્ર’, આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા-૩૬)

એક પ્રકારે ‘આત્મભાવના’ રૂપ યોગ કહેવાય. રાગ અને દ્વેષ ટાળવારૂપ બે પ્રકારે યોગ ગણાય. રાગ, દ્વેષ અને મોહના ક્ષયરૂપ કે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગરૂપે ત્રણ યોગ ગણાય છે. ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગરૂપે અનાસક્તિ-યોગ (શ્રીમદ્ ભગવદ્ગીતા)માં ત્રણ યોગ વર્ણવ્યા છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ રૂપ આરાધનાના ભેદે ચાર યોગ પણ આરાધાય છે. પાંચ પાપના ત્યાગરૂપ, પંચમહાવ્રતરૂપ યમ એ પાંચ યોગ પણ ગણાય છે. આમ અનેક પ્રકારે અષ્ટાંગ, નવપદ યોગ વગેરે છે.



“યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોળરે,
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણોળરે,
વીર જિનેસર ઉપદિશે.”

(શ્રી યશોવિજયજી—નવપદ પૂજા)

આત્મહિતની ઇચ્છાવાળા મુમુક્ષુ જીવે ઓઘદૃષ્ટિ, લોકદૃષ્ટિ તજીને વિવેકદૃષ્ટિથી સદ્ગુરુયોગે મોક્ષ ઉપાયનો નિર્ણય કર્તવ્ય છે. કારણ કે યોગવંચનાથી સર્વ પુરુષાર્થમાં જીવ ઠગાય છે; તે જોઈ જ્ઞાનીપુરુષોને દયા આવવાથી ચેતાવે છેઃ

“વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.
કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.
બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ.
બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહીં;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહીં.”

(‘શ્રીમદ્ રાજચંદ્ર’, આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા-૨ થી ૫)

“જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરુષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરનાં વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ, તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે, યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશવચનને નમસ્કાર કરીએ છીએ.” (ચૈત્ર સુદ ૧, સં. ૧૯૪૯, ‘શ્રીમદ્ રાજચંદ્ર’, ક્રમાંક-૪૩૬)

---

## શિક્ષાપાઠ ૮૯. સમાજસેવા

હાલમાં સમાજસેવા માટે સર્વત્ર ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે પરંતુ સાચી સમાજસેવા અથવા સમાજને સુખી કરવાના ઉપાય કોઈ જ્ઞાની જ જાણે છે.

(૧) કેળવણીકાર એ મુખ્ય સમાજસેવક છે. કારણકે જીવનની પ્રથમ અવસ્થામાં માનવબાળને તેના ભાવિ આદર્શ જીવન માટે તૈયાર થવાની કેળવણી એ આપે છે, તેની



શારીરિક માનસિક શક્તિઓ વિકસાવે છે અને વિવિધ વિદ્યાઓ શીખવે છે; પરંતુ આ વાત સર્વમાન્ય છે કે सा विद्या या विमुक्तये । જેથી મોક્ષ પમાય એ જ વિદ્યા સાચી છે. એ સાચી વિદ્યા મેળવવા સર્વજ્ઞપ્રણીત તત્ત્વ વિચારવાની ખાસ અગત્ય છે.

(૨) બીજી સમાજસેવા ગૃહસ્થાશ્રમ સુધારવા માટે થાય છે. કજોડાં, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે થતાં અટકાવવાં, સ્ત્રીઓને સમાન હકો આપવા, માબાપોને સારી સંતતિના ઉછેરનું જ્ઞાન આપવું, લોકોનું આર્થિક, નૈતિક અને બૌદ્ધિક ધોરણ ઊંચું કરવું વગેરે સમાજસેવા કરવા ઘણા ધગશ રાખે છે. પરંતુ તે સાથે સંયમ, તપ અને આત્મસાધનાની સમજ નહીં હોય તો અમૂલ્ય માનવદેહનો સમય મોજશોખ અને વિષય-વાસનામાં જ વ્યતીત થશે. વળી ગૃહસ્થજીવનમાં પણ અનેક અસહ્ય સંકટો આવી પડે છે, ત્યારે ધર્મનો આધાર હોય તો જ આત્મશાંતિ જાળવી શકાય છે. તે માટે પવિત્ર સ્યાદ્વાદ-મતનું ઢંકાયેલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણી જીવનનું સાચું સુખ અને સાચું ધ્યેય યુવાન સ્ત્રીપુરુષોને રુચે એ રીતે સમજાવવું એ મહાન સમાજસેવા છે.

(૩) ત્રીજી સમાજસેવા તે રોગીની સારવાર, વૃદ્ધસેવા, ગરીબને અન્નવસ્ત્ર પ્રાપ્ત કરાવવાં વગેરે છે. રોગી, વૃદ્ધ અને દુઃખીને ધર્મના અવલંબનથી ઘણી શાંતિ મળે છે, એનો અનુભવ સૌ કોઈને છે. ધર્મ-આરાધક જ અંતે સમાધિમરણ કરી ઉચ્ચ ગતિ સાધે છે. જીવનનાં સુખદુઃખ તો ક્ષણિક છે

પરંતુ જેનો મરણ અવસર સુધરે તે તો પરિણામે શાશ્વત શાંતિને પામે છે.

(૪) ચોથી સમાજસેવા વ્યસની, ચોર, ઝઘડાખોર વગેરે અનીતિવાનોને સુધારવા માટે જરૂરની છે. તેમાં પણ જો સુધારકમાં તત્ત્વદૃષ્ટિ હશે તો સહેજે અલ્પ ઉપદેશથી જીવન-પલટો કરાવી શકાશે. તેથી આવા સમાજસેવકનું પોતાનું જીવન તત્ત્વથી રંગાયેલું હોય એ જરૂરનું છે. એટલું જ નહીં, પરંતુ સર્વ પ્રકારના સમાજસેવકોને પોતપોતાના આત્માની શાંતિ માટે પણ તત્ત્વવિચારની પ્રથમ અગત્ય છે, નહીં તો તેઓ ઇંદ્રિય-વિષયનાં નાશવંત સુખોને જ ખરાં સુખ માની ઝાંઝવાનાં નીરની પાછળ દોડતાં હરણોની જેમ છેવટે અંતરના દુઃખથી હતાશ થઈ જાય છે. એવી દશા આજે પશ્ચિમના દેશોમાં છે અને આપણે પણ જો અધ્યાત્મને ભૂલીશું તો એવી જ દશાને પ્રાપ્ત થઈશું.

શ્રી સર્વજ્ઞ ભગવંતોએ જે પવિત્ર વિશ્વધર્મ સ્થાપ્યો, તે આજે પ્રમાદ સ્થિતિમાં આવી પડ્યો છે. તેને આ કાળના અવતારી પુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ જમાનાની જરૂરિયાત પ્રમાણે પ્રકાશિત કર્યો છે. તેમનાં વચનામૃતો પણ આખા વિશ્વમાં સત્ય ધર્મનો પ્રકાશ કરવા માટે પૂરતાં છે, છતાં ધર્મના મતભેદના કારણે સામાન્ય જનતા તેથી ઘણે ભાગે અજ્ઞાત રહી ગઈ છે. તે વિશ્વધર્મનો પ્રકાશ કરવા સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ એકસંપ થઈને યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ એમ તેઓએ કહ્યું છે અને તે માટેની કાર્યપદ્ધતિ પણ સૂચવી છે જેમકેઃ—



૧. પૂર્વાચાર્યોના ગૂંથેલાં મહાન શાસ્ત્રો એકત્ર કરવાં તેમજ તેના સરળ અનુવાદ વગેરે પ્રકાશિત કરી ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવી.

૨. એ રીતે જનતામાં તત્ત્વજ્ઞાનનો પ્રકાશ કરી ધર્મના મતભેદ દૂર કરવા.

૩. તત્ત્વ આરાધના માટે જીવન અર્પનાર જનોને યોગ્ય શાસ્ત્રાભ્યાસ કરાવી ધર્મના પ્રચારની તાલીમ આપવી.

૪. તત્ત્વઉપાસક સર્વ જનોનો વ્યવસ્થિત વિકાસ ચાલુ રહે તે માટે સર્વનો એક ઉપસમાજ સ્થાપવો કે જેથી તેમાં દરેકને આત્માર્થ સાધવા માટે યોગ્ય માર્ગદર્શન મળે અને એ રીતે આત્મોન્નતિ સાધતો એ ઉપસમાજ પોતાના આદર્શ અને પવિત્ર જીવનથી મહાન જનસમાજને પણ ઉપકારી થઈ શકે.

ટૂંકામાં ધર્મ પામેલાઓનો બહુ ઉત્સાહ અને એ ઉત્સાહમાં અનેકનું મળવું એમ સૌ યથાશક્તિ મળી જઈને સંપ અને ઉત્સાહથી ધર્મકાર્યમાં લાગી જાય તો જગત-હિતકારી મહાન ધર્મનો ઉદ્ધાર આ કળિકાળમાં પણ થવો સંભવે છે. એથી સાચી સમાજસેવા પણ અવશ્ય સિદ્ધ થશે.

(લે. એક મુમુક્ષુ બહેન)

---

## શિક્ષાપાઠ ૯૦. મોક્ષનાં સુખ

શિષ્ય— હે મહારાજ! આ સંસાર બધો દુઃખથી ભર્યો છે. પણ દુઃખનાં મૂળ કારણ શું છે તેની મને સમજ નથી, તો

કૃપા કરીને મને સમજ પડે તેવો કંઈ બોધ કરવા નમ્ર વિનંતી કરું છુંજી.

સદ્‌ગુરુ—હે ભાઈ! દુઃખનું લક્ષણ પરાધીનતા અથવા આકુળતા, ઉત્સુકતા છે. આકુળતા ઇચ્છા થતાં થાય છે તથા સંસારી જીવોને અનેક પ્રકારની ઇચ્છાઓ હોય છે. એક તો વિષય-ગ્રહણની ઇચ્છા હોય છે અર્થાત્ દેખવા-જાણવા ઇચ્છે છે. જેમ રૂપ દેખવાની, રાગ સાંભળવાની અથવા કંઈ ને કંઈ જાણવા આદિની ઇચ્છા થાય છે. ત્યાં બીજી તો કોઈ પીડા નથી, પરંતુ જ્યાં સુધી દેખે, જાણે નહીં ત્યાં સુધી તે આકુળવ્યાકુળ રહે છે. એ ઇચ્છાનું નામ વિષય છે.

એક ઇચ્છા કષાય ભાવો પ્રમાણે કાર્ય કરવાની છે, જેથી તે કાર્ય કરવા ઇચ્છે છે. જેમ બૂરું કરવાની, હીન કરવાની ઇત્યાદિ ઇચ્છા થાય છે. હવે અહીં પણ બીજી તો કાંઈ પીડા નથી, પરંતુ જ્યાં સુધી એ કાર્ય ન થાય ત્યાં સુધી તે અતિ વ્યાકુળ રહે છે. એ ઇચ્છાનું નામ કષાય છે.

એક ઇચ્છા પાપના ઉદયથી શરીરમાં, અથવા બાહ્ય અનિષ્ટ કારણ મળતાં તેને દૂર કરવાની થાય છે. જેમકે રોગ, પીડા, ક્ષુધા આદિનો સંયોગ થતાં તેને દૂર કરવાની ઇચ્છા થાય છે. હવે ત્યાં તે પીડા માને છે. તેથી જ્યાં સુધી એ દૂર ન થાય ત્યાં સુધી તે મહા વ્યાકુળ રહે છે. એ ઇચ્છાનું નામ પાપનો ઉદય છે.

વળી એક ઇચ્છા બાહ્ય નિમિત્તથી થાય છે, અર્થાત્ એ ત્રણ પ્રકારની ઇચ્છા પ્રમાણે પ્રવર્તવાની ઇચ્છા થાય છે. ત્યાં કોઈ પ્રકારની ઇચ્છા પૂર્ણ કરવાનાં કારણો પુણ્યના ઉદયથી



મળે, પણ તેનું સાધન એક સાથે થઈ શકે નહીં તેથી એકને છોડી બીજામાં લાગે તથા તેને છોડી કોઈ અન્યમાં લાગે. જેમ કોઈને અનેક સામગ્રી મળી છે. હવે તે કોઈને દેખે છે, તેને છોડી રાગ સાંભળવા લાગે છે, તેને છોડી કોઈનું બૂરું કરવા લાગી જાય છે, તથા તેને છોડી ભોજન કરવા લાગી જાય છે. એ જ પ્રમાણે અનેક કાર્યોની પ્રવૃત્તિમાં ઇચ્છા થાય છે. એ ઇચ્છાનું નામ પુણ્યનો ઉદય છે. એને જગત સુખ માને છે; પરંતુ તે સુખ નથી, દુઃખ જ છે. કારણકે સર્વ પ્રકારની ઇચ્છા પૂર્ણ થવાનાં કારણો કોઈને પણ બની આવતાં નથી. કદાચિત્ કોઈ પ્રકારની ઇચ્છા પૂર્ણ થવાનાં કારણો બની આવે તોપણ સર્વનું યુગપત્ સાધન થઈ શકતું નથી. તેથી જ્યાં સુધી એક સાથે ધારેલાં કામ બની ન આવે, ત્યાં સુધી તેની વ્યાકુળતા રહે છે. વળી એક ઇચ્છા પૂર્ણ થતાં અન્યની ઇચ્છા થાય છે, ત્યારે વળી તેની વ્યાકુળતા થાય છે. એક સમય પણ જીવ નિરાકુળ રહેતો નથી. તેથી તે મહા દુઃખી જ છે. એ ત્રણ પ્રકારના ઇચ્છા-રોગ મટાડવાનો કિંચિત્ ઉપાય કરે છે, ત્યારે કિંચિત્ દુઃખ ઘટે છે, પરંતુ સર્વ દુઃખનો નાશ તો થતો જ નથી. તેથી તેને દુઃખ જ છે. એ પ્રમાણે સંસારી જીવોને સર્વ પ્રકારે દુઃખ જ છે.

અહીં એટલું સમજવાનું છે કે સામાન્ય જીવોની અપેક્ષાએ ચોથી ઇચ્છાવાળાઓને કંઈક ત્રણ પ્રકારની ઇચ્છાઓ ઘટવાથી સુખી કહીએ છીએ. કોઈને ઘણી વિભૂતિ હોવા છતાં જો તેને ઇચ્છા ઘણી છે તો તે ઘણો વ્યાકુળ છે. અથવા કોઈને અનિષ્ટ સામગ્રી મળવા છતાં જો તેને દૂર કરવાની ઇચ્છા ઘણી થોડી

છે, તો તે થોડો વ્યાકુળ છે. તેથી સુખી-દુ:ખી થવું તે ઇચ્છા અનુસાર છે, પણ બાહ્ય કારણોને આધીન નથી. નરકના જીવોને દુ:ખી તથા દેવોને સુખી કહીએ છીએ, એ ઇચ્છાની અપેક્ષાએ જ કહીએ છીએ. કારણકે નારકીઓને કષાયની તીવ્રતા હોવાથી ઇચ્છા ઘણી છે, દેવોને કષાયની મંદતા હોવાથી ઇચ્છા થોડી છે. વળી મનુષ્ય અને તિર્યંચો પણ ઇચ્છાની અપેક્ષાએ જ સુખી-દુ:ખી જાણવાં.

પરંતુ વાસ્તવિકપણે ત્યાં દુ:ખ જ ઘણું વા થોડું હોય છે, સુખ નહીં. દેવાદિકોને પણ સુખી માનીએ છીએ એ જ ભ્રમ છે, કેમકે તેમને ચોથી ઇચ્છાની મુખ્યતા છે, તેથી તેઓ વ્યાકુળ છે. એ પ્રમાણે ઇચ્છા થાય છે, તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિથી થાય છે. તથા ઇચ્છા માત્ર આકુળતામય છે અને આકુળતા એ જ દુ:ખ છે.

હવે જે જીવોને દુ:ખોથી છૂટવું હોય તેણે ઇચ્છા દૂર કરવાનો ઉપાય કરવો અને ઇચ્છા તો ત્યારે જ દૂર થાય કે જ્યારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમનો અભાવ થઈ સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ થાય. માટે એ જ કાર્યનો ઉદ્યમ કરવો યોગ્ય છે.

એ પ્રમાણે સાધન કરતાં કરતાં જેટલી જેટલી ઇચ્છા મટે તેટલું તેટલું જ દુ:ખ દૂર થતું જાય અને મોહના સર્વથા અભાવથી જ્યારે ઇચ્છાનો સર્વથા અભાવ થાય ત્યારે સર્વ દુ:ખ મટી સત્ય સુખ પ્રગટે.

વળી જ્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો



અભાવ થાય ત્યારે ઇચ્છાના કારણરૂપ ક્ષયોપશમ જ્ઞાન-દર્શન અને શક્તિહીનતાનો પણ અભાવ થઈ અનંત જ્ઞાન, અનંત દર્શન, અને અનંત વીર્યની પ્રાપ્તિ થાય. કેટલાક કાળ પછી નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય રૂપ અઘાતી કર્મોનો પણ અભાવ થતાં ઇચ્છાનાં બાહ્ય કારણોનો પણ અભાવ થાય. કારણકે મોહ ગયા પછી એ કારણો એક સમયમાત્ર પણ કિંચિત્ ઇચ્છા ઉપજાવવા સમર્થ નથી. મોહના અસ્તિત્વમાં જ એ કારણ હતાં તેથી તેને કારણ કહ્યાં. તેનો પણ અભાવ થતાં જીવ સિદ્ધપદને પ્રાપ્ત થાય છે. ત્યાં દુ:ખનાં કારણોનો આત્યંતિક અભાવ હોવાથી અનુપમ, અખંડિત, સર્વોત્કૃષ્ટ આનંદસહિત અનંતકાળ બિરાજમાન રહે છે.

''ક્યા ઇચ્છત? ખોવત સબે! હૈ ઇચ્છા દુ:ખ મૂલ;જ્ઞ
જ્ઞજબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.''

('શ્રીમદ્ રાજચંદ્ર', હાથનોંધ-૧/૧૨)

''એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.જ્ઞઅપૂર્વ૦''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૩૮)

## શિક્ષાપાઠ ૯૧. ધ્યાનાષ્ટક

(દોહરા)

ધ્યાન, ધ્યેય, ધ્યાતા ત્રણે, એક જ નિજસ્વરૂપ;
અનન્ય ચિત્તવાળા મુનિ, વેદે નહિ દુઃખરૂપ.૧

ધ્યાતા અંતર આતમા, પરમાત્મા ગણ ધ્યેય;
ધ્યાન એકાગ્ર બુદ્ધિ છે, સમાપત્તિ ત્રણેય.૨

મણિમાં પ્રતિછાયા સમી, પરમાત્માની છાંય;
નિર્મળ ક્ષીણ વૃત્તિ ઉરે, સમાપત્તિ ગણ ત્યાંય.૩

તેનું ફળ જિન-નામકર્મ, સુપુણ્ય પ્રકૃતિરૂપ;
તેની સન્મુખતા થતાં, ક્રમે પરમપદ-ભૂપ.૪

એમ ધ્યાન-ફળથી ઘટે, વીસ સ્થાન તપ જોય;
કષ્ટ માત્ર અભવ્યને ય, દુર્લભ તે નહિ હોય.૫

જિતેન્દ્રિય ધીર યોગી જે, આત્મા જેનો સ્થિર;
દૃષ્ટિ નાસિકાગ્રે ધરે, શાંત, સુખાસન વીર.૬

બાહ્ય વૃત્તિ ઝટ રોકતા, ધરી ધારણા-ધાર;
અપ્રમત્ત, પ્રસન્ન ચિત્ત, ચિદાનંદ લય સાર.૭

અંતરમાં વિસ્તારતા, અવિપક્ષી સામ્રાજ્ય;
અનુપમ એ ધ્યાની ગણો, દેવ-મનુજ-જગમાં જ.૮

(જ્ઞાનમંજરી)

---



## શિક્ષાપાઠ ૯૨. આત્મધર્મ વિચાર, ભાગ–૧

“અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને
અત્યંત ભક્તિથી નમસ્કાર

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

**પ્રથમ પદ :–** ‘આત્મા છે’. જેમ ઘટ પટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

**બીજું પદ:–** ‘આત્મા નિત્ય છે’. ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

**ત્રીજું પદ:–** ‘આત્મા કર્ત્તા છે’. સર્વ પદાર્થ અર્થક્રિયા-સંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે,

માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.

**ચોથું પદ :–** 'આત્મા ભોક્તા છે'. જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિ-સ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.

**પાંચમું પદઃ–** 'મોક્ષપદ છે'. જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તા-પણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

**છઠ્ઠું પદ :–** તે 'મોક્ષનો ઉપાય છે'. જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે



સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.''

---

## શિક્ષાપાઠ ૯૩. આત્મધર્મ વિચાર, ભાગ–૨

''શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપ-મુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.

અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્-દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે.

કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું,

અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ—પ્રત્યક્ષ—અત્યંત પ્રત્યક્ષ—અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર



નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચાર-દશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!''

(ફાગણ, ૧૯૫૦, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૯૩)

''દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના, થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે

ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી, ભવિષ્ય કાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાનીપુરુષોને ભાસ્યું છે. માટે તે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્‌ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય, સર્વથા દુઃખથી મુક્તપણું તેને પ્રાપ્ત કરવું હોય તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો, ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસભાવ ભજી એક આત્મવિચાર કર્ત્તવ્યરૂપ ધર્મ ભજવો યોગ્ય છે.''

(મુંબઈ, વૈશાખ, ૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૩૭૫)

''આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા આત્મા', તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથાવાર્ત્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ......તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે.''

(શ્રાવણ વદ ૫, ૧૯૪૯, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૬૫)

---



## શિક્ષાપાઠ ૯૪. જ્ઞાન, ભાગ–૧

કોઈ પણ પદાર્થનો વિશેષપણે બોધ થવો તેને જ્ઞાન કહેવાય છે. એ જ્ઞાનની વ્યાખ્યા પ્રમાણે જીવમાત્રને જાણવાપણું કે જ્ઞાન હોય છે. જાણે નહીં તો ત્યાં જીવપણું જ ઘટતું નથી. પરંતુ મોક્ષમાર્ગમાં તો દેહથી આત્મા ભિન્ન છે, જ્ઞાન તેનો સ્વભાવ છે અને કદી નાશ ન પામે તેવો એ પદાર્થ છે એવો નિઃશંક, ભ્રાંતિરહિત આત્માનો બોધ જ્ઞાનીપુરુષના ઉપદેશથી આત્મામાં પરિણામ પામે, ત્યારે તે સમ્યક્‌જ્ઞાન કહેવાય છે અને તે મોક્ષનું કારણ બને છે. જે આત્મામાં આવો આત્મબોધ પ્રગટે છે તેને જ્ઞાની કહેવાય છે. અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યા છતાં દેહદેવળમાં રહેલા આત્માનું ભાન ન પ્રગટે તો તે જ્ઞાન નહીં પણ અજ્ઞાનની કોટીમાં જ્ઞાનીપુરુષોએ ગણ્યું છે.

''*'ચૌદપૂર્વધારી કંઈ જ્ઞાને ઊણા એવા અનંત નિગોદમાં લાભે અને જઘન્યજ્ઞાનવાળા પણ અધિકમાં અધિક પંદર ભવે મોક્ષે જાય એ વાતનું સમાધાન કેમ?'

એનો ઉત્તર જે મારા હૃદયમાં છે, તે જ જણાવી દઉં છું કે એ જઘન્યજ્ઞાન બીજું અને એ પ્રસંગ પણ બીજો છે. જઘન્યજ્ઞાન એટલે સામાન્યપણે પણ મૂળ વસ્તુનું જ્ઞાન; અતિશય સંક્ષેપમાં છતાં મોક્ષના બીજરૂપ છે એટલા માટે એમ કહ્યું; અને 'એક દેશે ઊણું' એવું ચૌદપૂર્વધારીનું જ્ઞાન તે એક મૂળ વસ્તુના જ્ઞાન સિવાય બીજું બધું જાણનાર થયું; પણ દેહદેવળમાં રહેલો શાશ્વત પદાર્થ જાણનાર ન થયું, અને એ ન થયું તો પછી લક્ષ વગરનું ફેંકેલું તીર લક્ષ્યાર્થનું કારણ નથી

તેમ આ પણ થયું. જે વસ્તુ પ્રાપ્ત કરવા ચૌદપૂર્વનું જ્ઞાન જિને બોધ્યું છે તે વસ્તુ ન મળી તો પછી ચૌદપૂર્વનું જ્ઞાન અજ્ઞાનરૂપ જ થયું. અહીં 'દેશે ઊણું' ચૌદપૂર્વનું જ્ઞાન સમજવું.

'દેશે ઊણું' કહેવાથી આપણી સાધારણ મતિથી એમ સમજાય કે ચૌદપૂર્વને છેડે ભણી ભણી આવી પહોંચતાં એકાદ અધ્યયન કે તેવું રહી ગયું અને તેથી રખડ્યા, પરંતુ એમ તો નહીં. એટલા બધા જ્ઞાનનો અભ્યાસી એક અલ્પ ભાગ માટે અભ્યાસમાં પરાભવ પામે એ માનવા જેવું નથી. અર્થાત્ કંઈ ભાષા અઘરી અથવા અર્થ અઘરો નથી કે સ્મરણમાં રાખવું તેમને દુર્લભ પડે. માત્ર મૂળ વસ્તુનું જ્ઞાન ન મળ્યું એટલી જ ઊણાઈ, તેણે ચૌદપૂર્વનું બાકીનું જ્ઞાન નિષ્ફળ કર્યું. એક નયથી એવી વિચારણા પણ થઈ શકે છે કે શાસ્ત્રો (લખેલાંનાં પાનાં) ઉપાડવાં અને ભણવાં એમાં કંઈ અંતર નથી, જો તત્ત્વ ન મળ્યું તો. કારણ બેયે બોજો જ ઉપાડ્યો. પાનાં ઉપાડ્યાં તેણે કાયાએ બોજો ઉપાડ્યો, ભણી ગયા તેણે મને બોજો ઉપાડ્યો, પરંતુ વાસ્તવિક લક્ષ્યાર્થ વિના તેનું નિરુપયોગીપણું થાય એમ સમજણ છે. જેને ઘેર આખો લવણસમુદ્ર છે તે તૃષાતુરની તૃષા મટાડવા સમર્થ નથી; પણ જેને ઘેર એક મીઠા પાણીની વીરડી છે, તે પોતાની અને બીજા કેટલાકની તૃષા મટાડવા સમર્થ છે; અને જ્ઞાનદૃષ્ટિએ જોતાં મહત્ત્વ તેનું જ છે.

તોપણ બીજા નય પર હવે દૃષ્ટિ કરવી પડે છે, અને તે એ કે કોઈ રીતે પણ શાસ્ત્રાભ્યાસ હશે તો કંઈ પાત્ર થવાની જિજ્ઞાસા થશે, અને કાળે કરીને પાત્રતા પણ મળશે અને



પાત્રતા બીજાને પણ આપશે. એટલે શાસ્ત્રાભ્યાસનો નિષેધ અહીં કરવાનો હેતુ નથી, પણ મૂળ વસ્તુથી દૂર જવાય એવા શાસ્ત્રાભ્યાસનો તો નિષેધ કરીએ તો એકાંતવાદી નહીં કહેવાઈએ.....આશા છે કે આથી સમાધાન થશે; અને તે પાત્રપણાના કોઈ પણ અંશોને વધારશે, એકાંતિક દૃષ્ટિને ઘટાડશે, એમ માન્યતા છે.''

(બી. ભાદ્ર. વદ ૭, રવિ, ૧૯૪૬, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૩૯)

## શિક્ષાપાઠ ૯૫. જ્ઞાન, ભાગ–૨

''જેમ સૂવર (ભૂંડ) વિષ્ટામાં મગ્ન થાય છે, તેમ ખરેખર અજ્ઞાની અજ્ઞાનમાં મગ્ન છે; જેમ રાજહંસ માનસરોવરમાં મગ્ન રહે છે, તેમ જ્ઞાની જ્ઞાનમાં અત્યંત મગ્ન રહે છે.''

મોહનો ત્યાગ જ્ઞાનથી થાય છે. જ્ઞાનીપુરુષોએ દ્રવ્યો, ગુણો અને સર્વ પર્યાયો (પદાર્થની અને ગુણની પલટાતી અવસ્થાઓ)ને જાણવારૂપ જ્ઞાન ઉપદેશ્યું છે. તે જ્ઞાન પાંચ પ્રકારનું છેઃ—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન.

મિથ્યાદર્શનમાં પણ ભ્રાંતિસહિત જ્ઞાન તે કુજ્ઞાન છે, તે મોહના ત્યાગનું કારણ નથી. માટે સમ્યક્દર્શનપૂર્વક, સ્વસ્વરૂપ ઉપાદેય છે અને અન્ય ભાવ હેય છે એવા ઉપયોગરૂપ લક્ષણવાળું સમ્યક્જ્ઞાન, સંસાર પ્રત્યે ઉદાસીનતાનો હેતુ હોવાથી અહીં જ્ઞાન ગણ્યું છે. કહ્યું છે કેઃ—

જે જ્ઞાનના ઉદય વખતે રાગનો સમૂહ દેખાય, તે જ્ઞાન

જ નથી; સૂર્યના કિરણ આગળ ઊભા રહેવાની અંધકારમાં શક્તિ ક્યાંથી હોય?

માટે તત્ત્વની સમજણરૂપ જ્ઞાન આત્માના સ્વસ્વભાવને પ્રગટ કરવાનું કારણ છે, મોક્ષમાર્ગનું મૂળ છે.

સ્વભાવ અને વિભાવના વિવેક વિનાનો અજ્ઞાની, ખરેખર અયથાર્થ ઉપયોગરૂપ અજ્ઞાનમાં મગ્ન થાય છે, એટલે યથાર્થ જ્ઞાન જેને નથી તે અયથાર્થમાં લીન થાય છે. કોની પેઠે? જેમ વિષ્ટામાં ભૂંડ મગ્ન થઈ જાય છે, તેમ અજ્ઞાની, નહીં ભોગવવા યોગ્ય, આત્મગુણને આવરણ કરવામાં કારણ-રૂપ પરવસ્તુમાં, શાતા આદિના ઉદયમાં, ઇન્દ્રિયોના વિષયોમાં લીન થઈ જાય છે. યથાર્થ સમજણવાળા જ્ઞાની તત્ત્વની સમજણરૂપ જ્ઞાનમાં, આત્મસ્વરૂપમાં તન્મય થાય છે.

આત્મસ્વરૂપની સમજણરૂપ અનુભવમાં લીન થયેલા પુરુષો, ઇન્દ્ર આદિને આશ્ચર્ય પમાડનાર મનોહર શબ્દ આદિ વિષયોને તરણા તુલ્ય ગણે છે, સ્વરૂપે રમે છે, ભીષ્મ ગ્રીષ્મના તાપથી તપેલી શિલા ઉપર ઊભેલા છતાં શીતળીભૂત અંતઃકરણવાળા છે, લક્કડિયું હિમ પડે ત્યારે પણ જે કંપી ઊઠતા નથી, અડોલ રહે છે. આખા જગતને ખળભળાવી મૂકે તેવા ઉત્પાતોમાં પણ જે ક્ષોભ પામતા નથી, પણ આત્મતત્ત્વનું ધ્યાન કરે છે, ચિંતવન કરે છે સ્વગુણપર્યાયનું, ઇન્દ્રના વૈભવની સરખામણી કરે તેવા ચક્રવર્તીના વિલાસોને તે તજે છે. શું કહેવું? આત્માના આનંદની સમજણના રસિયા સત્પુરુષોને બીજું બધું દુષ્ટ લાગે છે. યથાર્થ સંપૂર્ણ પ્રત્યક્ષ આત્માના રસિયા સત્પુરુષો સહન કરે છે પરિષહોને, શરૂ કરે



છે શ્રેણી, અને વિસ્તારે છે સ્વરૂપમાં લીનતારૂપ ધ્યાન; માટે જ્ઞાનનો સ્વાદ લેનાર મહાપુરુષોને જ ધન્ય છે! 'સંવેગ રંગશાળા'માં કહ્યું છે :–

જેમને નિજ તત્ત્વ(આત્મા)ના બોધની રુચિ જાગી તે ધન્ય છે, કૃતકૃત્ય છે; જે તત્ત્વબોધ(આત્મજ્ઞાન)ના ભોગી છે, તે ભવ્યજનોને પૂજવા યોગ્ય છે; જેમને નિર્મળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને આત્મસ્વભાવના ભોગી થયા તે મહા સુખી મહાત્માનું નામ પણ કલ્યાણકારી છે.

જે સ્વતત્ત્વજ્ઞાનના રસિક છે તેમનો જન્મ અને જીવન સફળ છે. માટે જેમ રાજહંસ માનસરોવરમાં મગ્ન રહે છે, તેમ જ્ઞાની જ્ઞાનમાં મગ્ન રહે છે.

દોહરો—ભૂંડ રમે વિષ્ટા વિષે, અજ્ઞાને મૂઁઢ મગ્ન;
માનસરોવર હંસ સમ, જ્ઞાની જ્ઞાને લગ્ન.૭૧

---

## શિક્ષાપાઠ ૯૬. જ્ઞાન, ભાગ–૩

એક પણ મોક્ષના સાધનભૂત પદ—વચનની જે વારંવાર ભાવના કરાય, તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. એથી આગમ અને શ્રુતરૂપ યુક્તિથી મનનું વારંવાર સ્મરણરૂપ નિદિધ્યાસન બતાવ્યું. કારણ કે તેથી તત્ત્વજ્ઞાન ઊપજે છે. 'સમાધિ' પદ માત્રની ભાવનાથી અનંત સિદ્ધો થયેલા શાસ્ત્રમાં સાંભળીએ છીએ. ઘણું ભણવાનો આગ્રહ નથી; ભાવનારૂપ જ્ઞાન થોડું હોય તો પણ ઘણું છે; અને તે વિનાનું ઘણું જ્ઞાન તે પોપટ-પાઠ જેવું છે.

કર્મરહિત દશા(મોક્ષ)ના કારણરૂપ એક પદ પણ સ્યાદ્વાદની અપેક્ષાવાળું વારંવાર આત્મામાં તન્મય થઈ ભાવવું. જેમકે—

"देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः ॥"

**ભાવાર્થ**—'હું કર્તા', 'હું મનુષ્ય', 'હું સુખી', 'હું દુઃખી', એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન તે જેનું ગળી ગયું છે; અને સર્વોત્તમ પદ રૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં તેને સમાધિ જ છે."

વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મ-ચિંતન, પરિશીલન, નિદિધ્યાસનરૂપે કરણ, કર્તાપણું, કારણપણું, આધારપણું, આસ્વાદન, વિશ્રામ, સ્વરૂપમાં એકતા, જેથી આત્મા સ્વરૂપમાં લીન થાય, અનાદિથી નહીં ચાખેલું આત્મસુખ અનુભવે તે જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે. તેવા પદનો જ અભ્યાસ કર્યો તો બાકીના વાણીના વિસ્તારરૂપ ઘણા જ્ઞાનનો આગ્રહ શું રાખવો? ઘણા કથનજ્ઞાનનો શાસ્ત્રઅભિનિવેશ શા કામનો છે? ભાવનારૂપ જ્ઞાન થોડું જ હોય તો પણ અમૃત તુલ્ય, અનાદિનાં કર્મરૂપ રોગને હરવા સમર્થ છે.

એક પદ પણ મોક્ષ દે, ભાવ્યાથી બહુ વાર;
તે જ ઉત્તમ જ્ઞાન ગણ, બહુ શ્રુત હઠ ના ધાર.૭૨

આત્મસ્વભાવની પ્રાપ્તિના સંસ્કાર(વાસના)નું કારણભૂત જ્ઞાન ઇચ્છીએ છીએ; એટલે થોડાં ઘણાં વીતરાગ વચનથી વિચારણા પ્રગટ થતાં ભાવનાપૂર્વક વીતરાગનું સ્મરણ થવાથી આત્મામાં તન્મય થવાના કારણરૂપ જ્ઞાન ઇચ્છવા યોગ્ય છે.



એ સિવાય બીજું જે અધિક ભણવું તે બુદ્ધિનું અંધપણું છે, એમ મહાત્માએ (પતંજલિ ઋષિએ) કહ્યું છે. પ્રથમ યોગદૃષ્ટિની અપેક્ષાએ, અદ્વેષગુણને લઈને પતંજલિ ઋષિને મહાત્મા અહીં કહ્યા છે. જે જ્ઞાન સ્વપરના વિવેક, આત્મામાં એકતા-તન્મયતા અને પરવસ્તુના ત્યાગ માટે થતું નથી તે બધું અરણ્યરુદન સમાન છે. "અસંયમની જુગુપ્સારહિત જ્ઞાન પોપટિયું સમજવું", એમ હરિભદ્રસૂરિ કહે છે. જે સર્વ પુદ્‌ગલોથી વિરક્ત થયો છે અને સ્વસ્વભાવનો ઇચ્છક છે, તે યથાર્થ સ્વરૂપે આત્માને જાણે છે, તે જ જ્ઞાન છે. માટે સ્વસાધ્યની સિદ્ધિ માટે આત્મજ્ઞાન મેળવવા ઉદ્યમ કર્તવ્ય છે.

અલ્પજ્ઞાને નહીં શાંતિ, જ્ઞાનગર્વિષ્ઠના ઉરે,
થોડી વૃષ્ટિ થતાં ભૂમિ, બાફથી ઘામને પૂરે.

આત્મજ્ઞાન વિના દુઃખી, આત્મજ્ઞાને સુખી સદા;
જ્ઞાન અભ્યાસથી પોષો, આત્મા જ્ઞાની થશે તદા.

"પઢે પાર કહાં પાવતો, મિટી ન મનકી આશ;
જ્યૂં કોલૂકે બેલકો, ઘર હી કોશ પચાશ." ૩

અનિશ્ચિત (અનિર્ધારિત) અર્થવાળા વાદ—પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ—કરતાં છ માસ સુધી કંઠશોષ કરે પણ ગમન કરવામાં ઘાંચીના બળદની પેઠે તત્ત્વનો પાર પામે નહીં. તત્ત્વજ્ઞાનની અભિલાષા વિનાના જીવને અનેક શાસ્ત્રો શીખવાનો પરિશ્રમ વેઠવા છતાં તે વેઠરૂપ થાય છે, તત્ત્વના અનુભવનો સ્પર્શ થતો નથી. માટે યથાર્થ તત્ત્વજ્ઞાનની રુચિવાળા થવું ઘટે છે.

અનિર્ણીત રૂપ જે કરે, વાદવિવાદ અપાર;
સ્વાનુભવ નહિ પામતો, બેલ ઘાંચીનો ધાર.૭૪

પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, પોતાના જ શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોમાં અને પોતાના શુદ્ધ અર્થ-વ્યંજન પર્યાયોમાં પરિણતિ (ચર્યા) શ્રેષ્ઠ છે; અને પર દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ગ્રહણ અને ઉત્પત્તિરૂપ પરિણતિ તે ભલી નથી. એ પ્રમાણે મુષ્ટિજ્ઞાનની (સંક્ષેપથી રહસ્ય જ્ઞાનની) સ્થિતિ-મર્યાદા આત્માને સંતોષ આપનાર મુનિને હોય છે. કહ્યું છે કે ''અથવા આત્મા જ મુનિનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર છે.''

જે આત્મા સ્વભાવના જ્ઞાતા, સ્વભાવના ભોક્તા અને વસ્તુસ્વભાવરૂપ ધર્મમાં રમણ કરનાર છે, તે ઉત્તમ મહાત્મા છે અને બીજા જીવો તો સંસારરૂપ કાદવમાં રમણ કરનાર ડુક્કર સમાન છે.

પરભાવના સંગથી બંધ થાય છે અને પરભાવના ત્યાગથી મોક્ષ થાય છે. પરભાવના અનુભવરૂપ પરિણામ સર્વ દોષોનું મૂળ છે. તેથી જ દેશવિરતિવંત શ્રાવકો અને સર્વવિરતિ-વાળા સાધુ પરિગ્રહાદિનાં પ્રત્યાખ્યાન કરે છે, સ્વજન-પરિજનનો ત્યાગ કરે છે; અંગીકાર કરે છે એકલા વિહાર કરવાનું, શ્રવણ કરે છે આત્મસત્તાની કથા, ચિંતન કરે છે આત્મધર્મની અનંતતાનું, ધ્યાન કરે છે પોતાના ગુણપર્યાયનું, મગ્ન થાય છે તેના અનુભવ વડે આત્મપરિણામમાં, અને તજે છે સર્વ પરભાવની અનુમતિ. આત્માનું ગ્રહણ અને પરભાવનો ત્યાગ એ નિર્ગ્રંથના જ્ઞાનની મર્યાદા છે.



દ્રવ્ય, ગુણ, પર્યાય નિજ, તેમાં તન્મય સ્વાદ;
અન્ય અકાર્ય ગણે મુનિ, જ્ઞાન-મુષ્ટિ મર્યાદ.૭૫

---

## શિક્ષાપાઠ ૯૭. જ્ઞાન, ભાગ–૪

''જો ગ્રંથિના ભેદથી ઉત્પન્ન થયેલું (અહીં કારણમાં કાર્યનો ઉપચાર છે) વિષય પ્રતિભાસ-દલરહિત આત્મપરિણતિ-વાળું જ્ઞાન છે, તો વિવિધ પ્રકારનાં શાસ્ત્રોના બંધનનું શું કામ છે? કારણ કે એ જ અભ્યાસના પરિપાકથી તત્ત્વસંવેદન થાય ત્યારે ભાવચારિત્ર પરિણમે, પર સાધન(શાસ્ત્રરૂપ)ની અપેક્ષા નથી. અહીં દૃષ્ટાંત છે કે જો દૃષ્ટિ જ અંધકારમાં દેખી શકે એવી હોય, તો દીવાઓની શી જરૂર છે?

જ્ઞાન ત્રણ પ્રકારનું છે: વિષય-પ્રતિભાસરૂપ, આત્મ-પરિણતિવાળું અને તત્ત્વસંવેદનરૂપ. જેમાં કેવળ ઇંદ્રિયગોચર વિષયોનો જ પ્રતિભાસ હોય, પરંતુ તેમાં પ્રવૃત્તિથી થતા તાત્ત્વિક અર્થ કે અનર્થનો ખ્યાલ ન હોય એવું, હેય અને ઉપાદેયના વિવેકરહિત જ્ઞાન વિષયપ્રતિભાસરૂપ કહેવાય છે.

જ્ઞાનથી થતી પ્રવૃત્તિના પરિણામનો ખ્યાલ જેમાં છે એવું, હેય અને ઉપાદેય તત્ત્વના વિવેકવાળું, પણ તેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિરહિત સાક્ષીરૂપ જ્ઞાન આત્મપરિણતિવાળું કહેવાય છે. આ જ્ઞાન અત્યંત દુર્ભેદ્ય રાગદ્વેષ અને મિથ્યાત્વની ગ્રંથિનો ભેદ થયે સમ્યગ્દૃષ્ટિને હોય છે.

જેમાં તત્ત્વ(પરમાર્થ)નો સ્પષ્ટ ખ્યાલ હોય તથા હેય અને

ઉપાદેય અર્થના વિવેકયુક્ત અને તેમાં પ્રવૃત્તિ નિવૃત્તિ સહિત હોય તે તત્ત્વસંવેદનરૂપ જ્ઞાન કહેવાય છે.

જો ગ્રંથિનો ભેદ થવાથી હેય અને ઉપાદેય અર્થના વિવેકવાળું જ્ઞાન હોય તો પછી હેય અને ઉપાદેયનો વિવેક જણાવનાર શાસ્ત્રરૂપ સાધનની શી આવશ્યકતા છે?

ગ્રંથિભેદી જ્ઞાન જ્યાં, પર સાધન અભ્યાસ;
ગણો નકામો દીપ જ્યાં તમહર દૃષ્ટિ-વિકાસ.૭૬

મિથ્યાત્વરૂપી પર્વતની પાંખોને છેદનાર જ્ઞાનરૂપી વજ્રથી શોભતા ઇન્દ્ર સમાન નિર્ભય યોગી આનંદરૂપી નંદનવનને વિષે ક્રીડા કરે છે, સહજ સુખને અનુભવે છે.

મિથ્યા-ગિરિ-પાંખો ચીરી, જ્ઞાન વજ્ર સોહાય;
મુનિ નિર્ભય હરિ સમ રમે, પ્રમોદ-નંદનમાંય.૭૭

સમુદ્રમાંથી નહીં ઊપજેલું અમૃત, જરા અને મરણને હરનાર રસાયન (પણ ઔષધિઓથી તૈયાર કરેલું નહીં), હાથી ઘોડા આદિ અન્યની અપેક્ષા વગરનું ઐશ્વર્ય—ઠકુરાઈ, તે જ્ઞાન છે, એમ મોટા પંડિતોએ (જ્ઞાનીઓએ) કહ્યું છે.

આત્મજ્ઞાન પરમ ઉપાદેય છે; તે યથાર્થ જાણવારૂપ અને પરભાવને ત્યાગવારૂપ લક્ષણવાળું કહ્યું છે. માટે અનાદિથી પરભાવમાં પરિણમેલો, મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમમાં મોહ પામેલો જીવ, પરભાવથી ઉત્પન્ન થયેલી, આત્માને આવરણરૂપ પરિણતિને યથાર્થપણે અંગીકાર કરીને પરભાવમાં મોહ પામેલો તે જીવ સૂક્ષ્મ નિગોદ આદિ ૧૪ જીવસ્થાનો



(સમાસ)માં ભમે છે; અને તત્ત્વજ્ઞાનરૂપ અમૃતમાં પરિણમેલો આત્મા, મિથ્યાત્વ આદિ દોષો દૂર કરી સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અવસ્થા પામીને સ્વરૂપના જ્ઞાન અને આનંદવાળો થઈ સર્વ દોષથી રહિત થાય છે. તેથી જ અમૃત, રસાયન અને ઔષધરૂપ જ્ઞાન છે; તેને અર્થે જ ઉદ્યમ કરવા યોગ્ય છે.

રસાયણ ઔષધિજ નહીં, અમીં નહિ ઉદધિજાત,
પરાધીન ઐશ્વર્ય નહિ, જ્ઞાન તે જ વિખ્યાત.૭૮''

(જ્ઞાનમંજરી)

''એક મુનિ ગુફામાં ધ્યાન કરવા જતા હતા. ત્યાં સિંહ મળ્યો. તેમના હાથમાં લાકડી હતી. સિંહ સામી લાકડી ઉગામી હોય તો સિંહ ચાલ્યો જાય એમ મનમાં થતાં મુનિને વિચાર આવ્યો કે 'હું આત્મા અજર, અમર છું, દેહપ્રેમ રાખવા યોગ્ય નથી; માટે હે જીવ! અહીં જ ઊભો રહે. સિંહનો ભય છે તે જ અજ્ઞાન છે. દેહમાં મૂર્છાને લઈને ભય છે.' આવી ભાવના ભાવતાં બે ઘડી સુધી ઊભા રહ્યા તો કેવળજ્ઞાન પ્રગટ થયું. માટે વિચારદશા, વિચારદશા વચ્ચે ઘણો જ ફેર છે.'' (ઉપદેશછાયા-૬, પૃષ્ઠ-૭૦૫)

''જ્ઞાનીપુરુષને શિષ્યે પ્રશ્ન પૂછ્યુંઃ 'બાર ઉપાંગ તો બહુ ગહન છે; અને તેથી મારાથી સમજી શકાય તેમ નથી; માટે બાર ઉપાંગનો સાર જ બતાવો કે જે પ્રમાણે વર્તું તો મારું કલ્યાણ થાય.' સદ્ગુરુએ ઉત્તર આપ્યોઃ બાર ઉપાંગનો સાર તમને કહીએ છીએ કે, 'વૃત્તિઓને ક્ષય કરવી.'

આ વૃત્તિઓ બે પ્રકારની કહીઃ એક બાહ્ય અને બીજી અંતર્. બાહ્યવૃત્તિ એટલે આત્માથી બહાર વર્તવું તે. આત્માની

અંદર પરિણમવું, તેમાં શમાવું, તે અંતર્‌વૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો અંતર્‌વૃત્તિ રહે. જેમ અલ્પ કિંમતનો એવો જે માટીનો ઘડો તે ફૂટી ગયો અને પછી તેનો ત્યાગ કરતાં આત્માની વૃત્તિ ક્ષોભ પામતી નથી, કારણકે તેમાં તુચ્છપણું સમજાયું છે. આવી રીતે જ્ઞાનીને જગતના સર્વ પદાર્થ તુચ્છ ભાસ્યમાન છે. જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઇત્યાદિક પદાર્થમાં સાવ માટીપણું જ ભાસે છે.''

''સ્ત્રી એ હાડમાંસનું પૂતળું છે એમ સ્પષ્ટ જાણ્યું છે તેથી વિચારવાનની વૃત્તિ ત્યાં ક્ષોભ પામતી નથી.''

(ઉપદેશછાયા-૪, પૃષ્ઠ-૬૮૮)

---

## શિક્ષાપાઠ ૯૮. દશ લક્ષણ ધર્મ કથા, ભાગ–૧

ધાતકી ખંડના પૂર્વવિદેહ ક્ષેત્રમાં વિશાલ નામે નગર છે. ત્યાંના રાજાની કન્યા મૃગાંકલેખા, પ્રધાનની કન્યા કમલસેના, નગરશેઠની કન્યા મદનવેગા, અને પુરોહિતની કન્યા રોહિણી એ ચારે કન્યાઓ એક ગુરુ પાસે ભણેલી હતી.

પોતપોતાનાં માત-પિતાની આજ્ઞાથી એક દિવસે તે ચારે વનક્રીડા કરવા જંગલમાં ગઈ ને દૂર નીકળી ગઈ. ત્યાં એક મુનિરાજ ઉપર તેમની દૃષ્ટિ પડી; ત્યાં જઈ વિનયપૂર્વક નમસ્કાર કરી તે ઉપદેશ સાંભળવા લાગી. મુનિ અને ગૃહસ્થોના ધર્મ વિષે સાંભળી તે કન્યાઓએ પ્રશ્ન કર્યોઃ ''હે નાથ! હવે અમને કૃપા કરીને એવો માર્ગ બતાવો કે જેથી આ પરાધીન સ્ત્રી-પર્યાય તથા જન્મ-મરણાદિ દુઃખોથી અમારો છુટકારો થાય.''



શ્રી ગુરુ બોલ્યાઃ ''હે બાલિકાઓ! સાંભળો. આ જીવ અનાદિકાળથી મોહભાવને વશ થઈ વિપરીત આચરણ કરે છે; તેથી જ્ઞાનાવરણાદિ આઠ કર્મો બાંધે છે, અને પરાધીન થઈને સંસારમાં અનેક દુઃખો ભોગવે છે. સુખ, ખરી રીતે, ક્યાંય બહારથી આવતું નથી અને એ કોઈ જુદો પદાર્થ પણ નથી. સુખ તો આત્માની પાસે જ છે, પોતાના આત્માનો જ સ્વભાવ છે. જ્યારે તીવ્ર મોહનો ઉદય આવે, ત્યારે આ જીવ ક્ષમાદિ ગુણો જે સુખ-શાંતિ સ્વરૂપ છે તે ભૂલી જાય છે; અને વિપરીત એવા ક્રોધ આદિ ભાવો કરે છે, અને આ પ્રકારે સ્વપરની હિંસા કરે છે.

જો જીવ પોતાના સ્વરૂપનો વિચાર કરે અને ઉત્તમ ક્ષમાદિ ગુણો ધારણ કરે, તો નિઃસંદેહ આ ભવ અને પરભવમાં સુખ ભોગવી પરમપદ એટલે મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે તો સ્ત્રી-પર્યાય છૂટવામાં શી હરકત આવે? તેથી હે પુત્રીઓ! તમે મન-વચન-કાયાથી ઉત્તમ દશ લક્ષણરૂપ ધર્મ ધારણ કરી યથાશક્તિ વ્રત પાળશો તો નિઃસંદેહ મનવાંછિત ઉત્તમ ફળ પામશો. ભગવાને નીચે પ્રમાણે ધર્મનાં દશ લક્ષણ તથા તેને રોકનાર દોષો કહ્યા છેઃ—

(૧) ઉત્તમ ક્ષમા ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ ક્રોધ છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ ક્ષમારૂપ ધર્મ પ્રગટે.

(૨) ઉત્તમ માર્દવ ગુણ—નમ્રતા, વિનયરૂપ ધર્મ; તેનો પ્રતિપક્ષી દોષ માન છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ વિનયરૂપ ધર્મ પ્રગટે.

(૩) ઉત્તમ આર્જવ ગુણ—સરળતારૂપ ધર્મ; તેનો પ્રતિપક્ષી દોષ માયા છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ સરળતારૂપ ધર્મ પ્રગટે.

(૪) ઉત્તમ શૌચ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ લોભ છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ નિર્લોભતા—નિઃસ્પૃહતારૂપ ધર્મ પ્રગટે.

(૫) ઉત્તમ સત્ય ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ મિથ્યાત્વ (મોહ) છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ સત્યરૂપ ધર્મ પ્રગટે.

(૬) ઉત્તમ સંયમ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ વિષય ઉપરનો પ્રેમ છે, તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ સંયમરૂપ ધર્મ પ્રગટે.

(૭) ઉત્તમ તપ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ ઇચ્છા-તૃષ્ણા; તે શમ્યે, તેનો રોધ થયે, મંદ થયે કે ક્ષય થયે, એટલે મન વશ કર્યે ઉત્તમ તપ લક્ષણ ધર્મ પ્રગટે.

(૮) ઉત્તમ ત્યાગ ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ મમત્વ, મૂર્ચ્છા, રાગભાવ; તે શમ્યે, મંદ થયે કે ક્ષય થયે ઉત્તમ ત્યાગ લક્ષણ ધર્મ પ્રગટે.

(૯) ઉત્તમ આકિંચન્ય ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ પરિગ્રહ છે, તેનો નિયમ કરવાથી, ઘટાડવાથી કે સંપૂર્ણપણે પ્રતિજ્ઞા-પૂર્વક સર્વસંગ તજવાથી, નિઃસ્પૃહતા રાખવાથી આકિંચન્ય કે ઉત્તમ લઘુતા લક્ષણ ધર્મ પ્રગટે.



(૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય ગુણ—તેનો પ્રતિપક્ષી દોષ કામ-વિકાર; તેનાં કારણોનો, નિમિત્તોનો નિયમ કરવાથી, એક દેશે તજવાથી કે તે વિકારનો સંપૂર્ણ ક્ષય થયે ઉત્તમ બ્રહ્મચર્યરૂપ ધર્મ પ્રગટે છે.

## શિક્ષાપાઠ ૯૯. દશ લક્ષણ ધર્મ કથા, ભાગ—૨

શ્રી ગુરુ—આ દશે ધર્મો તે તે ઘાત કરનાર દોષોનો નાશ થાય, તો પ્રગટે છે અને ધર્મનું ફળ દે છે.

**૧.ક્ષમા—**ક્ષમાવંત જીવ કદાપિ કોઈ જીવ સાથે વૈરવિરોધ નથી કરતો કે કોઈને સારો નરસો કહેતો નથી; પરંતુ પોતાને કોઈ દોષ દે તે સાંભળીને, કે કોઈ કનડે તોપણ મિજાજ ખોઈ બેસતો નથી; ઊલટો દુઃખ દેનાર જીવો પર દયા લાવીને (ક્ષમા કરે છે, તથા પોતાના થયેલા અપરાધોની) ક્ષમા માગી લે છે. આથી ક્ષમાવંત મનુષ્યનો કોઈ દુશ્મન હોતો નથી અને પોતાનું જીવન સુખ-શાંતિમાં ગાળે છે.

**૨.માર્દવ—**નમ્રતારૂપ ધર્મ ધારણ કરનાર મનુષ્યને ક્ષમા તો હોય છે, પણ જાતિ, કુળ, બળ, ઐશ્વર્ય-અધિકાર, ધન, રૂપ, વિદ્યા અને તપ- એ આઠ મદનો નાશ થવાથી વિનય ભાવ પ્રગટ થાય છે. એવો જીવ પોતાનાથી મોટા પ્રત્યે ભક્તિ-સેવાચાકરી રૂપે વિનયભાવ રાખે છે અને નાના પ્રત્યે કરુણા કે નમ્રભાવ-નરમાશ રાખે છે અને સર્વની સાથે યથાયોગ્ય મીઠાં વેણ બોલે છે. કોઈ દિવસ કોઈને કઠોર

શબ્દો કહેતો નથી. આથી તે મીઠા બોલ બોલનાર, વિનય-વાળો મનુષ્ય સર્વને પ્રિય લાગે છે. કોઈની સાથે દ્વેષ કે અણબનાવ નહીં થવાથી આનંદમાં જીવન ગાળે છે.

**૩.ૐઆર્જવ**—સરળતારૂપ ધર્મધારી માણસને ક્ષમા અને માર્દવ ધર્મ તો હોય છે જ; પણ સરળતા વિશેષમાં હોય છે. તેના મનમાં જે વાત હોય, તે જ વાણી વડે કહે છે અને કહ્યા પ્રમાણે તે વર્તે છે. આમ સરળ પરિણામી જીવ નિષ્કપટ હોવાથી નિશ્ચિંત અને સુખી થાય છે.

**૪.ૐશૌચ**—શૌચવાન મનુષ્ય ઉપરના ત્રણે ધર્મ ક્ષમા, માર્દવ અને આર્જવ પાળવા ઉપરાંત પોતાના આત્માને લોભથી બચાવે છે. જે પદાર્થ ન્યાયપૂર્વક કમાણીથી ભાગ્યવશાત્ પ્રાપ્ત થાય છે, તેમાં તે સંતોષ રાખે છે. કદી સ્વપ્નમાં પણ પરધન લઈ લેવાના ભાવ તેને આવતા નથી. કદી અશુભ કર્મના ઉદયે તેને કંઈ તોટો, ખોટ આવે કે કોઈ પ્રકારે તેનું દ્રવ્ય જતું રહે, તોપણ તેને દુઃખ લાગતું નથી; પોતાનાં કર્મનું ફળ જાણી ધીરજ ધારણ કરે છે. પરંતુ તે ખોટ પૂરવાને બીજાને હાનિ પહોંચે તેમ કરે નહીં. આવા સંતોષી પુરુષને તૃષ્ણા નહીં હોવાથી સદા આનંદ રહે છે અને આથી કદી કોઈથી ઠગાતો પણ નથી.

**૫.ૐસત્ય**—સત્યવાન જીવ હંમેશાં જે વાત જેવી હોય તેવી કે જેવી જાણતો હોય કે સમજતો હોય તેવી જ કહે છે; બીજું કંઈ કહે નહીં. કહેલું વચન બદલે નહીં; અથવા કોઈને



હાનિ કે દુઃખ થાય તેવાં વચન કદી કહે નહીં. તે સદાય પોતાનાં વચનો ઉપર દૃઢ રહે છે. તે જૂઠું બોલનારો નહીં હોવાથી સર્વ તેના ઉપર વિશ્વાસ રાખે છે. આવા સત્યવંતને ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ અને શૌચ એ ચાર ધર્મ અવશ્ય હોય છે. સંસારમાં તે સન્માન અને સુખ પામે છે.

**૬.ૐસંયમ**—સંયમી પુરુષ પણ ઉપરનાં પાંચે વ્રત (ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ અને સત્ય) પાળવા ઉપરાંત પોતાની ઇંદ્રિયોને તેમના વિષયો પ્રત્યે જતી રોકે છે. આવી દશામાં તેને કોઈ પદાર્થ ઇષ્ટ કે અનિષ્ટ પ્રતીત થતો નથી. કારણ કે વિષય-અનુરાગતાને લઈને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થ ઇષ્ટ, અને અરુચિકર વા ગ્રહણ ન કરવા યોગ્ય પદાર્થ અનિષ્ટ, એમ લાગે છે. એ ઇષ્ટ-અનિષ્ટની કલ્પના ન રહેવાથી તેમાં હેય, ઉપાદેય—ગ્રહણ, છોડવાની કલ્પના પણ રહેતી નથી; ત્યારે સમભાવ થાય છે. આથી તે સમરસનો આનંદ પામે છે.

**૭.ૐતપ**—તપસ્વી ઇંદ્રિયોને વશ કરવા ઉપરાંત મનને ઉપર્યુક્ત છ ધર્મ વડે પૂર્ણ રીતે વશ કરે છે. મનને અહીં તહીં ભટકતું રોકે છે; કોઈ પ્રકારની ઇચ્છા ઉત્પન્ન થવા દેતો નથી. જ્યાં ઇચ્છા જ નથી રહેતી, ત્યાં આકુળતા કઈ વાતની રહે? એ પોતાના ઉપર આવનાર સર્વ પ્રકારના ઉપસર્ગો ધીરતાપૂર્વક સહન કરવા તૈયાર હોય છે. ખરી રીતે એવો કોઈ દેવ, માણસ કે પશુ સંસારમાં જન્મેલ નથી કે જે આવા પરમ તપસ્વીને તેના ધ્યાનમાંથી કિંચિત્ માત્ર ડગાવી શકે. આથી

આવા મહાપુરુષને એકાગ્ર ચિંતાનિરોધરૂપ ધર્મ વા શુક્લધ્યાન હોય છે. તેથી અનાદિનાં લાગેલાં કઠણ કર્મોનો થોડા સમયમાં નાશ કરીને સાચા સુખનો તે અનુભવ કરે છે.

**૮.ઉત્ત્યાગ**—ત્યાગી પુરુષને ઉપરનાં સાતે વ્રત તો હોય છે, પણ આ પુરુષનો આત્મા બહુ ઉદાર બને છે. તે પોતાના આત્માથી રાગ, દ્વેષ આદિ ભાવો દૂર કરવા અને સ્વપર ઉપકારનું કારણ આહાર આદિ ચારે જાતનાં દાન દે છે; દાન આપીને પોતાને ધન્ય અને ધનને સફળ થયેલ સમજે છે. આ કદી સ્વપ્ને પણ પોતાની કીર્તિ કે યશ ઇચ્છતા નથી; દાન આપી તેનું સ્મરણ પણ રાખતા નથી, કે કોઈને કહી બતાવતા પણ નથી. ખરી રીતે દાન દઈને ભૂલી જવું એ જ દાતાનો સ્વભાવ હોય છે. તેથી આ પુરુષનું ચિત્ત સદાય પ્રસન્ન રહે છે. મરણનો પ્રસંગ આવી જાય તો પણ તે નિરાકુળ રહે છે. તેનું ચિત્ત ધનાદિમાં ફસાઈ આર્ત્ત, રૌદ્ર ધ્યાન કદી કરતું નથી; તેથી તેનો આત્મા સદ્‌ગતિ પામે છે.

**૯.ઉત્આકિંચન્ય**—બાહ્ય, અભ્યંતર સમસ્ત પ્રકારના પરિગ્રહો ઉપરથી મમત્વભાવ છોડી દેનાર પુરુષ સદાય નિર્ભય રહે છે. એને નથી કશું સંભાળવાનું કે નથી કશાની રક્ષા કરવાની—એટલા સુધી કે, પોતાના શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ છે; તો આવા મહાપુરુષને કયો પદાર્થ આકુળતા કરાવે? કારણકે તે પોતાના આત્મા સિવાય સમસ્ત પદાર્થોને અને શુદ્ધ ચૈતન્ય એવા ભાવો સિવાય સમસ્ત પરભાવો વા વિભાવોને હેય (તજવા યોગ્ય) સમજે છે. તેથી તેને કંઈ પણ



મમત્વ બાકી રહેતું નથી; સમયે સમયે અસંખ્યાત વા અનંત ગુણી કર્મોની નિર્જરા થતી રહે છે, તેથી તે સુખી રહે છે.

**૧૦.ઉત્બ્રહ્મચર્ય**—બ્રહ્મચર્યધારી મહા બળવાન યોદ્ધો સદૈવ ઉપરનાં નવ વ્રત ધારણ કરીને પોતાના આત્મામાં જ નિરંતર રમણતા કરે છે. તે બાહ્ય સ્ત્રી આદિથી વિરક્ત (વૈરાગ્યવંત—અનાસક્ત) રહે છે. તેની દૃષ્ટિમાં સર્વ સંસારના જીવ સમાન પ્રતીત થાય છે. સ્ત્રી પુરુષ નપુંસક આદિને વેદ નામના કર્મની ઉપાધિ જાણે છે. એ વિચારે છે કે આ દેહ હાડ, માંસ, મળ, મૂત્ર, લોહી, પાચ આદિ મહા અપવિત્ર કે દુર્ગંધવાળા પદાર્થોનો કોથળો છે; બહાર સર્વે બાજુથી ચામડાની પાતળી ચાદર લપેટ્યાથી તે રાગી જીવોને સારો લાગે છે. જો તે ચામડીરૂપી ચાદર લઈ લેવામાં આવે, કે વૃદ્ધાવસ્થા આવી જાય, તો તે તરફ જોવું પણ ન ગમે. આવા દુગંછા થાય કે ચીતરી ચઢે તેવા શરીરમાં ક્રીડા શી કરવી? વિષ્ટાના કીડાની પેઠે તેમાં પોતે પોતાને ફસાવી ચાર ગતિના દુઃખમાં પડવાનું શા માટે કરવું? આ પ્રકારે આ યોદ્ધો કામનો દુર્જય કિલ્લો તોડી, પોતાના અનંત સુખમય આત્મામાં વિહાર કરે છે. આવા મહાપુરુષનો આદર સત્કાર સર્વ જગાએ થાય છે અને પછી એવું કોઈ કાર્ય બાકી નથી રહેતું કે જેને એ અખંડ બ્રહ્મચારી ન કરી શકે! તાત્પર્ય કે એ સર્વ કાર્ય કરવા સમર્થ થાય છે.

આ પ્રકારે આ દશ ધર્મોનું ટૂંકું સ્વરૂપ કહ્યું, તો તમારે નિરંતર આ ધર્મોને પોતાની શક્તિ અનુસાર ધારણ કરવા યોગ્ય છે.''

## શિક્ષાપાઠ ૧૦૦. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ–૧

ૐ

સત્પુરુષને નમસ્કાર

‘‘આત્માર્થી ગુણગ્રાહી સત્સંગયોગ્ય ભાઈ શ્રી મોહનલાલ પ્રત્યે,-
ડરબન.

શ્રી મુંબઈથી લિ૦ જીવન્મુક્તદશાઇચ્છક રાયચંદના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પહોંચે.

અત્ર કુશળતા છે. તમારું લખેલું એક પત્ર મને પહોંચ્યું છે. કેટલાંક કારણોથી તેનો ઉત્તર લખવામાં ઢીલ થઈ હતી. પાછળથી તમે આ તરફ તરતમાં આવવાના છો એમ જાણવામાં આવ્યાથી પત્ર લખ્યું નહોતું; પણ હાલ એમ જાણવામાં આવ્યું કે, હમણાં લગભગ એક વર્ષ સુધી સ્થિતિ કરવાનું ત્યાં સંબંધીનું કારણ છે, જેથી મેં આ પત્ર લખ્યું છે. તમારા લખેલા પત્રમાં જે આત્માદિ વિષયપરત્વે પ્રશ્નો છે અને જે પ્રશ્નોના ઉત્તર જાણવાની તમારા ચિત્તમાં વિશેષ આતુરતા છે, તે બન્ને પ્રત્યે મારું અનુમોદન સહજે સહજે છે, પણ જેવામાં તમારું તે પત્ર મને મળ્યું તેવામાં તેના ઉત્તર લખી શકાય એવી મારા ચિત્તની સ્થિતિ નહોતી, અને ઘણું કરી તેમ થવાનું કારણ પણ તે પ્રસંગમાં બાહ્યોપાધિ પ્રત્યેનો વૈરાગ્ય વિશેષ પરિણામ પામ્યો હતો તે હતું; અને તેમ હોવાથી તે પત્રના ઉત્તર લખવા જેવા કાર્યમાં પણ પ્રવૃત્તિ થઈ શકે તેમ નહોતું. થોડો વખત જવા દઈ, કંઈ તેવા વૈરાગ્યમાંથી પણ



અવકાશ લઈ તમારા પત્રનો ઉત્તર લખીશ એમ વિચાર્યું હતું; પણ પાછળથી તેમ પણ બનવું અશક્ય થયું. તમારા પત્રની પહોંચ પણ મેં લખી નહોતી અને આવા પ્રકારે ઉત્તર લખી મોકલવા પરત્વે ઢીલ થઈ તેથી મારા મનમાં પણ ખેદ થયો હતો; અને જેમાંનો અમુક ભાવ હજુ સુધી વર્તે છે. જે પ્રસંગમાં વિશેષ કરીને ખેદ થયો, તે પ્રસંગમાં એમ સાંભળવામાં આવ્યું કે તમે તરતમાં આ દેશમાં આવવાની ધારણા રાખો છો તેથી કંઈક ચિત્તમાં એમ આવ્યું કે તમને ઉત્તર લખવાની ઢીલ થઈ છે પણ તમારો સમાગમ થવાથી સામી લાભકારક થશે. કેમકે લેખ દ્વારા કેટલાક ઉત્તર સમજાવવા વિકટ હતા; અને પત્ર તરતમાં તમને નહીં મળી શકવાથી તમારા ચિત્તમાં જે આતુરપણું વર્ધમાન થયેલું તે, ઉત્તર તરત સમજી શકવાને સમાગમમાં એક સારું કારણ ગણવા યોગ્ય હતું. હવે પ્રારબ્ધોદયે જ્યારે સમાગમ થાય ત્યારે કંઈ પણ તેવી જ્ઞાનવાર્તા થવાનો પ્રસંગ થાય એવી આકાંક્ષા રાખી સંક્ષેપમાં તમારા પ્રશ્નોના ઉત્તર લખું છું. જે પ્રશ્નોના ઉત્તર વિચારવાને નિરંતર તત્સંબંધી વિચારરૂપ અભ્યાસની આવશ્યકતા છે. તે ઉત્તર સંક્ષેપમાં લખવાનું થયું છે, તેથી કેટલાક સંદેહની નિવૃત્તિ વખતે થવી કઠણ પડશે, તો પણ મારા ચિત્તમાં એમ રહે છે કે, મારા વચન પ્રત્યે કંઈ પણ વિશેષ વિશ્વાસ છે, અને તેથી તમને ધીરજ રહી શકશે, અને પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન થવાને અનુક્રમે કારણભૂત થશે; એમ મને લાગે છે. તમારા પત્રમાં ૨૭ પ્રશ્નો છે તેના સંક્ષેપે નીચે ઉત્તર લખું છું :–

૧. પ્ર૦—(૧) આત્મા શું છે? (૨) તે કંઈ કરે છે? (૩) અને તેને કર્મ નડે છે કે નહીં?

ઉ૦—(૧) જેમ ઘટપટાદિ જડ વસ્તુઓ છે, તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ 'અનિત્ય' છે, ત્રિકાળ એક સ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવા નથી. આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો 'નિત્ય' પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈ પણ સંયોગોથી થઈ શકી ન હોય, તે પદાર્થ 'નિત્ય' હોય છે. આત્મા કોઈ પણ સંયોગોથી બની શકે એમ જણાતું નથી; કેમકે જડના હજારોગમે સંયોગો કરીએ તો પણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવા યોગ્ય છે. જે ધર્મ જે પદાર્થમાં હોય નહીં તેવા ઘણા પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી, તે ઉત્પન્ન થઈ શકે નહીં, એવો સૌને અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે, તેને વિષે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના પરિણામાંતર કરી સંયોગ કર્યો હોય અથવા થયા હોય, તો પણ તે તેવી જ જાતિના થાય, અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા કે જેને જ્ઞાનીપુરુષો મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો કહે છે, તે તેવા (ઘટપટાદિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી, ઉત્પન્ન કોઈ રીતે થઈ શકવા યોગ્ય નથી. 'જ્ઞાનસ્વરૂપપણું' એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને 'તેના અભાવવાળું' મુખ્ય લક્ષણ જડનું છે. તે બન્નેના અનાદિ સહજ સ્વભાવ છે.

આ તથા બીજાં તેવાં સહસ્રગમે પ્રમાણો આત્માને 'નિત્ય' પ્રતિપાદન કરી શકે છે. તેમજ તેનો વિશેષ વિચાર કર્યે સહજ-



સ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવવામાં પણ આવે છે. જેથી સુખદુઃખાદિ ભોગવનાર, તેથી નિવર્તનાર, વિચારનાર, પ્રેરણા કરનાર, એ આદિ ભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે; અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વકાળ રહી શકે એવો 'નિત્ય' પદાર્થ છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર થયારૂપ ગુણ થાય છે.

આ પ્રશ્ન તથા તમારાં બીજાં કેટલાંક પ્રશ્નો એવાં છે કે, જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે તેવા સ્વરૂપમાં ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી પ્રથમ 'ષટ્દર્શનસમુચ્ચય' ગ્રંથ તમને મોકલ્યો હતો, કે જે વાંચવા, વિચારવાથી તમને કંઈ પણ અંશે સમાધાન થાય, અને આ પત્રમાં પણ કંઈ વિશેષ અંશે સમાધાન થાય એટલું બની શકે. કેમકે તે સંબંધી અનેક પ્રશ્નો ઊઠવા યોગ્ય છે, જે ફરી ફરી સમાધાન પ્રાપ્ત થવાથી, વિચારવાથી સમાવેશ પામે એવી પ્રાયે સ્થિતિ છે.

(૨) જ્ઞાનદશામાં, પોતાના સ્વરૂપના યથાર્થબોધથી ઉત્પન્ન થયેલી દશામાં તે આત્મા નિજભાવનો એટલે જ્ઞાન, દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજસમાધિપરિણામનો કર્ત્તા છે. અજ્ઞાનદશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્ત્તા છે, અને તે ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત્ ઘટપટાદિ પદાર્થનો નિમિત્તપણે કર્ત્તા છે; અર્થાત્ ઘટપટાદિ પદાર્થનાં મૂળ દ્રવ્યનો તે કર્ત્તા નથી, પણ તેને કોઈ

આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્ત્તા છે. એ જે પાછળ તેની દશા કહી તેને જૈન 'કર્મ' કહે છે; વેદાંત 'ભ્રાંતિ' કહે છે; તથા બીજા પણ તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્ત્તા થઈ શકતો નથી, માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાનપરિણામનો જ કર્ત્તા છે, એમ સ્પષ્ટ સમજાય છે.

(૩) અજ્ઞાનભાવથી કરેલાં કર્મ પ્રારંભકાળે બીજરૂપ હોઈ વખતનો યોગ પામી ફળરૂપ વૃક્ષપરિણામે પરિણમે છે; અર્થાત્ તે કર્મો આત્માને ભોગવવાં પડે છે. જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ થાય છે, અને તેનું સહેજે વેદનારૂપ પરિણામ થાય છે, તેમ આત્માને ક્રોધાદિ ભાવના કર્ત્તાપણાએ જન્મ, જરા, મરણાદિ વેદનારૂપ પરિણામ થાય છે. આ વિચારમાં તમે વિશેષપણે વિચારશો, અને તે પરત્વે જે કંઈ પ્રશ્ન થાય તે લખશો; કેમકે જે પ્રકારની સમજ તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

---

## શિક્ષાપાઠ ૧૦૧. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ–૨

૨. પ્ર૦–(૧) ઈશ્વર શું છે? (૨) તે જગતકર્ત્તા છે એ ખરું છે?

ઉ૦–(૧) અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજસ્વરૂપ, એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે. જ્ઞાનાદિ ઐશ્વર્ય



જેને વિષે છે, તે ઈશ્વર કહેવા યોગ્ય છે; અને તે ઈશ્વરતા આત્માનું સહજસ્વરૂપ છે. જે સ્વરૂપ કર્મપ્રસંગે જણાતું નથી, પણ તે પ્રસંગ અન્યસ્વરૂપ જાણી, જ્યારે આત્મા ભણી દૃષ્ટિ થાય છે, ત્યારે જ અનુક્રમે સર્વજ્ઞતાદિ ઐશ્વર્યપણું તે જ આત્મામાં જણાય છે; અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ, સમસ્ત પદાર્થો નીરખતાં પણ અનુભવમાં આવી શકતો નથી; જેથી ઈશ્વર છે તે આત્માનું બીજું પર્યાયિક નામ છે, એથી કોઈ વિશેષ સત્તાવાળો પદાર્થ ઈશ્વર છે એમ નથી, એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે.

(૨) તે જગતકર્તા નથી; અર્થાત્ પરમાણુ, આકાશાદિ પદાર્થ નિત્ય હોવા યોગ્ય છે, તે કોઈ પણ વસ્તુમાંથી બનવા યોગ્ય નથી. કદાપિ એમ ગણીએ કે, તે ઈશ્વરમાંથી બન્યા છે, તો તે વાત પણ યોગ્ય લાગતી નથી, કેમકે ઈશ્વરને જો ચેતનપણે માનીએ, તો તેથી પરમાણુ, આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઈ શકે? કેમકે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી. જો ઈશ્વરને જડ સ્વીકારવામાં આવે તો સહેજે તે અનૈશ્વર્યવાન ઠરે છે, તેમજ તેથી જીવરૂપ ચેતન પદાર્થની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. જડચેતન ઉભયરૂપ ઈશ્વર ગણીએ, તો પછી જડચેતન ઉભયરૂપ જગત છે તેનું ઈશ્વર એવું બીજું નામ કહી સંતોષ રાખી લેવા જેવું થાય છે; અને જગતનું નામ ઈશ્વર રાખી સંતોષ રાખી લેવો તે કરતાં જગતને જગત કહેવું, એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણુ, આકાશાદિ નિત્ય ગણીએ અને ઈશ્વરને કર્માદિનાં ફળ

આપનાર ગણીએ, તો પણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચાર પર 'ષટ્દર્શનસમુચ્ચય'માં સારાં પ્રમાણો આપ્યાં છે.

૩. પ્ર૦—મોક્ષ શું છે?

ઉ૦—જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં, દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે, તેથી સર્વથા નિવૃત્તિ થવી, મુક્તિ થવી તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે. તે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે.

૪. પ્ર૦—મોક્ષ મળશે કે નહીં તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય?

ઉ૦—એક દોરડીના ઘણા બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ જેમ બંધ છોડવામાં આવે, તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવમાં આવે છે, અને તે દોરડી વળ મૂકી છૂટી ગયાના પરિણામમાં વર્તે છે એમ પણ જણાય છે, અનુભવાય છે. તેમજ અજ્ઞાનભાવમાં અનેક પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે, તે જેમ જેમ છૂટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે; અને તેનું ઘણું જ અલ્પપણું જ્યારે થાય છે ત્યારે, સહજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાનભાવરૂપ બંધથી છૂટી શકવાનો પ્રસંગ છે, એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમજ કેવળ અજ્ઞાનાદિ ભાવથી નિવૃત્તિ થઈ કેવળ આત્મભાવ આ જ દેહને વિષે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવમાં આવે છે; અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવા યોગ્ય છે.



૫. પ્ર૦—એમ વાંચવામાં આવ્યું કે, માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય, આ બરાબર છે?

ઉ૦—દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે, તેથી તે તિર્યંચ (જનાવર) પણ થાય છે, અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી, બાકીની બીજી ચાર ઇંદ્રિયો વિના કર્મ ભોગવવાનો જીવને પ્રસંગ પણ આવે છે; તથાપિ તે કેવળ પથ્થર કે પૃથ્વી થઈ જાય છે, એવું કાંઈ નથી. પથ્થરરૂપ કાયા ધારણ કરે, અને તેમાં પણ અવ્યક્તપણે જીવ, જીવપણે જ હોય છે. બીજી ચાર ઇન્દ્રિયોનું ત્યાં અવ્યક્ત (અપ્રગટ)પણું હોવાથી પૃથ્વીકાયરૂપ જીવ કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત્ત થાય છે ત્યારે, ફક્ત પથ્થરનું દળ પરમાણુરૂપે રહે છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યો જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી, અર્થાત્ કેવળ જડ એવો પથ્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષમપણાથી ચાર ઇંદ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઈ ફક્ત એક સ્પર્શેન્દ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જે કર્મથી થાય છે, તે કર્મ ભોગવતાં તે પૃથ્વી આદિમાં જન્મે છે; પણ કેવળ પૃથ્વીરૂપ કે પથ્થરરૂપ થઈ જતો નથી. જનાવર થતાં કેવળ જનાવર પણ થઈ જતો નથી. દેહ છે તે, જીવને વેષધારીપણું છે, સ્વરૂપપણું નથી.

પ્રશ્ન ૬–૭. છઠ્ઠા પ્રશ્નનું પણ આમાં સમાધાન આવ્યું છે. સાતમા પ્રશ્નનું પણ સમાધાન આવ્યું છે કે, કેવળ પથ્થર

કે કેવળ પૃથ્વી કંઈ કર્મના કર્ત્તા નથી. તેમાં આવીને ઊપજેલો એવો જીવ કર્મનો કર્ત્તા છે, અને તે પણ દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બન્નેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે, અને પાણી તે પાણી છે, તેમ એકેન્દ્રિયાદિ કર્મબંધે જીવને પથ્થરપણું, જડપણું જણાય છે, તોપણ તે જીવ અંતર તો જીવપણે જ છે; અને ત્યાં પણ તે આહારભયાદિ સંજ્ઞાપૂર્વક છે, જે અવ્યક્ત જેવી છે.

૮. પ્ર૦– (૧) આર્યધર્મ તે શું? (૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું?

ઉ૦–(૧) આર્યધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને 'આર્યધર્મ' કહેવા ઇચ્છે છે. જૈન જૈનને, બૌદ્ધ બૌદ્ધને, વેદાંતી વેદાંતને 'આર્યધર્મ' કહે એમ સાધારણ છે. તથાપિ જ્ઞાનીપુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ, તેને 'આર્યધર્મ' કહે છે; અને એમ જ યોગ્ય છે.

(૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી. વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે તેથી સહસ્રગણા આશયવાળું જ્ઞાન શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે, એમ મારા અનુભવમાં આવે છે; અને તેથી હું એમ જાણું છું કે, અલ્પ વસ્તુમાંથી સંપૂર્ણ વસ્તુ થઈ શકે નહીં; એમ હોવાથી વેદમાંથી સર્વની ઉત્પત્તિ કહેવી ઘટતી નથી. વૈષ્ણવાદિ સંપ્રદાયોની ઉત્પત્તિ તેના આશ્રયથી માનતા અડચણ નથી. જૈન, બૌદ્ધના છેલ્લા મહાવીરાદિ મહાત્માઓ થયા પહેલાં, વેદ હતા એમ જણાય છે;



તેમ તે ઘણા પ્રાચીન ગ્રંથ છે એમ પણ જણાય છે; તથાપિ જે કંઈ પ્રાચીન હોય તે જ સંપૂર્ણ હોય કે સત્ય હોય, એમ કહી શકાય નહીં; અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અને અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદ જેવો અભિપ્રાય અને જૈન જેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે. સર્વ ભાવ અનાદિ છે; માત્ર રૂપાંતર થાય છે. કેવળ ઉત્પત્તિ કે કેવળ નાશ થતો નથી. વેદ, જૈન અને બીજા સૌના અભિપ્રાય અનાદિ છે, એમ માનવામાં અડચણ નથી; ત્યાં પછી વિવાદ શાનો રહે? તથાપિ એ સૌમાં વિશેષ બળવાન, સત્ય અભિપ્રાય કોનો કહેવા યોગ્ય છે, તે વિચારવું એ અમને તમને સૌને યોગ્ય છે.

૯. પ્ર૦–(૧) વેદ કોણે કર્યા? તે અનાદિ છે? (૨) જો અનાદિ હોય તો અનાદિ એટલે શું?

ઉ૦–(૧) ઘણા કાળ પહેલાં વેદ થયા સંભવે છે.

(૨) પુસ્તકપણે કોઈ પણ શાસ્ત્ર અનાદિ નથી; તેમાં કહેલા અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે; કેમકે તેવા તેવા અભિપ્રાય જુદા જુદા જીવો જુદે જુદે રૂપે કહેતા આવ્યા છે, અને એમ જ સ્થિતિ સંભવે છે. ક્રોધાદિભાવ પણ અનાદિ છે, અને ક્ષમાદિભાવ પણ અનાદિ છે. હિંસાદિધર્મ પણ અનાદિ છે, અને અહિંસાદિધર્મ પણ અનાદિ છે. માત્ર જીવને હિતકારી શું છે? એટલું વિચારવું કાર્યરૂપ છે. અનાદિ તો બે ય છે. પછી ક્યારેક ઓછા પ્રમાણમાં અને ક્યારેક વિશેષ પ્રમાણમાં કોઈનું બળ હોય છે.

૧૦. પ્ર૦—ગીતા કોણે બનાવી? ઈશ્વરકૃત તો નથી? જો તેમ હોય તો તેનો કાંઈ પુરાવો?

ઉ૦—ઉપર આપેલા ઉત્તરોથી કેટલુંક સમાધાન થઈ શકવા યોગ્ય છે કે, ઈશ્વરકૃતનો અર્થ જ્ઞાની (સંપૂર્ણજ્ઞાની) એવો કરવાથી તે ઈશ્વરકૃત થઈ શકે; પણ નિત્ય અક્રિય એવા આકાશની પેઠે વ્યાપક ઈશ્વરને સ્વીકાર્યે તેવા પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહીં, કેમકે તે તો સાધારણ કાર્ય છે, કે જેનું કર્તાપણું આરંભપૂર્વક હોય છે, અનાદિ નથી હોતું.

ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો, માટે મુખ્યપણે કર્તા શ્રીકૃષ્ણ કહેવાય છે, જે વાત સંભવિત છે. ગ્રંથ શ્રેષ્ઠ છે, તેવો ભાવાર્થ અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે જ શ્લોકો અનાદિથી ચાલ્યા આવે એમ બનવા યોગ્ય નથી; તેમ અક્રિય ઈશ્વરથી પણ તેની ઉત્પત્તિ હોય એમ બનવા યોગ્ય નથી. સક્રિય એટલે કોઈ દેહધારીથી તે ક્રિયા બનવા યોગ્ય છે. માટે સંપૂર્ણજ્ઞાની તે ઈશ્વર છે, અને તેનાથી બોધાયેલાં શાસ્ત્રો તે ઈશ્વરીશાસ્ત્ર છે, એમ માનવામાં અડચણ નથી.

---

## શિક્ષાપાઠ ૧૦૨. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ—૩

૧૧. પ્ર૦—પશુ આદિના યજ્ઞથી જરાયે પુણ્ય છે ખરું?

ઉ૦—પશુના વધથી, હોમથી કે જરાયે તેને દુઃખ આપવાથી પાપ જ છે; તે પછી યજ્ઞમાં કરો, કે ગમે તો



ઈશ્વરના ધામમાં બેસીને કરો. પણ યજ્ઞમાં જે દાનાદિ ક્રિયા થાય છે તે, કાંઈક પુણ્યહેતુ છે; તથાપિ હિંસામિશ્રિત હોવાથી તે પણ અનુમોદનયોગ્ય નથી.

૧૨. પ્ર૦—જે ધર્મ ઉત્તમ છે એમ કહો, તેનો પુરાવો માગી શકાય ખરો કે?

ઉ૦—પુરાવો માગવામાં ન આવે, અને ઉત્તમ છે એમ વગર પુરાવે પ્રતિપાદન કરવામાં આવે, તો તો અર્થ, અનર્થ, ધર્મ, અધર્મ, સૌ ઉત્તમ જ ઠરે. પ્રમાણથી જ ઉત્તમ-અનુત્તમ જણાય છે. જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવામાં સર્વથી ઉત્તમ હોય, અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ, અને તે જ બળવાન છે.

૧૩. પ્ર૦—ખ્રિસ્તીધર્મ વિષે આપ કાંઈ જાણો છો? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવશો.

ઉ૦—ખ્રિસ્તીધર્મ વિષે સાધારણપણે હું જાણું છું. ભરતખંડમાં મહાત્માઓએ જેવો ધર્મ શોધ્યો છે, વિચાર્યો છે તેવો ધર્મ બીજા કોઈ દેશથી વિચારાયો નથી, એમ તો એક અલ્પ અભ્યાસે સમજી શકાય તેવું છે. તેમાં (ખ્રિસ્તી ધર્મમાં) જીવનું સદા પરવશપણું કહ્યું છે; અને મોક્ષમાં પણ તે દશા તેવી જ રાખી છે. જીવના અનાદિસ્વરૂપનું વિવેચન જેમાં યથાયોગ્ય નથી, કર્મ સંબંધી વ્યવસ્થા અને તેની નિવૃત્તિ પણ યથાયોગ્ય કહી નથી, તે ધર્મ વિષે મારો અભિપ્રાય ''સર્વોત્તમ તે ધર્મ છે'' એમ થવાનો સંભવ નથી. ખ્રિસ્તીધર્મમાં મેં જે ઉપર કહ્યા તેવા પ્રકારનું યથાયોગ્ય સમાધાન દેખાતું નથી.

આ વાક્ય મતભેદવશે કહ્યું નથી. વધારે પૂછવા યોગ્ય લાગે તો પૂછશો, તો વિશેષ સમાધાન કરવાનું બની શકશે.

૧૪. પ્ર૦—તેઓ એમ કહે છે કે બાઈબલ ઈશ્વરપ્રેરિત છે; ઈસુ તે ઈશ્વરનો અવતાર, તેનો દીકરો છે, ને હતો.

ઉ૦—એ વાત તો શ્રદ્ધાથી માન્યાથી માની શકાય, પણ પ્રમાણથી સિદ્ધ નથી. જેમ ગીતા અને વેદના ઈશ્વરપ્રેરિતપણા માટે ઉપર લખ્યું છે, તેમ જ બાઈબલના સંબંધમાં પણ ગણવું. જે જન્મમરણથી મુક્ત થયા તે ઈશ્વર અવતાર લે તે બનવા યોગ્ય નથી, કેમકે રાગદ્વેષાદિ પરિણામ જ જન્મનો હેતુ છે; તે જેને નથી એવો ઈશ્વર અવતાર ધારણ કરે એ વાત વિચારતાં યથાર્થ લાગતી નથી. ઈશ્વરનો દીકરો છે, ને હતો, તે વાત પણ કોઈ રૂપક તરીકે વિચારીએ તો વખતે બંધ બેસે; નહીં તો પ્રત્યક્ષ પ્રમાણથી બાધા પામતી છે. મુક્ત એવા ઈશ્વરને દીકરો હોય એમ શી રીતે કહેવાય? અને કહીએ તો તેની ઉત્પત્તિ શી રીતે કહી શકીએ? બન્નેને અનાદિ માનીએ તો પિતાપુત્રપણું શી રીતે બંધ બેસે? એ વગેરે વાત વિચારવા યોગ્ય છે. જે વિચારેથી મને એમ લાગે છે કે, એ વાત યથાયોગ્ય નહીં લાગે.

૧૫. પ્ર૦—જૂના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું છે તે બધું ઈસામાં ખરું પડ્યું છે.

ઉ૦—એમ હોય તો પણ તેથી તે બન્ને શાસ્ત્ર વિષે વિચાર કરવો ઘટે છે. તેમજ એવું ભવિષ્ય તે પણ ઈસુને ઈશ્વરાવતાર કહેવામાં બળવાન પ્રમાણ નથી; કેમ કે જ્યોતિષાદિકથી પણ



મહાત્માની ઉત્પત્તિ જણાવી સંભવે છે. અથવા ભલે કોઈ જ્ઞાનથી તેવી વાત જણાવી હોય, પણ તેવા ભવિષ્યવેત્તા સંપૂર્ણ એવા મોક્ષમાર્ગના જાણનાર હતા તે વાત, જ્યાં સુધી યથા-સ્થિત પ્રમાણરૂપ ન થાય, ત્યાં સુધી તે ભવિષ્ય વગેરે એક શ્રદ્ધાગ્રાહ્ય પ્રમાણ છે. તેમ બીજાં પ્રમાણોથી તે હાનિ ન પામે એવું ધારણામાં નથી આવી શકતું.

૧૬. પ્ર૦—''ઈસુ ખ્રિસ્તના ચમત્કાર'' વિષે લખ્યું છે.

ઉ૦—કેવળ કાયામાંથી જીવ ચાલ્યો ગયો હોય, તે જ જીવ તે જ કાયામાં દાખલ કર્યો હોય, અથવા કોઈ બીજા જીવને તેમાં દાખલ કર્યો હોય, તો તે બની શકે એવું સંભવતું નથી; અને એમ થાય તો પછી કર્માદિની વ્યવસ્થા પણ નિષ્ફળ થાય. બાકી યોગાદિની સિદ્ધિથી કેટલાક ચમત્કાર ઉત્પન્ન થાય છે, અને તેવા કેટલાક ઈસુને હોય, તો તેમાં તદ્દન ખોટું છે કે અસંભવિત છે, એમ કહેવાય નહીં; તેવી સિદ્ધિઓ આત્માના ઐશ્વર્ય આગળ અલ્પ છે, આત્માનું ઐશ્વર્ય તેથી અનંતગુણ મહત્ સંભવે છે. આ વિષયમાં સમાગમે પૂછવા યોગ્ય છે.

૧૭. પ્ર૦—આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે? અથવા અગાઉ શું હતા તેની?

ઉ૦—તેમ બની શકે. નિર્મળ જ્ઞાન જેનું થયું હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરેનાં ચિહ્નો પરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેનાં પૂર્વ કારણ કેવાં હોવાં જોઈએ, તે પણ સમજી શકાય; થોડે અંશે વખતે સમજાય. તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું

પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય; અને તેને વિશેષ વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

૧૮. પ્ર૦—પડી શકે તો કોને?

ઉ૦— આનો ઉત્તર ઉપર આવી ગયો છે.

૧૯. પ્ર૦—જે મોક્ષ પામેલાનાં નામ આપો છો તે શા આધાર ઉપરથી?

ઉ૦—મને આ પ્રશ્ન ખાસ સંબોધીને પૂછો, તો તેના ઉત્તરમાં એમ કહી શકાય કે અત્યંત સંસારદશા પરિક્ષીણ જેની થઈ છે, તેનાં વચનો આવાં હોય, આવી તેની ચેષ્ટા હોય, એ આદિ અંશે પણ પોતાના આત્મામાં અનુભવ થાય છે; અને તેને આશ્રયે તેના મોક્ષપરત્વે કહેવાય; અને ઘણું કરીને તે યથાર્થ હોય એમ માનવાનાં પ્રમાણો પણ શાસ્ત્રાદિથી જાણી શકાય.

૨૦. પ્ર૦—બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો?

ઉ૦—તેના શાસ્ત્રસિદ્ધાંતોને આશ્રયે. જે પ્રમાણે તેમનાં શાસ્ત્રસિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે; અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી. સંપૂર્ણ જ્ઞાન જો ન હોય તો સંપૂર્ણ રાગદ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય, ત્યાં સંસારનો સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી; અને તેમનાં કહેલાં શાસ્ત્રોમાં જે



અભિપ્રાય છે, તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવાનું અમને તમને કઠણ પડે તેવું છે; અને તેમ છતાં કહીએ કે બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો તો તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.

૨૧. પ્ર૦—દુનિયાની છેવટ શી સ્થિતિ થશે?

ઉ૦—કેવળ મોક્ષરૂપે સર્વ જીવની સ્થિતિ થાય કે કેવળ આ દુનિયાનો નાશ થાય, તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી. આવા ને આવા પ્રવાહમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવ રૂપાંતર પામી ક્ષીણ થાય, તો કોઈ વર્ધમાન થાય; પણ તે એક ક્ષેત્રે વધે તો બીજે ક્ષેત્રે ઘટે; એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે; તે પરથી અને ઘણા જ ઊંડા વિચારમાં ગયા પછી એમ જણાવું સંભવિત લાગે છે કે, કેવળ આ સૃષ્ટિ નાશ થાય કે પ્રલયરૂપ થાય એ ન બનવા યોગ્ય છે. સૃષ્ટિ એટલે એક આ જ પૃથ્વી એવો અર્થ નથી.

---

## શિક્ષાપાઠ ૧૦૩. મહાત્મા ગાંધીજીના પ્રશ્નોત્તરરૂપ તત્ત્વાવબોધ, ભાગ–૪

૨૨. પ્ર૦—આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી?

ઉ૦—આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે છે તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે, નીતિ, અનીતિ; તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ, તો તે સ્વીકારી શકાય એવું છે, અને એ જ આત્માને કર્તવ્ય છે; અને સર્વ જીવઆશ્રયી

અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમકે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.

૨૩. પ્ર૦—દુનિયાનો પ્રલય છે?

ઉ૦—પ્રલય એટલે જો ''કેવળ નાશ'' એવો અર્થ કરવામાં આવે તો તે વાત ઘટતી નથી, કેમકે પદાર્થનો કેવળ નાશ થઈ જવો સંભવતો જ નથી. પ્રલય એટલે સર્વ પદાર્થોનું ઈશ્વરાદિને વિષે લીનપણું, તો કોઈના અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે; પણ મને તે સંભવિત લાગતું નથી, કેમકે સર્વ પદાર્થ, સર્વ જીવ એવાં સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ બને? અને જો તેવાં સમપરિણામનો પ્રસંગ આવે તો પછી ફરી વિષમપણું થવું બને નહીં. અવ્યક્તપણે જીવમાં વિષમપણું હોય અને વ્યક્તપણે સમપણું એ રીતે પ્રલય સ્વીકારીએ, તો પણ દેહાદિ સંબંધ વિના વિષમપણું શા આશ્રયે રહે? દેહાદિ સંબંધ માનીએ તો સર્વને એકેંદ્રિયપણું માનવાનો પ્રસંગ આવે; અને તેમ માનતાં તો વિના કારણે બીજી ગતિઓનો અસ્વીકાર કર્યો ગણાય, અર્થાત્ ઊંચી ગતિના જીવને તેવા પરિણામનો પ્રસંગ મટવા આવ્યો હોય તે પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે. એ આદિ ઘણા વિચાર ઉદ્ભવે છે. સર્વ જીવઆશ્રયી પ્રલય સંભવતો નથી.

૨૪. પ્ર૦—અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે?

ઉ૦— ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે, એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાનસ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી; અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષાજ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે તથા તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય, એવો કાંઈ નિયમ સંભવતો નથી.



૨૫. પ્ર૦—(૧) કૃષ્ણાવતાર ને રામાવતાર એ ખરી વાત છે? એમ હોય તો તે શું? એ સાક્ષાત્ ઈશ્વર હતા, કે તેના અંશ હતા? (૨) તેમને માનીને મોક્ષ ખરો?

ઉ૦—(૧) બન્ને મહાત્માપુરુષ હતા, એવો તો મને પણ નિશ્ચય છે. આત્મા હોવાથી તેઓ ઈશ્વર હતા. સર્વ આવરણ તેમને મટ્યાં હોય, તો તેનો મોક્ષ પણ સર્વથા માનવામાં વિવાદ નથી. ઈશ્વરનો અંશ કોઈ જીવ છે એમ મને લાગતું નથી, કેમકે તેને વિરોધ આપતાં એવાં હજારો પ્રમાણ દૃષ્ટિમાં આવે છે. ઈશ્વરનો અંશ જીવને માનવાથી બંધ મોક્ષ બધા વ્યર્થ થાય; કેમકે ઈશ્વર જ અજ્ઞાનાદિનો કર્તા થયો; અને અજ્ઞાનાદિનો જે કર્તા થાય તેને પછી સહેજે અનૈશ્વર્યપણું પ્રાપ્ત થાય ને ઈશ્વરપણું ખોઈ બેસે; અર્થાત્ ઊલટું જીવના સ્વામી થવા જતાં ઈશ્વરને નુકસાન ખમવાનો પ્રસંગ આવે તેવું છે. તેમ જીવને ઈશ્વરનો અંશ માન્યા પછી પુરુષાર્થ કરવો યોગ્ય શી રીતે લાગે? કેમકે તે જાતે તો કંઈ કર્ત્તાહર્ત્તા ઠરી શકે નહીં. એ આદિ વિરોધથી ઈશ્વરના અંશ તરીકે કોઈ જીવને સ્વીકારવાની પણ મારી બુદ્ધિ થતી નથી; તો પછી શ્રીકૃષ્ણ કે

રામ જેવા મહાત્માને તેવા યોગમાં ગણવાની બુદ્ધિ કેમ થાય? તે બન્ને 'અવ્યક્ત ઈશ્વર' હતા, એમ માનવામાં અડચણ નથી. તથાપિ તેમને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટ્યું હતું કે કેમ તે વાત વિચારવા યોગ્ય છે.

(૨) 'તેમને માનીને મોક્ષ ખરો કે?' એનો ઉત્તર સહજ છે. જીવને સર્વ રાગ, દ્વેષ, અજ્ઞાનનો અભાવ અર્થાત્ તેથી છૂટવું તે મોક્ષ છે. તે જેના ઉપદેશે થઈ શકે તેને માનીને અને તેનું પરમાર્થસ્વરૂપ વિચારીને સ્વાત્માને વિષે પણ તેવી જ નિષ્ઠા થઈ, તે જ મહાત્માના આત્માને આકારે (સ્વરૂપે) પ્રતિષ્ઠાન થાય ત્યારે, મોક્ષ થવો સંભવે છે. બાકી બીજી ઉપાસના કેવળ મોક્ષનો હેતુ નથી; તેના સાધનનો હેતુ થાય છે, તે પણ નિશ્ચય થાય જ એમ કહેવા યોગ્ય નથી.

૨૬. પ્ર૦—બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, તે કોણ?

ઉ૦—સૃષ્ટિના હેતુરૂપ ત્રણ ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય તો તે વાત બંધ બેસી શકે તથા તેવાં બીજાં કારણોથી તે બ્રહ્માદિનું સ્વરૂપ સમજાય છે. પણ પુરાણોમાં જે પ્રકારે તેમનું સ્વરૂપ કહ્યું છે, તે પ્રકારે સ્વરૂપ છે, એમ માનવા વિષેમાં મારું વિશેષ વલણ નથી. કેમકે તેમાં કેટલાંક ઉપદેશાર્થે રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે. તથાપિ આપણે પણ તેનો ઉપદેશ તરીકે લાભ લેવો, અને બ્રહ્માદિના સ્વરૂપના સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું, એ મને ઠીક લાગે છે.

૨૭. પ્ર૦—મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને



કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ.

ઉ૦—સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે. તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય, તો પછી આ અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને દેહમાં પ્રીતિ રહી છે, એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય? જેણે આત્મહિત ઇચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. કદાપિ આત્મહિત ઇચ્છવું ન હોય તેણે કેમ કરવું? તો તેનો ઉત્તર એ જ અપાય કે, તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું; અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ ક્યાંથી કરી શકીએ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય. તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઇચ્છવા યોગ્ય છે.

હવે સંક્ષેપમાં આ ઉત્તરો લખી પત્ર પૂરું કરું છું. 'ષટ્-દર્શનસમુચ્ચય' વિશેષ સમજવાનું યત્ન કરશો. આ પ્રશ્નોના ઉત્તરમાં મારા લખાણના સંકોચથી તમને સમજવું વિશેષ મુઝવણવાળું થાય એવું ક્યાંય પણ હોય તોપણ વિશેષતાથી વિચારશો, અને કંઈ પણ પત્ર દ્વારાએ પૂછવા જેવું લાગે તે પૂછશો તો ઘણું કરીને તેનો ઉત્તર લખીશ. વિશેષ સમાગમે સમાધાન થાય તે વધારે યોગ્ય લાગે છે.

લિ.

મુંબઈ<br>આસો વદ ૬, શનિ<br>સંવત્ ૧૯૫૦ } આત્મસ્વરૂપને વિષે નિત્ય નિષ્ઠાના હેતુભૂત<br>એવા વિચારની ચિંતામાં રહેનાર<br>રાયચંદના પ્રણામ.

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૫૩૦)

## શિક્ષાપાઠ ૧૦૪. તત્ત્વાવબોધ (પદ્ય)

(ગીતિ)

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;ωωω
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે.ωω૧

મૂળ પરમપદ કારણ, સમ્યક્ દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;ωωω
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરપૂર્ણ.ωω૨

જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;ωωω
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે.ωω૩

સમ્યક્ પ્રમાણપૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;ωωω
સમ્યગ્જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાશ્યે.ωω૪

વિષયારંભ – નિવૃત્તિ, રાગ-દ્વેષનો અભાવ જ્યાં થાય;ωωω
સહિત સમ્યક્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય.ωω૫

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;ωωω
પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.ωω૬

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ;ωωω
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ.ωω૭

જીવ, અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;ωωω
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય.ωω૮

(કાર્તિક, ૧૯૫૩, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૨૪)

---



## શિક્ષાપાઠ ૧૦૫. વિચારવા અને સ્વીકારવા યોગ્ય મહાવાક્યો

૧. ''પોતાને પોતાનો બોધ થવાથી પોતાને પોતામાં શમાઈ જવું, ભાવથી અને વિચારથી, બીજા વિકલ્પો મૂકીને. આ વિચાર સમાધિને આપે છે.

૨. શું કરવા તું આવ્યો છે? અને શું કરે છે?

૩. બગડ્યું સુધારવું; સુધરેલું બગાડવું નહીં.''

(શ્રી લઘુરાજસ્વામી 'ઉપદેશામૃત')

૪. ''નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.''

('શ્રીમદ્ રાજચંદ્ર' ક્રમાંક-૧૫)

૫. ''સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું છે, તે સાવ સિદ્ધ છે; અને જેમ જેમ જ્ઞાનીના વચનનું અવગાહન થાય છે, તેમ તેમ કંઈક કંઈક કરી પાછો હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે; કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષનાં વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત તો તેને વિષે સાવ નીરસતા થઈ હોત.

૬. જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત અંદેશારહિત લાગે છે. જો એમ થયું હોત તો જીવને સંસાર-પરિભ્રમણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ જેને આત્માર્થ સિવાય

બીજો કોઈ અર્થ નથી, અને આત્માર્થ પણ સાધી પ્રારબ્ધ-વશાત્ જેનો દેહ છે, એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે; અને આ જીવે તો પૂર્વકાળે કંઈ આત્માર્થ જાણ્યો નથી; ઊલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઊલટું આત્માર્થ સાધું છું એવું દુષ્ટ અભિમાન ઉત્પન્ન થાય, કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે. જે વાત સ્વપ્ને પણ આવતી નથી, તે જીવ માત્ર અમસ્તી કલ્પનાથી સાક્ષાત્કાર જેવી ગણે તો તેથી કલ્યાણ ન થઈ શકે. તેમ આ જીવ પૂર્વકાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે. એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વ જ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી, અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે; અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે.'' (અસાડ સુદ ૬, ૧૯૫૦, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૫૧૧)

૭. ''અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.



૮. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

૯.જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષા-ભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.''

(માહ સુદ, ૧૯૪૭, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૨૦૦)

૧૦. ''કેટલુંક કહીએ? જેમ જેમ આ રાગદ્વેષનો નાશ વિશેષ કરી થાય તે તે પ્રકારે પ્રવર્તવું એ જ આજ્ઞા જિનેશ્વર-દેવની છે.'' (૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૨૦)

૧૧. ''બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામાં આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે; અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને જોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકરદેવ છે.

અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે. કારણકે જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ.

૧૨. 'માગી ખાઈને ગુજરાન ચલાવશું; પણ ખેદ નહીં પામીએ; જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર

છે,' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.'' (રવિવાર,૧૯૪૮, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૩૨૨)

૧૩. ''ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે.''

(પોષ, ૧૯૪૭, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૯૪)

૧૪. ''સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્ -પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યાં છે, તેના સર્વ જ્ઞાનીપુરુષો સાક્ષી છે.

અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં



જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.'' (આસો વદ ૧૦, ૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૭૧૯)

૧૫. ''શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.'' (બીજા જેઠ વદ, ૧૯૫૨, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૬૯૨)

૧૬. ''આતમભાવના ભાવતાં, જીવ લહે કેવળજ્ઞાન રે.''

(૧૯૪૯, 'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૪૭૪)

૧૭. ''લાખ બાતકી બાત યહ, તોકું દેઈ બતાય;
પરમાતમ પદ જો ચહે, રાગ-દ્વેષ તજ, ભાઈ.''

(શ્રી ચિદાનંદજી)

---

## શિક્ષાપાઠ ૧૦૬. ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્ર, ભાગ–૧

આ કાળમાં સર્વ દર્શનનું સ્વરૂપ તલસ્પર્શીપણે વિચારી સત્ય ધર્મ જેણે પ્રગટ કર્યો, યથાર્થ આત્મભાવે જીવ્યા એવા પ્રાતઃસ્મરણીય ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રનું સ્વાત્મવૃત્તાંત સહિત ટૂંક જીવન અત્રે આલેખ્યું છે.

**ધન્ય રે દિવસ આ અહો,**
**જાગી રે શાંતિ અપૂર્વ રે;**
**દશ વર્ષે રે ધારા ઊલસી,**
**મટ્યો ઉદયકર્મનો ગર્વ રે.॥ધન્ય૦રે૦॥૧**

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વિ.સં. ૧૯૨૪ની દેવદિવાળીને દિવસે કાર્તિક સુદ ૧૫, રવિવારે કાઠિયાવાડના વવાણિયા ગામમાં થયો હતો. કોઈ સંતે તેમના પિતાને આગળથી જણાવેલું કે જગત્ વિખ્યાત પુત્રનો જન્મ તમારે ત્યાં થશે. જૈન કુળ હોવા છતાં તેમાં વૈષ્ણવ સંસ્કારોએ પ્રવેશ કર્યો હતો. શ્રીમદ્ રાજચંદ્રે વવાણિયાના રામદાસ સ્વામીની કંઠી બાળવયે બાંધી હતી. તેમની સાથે પ્રેમથી વર્તતા અમીચંદ નામે પાડોશીનું સર્પ કરડવાથી મરણ થયું. મરણની વાત પહેલ-વહેલી સાંભળી તેથી તે દાદાને પૂછવા લાગ્યા કે મરણ એટલે શું? તત્ત્વજ્ઞાનની ટોચે પહોંચનારનો તત્ત્વ વિષે આ પ્રથમ પ્રશ્ન છે. તેમના દાદાએ તો બાળકને સમજાય એવો સરળ ઉત્તર આપ્યો કે હવે તે ખાશે નહીં, પીશે નહીં, બોલશે નહીં. પણ તેટલાથી તેમને સંતોષ ન થયો અને તેમણે પૂછ્યું કે હવે તેમને શું કરશો? વૃદ્ધે કહ્યું કે બાળી મૂકીશું. આ સાંભળી શ્રીમદ્‌ને એટલી નાની ઉંમરમાં પણ માનવામાં ન આવ્યું અને વિચારવા લાગ્યા કે માણસને તે બાળી મુકાય? છોકરાને પટાવવા કહેતા હશે એમ લાગ્યું. પણ કુતૂહલવૃત્તિ જાગી કે આપણે જોવું કે અમીચંદનું શું કરે છે? તેને કોઈ કાઢી ન મૂકે માટે બધાંની પાછળ રહી સ્મશાન સુધી ગયા અને એક નાના બાવળના ઝાડ પર ચઢીને જોવા લાગ્યા. ચિતા ખડકી શબ મૂકી અગ્નિસંસ્કાર કર્યો તે જોઈ તેમને અત્યંત ખેદ અને આશ્ચર્ય પ્રગટ્યાં કે કહેતા તેમ તેમણે અમીચંદને બાળી જ મૂક્યા.

સાત વર્ષની વયે તે ત્યાં જ અંતર્મુખ વૃત્તિ થતાં જાતિ-



સ્મરણજ્ઞાન પામ્યા અને પોતાના પૂર્વભવો, અનેક જન્મમરણ સ્પષ્ટ જોઈ શાંત થઈ ગયા. સ્મૃતિ પરનું આવરણ ટળતાં પૂર્વભવના તત્ત્વવિચારો તાજા થયા તેથી બાળરમતોને બદલે હવે કાવ્યો રચવા લાગ્યા. કયો ધર્મ સર્વોત્તમ છે તેના વિચારો કરવા લાગ્યા. કયા પ્રમાણોથી આત્માનું, જગતનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે વગેરે લઘુવયમાં મહાન વિચારોમાં લીન રહેવા લાગ્યા.

**ઓગણીસસેં ને એકત્રીસે,**
**આવ્યો અપૂર્વ અનુસાર રે;**
**ઓગણીસસેં ને બેતાળીસે,**
**અદ્ભુત વૈરાગ્ય ધાર રે.ળ્ઘન્ચળ્રે૦ળ્ર**

બે ચાર વર્ષમાં ગામની નિશાળે ગુજરાતી અભ્યાસ પૂર્ણ કરી તે વખતના માસિક વગેરેમાં તે કાવ્યો મોકલતા તે છપાતાં. બુદ્ધિપ્રકાશ, ધર્મદર્પણ આદિ પત્રોમાં શૌર્ય, સુધારો, ધર્મ વગેરે વિષયો ઉપર કાવ્યો છપાયેલાં છે.

સોળ વર્ષની વય પહેલાં વેદાંત આદિ ધર્મના ગ્રંથો તથા જૈન દર્શનના આગમ ગ્રંથો થોડા જ વર્ષમાં તેમણે જોઈ લીધા હતા. એક વખત વાંચતાં જ તેમને પરમાર્થ સમજાઈ જતો અને મુખપાઠ જેવા તે ગ્રંથ થઈ જતા. એકાદ વર્ષમાં જૈન આગમો તે જોઈ ગયેલા, પણ સાંભળ્યું છે કે સૂત્રકૃતાંગનું પારાયણ તો તેમણે બે હજાર વખત કરેલું. ખંભાત પાસે વડવા સ્થળ નિવૃત્તિમય હતું ત્યાં તેમને અપૂર્વ આનંદ આવેલો, તેનું સ્મરણ પોતે મોરબીમાં હતા ત્યારે એક દિવસમાં પાંચસો વખત થયું એમ તેમણે વાતચીતમાં જણાવ્યું હતું. એટલે

ઉપયોગી જણાતી બાબતમાં તેમનું ચિત્ત કેટલું વળગી રહેતું તે સ્પષ્ટ સમજાય છે.

મોરબી શહેરમાં તેમનાં સગાંને ત્યાં ગયેલા ત્યારે શાસ્ત્રી શંકરલાલે કરેલો અષ્ટાવધાનનો એક પ્રસંગ તેમના જોવામાં આવ્યો. બીજા બધા તે જોઈને માત્ર નવાઈ પામ્યા, પણ શ્રીમદ્‌ને લાગ્યું કે એ કોઈ મોટી વાત નથી. તેમના મિત્ર-મંડળમાં તેમણે આઠ, બાર અને બાવન અવધાન કરી બતાવ્યાં. તેથી બોટાદ આદિ બીજાં શહેરોમાંથી તેમને તે અર્થે આમંત્રણ આવવા માંડ્યું.

સં. ૧૯૪૧માં, ૧૬ વર્ષ ને ૫ માસની ઉમ્મરે તેમણે ‘‘મોક્ષમાળા’’ માત્ર ત્રણ દિવસમાં રચી ત્યારે તેઓ અપૂર્વ વૈરાગ્યમાં ઝીલતા હતા.

લોકોમાં પ્રસિદ્ધ થયા છતાં તેમના પિતાને તો, કમાય નહીં ત્યાં સુધી એકલી કીર્તિનું શું કામ છે એમ લાગતું. તે જાણી મુંબઈ જવાનો વિચાર કર્યો. મુંબઈ જતાં પહેલાં જેતપુરના પંચોળી નામના પ્રખ્યાત જોષીને મળ્યા. તેમણે મુંબઈમાં કીર્તિ થશે, ધન મળશે આદિ બાબતોનું ભવિષ્ય ભાખ્યું. તેમાંથી એક સિવાય બધું ખરું પડ્યું. તેથી તેની ભૂલ જાણવા ટૂંક સમયમાં મુંબઈમાં જ્યોતિષનો અભ્યાસ કર્યો અને હિંદુસ્તાનના જોષીઓમાં જે દુર્ગમ્ય વિષય ગણાતો હતો તે પણ તેમણે સાધ્ય કર્યો. જન્મતિથિ જાણ્યા વિના પણ તે જન્મકુંડળી કરતા. માત્ર કોઈનું કપાળ દેખીને તેનો જન્મદિવસ જાણી જતા. દિવસે દિવસે આત્માની નિર્મળતા વધતી ગઈ તેમ તેમ શક્તિઓનો વિકાસ થવા લાગ્યો.



મુંબઈમાં હાઈકોર્ટના જજના પ્રમુખપણા નીચે ગંજાવર સભા ભરાઈ હતી. ત્યાં સો અવધાનનો પ્રયોગ કરી બધા પ્રેક્ષકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. બધાં હિંદનાં છાપાંમાં, વિવિધ ભાષામાં તેનાં વર્ણન અને પ્રશંસા પ્રગટ થયાં. જજે તેમને વિલાયત જઈ આવા પ્રયોગો દર્શાવવાથી ધન અને કીર્તિનો લાભ થશે એમ જણાવ્યું, પણ ધર્મને બાધ કરનાર અનાર્ય વાતાવરણમાં જવાની તેમણે ના પાડી.

શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીને બાલ્યવયનું ટૂંક નિરૂપણ કરતાં શ્રીમદ્ લખે છે :–

‘‘શિશુવયમાંથી જ એ વૃત્તિ ઊગવાથી કોઈ પ્રકારનો પરભાષાભ્યાસ ન થઈ શક્યો. અમુક સંપ્રદાયથી શાસ્ત્રાભ્યાસ ન થઈ શક્યો. સંસારના બંધનથી ઈહાપોહાભ્યાસ પણ ન થઈ શક્યો; અને તે ન થઈ શક્યો તેને માટે કંઈ બીજી વિચારણા નથી. એથી આત્મા અધિક વિકલ્પી થાત (સર્વને માટે વિકલ્પીપણું નહીં, પણ એક હું પોતાની અપેક્ષાએ કહું છું.) અને વિકલ્પાદિક ક્લેશનો તો નાશ જ કરવો ઇચ્છ્યો હતો, એટલે જે થયું તે કલ્યાણકારક જ; પણ હવે શ્રી રામને જેમ મહાનુભાવ વસિષ્ઠ ભગવાને આ જ દોષનું વિસ્મરણ કરાવ્યું હતું તેમ કોણ કરાવે? અર્થાત્ શાસ્ત્રનો ભાષાભ્યાસ વિના પણ ઘણો પરિચય થયો છે, ધર્મના વ્યાવહારિક જ્ઞાતાઓનો પણ પરિચય થયો છે, તથાપિ આ આત્માનું આનંદાવરણ એથી ટળે એમ નથી, માત્ર સત્સંગ સિવાય, યોગસમાધિ સિવાય, ત્યાં કેમ કરવું? આટલું પણ દર્શાવવાનું કોઈ સત્પાત્ર સ્થળ

નહોતું. ભાગ્યોદયે આપ મળ્યા કે જેને એ જ રોમે રોમે રુચિકર છે.''(પ્ર. ભાદ્ર. સુ ૩, સં.૧૯૪૬,'શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૨૬)

**ઓગણીસસેં ને સુડતાળીસે,**
**સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;**
**શ્રુત અનુભવ વધતી દશા,**
**નિજ સ્વરૂપ અવભાસ્યું રે.ૐધન્યૐરે૦ૐ૩**

એમ સ્વાત્મવૃત્તાંત પદની ત્રીજી કડીમાં શ્રીમદે ગાયું છે. તે જ સાલના એટલે સં. ૧૯૪૭ ના માગશર વદ ૦)) ના એક પત્રમાં તેઓ નીચે પ્રમાણે જણાવે છે :–

**''પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમાં સ્મરું છું.**

છેવટનું સ્વરૂપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી. જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે.'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૮૭)

સં. ૧૯૪૮, શ્રાવણ વદ ૧૪ ના એક પત્રમાં તેઓ પોતાના અંતરની વાત એક અંતરમેળાપીને વર્ણવે છેૐ

''ૐ'ઈશ્વરેચ્છાથી' જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ અમથકી, એમ પણ અત્ર માનીએ છીએ.... આત્માકાર



સ્થિતિ થઈ જવાથી ચિત્ત ઘણું કરીને એક અંશ પણ ઉપાધિ-જોગ વેદવાને યોગ્ય નથી, તથાપિ તે તો જે પ્રકારે વેદવું પ્રાપ્ત થાય તે જ પ્રકારે વેદવું છે, એટલે તેમાં સમાધિ છે; પરંતુ પરમાર્થ સંબંધી કોઈ કોઈ જીવોને પ્રસંગ પડે છે, તેને તે ઉપાધિજોગના કારણથી અમારી અનુકંપા પ્રમાણે લાભ મળતો નથી.'' ('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૩૯૮)

વળી સં. ૧૯૪૭ ના કારતક માસમાં લખે છે–''દૃઢ વિશ્વાસથી માનજો કે આ–ને વ્યવહારનું બંધન ઉદયકાળમાં ન હોત તો તમને અને બીજા કેટલાક મનુષ્યોને અપૂર્વ હિતનો આપનાર થાત.... નિવૃત્તિ હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત. હજુ તેને વિલંબ હશે. પંચમકાળની પણ પ્રવૃત્તિ છે. આ ભવે મોક્ષે જાય એવાં મનુષ્યોનો સંભવ પણ ઓછો છે. ઇત્યાદિક કારણોથી એમ જ થયું હશે.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૭૩)

સ્વાત્મવૃત્તાંત પદમાં એ જ વાર્તા તેઓએ સ્પષ્ટ કરી છેઃ–

## શિક્ષાપાઠ ૧૦૭. ધર્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્ર, ભાગ–૨

**ત્યાં આવ્યો રે ઉદય કારમો,**
**પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;**
**જેમ જેમ તે હડસેલીએ,**
**તેમ વધે ન ઘટે એક રંચ રે.ૐધન્યૐરે૦ૐજ**

ઝવેરાત તથા આડત આદિના વેપારમાં તેમણે આજીવિકાનું સાધન એકવીશમે વર્ષે શોધ્યું. પેઢીના નિયમો

પ્રામાણિકતા આદિ બાબતોની પત્રિકા તેમણે છપાવી હતી, અને તે મુજબ દેશ પરદેશ સાથે ન્યાય-નીતિના ઊંચા ધોરણે વેપાર કરતા હતા. છતાં તે ધર્મને જીવનનું મુખ્ય કાર્ય ગણતા હતા. જે પેઢીમાં (શ્રી રેવાશંકર જગજીવન મહેતાની) તે કામ કરતા તે ભાગીદારોને પોતાનું સાફ દિલ દર્શાવતો, એક પોતાની હાથનોંધમાં ઉલ્લેખ કર્યો છે :-

''મુંબઈ, અષાડ સુદ ૫, રવિ, ૧૯૪૬

જ્યારે આ વ્યવહારોપાધિ ગ્રહણ કરી ત્યારે તે ગ્રહણ કરવાનો હેતુ આ હતોઃ– ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુઃખદાયક થાય તો પણ થોડા વખતમાં ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે. એ ઉપાધિ નીચેના હેતુથી સમાધિરૂપ થશે એમ માન્યું હતું :–

ધર્મ સંબંધી વધારે વાતચીત આ કાળમાં ગૃહવાસપરત્વે ન આવે તો સારું. ભલે તને વસમું લાગે, પણ એ જ ક્રમમાં પ્રવર્ત. ખચીત કરીને એ જ ક્રમમાં પ્રવર્ત. દુઃખને સહન કરી, ક્રમની સાચવણીના પરિષહને સહન કરી, અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તું અચળ રહે. અત્યારે કદાપિ વસમું, અધિકતર લાગશે, પણ પરિણામે તે વસમું સમું થશે. ઘેરામાં ઘેરાઈશ નહીં. ફરી ફરી કહું છું, ઘેરાઈશ નહીં. દુઃખી થઈશ, પશ્ચાત્તાપ કરીશ; એ કરતાં અત્યારથી આ વચનો ઘટમાં ઉતાર—પ્રીતિપૂર્વક ઉતાર.

૧. કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે, તે થાય છે એમ માન.



૨. તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં; અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું.

૩. જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનું પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમ પર તારી નિષ્ઠા લાવી મૂકજે.

૪. તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે તેમ પ્રવર્તજે. સાથે જણાવજે કે તમારા કાર્યમાં (જે મને સોંપો તેમાં) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઈ કલ્પના કરશો નહીં; મને વ્યવહારસંબંધી અન્યથા લાગણી નથી, તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલું જ નહીં પણ કંઈ મારું વિપરીતાચરણ મનવચનકાયાએ થયું, તો તે માટે પશ્ચાત્તાપી થઈશ. એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો તે સહન કરીશ. મારું ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં. તમને કોઈ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો કરીશ. ખુલાસો નહીં થાય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છું કે, કોઈ પણ પ્રકારે તમે મને

નિમિત્ત રાખી અશુભયોગમાં પ્રવૃત્તિ કરશો નહીં; તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો, તેમાં મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિશ્રેણીમાં વર્તવા દેતાં કોઈ રીતે તમારું અંતઃકરણ ટૂંકું કરશો નહીં; અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણિને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારું ચાલતાં સુધી હું તમને દુભાવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણી તમને અપ્રિય હશે તોપણ હું જેમ બનશે તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઈ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ.''

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૫૭/૧૩)

**વધતું એમ જ ચાલિયું,**
**હવે દીસે ક્ષીણ કાંઈ રે;**
**ક્રમે કરીને રે તે જશે,**
**એમ ભાસે મનમાંહી રે.ળ્ધન્યળ્રે૦ળ્પ**

વેપારના કામની ભીડ ઓછી હોય અને પોતાની હાજરીની જરૂર ન હોય તેવા પ્રસંગે બે ચાર માસ ગુજરાત, કાઠિયાવાડના અજ્ઞાત એકાંત પ્રદેશોમાં શ્રીમદ્ નિવૃત્તિ અર્થે વારંવાર જતા. એક વખત આણંદ થઈ નડિયાદ ગયેલા અને ત્યાં સ્થિતિ કરી રહ્યા હતા, ત્યારે સંવત ૧૯૫૨ના આસો વદ ૧ને દિવસે શ્રીમદે શ્રી ''આત્મસિદ્ધિશાસ્ત્ર''ની રચના સાંજે થોડા વખતમાં કરી. ચાર યોગ્ય જીવોને તેની નકલો માત્ર પોતાના ઉપયોગ અર્થે આપી. એક નકલ શ્રીમદ્ લઘુરાજ



મહારાજ (સ્થાનકવાસી સાધુ તેમના સમાગમે તત્ત્વરસી બનેલા)ને, બીજી શ્રી સૌભાગ્યભાઈ (સાયલા ગામના શ્રીમદ્‌ના નિકટપરિચયી)ને, ત્રીજી માણેકલાલ ઘેલાભાઈ (તેમની પેઢીના ભાગીદાર પ્રજ્ઞાવંત, વૈરાગ્યવંત જીવ)ને તથા છેલ્લી શ્રી અંબાલાલભાઈ (તેમની સેવામાં નિવૃત્તિક્ષેત્રમાં ઘણી વખત રહેનાર ખંભાતના મુખ્ય મુમુક્ષુ)ને આપવામાં આવી હતી. દરેકે તેનો અભ્યાસ કરી તત્ત્વ હૃદયગત કર્યું હતું.

સં. ૧૯૫૪માં ચરોતર પ્રદેશમાં શ્રીમદ્ વસો ગામમાં એક માસ રહ્યા હતા. ત્યાં શ્રીમદ્ લઘુરાજ મહારાજે ચોમાસું કરેલું તેમની પ્રાર્થનાથી નિવૃત્તિ અર્થે ત્યાં રહેલા. ત્યાંથી નડિયાદ અને ઉત્તરસંડાની વચમાં એક બંગલો છે, ત્યાં પંદર દિવસ થોડા મુમુક્ષુઓ સાથે રહ્યા. પછી માત્ર એક જણને સેવામાં રાખી બીજા બધાને વિદાય કર્યા અને પરમાત્મ-ભાવનામાં તલ્લીન રહેતા.

ઉત્તરસંડાથી ખેડામાં પોતે પધારેલા ત્યાં શ્રી દેવકરણજી મહારાજ, શ્રી લઘુરાજસ્વામીના સહવાસી એ ચોમાસું કરેલું તેમણે વસો ચોમાસામાં રહેલા શ્રી લઘુરાજ મહારાજને પત્ર લખ્યો. તેમાં લખી જણાવે છેઃ ''કૃપાનાથ (શ્રીમદ્‌જી) પોતે પોતાને ઉદ્દેશીને કહે છેઃ અડતાળીસની સાલમાં (સં. ૧૯૪૮) રાળજ બિરાજ્યા હતા તે મહાત્મા શાંત અને શીતળ હતા. હાલ સાલમાં વસો ક્ષેત્રે વર્તતા મહાત્મા પરમ અદ્‌ભુત યોગીન્દ્ર પરમ સમાધિમાં રહેતા હતા. અને આ વનક્ષેત્રે વર્તતા પરમાત્મા પણ અદ્‌ભુત જોગીન્દ્ર પરમ શાંત બિરાજે છે. એવું

પોતે પોતાની નગ્નભાવી, અલિંગી, નિઃસંગ દશા વર્ણવતા હતા. આપે કહ્યું તેમ જ થયું, ફળ પાક્યું, રસ ચાખ્યો, શાંત થયા; આજ્ઞા-વડીએ હંમેશાં શાંત રહીશું. એવી વૃત્તિ ચાલે છે કે જાણે સત્પુરુષના ચરણમાં મોક્ષ પ્રત્યક્ષ નજરે આવે છે.''

**યથા હેતુ જે ચિત્તનો,**
**સત્ય ધર્મનો ઉદ્ધાર રે;**
**થશે અવશ્ય આ દેહથી,**
**એમ થયો નિરધાર રે.ઌધન્યચઌરે૦ઌક**

સં. ૧૯૫૨ના ચૈત્ર સુદ ૧૩, મહાવીર જયંતીને દિવસે પોતે એક અંગત લેખ લખેલો તેમાં તેમની સ્વદશા અને કરુણાભાવના પ્રગટ કરી છે :—

ૐ

''જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?

હે કૃપાળુ! તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે ત્યાં હવે તો લેવાદેવાની પણ કડાકૂટથી છૂટા થયા છીએ અને એ જ અમારો પરમાનંદ છે.

કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી, વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.



વર્તમાને વિદ્યમાન વીરને ભૂલી જઈ, ભૂતકાળની ભ્રમણામાં વીરને શોધવા માટે અથડાતા જીવોને શ્રી મહાવીરનું દર્શન ક્યાંથી થાય?

ઓ દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.

સંસારના તાપથી ત્રાસ પામેલા અને કર્મબંધનથી મુક્ત થવા ઇચ્છતા પરમાર્થપ્રેમી જિજ્ઞાસુ જીવોની ત્રિવિધ તાપાગ્નિને શાંત કરવાને અમે અમૃતસાગર છીએ.

મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવાને માટે અમે કલ્પવૃક્ષ જ છીએ.

વધારે શું કહેવું? આ વિષમકાળમાં પરમ શાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ, કેમકે અમે પરમાત્મસ્વરૂપ થયા છીએ.

આ અંતર અનુભવ પરમાત્મપણાની માન્યતાના અભિમાનથી ઉદ્ભવેલો લખ્યો નથી, પણ કર્મબંધનથી દુઃખી થતા જગતના જીવોની પરમ કારુણ્યવૃત્તિ થવાથી તેમનું કલ્યાણ કરવાની તથા તેમનો ઉદ્ધાર કરવાની નિષ્કારણ કરુણા એ જ આ હૃદયચિતાર પ્રદર્શિત કરવાની પ્રેરણા કરે છે. ૐ શ્રી મહાવીર ઌઅંગતઌ '' ('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૬૮૦)

**આવી અપૂર્વ વૃત્તિ અહો,**
**થશે અપ્રમત્ત યોગ રે;**

**કેવળ લગભગ ભૂમિકા,**
**સ્પર્શીને દેહ વિયોગ રે.ળ્ધન્યળ્રે૦ળ્૭**

જે કરવા યોગ્ય છે, પામવા યોગ્ય છે, તે આ જ ભવે પૂર્ણ કરી લેવું એ ધ્યેય રાખીને આખી જિંદગી જાગ્રત ઉપયોગે તેમણે ગાળી છે. આ કાળમાં મોક્ષ ન થાય એવી હીન પુરુષાર્થની વાતો સાંભળવી પણ નહીં એમ વારંવાર તે ઉપદેશતા. જ્ઞાનીપુરુષને આશ્રયે થાય તેટલો મોક્ષ અર્થે પુરુષાર્થ કરો અને પછી કાળ હાથ ઝાલવા આવશે ત્યારે અમે જોઈ લઈશું, એવું બળ સાધક વર્ગમાં પ્રેરતા. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં તેમની કૃતિઓનો ક્રમવાર સંગ્રહ થયેલો છે, જેમાં આધ્યાત્મિક સાહિત્ય-વિષયની પરાકાષ્ઠાનું દર્શન થાય છે. તેનો અભ્યાસ કરનારને પૂર્વના આરાધક એ જ્ઞાનાવતાર મહાત્માનો વિકાસ કેટલી ઝડપે થયો છે, તે સહજ સમજાય તેમ છે. અહીં તો માત્ર ૩૩ વર્ષની નાની વયમાં જે અપૂર્વ પરાક્રમ તે આત્માએ દર્શાવ્યું છે, તે પ્રત્યે અંગુલિ-દર્શન જેવું કર્યું છે.

**અવશ્ય કર્મનો ભોગ છે,**
**ભોગવવો અવશેષ રે;**
**તેથી દેહ એક જ ધારીને,**
**જાશું સ્વરૂપ સ્વદેશ રે.ળ્ધન્યળ્રે૦ળ્૮**

મહાત્મા ગાંધીજીના ધર્મમંથન કાળમાં દક્ષિણ આફ્રિકાના પાદરી મહાશયોની કૃપાથી ખ્રિસ્તી સાહિત્યનો તેમને અભ્યાસ કરવાનો યોગ બન્યો તથા અંગ્રેજી ભાષા દ્વારા બૌદ્ધ ધર્મ



આદિનો અભ્યાસ થતાં સત્ય શું હશે અને પોતાને તેની ખબર પડે કે નહીં, આદિ બાબતોથી પ્રેરાઈ મહાત્માજીએ શ્રીમદ્ રાજચંદ્રને એક પત્ર દ્વારા ૨૭ પ્રશ્નો પૂછ્યા હતા. તે વખતે શ્રીમદ્ અત્યંત વૈરાગ્યના પૂરમાં ઝીલતા હતા, તેથી તે પત્રનો તુર્તમાં ઉત્તર નહીં આપી શકાય એમ જાણી તેમને 'ષડ્-દર્શનસમુચ્ચય' ગ્રંથનું ગુજરાતી ભાષાંતર મોકલ્યું અને તેનો અભ્યાસ કરવા સૂચવ્યું કે જેથી પત્રનો ઉત્તર મળે ત્યારે સમજવામાં સરળતા થાય. આ પત્ર પ્રશ્નોત્તર સહિત અત્ર પ્રવેશિકામાં સંપૂર્ણ છપાયો છે. તે પત્ર મળવાથી મહાત્મા ગાંધીજીને ખાતરી થઈ કે શ્રીમદ્ દ્વારા તેમને ધર્મ સંબંધી પૂર્ણ સંતોષ થશે. તેવા જ પ્રશ્નો તેમણે આગેવાન ગણાતા જગત વિચારક પુરુષોને પૂછ્યા હતા. તેમાંથી ટૉલસ્ટૉય, રસ્કિન અને શ્રીમદ્ રાજચંદ્રના વચનો દ્વારા તેમનું બહુમાન થયું. તેમાં પણ શ્રીમદ્ રાજચંદ્રના ઉત્તરોથી તેમને વિશેષ ધીરજ મળી, તેથી તેમનો મહદ્ ઉપકાર માનતા અને તેમના દેહાંત પછી તેમની જયંતી ઊજવતા. આ યુગમાં શ્રીમદે અસહાયપણે સત્સંગની નિરંતર ભાવના રાખતાં એટલી ત્વરાથી આત્મોન્નતિ સાધી છે કે તેમનાં વચનો પરિપૂર્ણ સમજવા આપણે ઘણા ભવ હજી લેવા પડશે એમ એક વખત મહાત્મા ગાંધીજીએ વ્યાખ્યાનમાં જણાવ્યું છે.

શ્રીમદ્ રાજચંદ્રના વિશેષ પરિચય માટે શ્રીમદ્ રાજચંદ્ર જીવનયાત્રા, શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા, શ્રીમદ્ રાજચંદ્ર જીવનરેખા તથા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત આદિ ગ્રંથો અવલોકવા વાંચનાર સત્‌જિજ્ઞાસુને ભલામણ છે.

## શિક્ષાપાઠ ૧૦૮. પૂર્ણમાલિકા મંગલ

પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને,
પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને;
નીરાગી મહા શાંત મૂર્તિ તમારી,
પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી. ॥૧॥

દઉં ઉપમા તો અભિમાન મારું,
અભિમાન ટાળ્યા તણું તત્ત્વ તારું;
છતાં બાળરૂપે રહ્યો શિર નામી,
સ્વીકારો ઘણી શુદ્ધિએ શાંતિ સ્વામી. ॥૨॥

સ્વરૂપે રહી શાંતતા શાંતિ નામે,
બિરાજ્યા મહા શાંતિ આનંદ ધામે.
.........................................(અપૂર્ણ)

('શ્રીમદ્ રાજચંદ્ર', ક્રમાંક-૧૩)

### મોક્ષમાળા-પ્રવેશિકા સમાપ્ત

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ



## શ્રી સનાતન જૈનધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
## સંક્ષિપ્ત પરિચય

પરમ જ્ઞાનાવતાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ આજ્ઞાંકિત શ્રી લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)ના નિમિત્તે આ આશ્રમની સ્થાપના વિક્રમ સંવત ૧૯૭૬ માં થઈ. મુનિશ્રી લઘુરાજસ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ, તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ ''શ્રી લઘુરાજ આશ્રમ'' રાખ્યું, પરંતુ પોતાનું નામ કે સ્થાપના સરખી પણ નહીં રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે શ્રીમદ્જીના આ સ્થૂળ કીર્તિસ્તંભનું નામ ''શ્રી સનાતન જૈન ધર્મ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'' રાખવું. તેથી તે પ્રમાણે આ આશ્રમનું નામ રાખવામાં આવ્યું. આ આશ્રમ સનાતન જૈન ધર્મની પુષ્ટિ માટે જ છે.

આ આશ્રમમાં દાખલ થતાં પ્રથમ એક ભવ્ય પ્રવેશદ્વાર છે, જેના ઉપર ''ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે'' એમ મોટા અક્ષરે અંકિત થયેલ છે. દરવાજામાં પ્રવેશ કરતાં સામે એક નયનરમ્ય દેરાસર છે, જેમાં નીચે શ્વેતાંબર અને ઉપર દિગંબર દેરાસર છે. તેના ભૂમિગૃહમાં (ભોંયરામાં) શ્રીમદ્ રાજચંદ્રજીની આરસપાષાણની શરીરપ્રમાણ પદ્માસન મુદ્રાના પ્રતિમાજી બિરાજે છે. આ પ્રતિમાજીની એક બાજુ પ્રણવ મંત્ર 'ૐકાર'ની સ્થાપના છે તથા બીજી બાજુ શ્રીમદ્ રાજચંદ્રજીના પાદુકાજીની સ્થાપના છે. આ દેરાસરની ડાબી બાજુએ એક ભવ્ય સભામંડપ છે, જેમાં પ્રતિદિન ભક્તિ, સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ નિમિત્તે સેંકડો મુમુક્ષુઓ સાથે બેસીને આત્મસાધના કરે છે. આ દેરાસરના ચોગાનમાં દેરાસરની સામે મુખ્ય પ્રવેશદ્વારની ઉપર બીજે માળે એક પુસ્તકાલય છે. ત્રીજે માળે ખુલ્લી અગાસીની વચમાં સુંદર આરસની દેરીમાં શ્રીમદ્ રાજચંદ્રજીની ઊભા કાયોત્સર્ગની ધ્યાનમુદ્રામાં પંચધાતુની પ્રતિમા બિરાજે છે.

આ ભક્તિસંકુલમાં દેરાસરની જમણી બાજુએ આવેલ વ્યાખ્યાનમંદિરમાં શ્રીમદ્જીનો પદ્માસન મુદ્રામાં ભવ્ય ચિત્રપટ સ્થાપન કરેલ છે. ત્યાં મુખ્યત્વે વૃદ્ધ મુમુક્ષુઓ, જેઓ સભામંડપની સીડી ચઢી શકતા નથી, તેઓ ત્યાં દરરોજ બેસીને ભક્તિ-સત્સંગ, પૂજા, સત્શ્રવણ આદિ કરે છે. તેમજ પર્યુષણ આદિ પર્વોમાં મુમુક્ષુબહેનો અત્રે પ્રતિક્રમણ કરે છે. આ વ્યાખ્યાનમંદિરની ઉપર શાંતિસ્થાન છે, જ્યાં શ્રીમદ્ રાજચંદ્રજીના સુંદર ચિત્રપટની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આવતાં 'શ્રી રાજમંદિર' છે, જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના, પ.પૂ. લઘુરાજસ્વામીના (પ્રભુશ્રીજીના) અને પૂજ્યશ્રી બ્રહ્મચારીજીના સુંદર ચિત્રપટોની સ્થાપના તેમજ

આજ્ઞાનો શિલાલેખ છે. ત્યાંથી પૂર્વમાં પૂ. શ્રી બ્રહ્મચારીજીનો નિવાસખંડ છે, જ્યાં તેઓશ્રીના બે ચિત્રપટોની સ્થાપના કરેલ છે. ત્યાંથી પૂર્વમાં આગળ જતાં પ.પૂ. પ્રભુશ્રીજીનો નિવાસખંડ છે જ્યાં તેઓશ્રી વિ.સં. ૧૯૯૨ ના વૈશાખ સુદ ૮ (તા. ૨૮-૪-૧૯૩૬)ના દિને સમાધિસ્થ થયા હતા. ત્યાં તેઓશ્રીની પાટ અને ગાદી તેમજ લાકડી ઇત્યાદિ સ્મૃતિચિહ્ન તરીકે દર્શનાર્થે તેઓશ્રીના સુંદર ચિત્રપટની સાથે મૂકવામાં આવ્યા છે.

દેરાસરના ચોગાનની બહાર ઈશાન દિશા તરફ દેરીમાં પ્રભુશ્રીજીના પાદુકાજીની સ્થાપના તેમના અગ્નિસંસ્કાર સ્થળે કરેલ છે. તેનાથી આગળ જતાં પૂ. શ્રી બ્રહ્મચારીજીના અગ્નિસંસ્કાર સ્થળે દેરીમાં તેમના પાદુકાજીની સ્થાપના કરેલ છે.

હાલના સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો તેમના કદ પ્રમાણેનો ભવ્ય ચિત્રપટ સ્થાપિત કરેલ છે. હાલનો સભામંડપ પર્વના દિવસોમાં નાનો પડતો હોવાથી તેના સમાંતરે કરોડો રૂ.ના ખર્ચે આરસપહાણનો એક ૧૨૦'×૮૦'નો નૂતન સભામંડપ બાંધવામાં આવ્યો છે. કુલ ૧૭,૦૦૦ સ્કે.ફીટના આ સભામંડપમાં આશરે ૩૦૦૦ મુમુક્ષુઓ એક સાથે બેસીને ભક્તિ-સ્વાધ્યાય કરી શકે છે. આ નૂતન સભામંડપમાં શ્રીમદ્જીનો કાયોત્સર્ગ મુદ્રાનો ૧૩ ફુટ ઊંચાઈનો ભવ્ય વિશાળ ચિત્રપટ સ્થાપિત કરેલ છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રભુશ્રીજીને કહેલું કે ''મુનિ, દુષમકાળ છે માટે જડભરત જેવા થઈને વિચરજો. રિદ્ધિ, સિદ્ધિ પ્રગટશે તેને ઓળંગી જજો. આ કાળના જીવો પાકા ચીભડાં જેવા છે. કડકાઈ સહન કરી શકે તેવા નથી, માટે કલ્યાણમૂર્તિ બનશો તો ઘણા જીવોનું તમારા દ્વારા કલ્યાણ થશે.''

સંવત ૧૯૭૬ થી ૧૯૯૨ સુધી આશ્રમમાં રહી પ્રભુશ્રીજીએ એક અનન્ય ભક્તિ ક્રમ ગોઠવી આપ્યો છે, જેનું આરાધન છેલ્લા લગભગ ૯૮ વર્ષથી અવિરત રીતે તેઓની આજ્ઞા પ્રમાણે આશ્રમમાં ચાલુ છે. આ આશ્રમની ભૂમિ પ્રભુશ્રીજીના ચરણસ્પર્શથી તેમજ નિવાસથી પાવન થઈ છે અને આજે પણ તેમની પવિત્ર ચેતનાથી સ્પર્શાયેલા પરમાણુઓનો આશ્રમમાં અનુભવ થાય છે.

**પ્રાતઃકાળમાં ૪-૦૦ વાગ્યાથી શરૂ થઈ રાત્રિના ૯-૩૦ વાગ્યા સુધી અવિરત નીચે પ્રમાણે ભક્તિના કાર્યક્રમો ચાલે છે :—**

| | | |
|---|---|---|
| પ્રાતઃકાળમાં | ૪-૦૦ થી ૬-૩૦ | આત્મજાગૃતિના પદો, મંત્રસ્મરણ, આલોચના પાઠ, ચૈત્યવંદન, સ્તવનો આદિ. |
| સવારના | ૯-૦૦ થી૧૧-૪૫ | ભક્તિના પદો, શ્રી સ્નાત્રપૂજા, શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્રની-પૂજા અથવા અન્ય પૂજા. |
| મધ્યાહ્નમાં | ૨-૦૦ થી ૪-૧૫ | ભક્તિના પદો તથા વચનામૃત-વાંચન આદિ. |
| સાંજના | ૬-૦૦ થી ૬-૪૫ | દેવવંદન તથા ૪ સ્થળોએ આરતી-મંગળદીવો. |
| રાત્રિના | ૭-૧૫ થી ૯-૩૦ | ભક્તિના પદો, મંત્રસ્મરણ, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની-ભક્તિ તથા ઉપદેશામૃત અને બોધામૃતમાંથી વાંચન. |



(પર્વના દિવસોમાં કાર્યક્રમમાં તેમજ ઋતુ અનુસાર સમયમાં ફેરફાર કરવામાં આવે છે.)

આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવ સંપ્રદાયના તથા અન્ય સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે. આ પવિત્ર સત્સંગધામ, તીર્થશિરોમણી એવા આશ્રમની આ એક આગવી વિશિષ્ટતા છે.

પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ કારતક સુદ ૭, વિ. સં. ૨૦૧૦ (તા. ૧૩-૧૧-૧૯૫૩)માં થયાને આજે ઘણા વર્ષ થયા છતાં અને કોઈ ઉત્તરાધિકારી નહીં હોવા છતાં પણ આ આશ્રમમાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર ભક્તિ, સત્સંગનો નિશ્ચિત કાર્યક્રમ એકધારો પ્રવર્તી રહ્યો છે. આ આશ્રમમાં આવનાર તથા રહેનાર દરેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભક્તિ સ્વાધ્યાયના કાર્યક્રમમાં હાજરી આપી ભાગ લેવો આવશ્યક છે. દરેકે માત્ર આત્માર્થે સત્સંગ, ત્યાગ, ભક્તિ આદિ અર્થે રહેવાનું છે. કોઈ પણ વિષયકષાય કે પ્રમાદ અર્થે આશ્રમમાં રહેવાની મનાઈ છે.

સંવત ૧૯૫૪માં પ. ઉ. પ.પૂ. પ્રભુશ્રીજીની વસો ગામે સ્થિતિ હતી ત્યારે પરમકૃપાળુદેવ ત્યાં પધાર્યા હતા. તે વખતે પ.પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવે, જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનો આત્માર્થે સાધન માગે તેને સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓ આદિના ત્યાગપૂર્વક નિત્યનિયમના પાઠો સાથે ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્ર આપવાની આજ્ઞા કરી હતી. આ પ્રમાણે પરમકૃપાળુદેવે વર્તમાન કાળમાં મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તથા તેને જગતમાં પ્રવર્તાવવાનો અધિકાર પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીને આપ્યો. આ અધિકારને અનુસરીને પ્રભુશ્રીજીએ આશ્રમ માટે આ આરાધના ક્રમ યોજ્યો છે. આ વિષે પૂ. શ્રી બ્રહ્મચારીજી બોધામૃત ભાગ-૩ પત્રાંક ૯૮૦માં જણાવે છે કે :—

**''પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે.''**

***પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતાના દેહોત્સર્ગના થોડા દિવસ અગાઉ સં.૧૯૯૨ ના ચૈત્ર વદ ૫ ના પવિત્ર દિવસે આ આજ્ઞાધર્મની સોંપણી પૂ. શ્રી બ્રહ્મચારીજીને કરી હતી. પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહોત્સર્ગ બાદ, પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞાથી કોઈ વંચિત રહે નહીં અને આજે પણ મુમુક્ષુજીવો તે આજ્ઞા માન્ય કરી આરાધી શકે તેવા શુભ આશયથી, જે સ્થાનેથી પ. પૂ. પ્રભુશ્રીજી તથા પૂ. શ્રી બ્રહ્મચારીજી આજ્ઞા આપતા તે 'શ્રી રાજમંદિર' તરીકે ઓળખાતા ધર્મસ્થાને એ નિત્યનિયમની આજ્ઞા તથા સ્મરણમંત્ર વિષે સમજણ આપતો પ. પૂ. પ્રભુશ્રીજીના ઉપદેશબોધ સાથે એક શિલાલેખ મૂકવામાં આવ્યો છે. આ શિલાલેખમાં બતાવ્યા પ્રમાણે આજે પણ ઘણા સત્સાધકો "સંતના (પ્રભુશ્રીજીના) કહેવાથી કૃપાળુદેવની આજ્ઞા મારે માન્ય છે" (ઉ૦ પૃ૦ ૨૭૩) એવી ભાવના કરી એ સ્થાનેથી પરમકૃપાળુદેવની પ્રત્યક્ષ આજ્ઞા શ્રદ્ધાપૂર્વક માન્ય કરી, આરાધવાનો નિયમ લે છે.***

આશ્રમમાં સાત વ્યસન, સાત અભક્ષ્ય, કંદમૂળ, રાત્રિભોજનનો સર્વથા ત્યાગ રાખવો. બ્રહ્મચર્ય પાલન આશ્રમમાં આવનાર અને રહેનાર માટે અનિવાર્ય અને આવશ્યક છે. આશ્રમનો એ મૂળભૂત પાયો છે. આ આશ્રમ સંબંધી પ.પૂ. પ્રભુશ્રીજી ઉપદેશામૃતમાં જણાવે છે :–

**"આ જગા કેવી છે, જાણો છો? દેવસ્થાનક છે! અહીં જેણે આવવું તેણે લૌકિકભાવ બહાર, દરવાજા બહાર મૂકીને આવવું, અહીં આત્માનું યોગબળ વર્તે છે."** (પૃ૦ ૨૬૯) **"આ આશ્રમમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની આણ વર્તે છે. તે મહાન અદ્ભુત જ્ઞાની છે. આ પુણ્યભૂમિનું માહાત્મ્ય જુદું જ છે. અહીં રહેનારા જીવો પણ પુણ્યશાળી છે."** (પૃ૦ ૪૩૩)

આશ્રમમાં મુમુક્ષુઓને રહેવા અને જમવાની સારી વ્યવસ્થા છે. પર્વના દિવસોમાં હજારોની સંખ્યામાં મુમુક્ષુઓ આવી લાભ લે છે.

આશ્રમના પુસ્તક વેચાણ વિભાગમાં આશ્રમથી પ્રકાશિત થયેલા ૧૨૦ થી વધારે પ્રકાશનોનું વેચાણ થાય છે, જેમાં શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ હસ્તક ચાલતી શ્રીમદ્ રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળાના નામે પ્રકાશિત થયેલા શાસ્ત્રોનો પણ સમાવેશ થાય છે. (એ પુસ્તકોની સૂચિ આ પુસ્તકમાં આપેલ છે.)

વહીવટી કાર્યાલયની ઉપર પહેલે માળે નમૂનેદાર જૈન સાહિત્ય સંગ્રહ સ્થાન છે. જ્યાં ૫૦૦થી વધુ શાસ્ત્રોનો સંગ્રહ છે, જેમાં ઘણાં શાસ્ત્રો હસ્તલિખિત છે. આ શાસ્ત્રો વધારે સમય ટકે તે માટે એ બધાને લેમીનેટ કરી વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલ છે.



આ આશ્રમનું સંચાલન સંવત્ ૧૯૮૦ના ચૈત્ર સુદ ૫, તા. ૯-૪-૧૯૨૪ના રોજ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજીએ કરેલ ટ્રસ્ટડીડ પ્રમાણે અને ત્યારબાદ ગુજરાત રાજ્યના માનનીય ચેરીટી કમિશનરશ્રીએ બનાવી આપેલ 'સ્કીમ'ની કલમોને આધીન ટ્રસ્ટીમંડળ દ્વારા કરવામાં આવે છે. સુજ્ઞ વાચક સારી રીતે સમજી શકશે કે પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સ્થાપિત આ આશ્રમમાં તેઓશ્રીની આજ્ઞા અનુસાર શ્રી સનાતન જૈન ધર્મની પ્રણાલી માન્ય છે. ધર્મનો એ ધોરીમાર્ગ અહીં સતત વહેતો રહે તે માટે આશ્રમનું ટ્રસ્ટીમંડળ તેમજ અન્ય સમજુ મુમુક્ષુવર્ગ હંમેશાં સજાગપણે પ્રયત્નશીલ છે, તેમ છતાંયે મિથ્યા માન્યતાવાળાઓનું પરિબળ પણ ચોતરફ દૃષ્ટિગોચર થાય છે. આ સંજોગોમાં આશ્રમની સત્ પ્રણાલીમાં હસ્તક્ષેપ કરી તેના મૂળ ધ્યેય અને આદર્શને નુકસાન પહોંચાડવાની ચેષ્ટા કરતા આવા તત્ત્વોથી ચેતતા રહેવાની અને વખત આવ્યે તેનો પ્રતિકાર કરવાની આપણા સૌની પવિત્ર ફરજ છે. આશ્રમનું અસ્તિત્વ જ જેને આધારે ટકી રહ્યું છે એવા આ પ્રાણપ્રશ્નના રક્ષણ માટે ટ્રસ્ટીમંડળ આપ સૌનો સહકાર વાંચ્છે છે. આત્મકલ્યાણના એક અનન્ય સ્થાન તરીકે જેઓ આ તીર્થભૂમિને ગણે છે તેઓ સર્વે તરફથી સંપૂર્ણ સહયોગ મળશે જ, એવી ટ્રસ્ટીમંડળ શ્રદ્ધા રાખે છે.

અંતમાં ફરીથી જણાવવાનું કે શ્રી સનાતન જૈન વીતરાગ માર્ગની ઉપાસના અને આરાધના અર્થે જ આ આશ્રમ છે. આ મૂળ ધ્યેયને સન્માન આપી ભાવપૂર્વક ટેકો આપી સર્વ મુમુક્ષુઓ આ આશ્રમનું ગૌરવ વધારે એવી નમ્ર વિનંતી છે.

**એડ્રેસ :–**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટેશન અગાસ, વાયા : આણંદ,
પોસ્ટ : બોરીઆ, ગુજરાત ૩૮૮ ૧૩૦ (ભારત)
ટેલીફોન : (૦૨૬૯૨) ૨૮૧૭૭૮ - ૨૮૧૮૦૦
E-mail ID: info@agasashram.org
Website www.shrimadrajchandraashramagas.com

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના પ્રકાશનો
## ગુજરાતી પ્રકાશન

| | |
|---|---|
| ૧. અધ્યાત્મરસ-તરંગ | રૂા. ૪/- |
| ૨. આશ્રમ પરિચય (અમૃત મહોત્સવ) | રૂા. ૫/- |
| ૩. આઠ દૃષ્ટિની સજ્ઝાય | રૂા. ૩/- |
| ૪. અનિત્ય પંચાશત્ તથા હૃદયપ્રદીપ | રૂા. ૨/- |
| ૫. આત્મસિદ્ધિ શાસ્ત્ર (અર્થ સહિત) શ્રીમદ્ રાજચંદ્રના હસ્તાક્ષરમાં | રૂા.૧૨૫/- |
| ૬. આત્મસિદ્ધિ-વિવેચન | રૂા. ૫/- |
| ૭. આત્મસિદ્ધિશાસ્ત્ર | રૂા. ૨/- |
| ૮. આત્મસિદ્ધિશાસ્ત્ર (અર્થ સહિત) | રૂા. ૫/- |
| ૯. આત્મસિદ્ધિશાસ્ત્ર 'રાજ' જ્યોતિ-મહાભાષ્ય | રૂા. ૩૦/- |
| ૧૦. આલોચનાદિ પદ સંગ્રહ | રૂા. ૪/- |
| ૧૧. આલોચનાદિ પદ સંગ્રહ (સંક્ષિપ્ત) | રૂા. ૧૦/- |
| ૧૨. કર વિચાર તો પામ | રૂા. ૭/- |
| ૧૩. મોટું કેલેન્ડર | રૂા.૧૦૦/- |
| નાનું કેલેન્ડર | રૂા. ૧૦/- |
| ૧૪. ચૈત્યવંદન ચોવીશી | રૂા. ૧૦/- |
| ૧૫. જ્ઞાનમંજરી | રૂા. ૪/- |
| ૧૬. તત્ત્વજ્ઞાન (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૫/- |
| ૧૭. તત્ત્વજ્ઞાન-તરંગિણી | રૂા. ૧૨/- |
| ૧૮. તીર્થપરિચય | રૂા. ૨૦/- |
| ૧૯. ધર્મામૃત | રૂા. ૧૫/- |
| ૨૦. નાની છ પુસ્તિકાઓનો સેટ | રૂા. ૧૦/- |
| ૨૧. નાની ત્રણ પુસ્તિકાઓનો સેટ :- | |
| નિત્યક્રમ : પ્રાતઃકાળ | રૂા. ૨/- |
| નિત્યક્રમ : મધ્યાહ્નકાળ | રૂા. ૨/- |
| નિત્યક્રમ : સાયંકાળ | રૂા. ૨/- |
| ૨૨. નિત્યક્રમ | રૂા. ૧૦/- |
| ૨૩. નિત્યનિયમાદિ પાઠ (ભાવાર્થ સહિત) | રૂા. ૧૦/- |
| ૨૪. નિયમસાર - કળશ | રૂા. ૫/- |
| ૨૫. પત્રશતક-(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત) | રૂા. ૫/- |
| ૨૬. પરમાત્મપ્રકાશ | રૂા. ૧૦/- |
| ૨૭. પંચાસ્તિકાય | રૂા. ૨/- |
| ૨૮. પૂજાસંચય | રૂા. ૧૦/- |
| ૨૯. પ્રત્યક્ષ સત્પુરુષ પરમકૃપાળુદેવ શ્રીમદ્-રાજચંદ્ર | રૂા. ૫/- |
| ૩૦. મુનિ પ્રત્યે | રૂા. ૫/- |
| ૩૧. મોક્ષમાળા (ભાવનાબોધ સહિત) | રૂા. ૫/- |
| ૩૨. રાજપદ (શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત) | રૂા. ૫/- |
| ૩૩. રાજપ્રશ્ન | રૂા. ૨૦/- |
| ૩૪. વિહરમાન જિન-સ્તવન | રૂા. ૩/- |
| ૩૫. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) | રૂા. ૧૦/- |
| ૩૬. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) ત્રણ ભાગમાં મોટા ટાઈપમાં | રૂા. ૫૦/- |
| ૩૭. શ્રીમદ્ રાજચંદ્ર (વચનામૃત) આર્ટ પેપર | રૂા. ૧૦૦/- |
| ૩૮. શ્રીમદ્ રાજચંદ્ર આત્મકથા | રૂા. ૬/- |
| ૩૯. શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયા | રૂા. ૩/- |
| ૪૦. કાવ્ય-અમૃત ઝરણા (ભાવાર્થ સહિત) | રૂા. ૪/- |
| ૪૧. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા | રૂા. ૫/- |
| ૪૨. શ્રીમદ્ રાજચંદ્ર જીવનચરિત (સંક્ષિપ્ત) | રૂા. ૧/- |
| ૪૩. શ્રીમદ્ રાજચંદ્ર જીવન-સાધના | રૂા. ૧૦/- |
| ૪૪. શ્રીમદ્ રાજચંદ્ર નિર્વાણ શતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૧૦/- |
| ૪૫. શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી) ઉપદેશામૃત | રૂા. ૧૦/- |
| ૪૬. શ્રીમદ્ લઘુરાજસ્વામી (પ્રભુશ્રીજી)નું જીવનચરિત્ર | રૂા. ૩/- |
| ૪૭. સમયસાર | રૂા. ૮/- |
| ૪૮. સમયસાર 'અમૃતજ્યોતિ' મહાભાષ્ય ભાગ-૧ અને ભાગ-૨ (સેટ) | રૂા. ૬૦/- |
| ૪૯. સમાધિ - સાધના | રૂા. ૧૦/- |
| ૫૦. સમાધિ - સોપાન | રૂા. ૧૦/- |
| ૫૧. સહજ સુખ સાધન | રૂા. ૧૦/- |
| ૫૨. સાક્ષાત્ સરસ્વતી | રૂા. ૨/- |
| ૫૩. સુબોધ સંગ્રહ(સ્ત્રી-નીતિબોધક ગરબાવલી સહિત) | રૂા. ૩/- |
| ૫૪. શ્રી સોભાગ પ્રત્યે | રૂા. ૫/- |
| ૫૫. સ્નાત્રપૂજા | રૂા. ૫/- |
| ૫૬. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા | રૂા. ૧૫/- |
| ૫૭. શ્રીમદ્ રાજચંદ્ર જીવનકથા (સચિત્ર) | રૂા. ૧૦/- |
| ૫૮. ઉપદેશામૃત દૃષ્ટાંતકથાઓ | રૂા. ૩/- |
| ૫૯. ગાંધીજીના પ્રશ્નો અને શ્રીમદ્જીના ઉત્તર (અંગ્રેજી અનુવાદ સાથે) | રૂા. ૫-/- |
| ૬૦. પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી સાર્ધ શતાબ્દી-સ્મારકગ્રંથ | રૂા. ૫૦/- |
| ૬૧. સદ્ધા પરમ દુલ્લહા | રૂા. ૧૦/- |



### देवनागरी लिपि (भाषा गुजराती) में प्रकाशित

| | |
|---|---|
| १. आत्मसिद्धि शास्त्र | रु. २/- |
| २. आलोचनादि पद संग्रह (संक्षिप्त) | रु. ५/- |
| ३. चैत्यवंदन चौवीशी | रु. ७/- |
| ४. तत्त्वज्ञान | रु. २/- |
| ५. नित्यक्रम | रु. ८/- |
| ६. नित्यक्रमकी तीन पुस्तिकाएँ | रु. ६/- |
| ७. पूजासंचय | रु. ७/- |

### हिन्दी अनुवाद

| | |
|---|---|
| १. आत्मसिद्धिशास्त्र (अर्थ सहित) | रु. ५/- |
| २. कर विचार तो पाम | रु. ७/- |
| ३. नित्यनियमादि पाठ (भावार्थयुक्त) | रु. १०/- |
| ४. पत्रशतक | रु. ५/- |
| ५. मोक्षमाला (भावनाबोध सहित) | रु. ५/- |
| ६. श्रीमद् राजचंद्र | रु. १०/- |
| ७. श्रीमद् राजचंद्र उपदेशछाया | रु. ३/- |
| ८. श्रीमद् राजचंद्र - जीवनकला | रु. ५/- |
| ९. श्रीमद् राजचंद्र जीवनचरित्र (संक्षिप्त) | रु. २/- |
| १०. श्रीमद् राजचंद्र जीवन-साधना | रु. १०/- |
| ११. छोटी छह पुस्तिकाओंका सेट | रु. १०/- |
| १२. उपदेशामृत | रु. १०/- |
| १३. श्रीमद् राजचंद्र जीवनकथा (सचित्र) | रु. १०/- |
| १४. गांधीजीके प्रश्न तथा श्रीमद्जीके उत्तर (अंग्रेजी अनुवादके साथ) | रु. ५/- |
| १५. मोक्षमाला प्रवेशिका | रु. ५/- |

### English Publications

| | |
|---|---|
| 1. Shrimad Rajchandra : A Life | Rs. 10/- |
| 2. Shrimad Rajchandra : A Pictorial Biography | Rs. 10/- |
| 3. The Self Realization (Atmasiddhi) | Rs. 10/- |
| 4. Bhavana Bodh | Rs. 2/- |
| 5. Nityakram (Roman English) | Rs. 10/- |
| 6. Small Books Set (Five Books) | Rs. 10/- |
| 7. Laghurajswami Life | Rs. 5/- |
| 8. Brahmchariji Life | Rs. 5/- |
| 9. Apoorva Avsar | Rs. 5/- |
| 10. Jeevankala | Rs. 10/- |
| 11. Mokshamala | Rs. 10/- |
| 12. Introduction of Ashram | Rs. 5/- |

### શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા

| | |
|---|---|
| ૧. ગ્રંથ યુગલ (લઘુયોગવાસિષ્ઠસાર અને સમાધિશતક) | રૂા. ૪/- |
| ૨. તત્ત્વાર્થસાર | રૂા. ૧/- |
| ૩. પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા-પુસ્તક ચોથું) | રૂા. ૮/- |
| ૪. બોધામૃત ભાગ ૧ | રૂા.૧૦/- |
| ૫. બોધામૃત ભાગ ૨(વચનામૃત વિવેચન) | રૂા.૧૦/- |
| ૬. બોધામૃત ભાગ ૩ (પત્રસુધા) | રૂા.૧૦/- |
| ૭. પૂ.શ્રીબ્રહ્મચારીજી જન્મશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા. ૮/- |
| ૮. પ. પૂ. બ્રહ્મચારીજી : જીવનરેખા | રૂા. ૨/- |
| ૯. મોક્ષમાળા - પ્રવેશિકા | રૂા. ૫/- |
| ૧૦. મોક્ષમાળા વિવેચન | રૂા. ૫/- |
| ૧૧. શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી-સ્મારક ગ્રંથ | રૂા.૧૦/- |

### श्री परमश्रुतप्रभावक मण्डल संचालित श्रीमद् राजचंद्र जैन शास्त्रमाला

| | |
|---|---|
| १. इष्टोपदेश | रु.१६/- |
| २. क्रियाकोष | रु.४८/- |
| ३. गोम्मटसार कर्मकाण्ड | रु.२८/- |
| ४. गोम्मटसार जीवकाण्ड | रु.३०/- |
| ५. ज्ञानार्णव | रु.३५/- |
| ६. तत्त्वसार | रु.२०/- |
| ७. द्रव्यानुयोगतर्कणा | रु.३२/- |
| ८. न्यायावतार | रु.१६/- |
| ९. परमात्मप्रकाश और योगसार | रु.४०/- |
| १०. पञ्चास्तिकाय | रु.२४/- |
| ११. पुरुषार्थसिद्ध्युपाय | रु.२०/- |
| १२. प्रवचनसार | रु.५५/- |
| १३. प्रशमरतिप्रकरण | रु.१२/- |
| १४. बृहद्द्रव्यसंग्रह | रु.२८/- |
| १५. लब्धिसार (क्षपणासार गर्भित) | रु.५६/- |
| १६. सप्तभंगीतरंगिणी | रु.१२/- |
| १७. सभाष्यतत्त्वार्थाधिगमसूत्र (मोक्षशास्त्र) | रु.४०/- |
| १८. समयसार | रु.४४/- |
| १९. स्याद्वादमञ्जरी | रु.२४/- |
| २०. स्वामिकार्त्तिकेयानुप्रेक्षा | रु.५२/- |
| २१. અધ્યાત્મ રાજચંદ્ર | રૂા.૩૦/- |
| ૨૨. અષ્ટપ્રાભૃત | રૂા.૧૬/- |
| ૨૩. આત્માનુશાસન | રૂા.૨૦/- |

**(વિસ્તૃત સૂચિપત્ર જોઈએ તો મંગાવવું.)**

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧,૦૫,૦૦૧ | સ્વ. ભુલાભાઈ વનમાળીદાસ પટેલ | |
| | હા. શ્રી રમણભાઈ તથા પ્રમોદભાઈ પટેલ પરીવાર | આસ્તા-U.S.A. |
| ૧,૦૨,૫૦૦ | શ્રી જયશ્રીબેન પિયુષભાઈ શાહ | વડોદરા |
| ૧૧,૦૦૦ | શ્રી સમ્યક રાજભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૧૦,૦૦૦ | શ્રી શારદાબેન નટવરલાલ ભક્ત | |
| | હા. ધર્મેશભાઈ નટવરલાલ ભક્ત | વાવ |
| ૭,૦૦૦ | શ્રી હર્ષદભાઈ અશોકભાઈ પટેલ | શિહોલ |
| ૬,૫૦૦ | શ્રી દિપીકાબેન ખેતશીભાઈ શાહ પરિવાર | આસ્તા |
| ૫,૫૫૫ | શ્રી જયાબેન વિસનજી મારૂ | બીદડા-મુંબઈ |
| ૫,૫૫૫ | શ્રી અરહા, સાચી, જયેશ લક્ષ્મીચંદ છેડા | ગોધરા-મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી કામદાર પરિવાર | મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રી સુજ્ઞાન મોદી | નોઈડા |
| ૫,૦૦૦ | શ્રી ગીતાબેન રણજીતભાઈ પટેલ | સાતેમ |
| ૫,૦૦૦ | શ્રી લીનાબેન હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૪,૫૦૦ | શ્રી અલકા દિપક તુરખીયા | મુલુંડ |
| ૪,૫૦૦ | શ્રી દિપક પી. તુરખીયા | મુલુંડ |
| ૩,૦૦૧ | શ્રી હીના નીખીલ ધામી | U.S.A. |
| ૩,૦૦૦ | શ્રી પૂજા દિપક તુરખીયા | મુલુંડ |
| ૨,૫૦૦ | શ્રી ભદ્રેશભાઈ શેઠ | મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી ચંદ્રવદન મગનભાઈ પટેલ | કાવિઠા |
| ૨,૫૦૦ | શ્રી લીલાબેન હિંમતભાઈ શાહ | મુંબઈ |
| ૨,૫૦૦ | શ્રી તેજકુમાર હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૨,૫૦૦ | શ્રી નયનાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૫૦૦ | શ્રી ઉષાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૫૦૦ | શ્રી રેણુકાબેન કિશનલાલ પારેખ | રાજકોટ |
| ૨,૦૦૦ | શ્રી શારદાબેન, નટુભાઈ, ધર્મેશભાઈ | વાવ |
| ૨,૦૦૦ | શ્રી રાજુભાઈ ગાંગજી શાહ | મુંબઈ |
| ૨,૦૦૦ | શ્રી સંભવ ભાવેશભાઈ પટેલ | સંદેસર |
| ૨,૦૦૦ | શ્રી લીલાબેન દીનુભાઈ પટેલ | દાવોલ |
| ૧,૯૫૧ | શ્રી કેશવભાઈ વનમાળીભાઈ પટેલ | આસ્તા |
| ૧,૯૫૦ | શ્રી ડાહીબા. હા. સુશીલાબેન પટેલ | નાર |
| ૧,૯૫૦ | શ્રી મનુબેન કિશોરભાઈ પટેલ | પલસોદ |
| ૧,૯૫૦ | શ્રી કિશોરભાઈ છીતુભાઈ પટેલ | પલસોદ |
| ૧,૯૫૦ | શ્રી ડિમ્પલબેન જયકુમાર મહેતા | બેંગ્લોર |



| | | |
|---|---|---|
| ૧,૯૦૦ | શ્રી તરૂણ હરશી મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી ભારતી તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી દેવેશ તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી હિતેન તરૂણ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી મનીષા દેવેશ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી ધ્યાન દેવેશ મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી દિપીકા હિતેન મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી જીયા હિતેન મોતા | બોરીવલી |
| ૧,૯૦૦ | શ્રી વિકાસભાઈ, કિશોરભાઈ, બિન્દુબેન પરિવાર | પલસોદ |
| ૧,૯૦૦ | શ્રી ડાકુબાઈ પ્યારચંદ તલેસરા | સુરત |
| ૧,૯૦૦ | શ્રી પ્યારચંદ ચુનીલાલજી તલેસરા | સુરત |
| ૧,૯૦૦ | શ્રી લક્ષ્મીબેન એચ. મહેતા | નવા ફળિયા |
| ૧,૯૦૦ | શ્રી હરીવદનભાઈ કે. મહેતા | નવા ફળિયા |
| ૧,૯૦૦ | શ્રી ભારતીબેન ઠાકોરભાઈ ભક્ત | મલેકપોર |
| ૧,૯૦૦ | શ્રી ડાહ્યાભાઈ દુર્લભભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૯૦૦ | શ્રી લક્ષ્મીબેન ડાહ્યાભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૯૦૦ | શ્રી પ્રતીક કીરીટભાઈ પટેલ | કરમસદ |
| ૧,૯૦૦ | શ્રી અનીલભાઈ લેખરાજજી સોલંકી | આહોર |
| ૧,૯૦૦ | શ્રી વનીતાબેન બાબુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી રાજુભાઈ બાબુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી અંજુબેન રાજુભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી બાબુભાઈ માધવભાઈ પટેલ | વરાડ |
| ૧,૯૦૦ | શ્રી ગીરીશભાઈ માધવભાઈ પટેલ | વરાડ |
| ૧,૮૦૦ | શ્રી દીયા ભાવેશભાઈ પટેલ | સંદેસર |
| ૧,૭૦૦ | શ્રી શૈલેષભાઈ પટેલ | હુબલી |
| ૧,૫૦૧ | શ્રી સ્મીતાબેન વસંતભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૫૦૧ | શ્રી લલિતાબેન મુકુન્દભાઈ પટેલ | સાતેમ |
| ૧,૫૦૦ | શ્રી સુખીબેન ચંપાલાલજી નાહટા | હુબલી |
| ૧,૫૦૦ | શ્રી સોનલબેન ભાવેશકુમાર પટેલ | સંદેસર |
| ૧,૫૦૦ | શ્રી અવીકુમાર હર્ષદભાઈ પટેલ | શિહોલ |
| ૧,૫૦૦ | શ્રી શારદાબેન અશોકભાઈ પટેલ | શિહોલ |
| ૧,૫૦૦ | શ્રી તારાબેન શાંતિલાલ પારેખ | |
| | હા. જયશ્રીબેન ગુલાબભાઈ ઝવેરી | મુંબઈ |
| ૧,૩૧૧ | શ્રી મિનેષકુમાર જશભાઈ પટેલ | કાવિઠા |
| ૧,૩૧૧ | શ્રી નયનાબેન મિનેષકુમાર પટેલ | કાવિઠા |
| ૧,૩૧૧ | શ્રી રીમાબેન મિનેષકુમાર પટેલ | કાવિઠા |

| | | |
|---|---|---|
| ૧,૩૧૧ | શ્રી નેહાબેન મિનેષકુમાર પટેલ | કાવિઠા |
| ૧,૩૧૧ | શ્રી માનવકુમાર મિનેષકુમાર પટેલ | કાવિઠા |
| ૧,૨૫૦ | શ્રી મનકિશોર ફુલચંદ મહેતા | ઘાટકોપર |
| ૧,૨૫૦ | શ્રી જ્યોત્સનાબેન મનકિશોર મહેતા | ઘાટકોપર |
| ૧,૨૫૦ | સ્વ. મધુકાંતાબેન પરમાનંદભાઈ શાહ | અમદાવાદ |
| ૧,૨૦૧ | સ્વ. નીલાબેન નવનીતલાલ કામાણી | કલકત્તા |
| ૧,૨૦૧ | એક મુમુક્ષુબેન | કાંદીવલી |
| ૧,૨૦૦ | શ્રી વિનોદભાઈ ડાહ્યાભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૧૧૫ | શ્રી કોકીલાબેન પ્રવીણભાઈ મોદી | અગાસ આશ્રમ |
| ૧,૧૧૧ | શ્રી રમણભાઈ રામુભાઈ પટેલ પરિવાર | ખરવાસા |
| ૧,૧૧૧ | શ્રી નેવીલ મૂલચંદભાઈ પટેલ પરિવાર | નવસારી |
| ૧,૧૧૧ | સ્વ. અરૂણભાઈ શાંતિલાલ પટેલ. હા.શાંતિલાલ પટેલ | આસ્તા |
| ૧,૧૦૦ | શ્રી સપનાબેન મહેન્દ્રભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૧,૧૦૦ | શ્રી હર્ષ પરેશભાઈ પટેલ | નવસારી |
| ૧,૧૦૦ | શ્રી પ્રકાશચંદ કેસરીમલજી બડેરા | બેંગ્લોર |
| ૧,૧૦૦ | શ્રી કવિતાબેન વિકાસભાઈ મહેતા | દાવણગીરિ |
| ૧,૦૦૧ | શ્રી હંસાબેન મહાસુખભાઈ શાહ | રાજકોટ |
| ૧,૦૦૧ | શ્રી નીતાબેન બિપીનભાઈ આહીર | ભરમપોર |
| ૧,૦૦૧ | શ્રી ચાંદનીબેન બિપીનભાઈ આહીર | ભરમપોર |
| ૧,૦૦૧ | શ્રી કપુરચંદ કાલુલાલ જૈન | સુરત |
| ૧,૦૦૧ | સ્વ. મંજુલાબેન હિંમતલાલ શાહ | |
| | હા. શ્રી દિપકભાઈ એચ. શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી શીલાબેન દિપકભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી પદમાબેન મણીભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૧ | શ્રી રમણભાઈ ભગુભાઈ પટેલ | કુચેદ-નવસારી |
| ૧,૦૦૧ | શ્રી ભારતીબેન મણીલાલ શાહ | મુંબઈ |
| ૧,૦૦૧ | શ્રી મણીલાલ મૂલચંદભાઈ શાહ | મુંબઈ |
| ૧,૦૦૧ | શ્રી અમી અશ્વિનભાઈ મહેતા | મુંબઈ |
| ૧,૦૦૧ | સ્વ. પ્રફુલ્લાબેન કિશોરભાઈ દોશી | |
| | હા. આશાબેન અશોકકુમાર મહેતા | પાલીતાણા |
| ૧,૦૦૦ | એક મુમુક્ષુભાઈ | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી સરસબેન ઉત્તમચંદજી ગુંદેચા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી વીણાબેન સુરેન્દ્રભાઈ પરીખ | વડોદરા |
| ૧,૦૦૦ | શ્રી પૂજાબેન રવીકુમાર મુથા | નાગપુર |
| ૧,૦૦૦ | શ્રી મનોહરમલ પ્રવીણ ખુશાલ પરિવાર | વિજયવાડા |
| ૧,૦૦૦ | શ્રી મુકેશ નિતીન અમીન | વિજયવાડા |



| | | |
|---|---|---|
| ૧,૦૦૦ | શ્રી સોહનબેન પ્રેમરાજજી પોકરણા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી પ્રેમરાજજી ઘીસાલાલજી પોકરણા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી મોહનલાલજી કાનુગા | બેંગ્લોર |
| ૧,૦૦૦ | સ્વ. શારદાબેન બચુભાઈ પટેલ | |
| | હા. મહેન્દ્રભાઈ બચુભાઈ પટેલ | નરોડા |
| ૧,૦૦૦ | સ્વ. પુખરાજજી સિંઘવી. હા. રેખાબેન બાફના | સુરત |
| ૧,૦૦૦ | શ્રી ચેતનાબેન નીતિનભાઈ ગડા | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી ભાવેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ | સંદેસર |
| ૧,૦૦૦ | શ્રી ગીરીશભાઈ ઈન્દુલાલ પારેખ | ઘાટકોપર |
| ૧,૦૦૦ | શ્રી માલવીકાબેન શાહ | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી જયાબેન હસમુખભાઈ શાહ | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી મીરાબેન કિશોરભાઈ ગુંદેચા | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી ફાલ્ગુની સુનીલ ગાંધી | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી ભવરભાઈ હીરજીભાઈ પુરોહીત | બારડોલી |
| ૧,૦૦૦ | શ્રી ઠાકોરભાઈ દુર્લભભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૦૦૦ | શ્રી વાસંતીબેન ઠાકોરભાઈ ભક્ત | પથરાડીયા |
| ૧,૦૦૦ | શ્રી શારદાબેન નટવરલાલ ભક્ત | વાવ |
| ૧,૦૦૦ | શ્રી કનુભાઈ પુનમભાઈ પટેલ | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી દીનાબેન ભરતભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી ભરતભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી નિશાબેન શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી શ્રીજી પટેલ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી શિવાની શાહ | અગાસ આશ્રમ |
| ૧,૦૦૦ | શ્રી ઉષાબેન મહાદેવન | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી નમ્રતાબેન સી. પટેલ | U.S.A. |
| ૧,૦૦૦ | શ્રી શશીકાંતભાઈ જમીયતરામ કડીવાલા | સુરત |
| ૧,૦૦૦ | શ્રી હસ્તીમલજી ગેનમલજી રાજાવત | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી હંસાબેન ગોપાળભાઈ પટેલ | સેગવા |
| ૧,૦૦૦ | શ્રી હીનાબેન કામદાર | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી રેનુબેન જિતેન્દ્રભાઈ ચોપરા | જોધપુર |
| ૯૦૦ | શ્રી પ્રેમલતા જૈન | ચેન્નાઈ |
| ૮૦૦ | શ્રી ભૂપતલાલ તાપુલાલ શાહ | ભાવનગર |
| ૭૭૭ | શ્રી કેતન મેહુલ નિતેશ | મુંબઈ |
| ૭૫૦ | શ્રી હીરાબેન કેશવભાઈ ગાંધી | ભીવંડી |
| ૭૦૦ | શ્રી મહેન્દ્રભાઈ બી. શાહ | ભાવનગર |
| ૭૦૦ | શ્રી મુકુન્દભાઈ બી. શાહ | ભાવનગર |

| | | |
|---|---|---|
| ૭૦૦ | શ્રી રમેશભાઈ બી. શાહ | ભાવનગર |
| ૭૦૦ | શ્રી શીલાબેન એમ. શાહ | ભાવનગર |
| ૭૦૦ | શ્રી નીલાબેન આર. શાહ | ભાવનગર |
| ૬૦૦ | શ્રી પુખરાજજી ચુનીલાલજી ચપલોત | સુરત |
| ૫૫૫ | શ્રી ઈન્દ્રસિંહ ગેહલોત | કોટા |
| ૫૫૧ | શ્રી હસમુખભાઈ શંભુલાલ માસ્તર પરિવાર | સુરત |
| ૫૫૧ | શ્રી જાનકી નમનભાઈ શાહ | ભરૂચ |
| ૫૫૧ | શ્રી મિતાલી અંકિત દિનેશભાઈ પટેલ | દાવોલ |
| ૫૫૧ | શ્રી દિપકભાઈ ઉત્તમચંદજી ગુંદેચા | અગાસ આશ્રમ |
| ૫૫૧ | શ્રી દૃષ્ટિ ઉત્તમકુમાર ઓ. સાટીયા | હુબલી |
| ૫૨૫ | શ્રી હર્ષ સમીરભાઈ પટેલ | ભડકદ |
| ૫૧૧ | સ્વ. વનીતાબેન સવાઈલાલ દેસાઈ | |
| | હા. હિરેનભાઈ દેસાઈ | સુરત |
| ૫૧૧ | શ્રી હિરેનભાઈ સવાઈલાલ દેસાઈ | સુરત |
| ૫૧૧ | શ્રી મેઘના ભરત હેમાણી | અંધેરી |
| ૫૧૧ | શ્રી ચુનીલાલ દેવજીભાઈ દરી પરિવાર | વેરાવલ |
| ૫૧૧ | શ્રી માન્યા, નીતિ વિમલભાઈ કોઠારી | રાજકોટ |
| ૫૧૧ | શ્રી ઉન્નતિ મેઘના હેમાણી પરિવાર | અંધેરી |
| ૫૦૧ | સ્વ. હર્ષદભાઈ ઉમેદરામ ધારીવાલ | |
| | હા. તારાબેન ધારીવાલ | સુરત |
| ૫૦૧ | શ્રી લતાબેન ડી. શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૧ | શ્રી નિર્મળાબેન ચંદુલાલ શાહ | રાજકોટ |
| ૫૦૧ | શ્રી પારૂલબેન રાકેશભાઈ શાહ | અમદાવાદ |
| ૫૦૧ | શ્રી જીગ્ના શૈલેષ નાગડા | મુંબઈ |
| ૫૦૧ | શ્રી સિદ્ધાર્થ શૈલેષ નાગડા | મુંબઈ |
| ૫૦૧ | સ્વ. કાંતાબેન પ્રેમચંદ શાહ | |
| | હા. ચંદ્રકાંત પ્રેમચંદ શાહ | અમદાવાદ |
| ૫૦૧ | શ્રી રમણભાઈ ઈચ્છુભાઈ પટેલ | કામરેજ |
| ૫૦૧ | શ્રી ગેમલસિંહ ધીરજસિંહ દેસાઈ | ચીખલી-ડુંગર |
| ૫૦૧ | સ્વ. જ્યોત્સનાબેન ચંપકભાઈ દોશી | |
| | હા. શ્રી ચંપકભાઈ વીરચંદભાઈ દોશી | જૂનાગઢ |
| ૫૦૧ | શ્રી પુષ્પાબેન ડાહ્યાભાઈ પટેલ પરિવાર | અગાસ આશ્રમ |
| ૫૦૧ | શ્રી જ્યોતિબેન ભરતભાઈ વીસદીયા | નવાવાસ |
| ૫૦૧ | શ્રી આજ્ઞાબેન પ્રમોદભાઈ પટેલ | આસ્તા |
| ૫૦૧ | શ્રી અભિષેક અનિલકુમાર બુનકી | સુરત |
| ૫૦૧ | શ્રી સુમેરુભાઈ, રાજેશભાઈ, ભરતેશભાઈ | અગાસ આશ્રમ |



| | | |
|---|---|---|
| ૫૦૧ | શ્રી લીલાવંતીબેન ત્રીભોવનદાસ શાહ | મોટી પાનેલી |
| ૫૦૧ | સ્વ. પૂર્ણિમાબેન અશોકભાઈ બરોડીયા | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી પદમાબેન મણીભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી દિલીપભાઈ મણીભાઈ પટેલ | કાવિઠા |
| ૫૦૦ | શ્રી કુસુમબેન અશોકભાઈ પટેલ | વાસણા |
| ૫૦૦ | શ્રી શ્રુતિબેન પ્રદીપકુમાર પટેલ | બોરસદ |
| ૫૦૦ | શ્રી રાજેશ્રીબેન બાગરેચા | બેંગ્લોર |
| ૫૦૦ | શ્રી કાંતાબેન જોરમલભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | સ્વ. સંદીપભાઈ જોરમલભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી દિનેશ વસનજી ધરમશી | ઘાટકોપર |
| ૫૦૦ | એક મુમુક્ષુભાઈ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી જયશ્રીબેન હસુભાઈ પટેલ | વિહાણ |
| ૫૦૦ | શ્રી ઉર્વિ જવાહર શાહ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી ઉન્નતિ ભરત હેમાણી | અંધેરી |
| ૫૦૦ | શ્રી ભક્તિ વસંત ગડા | મદ્રાસ |
| ૫૦૦ | શ્રી દિશા વસંત ગડા | મદ્રાસ |
| ૫૦૦ | શ્રી સોનાલી અક્ષયકુમાર જૈન | ચેન્નાઈ |
| ૫૦૦ | શ્રી સંતોષકુમારી અરવિંદકુમાર | ચેન્નાઈ |
| ૫૦૦ | શ્રી ધરણેન્દ્ર એસ. તનવર | હુબલી |
| ૫૦૦ | શ્રી જૈનમ તથા શીતલ પિયુષ શેઠ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી પ્રશમ હિતેષભાઈ પટેલ | સેગવા |
| ૫૦૦ | શ્રી પ્રકાશચંદ્ર ડાહ્યાલાલ શાહ | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી લીલાબેન કપુરચંદ મહેતા | સુરત |
| ૫૦૦ | શ્રી સરસ્વતીબેન ભીકચંદજી નાહટા | હુબલી |
| ૫૦૦ | શ્રી શશીબેન પારેખ | નાગપુર |
| ૫૦૦ | શ્રી બદામીદેવી બાબુલાલ બાગરેચા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી સપનાબેન પંકજકુમાર ધારીવાલ | સુરત |
| ૫૦૦ | શ્રી કલ્પ રિત્વી સાલેચા | બેંગ્લોર |
| ૫૦૦ | શ્રી માસુમી સમીર પટેલ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી મેહુલ પ્રવીણકુમાર દોશી | મલાડ |
| ૫૦૦ | શ્રી નરશી માલશી ગાલા | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી જયંતિલાલ નેમીચંદજી સપરિવાર | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી પૂરવ નિલેશકુમાર જૈન | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી નિખીલ હૃદય બાગમાર | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી જયશ્રીબેન હરેશભાઈ સંઘવી | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી પ્રતિભા પ્રવીણ શેઠ | મુંબઈ |

| | | |
|---|---|---|
| ૫૦૦ | શ્રી રીમાબેન કેતનભાઈ શાહ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી મીનાબેન કમલેશભાઈ મહેતા | કોલકત્તા |
| ૫૦૦ | શ્રી દિપ્તીબેન સુધીરભાઈ ગાંધી | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી પવનદેવી ગૌતમચંદજી હુંડીયા | અમદાવાદ |
| ૫૦૦ | શ્રી હેમંતીબેન કમલેશભાઈ શાહ | વડોદરા |
| ૫૦૦ | શ્રી વલ્લભભાઈ માધવભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી શાંતાબેન વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી સુમિત્રાબેન જીતેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ચેતનાબેન રાજેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી આશિષભાઈ જીતેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી હેતલબેન આશિષભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ઋષભભાઈ રાજેન્દ્રભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી નયનાબેન વલ્લભભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી હસમુખભાઈ માધવભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ઉષાબેન હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી વિજયભાઈ હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી રીનાબેન વિજયભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ગીતાબેન હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી ચેતનાબેન હસમુખભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી શ્રેય વિજયભાઈ પટેલ | બારડોલી |
| ૫૦૦ | શ્રી સીતાબેન ભીખાભાઈ પટેલ | બાજીપુરા |
| ૫૦૦ | શ્રી પલ્લવી હંસકુમાર હેફા | મુલુંડ |
| ૫૦૦ | શ્રી હંસકુમાર કલ્યાણજી હેફા | મુલુંડ |
| ૫૦૦ | શ્રી હેમંતભાઈ નટવરલાલ પારેખ | વડોદરા |
| ૫૦૦ | શ્રી નાથુભાઈ ચુનીલાલ ચપલોત | સુરત |
| ૫૦૦ | શ્રી કમળાબેન પુખરાજજી ચપલોત | સુરત |
| ૫૦૦ | શ્રી પ્રવીણભાઈ ડી. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી રંજનબેન પી. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી સંજયભાઈ પી. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી પુનમ એસ. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી આરજવ એસ. અજમેરા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી સદાબાઈ સ્વરૂપચંદજી જૈન | ઈન્દોર |
| ૫૦૦ | શ્રી શાંતિલાલ રીકબચંદજી | ભીવંડી |
| ૫૦૦ | શ્રી અશ્વિન શાંતિલાલ મહેતા | મુંબઈ |



| | | |
|---|---|---|
| ૫૦૦ | શ્રી ત્રિશુલ અશ્વિન મહેતા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી રીશી અશ્વિન મહેતા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી અક્ષય અશ્વિન મહેતા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી પ્રવીણ ડી. શેઠ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી હિંમત ખ્યાતીલાલ બાફના | સુરત |
| ૫૦૦ | શ્રી વિમલા મહેન્દ્રભાઈ પરમાર | સુરત |
| ૫૦૦ | સ્વ. વિદ્યાબેન છગનલાલ શાહ. હા. પ્રવીણ ડી. શેઠ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી પુખરાજજી કાંકલીયા | ગંગાવતી |
| ૫૦૦ | શ્રી બાલુદેવી ચમનલાલ દોશી | સુરત |
| ૫૦૦ | શ્રી દાલચંદ પરમાર | સુરત |
| ૫૦૦ | શ્રી વીણાબેન એમ. શાહ | મુંબઈ |
| ૫૦૦ | શ્રી સુભાષ કટારીયા | હીંગનઘાટ |
| ૫૦૦ | શ્રી ધનરાજ કમલકુમાર કોઠારી | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી લલિતકુમાર હસ્તીમલજી હુંડીયા | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી પીન્કીબેન દિનેશકુમાર જૈન | હુબલી |
| ૫૦૦ | શ્રી નીખીલ ચંદ્રેશ પંચમીયા | જમશેદપુર-U.S.A. |
| ૫૦૦ | શ્રી અશોકભાઈ પ્રભુદાસ પટેલ | શિહોલ |
| ૫૦૦ | શ્રી માનવકુમાર ભરતભાઈ પટેલ | આશ્રમ-U.S.A. |
| ૫૦૦ | શ્રી સેજલ અમીત દોશી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી શારદાબેન પરસોત્તમભાઈ પટેલ | વિરોલ |
| ૫૦૦ | શ્રી જયાબેન એચ. ગડા | મુંબઈ |
| ૫૦૦ | શ્રી કાન્તાબેન નલીનભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી આર્યન અંકિત મહેતા | પૂના |
| ૫૦૦ | શ્રી હેતાબેન ગોકળભાઈ પટેલ | બોદાલ |
| ૫૦૦ | શ્રી જીયાના પ્રણવ હેફા | મુલુંડ |
| ૫૦૦ | શ્રી ભીખીબેન ગોવિંદભાઈ ભક્ત | નનસાડ |
| ૫૦૦ | શ્રી રિધમ મિતેષ ગોયાણી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી લીનાબેન અશોકકુમાર દોશી | યવતમાલ |
| ૫૦૦ | શ્રી કિરણભાઈ | ચેન્નાઈ |
| ૫૦૦ | શ્રી નારંગીબેન પારસમલજી કવાડ | નંદુરબાર |
| ૫૦૦ | શ્રી નીતાબેન બકુલભાઈ શાહ | મુંબઈ |
| ૫૦૦ | સ્વ. પોપટલાલ નાથાલાલ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | સ્વ. ગુણવંતીબેન પોપટલાલ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | સ્વ. અશ્વિનભાઈ પોપટલાલ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | શ્રી પ્રીતીબેન અજયભાઈ શાહ | પાલનપુર-મુંબઈ |
| ૫૦૦ | શ્રી નુતનબેન શ્રેયાંસભાઈ શાહ | પાલનપુર-મુંબઈ |

| | | |
|---|---|---|
| ૫૦૦ | શ્રી ભારતીબેન ચંદ્રકાંત ત્રિવેદી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી કેતન, જીગીસા ગોયાણી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી મેહુલ નેહા ગોયાણી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી રીધમ મિતેષ ગોયાણી | અંધેરી |
| ૫૦૦ | સ્વ. કુંવરબેન ભાઉલાલ ભાટે | |
| | હા. રિદ્ધિબેન જૈમિકભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | સ્વ. પુરબાઈ મેઘજીભાઈ શાહ | |
| | હા. અંજલિબેન ચેતનભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | સ્વ. ચંપાબેન વિનોદભાઈ શાહ | |
| | હા. અંજુબેન ચેતનભાઈ શાહ | અગાસ આશ્રમ |
| ૫૦૦ | શ્રી તેજલબેન સી. પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી કલ્પનાબેન બી. પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી ક્ષમા-આનંદી પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી પુષ્પાબેન મૂળચંદભાઈ પટેલ | U.S.A. |
| ૫૦૦ | શ્રી મદનચંદ બોહરા | જોધપુર |
| ૫૦૦ | શ્રી ઈન્દુબાલા બોહરા | જોધપુર |
| ૫૦૦ | શ્રી વર્ષાબેન જૈન | જોધપુર |
| ૫૦૦ | શ્રી અતુલભાઈ જૈન | જોધપુર |
| ૫૦૦ | શ્રી મનીષા જૈન | જોધપુર |
| ૫૦૦ | શ્રી રાજ મહેન્દ્રભાઈ શાહ | હૈદ્રાબાદ |
| ૫૦૦ | શ્રી દામજીભાઈ ખેતશીભાઈ શાહ પરિવાર | ઈન્દોર |
| ૫૦૦ | શ્રી સાન્વી મિહીરકુમાર શાહ | વડોદરા |
| ૫૦૦ | શ્રી લબ્ધી સિદ્ધાર્થ શાહ | વિદ્યાનગર |